શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર
શ્રી બુદ્ધિ-નેમિ-અમૃત-ગ્રન્થમાલા=ગ્રન્થાંકઃ ૫૩
કિ. બાબાનગર, પિન-૩૮૨૦૦૭

ન્યાયવિશારદ-ન્યાયાચાર્ય-મહામહોપાધ્યાય—
શ્રી યશોવિજયજી ગણિવર્ય વિરચિત

દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

[દ્રવ્યાનુયોગની મહત્તા—નામના વિવરણ અને
સ્વોપજ્ઞ ટબા સહિત]

પ્ર....કા....શિ....કા

શ્રી જૈન-સાહિત્ય-વર્ધક સભા


અ મ દા વા દ

શ્રી વૃદ્ધિ-નેમિ-અમૃત-ગ્રન્થમાલા=ગ્રન્થાંકઃ ૫૩

ન્યાયવિશારદ-ન્યાયાચાર્ય-મહામહોપાધ્યાય—
શ્રી યશોવિજયજી ગણિવર્ય વિરચિત


દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

[દ્રવ્યાનુયોગની મહત્તા—નામના વિવરણ અને
સ્વોપજ્ઞ ટબા સહિત]




પ્ર....કા....શિ....કા
શ્રી જૈન—સાહિત્ય—વર્ધક સભા
અ મ દા વા દ

પ્રકાશિકા :
શ્રી જૈન સાહિત્યવર્ધક સભા
શેઠ સુરેન્દ્રભાઇ સારાભાઈ
અમદાવાદ



પ્રાપ્તિસ્થાન :
શ્રી અમૃતસૂરીશ્વરજી જ્ઞાનમંદિર
દોલતનગર, બોરીવલી (પૂર્વ)
મુંબઇ નં. ૬૬ N. B.

સંવત ૨૦૨૦] મૂલ્ય : ૭-૦૦ [વિજયાદશમી



મુદ્રક :
શ્રી કાંતિલાલ ડી. શાહ
ભરત પ્રિન્ટરી, દાણાપીઠ પાળ-તળાવમાં,
પાલીતાણા [સૌરાષ્ટ્ર]

પ્રકાશકીય નિવેદન

જૈન વાઙ્મયમાં વિશિષ્ટ સ્થાન ધરાવતા આ ગ્રન્થનું પ્રકાશન કરતાં અમે અપૂર્વ આનંદ અનુભવીએ છીએ. આ પ્રકાશનથી અમને પૂર્ણ વિશ્વાસ છે કે આ વિષયના રસિકોને આનંદ સાથે એક અગત્યની પૂર્તિ થયાનો અનુભવ થશે.

પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજશ્રીની સંપૂર્ણ દેખરેખ તળે ચાલતી આ સભા પથ્ય અને ઉપયોગી ગ્રન્થોનું પ્રકાશન કરે છે. તેઓ પૂજ્યશ્રીના આશીર્વાદથી વિશેષ પ્રકાશન કરવા ઉત્સાહ અને ભાવના પણ રાખે છે.

આ પ્રસંગે એક હકીકત સર્વમાન્ય છે છતાં તે અહિં અમે સ્પષ્ટ કહેવા માંગીએ છીએ કે આવા ગ્રન્થો યોગ્ય રીતે યોગ્ય વ્યક્તિઓ સુધી પહોંચતાં નથી અને કેટલેક સ્થળે પહોંચે છે, તો તેનો યથાયોગ્ય ઉપયોગ થતો નથી. આ વાત અનેક સ્થળેથી સાંભળવા મળે છે. તે અંગે યોગ્ય થવાની અગત્ય–અને અતિ અગત્ય છે અને એવું તંત્ર અસ્તિત્વમાં આવે તો પ્રકાશનનું કાર્ય વિશદ બને એ સ્પષ્ટ છે.

આ પ્રકાશનમાં અમને આ પ્રમાણે સહાય મળવાને કારણે અમારું કાર્ય સરલ બન્યું છે. એ સર્વ સહાયકોનો અમે હાર્દિક આભાર માનીએ છીએ.

૧. રૂા. ૧૦૦૦) પૂ૦ સાધ્વીજી મહારાજશ્રી પ્રવીણાશ્રીજીની પ્રેરણાથી. પૂ૦ સાધ્વીજી શ્રી સુયશાશ્રીજીની સં. ૨૦૧૮ માં માસખમણની તપસ્યા નિમિત્તે તથા રૂા. ૪૫૦) સાધ્વીજી શ્રી જિતેન્દ્રશ્રીજીની સં. ૨૦૧૮ માં સોળભથ્થાની તપસ્યા નિમિત્તે. માટુંગા.

૨. રૂા. ૫૦૦) મણીલાલ નગીનદાસ ભાખરીયા — માટુંગા

૩. રૂા. ૫૦૦) ગુલાબબેન પદમસી — માટુંગા

૪. રૂા. ૨૫૦) ભોગીલાલ બબલદાસ શાહ હા. ચંપકલાલ — મુંબઇ

૫. રૂા. ૧૨૫) બાબુભાઇ કેશવજી — માટુંગા

૬. રૂા. ૧૨૫) વૈદ્યરાજ બાબુભાઇ આણુવાળા — માટુંગા

૭. રૂા. ૧૨૫) બાબુભાઇ રતિલાલ — માટુંગા

આ સિવાય અમને આ અંગેના નાના–મોટા જુદા જુદા કાર્યોમાં જે જે વ્યક્તિઓએ સહાય કરી છે તે સર્વનો અમે આભાર માનીએ છીએ અને અનેક પ્રકારે સહાય કરીને અમારા કાર્યમાં વેગ પૂરે એવું ઇચ્છીએ છીએ. એજ.

લિ૦ પ્રકાશક

शासनसम्राट्–सर्वतन्त्रस्वतन्त्र–सूरिचक्रचक्रवर्ति–तीर्थोद्धारक–बालब्रह्मचारि–तपागच्छाधिपति–पूज्यपादाचार्य महाराजाधिराज श्री श्री श्री १००८ श्री विजयनेमिसूरीश्वरजिन्–महाराजनां स्वाध्यायः

[परदर्शनात्मविचारापाकरणपुरस्सर–स्वदर्शनात्मविचारमण्डनात्मकः]

(प्राभातिक–रागेण गीयते)

[१]

जयति जिनशासने सूरिसम्राड् गुरु–र्नेमिसूरिः सकलतत्त्वसिन्धुः ।
श्रुतनिधिः सेवधिः सद्गुणानामयं, करुणरसजलधिः समसत्त्वबन्धुः ॥ १ ॥

[२]

आत्मनोऽभावसिद्धयै मुधा नास्तिकै–र्यत्यते सर्वयत्नेन नित्यम् ।
युक्तियुक्त यतस्तत्र प्रतिबन्धकं, भवति यद्वचनरचनं नु सत्यम् ॥ २ ॥

[३]

चित्स्वरूपं क्षणस्थायिनं सौगतः, सर्वदा चेतनं वक्त्यगौणम् ।
किन्तु यद्वचनहृतशेषशक्तिः सदा–मध्यमध्यासितो भजति मौनम् ॥ ३ ॥

[४]

यत्प्रभाभूतिभिर्भीतभीतैश्चिद–द्वैतवादैररण्यं प्रयातम् ।
मायया संयुतं ब्रह्म तत्रापि तैः, स्वीकृतं 'घट्टकुट्यां प्रभातम्' ॥ ४ ॥

[५]

देहिनो व्यापकत्वं विदेहात्मनो, रहिततां संविदादेर्वदन्ति ।
कणभुजो गौतमा यत्समीपे परं, गोतमीभूय मूका भवन्ति ॥ ५ ॥

[६]

क्षपयितुं चेतनं सकलकरणैरक–तारमिह कापिलाः संयतन्ते ।
येन संशिक्षिताः कर्तुमालोचनां, मूर्ध्नि नित्यं त्रिदण्डं वहन्ते ॥ ६ ॥

[७]

शाश्वतं नश्वरं जन्यमपि सम्भवे–दात्मतत्त्वं ह्यनेकान्तवादे ।
नान्यथा बन्धमोक्षव्यवस्था भवेत्, स्थापितं येन विद्वद्विवादे ॥ ७ ॥


[८]

दर्शनोदयकरो नन्दनो धीमतां, सर्वथा बाल्यतो ब्रह्मचारी ।
विश्वविज्ञानवित् पद्मपादः प्रभो–दामृतापूर्णलावण्यधारी ॥ ८ ॥

[९]

इत्थं मया श्रीविजयादिनेमिः, सूरिः, स्तुतस्तर्कविचारगर्भम् ।
श्रीतीर्थरक्षोद्धरणादिकार्ये, धुरन्धरः स्तात सुखदायको मे ॥ ९ ॥

શાસન સમ્રાટ્



જન્મ
૧૯૨૯
કાર્તિક શુદિ-૧
મહુવા

દીક્ષા
૧૯૪૫
જેઠ સુદી ૭
ભાવનગર

ગણિપદ
૧૯૬૦
કાર્તિક વદિ-૭
વલભીપુર

પન્યાસપદ
૧૯૬૦
માગ. શુદિ ૩
વલ્લભીપુર

આચાર્યપદ
૧૯૬૪
જેઠ શુદિ-૫
ભાવનગર

સ્વર્ગવાસ
૨૦૦૫
આસો વદિ ૦))
મહુવા

સર્વતંત્ર સ્વતંત્ર – સૂરિચક્રચક્રવર્તિ તપાગચ્છાધિપતિ
તીર્થોદ્ધારક – બાલ બ્રહ્મચારિ સંમારાધિત પંચ પ્રસ્થાન-
મયશ્રી સૂરિમંત્ર પ્રતિબોધિતાનેક ભૂપાલ–ભટ્ટારકાચાર્ય–
મહારાજાધિરાજ શ્રી શ્રી શ્રી ૧૦૦૮ શ્રી

વિજય નેમિસૂરીશ્વરજી મહારાજ

શાસ્ત્રવિશારદ – કવિરત્ન – પીયૂષપાણિ
પૂજ્યપાદ–આચાર્યમહારાજ શ્રી—
વિજય – અમૃતસૂરીશ્વરજી મહારાજ

જન્મ
૧૯૫૨
બોટાદ



પંન્યાસ
પદ
૧૯૮૫
મહુવા

દીક્ષા
૧૯૭૧
જવાલ

ઉપાધ્યાય
પદ
૧૯૮૧
મહુવા

આચાર્ય પદ — સં. ૧૯૯૨ અમદાવાદ.
સમય – આચાર્ય પદ પ્રદાન સં. ૨૦૨૧. માહ શુ. ૭ મુંબઇ.

शास्त्रविशारद–कविरत्न–पीयूषपाणि–पूज्यपादाचार्यमहाराजश्रीमद्–विजयामृतसूरीश्वर–महाराजानां स्तुति–पञ्चकम् ।

(शिखरिणीवृत्तम्)

[१]

जनानां सौभाग्याञ्जनिरजनि यस्यात्र सुभगा, सुराष्ट्रे सौराष्ट्रे शुचिरुचिरबोटादनगरे ।
कुलीनेऽईल्लीने सुकृतिकृतिपीने परिजने, स्तुवे तं सद्भक्त्या वरममृतसूरिं गुरुवरम् ॥ १ ॥

[२]

विरक्तिः संसारा-च्छिशुसमयतो भक्तिरतुला, जिने दीनेऽकम्पा सततमनुकम्पा शुभफला ।
सदा ज्ञाने ध्याने रुचिरविचला यस्य विमला, स्तुवे तं सद्भक्त्या वरममृतसूरिं गुरुवरम् ॥ २ ॥

[३]

जिघृक्षा दीक्षायाः समजनि मुमुक्षाप्रबलतः, स्वभावात् सद्भावा-चरणकरणं साधु चरितम् ।
गुरुप्रेम्णा प्राप्तं पदमनुपदं येन विदितं, स्तुवे तं सद्भक्त्या वरममृतसूरिं गुरुवरम् ॥ ३ ॥

[४]

यदीयं व्याख्यानं व्रतचरणसम्मानजननं, यदीयं सौभाग्यं सुजनजनदौर्भाग्यहननम् ।
यदीयं माहात्म्यं प्रशमरसतादात्म्यकरणं, स्तुवे तं सद्भक्त्या वरममृतसूरिं गुरुवरम् ॥ ४ ॥

[५]

उपाध्याधिव्याधि-प्रभवभवदुःखानि सपदि, क्षयं क्षिप्रं यान्ति क्रमकमलयोर्यस्य नमनात् ।
सुखानामास्थानं भवति झटिति प्राणिनिवहः, स्तुवे तं सद्भक्त्या वरममृतसूरिं गुरुवरम् ॥ ५ ॥

(भुजङ्गप्रयातम्)

इदं पञ्चकं पञ्चमज्ञानदायि, प्रगे पाठमात्रेण संसारतायि ।
गुरूणां प्रभावाद् गुरोर्भक्तिभावात्, कृतं श्रेयसे सज्जनानां मुदे स्तात ॥ ६ ॥

ૐ હ્રીં અર્હં નમઃ

પુરોવચન

દ્રવ્ય, ગુણ અને પર્યાય એ ત્રણ શબ્દો એવા છે કે તેનું મનન-અને-ચિન્તન કરવાથી જ્ઞાનની અપૂર્વ પ્રાપ્તિ થાય છે. દ્રવ્ય અને ગુણ એ બે શબ્દો ખૂબ વ્યાપક છે. દરેક દર્શનમાં તે સંબંધી જુદી જુદી રીતે વિચારણા કરવામાં આવી છે. પર્યાય શબ્દ દાર્શનિક સૃષ્ટિમાં જૈન દર્શનનો આગવો શબ્દ છે. પર્યાયની વિચારણા અપેક્ષાએ સરલ હોવા છતાં ગહનાતિ-ગહન છે.

દ્રવ્યો કેટલા છે? તેનું સ્વરૂપ શું છે! તેની સ્થિતિ શી છે! તે ક્યાં અને કેવી રીતે રહે છે! વગેરે વિચાર વિશદ રીતે કરવાની ઇચ્છાવાળાએ દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરવો જરૂરી છે. જુદા જુદા દર્શનકારો દ્રવ્યને સમજાવે છે. પણ સમન્વય શક્તિ વગરના જીવો જો તે દરેક સમજણ મેળવવા પ્રયત્ન કરે તો ગૂંચવણમાં પડી જાય એ નિશ્ચિત છે.

સમન્વય દૃષ્ટિની પણ બે બાજુ છે એક યથાર્થ સમન્વય દૃષ્ટિ અને બીજી પક્ષપાત મિશ્રિત સમન્વય દૃષ્ટિ. તેમાં બીજી દૃષ્ટિ ધરાવનાર ધીમાનો પણ ઘણી વખત તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં બુદ્ધિની એવી સાઠમારી કરે છે કે જેથી યથાર્થબોધ જન્મવાને બદલે ડોળાણ જન્મે છે. ભદ્રજીવો મૂંઝવણમાં મૂકાઇ જાય છે. ખૂબમંથનને અંતે ફળમાં અમૃતને બદલે વિષ નીકળે છે. સાપેક્ષ રીતે પણ વિચારણા એટલી જ હિતાવહ છે જે વિચારણા ચિત્તને વિક્ષિપ્ત અથવા સંદિગ્ધ ન બનાવે.

ખોટા તત્ત્વોનો સતત પરિચય કરવાથી તેના પ્રત્યે અનુરાગ જન્મે છે અને એ અનુરાગ ખોટાને સાચું માનવા-મનાવવા મનને ઉત્તેજિત કરે છે. આ સ્થિતિમાં સાચી યથાર્થ વિચારણા કરીને ચિત્તમાં સ્થિરતા કરવી એ પ્રથમ કર્તવ્ય છે ને પછી સ્વ-સામર્થ્યાનુસાર સમન્વય દૃષ્ટિથી અન્ય વિચારણાઓનું અવગાહન કરવું એ બીજું છે.

દ્રવ્યોનું સ્વરૂપ વિચારનારને ગુણનું સ્વરૂપ સમજવું અનિવાર્ય છે. ગુણને દૂર રાખીને દ્રવ્યને વિચારવામાં આવે તો એમ લાગે કે દ્રવ્ય એ દ્રવ્ય જ રહેતું નથી. ગુણો અંગેની મીમાંસા એક રીતે દ્રવ્યની મીમાંસા કરતાં પણ ગહન અને વિસ્તૃત છે. ગુણ એ શું છે! તેનું સ્વાતંત્ર્ય છે કે નહિં! એક જ ભાજનમાં રહેવા છતાં ગુણો પરસ્પર મિશ્રિત કેમ નથી થતાં! વગેરે સમજવા માટે સૂક્ષ્મબુદ્ધિથી વિચારણા કરવી પડે છે. ગુણનું સ્વરૂપ યથાર્થ સમજનાર પર્યાયના ક્ષેત્રમાં અનાયાસે પ્રવેશ કરી જાય છે. પર્યાયની વિચારણા વગર વિશ્વનું આંશિક દર્શન પણ આત્મા કરી શકતો નથી. સમયે સમયે પરાવર્તન પામતા વિશ્વનું મૂળભૂત કારણ પર્યાય છે. જો તેની સમજણ ન મળે તો બુદ્ધિનો આવેશ વિશ્વને અકળ-અગમ્ય-કૂટસ્થ-માયામય કહીને ગૂંચવ્યા જ કરે. યોગ્ય માર્ગ સ્વીકાર્યા વગર વસ્તુને અકળ-અકળ કહેવી એ એક વિડંબના છે. પર્યાયનું જ્ઞાન જેમ જેમ વધતું જાય છે તેમ તેમ જ્ઞાનનો પ્રકાશ પ્રબળ બનતો જાય છે. સર્વપર્યાયોનું જ્ઞાન થાય એટલે કેવળ જ્ઞાન કહેવાય એ હકીકત છે. કેવળજ્ઞાન સિવાય સર્વ-દ્રવ્ય-ગુણ અને પર્યાયની યથાવત્ સ્થિતિ જાણી શકાય નહિં. દ્રવ્ય-ગુણ અને પર્યાયનું સ્વરૂપ યથાર્થ સમજવાની ઇચ્છાવાળાએ કેવળજ્ઞાનિ-પરમાત્માએ ભાખેલા અને ગણધર ભગવંતે ગુંથેલા આગમોનું વિધિપૂર્વક અધ્યયન કરવું આવશ્યક છે. એ શક્ય ન હોય તો તદનુસાર

ગીતાર્થ ગુરુ મહારાજે રચેલા ગ્રન્થો ગુરુગમદ્વારા જાણીને તે સ્વરૂપ મતિની નિર્મળતા રાખીને સમજવું જોઇએ.

શ્રી દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ એ એવા પ્રકારનો વિશદ ગ્રન્થ છે. આ ગ્રન્થમાં ઉપરના ત્રણેનું સૂક્ષ્મ સ્વરૂપ સમજાવ્યું છે. અનુક્રમમાં જણાવ્યા પ્રમાણે આ ગ્રન્થમાં વિષયો છે. આ ગ્રન્થના રચયિતા સમર્થ વિદ્વાન્ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ સાહેબ છે. તેઓશ્રીજીનું શુભ નામ સૌભાગ્યવંતુ અને વિખ્યાત છે. તેઓશ્રીજીના જીવન અને કવનથી "જૈન" ગણાતો એવો ભાગ્યેજ હશે! કે જે અલ્પ પણ પરિચિત ન હોય. અલ્પવયમાં પણ સ્મરણ શક્તિનું અપૂર્વ સામર્થ્ય ધરાવતા લઘુવયમાં સંયમને માર્ગે સંચરતા, અધ્યયનઅંગે અદ્‌ભુત તપસ્યા સાધતા, સરસ્વતીની પ્રસન્નતાને વરેલા, ગુરુકૃપાના વારસદાર, એ જ્ઞાની પુરુષનો પ્રાદુર્ભાવ સત્તરમા સૈકાના ઉત્તરાર્ધમાં થયો હતો. 'ઉપાધ્યાયજી' એવા લાડલા નામથી તેઓ મશહૂર છે. તેમનું સાહિત્ય તેમનાં સર્વતોમુખી પાંડિત્યનો સ્પષ્ટ પરિચય કરાવે છે. તેઓશ્રીએ નિર્માણ કરેલા સેંકડો ગ્રન્થપ્રાસાદોમાં આજે થોડાં વિદ્યમાન છે. જે વિદ્યમાન છે તે પણ વિશાળ અને બહુમૂલ્ય છે. એ પ્રાસાદોમાં કેટલાકમાં સહજ પ્રવેશ થઈ શકે એવા છે, તો કેટલાકમાં ભોમીયા વગર અશક્ય-પ્રવેશ છે અને ભોમીયાના માર્ગદર્શનથી પણ સુશક્ય પ્રવેશ તો નથી જ. એમાંના કેટલાકનો જીર્ણોદ્ધાર સુન્દર થયેલો છે તો કેટલાકનો જીર્ણોદ્ધાર થવાની પૂરી જરૂર છે. ઘણાં યોગ્ય જીવો જો તેની મુલાકાત લેતાં રહે તો તેનો જીર્ણોદ્ધાર થતાં વાર ન લાગે.

બાકી-આ ગ્રન્થ પ્રાસાદોની મોટી સંખ્યા જે ધરાશાયી બને છે તેનું પ્રધાન કારણ તેનો ઉપયોગ કરનારા વિરલ બની જાય છે એ છે.

ઉપાધ્યાયજીના એકેએક ગ્રન્થની મહત્તા છે, એમનું કોઇ પણ વચન એવું નથી કે જે તુચ્છ કે સાધારણ ગણીને ઉપેક્ષી શકાય, તેમાં પણ આ ગ્રન્થની મહત્તા કોઇ જુદા જ પ્રકારની છે. ગૂર્જર ભાષામા ગુંથાએલા આ ગ્રન્થનું એક વિશિષ્ટ ગૌરવ તો એ છે કે-આના ઉપરથી ગીર્વાણ-ગિરામાં અવતરણ કરવામાં આવ્યું છે. મૂળ સંસ્કૃતમાં લખાએલા ગ્રન્થો પછીથી અન્યાન્ય ભાષામાં ઉતર્યા હોય એવું હજારો ગ્રન્થો માટે છે, જ્યારે ગુજરાતી ભાષામાંથી સંસ્કૃતમાં ગયેલા ગ્રન્થનું દૃષ્ટાંત પૂરું પાડવાનું સૌભાગ્ય આ એક જ ગ્રન્થને વર્યું છે એમ કહેવું અતિશયોક્તિ ભર્યું નથી, આ ગ્રન્થને આધારે રચાયેલા સંસ્કૃત ગ્રન્થનું નામ છે 'દ્રવ્યાનુયોગતર્કણા'

'વાણી વાચક જસતણી કોઇ નયે ન અધૂરી રે' એવું સ્વકથન તેઓશ્રીજીના તે તે ગ્રન્થોનો અભ્યાસ કરનારને વાસ્તવ લાગે છે. તે વચનની વિશેષ પ્રતીતિ આ રાસનું અધ્યયન કરનાર કરી શકે છે. એકની એક વિચારણાં જુદા-જુદા નયોની અપેક્ષાએ ભિન્ન-ભિન્ન બોધ કરાવીને સ્યાદ્વાદથી તે સર્વ બોધોનો સમન્વય કેવો સુંદર સાધી શકાય છે તેનું ભાન આ ગ્રન્થ કરાવે છે. આ રીતે આત્મામાં એક એવા ચૈતન્યનો વિકાસ થાય છે કે જે દ્વારા તે કોઇ પણ વિચાર ક્ષેત્રમાં ગુંચવાતો નથી પણ મિથ્યાબોધવાળાએ ઉભા કરેલા વિરોધોને શમાવીને એકવાક્યતા જન્માવે છે.

આ 'દ્રવ્ય-ગુણ-પર્યાય' નો રાસનો અભ્યાસ કરવો એ એક જીવનનું ગૌરવ છે. આ ગ્રન્થના સુંદર અધ્યયનને અંતે જીવ કોઇ એક વિલક્ષણ ખુમારીનો અનુભવ કરે છે. પોતાની પાસે બહુ મૂલ્ય મૂડી છે, એવું માને છે. આ ગ્રન્થ રાસ રૂપે છે, પદ્યરચનાનું મહત્વ સરલતાથી કંઠસ્થ કરી શકાય એ છે. ને સાથે સાથે વાચનમાં રસ વધતો રહે એ પ્રધાનપણે છે. આવા કઠિન અને ગંભીર વિષયોને પદ્યમાં ઉતારવા અને રસમય બનાવવા એ કાર્યનું મહત્ત્વ તો અનુભવી જ સમજી શકે એવું છે, બાકી તો **'नहि वन्ध्या विजानाति, गुर्वीं प्रसववेदनाम्'** જેવું છે. આ ગ્રન્થ પર ગ્રન્થકારે ટબો રચ્યો છે. તેમાં ઘણી ઘણી સમજવા દાર્શનિક વિચારણાઓ છે. સ્થિરતાપૂર્વક તે મનનીય છે, વિષય કઠિન

છે તે સાથે ત્રણસો વર્ષ પૂર્વેની ગુજરાતી ભાષા પણ કઠિનતામાં ઉમેરો કરે છે. છતાં પણ આ ગ્રન્થનો અભ્યાસી વર્ગ છે. થોડા ઘણાં પણ આ ગ્રન્થ પ્રત્યે પક્ષપાત ધરાવનારા છે તેથી આ ગ્રન્થ સજીવન રહ્યો છે. જુદી જુદી ત્રણ-ચાર રીતે તે મુદ્રિત થઈને પ્રકાશન પામ્યો છે. તેમાં મહેસાણા તરફથી ગૂર્જર સાહિત્ય સંગ્રહ-ભા-૨-જો માં. ૧૯૯૪ માં પ્રકાશિત થયેલ મુદ્રણ શ્રેષ્ઠ છે.

× × × ×

વિક્રમ સંવત્-૨૦૦૮ ની સાલમાં પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજ શ્રી સપરિવાર મુંબઇ તરફ પધારતાં વિહાર કરતા અંધેરી પધાર્યા, ત્યાં માસ-કલ્પની સ્થિરતા કરી તે દરમીઆન ત્યાંના પ્રતિષ્ઠિત-તાત્ત્વિક શ્રવણની અદ્વિતીય રુચિ ધરાવતા શ્રેષ્ઠિવર્ય નગીનદાસ કરમચંદ સંઘવી આ રાસ શ્રવણ કરવા માટે આવતા હતા. આ પૂર્વે આ રાસનો થોડો-ઘણો પરિચય હતો, મનમાં રાસ પ્રત્યેનું મમત્વ અને દુર્ગમતા બન્ને સમપણે પ્રરૂઢ થયા હતાં. નગીનદાસ સંઘવીને સંભળાવતા તેમાં ગતિ વધતી ચાલી, પછી તો શ્રી નમિનાથજી ઉપાશ્રયમાં—ચાતુર્માસ દરમીઆન પણ તે શ્રવણ કરાવવાનું ચાલુ રહ્યું અને સંપૂર્ણ શ્રવણ થવા આવ્યું તે સમયે તે તે પદાર્થો મનમાં સારી રીતે રમણ કરવા લાગ્યા. ત્યારે એમ થયું કે જો આ સર્વ લખવામાં આવે તો અનેક જીવોને ઉપયોગી થવા સાથે આ રાસની ઉપભોગ્યતા વધે એ ચોક્કસ છે, એ વિચાર દ્રઢ થયો અને અનુક્રમે ઢાળ ઉપર વિવરણ લખવાનું શરૂ કર્યું. પાલીતાણાથી સોમચંદ ડી. શાહ હસ્તક પ્રકટ થતાં કલ્યાણ માસિકમાં નિયમિત એ લખાણ પ્રસિદ્ધ થવા લાગ્યું. આ વિષયના રસિકો તરફથી તે લખાણને સારો આવકાર મળ્યો. તે તે અંકોમાં પ્રકટ થયેલા આ અંગેના કેટલાક ઉલ્લેખો આ લખાણ પ્રત્યે વિશિષ્ટ ભાવ જાગૃત કરે છે. ત્રણ-ચાર વર્ષે કટકે કટકે સર્વ લખાણ પૂર્ણ થયું. આ સર્વ પુસ્તક સ્વરૂપે પ્રકટ થાય એવી અનેકની ઇચ્છા-અને-પ્રેરણા છતાં અન્યાન્ય પ્રતિબંધકોને કારણે તે કાર્ય તત્કાળ થઇ શકયું નહિં. સં. ૨૦૧૮ ના માદુંગાના ચાતુર્માસમાં ઇચ્છા ળળવતી બની અને તેમાં પૂરકતત્ત્વની પૂર્તિ સાધ્વીજી શ્રી પ્રવીણાશ્રીજીએ કરી તેથી પાલીતાણા 'ભરત પ્રિન્ટરી' માં કાંતિલાલ ડી. શાહ હસ્તક મુદ્રણનો પ્રારંભ થયો. દ્રુતવિલંબિત વૃત્તની જેમ આ મુદ્રણવૃત્ત ચાલ્યું ને પૂર્ણ થયું.

આ વિવરણમાં કોઇ કોઇ સ્થળો હજુ પણ અણઉકેલ્યા રહ્યા છે. ૯ મી ઢાળની બારમી-તેરમી ગાથા, તેનો ટબાર્થ અને ટિપ્પણ સ્વતંત્ર વિચારવા જેવા છે. કેટલાક સ્થળો એવા છે કે જેના પર હજુ વિશેષ સ્વતંત્ર નિબંધ જેવા લખાણ કરવા જરૂરી છે. છતાં અહિં જે કાંઇ પીરસ્યું છે, તે પણ ઘણાંને આ સ્વાદના રસીયાઓને સારી એવી તૃપ્તિ આપવા અલં થશે અને વિશેષ ખેડાણના દ્વારોનું ઉદ્‌ઘાટન કરશે.

આ સર્વ ક્ષયોપશમમાં પરમ કારણ ભૂત-શાસનસમ્રાટ્-પરમગુરુવર્ય પૂજ્યપાદ આચાર્ય મહારાજાધિરાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજશ્રીજીના વાત્સલ્યપૂર્ણ-અમીનીતરતાં-આશીર્વાદ, પૂજ્યપાદ પીયૂષપાણિ પ્રગુરુમહારાજ આચાર્ય મહારાજ શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજશ્રીનાં સત્ત્વપૂર્ણ અનન્ય પ્રેરકતત્ત્વો, કૃપા અને કૌશલ તથા પુણ્યનામધેય-ગુરુવર્યશ્રી પૂજ્યપાદ પંન્યાસપ્રવરશ્રી પુણ્યવિજયજી મહારાજના હાર્દિક ભાવો આ ભવમાં મળ્યાં છે. એ એક સૌભાગ્ય છે અને ભવાન્તરમાં માંગી લેવા જેવા છે. એ સર્વ ઋણભારને વહન કરવા સાથે આ ગ્રન્થ ભવ્યાત્માઓનાં સમ્યગ્જ્ઞાનની અભિવૃદ્ધિ કરવામાં સહાયભૂત બનો એજ ભાવના.

શ્રી ગોડીજી ૧૨, પાયધુની
મુંબઇ-૩ BR.
આશ્વિન કૃષ્ણ તૃતીયા શુક્ર.

લી૦
પં. ધુરન્ધરવિજય ગણી.

તપાગચ્છીય પૂજ્યપાદ ગુરુણીજી મહારાજ શ્રી દેવીશ્રીજી
મહારાજના શિષ્યા સાધ્વીજી મહારાજ સૌભાગ્યશ્રીજી મહારાજ



જન્મ : સં. ૧૯૨૪ માગશર સુદિ ૫ (બોટાદ)
દીક્ષા : સં. ૧૯૪૬ વૈશાખ સુદિ ૨ સાયલા (ભગત)
સ્વર્ગવાસ : ૧૯૯૬ માગશર સુદિ ૯ સિદ્ધક્ષેત્ર (પાલીતાણા)

તપાગચ્છીય પૂજ્યપાદ ગુરુણી મહારાજશ્રી સૌભાગ્યશ્રીજી
મહારાજના પ્રશિષ્યા સાધ્વીજી મહારાજશ્રી ગુણશ્રીજી મહારાજ



જન્મ : સં. ૧૯૪૫ શ્રાવણ સુદિ ૬ (ખંભાત)
દીક્ષા : સં. ૧૯૬૨ માગશર સુદિ ૧૧ મૌનએકાદશી (અમદાવાદ)
સ્વર્ગસ્થ : સં. ૨૦૦૧ અષાડ વદિ ૪ (વેજલપુર)

ગુણશ્રી–ગૌરવાષ્ટક

જેનો જન્મ સુદેશ ગૂર્જર વિષે, ખંભાત ગામે અહો !,
ધર્મે વાસિત વંશમાં ગુણભર્યા–માતાપિતાથી થયો;
સંસ્કારો જિન ધર્મના જીવનમાં, ખીલી રહ્યા બાલ્યથી,
એવા શ્રી ગુણશ્રી ગુરુણીચરણે, વન્દું ભલા ભાવથી. ૧

જેની દૃષ્ટિ સદા અમીરસભરી, કાંતિ મુખે ચન્દ્ર શી,
સૌભાગી વરભોગ–કર્મ ઉદયે, સંસાર વાસે વસી;
સંયોગો સવળા છતાં વ્રત ધરી, દીક્ષેચ્છુ વૈરાગ્યથી,
એવા શ્રી ગુણશ્રી ગુરુણીચરણે, વન્દું ભલા ભાવથી. ૨

નામે શર્કરી શર્કરા સમ સદા, મીઠાશ જે ધારતા;
સાધ્વી શ્રેષ્ઠ ગુલાબશ્રી ગુરુ કને, ચારિત્ર આરાધતા;
દીક્ષા બાસઠ ઓગણીશ શતકે, મૌની સુએકાદશી,
એવા શ્રી ગુણશ્રી ગુરુણીચરણે, વન્દું ભલા ભાવથી. ૩

જેણે સત્તર વર્ષની લઘુ વયે, દીક્ષા ગ્રહી ઉત્સવે,
જાણે ઉચ્ચ ગુણોની પ્રાપ્તિ કરવા, સાધ્વી ગુણશ્રી હવે;
જ્ઞાન–ધ્યાન વિષે વિશેષ વિશદા, ભક્તિ કરે ગચ્છની,
એવા શ્રી ગુણશ્રી ગુરુણીચરણે, વન્દું ભલા ભાવથી. ૪

ન્યાય–વ્યાકરણાદિ શાસ્ત્ર ભણીને, સિદ્ધાંત અભ્યાસથી,
તાર્યા જીવ અનેક બોધ દઈને, સંસાર દુર્વાસથી;
યાત્રા ઉગ્ર વિહારને કરી કરી, તીર્થો ઘણાંની કરી,
એવા શ્રી ગુણશ્રી ગુરુણીચરણે, વન્દું ભલા ભાવથી. ૫

સૌરાષ્ટ્રે વળી કચ્છ ને મરુધરે, મેવાડ ને ગૂર્જરે,
બંગાલે મરહઠ્ઠ દેશ વિચરી, સૌભાગ્યને જે વરે;
સત્કાર્યો ઉપદેશ દૈ ભવિકને, જેણે કરાંવ્યા અતિ,
એવા શ્રી ગુણશ્રી ગુરુણીચરણે, વન્દું ભલા ભાવથી. ૬

જેનાં જીવનની વિશુદ્ધ ઝરણી, ગંગા નદી શી વહી,
જીદલે પંચમહાલ વેજલપુરે, આષાઢ ચોથે વદી;
સંવત્ એક અધિક બે સહસમાં, સ્વર્ગે સીધાવ્યા ગુણી,
એવા શ્રી ગુણશ્રી ગુરુણીચરણે, વન્દું ભલા ભાવથી. ૭

ગાયા ભક્તિવશે ગુણો ગુરુણીનાં, શક્તિ નહિં યે છતાં,
દેજો આશિષ સંયમે દ્રઢ બની, પામું તમોને સદા;
વીણા અન્તરમાં ગુણસ્મરણની, વાગે પ્રવીણા બની,
એવા શ્રી ગુણશ્રી ગુરુણીચરણે વન્દું ભલા ભાવથી. ૮

ગુણશ્રી-ગૌરવગાથા

—*—

૧ **આમુખ**—પુષ્પનો પરિમલ સમીપવર્તી વાતાવરણમાં ફેલાય છે અને તેને મધ-મધાયમાન બનાવે છે; કસ્તૂરીની સુગંધ વધારે દૂર ફેલાય છે અને અનેકનાં ચિત્તનું આકર્ષણ કરે છે; પરંતુ ગુણગરિષ્ઠ પવિત્ર જીવનની સુવાસ હજારો બલ્કે લાખો માઈલના પટ પર પથરાય છે અને તેમાં વસતા સંખ્યાતીત મનુષ્યોનાં દિલમાં આધ્યાત્મિકતાનો ઉત્સાહ રેડે છે. તેથી જ આવાં જીવનની મહત્તા છે અને તેનું શ્રવણ-ચિંતન-મનન અતિ આવશ્યક બને છે.

એક વિચારક કહે છે કે 'આ જગતમાં અનેક પ્રકારનું સાહિત્ય લખાય છે, છપાય છે અને વેચાય છે; પણ તમારે આગળ વધવું હોય તો તમારા ઘરમાં-તમારા પુસ્તકાલયમાં માત્ર ચૂંટી કાઢેલી જીવનકથાઓ જ વસાવો. તે તમને જીવનનું સત્ય દર્શન કરાવશે, સફ-લતાના સાચા નિયમો સમજાવશે અને ગમે તેવા વિકટ કે વિપરીત સંયોગોમાં પણ ટકી રહેવાનું તથા આગળ વધવાનું બલ પ્રદાન કરશે. આથી વધારે તમારે શું જોઇએ?'

અમે પોતે પણ જીવનકથાઓને-જીવનચરિત્રોને ખૂબ મહત્ત્વ આપીએ છીએ, કારણ કે તેમાંથી અમને ઘણું જાણવા-સમજવાનું મળ્યું છે. વળી જ્યારે જ્યારે જીવનસાગરમાં નિરાશા કે નાસીપાસીનો ઝંઝાવાત ઉઠ્યો છે, ત્યારે ત્યારે તેમણે દીવાદાંડીનું કાર્ય કર્યું છે, નવું જીવન આપ્યું છે, નવી આશા આપી છે. અન્યને પણ આવા અનુભવો થયા જ હશે!

કેટલાક કહે છે કે 'કથા સૂણી સૂણી ફૂટ્યા કાન, તોયે નાવ્યું બ્રહ્મજ્ઞાન.' તાત્પર્ય કે અમે ધુરંધર પંડિતો કે શાસ્ત્રીઓનાં મુખેથી અનેક વાર ધર્મકથાઓ સાંભળી, છતાં બ્રહ્મ-જ્ઞાન-આત્મજ્ઞાન થયું નહિ, તેથી ધર્મકથાઓનું કંઈ વિશેષ મહત્ત્વ નથી. પણ આ વચનો એકાંગી છે, વસ્તુસ્થિતિની એક જ બાજુ રજૂ કરનારાં છે, કારણ કે આ વિશ્વમાં એવા પણ લાખો મનુષ્યો જોવામાં આવે છે કે જેમને ધર્મકથાઓ સાંભળતાં જ વૈરાગ્યનો રંગ લાગ્યો હોય, તેથી તેમણે સંયમની સાધના સ્વીકારી હોય અને પરિણામે બ્રહ્મજ્ઞાન-આત્મજ્ઞાન થયું હોય. વરસાદ વરસવા છતાં જવાસો સૂકાતો હોય તો વાંક વરસાદનો કે જવાસાનો! સૂર્યનો પ્રકાશ થવા છતાં ઘૂવડને કંઇ દેખાતું ન હોય તો વાંક સૂર્યના પ્રકાશનો કે ઘૂવડનો!

ધર્મકથાઓ સાંભળનારમાં પણ કેટલાક ગુણો જોઇએ છે. ખાસ કરીને સરલતા મધ્ય-સ્થતા, ગુણગ્રાહકતા તો તેમનામાં અવશ્ય હોવી જોઇએ, નહિ તો ઉપર કહી તેવી ફરિયાદ કરવાનો વખત આવે છે.

જ્યારે અમે પ્રસ્તુત જીવનકથા પૂજ્ય પ્રવીણાશ્રીજી આદિ પંચમહાવ્રતધારિણી શ્વેતવસ્ત્રાવૃતા સાધ્વીસમુદાયનાં મુખેથી સાંભળી, ત્યારે હૃદયના તાર ઝણઝણી ઉઠ્યા અને તેને શતમુખે કહેવાના મનોરથ જાગ્યા, પરંતુ બધા મનોરથ તત્કાલ થોડા જ ફળે છે? તે માટે યોગ્ય સમયની પ્રતીક્ષા કરવી જ પડે છે અને તે અમે કરી. એમ કરતાં એ ધન્ય ઘડી આવી પહોંચી કે જ્યારે અમારી કલમ જિનશાસનની એક તેજસ્વી તારિકાનું જીવન આલેખવામાં પ્રવૃત્ત થઈ અને ક્ષણે ક્ષણે વધતા આનંદપૂર્વક તે પોતાનું કાર્ય કરતી જ ગઈ. તેનું જે પરિણામ આવ્યું, તે આજે સહૃદય પાઠકો સન્મુખ હર્ષિત હૈયે ધરવામાં આવે છે.

આશા છે કે આ ટૂંકી પણ સત્ત્વભરી જીવનકથા સહુ કોઈને ઉન્નત જીવન જીવવાની પ્રબળ પ્રેરણા કરશે અને તેમનો માર્ગ મંગલમય બનાવશે.

૨ જન્મભૂમિ—માનવ વસવાટવાળી સર્વભૂમિમાં ભારતભૂમિ શ્રેષ્ઠ ગણાય છે, કારણ કે તેણે ધર્મ અને તત્ત્વજ્ઞાનનાં ક્ષેત્રમાં અસાધારણ પ્રગતિ કરી છે અને આત્મતેજથી ઝળહળતા અનેક ઋષિ–મહર્ષિઓ તથા સાધુસંતોની જગતને ભેટ ધરી છે. તેના પહાડો પવિત્ર છે, સરિતાઓ સોહામણી છે અને વનપ્રદેશો વિવિધ વનસ્પતિથી વિભૂષિત છે. તેની ત્રણ બાજુ રત્નાકરની રમણીય લહરિઓ નિરંતર નૃત્ય કરી રહી છે અને ગૌરવ ભરેલાં ગીતો ગાઈને પ્રકૃતિને સ્તવી રહી છે.

ભારતભૂમિમાં પણ ગુજરાતની ભૂમિ ગૌરવવંતી ગણાય છે, કારણ કે તે પ્રકૃતિથી સુંદર છે, બુદ્ધિમાં બીનહરીફ છે, કલાકૌશલ્યમાં અજોડ છે અને અહિંસા–સત્યના સંસ્કારોથી સુવાસિત છે. વિનય, વિવેક, ઉદારતા, સહનશીલતા, પરોપકારપરાયણતા આદિ ગુણોનું જે મનોરમ દર્શન અહીં થાય છે, તે અન્યત્ર ભાગ્યે જ થાય છે. લેખકોએ કવિઓએ, પ્રવાસીઓએ આ ભૂમિને સ્નેહપૂર્ણા કહી છે અને આજના ભૂતલશાસ્ત્રીઓ પણ તેનું + તલ તપાસીને તેને × સ્નેહપૂર્ણા જ કહે છે.

આ સ્નેહપૂર્ણા શસ્યશ્યામલા ગૂર્જરભૂમિમાં ખંભાતનું સ્થાન અનોખું છે. ખાસ કરીને જૈન ઇતિહાસનાં અનેક સ્મરણો તેની સાથે જોડાયેલા છે. નવાંગી ટીકાકાર ચંદ્રકુલાવતંસ સુરપુંગવ શ્રી અભયદેવસૂરિએ અહીં અતિ ચમત્કારિક શ્રી સ્થંભન પાર્શ્વનાથની પ્રતિમા પ્રતિષ્ઠિત કરેલી છે, તે આજે પણ ભક્તજનોનાં મનોવાંછિત પૂર્ણ કરે છે. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યની દીક્ષા અહીં જ થઈ હતી અને તેમણે અનેક વખત આ શહેરમાં પધારીને જિનશાસનની જયપતાકા ફરકાવી હતી. શ્રી સોમસુંદરસૂરિ, શ્રી હીરવિજયસૂરિ, શ્રી વિજયસેનસૂરિ, શ્રી વિજયદેવસૂરિ વગેરે અનેક મહાપુરુષોએ આ શહેરને પાવન કરેલું છે અને અપૂર્વ ધર્મદેશના વડે અહીંની જનતાને જૈનધર્મનો ઘેરો રંગ ચડાવેલો છે.

ગુજરાતના પ્રસિદ્ધ મંત્રીઓ, ઉદાયન, મુંજાલ વગેરે અહીં ઘણો વખત રહેલા છે અને

+ તલમાં તેલ ન હોય તે ખલ કહેવાય છે. આ તલ–તળીયામાં સ્નેહ છે, એટલે તે ખલ નથી.
× સ્નેહ–તેલ અને પ્રેમ.

તેમની વિચક્ષણ બુદ્ધિથી અનેક સમશ્યાઓનો ઉકેલ કરવામાં સફલ થયેલા છે. મંત્રીશ્વર વસ્તુપાલ-તેજપાલે અહીંના માથાભારે મુસલમાન વ્યાપારી સૈયદને પરાસ્ત કર્યો હતો, તેના મદદગાર શંખરાજને સખ્ત હાર આપી હતી અને એક ભવ્ય જિનમંદિર બંધાવ્યું હતું. ઉપરાંત અહીંના અનેક ઉદાર આત્માઓ પણ સ્મરણપટ પર તાજા થાય છે. રાજિયા-વાજિયા, ખારેખ, તેજપાલ સંઘવી, ઉદયકરણ સંઘવી વગેરેને કોણ ભૂલી શકે? અને કવિ ઋષભદાસ પણ આ જ શહેરનું એક અણમોલ રત્ન હતા કે જેમની સાદી સરલ કાવ્ય-રચનાઓ આજે પણ હજારો કંઠ ગાઈ રહ્યા છે અને વાતાવરણને પવિત્રતાનો ઓપ આપી રહ્યા છે.

આજે પણ આ શહેરમાં સાતસો ઉપરાંત જૈનોનાં ઘરો છે, પોણોસો જેટલાં જિન-મંદિરો છે, અનેક આલિશાન ઉપાશ્રયો તથા પોષધશાલાઓ છે, પાંચ મહત્ત્વના જ્ઞાનભંડારો છે તથા જનતાને ધાર્મિક શિક્ષણ-સંસ્કાર આપી શકે તેવી નાની-મોટી અનેક જૈન સંસ્થાઓ છે. ભર્યા સરોવરમાં પક્ષીઓનું આવાગમન નિરંતર થતું રહે છે, તેમ આ શહેરમાં ત્યાગી-વૈરાગી-શ્રમણ-શ્રમણીઓનું આવાગમન નિરંતર થતું રહે છે. પરિણામે લોકોની શ્રદ્ધા દ્રઢ બને છે, જ્ઞાનમાં અનેરી દીપ્તિ આવે છે અને ચારિત્રરૂપી છોડ નવપલ્લવિત થતો રહે છે.

જૈન શાસ્ત્રકારોએ સમસ્ત ભૂમંડલમાં કર્મભૂમિઓને વખાણી છે, તેમાં આર્યક્ષેત્રોની-આર્યદેશોની મુક્ત કંઠે પ્રશંસા કરી છે અને તેમાં પણ સુસંસ્કારી જૈનકુલને અભિનંદ્યું છે, કારણ કે જીવનરૂપી પુષ્પને ત્યાં જે મધુર પરાગ સાંપડે છે, તે અન્યત્ર સાંપડતો નથી.

પ્રસ્તુત પુણ્યાત્માનો જન્મ આવા એક ઐતિહાસિક સુસંસ્કારી શહેરમાં થયો, તેનું આપણે સહુ અભિવાદન કરીએ અને કથાપ્રવાહમાં આગળ વધીએ.

૩ માતા-પિતાદિ—વીશાશ્રીમાળી જ્ઞાતીય કસ્તૂરભાઇ જેચંદભાઇ ખંભાતના જૈન-સમાજમાં અગ્રેસર ગણાતા. ધાર્મિક અને સામાજિક બંને પ્રવૃત્તિઓમાં તે આગળ પડતો ભાગ લેતા અને તેમાં આનંદ પામતા. કોઈને કંઇ તકલીફ આવી પડી કે તેઓ આશ્વા-સન આપવા માટે હાજર થઇ જતા અને બે પૈસે ઘસાઇ પણ છૂટતા. ખરેખર! સેવાવૃત્તિ એ મનુષ્યનો મહાન સદ્‌ગુણ છે અને તે મનુષ્યને અભ્યુદયની ટોચે પહોંચાડે છે. દ્વિજપુત્ર નંદિષેણમાં શું હતું? માતા-પિતા તેનો જન્મ થયા પછી તરત જ મરણ પામ્યા હતા. શરીર ઘણું બેડોળ હતું. કોઈ અંગમાં કંઈ ઠેકાણું ન હતું. સ્વજનોએ તેને છોડી દીધો હતો. કોઇ પણ કન્યા તેને પરણવા માટે તૈયાર થઈ ન હતી....પણ તેણે વૈરાગ્યથી વાસિત થઈને ભાગવતી દીક્ષા અંગીકાર કરી અને અનન્યમને સાધુઓની સેવા-શુશ્રૂષા કરવા માંડી તો પરીક્ષા કરવા આવેલો દેવ પણ નમી પડ્યો અને તેનું નામ અમર થઇ ગયું.

શેઠ કસ્તૂરભાઇનાં પત્ની પુતળીબાઇ પણ એવાજ પરગજુ અને ધર્મપરાયણ હતા. કુટુંબનો કારભાર મોટો હોવા છતાં તેઓ કદી દેવદર્શન, સેવાપૂજા કે સામાયિકાદિ ધર્મ-ક્રિયા ચૂકતા નહિ. કોઇ સાધર્મિક કે અતિથિ આંગણે આવ્યો તો તેની સારી રીતે ભક્તિ કરતા અને પાડોશીઓને પણ અનેક રીતે ઉપયોગી થતા.

સામાન્ય કોટિના મનુષ્યો થોડું ધન મળ્યું કે થોડી સત્તા પ્રાપ્ત થઇ, ત્યાં અભિમાનમાં આવી જાય છે અને બીજા મનુષ્યોને પોતાનાથી નીચા, હલકા કે તુચ્છ સમજવા લાગે છે, પણ પરિણામે તેનું પતન થાય છે અને તેઓ મહામોંઘા મનુષ્યભવ હારી જાય છે. જ્યારે ઉત્તમ કોટિના મનુષ્યો ગમે તેટલું ધન કે ગમે તેટલી સત્તા મળવા છતાં અભિમાન કરતા નથી, સહુની સાથે નમ્રતાભર્યો વ્યવહાર રાખે છે અને કોઇને કોઇ પણ રીતે ઉપયોગી થવાય તો આનંદ પામે છે. પરિણામે તેમનો મનુષ્યભવ સફળ થાય છે અને તેઓ સહુના આદરમાનના અધિકારી બને છે. શેઠ કસ્તૂરભાઇ અને પુતળીબાઇનો વર્તાવ જોતાં તેમને આપણે આ છેલ્લી કોટિમાં જ મૂકી શકીએ. ધન્ય હો આવા સંસ્કારી સેવાપરાયણ આદર્શ યુગલને !

આ જગતમાં કોઈ ધનથી દુઃખી હોય છે, કોઇ તનથી દુઃખી હોય છે, તો કોઈ મનથી દુઃખી હોય છે. પણ શેઠ કસ્તૂરભાઇને આ ત્રણમાંથી એક પણ પ્રકારનું દુઃખ ન હતું. તેમની પાસે પૈસોટકો સારા પ્રમાણમાં હતો, તેમનું તન પણ નીરોગી હતું અને તેમને બીજી કોઇ ચિંતા ફીકર સતાવતી ન હતી. પુતળીબાઇના અસીમ સ્નેહભર્યા વર્તાવથી તેમનો સંસાર સુખી હતો.

કેટલાકને બધી વાતે સુખ હોવા છતાં સવાશેર માટીની ખોટ હોય છે અને તે ગમે તેવા પ્રયત્નો કરવા છતાંય પૂરાતી નથી; પરંતુ શેઠ કસ્તૂરભાઇ આ બાબતમાં સુખી હતા. તેમને ભીખાભાઈ, મોતીલાલ, જેઠાલાલ અને જંબૂભાઇ નામે ચાર પુત્રરત્નો તથા સાંકુબેન શકરીબેન અને બાબરીબેન નામે ત્રણ પુત્રીરત્નોની પ્રાપ્તિ થઈ હતી. જ્યાં બાળકો હોય, બાળકોની નિર્દોષ ક્રીડા હોય, તે ઘર ભર્યું લાગે છે અને બાકીનાં ઘરો સ્મશાનવત્ ભાસે છે, એ વસ્તુ પાઠકોનાં ધ્યાન બહાર તો નહિ જ હોય! તાત્પર્ય કે શેઠ કસ્તૂરભાઇની સંસારવાડી લીલી કુંજર હતી અને તે પતિ–પત્નીને અનેરો આનંદ આપી રહી હતી.

એક જ છોડ પર ઉગેલાં પુષ્પોની અવસ્થા કેટલી ભિન્ન ભિન્ન હોય છે! એક પુષ્પ તો છોડ પર જ રહે છે અને ત્યાં પોતાની સુવાસ ફેલાવીને કરમાઇ જાય છે; બીજું પુષ્પ કોઇ લલિતાંગી લલનાના કેશપાશમાં કે કેયુરાદિ આભૂષણમાં ગુંથાય છે અને તેની શોભા વધારીને ક્ષીણ થઈ જાય છે; તો ત્રીજું પુષ્પ કોઇ પૂજારી વડે ચૂંટાઇને દેવમૂર્તિ પર ચડે છે અને પવિત્રતાનાં પ્રતીક તરીકે સહુના પ્રણામ પામે છે. માનવજીવનની સ્થિતિ પણ આવી જ છે. એક જ માતાની કુક્ષિએ જન્મેલા મનુષ્યો પૂર્વ કર્માનુસાર જુદી જુદી અવસ્થાઓને ધારણ કરે છે. એક માત્ર દેહરખો બનીને પોતાના દેહનું પોષણ–પરિવર્ધન કરે છે અને જીવનમાં કંઇ પણ મહત્ત્વનું કાર્ય કર્યા વિના મરણને શરણ થાય છે. બીજો વિવિધ વિદ્યા–કલાઓથી વિભૂષિત થઇને અનેકનું આકર્ષણ કરે છે અને કંઇ પણ ઉપયોગી કાર્યમાં જીવનની સાર્થકતા માને છે. જ્યારે ત્રીજો મનુષ્ય સુસંસ્કારોનો સંચય કરીને ત્યાગ–વૈરાગ્યને મહત્ત્વ આપે છે, સંયમસાધના માટે તત્પર બને છે અને એ દિશામાં ભારે પુરુષાર્થ બજાવી આત્માની અનંત શક્તિનો સાક્ષાત્કાર કરે છે તથા લોકોપકાર વડે

લાખો વંદનાને પાત્ર બને છે.

શેઠ કસ્તૂરભાઈનાં સપ્ત રત્નોમાંથી શકરી બહેન આ ત્રીજી અવસ્થાને પ્રાપ્ત કરે છે અને તેથી જ તેઓ પ્રસ્તુત લેખના મુખ્ય પાત્ર બનેલા છે. જો તેઓ આ અવસ્થાએ પહોંચ્યા ન હોત તો તેમની જન્મતિથિને આપણે ભાગ્યે જ યાદ કરત. તેઓ વિક્રમ સંવત્ ૧૯૪૫ ના શ્રાવણ સુદિ ૬ ને શુક્રવારે જન્મ્યા હતા તે વખતે પ્રવર્તતી પરિસ્થિતિની કોઈ સ્પષ્ટ નોંધ અમારી પાસે નથી, પણ અમે એવું અનુમાન કરીએ છીએ કે તે વખતે ઝરમર ઝરમર વરસી રહેલા મેહુલા વડે તથા તેનાથી અભિષિક્ત થયેલી પવનની શીતલ લહરિઓ વડે સર્વ મનુષ્યો તથા પશુપક્ષીઓ શાંતિનો અનુભવ કરી રહ્યા હશે અને એ શાંતિ-સ્પંદનો વડે સારુંયે વાતાવરણ પરમ આહ્લાદક બન્યું હશે.

૪ બાલ્યવય—જન્મ-મરણની અનંત શૃંખલા સંસારી જીવોને પીડી રહી છે. તેનો અંત ત્યારે જ આવે છે કે જ્યારે આત્મા પોતાનો પુરૂષાર્થ ફોરવી સકલ કર્મબંધનોને તોડી નાખે. જે આત્માઓએ આ રીતે સકલ કર્મબંધનોને તોડયાં, તેઓ જન્મમરણથી મુક્ત થઇને પોતાની સ્વાભાવિક સ્થિતિને પ્રાપ્ત થયા છે અને સિદ્ધશિલામાં વિરાજી અનંત સુખનો ઉપભોગ કરી રહ્યા છે. સંસારી જીવો દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક પૈકી કોઇ પણ એક ગતિમાં અવશ્ય હોય છે. આ ચાર ગતિમાં મહત્તા મનુષ્યગતિની છે, કારણ કે વ્રત-નિયમ અને સંયમની ધારણા તેમાં જ થઇ શકે છે અને સકલ કર્મોથી છૂટવાની સોનેરી તક પણ તેમા જ સાંપડે છે. મનુષ્યગતિ, મનુષ્ય અવતાર કે મનુષ્યભવ સિવાય હજી સુધી કોઈએ મુક્તિ મેળવી નથી, અને હવે પછી મેળવશે પણ નહિ, એ જ્ઞાનીઓએ કરેલી ઘોષણા છે, એટલે મનુષ્યભવને આપણે સંસાર સાગર તરી જવાની એક અણમોલ તક માનવી જોઈએ પણ ખેદનો વિષય છે કે વિષય અને કષાયમાં ડૂબેલા આત્માઓને આ ભાન થતું નથી અને તેઓ એ અણમોલ તકને ગુમાવી દે છે.

જૈનકુલની એ વિશેષતા છે કે તેમાં જન્મ ધારણ કરનાર આત્માને આ જ્ઞાન બાલ્યવસ્થાથી જ મળે છે અને તે શ્રેયસ્સાધનામાં ઘણું ઉપકારી નીવડે છે. જો કુલ કૌટુંબિક વાતાવરણની મહત્તા ન હોત તો શાસ્ત્રકારોએ તેના ઉચ્ચ અને નીચ અથવા ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એવા પ્રકારો પાડયા જ ન હોત.

શકરી બહેનનું એ સદ્‌ભાગ્ય હતું કે તેઓ ઊંચા સંસ્કારી જૈન કુલમાં જન્મ્યાં હતાં અને બાલ્યવસ્થાથી જ ધર્મના રંગે રંગાવા લાગ્યાં હતાં. તેઓ ખાતા-પીતા અને વયસુલભ અનેક પ્રકારની ક્રીડાઓ પણ કરતાં. પરંતુ તેમને જે આનંદ દેવદર્શનમાં આવતો, માતાની સાથે બેસીને સામાયિકાદિ ધાર્મિક ક્રિયાઓ કરવામાં આવતો, તે અન્ય કશામાં આવતો નહિ. કેટલાક કહે છે કે બાળક તો કોરી સ્લેટ જેવું છે, તેમાં જે અક્ષરો લખવા ધારો તે લખી શકાય, પણ આ વસ્તુ સર્વથા સાચી નથી. બાળકોને પણ પોતાના પૂર્વસંસ્કારો હોય છે, મનનું એક પ્રકારનું ભિશિષ્ટ વલણ હોય છે અને તે આધારે જ તેની

પ્રવૃત્તિ થાય છે. અન્યથા બાળકોના સ્વભાવ અને પ્રવૃત્તિમાં જે વૈવિધ્ય દેખાય છે, તે કદી દેખાય નહિ.

અક્ષરજ્ઞાનને આજે ખૂબ મહત્ત્વ અપાઈ રહ્યું છે અને દરેક બાળકે શાળામાં અવશ્ય જવું જોઇએ, એવો આગ્રહ સેવાઈ રહ્યો છે, પણ આપણે જે સમયની વાત કરીએ છીએ, ત્યારે અક્ષરજ્ઞાન માટે આટલો આગ્રહ ન હતો. એ સમયે તો માતાપિતા દ્વારા મળતા સંસ્કારોને જ સાચી કેળવણી માનવામાં આવતી અને પુત્ર-પુત્રીઓને બહુ જેટલું જ અક્ષરજ્ઞાન આપવામાં આવતું. આ રીતે શકરીબહેને ગુજરાતી શાળામાં જઇને બે ચોપડીનો અભ્યાસ કર્યો હતો.

તેઓ ગૃહકાર્યમાં કુશળ હતા અને માતાને રસોઈ વગેરેનાં કામમાં સારી મદદ કરતાં હતા. ભરત-ગુંથણ આદિ કલાઓમાં પણ તેમણે સારી પ્રગતિ કરી હતી. ઘરમાં કોઇ માંદું પડયું કે તરત તેની સારવારમાં લાગી જતા અને જ્યારે તે સાજું થાય, ત્યારે જ નિરાંતનો દમ ખેંચતા. પરંતુ તેમને અધિક આનંદ તો સાધુ-સાધ્વીઓના ધાર્મિક વ્યાખ્યાનો સાંભળવામાં આવતો. જેમ મોરલીનો નાદ સૂણી નાગ ડોલવા લાગે. તેમ તેઓ ડોલવા લાગતા અને જિનવાણીની મનથી અપૂર્વ પ્રશંસા કરતા.

અનંત અનંત ભાવથી ભરેલી આ જિનવાણીએ આ જગતમાં કેટલો મોટો ઉપકાર કર્યો છે ? તેણે મિથ્યાત્વના અંધકારને ભેદ્યો છે, અજ્ઞાનના પડદો અતિ ઝડપે વિદારી નાખ્યા છે, મોહરાજની મસ્ત સેનામાં ભારે ભંગાણ પાડયું છે અને તત્ત્વતરંગિણીને વેગથી વહેતી કરી છે. નય, નિક્ષેપ અને સ્યાદ્વાદ એ એની પરમ વિશેષતા છે. તે અન્યત્ર કોઇ પણ સ્થાને જોવા મળતી નથી.

શકરીબહેનની બાલ્યાવસ્થા એકંદર સુખપૂર્ણ હતી. પૂર્વનો પુણ્યોદય અને માત-પિતાની શીળી છાંય તેમાં કારણભૂત હતાં.

૫ લગ્નજીવન—યૌવન એ જીવનની વસંત ગણાય છે. તે વખતે મનુષ્યનાં અંગોપાંગો સારી રીતે ખીલી ઉઠે છે, બળમાં વૃદ્ધિ થાય છે અને બુદ્ધિ તથા કાંતિ સતેજ બને છે. તે સાથે તેનામાં ભોગવિલાસની ભાવના જાગે છે અને તેની મીટ લગ્ન તરફ મંડાય છે.

લગ્ન એ સામાજિક જીવનનો પાયો છે. જો લગ્નપ્રથા અમલમાં ન હોય તો સદાચારનો સર્વથા લોપ થાય અને સમાજ છિન્નભિન્ન બની જાય ગૃહસ્થે કયા પ્રકારનું લગ્ન કરવું તે માર્ગાનુસારીના પાંત્રીશ નિયમોમાં જણાવેલું છે. જગતની સંસ્કૃત-અસંસ્કૃત સર્વ પ્રજાઓએ લગ્ન પ્રથાનો સ્વીકાર કર્યો છે, તે એનું સામાજિક મહત્ત્વ સૂચવે છે; પરંતુ જેનો આતમરામ જાગ્યો છે અને જેની પ્રીત ત્યાગ-વૈરાગ્ય સાથે બંધાણી છે; તેને લગ્ન-જીવન આનંદ આપી શકતું નથી, તેનાં હૃદયમાં લગ્ન માટેની ઉર્મિઓ ઉઠતી નથી.

શકરીબહેનની સ્થિતિ આવી જ હતી. તેમણે યૌવનનાં આંગણે પ્રવેશ કર્યો હતો, છતાં

ભોગવિલાસની ભાવના ન હતી, લગ્ન માટે કોઈ ઉર્મિ પણ ન હતી. પરંતુ માતા-પિતા વ્યવહારકુશળ હતા, અને ઉંમર લાયક પુત્રીને સારો વર અને સારું ઘર જોઈને પરણાવી દેવી જોઈએ, એમ માનનારા હતા, એટલે તેમણે શકરીબહેન માટે સારો વર અને સારું ઘર શોધી કાઢયું.

શકરીબહેને માતાને જણાવ્યું કે મારી લગ્ન માટે ઈચ્છા નથી, પણ માતાએ મમતાનો પ્રયોગ કરીને તેમને સમજાવી લીધા અને સત્તર વર્ષની વયે તેમનાં લગ્ન ખંભાતના રહીશ શાહ નગીનદાસ કુલચંદ સાથે કરવામાં આવ્યાં.

લગ્નજીવન શરૂ થયું, પણ તેમાં રંગ આવ્યો નહિ. જ્યાં પતિ અને પત્નીની દિશાઓ જુદી હોય ત્યાં રંગ આવે શી રીતે? શકરીબહેનની સ્થિતિ તો માનસરોવરની હંસલી કોઈ ખારાં જળનાં ખાબોચિયામાં આવી ગઈ હોય તેવી થઈ પડી. મનમાં એક જ વિચાર ચાલતો હતો કે મળેલા માનવભવની સાર્થકતા શી? શું આ જીવન નિઃસાર ભોગો ભોગવવા માટે છે કે આત્માનું કલ્યાણ સાધી લેવા માટે છે? જો પ્રમાદ કરીશ તો પસ્તાઈશ, માટે અત્યારે જ ચેતવા દે.'

આવા આવા વિચારો કરતાં તેમને લગ્નજીવન અકારું થઈ પડયું અને તેમાંથી કેવી રીતે છૂટવું? તેનો વિચાર કરવા લાગ્યા. ભારે મનોમંથનની એ ક્ષણો હતી, પણ તેમાં શકરીબહેનને સત્ય નિર્ણય લાધ્યો હતો.

ફ ભાગવતી દીક્ષાનો સ્વીકાર—એક વાર યોગ્ય અવસર જોઈને શકરીબહેને પતિ આગળ વાત છેડી અને એક રસિક મહત્ત્વપૂર્ણ સંવાદ ટપકી પડયો. આ રહ્યો તેનો શબ્દદેહ—

'મને આ સંસાર-વ્યવહારનાં કામોમાં કંઈ આનંદ આવતો નથી. મારું મન એમાં બિલકુલ ચોટતું નથી. જો તમે રજા આપો તો....'

'અચકાઓ છો શા માટે? કહેવાનું હોય તે કહી જ દો ને? તો તમારે સાધ્વી થવું છે, એ જ કે બીજું કંઈ? પણ જો સાધ્વી જ થવું હતું તો ગૃહસંસાર માંડયો શા માટે?'

'ગૃહસંસાર મેં માંડ્યો નથી, મારે માંડવો પડયો છે.'

'આનું નામ શબ્દની ચતુરાઈ!'

'શબ્દની ચતુરાઈ મને આવડતી નથી. હું તો જે સાચું છે, તે જ કહું છું. માતા-પિતાના અતિ આગ્રહને લીધે જ મારે આ લગ્ન કરવા પડયાં છે. તે માટે મારાં દિલમાં કોઈ ઉર્મિ ન હતી.'

'એ ગમે તે હોય, હવે તો સંસાર માંડયો છે, તો તેને રળિયામણો બનાવવો જ રહ્યો. ભાગી છૂટવાથી કંઈ કલ્યાણ થાય નહિ.'

'સંસાર અસાર છે. તેમાં કંઈ સાર નથી. ગમે તેટલો પ્રયત્ન કરીએ તો પણ એ રળિયામણો બની શકતો નથી. કોલસાને લાખવાર સાબુથી ધોઇએ તો પણ એ શ્વેત થાય છે ખરો? એ જ સ્થિતિ સંસારની છે. જો સંસાર રળિયામણો બની શકતો હોત તો તીર્થંકર આદિ અનેક મહાનુભાવો તેનો ત્યાગ શા માટે કરત? ખરેખર! આ સંસાર દાવાનળ જેવો છે. તેમાં રહેલાં પ્રાણીઓ ક્ષણે ક્ષણે આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ ત્રિવિધ અગ્નિથી દાઝી રહ્યા છે. તેમાંથી નીકળી જવું, ભાગી છૂટવું, એ કાયરતા નહિ, પણ વીરતા છે, ડહાપણ છે. એનાથી કલ્યાણનો માર્ગ ખુલ્લો થાય છે, શ્રેયસ્‌ની સીડી પર સપાટાબંધ ચડી શકાય છે.'

'અહીં તમને કઇ વાતની ખોટ છે? ઘરમાં રહીને બને તેટલું ધર્મ ધ્યાન કરો. એથી પણ કલ્યાણ કે શ્રેયસની સાધના કરી શકાશે.'

'અહીં મને ખાવા-પીવાની કે વસ્ત્રાલંકારની કોઈ ખોટ નથી. રહેવા માટે પણ સુંદર મકાન છે. વળી સાસુ તથા નણંદ પણ મારી સાથે સલુકાઇથી વર્તે છે. પણ અહીં એક જ વાતની ખોટ છે કે મોંઘેરા માનવભવનો જે સદુપયોગ કરવો જોઇએ, તે હું કરી શકતી નથી. દિવસ પછી રાત અને રાત પછી દિવસ ચાલ્યા જાય છે અને મારું આયુષ્ય ઓછું થતું જાય છે. જો સંયમની કંઇ પણ સાધના થાય તો જ આ જીવન સાર્થક છે. પણ સંયમની સાધના સત્સંગ વિના થતી નથી, મહાવ્રતને ધારણ કર્યા વિના યોગ્ય રીતે પાર પડતી નથી, માટે જ આપની રજા માગું છું.'

આવા સંવાદો બે-ત્રણ વાર થયા, પણ તેનું પરિણામ કંઈ આવ્યું નહિ. આખરે મુમુક્ષુ શકરીબહેન ગૃહત્યાગના નિર્ણયપર આવી ગયા અને એક દિવસ તેમણે ખંભાત છોડયું.

તેઓ સીધા અમદાવાદ ગયા અને દાદી ગુરુણીજી પૂજ્ય સૌભાગ્યશ્રીજીનાં ચરણે પડ્યાં. 'મને બચાવો, મારું રક્ષણ કરો, મારાથી હવે સંસારરૂપી કારાગારમાં ક્ષણ પણ રહી શકાય એમ નથી.' આ તેમની આરજૂ હતી. બાજ પક્ષી પાછળ પડતાં પારેવાએ મેઘરથ રાજાનું શરણ લીધું, તેના જેવી જ આ સ્થિતિ હતી.

પૂ. સૌભાગ્યશ્રીજીએ તેમને શાંતવન આપ્યું, તેમની હકીકત શાંતિથી સાંભળી અને તેમનો દીક્ષા લેવાનો મક્કમ નિર્ણય જોઇને તેમના પતિને અમદાવાદ બોલાવ્યા દીક્ષા માટે તેમની અનુમતિની જરૂર હતી.

પૂ. સૌભાગ્યશ્રીજીએ મધુર વાણીથી શકરીબહેનના પતિને કહ્યું: 'ભાગ્યશાળી તમે શ્રાવક છો. જૈન ધર્મની રીતિ-નીતિથી વાકેફ છો. આ સુશ્રાવિકાને વૈરાગ્યનો ઘેરો રંગ લાગ્યો છે અને વિષયભોગ તરફ ઉદાસીનતા પ્રકટી છે. હવે તમે એને સંસારમાં જકડી રાખો એ ઠીક નથી. તમે ખુશીથી એને દીક્ષા લેવાની રજા આપો, તો એ પોતાનું કલ્યાણ સાધી શકે.'

અમૃત જેવી આ મધુર વાણી સાંભળીને નગીનદાસનું હૃદય પીગળી ગયું અને તેમણે 'વારુ' કહીને પોતાની સંમતિ આપી. પિયરપક્ષની સંમતિ તો પૂર્વે મળી જ ગઇ હતી, એટલે સં. ૧૯૬૨ ના માગશર સુદિ અગિયારસ (મૌન એકાદશી)ના દિને તેમને આનંદ અને ઉત્સાહનાં અપૂર્વ વાતાવરણ વચ્ચે ધામધૂમપૂર્વક દીક્ષા આપવામાં આવી અને પૂ. સૌભાગ્યશ્રીજી મહારાજના પંચમ શિષ્યા શ્રી ગુલાબશ્રીજી મહારાજના શિષ્યા ગુણશ્રીજી તરીકે ઘોષિત કરવામાં આવ્યા.

નામ પણ કેવું સૂચક! કેવું સાર્થક! આ વખતે તેમનામાં અનેક ગુણોની શ્રી-શોભા ખીલી ઉઠી હતી અને તે ભવિષ્યના ઉજ્જવલ જીવનની આગાહી આપતી હતી.

૭ **કપરી કસોટી**—જે આત્માઓ મહાન થવાને સર્જાયેલા છે, તેમને કપરી કસોટીમાંથી પસાર થવું પડે છે. એ કસોટીમાંથી તેઓ સારી રીતે પાર ઉતરે, તો જ આ જગતમાં તેમનો મહાન્ સ્વીકાર થાય છે. શ્રી મહાવીર પ્રભુની કેટલી આકરી કસોટી થઈ? ધર્મરુચિ અણગાર, ખંધક મુનિ, ગજસુકુમાલ મુનિ વગેરેને કેટલાં કષ્ટો સહન કરવાં પડ્યાં? દમયંતી, સીતા, સુભદ્રા વગેરે સતીઓના ચરિત્રો પણ એની સાક્ષી પૂરે છે.

કોઇ પણ સારું કામ હાથ ધર્યું કે તેમાં વિઘ્નો તો આવવાનાં જ. એ વખતે ડરી ગયા કે નાસીપાસ થયા તો કામ બગડવાનું ને અપયશનો ટોપલો માથે આવવાનો. 'ગમે તેટલાં વિઘ્નો આવે તો પણ આરંભેલું કાર્ય છોડી દેવું નહિ, એ મહાપુરુષોનો સિદ્ધાન્ત હોય છે અને તેજ એમની મહત્તા છે.

ગુણશ્રીજીની દીક્ષા બંને પક્ષની અનુમતિપૂર્વક થવા છતાં મોહવશ માનવોએ ખટપટ કરી અને તેમને કોર્ટમાં મેજીસ્ટ્રેટ સન્મુખ હાજર થઇ જવાબ આપવો પડે એવી સ્થિતિ નિર્માણ કરી પરંતુ ગુણશ્રીજી મ૦ સંસારનું સ્વરૂપ સમજી ચૂકયા હતા અને મોહવશ પ્રાણીઓની ચિત્ર-વિચિત્ર લીલાઓથી પરિચિત થઈ ચૂકયા હતા. તેથી આશ્ચર્ય કે ખેદ પામ્યા નહિ. તેઓ નિયત સમયે કોર્ટ સમક્ષ ઉપસ્થિત થયા અને સાધુજનોચિત ધીરતા-પ્રસન્નતા ધારણ કરીને ઊભા રહ્યા.

અધિકારીઓનાં મનમાં એમ ઠસાવવામાં આવ્યું હતું કે સત્તર વર્ષની એક કુમળી બાળા મોક્ષ, મહાવ્રતો કે યોગસાધનામાં શું સમજે? એને ખોટાં પ્રલોભનો આપીને દીક્ષાની જાળમાં ફસાવવામાં આવી છે. એટલે પ્રથમ તો અધિકારીવર્ગ તરફથી દીક્ષા, મહાવ્રતો, મોક્ષ વગેરે સંબંધી કેટલાક પ્રશ્નો પૂછવામાં આવ્યા. તેના ચરિત્રનાયિકાએ યથાર્થ ઉત્તરો આપ્યા. બાદ તેમને વિવિધ પ્રકારનાં પ્રલોભનો આપવામાં આવ્યાં, બધી જાતની સગવડો કરી આપવાનું જણાવ્યું અને શી મુશ્કેલીએ ચારિત્ર લેવું પડે છે? એ પ્રશ્ન પૂછાયો. ત્યારે આ નવદીક્ષિત સુકુમાર સાધ્વીએ જણાવ્યું કે 'જો સાંસારિક સુખો ભોગવવાની ઇચ્છા-આકાંક્ષા હોત તો દરેક જાતની સગવડ હતી, તેમાં કોઈ ખામી ન હતી, પણ સાંસારિક સુખો પૌદ્ગલિક છે, ક્ષણભંગુર છે, નિકૃષ્ટ છે; તુચ્છ અને સાર

વિનાના છે. આવા સુખો તો આ જીવે અનંત કાલ સુધી ભોગવ્યાં, તો પણ એને તૃપ્તિ થઇ નહિ, સંતોષ થયો નહિ, એટલે સાંસારિક સુખો એ વાસ્તવિક સુખ નથી, પણ સુખનો આભાસ છે, સુખનો ભ્રમ છે, સુખની એક કલ્પના માત્ર છે. આવાં ક્ષણભંગુર નકલી સુખોમાં રાચવાથી શું ? આત્માનું સુખ છે, તે જ સાચું સુખ છે; અને તે મેળવવાનો મેં નિર્ણય કર્યો છે. આવો નિર્ણય કરવાનો મને પૂરેપૂરો અધિકાર છે. ગમે તેવાં પ્રલોભનો કે ધાકધમકી મને આ પવિત્ર નિર્ણયમાંથી ડગાવી શકશે નહિ. મારું હિત હું પૂરેપૂરું સમજું છું અને એ હિત સાધવા માટે જ મેં આ પગલું ભર્યું છે.

આત્માનું સુખ સંયમના માર્ગે સંચર્યા વિના મળી શકે એમ નથી. આ સંયમનો માર્ગ પરમોપકારી અને સર્વદર્શી એવા તીર્થંકર ભગવંતોએ બતાવેલો છે અને આજ સુધીમાં લાખો-ક્રોડો આત્માઓએ એ માર્ગ પર ચાલીને સાચી શાંતિ પ્રાપ્ત કરી છે, સાચું સુખ મેળવ્યું છે, એટલે એ માર્ગ સિદ્ધ છે, અનુભૂત છે, યાવત્ મહામંગલમય અને કલ્યાણકારી છે. એ માર્ગે સંચરીને મને મારું કલ્યાણ સાધવા દો. ”

સુધાસ્ત્રોત સમી આ વાણી સાંભળીને અધિકારીઓ અવાક્ બની ગયા. ‘ ખરેખર ! આ તો મહાન્ આત્મા છે. તેની આગળ આપણે પામર પ્રાણીઓ કોણ માત્ર ! એવો વિચાર પણ તેમનાં હૃદયને સ્પર્શી ગયો. એક સાચા ત્યાગી-વૈરાગી આત્માને સાંસારિક પ્રલોભનો આપવામાં પોતે ભૂલ કરી છે, એવું ભાન પણ તેમને તે જ વખતે થઈ ગયું. હજી સાધ્વીજીએ પોતાનો જવાબ પૂરો કર્યો ન હતો, એટલે તેઓ એકાગ્ર ચિત્તે એ જવાબ સાંભળી રહ્યા.

‘ મહાનુભાવો ! તમે કદાચ એમ માનતા હશો કે સાંસારિક જીવન સરળ છે અને સાધુજીવન કઠિન છે. એ કઠિન જીવન મારાથી ગાળી શકાશે નહિ, તો હું તમને સ્પષ્ટ જણાવું છું કે સાંસારિક જીવન દેખીતું સરળ હોવા છતાં અનેક જાતની આધિ, વ્યાધિ અને ઉપાધિઓથી ભરેલું છે અને તેમાં પણ અનેક જાતની કઠિનાઇઓ ભોગવવી જ પડે છે. સાધુજીવન દેખીતું કઠિન હોવા છતાં સંતોષ અને આનંદથી ભરેલું છે અને થોડા અભ્યાસથી જ તે સહજ થઇ જાય છે. જે સુખ સાધુ-અવસ્થામાં છે, તે સાંસારિક અવસ્થામાં નથી, નથી અને નથી જ

વળી કઠિનાઇઓથી ડરી જવું અને પરિણામે અતિ સુંદર એવાં કાર્યને પડતું મૂકવું, એ કાયરનું કામ છે. વીર આત્માઓ તો કઠિનાઈઓ સામે ઉત્સાહથી ઝઝુમે છે અને તેને પાર કરીને જ સંતોષ માને છે એટલે સાધુજીવનની કઠિનાઇઓ હું હસતે મુખડે સહન કરીશ અને જે મનુષ્યભવ મને ઘણાં કષ્ટે, ઘણા કાલે પ્રાપ્ત થયો છે, તેને સાર્થક કરીશ. તમે મારા માર્ગને નિષ્કંટક બનાવો એમાં જ તમારી શોભા છે.

સત્યનો જય હો ! શ્રી જિનશાસનનો જય હો ! ’

અધિકારીઓનું શું ગજું કે આવાં એક સ્પષ્ટ નિર્ભય નિવેદનને પડકારી શકે ? આ

નિવેદન પુરું થતાં જ તેમણે પોતાનું મસ્તક ઝુકાવ્યું અને માનભેર વિદાય આપી. આ વખતે જે ભક્તિપરાયણ ભવ્ય આત્માઓ સાથે રહ્યા હતા, તેમનાં હૈયાં હસી ઊઠ્યાં અને 'આખરે સત્યનો જય થાય છે' એવા દૃઢ વિશ્વાસપૂર્વક તેઓ પોતાનાં સ્થાને પાછા ફર્યા.

૮ સંયમસાધના સંયમ કહો, ચારિત્ર કહો કે સાધુજીવન કહો, એ ત્રણે વસ્તુ એક જ છે. તેનો સ્વીકાર કર્યા પછી સાધકને ઘણું ઘણું કરવાનું હોય છે. કોઇ એમ સમજતું હોય કે સાધુ થયા એટલે કમાવાની માથાકૂટ મટી, વેરા અને વેઠમાંથી મુક્તિ મળી અને પેટ સુખેથી ભરી શકાશે. તો એવી સાધુતાને જિનશાસનમાં સ્થાન નથી.

જિનશાસન તો જે સ્વ-પર-હિતની સાધના કરે અથવા મોક્ષ કે નિર્વાણની પ્રાપ્તિ માટે એક સતત પુરુષાર્થ કરે તેને જ સાધુ કહે છે અને તેને માટે એક વિશિષ્ટ કોટિનો સાધનાક્રમ બતાવે છે. આ સાધનાક્રમ અનુસાર સાધકે સહુથી પહેલા સર્વ સાવદ્યક્રિયા એટલે પાપપ્રવૃત્તિઓને ત્યાગ કરવાનો હોય છે. જ્યાં સુધી પાપપ્રવૃત્તિઓનો ત્યાગ થાય નહિ, ત્યાં સુધી જીવનમાં પવિત્રતા પ્રકટે નહિ અને જ્યાં સુધી જીવનમાં પવિત્રતા પ્રકટે નહિ, ત્યાં સુધી સાધુપણું હજારો ગાઉ દૂર જ રહે. પવિત્રતા એજ સાધુપણું છે, સાધુપણું એ જ પવિત્રતા છે.

પવિત્રતાનું મુખ્ય લક્ષણ ત્યાગ છે. એ ત્યાગ અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનાં મહાવ્રતો ધારણ કરવાથી સિદ્ધ થાય છે. આમાંનું એક પણ વ્રત એછું હોય તો એ ત્યાગ પૂર્ણ બની શકતો નથી, યોગવિશારદોએ આત્માના સાક્ષાત્કાર માટે ધ્યાન-સિદ્ધિની આવશ્યકતા જણાવી છે અને તે માટે સહુથી પ્રથમ યમ-નિયમો પર ભાર મૂકયો છે. આ યમ-નિયમોનું સર્વ સત્ત્વ પાંચ મહાવ્રતોમાં આવી જાય છે.

અહિંસા મહાવ્રતને ધારણ કરનાર સાધુ-સાધ્વી સૂક્ષ્મ કે સ્થૂલ પ્રાણીની હિંસા કરતા નથી. વળી પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિમાં પણ જીવ હોવાથી તેઓ પૃથ્વીને ખોદતા નથી, ઠંડા પાણીનો ઉપયોગ કરતા નથી, અગ્નિ પ્રકટાવતા નથી, વીંઝણા કે ઇલેક્ટ્રીક ફેનનો ઉપયોગ કરતા નથી તેમજ ફળ-ફૂલ કે પત્ર ચૂંટતા નથી કે તેનો સ્પર્શ પણ કરતા નથી. અસિધારા જેવાં આ મહાવ્રતનું પાલન કરતાં તેમનાં હૃદયમાંથી દયા-કરુણા-અનુકંપાનો સ્તોત્ર વહે છે અને તેઓ જગતના સર્વ પ્રાણીઓને આત્મતુલ્ય સમજી તેમનું હિત કેમ થાય? તેવી ભાવના નિરંતર ભાવે છે.

સત્ય મહાવ્રતને ધારણ કરનાર સાધુ-સાધ્વી ક્રોધથી, લોભથી કે હાસ્યથી અસત્ય બોલતા નથી. જે વચન પ્રિય એટલે મધુર, પથ્ય એટલે હિતકારી અને તથ્ય એટલે સાચી હકીકતવાળું હોય, તેમજ પાપની પ્રેરણા ન કરે તેવું હોય, તે જ બોલવાનો ઉપયોગ રાખે છે.

અચૌર્ય મહાવ્રતને ધારણ કરનાર સાધુ-સાધ્વી સચિત્ત કે અચિત્ત, નાની કે મોટી, બહુ પ્રમાણવાળી કે અલ્પ પ્રમાણવાળી કોઇ પણ વસ્તુ ગામમાં, નગરમાં કે અરણ્યમાં

તેના માલિકે આપ્યા વિના ગ્રહણ કરતા નથી. દાંત ખોતરવાની સળી જોઇએ તો પણ તેઓ યાચીને જ લે છે.

બ્રહ્મચર્ય મહાવ્રતને ધારણ કરનાર સાધુ-સાધ્વી અખંડ બ્રહ્મચર્ય પાળે છે એને શૃંગારવર્ધક કોઈ પણ શરીરશોભા કરતા નથી. સાધુઓ કોઇ પણ કારણે સ્ત્રીનો સ્પર્શ કરતા નથી, પછી તે નાની બાળકી હોય કે સો વર્ષની નાક-કાન કાપેલી વૃદ્ધા હોય. તેજ રીતે સાધ્વીઓ કોઇ કારણે પુરુષોનો સ્પર્શ કરતી નથી, પછી તે નાનો બાળક હોય કે ઘણો વૃદ્ધ હોય. સાધુની વસ્તીમાં સાયંકાલ પછી અને સૂર્યોદય થતાં સુધીમાં સ્ત્રીઓને જવાની મનાઇ હોય છે અને સાધ્વીની વસ્તીમાં તે સમયે પુરુષોને જવાની મનાઇ હોય છે. આ ઉપરાંત બ્રહ્મચર્યની રક્ષા માટે બીજા પણ નાના-મોટા કેટલાક નિયમો પાળવામાં આવે છે.

જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે 'બ્રહ્મચર્ય એ ધર્મરૂપી પદ્મસરોવરની પાળ છે, ગુણરૂપી મહારથની ધોંસરી છે, વ્રતનિયમોરૂપી ધર્મવૃક્ષનું થડ છે અને શીલરૂપી મહાનગરના દરવાજાની ભોગળ છે.

બ્રહ્મચર્યધર્મ ધ્રુવ છે નિત્ય છે, શાશ્વત છે અને જિનોપદિષ્ટ છે. એનાં પાલનથી પૂર્વ-કાળમાં અનંત જીવો સિદ્ધ થઇ ગયા, વર્તમાનમાં થાય છે અને ભવિષ્યમાં થશે.'

અપરિગ્રહ મહાવ્રતને ધારણ કરનાર સાધુ-સાધ્વીઓ ધન, ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ (ઘર-હાટ વગેરે), રૂપું, સોનું, બીજી ધાતુઓ (કે રાચરચીલું), દ્વિપદ (મનુષ્યો-દાસદાસી) કે ચતુષ્પદ (ચોપગાં પ્રાણી)નો સંગ્રહ રાખતા નથી કે તેના પર માલિકીહક ધરાવતા નથી. તેઓ સંયમના નિર્વાહ પૂરતાં વસ્ત્ર, પાત્ર આદિ જે થોડાં સાધનો રાખવા પડે, તે રાખે છે.

આ સાધનામાં પાંચ મહાવ્રતો ઉપરાંત છઠ્ઠા રાત્રિભોજન-વિરમણ-વ્રતને ધારણ કરવાનું હોય છે અને તેનું યાવજ્જીવ પાલન કરવાનું હોય છે.

આ વ્રતોમાં કોઈ દૂષણ ન લાગી જાય તે માટે સતત કાળજી રાખવાની હોય છે અને કદી પ્રમાદવશાત્ દૂષણ લાગી જાય તો તે અંગે હૃદયનો ખરો પશ્ચાત્તાપ કરી ગુરુને તેનું નિવેદન કરી અને તે અંગે યોગ્ય પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરી શુદ્ધ થવાનું હોય છે. સવાર અને સાંજનું પ્રતિક્રમણ તેમને આ માટે સુંદર તક પૂરી પાડે છે.

વળી પવિત્રતાની વૃદ્ધિ અર્થે આ સાધકોએ અષ્ટપ્રવચનમાતા એટલે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન કરવાનું હોય છે, તેમજ ક્ષમાદિ દશવિધ યતિધર્મમાં ઉદ્યમવંત થવાનું હોય છે.

જેમ જેમ આ સાધના આગળ વધતી જાય છે, તેમ તેમ સાધકનો આત્મા પવિત્ર થતો જાય છે અને છેવટે તે પૂર્ણ પવિત્ર બને છે.

આ સાધનામાં જે કંઇ ધાર્મિક અનુષ્ઠાનો કરવાનાં હોય છે, તે ગુરુની નિશ્રામાં ગુરુની આજ્ઞાપૂર્વક કરવાનાં હોય છે, એટલે યોગ્ય ગુરુની પ્રાપ્તિ આવશ્યક છે. ગુણશ્રીજીનું એ

મહા સદ્‌ભાગ્ય હતું કે તેમને પ્રવર્તિની સાધ્વી શ્રી સૌભાગ્યશ્રીજીના પંચમ શિષ્યા પૂ. સાધ્વી શ્રી ગુલાબશ્રીજી મહારાજ જેવા એક શાંત, દાંત અને પરમ પ્રાભાવિક ગુરુણીજીનો સુયોગ પ્રાપ્ત થયો હતો. અહીં એ પણ નિર્દેશ કરવો જોઇએ કે સૌભાગ્યશ્રીજીનો સમુદાય એક સુવિહિત સમુદાયની ખ્યાતિ પામેલો હતો અને તે શાસનસમ્રાટ્ સૂરિચક્રચક્રવર્તિ આચાર્ય શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજનો આજ્ઞાનુવર્તી હતો.

સૂકાની કાબેલ હોય તો વહાણ સાચી દિશામાં સડસડાટ ચલે છે અને ઇચ્છિત બંદરે પહોંચી જાય છે, તેમ સાધકને સદ્‌ગુરુનું સાનિધ્ય પ્રાપ્ત થાય તો તેની સંયમસાધના ઝપાટાબંધ આગળ વધે છે અને તે અભીષ્ટને શીઘ્ર પ્રાપ્ત કરે છે.

ગુણશ્રીજીએ સંયમસાધના માટે ભવ્ય પુરુષાર્થ આદર્યો અને તેઓ દિનપ્રતિદિન તેમાં આગળ વધવા લાગ્યા.

૯ જ્ઞાનોપાસના—સંયમસાધના જ્ઞાનથી ઉજ્જ્વલ બને છે, એટલે સાધકનાં જીવનમાં જ્ઞાનોપાસના પણ અવશ્ય હોવી જોઇએ. **'नाणकिरियाहिं मोक्खो'** એ જૈનધર્મનું પ્રસિદ્ધ સૂત્ર છે. તેનો અર્થ એ છે કે 'સાધક જ્ઞાન અને ક્રિયાવડે મોક્ષ પામી શકે છે.' જ્ઞાન ન હોય તો જીવ શું ? અજીવ શું ? એની ખબર શી રીતે પડે ? અને દયાનું પાલન શી રીતે થાય ? એ જ રીતે જ્ઞાનના અભાવે પુણ્ય-પાપ, આસ્રવ-બંધ કે સંવર-નિર્જરાની પણ ખબર પડે નહિ, એથી ક્રિયા યોગ્ય સ્વરૂપે થાય નહિ અને મોક્ષપ્રાપ્તિ દૂર રહે. સ્વર્ગનાં સુખો એ કંઈ સાધુજીવનનું ધ્યેય નથી, એનું ધ્યેય તો મોક્ષની પ્રાપ્તિ જ છે અને તે દિશામાં માર્ગ કપાય તો જ સાધુજીવન સફળ થયું ગણાય.

ગુણશ્રીજીએ ગૃહસ્થાશ્રમમાં તો માત્ર બે જ ગુજરાતી ચોપડીનો અભ્યાસ કરેલો, પણ જ્ઞાન પ્રત્યે રુચિ હોવાથી તેમજ સાધુ-સાધ્વીઓનાં વ્યાખ્યાનો સારી રીતે સાંભળેલાં હોવાથી તેમનો ધાર્મિક બોધ ઠીક ઠીક વૃદ્ધિ પામ્યો હતો અને તેથી જ તેઓ કોર્ટના અધિકારીઓને સુંદર જવાબ આપી શકયા હતાં.

સંયમનો સ્વીકાર કર્યા પછી તેમણે જ્ઞાનાર્જન માટે કમર કસી અને ગુરુકૃપાએ તેઓ તેમાં સફળ થયાં. તેઓ પ્રકરણ, ભાષ્ય, કર્મગ્રંથ, સંગ્રહણી, ક્ષેત્રસમાસ આદિ અર્થસહિત શીખી ગયા. બાદ સંસ્કૃત વ્યાકરણ, કર્મપ્રકૃતિ અને આચારાંગાદિ સૂત્રોનું પણ સારી રીતે અધ્યયન કર્યું અને જૈન સિદ્ધાંતોમાં નિપુણ થયા.

જ્ઞાન એ આત્માનો સ્વભાવ છે. એટલે તે આત્મામાંથી જ પ્રકટે છે, બહારથી આવતું નથી, પણ તે પ્રકટ થવા માટે નિમિત્ત જોઇએ. ગુરુ, શાસ્ત્ર, સત્સંગ એ તેનાં નિમિત્તો છે. એ ત્રણે વસ્તુ તેમને પ્રાપ્ત થઇ હતી અને તેમનો આત્મા જ્ઞાનથી ઝળહળી ઉઠ્યો.

તેઓ જે સૂત્રસિદ્ધાંત શીખતા, તેમાં તેમની તલ્લીનતા ખૂબ જ રહેતી. મનથી તેનું રટણ કર્યા જ કરતા. આ તલ્લીનતા કોઇ વાર એટલી હદે વધી જતી કે પોતાની આસપાસ

શું બની રહ્યું છે, તેનો ખ્યાલ રહેતો નહિ. એક વાર દાદા ગુરુણી સ્થંડિલે ગયા. તે વખતે એક સુવિનીત શ્રાવિકાને આજ્ઞા કરતા ગયા કે તમે ધીમે પગલે ઉપાશ્રયમાં જજો અને ગુણશ્રીજીની નજીકમાંથી કોઇ વસ્તુ ઉઠાવી લેજો. પછી આવ્યા તેમ પાછા ચાલ્યા જજો. સુશ્રાવિકાએ તેમ કર્યું, પણ ગુણશ્રીજી તો એમના અભ્યાસમાં તલ્લીન હતા કે તેમને એ વાતની ખબર પડી નહિ. દાદા ગુરુણી સ્થંડિલેથી પાછા ફર્યા અને પુછયું કે, 'અહીં કોઇ આવ્યું હતું ?' ગુણશ્રીજીએ કહ્યું: 'મને એનો ખ્યાલ નથી. હું તો મારા અભ્યાસમાં મગ્ન હતી.' જ્યારે આવી તલ્લીનતા, આવી એકાગ્રતા જાગે ત્યારે જ અજ્ઞાનના પડદા ઉચકાય અને જ્ઞાનમાર્તંડ અતિ તેજથી પ્રકાશવા લાગે.

કેટલીક વાર તેઓ શાસ્ત્રનાં ચિંતન–મનનમાં એટલા ઉંડા ઉતરી જતા કે હમણાં શું આવ્યું? તે પણ કહી શકતા નહિ. આ પરીક્ષા અનેકવાર થયેલી.

ઘણા આત્માઓને જ્ઞાનની સાથે અભિમાન આવે છે, મદ ચડે છે અને તેઓ બીજાને પોતાનાથી તુચ્છ સમજે છે. પણ ગુણશ્રી એ બાબતમાં અપવાદરૂપ હતા. તેમનો જ્ઞાનરાશિ પ્રતિદિન વૃદ્ધિ પામવા છતાં તેમણે કદી અભિમાન કર્યું નથી કે બીજાને તરછોડયા નથી. તેઓ સદા નમ્રતાની મૂર્તિ રહ્યા છે અને બીજા સાધકો માટે દૃષ્ટાંત રૂપ બન્યા છે.

૧૦ ગુરુસેવા—સર્વ સુવિહિત આચારોનું મૂળ વિનય છે અને તેવો વિનય ગુરુની વિવિધ પ્રકારે સેવાભક્તિ કરવાથી થાય છે, એટલે આત્મકલ્યાણના અભિલાષીએ ગુરુની સેવાભક્તિ અનન્ય મને કરવી જોઇએ. ગુરુની કૃપા થાય તો જ જ્ઞાન અને ધ્યાનમાં પ્રગતિ સાધી શકાય છે અને સાધુપણું સફળ થાય છે. અન્યથા સ્થિતિ શોચનીય બને છે.

શાસ્ત્રવચને એવાં છે કે 'જે શિષ્ય સદ્‌ગુરુની આજ્ઞામાં રહે છે, જે ધર્મનું રહસ્ય સમજ્યો છે તથા જે વિનયની બાબતમાં કુશળ છે, તે આ દુસ્તર સંસારપ્રવાહને તરી જાય છે તથા કર્મોનો ક્ષય કરી સિદ્ધિરૂપી ઉત્તમ ગતિને પામે છે.'

ગુણશ્રીજી સંસારી અવસ્થામાં હતા, ત્યારે પણ તેમનામાં સેવાવૃત્તિ તો હતી જ, પણ સંયમનો સ્વીકાર કર્યા પછી એ વૃત્તિનો વિશિષ્ટ વિકાસ થયો અને તેમણે સહુનો પ્રેમ સંપાદન કરી લીધો. વૃદ્ધ, ગ્લાન, શૈક્ષ્ય સર્વ કોઇની તેઓ અનન્ય મને સેવા કરતા અને તેમાં આનંદ માનતા. જ્યાં સેવાવૃત્તિ આટલી હદે ખીલી હોય ત્યાં ગુરુસેવાનું તો કહેવું જ શું? ભ્રમર જેમ પુષ્પનો પરાગ ચૂસવામાં લીન બની જાય છે તેમ તેઓ ગુરુણીની ચરણસેવા કરવામાં લીન બની જતા અને તેમનો બોલ કોઇ દિવસ ઉત્થાપતા નહિ. સુવિનીત શિષ્યોને માટે તો સદ્‌ગુરુનાં ચરણ એ જ સ્વર્ગ છે અને એ જ મોક્ષ છે, એમ કહીએ તો પણ અતિશયોક્તિ નથી.

એક સમયની વાત છે કે જ્યારે તેઓ ખંભાતમાં બિરાજતા હતા અને ગુરુસેવાનો અપૂર્વ આનંદ માણી રહ્યાં હતાં. પરંતુ અહીં પંડિતનો જોગ નહોતો, એટલે જ્ઞાનાર્જનમાં ખામી આવી રહી હતી, પરંતુ જ્ઞાનાર્જન કરતાં યે ગુરુસેવાને વધારે મહત્ત્વ આપનાર

ચારિત્રનાયિકાને એ વાતનું દુઃખ ન હતું. આ બાજુ ગુરુણી પણ તેમના શાસ્ત્રાભ્યાસની ખૂબ કાળજી રાખતા હતા, અને તેમનો સમય નિરર્થક ન જાય તે જોતા હતા. આ વખત પૂ. ચંપાશ્રીજી એટલે સૌભાગ્યશ્રીજીના આદ્યશિષ્યા પેટલાદમાં ચાતુર્માસ કરવાના હતા, ત્યાં પંડિતનો જોગ બહુ સારો હતો, એટલે તેમણે ગુણશ્રીજીને ત્યાં જવાની આજ્ઞા કરી. કદી ગુરુણીનો સંગ નહિ છોડનારને માટે આ સ્થિતિ અસહ્ય હતી, દિલ માનતું ન હતું, પણ આજ્ઞા થઈ કે શિરસાવંદ્ય કરવી જ જોઈએ, એમ માનીને તેઓ પેટલાદ ગયા અને ત્યાં પંડિતજી પાસે શાસ્ત્રાભ્યાસ કરવા લાગ્યા.

સં. ૧૯૯૫ ની સાલમાં તેઓ દાદાગુરુણી સાથે પાલીતાણામાં ચાતુર્માસ ગાળતા હતા. આ વખતે કર્માધીન દાદા ગુરુણીની તબિયત બગડી, ત્યારે તેમણે સેવા કરવામાં પાછું વાળીને જોયું નહિ. સદા તેમની સમીપે જ રહેતા અને તેમને શાતા કેમ ઉપજે? તેનો જ વિચાર કર્યા કરતા. તેમની આ અનન્ય સેવાવૃત્તિએ દાદા ગુરુણીનું દિલ જિતી લીધું. તેમનાં નિર્મળ સ્નેહની વર્ષા ચરિત્રનાયિકાનાં મસ્તકને અભિષિક્ત કરવા લાગી. પોતાની પાછળ સાધ્વીસમુદાયનો ભાર તેમને સોંપ્યો.

દાદા ગુરુણીની તબિયત વધારે બગડી અને તેમાં સુધારો ન જ થયો, આખરે તેઓ પાલીતાણામાં સં. ૧૯૯૬ ના માગશર સુદિ ૯ ને રોજ કાલધર્મ પામ્યા, તે વખતે આપણા આ ચરિત્રનાયિકાને તો કોઈ મહાન આધાર તૂટી પડયો હોય કે માથે વીજળી પડી હોય એવો આઘાત થયો અને તેઓ સૂનમૂન બની ગયાં. પણ જૈનત્વ તેમનાં દિલમાં વસ્યું હતું, સાધુધર્મને તેઓ સારી રીતે જાણી ચૂકયા હતા, એટલે મનને શાંત કર્યું અને પૂ. ચંપાશ્રીજીની આજ્ઞા શિરોમાન્ય કરી ગુરુણીજીના વિશાલ સાધ્વીસમુદાયને સારી રીતે સાચવવા લાગ્યા. પોતાના આત્માનું ગમે તે થાય, પણ તેઓ કોઇને સ્વર્ગસ્થ ગુરુણીજીની ખોટ સાલવા દેતા ન હતા. સહુને સારણા-વારણાદિ વડે સંયમમાર્ગમાં સારી રીતે પ્રવર્તાવતા હતા.

ત્યાંથી તેઓ પોતાના વડીલ ગુરુમાસી પૂ. ચંપાશ્રીજી મ. આદિ સમુદાય સાથે ખંભાત આવ્યા અને ત્યાં તેમણે ગુરુણીજીના કાલધર્મ નિમિત્તે પ. પૂ. આચાર્યદેવશ્રી વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં શાન્તિસ્નાત્રસહ અષ્ટાહ્નિકા મહોત્સવ કરાવ્યો.

૧૧ તીર્થયાત્રા-શાસ્ત્રકારોએ મનુષ્યજન્મનાં આઠ મોટાં ફળો બતાવેલાં છેઃ પૂજ્યોની પૂજા, દયા, દાન, તીર્થયાત્રા, જપ, તપ, શ્રુતાભ્યાસ અને પરોપકાર, એટલે તીર્થયાત્રા એ મનુષ્યજન્મનું મોટું ફળ છે, તેના વડે મનુષ્ય તન-મનને પવિત્ર કરી શકે છે અને ઉચ્ચ ભાવનાઓ પામી કર્મ ખપાવવાને સમર્થ થાય છે.

તીર્થો બે પ્રકારનાં છેઃ એક જંગમ અને બીજા સ્થાવર. તેમાં ચરિત્રનાયિકાને જંગમ તીર્થનો લાભ તો ભાગવતી દીક્ષાનો સ્વીકાર કર્યો, ત્યારથી જ મળ્યો હતો અને સ્થાવર તીર્થનો લાભ પણ પ્રબળ પુણ્યોદયે કુંક સમયમાં જ મળ્યો હતો. કહેવાય છે કે—

नमस्कारसमो मन्त्रः, शत्रुञ्जयसमो गिरिः । वीतरागसमो देवो, न भूतो न भविष्यति॥

'નમસ્કાર જેવો મંત્ર, શત્રુંજય જેવો ગિરિ અને વીતરાગ જેવો દેવ, ભૂતકાળમાં હતો નહિ અને ભવિષ્યમાં થશે નહિ.' તાત્પર્ય કે આ ત્રણે વસ્તુઓ અપૂર્વ છે.

પ્રથમ ચાતુર્માસ આ અપૂર્વ તીર્થની છાયામાં પૂ. ગુરુણી સાથે થયું અને રોમે રોમમાં હર્ષ વ્યાપી ગયો. તત્રસ્થ યુગાદિદેવને ભેટતાં હૃદયકમલ વિકસ્વર થયું અને તેમાંથી ભાવનાનો ભવ્ય પ્રવાહ સરકી પડયો.

ચાતુર્માસ બાદ ગુરુણીની ઇચ્છા સમેતશિખરજીની યાત્રાએ જવાની થતાં તેઓ સાધ્વી-સમુદાય સાથે એ તરફ પધાર્યા. એ સમયે સંયમીજીવનમાં સમેતશિખરજીની યાત્રા ઘણી કષ્ટમય લેખાતી. લાંબા વિહારો, જૈન વસ્તીનો અભાવ અને ગોચરીપાણી મળવાની મુશ્કેલી આમ છતાં ગુરુણીજીએ તીર્થયાત્રાની પ્રબળ ભાવનાથી પ્રેરાઈ એ સાહસ ખેડયું અને પોતાનાં સંયમીજીવનને કસોટીએ ચડાવ્યું. ગુણગરિષ્ઠ ગુણશ્રીજી મહારાજ પણ આ સાહસભરી તીર્થયાત્રામાં સામેલ હતાં. બીજું ચાતુર્માસ લશ્કરમાં ગ્વાલીયર કર્યું.

ચાતુર્માસ બાદ આ યાત્રા ચતુર્વિધ સંઘ સાથે કરવાનો નિર્ણય કર્યો. તેમાં ખંભાતના ૧૦૦ માણસો, ગાડાં વગેરેનું સાધન લઈ નાનકડા સંઘ સાથે યાત્રા કરતાં ત્યાં આવી પહોંચ્યા. સાથે કેટલાક સાધુઓ પણ હતા. પ્રબલ પુણ્યોદયે જીવનમાં પ્રથમ વાર શિખરજીની યાત્રા ઘણા ઉત્સાહ સાથે કરી અને જીવનને ધન્ય બનાવ્યું. ત્યાંથી વળતાં રાજગૃહીની યાત્રા કરી કે જ્યાં શ્રી મહાવીર પ્રભુએ અનેક ચાતુર્માસો કર્યા હતાં અને જ્યાં મહારાજા શ્રેણિક, અભયકુમાર, ધન્ય-શાલિભદ્ર આદિ અનેક મહાનુભાવોની યશગાથા આલેખાઇ હતી. ત્યાંથી અન્ય તીર્થોની યાત્રા કરતાં બાલુચર પધાર્યા અને શ્રીસંઘની આગ્રહભરી વિનંતિથી ત્રીજું ચાતુર્માસ ત્યાંજ વ્યતીત કર્યું.

બંગાલ જેવા પ્રદેશમાં સાધ્વીજીનો સંયોગ પ્રથમ વાર જ પ્રાપ્ત થયેલો હોવાથી સંઘ પોતાને કૃતકૃત્ય માનતો, સાધ્વી સમુદાય પણ તપ-ત્યાગમાં મસ્ત રહી તથા તેને યોગ્ય ઉપદેશ કરી તેની ભાવનામાં વૃદ્ધિ કરતો. પાસે આજીમગંજ હતું. ત્યાંનો સંઘ પણ ઘણો ભાવિક હતો. તેણે આગ્રહભરી વિનંતિ કરતાં, લાભનું કારણ જાણી, ચોથું ચાતુર્માસ ત્યાં કર્યું.

આ ચાતુર્માસ વ્યતીત થયે બાબાસાહેબ આદિ અગ્રેસરોના સંઘ સાથે શિખરજીની યાત્રા કરી અને આધ્યાત્મિક આનંદ લુંટાય તેટલો લુંટયો. ત્યાંથી ગ્રામાનુગ્રામ વિહાર કરતાં કાનપુર પધાર્યા. ત્યાંથી વિહાર કરી ખંભાત આવતાં રસ્તામાં જે ઘટના બની; તે ગુરુભક્તિના ઇતિહાસમાં અમર રહેશે.

ચરિત્રનાયિકાના ગુરુણી ગુલાબશ્રીજી મહારાજ અતિ સુકોમળ છતાં ચારિત્રની આરાધનામાં ખૂબ આગળ વધી રહ્યાં હતાં. તેમનું સ્વાસ્થ્ય એકાએક લથડયું અને તેઓ વિહાર કરવાને અશક્ત બની ગયા. ત્યાં ડોળીનું સાધન હતું નહિ, તેથી વિહારમાં આગળ કેમ

વધવું ? એ પ્રશ્ન ઉઠ્યો. ત્યારે ગુણશ્રીજી મહારાજે કહ્યું: 'એમ વિચાર શું કરવાનો છે ? આપણે તેમને ખાંધે ઉપાડીને લઇ જઈશું. ગુરુણીની સેવા કરવાનો આવો અવસર કયારે મળવાનો છે ?' અને તેમણે ગ્લાન ગુરુણીને ખાંધે બેસાડીને વિહાર આગળ લંબાવ્યો. અન્ય સાધ્વીઓએ તેમનું અનુસરણ કર્યું અને એ રીતે ખંભાત પધાર્યા.

શ્રવણકુમારે પોતાના વૃદ્ધ માતાપિતાને કાવડમાં બેસાડી તીર્થયાત્રા કરાવી તેને એક અદ્‌ભુત પ્રસંગ લેખવામાં આવે છે, તો ગુણશ્રીજી મહારાજે પોતાના ગ્લાન ગુરુણીને ખભે બેસાડીને વિહાર કરાવ્યો, તેને કેવો પ્રસંગ લેખીશું ? અમે તેને અસાધારણ લેખીએ છીએ, કારણ કે સેંકડો વર્ષમાં આવું કયારેક જ બને છે. આ ઘટના સં. ૧૯૬૬ માં બની હતી.

ત્યાર બાદ સ્વ-પરનો ઉપકાર કરતાં ઘણા દેશવિદેશ વિચરી અનેક ભવ્યાત્માઓનો ઉદ્ધાર કરતાં સં. ૧૯૯૪ માં અમદાવાદ પધાર્યા અને ચાતુર્માસ ત્યાં જ કર્યું.

આ ચાતુર્માસ પૂર્ણ થયે મારવાડ-મેવાડની યાત્રા કરી અને આબૂજીને જુહારી પુનઃ અમદાવાદ આવ્યા. ત્યાંથી શ્રી સિદ્ધગિરિ તરફ પ્રયાણ કર્યું કે જેનો વૃત્તાંત અમે ઉપર આપી ગયા છીએ.

૧૨-લોકોપકાર મહાપુરુષો-મહાસતીઓ લોકો પર ઉપકારની વર્ષા કરે છે અને તેમનાં જીવનને ઉન્નત બનાવે છે. કોઇનું બને તેટલું ભલું કરવું અને તેને સાચો માર્ગ દર્શાવવો, એ તેમનાં જીવનનું ધ્યેય હોય છે. આ રીતે ગુણશ્રીજી જ્યાં જ્યાં વિચરતાં ત્યાં ત્યાં ઉપકારની વર્ષા કરતા. તેમનાં ચાતુર્માસોમાં યશસ્વી કાર્યો થયેલાં છે.

દાદા ગુરુણીજીની હાજરી દરમિયાન તેમની આજ્ઞાને શિરોધાર્ય કરીને તેમણે ગુજરાતના પંચમહાલ જીલ્લામાં આવેલાં ગોધરા-વેજલપુરમાં ચાતુર્માસ કર્યું હતું અને ત્યાં ઉપધાન વગેરે શાસનપ્રભાવક સુંદર કાર્યો થયાં હતાં. આ ભૂમિમાં વાસ્તવિક ધર્મનું બીજ તેમણે જ રોપ્યું, એમ કહીએ તો પણ અતિશયોક્તિ નથી. ગમે તે કારણે આ પ્રદેશના લોકો નિશ્ચયનયને જ વળગી રહેનારા બની ગયા હતા અને તેથી ક્રિયામાર્ગમાં સાવ ઉદાસીન બની ગયા હતા. દીર્ઘ સમય વ્યતીત થવા છતાં તેમનું આ ભૂલભરેલું માનસિક વલણ કોઇએ સુધાર્યું ન હતું. અહીં સાધુ-સાધ્વીઓના વિહારનો લગભગ અભાવ થઇ ગયો હતો, ત્યાં એ વલણ સુધારે કોણ ? પરંતુ ત્યાં ચરિત્રનાયિકાનાં પાવન પગલાં થયાં અને તેમણે નિશ્ચય તથા વ્યવહાર એ બંને નય પર સમાન ભાર મૂકતાં શ્રાવક-શ્રાવિકાઓની આંખો ઉઘડી ગઇ. તેઓ સ્યાદ્વાદ કે અનેકાન્તશૈલિનું સાચું રહસ્ય સમજ્યા અને ક્રિયામાર્ગની જરૂર સ્વીકારી તેમાં પ્રવૃત્ત થયા. ગુણશ્રીજીની ગુણગરિમાએ તેને અજબ રંગ ચડાવી દીધો અને તેમાંના કેટલાક તો ચારિત્રના પરિણામવાળા પણ બની ગયાં.

આ રીતે ગુણશ્રીજી મહારાજે પોતાના લગભગ ચાલીશ વર્ષના દીર્ઘ દીક્ષાપર્યાયમાં ઘણો લોકોપકાર કરેલો છે અને સાધ્વીસમુદાયમાં રહેલા ખમીરનો પરિચય આપ્યો છે.

જિનશાસનનાં બંધારણની દૃષ્ટિએ સાધુનું સ્થાન સાધ્વીઓ કરતાં ચડિયાતું છે, પણ તેનો અર્થ એ નથી કે સાધ્વીઓમાં ધર્મને સમજવાની, પચાવવાની કે પ્રચારવાની શક્તિ જરા પણ ઓછી છે. શ્રી હરિભદ્ર જેવા એક ધુરંધર વિદ્વાન્ જૈન સાધ્વી-શ્રી યાકિનીમહત્તરાથી જ પ્રતિબોધ પામ્યા હતા. બીજી પણ અનેક મહત્તરાઓએ-સાધ્વીઓએ ધાર્મિક ક્ષેત્રમાં અદ્‌ભુત કામગીરી બજાવી છે.

૧૩ ચાતુર્માસાદિ—હવે અમે ગુણશ્રીજી મહારાજે સંયમી જીવન દરમિયાન કરેલાં ૩૯ ચાતુર્માસોની યાદી, તેનાં કાર્યોની ટુંક નોંધ સાથે રજૂ કરીશું, જેથી પાઠકોને તેમનાં જીવનનો કાલક્રમાનુસારી ખ્યાલ આવી જશે.

સં. ૧૯૬૨ નું પ્રથમ ચાતુર્માસ પાલીતાણામાં, ૬૩નું ચાતુર્માસ ગ્વાલિયર લશ્કરમાં, ૬૪નું ચાતુર્માસ બાલુચરમાં અને ૬૫નું ચાતુર્માસ આજીમગંજમાં થયું, તેનો ઉલ્લેખ ઉપર કરી ગયા છીએ.

સં. ૧૯૬૬, ૬૭ અને ૬૮ નાં ચાતુર્માસો અનુક્રમે પેટલાદ, પાલીતાણા અને ખંભાતમાં થયાં. તેમાં સ્વાધ્યાયાદિ પ્રવૃત્તિ સારી રહી અને લોકોપકાર પણ સારો થયો. સં. ૬૯-૭૦ નાં બે ચાતુર્માસો ચેવલા (ખાનદેશ)માં થયાં, જે ઘણું આનંદકારી નીવડ્યાં. સં. ૭૧ નું ચાતુર્માસ પુનઃ ખંભાતમાં થયું. ખંભાત એ જન્મભૂમિ, એટલે ત્યાંના શ્રાવક-શ્રાવિકાવર્ગને વિશેષ ભાવ હોય એ સ્વાભાવિક છે.

સં. ૭૨ નાં ચાતુર્માસનો લાભ રળિયામણું રાજનગરને મળ્યો, ૭૩ નું ચાતુર્માસ સિદ્ધગિરિની પવિત્ર છાયામાં વ્યતીત થયું અને ૭૪ નાં ચાતુર્માસનો લાભ લેવા બોટાદ (સૌરાષ્ટ્ર) ભાગ્યશાળી નીવડ્યું. સાધુ-સાધ્વીનાં ચાતુર્માસનો લાભ તેને જ મળે છે કે જેને પુણ્યપ્રકર્ષ અધિક હોય છે.

સં. ૭૫ નું ચાતુર્માસ રાજનગર-અમદાવાદમાં કરી તેઓ સૌરાષ્ટ્રની ભૂમિમાં વિચર્યા. સં. ૭૬ નું ચાતુર્માસ લીંબડીમાં, ૭૭ નું ચાતુર્માસ માંગરોળમાં અને ૭૮ નું ચાતુર્માસ રાણપુરમાં કર્યું. આ બધા ચાતુર્માસોમાં સ્વાધ્યાયાદિ પ્રવૃત્તિ સારા પ્રમાણમાં ચાલુ હતી.

સં. ૭૯ ની સાલમાં તેઓ ચાતુર્માસાર્થ ખંભાતમાં બિરાજમાન હતા, ત્યારે નાની ઉંમરમાં પતિનું સુખ ગુમાવી ચૂકેલ સરલ સેવાભાવી ચંચળ બહેન નામના એક મહિલા તેમના ગાઢ સમાગમમાં આવ્યા અને સંસારથી ઉદ્વેગ પામ્યા. તેમણે પ્રવ્રજ્યા અંગીકાર કરી અને જયંતશ્રીજી નામથી ચરિત્રનાયિકાના પ્રથમ શિષ્યા થયા. તેઓ અલ્પ આયુષ્ય ભોગવીને કાલધર્મ પામ્યા.

સં. ૮૦ અમદાવાદ, ૮૧ ખંભાત અને ૮૨ માં બોટાદમાં ચાતુર્માસ કરી પાટણનિવાસી સંઘવી નગીનદાસ કરમચંદે કાઢેલ કચ્છ-ગીરનારના સંઘમાં જોડાયાં અને ભદ્રેશ્વર આદિ તીર્થોની યાત્રા કરી. ત્યાંથી ખંભાત આવી ૮૩ ની સાલમાં પોતાની સંસારીપણાની ભાણેજ

કે જેનું શુભ નામ નાની બહેન હતું, તેમને સુધાસમાન મધુર વાણીથી વૈરાગ્યભીનાં કર્યાં અને ધામધૂમપૂર્વક દીક્ષા આપી. તેઓ **નંદનશ્રીજી** નામે તેમના બીજા શિષ્યા તરીકે ઘોષિત થયા. અહીં થોડા વખત પછી પોતાના સંસારીપણાનાં નાનાં બહેન-શ્રી બાબરી-બહેન કે જેઓ લગ્નજીવન પછી થોડા જ વખતે સૌભાગ્યરહિત થયા હતાં, તેમને સંસા-રની અસારતા સમજાવી પ્રતિબોધ કર્યો. અને શાંતિદાયિની પરમ સાત્ત્વિકી પ્રવ્રજ્યા આપી પોતાના ત્રીજા શિષ્યા **ચંદ્રશ્રીજી** તરીકે જાહેર કર્યાં. તેઓ આગળ જતાં પ્રકરણ, ભાષ્ય, કર્મગ્રંથ, ઉત્તરાધ્યયનસૂત્ર, આચારાંગસૂત્ર તથા સંસ્કૃતના સારા અભ્યાસી થયાં.

કાષ્ઠની નૌકા પોતે પણ તરે છે અને બીજાને પણ તારે છે, તેમ સદ્‌ગુરુ સંયમાદિ અનુષ્ઠાનોને આધારે પોતે તરે છે અને ધર્મોપદેશવડે બીજાને પણ તારે છે. જગત પર તેમનો આ મહા ઉપકાર છે. તેનો બદલો કોઇ પણ વસ્તુથી વળી શકતો નથી. જ્ઞાન અને સંયમ આગળ સુવર્ણનો મોટો ઢગલો પણ શી વિસાતમાં છે?

તેમણે સં. ૮૩ માં ધોલેરા, ૮૪ માં પાલીતાણા, ૮૫ માં ભાવનગર અને ૮૬ માં અમદાવાદ ચાતુર્માસ કરી જૈન મહિલાઓમાં સારી જાગૃતિ આણી અને જિનોપદિષ્ટ ધર્મનો સુંદર પ્રચાર કર્યો. સંવત ૮૭ માં ગુરુણીની ખાસ આજ્ઞાથી ગોધરામાં સ્વતંત્ર ચાતુર્માસ કર્યું. ત્યાં અપૂર્વ કુશલતા દાખવી ધર્મબીજ વાવ્યું અને પંચરંગી, અક્ષયનિધિ, ચૌદપૂર્વ વગેરે અનેક પ્રકારની તપશ્ચર્યાઓ થઇ.

સં. ૮૮ માં ખંભાત પધારી બે આત્માઓનો સંસારમાંથી ઉદ્ધાર કર્યો તેમાંના રેવા-બહેન **રાજેન્દ્રશ્રીજી**નાં નામથી અને જશી બહેન **જિનેન્દ્રશ્રીજી**નાં નામથી તેમનાં ચોથા અને પાંચમા શિષ્યા તરીકે જાહેર થયા. તેજ દિવસે બાળકુમારી કાન્તા બહેનને પણ ભગ વતી દીક્ષા આપવામાં આવી અને તેમનું નામ કંચનશ્રીજી રાખવામાં આવ્યું. તેઓ ગુણ-શ્રીજી મ૦ ના તૃતીય શિષ્યા ચંદ્રશ્રીજીના શિષ્યા તરીકે જાહેર થયા. આ ત્રણે સાધ્વીઓ અભ્યાસમાં સારી રીતે આગળ વધ્યા. ૮૮ નું ચાતુર્માસ ખંભાતમાં જ વ્યતીત કર્યું.

ત્યાંથી ગ્રામનુગ્રામ વિહાર કરતાં અને ભવ્ય જીવોને ઉપદેશ આપતાં પાલીતાણા પધાર્યાં અને સં. ૮૯ નું ચાતુર્માસ ત્યાં જ સ્થિર રહ્યા. ૯૦ નાં ચાતુર્માસનો લાભ ખંભાતને મળ્યો. ખંભાતમાં તેમનું આ છઠ્ઠું ચાતુર્માસ હતું અને તે ઘણું ઉપકારી નીવડ્યું. તેમની વૈરાગ્યવર્ષિણી ધર્મદેશનાને પ્રતાપે બાળબ્રહ્મચારિણી સુભદ્રાબેન સાધ્વી સુદર્શન શ્રીજી બન્યા અને કાંતા બહેનનું કુસુમશ્રી તરીકે પરિવર્તન થયું. બંને સાધ્વીઓ પૂ. ચંદ્રશ્રીજીની બીજી અને ત્રીજી શિષ્યા તરીકે જાહેર થઈ. ગંગા અને યમુનામાં સરસ્વતી ભળે, તેમ આ બે સાધ્વીઓમાં કીર્તિશ્રીજી નામનાં ત્રીજી સાધ્વીનો ઉમેરો થયો. તેઓ જિનેન્દ્રશ્રીજી મ. નાં પ્રથમ શિષ્યા બન્યા. તેમનું સંસારી નામ કાંતાબહેન હતું.

આમ દિનપ્રતિદિન સાધ્વીસમુદાય વધતો ચાલ્યો અને નક્ષત્રમંડળમાં ચંદ્ર બિરાજે તેમ ગુણશ્રીજી મહારાજ તેમની વચ્ચે બિરાજવા લાગ્યા. કેવું હતું એ સુભગ દૃશ્ય! કોઇ

વાચના લે છે, કોઈ અર્થ શીખે છે, કોઇ શીખેલા સૂત્રપાઠોનું પુનરાવર્તન કરે છે; કોઈ જપમાં લીન છે, તો કોઇ તપશ્ચર્યાથી આત્માને અજવાળી રહેલ છે. કોઇ પોતાનાં મનની શંકાઓ ગુરુણી આગળ વિનમ્રભાવે રજૂ કરે છે અને ગુરુણી–ગુણશ્રીજી મહારાજ પૂર્ણ વાત્સલ્યથી તેનું સમાધાન કરે છે. સંસારનો સ્વાદ માણી રહેલી ચાર મહિલાઓ એકઠી થાય તો કેવું વાતાવરણ જામે છે, તેની પણ અહીં સરખામણી કરો ! તે સિવાય સાધ્વી-જીવનની પવિત્રતા–ઉજ્જવલતા સાત્ત્વિકતા પૂરેપૂરી નહિ સમજાય.

ત્યાંથી વિહાર કરી ચરિત્રનાયિકા સાધ્વીસમુદાય સાથે શેઠ માણેકલાલ મનસુખભાઇએ કાઢેલા સિદ્ધિગિરિના સંઘમાં જોડાવા અમદાવાદ પધાર્યા. છ–રી પાળતો એ ભવ્ય સંઘ અનુક્રમે સિદ્ધગિરિ પહોંચ્યો. અહીં વેજલપુરનિવાસી દ્રવ્યાનુયોગના સારા અભ્યાસી ધીરજ બહેન તથા જેકોર બહેન અને તેમના પુત્રી કંચન બહેન ભાગવતી દીક્ષા લેવા ઉત્સાહભેર આવી પહોંચ્યા. તેમને પૂ. આચાર્યદેવની નિશ્રામાં ધામધૂમથી દીક્ષા આપવામાં આવી. ધીરજ બહેન **ધરણેન્દ્રશ્રીજી** નામે ગુણશ્રીજીના છઠ્ઠા શિષ્યા જાહેર થયા, જેકોર બહેન આ નૂતન સાધ્વી ધરણેન્દ્રશ્રીજીના પ્રથમ શિષ્યા જશવંતશ્રીજી તરીકે જાહેર થયા અને તેમના પુત્રી કંચન બહેન જશવંતશ્રીજીના પ્રથમ શિષ્યા કવીન્દ્રશ્રીજી અભિધાન પામ્યા. આમ ચરિત્રનાયિકાએ અનેક જીવોનો ભવાટવીમાંથી ઉદ્ધાર કર્યો અને તે પ્રશસ્ત પ્રવૃત્તિ આગળ ઉપર પણ ચાલુ જ રહી. સં. ૧૯૯૧ માં તેઓ પોતાના વિશાળ સાધ્વીસમુદાય સાથે મધુપુરી યાને મહુવા બંદરે પધાર્યા કે જેણે જિનશાસને શાસનસમ્રાટ્ પ્રાતઃસ્મરણીય તપાગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ જેવી એક વિરલ વિભૂતિ અર્પણ કરી છે. આ વર્ષે તેઓશ્રીનું ચાતુર્માસ પણ ત્યાં જ હતું.

અહીં પંચમહાલ–વેજલપુરનિવાસી સૌભાગ્યવંતી પ્રભાવતી બહેન ભવતારિણી ભાગવતી દીક્ષા લેવા માટે ઉપસ્થિત થયા. તેઓ પિતા વાડીલાલભાઇ અને માતા માણેકબાઇનાં પુત્રીરત્ન હતાં, કુટુંબનું વાતાવરણ ધાર્મિક હતું, એટલે તેઓ નાનપણથી જ ધર્મના રંગે રંગાયાં હતાં. એવામાં ગોધરા બાતે ચરિત્રનાયિકાનું ચાતુર્માસ થયું અને મહામંગલકારી ઉપધાન તપની આરાધનાનો પ્રસંગ ઉપસ્થિત થયો. એ વખતે પ્રભાવતી બહેન ચરિત્રનાયિકાના ગાઢ સંસર્ગમાં આવ્યા, અને સંસારને ખારો સમુદ્ર સમજી દીક્ષારૂપી દિવ્ય ગંગાનું મધુર જલ પીવાને કૃતનિશ્ચયી બન્યા. તેમનો વૈરાગ્યરંગ દિનપ્રતિદિન ગાઢ થતો ગયો, એટલે શ્વસુરપક્ષમાંથી છૂટવાના પ્રયત્નો કર્યા. પિતાને ત્યાં આવી પોતાની પરિસ્થિતિનું નિવેદન કર્યું અને દીક્ષા માટે અનુમતિ માગી. કેટલાક પ્રયત્નો પછી એ અનુમતિ પ્રાપ્ત થઇ, એટલે હર્ષિત હૈયે મહુવા પધાર્યા. પણ એકપક્ષી બળ કામ ન આવ્યું. તેઓ પોતાનાં વતનમાં પાછા ફર્યા. આમ છતાં તેઓ હતાશ ન થયા. કોઇ કવિએ ઠીક જ કહ્યું છે કે, 'વિઘ્નોથી પુનઃ પુનઃ હણાવા છતાં સજ્જન પુરુષો આરંભેલું કામ છોડી દેતા નથી.'

સં. ૧૯૯૨ માં ચરિત્રનાયિકા બોટાદ પધાર્યા, ત્યાં પ્રભાવતી બહેન પોતાના પિતા સાથે આવ્યા અને પોતાને દીક્ષા આપવા વિનંતિ કરી. તે વખતે ચરિત્રનાયિકાનાં દિલમાં તો

એક જ વાત હતી કે હું સંસારના દરેક જીવને તારું, મારાં શરણે આવેલાનું ગમે તે ભોગે પણ રક્ષણ કરું.' પરંતુ બીજી બાજુ શાસનની હીલના ન થાય, એ પણ તેમને જોવાનું હતું; એટલે તેમને માટે તો આ પ્રસંગ વ્યાઘ્ર–તટી–ન્યાય જેવો બન્યો.

આખરે પ્રભાવતી બહેન પ્રવ્રજ્યા માટે જોઇતી સામગ્રી લઇને પૂ. સૌભાગ્યશ્રીજી મહારાજના સંસારી બહેન દીવાળી બહેન સાથે ઉમરાળા પહોંચ્યા અને ત્યાંથી ચાર માઇલ દૂર વિપિનમાં એક વડલાની છાંયે દેવ–ગુરુનું સ્મરણ કરવાપૂર્વક સં. ૧૯૯૨ ના માહ વદિ ચોથના દિને સ્વહસ્તે, મૂર્ધન્ મુંડાવી તેમણે સાધ્વીવેશ ધારણ કર્યો. આ વખતે તેમનું વય માત્ર ૨૦ વર્ષનું હતું, પણ શ્રદ્ધા–ધીરજ–હિંમત ઘણી હતી. 'ડગલું ભર્યું કે પાછું ન હઠવું, ન હઠવું' એ સિદ્ધાંતમાં તેઓ ઘણા મક્કમ હતા. વળી આવા પવિત્ર માર્ગે પ્રયાણ કરનારનું કોઇ દૈવી શક્તિ રક્ષણ તો કરતી જ હશે. નહિ તો આઠ આઠ દિવસ સુધી અતિ વિષમ વાતાવરણનો સામનો શી રીતે કરી શકે ?

શ્યામ અભ્રની છાયામાં છૂપાઈ ગયેલો ચંદ્ર જેમ થોડી વારમાં જ બહાર નીકળી આવે છે અને પોતાની પ્રભાનો જગત પર વિસ્તાર કરે છે, તેમ વિષમતાનાં વાદળમાં ઘેરાઇ ગયેલા આ સ્વયંદીક્ષિત નૂતન સાધ્વી આઠમાં દિવસે તેમાંથી બહાર આવ્યા અને તેમની આત્મપ્રભા અનેરા તેજથી ચમકવા લાગી. તેઓને હવે પતિની અનુમતિ મળી ગઇ હતી, આથી હર્ષિત હૈયે ગુરુણીને મળવા ચાલ્યા. ગુરુણીજી બોટાદથી પછેગામ પધાર્યા હતા. પછેગામમાં તેમનો ભેટો થયો. આ વખતે હૃદયમાં કેવો આનંદ અને કેવો ઉત્સાહ વ્યાપ્યો હશે તથા શરીરમા કેવી રોમરાજી ખડી થઇ હશે., તેનું વર્ણન કરવાના અમારી પાસે શબ્દો નથી. અમે તો માત્ર તેને અપૂર્વ, અદ્‌ભુત અને અસાધારણ કોટિનો કહીને જ સંતોષ માનીએ છીએ.

આ વખતે દાદી ગુરુણી ખંભાત હતાં તેમની અનુમતિ મળતાં ચરિત્રનાયિકાએ નૂતન દીક્ષિતાને પછેગામ પ્રભુજીની સાક્ષીએ, સં. ૧૯૯૨ ના માહ વદિ ૧૩ના દિવસે કરેમિ ભંતે ઉચ્ચરાવ્યું અને પોતાની સપ્તમ શિષ્યા **પ્રવીણાશ્રીજી** તરીકે જાહેર કર્યા.

અહીં પાઠકોએ એટલું યાદ રાખવુ ઘટે છે કે કસોટી સુવર્ણની થાય છે, કથીરની થતી નથી; ગ્રહણ સૂર્ય–ચંદ્રનું થાય છે, તારાઓનું થતું નથી; મોટાં ખીલા મોભને લાગે છે, વળી–વાંસડાને લાગતા નથી.

સં. ૧૯૯૨ નું ચાતુર્માસ ખંભાતમાં થયું. ત્યારબાદ સં. ૯૩ માં સા. પ્રવીણાશ્રીજીના સંસારી પિતાશ્રીએ કપડવંજપાં તેમને વડી દીક્ષા આપવા વિનંતિ કરી. આ વખતે ત્યાં પ. પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજ બિરાજતા હતા. દાદી ગુરુણીની આજ્ઞા મળતાં ચરિત્રનાયિકા પોતાના પરિવાર સાથે કપડવંજ પધાર્યા. ત્યાં વેજલપુરનિવાસી ચંદ્રાવતી બહેન કે જે સા. જશવંતશ્રીજીનાં સંસારી પુત્રી હતા, તે દીક્ષા લેવા માટે પોતાના કુટુંબસહિત આવી પહોંચ્યા. વડી દીક્ષા અને દીક્ષાનો ઉત્સવ ખૂબ ધામધૂમથી થયો.

નૂતન દીક્ષિતા સાધ્વી ચંદ્રકાંતાશ્રીજી બન્યા અને તેઓ જશવંતશ્રીજીના શિષ્યા બન્યા.

કાલ કાલનું કામ કરે છે. તે કોઇ માટે થોભતો નથી. તેથી સુજ્ઞ આત્માએ પોતાનું હિત વિચારી શીઘ્રાતિશીઘ્ર સંયમમાર્ગે વિચરવું ઇષ્ટ છે. શ્રદ્ધાપૂર્વક એ માર્ગે ચાલનાર જરૂર પોતાનું અભીષ્ટ સાધી શકે છે.

અહીંથી ચરિત્રનાયિકાએ રાજેન્દ્રશ્રીજીને ખંભાત દાદી ગુરુણીની નિશ્રામાં વૈયાવૃત્ય અને અભ્યાસ કરવા મોકલ્યા. ત્યાં ચંપા બહેન નામની શ્રાવિકાને ભાગવતી દીક્ષાના ભાવ થતાં દીક્ષા આપવામાં આવી અને તેમને રાજેન્દ્રશ્રીજીની શિષ્યા **ચંદ્રપ્રભાશ્રીજી** તરીકે જાહેર કરવામાં આવ્યા.

સં. ૧૯૯૩ નું ચાતુર્માસ કપડવંજમાં કર્યું. ત્યાં શિષ્યાદિ પરિવારને માંડલીના તથા ઉત્તરાધ્યયનના યોગોદ્વહન સાથે કર્મગ્રંથાદિ અર્થો, વ્યાકરણ વગેરે અધ્યયન ખૂબ ઉત્સાહપૂર્વક કરાવ્યું. સં. ૯૪ માં દાદી ગુરુણીની તબિયત નરમ છે, એમ જાણતાં વિના વિલંબે સતત વિહાર કરી ખંભાત પધાર્યા અને ભક્તિનો લ્હેવાય તેટલો લાભ લીધો. દેવગુરુકૃપાએ દાદા ગુરુણીની તબિયત સારી થઈ. ત્યાંથી પોતાની શિષ્યા ચંદ્રશ્રીજીનાં શરીરનાં કારણે અમદાવાદ પધાર્યા. સં. ૯૪ નું ચાતુર્માસ અમદાવાદ કર્યું. ચાતુર્માસ બાદ દાદી ગુરુણી સાથે મારવાડ–મેવાડની યાત્રા કરી અને પુનઃ અમદાવાદ પધાર્યા. ત્યાંથી પોતાની પંચમ શિષ્યા જિનેન્દ્રશ્રીજીને ખેડા મોકલ્યા. તેમણે મુમુક્ષુ જાસુદ બહેનને સંયમદાન કર્યું અને તેમને પોતાની શિષ્યા **જયપ્રભાશ્રીજી** તરીકે જાહેર કર્યા.

ચરિત્રનાયિકા અમદાવાદથી દાદી ગુરુણી સાથે સિદ્ધગિરિ પધાર્યા અને ત્યાં તીર્થની યાત્રા કરી ગુરુભક્તિમાં લીન બન્યા. આ ગુરુભક્તિને તેઓ કર્મ નિર્જરવાની મહાન તક માનતા હતા. અહીં સાધ્વીઓને તપસ્યાની પ્રેરણા કરતાં માસક્ષમણ, અઠ્ઠાઇઓ, ચૌમાસી તપ, સિદ્ધગિરિના છઠ્ઠ–અઠ્ઠમ આદિ ઘણી તપસ્યાઓ થઈ હતી, સાથે જ્ઞાનધ્યાનની આરાધના પણ સારી થઇ હતી. કાલક્રમે દાદા ગુરુણી સં. ૧૯૯૫ ના માગશર સુદિ ૯ ના દિવસે કાલધર્મ પામ્યા, જેની વિગતવાર હકીકત પ્રથમ આપી ગયા છીએ.

સં. ૯૬ નું ચાતુર્માસ ખંભાતમાં ચડતા રંગે થયું. ત્યારબાદ ૯૭ માં ખંભાતનિવાસી બાળબ્રહ્મચારી શાંતા બહેન કે જે કુસુમશ્રીજીના સંસારી બહેન થતા હતા, તેમને દીક્ષાદાન કર્યું અને ચંદ્રાશ્રીજીના શિષ્યા રવીન્દ્રપ્રભાશ્રીજી તરીકે ઘોષિત કર્યા.

સં. ૯૭ માં સુરત ચાતુર્માસ કર્યું ત્યાં સિદ્ધિતપ, સોળભથ્થાં, અઠ્ઠાઇ વગેરે તપશ્ચર્યાઓ સારા પ્રમાણમાં થઇ. શિષ્યાઓનો જ્ઞાનાભ્યાસ પણ આગળ વધતો રહ્યો. ચાતુર્માસ બાદ સં. ૯૮ માં નવસારીનિવાસી શ્રાવિકા ગજરા બહેન કે જેમના પતિએ પૂ૦ આ. શ્રી વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી પાસે દીક્ષા લઇ કુમુદચંદ્રવિજય અભિધાન ધારણ કર્યું હતું. તેમને પૂ૦ આ. શ્રી વિજયવિજ્ઞાનસૂરીશ્વરજીની નિશ્રામાં દીક્ષા આપવામાં આવી, જે ચરિત્રનાયકની આઠમી શિષ્યા **સૂર્યપ્રભાશ્રીજી** તરીકે જાહેર થયા. ત્યારબાદ ગોધરા શહેરમાં

પ્રતિષ્ઠામહોત્સવ હોવાથી સંઘની આગ્રહભરી વિનંતિ થતાં પોતાના પરિવાર સાથે ગોધરા પધાર્યા. ત્યાં પૂ૦ આ. શ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી મ. તથા પૂ૦ આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મ. બિરાજમાન હતા. તેમણે પ્રતિષ્ઠામહોત્સવ ખૂબ ધામધૂમથી કરાવ્યો અને સંઘમાં જયજયકાર વર્ત્યો. મહોત્સવ બાદ સં. ૯૮ નું ચાતુર્માસ ખંભાતમાં કર્યું અહીં શિષ્યાઓને ઉત્તરાધ્યયન તથા આચારાંગસૂત્રનું યોગોદ્વહન કરાવ્યું અને પ્રાકૃત વગેરેનો અભ્યાસ કરાવ્યો. સં. ૯૯ માં આગમમંદિરની પ્રતિષ્ઠા જોવા પુંડરીકગિરિ (પાલીતાણા) પધાર્યાં. ત્યાં પોતાની શિષ્યાઓને વર્ષીતપ કરાવ્યો. જિનશાસનમાં તપનો મહિમા ઘણો છે, કારણ કે તે ગમે તેવાં કઠિન કર્મોનો નાશ કરે છે અને આત્માને સુવર્ણ જેમ ઉજ્જવલ બનાવે છે.


અહીંથી રાજેન્દ્રશ્રીજી મ. ને લુણાવાડા મોકલ્યા. ત્યાં બાળકુમારી શારદા બહેનને તથા ગોધરાનિવાસી શાંતા બહેનને સંયમદીક્ષાનું દાન કરવામાં આવ્યું. તેમનાં શુભ નામો અનુક્રમે સ્વયંપ્રભાજી તથા શ્રીમતીશ્રીજી રાખવામાં આવ્યાં. તેઓ બંને રાજેન્દ્રશ્રીજીની શિષ્યાઓ બની.

ચરિત્રનાયિકા જ્યારે પુંડરિકગિરિની છાયામાં રહીને આત્માને પ્રશસ્ત ભાવો વડે પવિત્રતાનો ઓપ આપી રહ્યા હતા, ત્યારે બોટાદના સંઘની વિનંતિ થતાં ૯૯ નાં ચાતુર્માસનો લાભ બોટાદને મળ્યો. ત્યાં ચંદ્રાશ્રીજી મ. ની માંદગી વધતાં ચરિત્રનાયિકાએ ખૂબ નિર્જ્જામણા કરાવી. તેઓ ભાદરવા વદિ ૪ ને દિવસે કાળધર્મ પામ્યા. ચરિત્રનાયિકાના પરિવારમાં આ ચંદ્રાશ્રીજી મ, ખૂબ અનુભવશીલ અને જ્ઞાનધ્યાનમાં ઉદ્યમવંત હતા, તથા સમુદાય સાચવવામાં એક્કા હતા. વિનયી શિષ્યાઓ ગુરુણીના હૃદયમાં વસેલી છે. તેમની ખોટ આજે પણ સમુદાયને દેખાઈ આવે છે.

ચોમાસા બાદ બોટાદનિવાસી મરઘા બહેનને દીક્ષા આપવામાં આવી. તેઓ ચરિત્રનાયિકાની નવમા શિષ્યા **મૃગાવતીશ્રીજી** થયા. બીજી દીક્ષા ગોધરાનિવાસી બહેન કમલાને આપવામાં આવી, તેઓ કલાવતીશ્રીજી મ૦ ના શિષ્ય થયા.

સંવત ૨૦૦૦ માં સાત શિષ્યાઓને વર્ષીતપનાં પારણાં કરાવવા પરિવાર સાથે પાલીતાણા પધાર્યા, ત્યાં શાન્તિસ્નાત્ર વગેરે મહોત્સવપૂર્વક પારણાં કરાવી શાસનસમ્રાટ્ ગુરુદેવની નિશ્રામાં ચોમાસું કરવા ખંભાત પધાર્યા. દાદી ગુરુણીએ સમુદાયની જે જવાબદારી સોંપી હતી, તે તેઓશ્રી બરાબર અદા કરતા હતા. અહીં ગોધરાનિવાસી સુશ્રાવિકા શાંતા બહેન દીક્ષા લેવા ઉપસ્થિત થયા, તેમને દીક્ષા આપી ધરણેન્દ્રશ્રીજી મ૦ ની શિષ્યા શાંતિપ્રભાશ્રીજી તરીકે જાહેર કર્યા.

સારાયે સમુદાયમાં અગ્રેસર એવા ચંપાશ્રીજી મ. ત્યાં બિરાજમાન હતા. બધાં મળી ૬૯ ઠાણાં હતાં. પૂજ્ય આચાર્યદેવની નિશ્રામાં ચોથો આરો પ્રવર્તતો હતો, એમ કહીએ તો પણ અનુચિત નથી.


કુલાવતી શ્રીજી મહારાજ
મહાપદ્મા શ્રીજી
સૌભાગ્યયશા શ્રીજી
પ્રવીણાશ્રીજી મહારાજ
જયતીશ્રીજી
વંદના શ્રીજી
ગુણશ્રીજી મહારાજ
નેમશ્રીજી
ભદ્રાશ્રીજી
ગુલાબશ્રીજી મહારાજ
ચંપાશ્રીજી
હીરશ્રીજી

૧૪ છેલ્લું ચાતુર્માસ સં. ૨૦૦૧ ની સાલમાં વેજલપુરના સંઘની આગ્રહભરી વિનંતિ થતાં ચરિત્રનાયિકા ચાતુર્માસાર્થે ત્યાં પધાર્યા. આગળ ધર્મનું બીજ વાવી ગયા હતા, એટલે તેમને મહા ઉપકારી ગણી શ્રીસંઘે એક આચાર્ય જેટલું માન આપ્યું અને તેમની પરમ ભક્તિ કરવામાં ગૌરવ માન્યું. ચરિત્રનાયિકાની વાણી અતિ મધુર હતી, તેમાં શેરડી-સાકરનો સ્વાદ હતો, એટલે તેમની વાણી સાંભળવા માટે બાળક-યુવાન-વૃદ્ધો સહુ કોઇ દોડી આવતા, અને એ વાણી સાંભળીને ખૂબ પ્રભાવિત થતા. ચરિત્રનાયિકના ઉપદેશથી અહીં ચૌદપૂર્વ, અષ્ટ મહાસિદ્ધિ આદિ વિવિધ તપસ્યાઓની આરાધના થઇ અને પૂજામંડળ વગેરે સંસ્થાઓ સ્થપાઇ. શ્રાવકોનો ઉત્સાહ અસીમ હતો. સાધ્વીનું આવું ચાતુર્માસ છેલ્લા સો વર્ષમાં થયું ન હતું.

પ. પૂ. આનંદસાગરસૂરીશ્વરજી મ. ના પ્રશિષ્ય મુનિશ્રી હંસસાગરજી ચાતુર્માસ અર્થે અહીં પધાર્યા હતા, એમાં પણ કુદરતનો કોઇ સંકેત જ હશે.

ચરિત્રનાયિકા સહુને ધર્મની અલબેલી આરાધના કરાવી રહ્યા હતા. એવામાં એકાએક બિમાર પડ્યા અને એ બિમારી જોતજોતામાં વધી ગઇ. આથી પૂ. મુનિશ્રી હંસસાગરજી તેમને અંતિમ આરાધના કરાવવા લાગ્યા. માત્ર બે દિવસની ટૂંકી માંદગીમાં અષાડ વદિ ૪ ને દિવસે તેમણે ચિત્તની સમાધિપૂર્વક આ નશ્વર દેહ છોડયો અને સ્વર્ગ ભણી પ્રયાણ કર્યું.

આ ગામમાં આવો પ્રસંગ પહેલો જ હતો. આવું કદી નજરે જોયું ન હતું. આથી ઉછામણીમાં અનેરો આનંદ આવ્યો હતો. તેમની ભવ્ય પાલખી કાઢવામાં આવી હતી. નજર ન પહોંચે એવી માનવમેદની દર્શનાર્થે આવતી હતી. ઉછામણીમાં ૨૦૦૦ મણ ઘી બોલાયું હતું અને તે દિવસે સૌ આબાલ-વૃદ્ધ સ્મશાન-યાત્રામાં જોડાયા હતા. બેન્ડના ગંભીર નાદે તેમનો અંતિમ સંસ્કાર અર્થાત્ અગ્નિદાહ કરવામાં આવ્યો. આ પ્રસંગથી ભક્તવર્ગને ભારે આઘાત થાય એ સ્વાભાવિક છે. ત્યારબાદ ગામના લોકોએ સુંદર અષ્ટાહ્નિકા-મહોત્સવ ઉજવી એ આઘાત હળવો કર્યો હતો. અત્રે ખંભાતથી સંઘ આવ્યો હતો. તે ઉપરાંત ગોધરા, લુણાવાડા, સુરત વગેરે ગામોમાં અઠ્ઠાઈ-મહોત્સવો થયા હતા.

તેમની સુંદર છબી આજે પણ દરેકના હૃદયમાં બિરાજમાન છે અને તેને રોજ ભક્તિનાં ભવ્ય, પુષ્પો ચડે છે.

ચરિત્રનાયિકાની પાછળ આજે ૫૮ શિષ્ય-પ્રશિષ્યાઓનો બહોળો પરિવાર છે અને તે પોતાની ગુરુણીને અનુસરી જિનશાસનની સુંદર સેવા કરી રહેલ છે. તે સહુને ભક્તિભાવથી વંદન કરી, ગુણશ્રીજી મહારાજની આ ગૌરવગાથા સમાપ્ત કરીએ છીએ અને તેમાં મતિમાંદ્ય કે પ્રમાદવશાત્ કંઇ પણ ભૂલચૂક થઇ હોય, તો તેની હાર્દિક ક્ષમા યાચીએ છીએ.

॥ ઇતિ શમ્ ॥

લે૦ ધીરજલાલ ટોકરશી શાહ

—: श्री पुण्याष्टकम् :—

[द्रुतविलम्बितं छन्दः]

[१]

सुवपषेऽप्यतुले सुकुलेऽमले-ऽजनि जनिर्जननीजनकप्रिया ।
वयसि यस्य पुरः परिपोषणं, विजयते स हि पुण्यगुरुर्मम ॥ १ ॥

[२]

यदभिधा ननु पीतपुरस्सरा, परमतोऽम्बर इत्यनुदानतः ।
अधिगृहं विदिता परदेवता, विजयते स हि पुण्यगुरुर्मम ॥ २ ॥

[३]

न पठितं लघु नाधिकृतं ततं, यदपि येन धृतं न महास्पदम् ।
तदपि सत्कृतिना सुकृतं कृतं, विजयते स हि पुण्यगुरुर्मम ॥३॥

[४]

गृहगतोऽपि गृहाद्विरतो रताद्, बहुधनोऽपि धनं तृणवज्जहौ ।
विपदि यो न चलोऽप्यमदः श्रियां, विजयते स हि पुण्यगुरुर्मम ॥४॥

[५]

उपकृतं स्वजने निजभावतः, परजनेऽपि दयार्द्रमनस्तया ।
जगति येन गतिः सुगतिर्धृता, विजयते स हि पुण्यगुरुर्मम ॥ ५ ॥

[६]

जिनवचो हृदि यस्य सदा दृढं, मुखमृतेन वचः स्वमृतेन युक् ।
सुतपसा विमलं पुनरङ्गकं, विजयते स हि पुण्यगुरुर्मम ॥ ६ ॥

[७]

प्रगुरुनेमिगुरोरनुशासना-दमृतगौरवमिद्धमुपासितम् ।
अधिगतो हृदि येन महोत्सवो, विजयते स हि पुण्यगुरुर्मम ॥७॥

[८]

स्वतनयं मुनिवर्त्मनि नीतवान्, व्रततितिं विरतिं च गृहीतवान् ।
गणिपदं वरपं-पदमाप्तवान्, विजयते स हि पुण्यगुरुर्मम ॥८॥

[९]

शरगजाब्दमिते ननु जीविते, त्रिदशवत्सरसंयमपालनात् ।
त्रिदशताऽधिगताऽभिमता ध्रुवं, विजयते स हि पुण्यगुरुर्मम ॥९॥

પૂજ્યપાદ પંન્યાસપ્રવર શ્રી પુણ્યવિજયજી ગણિવર્ય મહારાજ



જન્મ	દીક્ષા	વડી દીક્ષા	પંન્યાસપદ	સ્વર્ગવાસ
૧૯૩૪	૧૯૮૮	૧૯૮૮	૨૦૦૭	૨૦૧૭
માગ. શુદ્ધિ ૮	માહ શુદ્ધિ ૧૦	ફાગ. શુદ્ધિ ૩	વૈશાખ શુદ્ધિ ૩	ભાદરવા શુદ્ધિ ૧૩
ગુરુવાર	જાવાલ	બરલૂટ	અમદાવાદ	દોલતનગર

અનુક્રમ

ક્રમ	વિષય	પૃષ્ઠાંક
૧	**પ્રથમ ઢાળ**	**૧ થી ૮**
૧	મંગલ વગેરે	૧
૨	ચતુરનુયોગ વ્યવસ્થા	૧
૩	દ્રવ્યાનુયોગની મહત્તા	૧
૪	દ્રવ્યાનુયોગમા લીનતાવાળાને આધાકર્મનો ભંગ નથી	૩
૫	ક્રિયાયોગ અને જ્ઞાનયોગ	૪
૬	ગુરુગમની અગત્ય	૪
૭	ગીતાર્થ અને ગીતાર્થની નિશ્રા	૫
૮	ઇચ્છાયોગ	૫
૯	પ્રથમ ઢાળનો ટબાર્થ	૬
૨	**દ્વિતીય ઢાળ**	**૯ થી ૨૬**
૧	દ્રવ્યનું સ્વરૂપ	૯
૨	ગુણપર્યાયનું સ્વરૂપ અને તેની દ્રવ્ય સાથે ભેદાભેદતા	૧૦
૩	સામાન્યના પ્રકારો અને સ્વરૂપ	૧૨
૪	ઊર્ધ્વતા સામાન્ય શક્તિના ભેદ અને સમજણ	૧૩
૫	ગુણ અને પર્યાયનું સ્વરૂપ	૧૬
૬	દ્રવ્ય અને ગુણપર્યાયમાં પરસ્પર ભિન્નતા	૨૦
૭	બીજી ઢાળનો ટબાર્થ	૨૨
૩	**ઢાળ ત્રીજી**	**૨૭ થી ૩૬**
૧	દ્રવ્ય-ગુણ-પર્યાયનો પરસ્પર અભેદ	૨૭
૨	સમવાય સંબંધની વિચારણા	૨૮
૩	અભેદની દૃષ્ટાંતથી સિદ્ધિ	૨૯
૪	આવિર્ભાવ-તિરોભાવ	૩૧
૫	નૈયાયિકમતની મીમાંસા	૩૩
૬	યોગાચાર મત પ્રવેશાપત્તિ	૩૪
૭	અસત્નું જ્ઞાન થાય નહિ	૩૫
૮	ભેદવાદી નૈયાયિક, અભેદવાદી સાંખ્ય, ઉભયવાદી જૈન	૩૬
૯	ત્રીજી ઢાળનો ટબાર્થ	૩૭
૪	**ઢાળ ચોથી**	**૪૦ થી ૫૩**
૧	ભેદાભેદની સમજ દૃષ્ટાંત સાથે	૪૦
૨	ભેદાભેદના વિરોધનો પરિહાર	૪૪
૩	કોટાકોટિ ભંગનો સંક્ષેપ સપ્ત ભંગી	૪૬
૪	સપ્ત ભંગીનું સ્વરૂપ	૪૮
૫	ચોથી ઢાળનો ટબાર્થ	૫૧
૫	**ઢાળ પાંચમી**	**૫૪ થી ૬૫**
૧	નય વિષયક મુખ્ય ગૌણ ભાવની સૂક્ષ્મ વિચારણા	૫૫
૨	દિગંબરમત અનુસાર દ્રવ્યાર્થિકનય દશભેદોનું વિવરણ	૫૮
૩	ઢાળ પાંચમીનો ટબાર્થ	૬૩
૬	**ઢાળ છઠ્ઠી**	**૬૬ થી ૭૬**
૧	દિગમ્બર પ્રક્રિયા પ્રમાણે પર્યાયાર્થિક નયના છ ભેદોની વિચારણા	૬૬
૨	નૈગમાદિ સાત નયોની વિચારણા અને દિગમ્બર મત	૬૯
૩	છઠ્ઠી ઢાળનો ટબાર્થ	૭૫
૭	**ઢાળ સાતમી**	**૭૭ થી ૮૪**
૧	દિગમ્બર મતાનુસાર ત્રણ ઉપનયો તેમાં પ્રથમ સદ્ભૂત વ્યવહાર	૭૭
૨	બીજો અસદ્ભૂત વ્યવહાર અને તેનાં નવ ભેદ	૭૮
૩	અસદ્ભૂત વ્યવહારનાં અન્ય પ્રકારે ત્રણ ભેદો	૮૧
૪	ઉપચરિતાસદ્ભૂત વ્યવહાર ત્રીજો અને તેના ત્રણ ભેદો	૮૨
૫	સાતમી ઢાળનો ટબાર્થ	૮૩
૮	**ઢાળ આઠમી**	**૮૫ થી ૧૦૪**
૧	અધ્યાત્મનયનું સ્વરૂપ દિગમ્બર પ્રક્રિયાનુસાર	૮૫
૨	નિશ્ચય વ્યવહારનું સ્વરૂપ	૮૬
૩	દિગમ્બર પ્રક્રિયાની મીમાંસા ને તેમાં ખંડનીયનું ખંડન	૮૮
૪	દેવસેન દિગમ્બર કૃત નયચક્રમાં આવતી ગેરસમજનું નિરસન	૯૫

ક્રમ	વિષય	પૃષ્ઠાંક
૫	આઠમી ઢાળનો ટબાર્થ	૧૦૦
૯ ઢાળ નવમી		**૧૦૫ થી ૧૩૦**
૧	સત્સ્વરૂપની વિચારણા	૧૦૫
૨	ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યની મીમાંસા	૧૦૬
૩	બૌદ્ધ દર્શન સાથે આ ત્રિલક્ષણની વિચારણા	૧૧૦
૪	ન્યાયદર્શન સાથે ત્રિલક્ષણની ચર્ચા	૧૧૨
૫	ઉત્પદ્યમાન-ઉત્પન્નની સૂક્ષ્મ મીમાંસા	૧૧૬
૬	નિત્ય ગણાતા પદાર્થોમાં પણ ત્રિલક્ષણની વ્યવસ્થાની ચાવી	૧૧૭
૭	પ્રયોગ જનિત ઉત્પાદ અને વિશ્રસાજનિત ઉત્પાદનું સ્વરૂપ	૧૧૯
૮	વિભાગજન્ત દ્રવ્યનું સ્વરૂપ	૧૨૦
૯	વિનાશના બે ભેદનું સ્વરૂપ	૧૨૧
૧૦	ધ્રુવભાવના બે ભેદનુ સ્વરૂપ	૧૨૩
૧૧	નવમી ઢાળનો ટબાર્થ	૧૨૪
૧૦ ઢાળ દશમી		**૧૩૧ થી ૧૫૧**
૧	દ્રવ્ય-ગુણ-પર્યાયની પરમાર્થ વિચારણા	૧૩૧
૨	છ દ્રવ્યોનું સ્વરૂપ	૧૩૨
૩	છ દ્રવ્યોમાં સાધર્મ્ય-વૈધર્મ્યની વિચારણા	૧૩૩
૪	છએ દ્રવ્યોમાં દ્રવ્યત્વની સિદ્ધિ	૧૩૬
૫	કાળનું વિશદ સ્વરૂપ	૧૪૦
૬	કાળ-વિષય દિગમ્બરમતનું ખંડન	૧૪૫
૭	દશમી ઢાળનો ટબાર્થ	૧૪૭
૧૧ ઢાળ અગીયારમી		**૧૫૨ થી ૧૬૮**
૧	દશ સામાન્ય ગુણ વિચાર	૧૫૨
૨	સોળ વિશેષ ગુણ વિચાર	૧૫૫
૩	અગીયાર સામાન્ય સ્વભાવ વિચાર	૧૫૭
૪	અગીયારમી ઢાળનો ટબાર્થ	૧૬૫
૧૨ ઢાળ બારમી		**૧૬૯ થી ૧૯૮**
૧	દશ વિશેષ સ્વભાવોનું સ્વરૂપ	૧૬૯
૨	ચેતના સ્વભાવ અને અચેતન સ્વભાવ	૧૬૯
૩	મૂર્તસ્વભાવ અને અમૂર્તસ્વભાવ	૧૭૧
૪	એકસ્વભાવ અને અનેકસ્વભાવ	૧૭૧
૫	વિભાવ સ્વભાવ	૧૭૩
૬	શુદ્ધ સ્વભાવ અને અશુદ્ધ સ્વભાવ	૧૭૩
૭	ઉપચરિત સ્વભાવ	૧૭૪
૮	દશ સ્વભાવોની દ્રવ્ય આશ્રયી વહેંચણ	૧૭૫
૯	બારમી ઢાલનો ટબાર્થ	૧૭૭
૧૩ ઢાળ તેરમી		**૧૭૯ થી ૧૯૦**
૧	સ્વભાવોની નયાશ્રિત વિચારણા	૧૭૯
૨	પરસ્પર વિરુદ્ધ સ્વભાવોનો સમન્વય	૧૭૯
૩	તેરમી ઢાળનો ટબાર્થ	૧૮૯
૧૪ ઢાળ ચૌદમાં		**૧૯૧ થી ૧૯૬**
૧	પર્યાયના ભેદ-પ્રભેદો અને તેનું સ્વરૂપ	૧૯૧
૨	એકત્વ, પૃથકત્વ, સંખ્યા, સંસ્થાન, સંયોગ, વિભાગમાં પર્યાયપણાની સિદ્ધિ	૧૯૪
૩	સજાતીય આદિ ચાર પ્રકારના પર્યાયોનું સ્વરૂપ	૧૯૬
૪	પર્યાય અંગેના દેવસેનના વિચારનું ખંડન	૧૯૭
૫	ચૌદમી ઢાળનો ટબાર્થ	૧૯૮
૧૫ ઢાળ પંદરમી		**૨૦૦ થી ૨૧૨**
૧	દ્રવ્યાનુયોગની વિશિષ્ટતા અને ત્રણ પ્રકારના જીવો	૨૦૦
૨	જ્ઞાન અને ક્રિયામાં જ્ઞાનનું મહત્ત્વ	૨૦૧
૩	જ્ઞાન નયની પુષ્ટિ અને અજ્ઞાન ક્રિયાની તુચ્છતા	૨૦૩
૪	દુહા તથા પન્નરમી ઢાળનો ટબાર્થ	૨૧૦
૧૬ ઢાળ સોળમી		**૨૧૩ થી ૨૧૯**
૧	પ્રાકૃત વાણીના વિશિષ્ટ લાભો અને તેના પ્રત્યે પક્ષપાત	૨૧૩
૨	દુર્જનની નિન્દા	૨૧૭
૩	સોળમી ઢાળનો ટબાર્થ	૨૧૭
૧૭ ઢાળ સત્તરમી		**૨૨૦ થી ૨૨૪**
૧	પટ્ટ પરંપરાવર્ણન	૨૨૦
૨	ગુરુપરંપરા	૨૨૧
૩	સત્તરમી ઢાળનો ટબાર્થ	૨૨૩

❀

ૐ હ્રીઁ અર્હં નમઃ

સકલલબ્ધિસમ્પન્નાય શ્રી ગૌતમસ્વામિને નમઃ

નમો નમઃ શ્રી ગુરુનેમિસૂરયે

ન્યાયવિશારદ–ન્યાયાચાર્ય–મહામહોપાધ્યાય
શ્રી યશોવિજયજી ગણિવર્ય વિરચિત–

દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

(દ્રવ્યાનુયોગની મહત્તા–નામના વિવરણ સહિત)

ઢાળ ૧ લી.

(રાગ—દેશાખ–ચોપાઈ)

શ્રી ગુરુ જીતવિજય મનિ ધરી, શ્રી નયવિજય સુગુરુ આદરી;
આતમ અરથી નઈ ઉપકાર, કરું દ્રવ્ય–અનુયોગ–વિચાર. ૧

અનુયોગ એટલે સૂત્રના અર્થનું વ્યાખ્યાન. અર્થનું વિસ્તારથી વિવરણ. એ અર્થ–વિવેચન–સ્વરૂપ અનુયોગના ચાર પ્રકાર છે. આચારાંગસૂત્રમાં આચારનું વર્ણન આવે છે, તે ચરણકરણાનુયોગ કહેવાય છે. એ પ્રમાણે અન્ય પણ દશવૈકાલિકસૂત્ર–ઓઘનિર્યુક્તિ–પિંડનિર્યુક્તિ વગેરે સૂત્રો આચારને સમજાવતા હોવાથી ચરણકરણાનુયોગ પ્રધાન છે. ચન્દ્રપ્રજ્ઞપ્તિ–સૂર્યપ્રજ્ઞપ્તિ–જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ–જ્યોતિષકરંડક વગેરે સૂત્રોમાં ગણિતની પ્રધાનતા છે, એટલે તે તે ગ્રન્થો ગણિતાનુયોગ કહેવાય છે. જ્ઞાતાધર્મકથાંગ–ઉપાસકદશાંગ–ઉત્તરાધ્યયન આદિ સૂત્રોમાં ધર્મકથાઓ વિશેષે આવે છે, માટે તે ધર્મકથાનુયોગ છે. સૂત્રકૃતાંગ, પ્રજ્ઞાપના આદિ આગમો અને સમ્મતિતર્ક, તત્ત્વાર્થાધિગમસૂત્ર વગેરે પ્રકરણગ્રન્થો દ્રવ્યાનુયોગના વિશિષ્ટ ગ્રન્થો છે. ૧

વિના દ્રવ્ય–અનુયોગ વિચાર, ચરણ–કરણનો નહીં કો સાર;
સંમતિ ગ્રંથે ભાખિઉં ઇસ્યું, તે તો બુધજન મનમાં વસ્યું. ૨

જેમાં દ્રવ્ય, ગુણ અને પર્યાયનો વિચાર કરવામાં આવે તે દ્રવ્યાનુયોગ કહેવાય છે. આત્માનું વિશિષ્ટ કલ્યાણ સાધવાનું સમર્થ સાધન કોઇ હોય તો તે દ્રવ્યાનુયોગની વિચારણા

છે. જ્યાં સુધી આત્માએ એ વિચારણા નથી કરી, કરી છે તો સ્થિર નથી થઇ, ત્યાં સુધી ચારિત્રની આરાધના વિશિષ્ટ ફલ આપતી નથી. ચરણકરણ એટલે ચારિત્રની આરાધના, તેનું વિશિષ્ટ ફલ કેવલજ્ઞાન છે. તે પ્રાપ્ત કરવા માટે શુક્લધ્યાન જોઇએ. શુક્લધ્યાન ધ્યાતો આત્મા દ્રવ્યાનુયોગની વિચારણા કરે, જેને દ્રવ્યાનુયોગની વિચારણા ન હોય તે આત્મા શુક્લધ્યાન ધ્યાવા માટે સમર્થ બની શકે નહિં. સમ્મતિતર્કમાં શ્રી સિદ્ધસેન તો ત્યાં સુધી કહે છે કે, ચરણકરણમાં ઘણાં આગળ વધેલા હોય, પણ જેઓ સ્વસમય અને પરસમય જાણતા નથી, તેઓ નિશ્ચય શુદ્ધ ચારિત્રનો સાર જાણતા નથી. તે સમ્મતિતર્કની ૩ જા કાંડની ૬૭ મી ગાથા આ પ્રમાણે છે.

चरणकरणप्पहाणा ससमयपरसमयमुक्कवावारा ।
चरणकरणस्स सारं, णिच्छयसुद्धं न जाणंति ॥ ३ काण्डे ६७

શુદ્ધ આહારાદિક તનુ યોગ, મોટો કહિઓ દ્રવ્ય-અનુયોગ;
એ ઉપદેશપદાદિક ગ્રંથિ, સાખિ લહી ચાલો શુભ પંથિ. ૩

આત્માને હિતકર બે યોગ છે. ૧ ચરણકરણાનુયોગ અને બીજો દ્રવ્યાનુયોગ. શુદ્ધ આહાર-પાણી વાપરવા, ઉત્કૃષ્ટ ક્રિયાકાંડની સાધના કરવી, વિવિધ તપશ્ચર્યા કરવી ઇત્યાદિ ચરણકરણાનુયોગ છે, અને આત્મ-લક્ષ્ય ચૂક્યા વગર ષડ્દ્રવ્યની સૂક્ષ્મ ચિંતવના કરવી એ દ્રવ્યાનુયોગ છે. તેમાં પ્રથમ યોગ નાનો છે. અને બીજો યોગ મોટો છે, તેમાં પ્રથમને સાચવવા જો બીજાનો ભોગ આપવો પડે તેમ હોય તો શું કરવું ? બીજાને સાધવા જતાં પ્રથમના યોગમાં ક્ષતિ પહોંચતી હોય તો શું કરવું ? એ બે પ્રશ્નો થાય છે. બન્ને સધાતા હોય તો કાંઇ પ્રશ્ન જ નથી. બીજાના ભોગે પ્રથમની સાધના કરવી એ વ્યાજબી નથી એમ સ્પષ્ટ શાસ્ત્રો કહે છે. સાધ્યના ભોગે સાધનનું રક્ષણ કરવું એ ઉચિત ન ગણાય. સાધ્ય બીજો યોગ છે, પ્રથમ યોગ સાધન છે. ઉપદેશપદ આદિ ગ્રંથોમાં સ્પષ્ટ કહ્યું છે કે, બાહ્યવ્યવહારને મુખ્ય કરીને જ્ઞાનમાર્ગને ગૌણ કરવો એ અશુભ માર્ગ છે. જ્ઞાનમાર્ગને પ્રધાન કરવો એ ઉત્તમમાર્ગ છે. ગુરુકુલવાસમાં રહેવા માટે ભારપૂર્વક જે શાસ્ત્રોમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે, તેમાં પણ મુખ્ય આશય આ છે. જ્ઞાનની વિશિષ્ટપ્રાપ્તિ ગુરુકુલવાસમાં વસવાથી થાય છે. કેટલાએક ચારિત્રના વિશિષ્ટ પ્રકારોની સેવના ગુરુકુલવાસમાં ન બને એ સંભવિત છે, છતાં જો એવા વિશિષ્ટ પ્રકારોની સેવના માટે મુનિ ગુરુકુલવાસ ત્યજી દે તો તે પરંપરાએ વિરાધકભાવને પામે છે. શ્રી હરિભદ્રસૂરિજી મ. ષોડશકમાં ઉપરોક્ત હકીકતને જણાવતાં કહે છેઃ—

गुरुदोषारम्भितया, लघ्वकरणयत्नतो निपुणधीभिः ।
सन्निन्दादेश्च तथा, ज्ञायत एतन्नियोगेन ॥ १. ९ ॥ षोडशके.

એટલે બીજાને ભોગે પ્રથમની રક્ષા એ માર્ગ નથી. એ સ્પષ્ટ સમજાય એવું છે. જેનામાં બીજા યોગને સાધવાની વિશિષ્ટ યોગ્યતા જ ન હોય એને માટે આ વાત નથી. એ તો જે દૂષણો લગાડે. જેટલી ઓછી આરાધના કરે તેટલું ગૂમાવેજ છે. બીજા યોગની વિશિષ્ટ

સાધના કરતા આત્માને પ્રથમ યોગમાં ક્ષતિ પહોંચતી હોય તો તે ક્ષંતવ્ય છે, પણ તે સાધક પોતે પોતાનું સૂક્ષ્મહિત સાધવાની ખૂબ કાળજી સેવતો હોય, પ્રથમ યોગની આરાધનાની ક્ષતિને ક્ષતિ તરીકે સમજતો હોય, તેમાં તે રાચતો ન હોય, તેની એવી રીતે પુષ્ટિ ન કરતો હોય કે જેમાંથી અનેક અનર્થો જન્મે, એવા અધિકારી બીજા યોગમાં આગળ વધતાં ખરેખર તરી જાય છે. ૩.

એ યોગિ જો લાગઇ રંગ, આધાકર્માદિક નહીં ભંગ;
પંચકલ્પ ભાષ્યઇ ઇમ ભણિઉં, સદ્ગુરુ પાસ ઇસ્યું મેં સુણિઉ; ૪

મુનિધર્મનું આરાધન કરતાં આત્માઓ આહારશુદ્ધિ ઉપર ખૂબ લક્ષ્ય રાખે છે. તેમાં પણ આધાકર્મદોષ આહારના દોષોમાં મોટો દોષ છે. એ દોષને પરવશ પડેલ મુનિ પરંપરાએ મુનિધર્મના અનેક આચારોમાં મંદ અને શિથિલ પરિણામ ધારણ કરતો થઈ જાય છે. એ દોષથી બચવા માટે શાસ્ત્રકારોએ પણ ખૂબ ભાર મૂક્યો છે. આધાકર્મ એટલે મુનિને માટે ગૃહસ્થે કરેલ આહાર વગેરે, આ આધાકર્માદિ દોષો પણ દ્રવ્યાનુયોગના અધ્યયન-વિચારણામાં તન્મય મુનિને લાગતા નથી, એટલું તે યોગનું સામર્થ્ય છે. જાણી જોઇને એ દોષો તો આ યોગવાળો આત્મા સેવે જ નહિ પણ સકારણ જ્ઞાનયોગની વિશિષ્ટ આરાધનાને અંગે કદાચ એ દોષ લાગે તો પણ તેનો તે મુનિને ભંગ ન લાગે. એ દોષો તે મુનિને એવા હાનિકર ન થાય. એ યોગનો રંગ જ જુદો છે. ભાવની પ્રબળ ઉજ્જ્વળતા તેવી મલિનતાને ધોઈ નાંખે. પંચકલ્પભાષ્યમાં એ અધિકાર છે. ગુરુપરંપરાએ પણ એ વાત સંભળાય છે. આહારાદિના શુદ્ધ ને અશુદ્ધપણાની વિચારણા શાસ્ત્રકારોએ એકાંતે નથી કહી, તેમાં અનેકાંત છે, સ્યાદ્વાદ છે. અમુક પ્રસંગે શુદ્ધ ગણાતા આહારાદિ અશુદ્ધ છે ને અશુદ્ધ ગણાતા પણ શુદ્ધ છે. સૂત્રની નીચેની ગાથાઓ તે સમજાવે છે.

आहागडाइं भुंजंति, अण्णमण्णे सकम्मुणा ।
उवलित्ते वियाणिज्जा, अणुवलित्तेत्ति वा पुणो ॥ २. ५. ८.

एएहिं दोहिं ठाणेहिं, ववहारो ण विज्जइ ।
एएहिं दोहिं ठाणेहिं, अणायारं तु जाणए ॥ २. ९. ॥
२. अङ्गे २१ अध्ययने

પ્રશમરતિગ્રન્થમાં ભગવાન્ ઉમાસ્વાતિજી મ. પણ આ અધિકાર સમજાવતા કહે છેઃ—

किञ्चिच्छुद्धं कल्प्यमकल्प्यं स्यात् स्यादकल्प्यमपि कल्प्यम् ।
पिण्डः शय्या वस्त्रं पात्रं वा भेषजाद्यं वा ॥ १४५ ॥
देश काल पुरुषमवस्थामुपयोगशुद्धिपरिमाणान् ।
प्रसमीक्ष्य भवति कल्प्यं, नैकान्तात् कल्प्यते कल्प्यम् ॥१४६॥

આ કહેવાનો આશય એ છે કે, કેટલાએક વિશિષ્ટ જ્ઞાનયોગીઓ બાહ્યક્રિયામાં કદાચ સકારણ અલ્પ દેખાતાં હોય તો તેઓની તે અલ્પતા જોઇને તેમના પ્રત્યે બહુમાન ઓછું

ન કરવું. તેઓ ઓછા આરાધક છે એવું ન સમજવું. એમ માનવા ને સમજવાથી પોતાને અને શાસનને હાનિ પહોંચે છે. પોતે બાહ્યક્રિયાઓની શુદ્ધિ અધિક જાળવે છે માટે સારો છે ને બીજા ખરાબ છે એ માન્યતા અશાસ્ત્રીય છે. ૪.

બાહ્ય ક્રિયા છઇ બાહિરયોગ, અંતર ક્રિયા દ્રવ્ય-અનુયોગ;
બાહ્યહીન પણિ જ્ઞાન વિશાલ, ભલો કહિઓ મુનિ ઉપદેશમાલ. ૫

બાહ્યક્રિયા એ બહિર્યોગ છે. બાહ્યયોગ કરતાં અન્તર્યોગ બળવાન્ છે, દ્રવ્યાનુયોગ એ અભ્યન્તર યોગ છે. બાહ્યયોગની ન્યૂનતાવાળો મુનિ પણ અભ્યન્તર યોગમાં આગળ વધેલો હોય, વિશિષ્ટ જ્ઞાની હોય તો શ્રી ધર્મદાસગણિજી ઉપદેશ માળામાં કહે છે કે, તે ભલો છે આરાધક છે. ૫.

णाणाहिओ वरतरं, हीणो वि हु पवयणं पभावंतो ।
ण य दुक्करं करंतो, सुट्ठु वि अप्पागमो पुरिसो ॥४२३॥ તથા
हीणस्स वि सुद्धपरूवगस्स, णाणाहिअस्स कायव्वं ॥३४८॥

આ ગાથાર્થ પણ ઉપરની હકીકતને પુષ્ટ કરે છે. એટલે ક્રિયાની ઓછાશ દેખીને જ્ઞાનવંતની અવજ્ઞા ન કરવી, પણ તેવા આત્માઓ જ્ઞાનયોગે શાસનના પ્રભાવક છે, એમ માની તેમનું બહુમાન કરવું, વધારવું. ૫.

દ્રવ્યાદિક ચિંતાઇં સાર, શુકલધ્યાન પણિ લહિઇં પાર;
તે માંહિં એહજ આદરો, સદ્ગુરુ વિણ મત ભૂલા ફરો. ૬

જ્ઞાનયોગની વિશિષ્ટ સાધના કરતાં મુનિની અવજ્ઞા ન કરવી, એ તો સમજાય એવું છે. પણ એ આત્મા વિશિષ્ટ ક્રિયાકાંડમાં ઉપયુક્ત ન રહે તો પોતાનું કલ્યાણ કેમ સાધી શકે ? આત્માનું વિશિષ્ટ કલ્યાણ સાધવા માટે જ્ઞાનયોગ જેમ આવશ્યક છે તેમ ક્રિયાયોગ પણ આવશ્યક જ છે. એ યોગ વગર તો આગળ ન વધાય. જ્ઞાની જો પ્રમાદમાં પડી જાય તો તેનું અવલંબન લઈને અનેક આત્માઓ પ્રમાદ કરવા લાગે ને તેથી સ્વ-પરનું અહિત થાય એ ખરી વાત છે, ઉપર જે જ્ઞાનયોગીને માટે કહેવામાં આવ્યું છે, તે તેના પ્રમાદની પુષ્ટિને માટે નથી પણ જ્ઞાનયોગની મહત્તાને માટે છે. એવા જ્ઞાનયોગીઓ પ્રમાદી ન હોય. અવશ્યકરણીય ક્રિયાકાંડમાં સતત ઉપયુક્ત હોય. જ્ઞાનયોગની વિશિષ્ટ સાધન કરતાં તેઓ કેટલાક બાહ્ય ક્રિયાકાંડને ન સાધી શકતા હોય, છતાં તેઓ જ્ઞાનયોગના સામર્થ્યથી વિશિષ્ટ કલ્યાણ સાધતા હોય છે. દ્રવ્યાનુયોગની વિશિષ્ટ વિચારણા દ્વારા તેઓ ક્ષપકશ્રેણિ માંડે, શુકલધ્યાન ધ્યાવે ને કેવળજ્ઞાન મેળવે છે. આત્મ-દ્રવ્ય-ગુણ-પર્યાય ભેદની ચિંતવના એ શુકલધ્યાનનો પ્રથમ પાયો છે, ને તેના અભેદની ચિંતવના એ બીજો પાયો છે. શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયની ભાવનાથી સિદ્ધસમાપત્તિરૂપ શુકલધ્યાનનું ફળ પ્રાપ્ત થાય છે. પ્રવચનસારમાં કહ્યું છે કેઃ—

જો જાણદિ મોણે, અરિહંતે દવ્વગુણત્તપજ્જયત્તેહિં ।
સો જાણદિ અપ્પાણં, મોહો ખલુ જાદિ તસ્સ લયં ॥ ૧૮૦ ॥

દ્રવ્યાનુયોગની વિચારણા આત્માને દુર્લભ છે. એ જો સાચી રીતે મળી જાય તો આત્માનો બેડો પાર થઇ જાય. બાહ્ય ક્રિયાકાંડ તો તેની અપેક્ષાએ ઘણાં સુલભ છે. ગુરુગમની આ માર્ગમાં ઘણી જરૂર છે. એ લીધા વગર આવા વિચારો આત્માને જો વિપરીતરૂપે પરિણમે તો તે ડૂબી જાય છે. માટે બહુ કાળજીથી આ વિચારોનું રહસ્ય સમજવાનું છે. ૬.

એહનો જેણઈ પામિએ તાગ, એાઘઈ એહનો જેહનઈ રાગ;
એ બે વિન ત્રીજે નહીં સાધ, ભાખિએ સંમતિ અરથ અગાધ. ૭

વિશિષ્ટ ક્રિયાકાંડની સાધના કરતો હોય છતાં પણ જો મુનિ ગીતાર્થ ન હોય અથવા ગીતાર્થની નિશ્રાએ ન હોય તો તે આરાધક નથી. ઉત્સર્ગ અને અપવાદ, સ્વ-સમય ને પરસમય જે જાણે છે તે ખરો સાધુ છે. તેની નિશ્રાએ રહીને આત્મકલ્યાણ સાધતો હોય તે સાધુ છે. એ સિવાય ત્રીજો પ્રકાર નથી. આ વાત સમ્મતિતર્કમાં શ્રી સિદ્ધસેને કહી છે. વ્યવહારસૂત્રમાં પણ આ હકીકત છે.

गीयत्थो य विहारो, बीओ गीयत्थनिस्सिओ भणिओ ।
इत्तो तइय विहारो, नाणुण्णाओ जिणवरेहिं ॥२-३०॥ (व्यवहार)

ગીતાર્થ કોણ કહેવાય ? તેની વ્યવસ્થા આ પ્રમાણે છે.

૧. નિશીથસૂત્રના જાણકાર જઘન્ય ગીતાર્થ.

૨. કલ્પવ્યવહારસૂત્રના જાણ મધ્યમ ગીતાર્થ.

૩. દૃષ્ટિવાદ અધ્યયનના જાણ ઉત્કૃષ્ટ ગીતાર્થ.

વર્તમાનમાં **ઠાણ-સમવાયધરે गीयत्थे** એ પ્રમાણે મધ્યમ ગીતાર્થ કહેવાય છે. આ ગીતાર્થનાં લક્ષણો ચરણકરણાનુયોગને આશ્રયીને છે. દ્રવ્યાનુયોગને આશ્રયીને તો તત્ત્વાર્થાધિગમસૂત્ર સમ્મતિતર્ક વગેરે તર્કશાસ્ત્રના પારંગત ગીતાર્થ કહેવાય છે. ૭.

એ કારણિ ગુરુચરણ અધીન, સમય સમય ધણિ યોગઇ લીન;
સાધું જે કિરિયા વ્યવહાર, તેહ જ અમ્હ મોટો આધાર. ૮

આ સ્વરૂપ સમજીને આત્મા પોતાને માટે નિર્ણય કરે કે, જ્ઞાની ગુરુમહારાજની નિશ્રાએ રહીને ક્ષણ ક્ષણ નવા નવા જ્ઞાનને ભણું, તેમાં લીન બનું, સાધુધર્મનાં વિધિ-અનુષ્ઠાનો આરાધીને આગળ વધું, અમારા આત્માને એ મોટું આલંબન છે. એ મોટો આધાર છે. ઇચ્છાયોગી આત્મા એ રીતે આત્માને સંસ્કારી કરીને તરે છે, લલિતવિસ્તરા, યોગદૃષ્ટિ સમુચ્ચય આદિ ગ્રંથોમાં શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે ઇચ્છાયોગનું સ્વરૂપ આ રીતે દર્શાવ્યું છે. ૮

कर्तुमिच्छो श्रुतार्थस्य, ज्ञानिनोऽपि प्रमादिनः ।
विकलो धर्मयोगो यः, इच्छायोग उदाहृतः ॥ ८ ॥

સંમતિ-તત્ત્વારથ મુખ ગ્રંથ, મોટા જે પ્રવચન નિર્ગ્રંથ;
તેહનો લેશમાત્ર એ લહ્યો, પરમારથ ગુરુ-વયણે રહ્યો. ૯

દ્રવ્યાનુયોગની વિચારણા પણ કેવળ શાસ્ત્રોથી સાંપડતી નથી. ગુરુગમથી તેની અનેક ચાવીઓ મળે છે, એટલે શાસ્ત્રોનું પઠન-પાઠન કરનારે ગુરુસેવા ચૂકવી નહિ. જે ચૂકી જાય તો લાભ કરતાં હાનિ વધારે થાય છે. સમ્મતિતર્ક, તત્ત્વાર્થાધિગમ સૂત્ર વગેરે ગ્રન્થો તે વિશિષ્ટ પ્રવચન ગ્રન્થો છે. તેના સારભૂત પણ ઘણા શાસ્ત્રો છે. પણ તે સર્વ ગુરુનિશ્રાએ રહીને ગુરુગમથી લેવા જેવા છે. નહિં તો નિર્ધન માણસને ધન મળે ત્યારે તે એવો છકી જાય કે, જગતને તૃણ તુલ્ય સમજે, એવું ન બને તેની પૂરતી કાળજી રાખી આગળ વધવું. ૯

'દ્રવ્યગુણપર્યાયનો રાસ' નો સ્વોપજ્ઞ-સ્તબક (ટબો)

ऐन्द्रश्रेणिनतं नत्वा, जिनं [1]तत्त्वार्थदेशिनम् ।
प्रबन्धे [2]लोकबाचाऽत्र, लेशार्थः कश्चिदुच्यते ॥ १ ॥

તિહાં પ્રથમ ગુરુને નમસ્કાર કરીને *પ્રયોજન સહિત અભિધેય દેખાડે છે. શ્રી **જીતવિજય** પંડિત અને શ્રી **નયવિજય** પંડિત એ બેહુ ગુરુને ચિત્તમાંહિ સંભારીને, આતમાર્થી-જ્ઞાનરુચિ જીવના ઉપકારને હેતે દ્રવ્યાનુયોગ વિચાર કરું છું. અનુયોગ કહીએ-સૂત્રાર્થ વ્યાખ્યાન. તેહનાં ૪ (ચાર) ભેદ શાસ્ત્રે કહીયા. ચરણકરણાનુયોગ-આચાર વચન, **આચારાંગ** પ્રમુખ ૧. ગણિતાનુયોગ-સંખ્યાશાસ્ત્ર ચન્દ્રપ્રજ્ઞપ્તિપ્રમુખ ૨, ધર્મકથાનુયોગ-આખ્યાયિકા વચન, જ્ઞાતાપ્રમુખ ૩. દ્રવ્યાનુયોગ-ષટદ્રવ્યવિચાર, સૂત્રમધ્યે-સૂત્રકૃતાંગ. પ્રકરણમધ્યે સંમતિ, તત્ત્વાર્થ પ્રમુખ મહાશાસ્ત્ર ૪. તે માટે એ [3]પ્રબંધ કીજઈ છે. [4]તિહાં પણ દ્રવ્યગુણપર્યાય વિચાર છે. તેણે એ દ્રવ્યાનુયોગ જાણવો. ૧.

(૨) એહનો મહિમા કહે છે. દ્રવ્ય અનુયોગ વિચાર વિના કેવળ ચરણસિત્તરી-કરણસિત્તરીનો સાર કોઇ નહીં, એહવું સંમતિગ્રંથને વિષે કહ્યું. તે તો બુધજન મનમાંહે વસ્યું. પણ બાહ્યદૃષ્ટિના ચિત્તમાં ન વસે. યથા—

चरणकरणप्पहाणा, ससमयपरसमयमुक्कवावारा ।
चरणकरणस्स सारं, णिच्छयसुद्धं न जाणंति ॥ ३ काण्डे ६७

ગાથા સંમતૌ ૨.

(૩) એ કહ્યું, તેહજ દૃઢે છે. (તે દૃઢ કરે છે), શુદ્ધાહાર-૪૨ દોષરહિત આહાર, ઇત્યાદિક યોગ છે, તે તનુ-કહેતાં નાના કહીએ. દ્રવ્ય-અનુયોગ-જે સ્વસમય પરસમય પરિજ્ઞાન, તે મોટો યોગ કહીએ. જે માટે શુદ્ધાહારાદિક સાધન સ્વાધ્યાયનું જ છે. એ સાખિ (સાક્ષી) ઉપદેશપદાદિક ગ્રંથે લહીને શુભ પંથિ-ઉત્તમ માર્ગે ચાલો. બાહ્ય વ્યવહાર પ્રધાન કરીને, જ્ઞાનની ગૌણતા કરવી તે અશુભ માર્ગ, જ્ઞાન પ્રધાનતા રાખવી તે ઉત્તમ માર્ગ. અતએવ-જ્ઞાનાદિક ગુણ-હેતુ-ગુરુકુલ વાસ છાંડી, શુદ્ધાહારાદિ યતનાવંતને મહાદોષે ચારિત્ર હાનિ કહી છે. ૩

***ગ્રંથકારનું ટિપ્પણ**—પહેલે એ પદે મંગલાચરણ દેખાડ્યું. નમસ્કાર કર્યા તે. ૧, આત્માર્થી-ઇહાં-અધિકારી. ૨. તેહને અવબોધ થાસ્યે-ઉપકારરૂપ પ્રયોજન. ૩. દ્રવ્યનો અનુયોગ તે ઇહાં અધિકાર.

પાઠાન્તર—૧ **बोधार्थं.** ૨ **लोकबोधो.** ૩ પ્રકરણ. ૪ તિહાં દ્રવ્યે ગુણ.

गुरुदोषारम्भितया, लब्धिकरणयत्नतो निपुणधीभिः ।
सन्निन्दादेश्च तथा, ज्ञायत एतन्नियोगेन ॥ १. ९. ॥ षोडशके. ३

(૪) એ યોગે દ્રવ્યાનુયોગ વિચારરૂપ જ્ઞાનયોગે, જે રંગ [1]અસંગસેવા રૂપ લાગે, સમુદાય મધ્યે જ્ઞાનાભ્યાસ કરતાં કદાચિત્ આધાકર્માદિક દોષ લાગે, તોહિ ચારિત્રભંગ ન હોએ. ભાવશુદ્ધિ બલવંત છે. તેણે ઇમ પંચકલ્પભાષ્યે ભણિઉં તથા સદ્ગુરૂ પાસે સાંભલ્યું. ૪.

અતએવ કલ્પ્યાકલ્પ્યનો અનેકાંત શાસ્ત્રે કહ્યો છે.

आहागडाइं भुंजंति, अण्णमण्णे सकम्मुणा ।
उवलित्ते वियाणिज्जा, अणुवलित्ते त्ति वा पुणो ॥ २. ५. ८.

एएहिं दोहिं ठाणेहिं, ववहारो ण विज्जइ ।
एएहिं दोहिं ठाणेहिं, अणायारं तु जाणए ॥ २. ९. ॥
२ अङ्गे २१ अध्ययने.

किञ्चिच्छुद्धं कल्प्यमकल्प्यं स्यात् स्यादकल्प्यमपि कल्प्यम् ।
पिण्डः शय्या वस्त्रं पात्रं वा भेषजाद्यं वा ॥ १४५ ॥
देशं कालं पुरुषमवस्थामुपयोगशुद्धिपरिमाणान् ।
प्रसमीक्ष्य भवति कल्प्यं, नैकान्तात् कल्प्यते कल्प्यम् ॥ १४६ ॥
प्रशमरतौ ४.

(૫) બાહ્યયોગ આવશ્યકાદિ રૂપ બાહ્યયોગ છે. દ્રવ્યઅનુયોગ–સ્વસમય પરિજ્ઞાન તે અંતરંગ ક્રિયા છે. બાહ્યક્રિયાએ હીન પણ જે જ્ઞાન–વિશાલ મુનીશ્વર–તે ઉપદેશમાલા મધ્યે ભલો કહ્યો છે. યતઃ—

नाणाहिओ वरतरं हीणो वि हु पवयणं पभावंतो ।
ण य दुक्करं करंतो सुट्ठु वि अप्पागमो पुरिसो ॥ ४२३॥ तथा—
हीणस्स वि सुद्धपरूवगस्स नाणाहिअस्स कायव्वं ॥ ३४८ ॥

તે માટે ક્રિયાહીનતા દેખીને પણ જ્ઞાનવંતની અવજ્ઞા ન કરવી તે જ્ઞાનયોગે કરી પ્રભાવક જાણવો. ૫

(૬) કોઈ કહેસ્યે જે 'ક્રિયાહીન જ્ઞાનવંતને ભલો કહ્યા તે દીપક સમ્યક્ત્વની અપેક્ષાએ પણ ક્રિયાની હીનતાએ જ્ઞાનથી પોતાનો ઉપકાર ન હોય.' તે શંકા ટાળવાને 'દ્રવ્યાદિ જ્ઞાન જ શુક્લધ્યાન-દ્વારાએ મોક્ષકારણ માટે ઉપાદેય છે' એમ કહે છે—

દ્રવ્યાદિકની ચિંતાએ શુક્લધ્યાનનો પણ પાર પામીએ, જે માટે આત્મદ્રવ્ય–ગુણ–પર્યાય ભેદ ચિંતાએ શુક્લધ્યાનનો પ્રથમ ભેદ હોયે અને તેહની અભેદ ચિંતાએ દ્વિતીય પાદ હોએ, તથા શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાયની ભાવનાએ 'સિદ્ધ સમાપત્તિ' હોયે, તો તે શુક્લધ્યાનનું ફળ છે.

प्रवचनसारेऽप्युक्तम्—

जो जाणदि अरिहंते, दव्वत्तगुणत्तपज्जयत्तेहिं ।
सो जाणदि अप्पाणं, मोहो खलु जादि तस्स लयं ॥ १. ८० ॥

તે માટે એહ જ દ્રવ્યાનુયોગ આદરો. પણ સદ્ગુરુ વિના સ્વમતિ કલ્પનાએ ભૂલા ન ફિરસ્યો. ૬

---

૧ આસંગ રસરૂપ–આસક્તિ.

(૭) જ્ઞાન વિના ચારિત્ર માત્રે જે સંતુષ્ટ થાએ છે, તેહને શિક્ષા કહે છે. 'એહનો-દ્રવ્યાનુયોગનો જેણે તાગ પામિઓ-સંમતિ પ્રમુખ તર્કશાસ્ત્ર ભણીને જે ગીતાર્થ થયો તેહ. તથા ઓધે-સામાન્ય પ્રકારે, એહનો-દ્રવ્યાનુયોગનો જેહને રાગ છે, તે ગીતાર્થ નિશ્રિત, એ બે વિના ત્રીજો સાધુ નહીં.' એહવો અગાધ અર્થ સંમતિ મધ્યે ભાખ્યો છે. તે માટે જ્ઞાન વિના ચારિત્ર જ ન હોએ. **उक्तं च**—

गीयत्थो य विहारो, बीओ गीयत्थ-निस्सिओ भणिओ ।
इत्तो तइय विहारो, नाणुण्णाओ जिणवरेहिं ॥ २-३० ॥ (व्यवहारे)

એટલો વિશેષ જે ચરણકરણાનુયોગ દૃષ્ટિ-નિશીથકલ્પ-વ્યવહાર-દૃષ્ટિવાદાધ્યયને જઘન્ય મધ્યમોત્કૃષ્ટ ગીતાર્થ જાણવા. દ્રવ્યાનુયોગદૃષ્ટિ તે સંમત્યાદિ તર્કશાસ્ત્ર પારગામી જ ગીતાર્થ જાણવો, તેહની નિશ્રાએ જ અગીતાર્થને ચારિત્ર કહેવું. ૭.

(૮) એ દ્રવ્યાનુયોગની લેશથી પ્રાપ્તિ પોતાના આત્માને કૃતકૃત્યતા કહે છે. તે કારણે દ્રવ્યાનુયોગની બલવત્તાને હેતે ગુરુચરણને અધીન થકા એણે કરી મતિકલ્પના પરિહરિ-સમય સમય ધર્મ યોગે-દ્રવ્યાનુયોગે, લીન-આસક્ત થકા, જે ક્રિયા વ્યવહાર સાધુ છું, તેહિજ અમ્હને મોટો આધાર છે, જે માટે ધર્મ ઇચ્છાયોગ સંપજે. **तल्लक्षणम्**—

कर्तुमिच्छोः श्रुतार्थस्य, ज्ञानिनोऽपि प्रमादिनः ।
विकलो धर्मयोगो यः, इच्छायोग उदाहृतः ॥ ७ ॥
ललितविस्तरादौ [योगदृष्टि०] ८

(૯) એમ ઇચ્છાયોગે રહી અમ્હે પર ઉપકારને અર્થે દ્રવ્યાનુયોગ વિચાર કરું છું પણ એટલે જ સંતુષ્ટિ ન કરવી. વિશેષાર્થીએ ગુરુસેવા ન મૂકવી એમ હિતશિક્ષા કહે છે. સંમતિ-તત્ત્વાર્થ-પ્રમુખ જે મોટા નિર્ગ્રંથ-પ્રવચન રૂપ છે, તેહનો લવલેશ માત્ર એ લહો; જે એ પ્રબંધમાંહે બાંધ્યો છે, પણ પરમાર્થે ગુરુવચને રહ્યો. થોડું જાણીને ગર્વ મ કરશો. **अधनेन धनं प्राप्तं, तृणवन् मन्यते जगत्** । એ દૃષ્ટાન્તે અત એવ ઉપરલા ચાર નય અતિ ગંભીર, ઘણાંને ન પરિણમે ધ્રમ જાણીને સિદ્ધાંતે પહીલાં દેખાડ્યા નથી અને ગંભીર-ગુરુ અધીનતાએ જ દેવા કહ્યા છે. ૯.

ઇતિ પ્રથમ ઢાળ સંપૂર્ણ.



ઢાળ બીજી

[ધન ધન સંપ્રતિ સાચો રાજા–એ દેશી.]

ગુણ પર્યાય તણું જે ભાજન, એકરૂપ ત્રિહું કાલિં રે;
તેહ દ્રવ્ય નિજ જાતિં કહિઇં, જસ નહી ભેદ વિચાલઇં રે.
જિનવાણી રંગઇં મનિ ધરિઇં. ૧

દ્રવ્યનું સ્વરૂપ લક્ષણ–ગાથા–૧

ગુણ અને પર્યાયનું જે પાત્ર અને ત્રણે કાળમાં એકરૂપ તે દ્રવ્ય કહેવાય છે. પોત-પોતાની જાતિની અપેક્ષાએ તે દ્રવ્ય કહેવાય છે. અવસ્થાભેદ થવાથી તેમાં ભિન્નતા આવતી નથી.

આત્મા એ દ્રવ્ય છે. તેમાં જ્ઞાનાદિ ગુણપર્યાયો રહે છે. ને તે ત્રણે કાળમાં એકરૂપ છે. ચેતન મટીને જડ થતો નથી.

પુદ્ગલ એ દ્રવ્ય છે. તેમાં રૂપાદિ ગુણપર્યાયો રહે છે. ત્રણે કાળમાં પુદ્ગલ પુદ્ગલસ્વરૂપ જ રહે છે. તે જડ મટીને ચેતનરૂપ થતા નથી. એ પ્રમાણે ધર્માસ્તિકાય–અધર્માસ્તિકાય આકાશા-સ્તિકાય ને કાળ માટે પણ સમજવું.

વ્યવહારમાં ઘટપટ વગેરે દ્રવ્યો ગણાય છે. પૃથ્વી પાણી આદિને દ્રવ્યો ગણાવવામાં આવે છે. તે સર્વ આપેક્ષિક દ્રવ્યો છે. વાસ્તવમાં તો તે સર્વ પુદ્ગલ દ્રવ્ય છે, પણ આકૃતિ-વિશેષ અને ગુણવિશેષના આધાર હોવાથી દ્રવ્ય કહેવાય છે. તે આપેક્ષિક દ્રવ્યો મૂળભૂત દ્રવ્યના વાસ્તવપણે તો પર્યાયો હોય છે. દેવ–મનુષ્ય–તિર્યંચ આદિ મૂળભૂત આત્મદ્રવ્યના પર્યાયો હોવા છતાં તેના જુદા જુદા પર્યાયો અને ગુણની અપેક્ષાએ દ્રવ્યરૂપ ગણાય છે.

પરસ્પર સંકળાએલા પદાર્થોનું સ્વરૂપ સમજવાનું હોય ત્યારે એક સ્વરૂપમાં બીજાની અને બીજાના સ્વરૂપમાં પ્રથમની અપેક્ષા લેવી પડે છે. એ સિવાય તે સ્વરૂપ સમજી શકાતું નથી. ગુરુ–શિષ્ય, પિતા–પુત્ર આદિમાં એકની અપેક્ષા જતી કરીએ તો અન્ય પણ સ્થિર નહિં થાય. દ્રવ્યના સ્વરૂપમાં ગુણ–પર્યાયની અને ગુણ–પર્યાયમાં દ્રવ્યની અપેક્ષા રહેવાની જ. એમ કોઈપણ એકની અપેક્ષા છોડી દઇને તેનું સ્વરૂપ વિચારવાનું બની શકશે નહિં.

બીજા દર્શનકારો પણ જે દ્રવ્યના જુદા જુદા લક્ષણો કરે છે, તેમાં પણ આ સ્થિતિ કાયમ રહે છે. સમવાયિકારણત્વ જેમાં હોય તે દ્રવ્ય કહેવાય, એમ નૈયાયિક કહે છે. ત્યાં પુછવામાં આવે છે કે કોનું સમવાયિ કારણ–એટલે ગુણાદિની અપેક્ષા લેવી જ પડે છે.

દ્રવ્યત્વજાતિ જેમાં રહે તે દ્રવ્ય કહેવાય. એમ કહેવામાં પણ દ્રવ્યત્વજાતિના નિર્વચનમાં અનેક વિચારણાઓની અપેક્ષા કરવી પડે છે. આ સર્વ અનિવાર્ય સ્થિતિ છે. એટલે गुणपर्यायवद् द्रव्यम्. । અ. ૫. સુ. ૩૭ । એ પ્રમાણે શ્રી તત્ત્વાર્થાધિગમસૂત્રમાં દ્રવ્યનું સ્વરૂપલક્ષણ સર્વાંગસુન્દર છે.

ધરમ કહીજઇ ગુણ સહભાવી, ક્રમ ભાવી પર્યાયો રે;
ભિન્ન-અભિન્ન ત્રિવિધ તિર્યે લક્ષણુ, એક પદારથ પાયો રે. જિન૦ ૨

જિમ મોતી ઉજ્વલતાદિકથી, મોતીમાલા અલગી રે;
ગુણ પર્યાય વ્યક્તિથી જાણો, દ્રવ્ય-શક્તિ તિમ વલગી રે. જિન૦ ૩

ગુણપર્યાયનું સ્વરૂપ અને તેની દ્રવ્ય સાથે ભેદાભેદતા. ગાથા ૨-૩.

દ્રવ્યની સાથે જે સતત ધર્મ રહે છે, તે ગુણ કહેવાય છે અને ક્રમશઃ જે ધર્મ રહે છે તે પર્યાય કહેવાય છે.

દ્રવ્યની જે જાતની કલ્પના કરી હોય તેને અનુસારે ગુણ-પર્યાયની વિચારણા કરવાની હોય છે. મૂળભૂત દ્રવ્યો જે આત્મા, પુદ્ગલ, ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય-આકાશાસ્તિકાય અને કાળ છે. તેમાં અનુક્રમે ઉપયોગગુણ, ગ્રહણગુણ, ગતિકારણતા, સ્થિતિકારણતા, અવગાહનાકારણતા અને વર્તનાકારણતા એ સતત રહેતાં ગુણો છે, નર-નારકાદિ જીવના પર્યાયો છે. રૂપ-રસાદિના પરાવર્તનો એ પુદ્ગલના પર્યાયો છે. ભિન્ન ભિન્ન જીવ-પુદ્ગલોને સંચરણ દેશવિશેષમાં કરાવવું-સ્થિતિ દેશ વિશેષમાં કરાવવી ને અવગાહના દેવી એ ધર્માધર્મ ને આકાશના પર્યાયો છે. વર્તનાવિશેષ કરાવવી એ કાલના પર્યાયો છે.

આ દ્રવ્ય-ગુણ અને પર્યાય ત્રણે પોતપોતાના સ્વરૂપલક્ષણને સ્વતંત્ર ધારણ કરતાં હોવાથી ભિન્ન છે. સમાનસ્થળે અવસ્થિત હોવાથી અભિન્ન છે. એટલે તેનું વાસ્તવસ્વરૂપ તો ભિન્નાભિન્ન છે. એ રીતે દરેકના ત્રણ પ્રકાર છે. દ્રવ્ય-ગુણ અને પર્યાય એ ત્રણના ભિન્ન-અભિન્ન અને ભિન્નાભિન્ન એમ ત્રણ પ્રકાર કલ્પીએ તો એક અપેક્ષાવિશેષે નવ પ્રકાર થાય. આ ત્રણેના ત્રણ પ્રકારો સમજવા માટે તેનું સ્વરૂપલક્ષણ-જે ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્ય છે, તે બરાબર વિચારવું. એ જેટલું સ્થિરપણે સમજાય તેટલું ઉપરનું સ્વરૂપ દૃઢપણે સમજાય છે ને સ્થિર થાય છે.

દ્રવ્ય-ગુણ ને પર્યાયની ભિન્નતા ગાથા ૩

દ્રવ્ય-ગુણ ને પર્યાય એ ત્રણે પરસ્પર ભિન્ન-અભિન્ન અને ભિન્નાભિન્ન છે, એ જાણ્યા પછી ભિન્ન કઈ રીતે છે તે જાણવાની જિજ્ઞાસા પ્રથમ જાગૃત થાય એ સ્વાભાવિક છે.

કોઈપણ પદાર્થની વિચારણા કરવાની હોય ત્યારે તેમાં પ્રથમ બે પ્રકાર પડે છે, એક સામાન્ય અને બીજો વિશેષ. એ બે પ્રકાર સિવાય વસ્તુની વિચારણા થઇ શકતી નથી. સામાન્યની અપેક્ષા વસ્તુમાં દ્રવ્યત્વની સ્થાપના કરે છે અને વિશેષની અપેક્ષા ગુણ-પર્યાયની સ્થાપના કરે છે.

વસ્તુમાં એક સામાન્યની અપેક્ષા એવી રહેલી હોય છે કે, જે તે વસ્તુમાં છેલ્લા દ્રવ્યત્વની સ્થાપનાને સ્થિર કરી દે છે ને તે દ્રવ્યત્વને બસેડીને ગુણ-પર્યાયપણાને સ્થાપના કરી શકાતા નથી. એ સામાન્ય ચરમસામાન્ય અથવા પરમસામાન્ય તરીકે ઓળખાય છે. એજ પ્રમાણે ચરમવિશેષ અને પરમવિશેષનું પણ એવું સામર્થ્ય છે કે, તેના સ્થાપન કરેલા ગુણ-પર્યાય પણ દૂર કરીને ત્યાં દ્રવ્યત્વની સ્થાપના કરી શકાતી નથી.

જેમ મોતિની માળામાં દ્રવ્ય, ગુણ અને પર્યાય એ ત્રણનો વિચાર આ પ્રમાણે કરી શકાય. મોતિની માળા એ સામાન્ય છે, માટે એ દ્રવ્ય છે, તેમાં તે તે મોતિ એ વિશેષ છે માટે પર્યાય. માળામાં ઉજ્જવલતા એ ગુણ છે, કારણ કે એ પણ વિશેષ છે. અહિં એ વાત ખાસ લક્ષ્યમાં રાખવાની છે કે, ઉપર જણાવ્યા એ દ્રવ્ય-પર્યાય સાપેક્ષભાવે છે. સેંકડો માળાઓમાં આ માળા મોતિની છે, આ પ્રમાણે માળાને વિશેષિત મોતિ કરે છે- માળા તો સામાન્ય રહે છે, માટે મોતિ વિશેષ છે, મોતિ વિશેષ હોવાને કારણે પર્યાય છે, ને માળા સામાન્ય હોવાને કારણે દ્રવ્ય છે. આ અપેક્ષાને બદલે જો મોતિની અનેક વસ્તુઓ હોય-જેમ કે માળા, વલય, કર્ણફૂલ, મુદ્રિકા આદિ તો તે સર્વમાં મોતી સામાન્ય રહે છે ને તે ભૂષણો વિશેષ બને છે એવી અપેક્ષા હોય ત્યારે એ મોતી દ્રવ્ય ગણાય છે અને માળા-વલય વગેરે પર્યાય ગણાય છે. ગુણ તરીકે ઉજ્જવલતા તો બન્ને અપેક્ષામાં સમાન છે.

આજ પ્રમાણે માટીના ઘડા માટે સમજવું. માટીની અનેક વસ્તુઓમાં માટી સામાન્ય છે અને તે તે વસ્તુઓ વિશેષ છે, એટલે માટી દ્રવ્ય છે અને તે તે વસ્તુઓ પર્યાય છે. પણ ઘણી જાતના ઘડાઓ લઇએ, જેવા કે માટીના-સોનાના-ચાંદીના-તાંબાના-પિત્તળના તો તેમાં ઘટ એ સામાન્ય છે અને માટી-સોનું-રૂપું-તાબું-પિત્તળ એ વિશેષ છે એટલે તે અપેક્ષામાં ઘટ એ દ્રવ્ય છે અને માટી વગેરે પર્યાય છે. ત્યાં પણ રૂપ વગેરે તો ગુણરૂપે રહે છે.

આથી સ્પષ્ટ સમજાય છે કે, સાપેક્ષભાવે દ્રવ્યથી ગુણ-પર્યાય જુદા છે. અરસપરસ સંબંધથી સંકળાએલા છે. આ સ્વરૂપ મનમાં સ્થિર રહે તે માટે નીચેના નિયમો ખાસ અવધારણ કરી રાખવા કરવા જરૂરી છે.

સામાન્ય—પદાર્થને દ્રવ્યરૂપ સમજાવતું તત્ત્વ.

વિશેષ—પદાર્થને ગુણ-પર્યાયરૂપ સમજાવતું તત્ત્વ. તેમાં જે દ્રવ્યમાં વધુ અને વિશેષ સમય સ્થિર રહે તે વિશેષ છે, તે ગુણરૂપ સમજાવે છે અને અલ્પ દેશ-કાળને અવલંબતો જે વિશેષ છે, તે પર્યાયરૂપ જણાવે છે.

ઊરધતા સામાન્ય શકિત તે, પૂરવ અપર ગુણ કરતી રે;
પિંડ કુસૂલાદિક આકારિં, જિમ માટી અણુફીરતી રે. જિન૦ ૪
ભિન્ન વિગતિમાં રૂપ એક જે, દ્રવ્યશક્તિ જગિ દાખઇ રે;
તે તિર્યક સામાન્ય કહીજઇ, જિમ ઘટ ઘટપણુ રાખઇ રે. જિન૦ ૫

સામાન્યના પ્રકારો અને સ્વરૂપ ગાથા ૪–૫.

સામાન્યના બે પ્રકારો છે. એક કાળને સ્પર્શતું સામાન્ય અને બીજું દેશને સ્પર્શતું સામાન્ય. પલાળેલી શુદ્ધ માટીનો પિંડ ચાકડા ઉપર ચડાવ્યા પછી ઘડો થાય ત્યાંસુધીમાં વચમાં અનેક આકારો ફરી જાય છે. પ્રથમ છીંછરો રકેબી જેવો આકાર થાય પછી ઉભો કોઠી જેવો આકાર થાય વળી પાછો આકાર બદલાય એમ અનેક આકારો ફરતા ફરતા છેવટે ઘડો બને છે. આ બદલાતા સર્વ આકારોમાં માટી તો તેની તે જ હોય છે, એ સર્વજન પ્રત્યક્ષ સિદ્ધ છે. માટી કાંઈ ફરી જતી નથી. એ જુદા જુદા પિંડ–કોઠી વગેરે આકારોમાં સામાન્યપણે રહેતી જે માટી છે તે દ્રવ્ય છે અને તેને દ્રવ્યરૂપે સમજાવાતું સામાન્ય એ ઊર્ધ્વતાસામાન્ય છે.

અર્થાત્ જે સામાન્ય કાળને અવલંબે છે તે ઊર્ધ્વતાસામાન્ય કહેવાય છે.

જો આ ઊર્ધ્વતાસામાન્ય માનવામાં ન આવે તો ક્ષણે ક્ષણે પલટાતા પર્યાયોમાં અનુગત પ્રતીતિ જે થાય છે તે ન થાય અને અનુગત પ્રતીતિ ન થાય તો ક્ષણે ક્ષણે ફરી જતા દરેક પદાર્થો જુદા જુદા માનવા જોઇએ. જેમ બૌદ્ધ માને છે તેમ, પણ તેમ છે નહિ. અનુગત પ્રતીતિ તો દરેકને થાય છે. હજારો આકારો ફરી જાય પણ એ માટી છે એમ નાના બાળકને કે અભણ ભરવાડને પૂછીએ તો તે પણ કહેશે. ક્ષણે ક્ષણે ફરી જતો ઘડો એ ઘડો છે એ સર્વાનુભવસિદ્ધ છે.

જુદા જુદા અનેક દ્રવ્યો અને તે પણ કાળ વિશેષને સ્પર્શતા જે વિશ્વમાં પ્રસિદ્ધ છે તે સર્વ સાપેક્ષ સામાન્યને આધારે છે. આવું સામાન્ય નૈગમનયને મતે સારી રીતે સમજાય છે. આવા અવાન્તર સામાન્યોને શુદ્ધ સંગ્રહનય માન્ય રાખતો નથી, તે તો એક પરમ સામાન્યને માને છે ને તેથી પદાર્થમાત્રને એક રૂપ આપી સદ્ અદ્વૈતને સિદ્ધ કરે છે.

એક જ કાળે અનેક વસ્તુઓમાં જે એકસરખી સમાન પ્રતીતિ કરાવે છે તે દેશવ્યાપી સામાન્ય છે. જેમ સેંકડો ઘડાઓ જુદા જુદા હોવા છતાં એકી વખતે કહેવાય છે કે આ સર્વ ઘડાઓ છે. આ અનેક ઘડાઓમાં પણ ઘડાપણાને સમજાવનાર જે તત્ત્વ તે તિર્યક્સામાન્ય કહેવાય છે.

તિર્યક્સામાન્ય એટલે એક જ વખતે જુદા જુદા દેશમાં રહેલ પદાર્થોને એકરૂપે સમજાવતું તત્ત્વ.

આ તિર્યક્સામાન્ય માનવામાં ન આવે તો ઘટ અને પટ જેમ ભિન્ન છે તેમ એક ઘડાથી બીજો ઘડો પણ ભિન્ન છે એમ માનવું જોઇએ. જો કે એક ઘડાથી બીજો ઘડો ભિન્ન તો છે જ પણ ઘટ–પટની જેમ નહિં. ઘડો–ઘડાની નાતનો છે. ને વસ્ત્ર–વસ્ત્રની નાતનું છે. હજારો ઘડાને એકરૂપે સમજાવતું તત્ત્વ તિર્યક્સામાન્ય છે.

આમ આ ઊર્ધ્વતાસામાન્ય અને તિર્યક્સામાન્ય એ બન્ને માનવા જોઇએ. એકેનો અપલાપ થઇ શકે નહિ. બન્નેનું કાર્યક્ષેત્ર લગભગ સરખું જણાય છે છતાં જુદું છે. અહિં

એક વાતની વિચારણા ખાસ સમજવા જેવી છે તે એ કે દિગમ્બરોમાં કેટલાએક એમ કહે છે કે, કાળપ્રચય તો છએ દ્રવ્યોમાં છે માટે એ છએ દ્રવ્યોમાં કાળપર્યાયરૂપ ઊર્ધ્વતા-સામાન્યપ્રચય માનવો, અને કાળને અવયવસમૂહ ન હોવાથી તેનો તિર્યક્પ્રચય નથી. અને બીજા દ્રવ્યોને છે માટે કાળ સિવાય પાંચ દ્રવ્યોને તિર્યક્સામાન્યપ્રચય માનવો, આમ જે દિગંબરો સામાન્યની સાથે એક પ્રચય શબ્દ ઉમેરીને કાંઇક નવીન અને વિશેષ સમજવા તથા સમજાવવા પ્રયત્ન કરે છે પણ તે વ્યાજબી નથી. એમ માનવાથી બીજા અનેક દોષો ઉભા થાય છે.

૧ એક જ ઘટમાં તિર્યક્પ્રચય છે પણ તિર્યક્સામાન્ય નથી એટલે પ્રચય હોય ત્યાં સામાન્ય હોય એમ કહી શકાય નહિં.

૨ પરમાણુમાં અનેક પરમાણુઓની અપેક્ષાએ તિર્યક્સામાન્ય છે પણ તિર્યક્પ્રચય નથી એટલે તિર્યક્સામાન્ય હોય ત્યાં તિર્યક્પ્રચય હોવો જ જોઇએ એમ નહિં.

આમ કોઇપણ રીતે એ વ્યાપ્તિ સ્થિર રહેતી નથી માટે પ્રચય શબ્દથી વિચારણામાં ગૂંચવણ ઉભી કરવી નહિં.

શકતિ માત્ર તે દ્રવ્ય સર્વની, ગુણપર્યાયની લીજઇ રે;
કારય રૂપ નિકટ દેખીનઇ, સમુચિત શકતિ કહીજઇ રે. જિન૦ ૬
ઘૃતની શકતિ યથા તૃણુ ભાવઇ, જાણી પિણુ ન કહાઇ રે;
દુગધાદિક ભાવઇ તે જનનઇ, ભાખી ચિત્ત સુહાઇ રે. જિન૦ ૭
ધરમ શકતિ પ્રાણીનઇ પૂરવ, પુદ્ગલનઇ આવર્તઇ રે;
ઓઘઇ સમુચિત જિમ વલી કહિંઇ, છેહલિં તે આવર્તઇ રે. જિન૦ ૮
કારય ભેદઇ શકતિ ભેદ ' ઇમ, વ્યવહારિં વ્યવહરિંઇ રે;
નિશ્ચય ' નાના કારય કારણુ, એક રૂપ ' તે ધરિંઇ રે. જિન૦ ૯

ઊર્ધ્વતા સામાન્ય શક્તિના ભેદ અને સમજણ ગાથા ૬-૭-૮-૯.

જુદા જુદા કાળમાં પરિવર્તન પામતી વસ્તુમાં જે એકતાની પ્રતીતિ કરાવે છે તે ઊર્ધ્વતાસામાન્ય છે. એ સ્થિરપણે સમજાય ત્યારે તેમાં જે થોડી ઝીણવટ છે એ સમજી લેવી આવશ્યક છે. તે સમજણ આ પ્રમાણે છે.

માટીનો પિંડ ચાકડા ઉપર ચડાવ્યો અને જુદા જુદા આકારો ફરતા ગયા તે સર્વમાં માટીની પ્રતીતિ કરાવનાર તત્ત્વ-શક્તિ વિશેષ છે એ સ્પષ્ટ જણાય છે અને તેથી જ ગમે તે તે સર્વ વસ્તુઓમાં માટી છે એમ જાણી શકે છે. પણ કેટલીક વસ્તુઓમાં કોઈ જુદી જ વસ્તુના તત્ત્વ-શક્તિવિશેષ છૂપાઇને રહેલા હોય છે. ત્યાં છૂપાઇને રહેલા તત્ત્વ-શક્તિવિશેષને આશ્રયીને તે વસ્તુ તેમાં છે એમ લોકને પ્રતીતિ કરાવી શકાતી નથી અને વાસ્તવમાં વસ્તુ

નથી એમ પણ કહી શકાય નહિ. જેમ કે 'ઘાસમાં ઘી છે' એમ કોઇને કહીએ તો એ વાત તેને બંધબેસતી ન લાગે એ સ્વાભાવિક છે, પણ તેથી ઘાસમાં ઘી નથી એમ તો ન જ કહેવાય. કારણ કે જો ઘાસમાં ઘી ન હોય તો તેમાંથી થતું દૂધ, તેથી બનતું દહીં, તેમાંથી નીકળતું માખણ અને આખર બનતું ઘી આવ્યું કયાંથી? ઘાસમાંથી પરંપરાએ ઘી બને છે એ નિર્વિવાદ સિદ્ધ છે. એટલે ઘાસમાં ઘી છે એ ચોક્કસ છે. પણ આ શક્તિ-વિશેષ દબાએલ છે, દૂર દૂર જઇને કાર્યરૂપે પરિણમે છે એટલે તેને ઓઘ-ઊર્ધ્વતા-સામાન્ય શક્તિ કહેવામાં આવે છે. ટૂંકમાં તે ઓઘશક્તિ પણ કહી શકાય. આ ઓઘશક્તિને સ્વરૂપ યોગ્યતારૂપ કારણ તરીકે ઓળખી શકાય.

જ્યારે તે જ વસ્તુ કાર્યની નજીક આવે ત્યારે તે વસ્તુમાં તેનું ભાન કરાવી શકાય છે. દૂધ-દહીં વગેરેમાં ઘી છે એ સમજાવવું મુશ્કેલ પડતું નથી. કારણ કે દૂધ-દહીં આદિ ઘીની નજીકમાં છે. દૂધ-દહીં આદિમાં રહેલ ઘીની શક્તિને સમુચિત શક્તિ કહેવામાં આવે છે.

ઓઘશક્તિઃ-પરંપરકારણમાં રહેલી શક્તિ.

સમુચિતશક્તિઃ-અનંતરકારણમાં રહેલી શક્તિ.

ઓઘશક્તિયુક્ત કારણ તે પ્રયોજક કહેવાય અને સમુચિતશક્તિવાળું કારણ તે અનન્ય કારણ કહેવાય. અથવા અનન્યથા સિદ્ધ કારણ કહેવાય.

આ ઓઘશક્તિ અને સમુચિતશક્તિની યથાવસ્થિત સમજ થાય એટલે પરમાણુમાત્રમાં વિશ્વવર્તિ દરેક પૌદ્ગલિક પદાર્થરૂપે પરિણમવાની શક્તિ છે એટલે પરમાણુમાં દરેક પદાર્થો ઓઘશક્તિથી રહેલા છે એ સમજવું કે સમજાવવું મુશ્કેલ પડે નહિં. પુદ્ગલ-પરાવર્તનું સ્વરૂપ આ હકીકત સ્પષ્ટ કરે છે. સમુચિતશક્તિથી તો તે તે પરમાણુ આદિ તે તે કાર્યની અત્યંત નિકટ આવે ત્યારે જ તેના કારણરૂપે ઓળખાવી શકાય. વ્યવહાર સમુચિતશક્તિ ઉપર નિર્ભર છે પણ તેથી ઓઘશક્તિનો અપલાપ કરી શકાય નહિ. જેમાં જે પદાર્થની ઓઘશક્તિ ન હોય તે કદીપણ સમુચિતશક્તિની કક્ષામાં આવી શકે નહિં.

ભવ્યાત્મામાં જે ધર્મશક્તિ છે તે છેલ્લા પુદ્ગલપરાવર્ત પહેલાં ઓઘશક્તિ છે અને છેલ્લા પુદ્ગલપરાવર્તમાં તે સમુચિતશક્તિ છે. જો ભવ્યાત્મામાં છેલ્લા પુદ્ગલપરાવર્ત પહેલાંના અનંત પુદ્ગલપરાવર્તોમાં ઓઘથી પણ ધર્મશક્તિ ન હોય તો છેલ્લા પુદ્ગલપરાવર્તમાં પણ તે પ્રકટ ન થાત. 'અસત્ ભાવ ઉપજતો જ નથી.' 'नासतो विद्यते भावः' અસત્ પણ પ્રકટતા હોત તો [૧]સસલાને પણ શીંગડા ઊગત, પણ એમ કદી બનતું નથી.

ભવ્યાત્માના અચરમ પુદ્ગલપરાવર્તકાળને ભવ-બાલ્યકાળ કહ્યો છે અને ચરમ પુદ્ગલ-પરાવર્તકાળને ધર્મયૌવનકાળ કહ્યો છે. તે આ જ કારણે.

---

૧ સસલું સત્ છે અને શીંગડા પણ સત્ છે પણ સસલાના શીંગડા એ સત્ નથી. અસત્ માટે કોઇપણ ઉદાહરણ આપવું હોય ત્યારે આ રીતે સંબંધથી અસતનું ઉદાહરણ આપી શકાય છે. વાસ્તવિક અખંડ વસ્તુ કોઈ પણ અસત્ છે જ નહિ એટલે તે રીતે ઉદાહરણ આપી જ ન શકાય. વન્ધ્યાપુત્ર, આકાશકુસુમ, કૂર્મક્ષીર, અભવ્યસિદ્ધ વગેરે પણ આ પ્રમાણે સમજવા.

ચોથી વીશીમાં શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે આ વાતનો નીચે પ્રમાણે સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે.

अचरमपरियट्टेसुं कालो भवबालकालमो भणिओ ।
चरमो उ धम्मजुव्वण-कालो तह चित्तभेओ त्ति ॥ १९ ॥

આ ઓઘશક્તિ અને સમુચિતશક્તિ એ બન્ને ઊર્ધ્વતાસામાન્યની લીલા છે અને તેથી તે તે દ્રવ્યોનું સ્પષ્ટ વિશ્લેષણ કરી શકાય છે. દ્રવ્યોના સ્વરૂપ સમજવા માટે આ બન્ને શક્તિનો અવબોધ આવશ્યક છે.

કાર્યની નજીક હોય તે સમુચિતશક્તિ અને દૂર રહે તે ઓઘશક્તિ, એ સર્વ કાર્ય અને કારણ ભિન્ન છે એમ માનીએ તો જ ઘટે. જો કાર્ય-કારણ જુદા ન હોય તો એ બે શક્તિનો સંભવ અથવા ઉપયોગ નથી. વ્યવહારનય કાર્ય-કારણને જુદા માને છે. તે તે કાર્યની અપેક્ષાવાળો તેને યોગ્ય કારણસામગ્રી એકઠી કરે છે, એ કાર્ય-કારણની વ્યવસ્થા ઉપર નિર્ભર છે. એ વ્યવસ્થા ન માનવામાં આવે તો કોઇ વ્યવસ્થા જ ન રહે. અને વ્યવસ્થા ન રહે તો વ્યવહાર પડી ભાંગે.

આવી વ્યવસ્થાની કે વ્યવહારની નિશ્ચયનયને કોઈ અપેક્ષા નથી. તે તો પદાર્થોની શુદ્ધ સ્થિતિ શું છે એ જ વિચારે છે એટલે તેને આ કાર્ય-કારણ ભેદ સ્વીકાર્ય નથી. નિશ્ચયનય કાર્ય-કારણ ભેદ મનાતો નથી એટલે તેને લઇને મનાતી સમુચિતશક્તિ તથા ઓઘશક્તિ પણ નિશ્ચયનયને માન્ય નથી. તે તો તે તે પદાર્થમાં એક શક્તિને માને છે. પુદ્ગલમાં અનેકરૂપે પરિણમવાની શક્તિ છે-સ્વભાવ છે. એમ નિશ્ચયનય કહે છે ને તેથી વિશ્વમાં આ સર્વ વિવિધતા જે જણાય છે તે અજુગતું નથી. જો કાર્ય-કારણમાં શક્તિભેદ માનવામાં આવે તો અનેક પ્રશ્નપરંપરા જાગે છે. શક્તિભેદને લઇને કાર્ય-કારણ સર્વથા ભિન્ન થઈ જાય. સર્વથાભિન્ન તો જુદા દ્રવ્યો જ હોય. પણ એક જ દ્રવ્ય અમુક કે વિભાગ સર્વથા ભિન્ન માની શકાય નહિ. પુદ્ગલદ્રવ્યના જ જુદા જુદા પરિણમનોમાં એકમાં કારણની કલ્પના કરવી અને અન્યમાં કાર્યની કલ્પના કરવી એ કલ્પના જ છે, પણ વાસ્તવ નથી એમ નિશ્ચયનય કહે છેઃ-' **आद्यावन्ते च यन्नास्ति वर्तमानेऽपि तत्तथा** ' જે શરૂઆતમાં અને છેવટે નથી તે મધ્યે-વર્તમાનમાં પણ તેવું જ છે અર્થાત્ નથી, એટલે કાર્ય જેવી કે કારણ જેવી કોઇ જુદી વસ્તુ નથી. કાર્ય-કારણ કલ્પનારહિત શુદ્ધ અવિચલિતરૂપ દ્રવ્ય જ છે. એમ નિશ્ચનનયને મતે જાણવું.

નિશ્ચયનયને પ્રવૃત્તિની કાંઇ પડી નથી એ નિશ્ચયનયની સર્વ વિચારણાઓ પ્રતીતિરમ્ય હોય છે પણ પ્રવૃત્તિરમ્ય હોતી નથી. પ્રવૃત્તિરમ્યતા તો વ્યવહારનયને વરી છે. એટલે જ પ્રતીતિમાં નિશ્ચયને આગળ કરવો અને પ્રવૃત્તિમાં વ્યવહારને એમ કરવાથી જ્ઞાનની સમતુલા જાળવી શકાય છે.

ગુણપર્યાય વિગતિ બહુ ભેદઇ, નિજ નિજ જાતિં વરતઇ રે;
શકતિ રૂપ ગુણ કોઇક ભાષઇ, તે નહી મારગિ નિરતઇ રે. જિન૦ ૧૦

પર્યાયથી ગુણ ભિન્ન ન ભાખિઓ, સંમતિ ગ્રંથિં વિગતિં રે;
જેહનો ભેદ વિવક્ષા-વશથી, તે કિમ કહિઈ શકતિં રે. જિન૦ ૧૧
જો ગુણ ત્રીજો હોઇ પદારથ, તો ત્રીજો નય લહિઈ રે;
દ્રવ્યારથ પર્યાયારથ નય, દોઇ જ સૂત્રિં કહિઈ રે. જિન૦ ૧૨
જો ગુણ દલ પર્યવનું હોવઈ, તો દ્રવ્ય સ્યૂં કીજઇ રે;
ગુણ પરિણામ પટંતર કેવલ, ગુણ પર્યાય કહીજઇ રે. જિન૦ ૧૩

ગુણ અને પર્યાયનું સ્વરૂપ ગાથા ૧૦-૧૧-૧૨-૧૩

દ્રવ્ય એ શક્તિસ્વરૂપ છે અને ગુણ ને પર્યાય વ્યક્તિસ્વરૂપ છે, દ્રવ્યમાં સહભાવીરૂપે રહેતા ગુણ છે અને ક્રમભાવીરૂપ રહેતા પર્યાય છે. ગુણ અને પર્યાય એ બેમાં ભેદક કોઇ તત્ત્વ હોય તો સહભાવીપણું અને ક્રમભાવિપણું છે. આ ભેદકતત્ત્વ તે બન્નેને સમજવા માટે ખૂબ જ ઉપયોગી છે. આ તત્ત્વ કોઇ વસ્તુ નથી પણ ગુણ અને પર્યાયમાં ગોટાળો ન થાય માટે કલ્પવામાં આવ્યું છે. વાસ્તવમાં ગુણ અને પર્યાય અભિન્ન હોવા છતાં વ્યવહારમાં ભિન્ન છે, એટલે તેને જુદા સમજાવનાર તત્ત્વની કલ્પના કરવી પણ વ્યવહારમાં જરૂરી છે.

ગુણ અને પર્યાય યથાર્થ સમજવા માટે નીચેની એક વિચારણા ખાસ ખ્યાલમાં રાખવા જેવી છે.

આત્મા અને પુદ્ગલ એ બે દ્રવ્યોનો પરિચય વિશ્વમાં વિશેષ થયા કરે છે. આત્મામાં જ્ઞાનાદિગુણો છે અને પુદ્ગલમાં રૂપાદિગુણો છે.

નર, નારક, દેવ ને તિર્યંચ આદિ આત્માના પર્યાયો છે. દ્વયણુક-ત્યણુક વગેરે સ્કન્ધો પુદ્ગલના પર્યાયો છે.

જ્ઞાન એ આત્માની સાથે સદા-સર્વદા રહે છે. કોઇપણ ક્ષણ એવો નથી કે જ્યારે આત્મા જ્ઞાન વગરનો હોય એટલે જ્ઞાન આત્માનું સહભાવી હોવાથી ગુણ છે. એ જ પ્રમાણે રૂપ વગેરે પુદ્ગલના સહભાવી હોવાથી ગુણ છે. નરાદિભાવો આત્માના કયારેક હોય છે ને કયારેક નથી હોતા એટલે ક્રમભાવે હોવાને કારણે પર્યાય છે. દ્વયણુકાદિ પણ પુદ્ગલમાં ક્રમભાવી છે માટે પર્યાય છે.

મતિજ્ઞાન આદિ જ્ઞાનના પ્રકારો છે ને શ્વેત, શ્યામ વગેરે રૂપના પ્રકારો છે. આત્મામાં જ્ઞાન સહભાવી હોવા છતાં મતિજ્ઞાન વગેરે સહભાવી નથી પણ ક્રમભાવી છે માટે મતિજ્ઞાન વગેરે આત્માના પર્યાયો છે. પુદ્ગલમાં રૂપ સહભાવી છે પણ શ્વેત આદિ સહભાવી નથી તે તો ક્રમભાવી છે એટલે શ્વેતાદિ પુદ્ગલના પર્યાયો છે. અહિં કેટલાએક દિગમ્બરો મતિજ્ઞાનાદિ જ્ઞાનગુણના પર્યાયો છે અને શ્વેતાદિ રૂપગુણના પર્યાયો છે એમ માને છે, અને એ માન્યતાને આધારે તેઓ પર્યાયનું વર્ગીકરણ કરી દ્રવ્યપર્યાય અને ગુણપર્યાય એમ

બે ભેદ પાડે છે, જાતિની અપેક્ષાએ દ્રવ્ય જેમ શાશ્વત છે અને પર્યાયની અપેક્ષાએ અશાશ્વત છે તે પ્રમાણે ગુણ પણ જાતિરૂપે શાશ્વત છે અને પર્યાયરૂપે અશાશ્વત છે. આવી તે દિગમ્બરોની કલ્પના કલ્પનામાત્ર છે; તે યથાર્થ નથી. આ પ્રકારના વર્ગીકરણમાં નથી શાસ્ત્રની સમ્મતિ કે નથી તર્ક કે યુક્તિ.

શાસ્ત્રમાં દ્રવ્ય અને પર્યાય એ બે જ પદાર્થો પ્રરૂપ્યા છે. ગુણ જેવો કોઇ ત્રીજો પદાર્થ કહ્યો નથી. ગુણ એ પર્યાયથી કોઇ જુદી વસ્તુ નથી. પર્યાયનું સ્વરૂપ ક્રમભાવી એટલું જ માની લેવાથી પૂર્વે કહેલો ભ્રમ ઉત્પન્ન થાય છે. ક્રમભાવી એ જેમ પર્યાયનું સ્વરૂપ છે, તેમ એકને અનેક કરવું એ પણ પર્યાયનું સ્વરૂપ છે. અનેક કરવાપણું એ પર્યાયનું અવ્યાપ્તિ અતિવ્યાપ્તિ અને અસંભવ એમ ત્રણે દોષરહિત શુદ્ધ સ્વરૂપ છે. એક પણ પર્યાય એવો નથી કે જેમાં એ સ્વરૂપ ન હોય ને પર્યાયથી ભિન્ન એવા દ્રવ્યમાં એ સ્વરૂપ નથી, તે તો એક જ છે. ગુણ દ્રવ્યને અનેક કરે છે એટલે તે પર્યાય છે. આત્મા એક હોવા છતાં જ્ઞાનાત્મા, દર્શનાત્મા, ચારિત્રાત્મા, વીર્યાત્મા ઇત્યાદિરૂપે ગુણ આત્માને જુદા પાડે છે—અનેક કરે છે. પુદ્ગલ પરમાણુને સ્પર્શવાળો પરમાણુ એમ ગુણ જુદા પાડીને તેને અનેક કરે છે. અનેક કરવારૂપ સ્વરૂપ ગુણમાં છે. માટે તે પર્યાય છે.

સમ્મતિતર્કના ત્રીજા કાંડની બારમી ગાથામાં પર્યાયના પર્યાયનામો જણાવતા આ વાત સ્પષ્ટ કરી છે. તે ગાથા આ પ્રમાણે છે.

परिगमणं पज्जाओ अणेगकरणं गुणत्ति एगट्ठा ।
तहवि ण गुण त्ति भण्णइ, पज्जवणदेसणा जम्हा ॥ ३ ॥ १२ ॥

(પરિગમન, પર્યાય, અનેકકરણ અને ગુણ એ ચારે એકાર્થક નામો છે. તો પણ ગુણ એ પ્રમાણે કહેવાતું નથી. કારણ કે, દેશના પર્યાયનયની આપવામાં આવી છે.)

શંકા:—ગુણ અને પર્યાય એ બન્ને સમાનાર્થક શબ્દો છે તો દ્રવ્ય અને પર્યાય એ બે પદાર્થો છે. પણ ગુણ એ જુદો પદાર્થ નથી એ પ્રમાણે જેમ કહેવાય છે તેમ દ્રવ્ય અને ગુણ એ બે પદાર્થો છે પણ પર્યાય એ જુદો પદાર્થ નથી એમ કહી શકાય કે નહિં ?

સમાધાન:—શંકા વ્યાજબી છે. પણ દ્રવ્ય અને ગુણ એ બે પદાર્થો છે, અને પર્યાય જુદો કોઇ પદાર્થ નથી એમ કહી શકાય નહિં. કારણ કે ગુણ અને પર્યાય એ બેમાં વિશેષતા પર્યાયની છે પણ ગુણની નથી. ગુણ કરતાં પર્યાયની વિશેષતામાં નીચે પ્રમાણે કારણો છે.

૧ ગુણો થોડા છે ને પર્યાયો તેથી કોઇ ગુણ વધારે છે.

૨ તીર્થંકર પરમાત્માની દેશના પર્યાયનયે છે, ગુણનયે નથી.

૩ ક્રમભાવી અને અનેકકરણ એ બન્ને સ્વભાવો પર્યાયમાં છે. જ્યારે ગુણમાં અનેકકરણ એ એક જ સ્વભાવ છે.

૪ ગુણ કરતાં પર્યાયોની જરૂર વારંવાર પડે છે.

પ વ્યવહાર પર્યાય ઉપર નિર્ભર છે.

શંકા:—જો પર્યાયથી ભિન્ન ગુણ જેવો કોઇ પદાર્થ જ નથી તો દ્રવ્ય, ગુણ અને પર્યાય એમ ત્રણ કેમ કહેવાય છે? બે જ કહેવા જોઇએ.

સમાધાન:—વાસ્તવિક રીતે જુદાપણું ન હોય ત્યાં પણ વિવક્ષાવશ ભેદનયે જુદા કલ્પવામાં આવે છે, જો એવી વિવક્ષાઓને સ્થાન ન હોય તો વ્યવહારમાં ઘણો ગોટાળો થાય. તેલ અને તેલની ધાર એ બે કાંઇ જુદા નથી છતાં તેલની ધાર (**तैलस्य धारा**) એ પ્રમાણે વિવક્ષા કરીને કહેવાય છે. તેલ અને ધાર બન્ને અભિન્ન હોવા છતાં ભેદકલ્પના કરીને છટ્ટી વિભક્તિ મૂકવામાં આવી છે. એ જ પ્રમાણે ગુણ અને પર્યાય જુદા નથી છતાં સહભાવી તે ગુણ અને ક્રમભાવી તે પર્યાય એમ ભેદ કલ્પવામાં આવે છે, કાલ્પનિક ભેદે જુદા પડેલા ગુણમાં કોઇ સ્વતંત્ર શક્તિ નથી, એ એક પ્રકારના પર્યાય જ છે.

સ્વતંત્ર શક્તિ વગરના ગુણમાં પર્યાયને ઉત્પન્ન કરવાની કે રાખવાની સ્થિતિ ક્યાંથી આવે? મનથી કલ્પેલી ગાય દૂધ ક્યાંથી આપે? ઉપચરિત પદાર્થોનો ઉપયોગ સમજવા પૂરતો હોય છે. ઉપચરિત ભાવ જો વાસ્તવિક બની જાય તો ઉપચરિત જેવું કાંઇ રહે જ નહિં.

વળી જો ગુણ ત્રીજો પદાર્થ હોત તો દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય એ બે નય છે તેમ ત્રીજો ગુણાર્થિકનય પણ હોત. પણ ગુણાર્થિકનય નથી. બે જ નય છે. સૂત્રમાં પણ બે નયનો અધિકાર છે. ત્રીજા નયનો અધિકાર નથી.

સમ્મતિતર્કમાં આ વિષય ચર્ચતાં જણાવ્યું છે કે:—

ભગવંતે તો દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એમ બે જ નય નિયત કર્યા છે. જો ગુણ પણ હોત તો ગુણાર્થિકનય પણ નિયત કર્યો હોત. 'તે તે સૂત્રોમાં પ્રસંગે-પ્રસંગે ભગવંતે ગૌતમસ્વામી વગેરેને પર્યાયસંજ્ઞા નિયત કરીને ભાષી છે માટે પર્યાય કહેવાય છે.

ત્રીજા કાંડની દસમી અને અગીયારમી તે બન્ને ગાથાઓ આ પ્રમાણે છે.

दो उण नया भगवया, दव्वट्ठिय पज्जवट्ठिया नियया ॥
जइ पुण गुणो विहुंतो, गुणट्ठिअणओ वि जुज्जंतो ॥ ३ ॥ १० ॥

जं च पुण भगवया, तेसु तेसु सुत्तेसु गोयमाईणं ॥
पज्जवसण्णा नियया, वागरिया तेण पज्जाया ॥ ३ ॥ ११ ॥

આગમમાં રૂપ વગેરેને 'ગુણ' શબ્દથી કહ્યા નથી પણ 'પર્યાય' શબ્દથી કહ્યા છે. સૂત્રમાં સ્થળે સ્થળે '**वण्णपज्जवा**' '**गन्धपज्जवा**' એ પ્રમાણે પાઠ છે માટે વર્ણ-ગંધ-આદિ પર્યાયો છે.

શંકા:—'**वण्णपज्जवा-गन्धपज्जवा**' વગેરે પાઠનો અર્થ 'વર્ણના પર્યાયો, ગન્ધના પર્યાયો' એ પ્રમાણે કરીએ તો વર્ણ વગેરે પર્યાયો છે, એ સિદ્ધ થઇ શકશે નહિ. ઉલટું વર્ણ વગેરે

ગુણ છે અને તેના પર્યાયો જુદા છે એટલે ગુણના પર્યાયો જુદા હોય છે એ હકીકત પુષ્ટ થશે.

સમાધાનઃ—શંકા તો ઘણી જ સરસ છે, પણ '**वण्णपज्जवा**' વગેરે પાઠનો અર્થ વર્ણના પર્યાયો એ પ્રમાણે ત્યારે કરી શકાય કે જો તે પાઠ કોઇની સાથે સંબંધ ન ધરાવતો હોય, પણ પુદ્ગલદ્રવ્યના વર્ણ પર્યાયો; ગન્ધ પર્યાયો એ પ્રમાણે સંબંધ ધરાવતા એ પાઠો છે. એટલે દ્રવ્યના વર્ણરૂપ પર્યાયો એ પ્રમાણે સંગત અર્થ થાય પણ દ્રવ્યના વર્ણના પર્યાયો એમ અર્થ થઇ શકે નહિં. એવો અર્થ અસંગત ગણાય. વર્ણરૂપ પર્યાયો એ પ્રમાણે અર્થ કરવામાં ઉપર પ્રમાણે વિનિગમક છે, જ્યારે વર્ણના પર્યાયો એમ અર્થ કરનારને કાંઇ પણ વિનિગમક નથી.

શંકાઃ—સૂત્રમાં વર્ણાદિને માટે પર્યાય શબ્દ વપરાએલ છે, તે પ્રમાણે ગુણ શબ્દ પણ વપરાએલ છે. '**एगगुणकालए**' ઇત્યાદિ પાઠમાં ગુણ શબ્દ સ્પષ્ટ છે.

સમાધાનઃ—'**एगगुणकालए**' ઇત્યાદિ પાઠમાં આવતો ગુણ શબ્દ ગુણાસ્તિકનયને નથી સમજાવતો પણ ગુણાકારરૂપ ગણિતશાસ્ત્ર પ્રસિદ્ધ સંખ્યાના પર્યાયવિશેષને સમજાવે છે. વૃદ્ધિ-હાનિના ષટ્સ્થાનકમાં આવતા ગુણ અને ભાગ શબ્દો ગણિતશાસ્ત્ર પ્રસિદ્ધ લેવાના છે, તે લેવાથી જ અર્થસંગતિ જળવાય છે.

આ શંકા-સમાધાનની વિગત સમ્મતિતર્કના ત્રીજા કાંડની ૧૩-૧૪-૧૫ ગાથામાં જણાવી છે, તે આ પ્રમાણે છે.

जंपंति—'अत्थि समये, एगगुणो दसगुणो अनंतगुणो ॥
रूवाई परिणामो, भण्णइ तम्हा गुणविसेसो ॥ ३ ॥ १३ ॥
'गुणसद्दमंतरेण वि,' तं तु पज्जवविसेससंखाणं ॥
सिज्झइ नवरं संखाण-सत्थधम्मो ण य गुणोत्ति ॥ ३ ॥ १४ ॥
जह दससु दसगुणम्मि य, एगम्मि दसत्तणं समं चेव ॥
अहियम्मि वि गुणसद्दे, तहेव एयं पि दट्ठव्वं ॥ ३ ॥ १५ ॥

ગાથાઓનો ભાવ સ્પષ્ટ છે. પૂર્વની હકીકતને મળતો છે, આથી એ વસ્તુ સ્પષ્ટ થઇ જાય છે. પરમાર્થથી ગુણ એ પર્યાયથી કોઇ જુદો પદાર્થ નથી, અને જુદો પદાર્થ નથી માટે જ દ્રવ્યની જેમ શક્તિસ્વરૂપ નથી પણ વ્યક્તિસ્વરૂપ છે.

શંકાઃ—મતિજ્ઞાન આદિ જ્ઞાનના પર્યાયો જ્ઞાનના છે અને શ્વેત વગેરે પર્યાયો રૂપના છે એ તે તે પર્યાયો તે તે ગુણના હોવાને કારણે પર્યાયનું ઉપાદાન કારણ ગુણ છે, માટે ગુણને સ્વતંત્ર વાસ્તવિક પદાર્થ માનવો જોઇએ અને એ રીતે દ્રવ્ય ગુણ અને પર્યાય એમ ત્રણ પદાર્થ છે પણ દ્રવ્ય ને પર્યાય બે જ નહિં.

સમાધાનઃ—જો પર્યાયનું ઉપાદાનકારણ ગુણ છે એમ માનીને ગુણનું વાસ્તવપણું સિદ્ધ કરવામાં આવતું હોય તો દ્રવ્ય માનવાની કાંઇ જરૂર રહેતી નથી. એકના ઉપાદાન કારણ બે હોઇ શકે નહિં. દ્રવ્યના સ્થાને ગુણ માનવાથી ગુણને પર્યાય એમ બે જ પદાર્થો રહેશે પણ દ્રવ્ય, ગુણ અને પર્યાય એમ ત્રણ પદાર્થો નહિ રહે, એટલે દ્રવ્યને દૂર કરી, તે સ્થાને ગુણને સ્થાપવો એ સંગત નથી.

શંકાઃ—દ્રવ્યના પર્યાયો જુદા છે અને ગુણના પર્યાયો જુદા છે. દ્રવ્યના પર્યાયોનું ઉપાદાન કારણ દ્રવ્ય અને ગુણના પર્યાયોનું ઉપાદાનકારણ ગુણ, એમ દ્રવ્ય અને ગુણ બન્નેનું વાસ્તવપણું સિદ્ધ થાય છે. એટલે દ્રવ્યને સ્થાને ગુણને લાવવાની જરૂર નથી દ્રવ્ય-ગુણ ને પર્યાય એમ ત્રણે સ્વતંત્ર માનવાથી સર્વ પ્રકારે સંગતિ જળવાય છે માટે ત્રણે માનવા જોઇએ.

સમાધાનઃ—દ્રવ્યના પર્યાયો અને ગુણના પર્યાયો જુદા જુદા છે એ જ્યાં સુધી સિદ્ધ ન થાય ત્યાં સુધી તેના ઉપાદાનકારણ તરીકે દ્રવ્ય અને ગુણ એ જુદા છે, એમ માની ન શકાય. દ્રવ્ય અને ગુણ જુદા છે કારણ કે તેના પર્યાયોના તે ઉપાદાનકારણ છે, તેના પર્યાયો જુદા છે કારણ કે દ્રવ્ય અને ગુણ જુદા જુદા છે, એમ કહેવું એ અન્યોઽન્યાશ્રયના આશ્રયમાં રહેવાનું છે. અન્યોઽન્યાશ્રયને બળે વસ્તુની સિદ્ધિ નથી પણ હાનિ છે. વસ્તુ વિચારણાને વિહંત કરનાર એ મહાન્ દોષ છે. વળી મતિજ્ઞાનાદિ અને શ્વેતાદિ એ જ્ઞાન અને રૂપના પર્યાયો છે એમ માની શંકાય નહિં મતિજ્ઞાન વગેરે આત્મામાં રહે છે. જ્ઞાનમાં રહેતા નથી. શ્વેતાદિ પુદ્ગલમાં રહે છે પણ રૂપમાં રહેતા નથી. જે જેમાં રહે તે તેના પર્યાય કહેવાય છે. એટલે ગુણના પર્યાય કોઇ છે જ નહિં. અને તેને આધારે ગુણ જેવી કોઇ જુદી સ્વતંત્ર વસ્તુ પણ નથી. પર્યાયવિશેષને જ ગુણ તરીકે ઓળખાવવામાં આવે છે. કાલ્પનિક ભેદથી તેને ભિન્ન જણાવવામાં આવે છે. એટલે ઉપચારથી ગુણને જુદો માનવામાં કાંઇપણ દૂષણ નથી, પણ વાસ્તવિકપણે તે જુદો નથી એમ માનવું એ જ યથાર્થ છે.

એક અનેક રૂપથી ઇણિ પરિ, ભેદ પરસ્પર ભાવો રે;
આધારાધેયાદિક ભાવેં, ઇમ જ ભેદ-મતિ લ્યાવો રે. જિન૦ ૧૪
દ્રવ્ય આધાર ઘટાદિક દીસઇ, ગુણપર્યાય આધેયો રે;
રૂપાદિક એકેંદ્રિય ગોચર, દોહિં ઘટાદિક વેઓ રે. જિન૦ ૧૫
સંજ્ઞા-સંખ્યા-લક્ષણથી પણિ, ભેદ એહનો જાણી રે;
સુજસ કારિણી શુભ મતિ ધારો, દુરમતિ વેલી કૃપાણી રે. જિન૦ ૧૬

દ્રવ્ય અને ગુણપર્યાયમાં પરસ્પર ભિન્નતા (ગાથા ૧૪-૧૫-૧૬)

દ્રવ્ય અને ગુણ-પર્યાય પરસ્પર ભિન્ન છે કે અભિન્ન? જુદા છે કે એક? એ સમજવા જેવું છે. જો દ્રવ્ય અને ગુણ-પર્યાયને ભિન્ન માનવામાં ન આવે તો કેટલીક ન ઉકેલી શકાય એવી ગુંચવણો ઉભી થાય છે, માટે ભિન્ન માનવા જોઇએ.

જે બે વસ્તુ પરસ્પર ભિન્ન ન હોય તે બન્ને એક સ્વરૂપ હોય, તે એકજ કહેવાય પણ પણ બે કહી શકાય નહિ. તે બેમાં આધાર–આધેયભાવ એટલે એક રાખનાર ને અન્ય રહેનાર. એમ ન હોય તેનું ભાન એક સરખું થાય. બન્ને એક જ નામે ઓળખાય, બન્નેની ગણત્રીમાં જુદાપણું ન હોય, બન્નેની ઓળખાણ–પરિચય સમાન થાય.

જ્યાં ઉપર પ્રમાણે ન હોય ત્યાં તે બન્ને પરસ્પર જુદા છે, એ નિર્વિવાદ માનવું જોઇએ.

આત્મા અને જ્ઞાન, ઘટ અને રૂપ, એ બન્ને જુદા ન હોય તો બન્નેના સ્વરૂપમાં જુદાપણું ન હોય, પણ બન્નેના સ્વરૂપ જુદા છે, તે સ્પષ્ટ જણાય છે.

આત્મામાં જ્ઞાન રહે છે, ઘટમાં રૂપ રહે છે. એ પ્રમાણે એક રાખનાર છે અને બીજું રહેનાર છે, એવો આધારાધેય ભાવ જુદા છે માટે ઘટે છે. જુદા ન હોય તો ન ઘટે. આત્મામાં આત્મા રહે છે કે ઘટમાં ઘટ રહે છે એમ કહેવાતું નથી કારણ કે તેમાં ભેદ નથી.

શંકા:—જ્યાં ભેદ નથી છતાં આધારાધેય ભાવ જોવામાં આવે છે જેમ કે **स आत्मनि वर्तते** તે આત્મામાં રહે છે. અહિં પોતે પોતામાં રહે છે. તેમાં ભેદ નથી એ સ્પષ્ટ છે એટલે આધારાધેય ભાવથી રહેનાર અને રાખનાર જુદા છે એમ કેમ મનાય ?

સમાધાન:—આત્માનું આત્મામાં રહેવાપણું જે છે તેમાં વાસ્તવિક આધારાધેયભાવ નથી પણ ઔપચારિક–કાલ્પનિક છે.

પરભાવમાં રમણ કરતાં આત્માની અપેક્ષાએ સ્વભાવમાં રમણ કરતાં આત્માને માટે એમ કહેવામાં આવે છે. એટલે પોતે–પોતામાં છે એનો ફલિતાર્થ તે સ્વસ્વરૂપમાં લીન છે એવો થાય છે. જ્યાં વાસ્તવિક આધારાધેયભાવ હોય ત્યાં ભેદ હોય જ છે. જેમ ઘડામાં ઘી છે, ત્યાં ઘડો આધાર છે અને ઘી આધેય છે. રાખનાર અને રહેનાર બન્ને જુદા છે.

આત્માનું અને જ્ઞાનનું ભાન સમાનરૂપે નથી થતું, બન્ને મનોગોચર હોવા છતાં બન્નેના અવબોધ જુદા જુદા પ્રકારે થાય છે. ઘડાનું અને રૂપનું ભાન પણ ભિન્ન ભિન્ન પ્રકારે થાય છે. રૂપ આંખથી જ જણાય છે, જ્યારે ઘડો તો આંખથી અને બીજી સ્પર્શનાદિ ઇન્દ્રિયોથી પણ જણાય છે.*

આત્મા, જ્ઞાન, મતિજ્ઞાન, ઘડો, રૂપ, ઇત્યાદિ નામ જુદા જુદા છે. એ પર્યાય નામો નથી. એક જ પદાર્થને માટે વપરાતાં નથી. જ્યાં નામ ભેદ થાય ત્યાં વસ્તુભેદ થાય.

શંકા:—આત્મા, ચેતન, જીવ વિગેરે નામ જુદા જુદા છે. ઘટ, કળશ, કુંભ વગેરે નામો પણ જુદા છે. ત્યાં નામભેદ હોવા છતાં વસ્તુભેદ નથી. આત્મા ને ચેતન એકજ છે. ઘટ ને કળશ એક જ છે. એટલે નામભેદ હોય ત્યાં વસ્તુભેદ હોય એ યથાર્થ નથી.

*નૈયાયિકો ઘટાદિ દ્રવ્યને નયન અને સ્પર્શન એમ બે જ ઇંદ્રિયથી ગ્રાહ્ય માને છે. જ્યારે જૈનદર્શન ઘ્રાણ વગેરેથી પણ દ્રવ્ય ગ્રહણ થાય છે. એમ કહે છે. પુષ્પ સુંઘું છું, ફળ ખાઉં છું એ પ્રામાણિક પ્રતીતિઓમાં દ્રવ્યનું ભાન સ્પષ્ટ છે.

સમાધાન:—જ્યાં વસ્તુભેદ નથી છતાં નામભેદ છે ત્યાં તે તે નામો પરસ્પર પર્યાય નામ કહેવાય છે. એ પર્યાયનામ સિવાય જ્યાં નામભેદ થાય ત્યાં વસ્તુભેદ અવશ્ય થાય. વળી જ્યાં પર્યાયનામ હોય ત્યાં તે તે નામ તે વસ્તુને માટે જ વપરાય પણ અન્યને માટે ન વપરાય. આત્માને માટે જ્ઞાન શબ્દ વપરાતો નથી, પણ કોઇ અન્યને માટે વપરાય છે. ઘડાને માટે રૂપશબ્દ નથી વપરાતો પણ જુદા પદાર્થને માટે વપરાય છે. માટે આત્મા-જ્ઞાન વગેરે પરસ્પર પર્યાય શબ્દો નથી. તે જ પ્રમાણે ઘડો, રૂપ વગેરે પણ પર્યાય શબ્દો નથી. પર્યાયશબ્દો ન હોવાને કારણે તે તે શબ્દો-નામો જુદા જુદા પદાર્થને સમજાવનારા છે એ ચોક્કસ થાય છે. તે તે નામો જે જે પદાર્થને સમજાવે છે, તે પદાર્થો ભિન્ન છે, તે સ્પષ્ટ સમજાય એવું છે.

આત્મા એક છે, તેનાં જ્ઞાનના અનેક પ્રકારો છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન ઇત્યાદિ. ઘટ એક છે, છતાં રૂપના અનેક પ્રકાર છે. એટલે સંખ્યાની ભિન્નતા હોવાને કારણે આત્મા અને જ્ઞાન, ઘટ ને રૂપ જુદા છે. જો જુદા ન હોય તો જેમ આત્મા એક છે તેમ જ્ઞાન પણ એક જ રહે. ઘટની જેમ તેનું રૂપ પણ એક જ રહે. પણ તેમ નથી એટલે તે જુદા છે.

આત્માનું જે લક્ષણ છે, તે જ્ઞાનનું નથી, અને જે જ્ઞાનનું લક્ષણ છે, તે આત્માનું નથી. જ્ઞાનાદિ ગુણોનો આધાર તે આત્મા છે. વસ્તુનું ભાન કરાવનાર જે ગુણ તે જ્ઞાન છે. એ પ્રમાણે ધારણ સામર્થ્ય ધરાવનાર પદાર્થ તે ઘટ છે. આંખથી ઓળખાતો જે ગુણ તે રૂપ છે. એટલે તે તે લક્ષણો તે તે પદાર્થ માટેના સ્વતંત્ર છે, માટે તે તે પદાર્થો પણ સ્વતંત્ર છે, જુદા-જુદા છે.

આ પ્રમાણે દ્રવ્ય-ગુણ-પર્યાય એ ત્રણે પરસ્પર ભિન્ન છે, તે સમજી શકાય છે.

૧ દ્રવ્ય એક સ્વરૂપ છે, અને ગુણ-પર્યાય અનેક સ્વરૂપ છે.

૨ દ્રવ્ય આધાર છે, અને ગુણ-પર્યાય આધેય છે.

૩ દ્રવ્યનું જ્ઞાન કરવાનાં સાધનો વિશેષ છે અને ગુણ-પર્યાયનું જ્ઞાન કરવાનાં સાધનો ઓછાં છે.

૪ દ્રવ્ય-ગુણ-પર્યાય એ સ્વતંત્ર નામ છે.

૫ દ્રવ્ય ૬ છે, અને ગુણ-પર્યાય અનેક છે, ઘણાં છે.

૬ દ્રવ્ય દ્રવન અનેક પર્યાયગમન લક્ષણવાળું છે, ગુણ ગુણન એકથી અન્યને ભિન્નકરણ લક્ષણ છે. પર્યાય-પરિગમન સર્વતોવ્યાપ્તિ લક્ષણયુક્ત છે. આ છ ભેદક સ્વરૂપ વિચારીને દ્રવ્યથી ગુણપર્યાય ભિન્ન નથી પણ અભિન્ન જ છે. એવી દુર્મતિ દૂર કરવી, અને સ્યાદ્વાદથી સંસ્કારિત ચંદ્ર સમુજ્વલ સુયશને પ્રાપ્ત કરાવનારી શુદ્ધ મતિ ધારણ કરવી, એ શ્રેયસ્કર છે.

ઢાળ બીજી ટબાર્થ.

(૧) ગુણ ને પર્યાયનું ભાજન કહેતાં-સ્થાનક, જે ત્રિહું કાલે-અતીત-અનાગત વર્તમાનકાલે એક સ્વરૂપ હોય. પણ પર્યાયની પરે ફરે નહીં, તે દ્રવ્ય કહીએ. નિજ જાતિ કહેતાં પોતાની જાતિ, જેમ-

જ્ઞાનાદિક ગુણપર્યાયનું ભાજન જીવ દ્રવ્ય, રૂપાદિક ગુણપર્યાયનું ભાજન પુદ્ગલ દ્રવ્ય, રક્તત્વાદિ ઘટાદિ ગુણપર્યાયનું ભાજન મૃદ્દ્રવ્ય, તંતુ પટની અપેક્ષાએ દ્રવ્ય, તંતુ અવયવની અપેક્ષાએ પર્યાય. જે માટે પટને વિચારે-પટાવસ્થા મધ્યે તંતુનો ભેદ નથી. તંતુ અવયવ અવસ્થા મધ્યે અન્યત્વરૂપ ભેદ છે. તે માટે પુદ્ગલ સ્કંધમાંહિ દ્રવ્ય-પર્યાયપણું અપેક્ષાએ જાણવું. આત્મતત્ત્વ વિચારે પણ દેવાદિક આદિષ્ટ-દ્રવ્ય સંસારી દ્રવ્યની અપેક્ષાએ પર્યાય થાય.

કોઈક કહેશ્યે જે 'એમ દ્રવ્યત્વ સ્વાભાવિક ન થયું, આપેક્ષિક થયું' તો કહીએ જે 'શબલ વસ્તુનો અપેક્ષાએ જ વ્યવહાર હોય. ઈહાં દોષ નથી. જે સમવાયિકારણત્વ પ્રમુખ દ્રવ્ય લક્ષણ માને છે, તેહને પણ અપેક્ષા અવશ્ય અનુસરવી. 'કોનું સમાવાયિ કારણ!' એમ આકાંક્ષા હોય, તો 'કોનું દ્રવ્ય?' એ આકાંક્ષા કેમ ન હોય?'

गुणपर्यायवद् द्रव्यम् [તત્ત્વાર્થ અ. ૫. સૂ. ૩૭] એ જિનવાણી રંગે-વિશ્વાસે મનમાંહે ધરીએ. ૧.

(૨) સહભાવી કહેતાં-યાવદ્દ્રવ્યભાવી જે ધર્મ, તે ગુણ કહીએ. જેમ જીવનો ઉપયોગ ગુણ, પુદ્ગલનો ગ્રહણ ગુણ, ધર્માસ્તિકાયનો ગતિહેતુત્વ, અધર્માસ્તિકાયનો સ્થિતિહેતુત્વ, આકાશનો અવગાહના-હેતુત્વ, કાલનો વર્તનાહેતુત્વ. ક્રમભાવી કહેતાં-અયાવદ્ દ્રવ્યભાવી તે પર્યાય કહીએ. જેમ જીવને નર-નારકાદિ, પુદ્ગલને રૂપ-રસાદિક પરાવૃત્તિ એમ દ્રવ્યાદિક ૩, ભિન્ન છે-લક્ષણથી. અભિન્ન છે-પ્રદેશના અવિભાગથી. ત્રિવિધ છે. નવવિધ ઉપચારે, એકએકમાં ૩ ભેદ આવે તેહથી. તથા ત્રિલક્ષણ-ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે. એહવો એક પદાર્થ જૈન પ્રમાણે પામ્યો. એ દ્વાર રૂપ પદ જાણવાં. ૨.

(૩) તિહાં પ્રથમ એ ઢાળમાંહિ દ્રવ્ય-ગુણ-પર્યાયનો ભેદ યુક્તિ દેખાડે છે-જેમ મોતીની માળા, મોતી થકી તથા મોતીના ઉજ્જ્વલતાદિક ધર્મથી અળગી છે; તેમ દ્રવ્યશક્તિ ગુણપર્યાય-વ્યક્તિથી અળગી છે, તથા એક પ્રદેશ સંબંધે વળગી છે, એમ જાણો. મોતી પર્યાયને ઠામે, ઉજ્જ્વલાદિક ગુણને ઠામે, માળા દ્રવ્યને ઠામે-એમ દૃષ્ટાંત જોડવો. ઘટાદિ દ્રવ્ય પ્રત્યક્ષ પ્રમાણે-સામાન્ય-વિશેષરૂપ અનુભવીએ છીએ, તે સામાન્ય ઉપયોગે મૃત્તિકાદિ સામાન્ય જ ભાસે છે. વિશેષ ઉપયોગે ઘટાદિ વિશેષ જ ભાસે છે. તિહાં સામાન્ય તે દ્રવ્ય રૂપ જાણવું, વિશેષ તે ગુણપર્યાય રૂપ જાણવાં. ૩.

(૪) સામાન્ય તે દ્રવ્ય કહ્યું, તે સામાન્ય બે પ્રકારે છે તે દેખાડે છે.

ઊર્ધ્વતા સામાન્ય રૂપ દ્રવ્ય શક્તિ તે કહીએ જે પૂર્વ-પૂર્વ કહેતા પહેલા, અપર-ક-આગલા, ગુણ-ક-વિશેષ, તેહને કરતી, તે સર્વ માંહે એકરૂપ રહે. જેમ પિંડ-ક-માટીનો પિંડો, કુસૂલ-ક-કોઠી, તે પ્રમુખ અનેક મૃત્તિકાના આકાર કરે છે, પણ તેહમાંહે માટી ફરતી નથી; તે પિંડ-કુસૂલાદિક આકારનું ઊર્ધ્વતાસામાન્ય કહીએ. જો પિંડ-કુસૂલાદિ પર્યાયમાંહે અનુગત એક મૃદ્દ્રવ્ય ન કહીએ, તો ઘટાદિ પર્યાય માંહે અનુગત ઘટાદિ દ્રવ્ય પણ ન કહેવાએ. તે વારે સર્વ વિશેષ રૂપ થાતાં, ક્ષણિક-વાદી બૌદ્ધનું મત આવે. અથવા સર્વ દ્રવ્યમાંહે એક જ દ્રવ્ય અનુભવને અનુસારે પરાપર ઊર્ધ્વતા સામાન્ય અવશ્ય માનવાં. ઘટાદિ દ્રવ્ય થોડા પર્યાયને વ્યાપે છે, અને મૃદાદિ દ્રવ્ય ઘણા પર્યાયને; એમ નર-નારકાદિક દ્રવ્ય જીવ દ્રવ્યનો પણ વિશેષ જાણવો. એ સર્વ નૈગમનયનું મત. શુદ્ધ સંગ્રહ-નયને મતે તો સદદ્વૈતવાદે એક જ દ્રવ્ય આવે તે જાણવું. ૪.

(૫) ભિન્ન વિગતિમાં-ભિન્નપ્રદેશી વિશેષમાં, જે દ્રવ્યની શક્તિ એકરૂપ-એકાકાર દેખાડે છે. તેહને તિર્યક્સામાન્ય કહીએ. જેમ ઘટ, ઘટપણ-ઘટત્વ રાખે છે.

હવે કોઇ એમ કહેશ્યે જે 'ઘટાદિક ભિન્ન વ્યક્તિમાં જેમ ઘટત્વાદિક એક સામાન્ય છે, તેમ પિંડ-કુસૂલાદિક ભિન્ન વ્યક્તિમાં મૃદાદિક એક સામાન્ય છે, તો તિર્યક્સામાન્ય, ઊર્ધ્વતાસામાન્યનો શ્યો

વિશેષ? તેહને કહીએ જે 'દેશ ભેદે જિહાં એકાકાર પ્રતીતિ ઉપજે, તિહાં તિર્યક્‌સામાન્ય કહીએ; જિહા-કાલ ભેદે અનુગતાકાર પ્રતીતિ ઉપજે, તિહાં ઊર્ધ્વતા સામાન્ય કહીએ.

કોઇક દિગંબરાનુસારી એમ કહે છે—જે ષટ્‌દ્રવ્યને કાલપર્યાયરૂપ ઊર્ધ્વતાસામાન્ય-પ્રચય છે, કાલ વિના પાંચ દ્રવ્યનેં અવયવ સંઘાતરૂપ તિર્યક્‌પ્રચય છે, તેહને મતે તિર્યક્‌પ્રચયનો આધાર ઘટાદિક તિર્યક્‌સામાન્ય થાએ, તથા-પરમાણુરૂપ અપ્રચય પર્યાયનું આધાર ભિન્ન દ્રવ્ય જોઇએ. તે માટે પાંચ દ્રવ્યને ખંધ-દેશ-પ્રદેશભાવે અનેકાનેક વ્યવહાર ઉપપાદવો, પણ તિર્યક્‌પ્રચય નામાંતર ન કહેવું. ૫

(૬) હવે ઊર્ધ્વતા સામાન્ય શક્તિના બે ભેદ દેખાડે છે. દ્રવ્ય સર્વની-આપ આપણા ગુણપર્યાયની શક્તિમાત્ર લીજે, તે ઓઘશક્તિ કહીએ, અને જે કાર્યનું રૂપ નિકટ કહેતાં-વર્હિલું ઉપજતું દેખીએ, તે કાર્યની અપેક્ષાએ તેહની સમુચિત શક્તિ કહીએ. સમુચિત કહેતાં વ્યવહાર યોગ્ય. ૬

(૭) હવે દૃષ્ટાંત કહે છે.

જેમ ઘૃતની શક્તિ તૃણભાવે પુદ્‌ગલમાંહે છે. નહીં તો તૃણ આહારથી ધેનુ દૂધ દીએ છે, તે દૂધ માંહે ઘૃતશક્તિ કિહાંથી આવી? એમ અનુમાન પ્રમાણે તૃણમાંહે જાણી, પણ ઘૃતશક્તિ કહેવાયે નહીં, તે માટે તે ઓઘશક્તિ કહીએ. અને તૃણને દુગ્ધાદિક ભાવે-દુગ્ધ-દધિપ્રમુખ પરિણામે ઘૃતશક્તિ કહીએ. તે ભાષીયકી જનને-લોકને ચિત્તે સુહાએ. તે માટે તે સમુચિત શક્તિ કહીએ. અનંતર કારણ માંહે સમુચિત શક્તિ, પરંપર કારણ માંહે ઓઘશક્તિ એ વિવેક. એહ એનું જ (એનાં જ) અન્ય[1] (બીજા) ૧ [2]કારણતા, ૨ પ્રયોજકતા, એ બે બીજાં [2]નામ કહેવાય છે તે જાણવું. ૭

(૮) આત્મદ્રવ્ય માંહે એ બે શક્તિ ફેલાવે છે-જેમ પ્રાણીને-ભવ્ય જીવને પૂર્વ કહેતાં પહેલા પુદ્‌ગલપરાવર્ત અનંત વીત્યા. તેહમાં પણ ઓઘે-સામાન્યે નહીં તો છેહલે પુદ્‌ગલપરાવર્તે તે શક્તિ ન આવે. '**नासतो विद्यते भावः**' (ગીતા અ. ૨. ૧૬) ઇત્યાદિ વચનાત્.

અને છેહલે પુદ્‌ગલ પરાવર્તે ધર્મની સમુચિત શક્તિ કહીએ. અત એવ-અચરમ પુદ્‌ગલ પરાવર્ત ભવ બાલ્યકાળ કહીએ છે અને છેહલો પુદ્‌ગલ પરાવર્ત ધર્મ યૌવનકાળ કહીએ છે.

अचरमपरिअट्टेसुं कालो भवबालकालमो भणिओ ।
चरमो उ धम्मजुव्वणकालो तहचित्त[3] भेओत्ति ॥ १९ ॥

(૪ વીસી મધ્યે) ૮

(૯) એમ-એકેક કાર્યની ઓઘ-સમુચિત રૂપ અનેક શક્તિ એક દ્રવ્યની પામીએ, તે વ્યવહારનયે કરીને વ્યવહારીએ, તે નય કાર્ય-કારણ ભેદ માને છે. નિશ્ચયનયથી દ્રવ્ય નાના કાર્ય-કારણ એક શક્તિ સ્વભાવ જ હૃદયમાંહે ધરીએ. નહીં તો સ્વભાવભેદે દ્રવ્ય ભેદ થાય. તે તે દેશ-કાલાદિકની અપેક્ષાએ એકને અનેક કાર્ય-કારણ સ્વભાવ માનતાં કોઇ દોષ નથી. કારણાંતરની અપેક્ષા પણ સ્વભાવમાંહે અંતર્ભૂત છે. તેણે-તેહનું પણ વિકલપણું ન હોય, તથા શુદ્ધ નિશ્ચયનયને મતે કાર્ય મિથ્યા છે. '**आदावन्ते च यन्नास्ति, वर्तमानेऽपि तत्तथा**' **इति वचनात्**, કાર્ય-કારણ કલ્પના રહિત શુદ્ધ અવિચલિત રૂપ દ્રવ્ય જ છે, તે જાણવું. ૯

(૧૦) એમ શક્તિરૂપે [4]દ્રવ્ય વખાણીયું, હવે વ્યક્તિરૂપ ગુણ-પર્યાય વખાણે છે. ગુણપર્યાય વ્યક્તિ બહુ ભેદે અનેક પ્રકારે, નિજ નિજ જાતિ-સહભાવી, ક્રમભાવી, કલ્પનાકૃત્ આપ આપણે સ્વભાવે વર્તે છે.

---

૧ [અનન્ય કારણતા] ૨ ઇષ્ટ સાધનતા, પ્રયોજનના (પાલિ૦) ૨ નૈયાયિક.

૩ **પાઠા. वन्न** પાલિ. **द्र. त.** । ૪ પાઠા. દ્રવ્ય શક્તિરૂપ.

કોઈક દિગમ્બરાનુસારી શક્તિરૂપ ગુણ ભાષે છે. જે માટે તે કહે છે જે 'જેમ દ્રવ્યપર્યાયનું કારણ દ્રવ્ય, તેમ ગુણપર્યાયનું કારણ ગુણ. દ્રવ્યપર્યાય–દ્રવ્યનો અન્યથાભાવ, જેમ નર–નારકાદિક, અથવા દ્વયણુક–ત્યણુકાદિક. ગુણપર્યાય–ગુણનો અન્યથાભાવ. જેમ મતિશ્રુતાદિ વિશેષ, અથવા સિદ્ધાદિ કેવલજ્ઞાન વિશેષ. એમ દ્રવ્ય ૧, ગુણ ૨, એ જાતિ શાશ્વત અને પર્યાયથી અશાશ્વત એમ આવ્યું.'

એહવું કહે છે તે નિરતે–રૂડે માર્ગે નહીં, જે માટે એ કલ્પના શાસ્ત્રે તથા યુક્તિએ ન મિલે. ૧૦

(૧૧) પર્યાયથી ગુણ ભિન્ન–કહેતાં જુદો ભાષિઓ નથી, સમ્મતિ ગ્રન્થે વ્યક્તિ–પ્રકટ અક્ષરે તથાહિ—

परिगमणं पज्जाओ, अणेगकरणं गुण त्ति अेगट्ठा ।
तह वि ण गुणत्ति भण्णइ, पज्जवणयदेसणा जम्हा ॥ ३. १२ ॥

'જેમ ક્રમભાવીપણું પર્યાયનું લક્ષણ છે, તેમ અનેક કરવું તે પણ પર્યાયનું લક્ષણ છે. દ્રવ્ય તો એક જ છે. જ્ઞાન–દર્શનાદિક ભેદ કરે છે, તે પર્યાય જ છે. પણ ગુણ ન કહીએ. જે માટે દ્રવ્યપર્યાયની દેશના ભગવંતની છે, પણ દ્રવ્યગુણદેશના નથી.' એ ગાથાર્થ—

'જો એમ ગુણ–પર્યાયથી ભિન્ન નથી, તો દ્રવ્ય–ગુણ–પર્યાય એ ૩ નામ કેમ કહો છો?' એમ કોઈ કહે, તેહને કહીએ જે 'વિવક્ષા–કહીએ–ભેદનયની કલ્પના, તેહથી, જેમ **तैलस्य धारा** ઇહાં તેલ ને ધારા ભિન્ન કહી દેખાડયાં પણ ભિન્ન નથી. તેમ સહભાવી–ક્રમભાવી કહીને ગુણ–પર્યાય ભિન્ન કહી દેખાડયા, પણ પરમાર્થે ભિન્ન નથી. એમ જેહનો ભેદ ઉપચરિત છે તે શક્તિ કેમ કહીએ? જેમ ઉપચરિત ગાય દૂજે નહીં, તેમ ઉપચરિત ગુણ શક્તિ ન ધરે. ૧૧.

(૧૨) હવે જે ગુણ પર્યાયથી ભિન્ન માને છે, તેહને દૂષણ દે છે. જો ગુણ ત્રીજો પદાર્થ દ્રવ્ય-પર્યાયથી જુદો ભાવ હોય, તો ત્રીજો નય લહીએ–પામીએ, અને સૂત્રે તો દ્રવ્યાર્થ પર્યાયાર્થ એ બિહુજ (બેજ) નય કહીયા છે, ગુણ હોય તો ગુણાર્થનય પણ કહીઓ જોઇએ.

उक्तं च सम्मतौ—

दो उण नया भगवया, दव्वट्ठियपज्जवट्ठिया नियय ।
[1]जइ पुण गुणो वि हु तो, गुणट्ठिअणओ वि जुज्जंतो ॥ ३. १० ॥
जं च पुण [2]भगवया, तेसु तेसु सुत्तेसु गोयमाईणं ।
पज्जवसण्णा [3]णियया, वागरिया तेण पज्जाया ॥ ३. ११ ॥

રૂપાદિકને ગુણ કહી સૂત્રે બોલ્યા નથી, પણ **वण्णपज्जवा, गंधपज्जवा** ઇત્યાદિક પર્યાય શબ્દે [4]બોલાવ્યા છે, તે માટે તે પર્યાય કહીએ. પણ ગુણ ન કહીએ, અને **एगगुणकालए** ઇત્યાદિક ઠામે જે ગુણ શબ્દ છે, તે ગણિતશાસ્ત્ર સિદ્ધ પર્યાય વિશેષ સંખ્યાવાચી છે, પણ તે વચન ગુણાસ્તિકનય વિષય વાચી નથી.

उक्तं च सम्मतौ—

जंपंति अत्थि समये, एगगुणो दसगुणो अणंतगुणो ।
रूवाई परिणामो, भण्णइ तम्हा गुण विसेसो ॥ ३. १३ ॥

---

१ एत्तोय गुण विसेसे (पाठा०) । २ अरहया । ३ नियमा । ४ બોલ્યા.

'गुणसद्दमंतरेण वि, तं तु पज्जवविसेससंखाणं ।
सिज्झइ णवरं संखाण सत्थधम्मो ण य गुणो त्ति ॥ ३. ९४ ॥
जह दससु दसगुणम्मि य, एगम्मि दसत्तणं समं चेव ।
अहियम्मि वि गुणसद्दे, तहेव एयं पि दट्ठव्वं ॥ ३. १५ ॥

એમ ગુણ પર્યાયથી પરમાર્થદૃષ્ટિએ ભિન્ન નથી, તો તે દ્રવ્યની પરે (જેમ) શક્તિરૂપ કેમ કહીએ ? ૧૨

(૧૩) પર્યાયદલ માટે ગુણને શક્તિરૂપ કહે છે, તેહને દૂષણ દે છે. જો ગુણ પર્યાયનું દલ-કહેતાં ઉપાદાન કારણ હોય, તો દ્રવ્યે શું કીજે ? દ્રવ્યનું કામ ગુણે જ કીધું, તે વારે ગુણ ૧, પર્યાય ૨, જ પદાર્થ કહો, પણ ત્રીજો ન હોય.

કોઈ કહેશ્યે—'દ્રવ્યપર્યાય, ગુણપર્યાય, રૂપ કાર્ય ભિન્ન છે, તે માટે દ્રવ્ય ૧, ગુણ ૨, રૂપ કારણ ભિન્ન કલ્પીએ.' તે જૂઠું-જે માટે કાર્યમાંહે કારણ શબ્દનો પ્રવેશ છે. તેણે કારણભેદે કાર્યભેદ સિદ્ધ થાયે, અને કાર્યભેદ સિદ્ધ થયો હોય તો કારણભેદ સિદ્ધ થાયે, એ અન્યોન્યાશ્રય નામે દૂષણ ઉપજે, તે માટે ગુણપર્યાય જે કહીએ તે ગુણપરિણામનો જે પટંતર-ભેદ કલ્પનારૂપ, તેહથી જ કેવલ સંભવે, પણ પરમાર્થે નહીં અને એ ૨ નામ કહીએ છે તે પણ ભેદોપચારે જ એમ જાણવું. ૧૩

(૧૪) એણીપરે દ્રવ્ય એક, ગુણપર્યાય અનેક. એ રૂપે પરસ્પર ક૦ માંહોમાંહે ભેદ, ભાવો વિચારો, એમ જ આધાર આધેય પ્રમુખ ભાવ ક૦ સ્વભાવ તેણે કરી મનમાંહે લાવો. જે માટે પરસ્પર અવૃત્તિ ધર્મ પરસ્પર ભેદ જણાવે. ૧૪.

(૧૫) તેહિજ વિવરી દેખાડે છે-દ્રવ્ય ઘટાદિક આધાર દીસે છે. જે માટે 'એ ઘટે રૂપાદિક' એમ જાણીએ છે. ગુણ, પર્યાય રૂપ-રસાદિક, નીલપીતાદિક, આધેય-દ્રવ્ય ઉપર રહ્યા, એમ આધારાધેય ભાવે દ્રવ્યથી ગુણપર્યાયને ભેદ છે તથા રૂપાદિક ગુણપર્યાય એક ઈંદ્રિયગોચર ક૦ વિષય છે. જેમ રૂપ ચક્ષુરિંદ્રિયે જ જણાએ. રસ તે રસનેન્દ્રિયના જ ઇત્યાદિક અને ઘટાદિક દ્રવ્ય છે તે દોહિ ચક્ષુરિન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિય એ ૨ ઇન્દ્રિયે કરીને જાણો છો એ નૈયાયિક મત અનુસરીને કહ્યું. સ્વમતે ગંધાદિક પર્યાયદ્વારે ઘ્રાણેંદ્રિયાદિકે પણ દ્રવ્ય પ્રત્યક્ષ છે. નહીં તો 'કુસુમ ગંધું છું'. ઇત્યાદિ જ્ઞાનને ભ્રાંતપણું થાય તે જાણવું.

એમ એક-અનેક ઇન્દ્રિય ગ્રાહ્યપણે દ્રવ્યથી ગુણપર્યાયનો ભેદ જાણવો. ગુણપર્યાયને માંહોમાંહે ભેદ તે સહભાવી ક્રમભાવી એ કલ્પનાથી જ (ભાવવું). ૧૫.

(૧૬) તથા સંજ્ઞા ક૦ નામ, તેહથી ભેદ 'દ્રવ્ય' નામ ૧, 'ગુણ' નામ ૨, 'પર્યાય' નામ ૩, સંખ્યા-ગણના તેહથી ભેદ દ્રવ્ય ૬, ગુણ અનેક, પર્યાય અનેક, લક્ષણથી ભેદ, દ્રવન અનેક પર્યાયગમન, દ્રવ્ય લક્ષણ ગુણન એકથી અન્યને ભિન્નકરણ તે ગુણ લક્ષણ, પરિગમન-સર્વતો વ્યાપ્તિ તે પર્યાયલક્ષણ એમ એહનો દ્રવ્ય-ગુણ-પર્યાયનો માંહોમાંહે ભેદ જાણીને ઉત્તમ યશની કરણહાર ભલી મતિ ધરો, કહેવી છે ? જે દુરમતિ કહેતાં જે +દ્રવ્યાદ્વૈત પક્ષની માઠી મતિ, તે રૂપિણી જે વેલી, તેહને વિષે કૃપાણી-કુહાડી. ૧૬

બીજી ઢાળ સંપૂર્ણ.

★

+ એકાંત એક દ્રવ્યને માને પણ ગુણ ગુણપર્યાય ન માને તે દ્રવ્યાદ્વૈતવાદી કહીએ.

ઢાળ ત્રીજી

(પ્રથમ ગોવાલણ તણીજી-એ દેશી. રાગ-જયંતસિરી)

એકાંતે જે ભાષિઇ જી, દ્રવ્યાદિકનો રે ભેદ;
તો પરદ્રવ્ય પરિંહુઇ જી, ગુણ-ગુણિ ભાવ ઉચ્છેદ રે. ૧
ભવિકા ધારો ગુરુ ઉપદેશ.

દ્રવ્યઇં ગુણ પર્યાયનો જી, છઇ અભેદ સંબંધ;
ભિન્ન તેહ જે કલ્પિઇં જી, તો અનવસ્થા બંધ રે. ૨ ભવિકા૦

દ્રવ્ય-ગુણ-પર્યાયનો પરસ્પર અભેદ.

જીવ અને અજીવ એ બે પદાર્થો સ્વતંત્ર અને પ્રધાન છે. જીવ અનંતા છે, ને તે દરેક સ્વતંત્ર છે. અજીવના મુખ્યત્વે પાંચ ભેદ છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળ. જો કે કાળનું વાસ્તવિક સ્વાતંત્ર્ય નથી, છતાં અનેક પ્રકારના વ્યવહારો તેના ઉપર નિર્ભર છે, એટલે તેને માન્યા વગર વ્યવહારને ચાલે તેમ નથી.

આમ આ છ દ્રવ્યો થાય છે. પરસ્પર તેઓ સર્વથા ભિન્ન છે, એક-બીજા કદી પણ એક-બીજારૂપે થઇ શકતા નથી.

છએ દ્રવ્યોમાં રહેતા ગુણો અને પર્યાયો પણ દરેકના સ્વતંત્ર અને જુદા-જુદા છે.

તે તે દ્રવ્યોમાં રહેતા ગુણો અને પર્યાયો તે તે દ્રવ્યથી જુદા માનવા જોઇએ એ વાત પ્રથમ સમજાવવામાં આવી છે. પણ જો એ સમજણ પ્રમાણે સર્વથા એકાંતે દ્રવ્યોથી ગુણ-પર્યાયને જુદા માનવામાં આવે તો અનેક દોષો ઉભા થવાનો સંભવ છે, એટલે પૂર્વે જણાવ્યા પ્રમાણે દ્રવ્ય-ગુણ અને પર્યાયનો ભેદ એ એકાંતે નથી, પણ અપેક્ષાએ તે તે દ્રવ્યોના ગુણ-પર્યાયો તે તે દ્રવ્યોથી અભિન્ન પણ છે.

તે અભિન્ન કઇ અપેક્ષાએ છે, તેની સમજણ આ પ્રમાણે છે.

દ્રવ્ય-ગુણ અને પર્યાયોનું જ્યારે વર્ગીકરણ કરવામાં આવે છે ત્યારે અમુક દ્રવ્યના અમુક ગુણ-પર્યાયો છે એ પ્રમાણે જે વહેંચણ થાય છે, તે તે ગુણ-પર્યાયોને તે તે દ્રવ્ય સાથે કોઇપણ પ્રકારનો સંબંધ હોવાનું સાબીત કરે છે.

તે સબંધને જો ભેદમૂલક સંબંધ માનવામાં આવે તો તે સંબંધ તો દરેકની સાથે છે,

એટલે અમુકના અમુક નિયત એવી વ્યવસ્થા થઈ શકશે નહિં. તે સંબંધને અભેદ સંબંધ માનવાથી જ એ વ્યવસ્થા થઈ શકે છે.

શંકા:—અભેદ ન માનીએ તો પણ અમુક દ્રવ્યના અમુક ગુણ-પર્યાય એવી વ્યવસ્થા થઈ શકે છે, તે આ પ્રમાણેઃ—

જેના સમવાય સંબંધે જે ગુણ-પર્યાયો રહેતા હોય તે ગુણ-પર્યાયો તેના માનવા. આત્મામાં જ્ઞાન આદિ સમવાય સંબંધે રહે છે. માટે જ્ઞાન આદિ આત્માના ગુણ-પર્યાયો છે, અને રૂપ આદિ પુદ્ગલના ગુણ-પર્યાયો છે. અભેદ માનવાની આવશ્યકતા નથી.

સમાધાન:—સમવાય સંબંધને વ્યવસ્થાનો નિયામક માનવાથી કાર્ય પતી જતું નથી. ઊલટી ગેરવ્યવસ્થા વધી જાય છે.

પ્રથમનું કાર્ય તો એમને એમ અદ્ધર રહે છે. પણ સમવાયની વ્યવસ્થા કરવાનું એક નવું કાર્ય ઉભું થાય છે.

આત્મામાં જ્ઞાનને રાખનાર અને પુદ્ગલમાં રૂપને રાખનાર જે સમવાય છે તે તે બન્નેથી જુદો છે કે-તે બન્ને સ્વરૂપ છે?

જો સમવાયને બન્ને સ્વરૂપ માનવામાં આવે તો જે પ્રમાણે સમવાયને તે તે બન્નેથી અભિન્ન માનવામાં આવે છે, તે જ પ્રમાણે તે બન્નેને અભિન્ન માનીએ તો કાંઇ દોષ નથી શા માટે સમવાય સુધી પહોંચવું જોઇએ?

જો સમવાય તે બન્નેથી જુદો છે, એમ માનીએ તો એક નવી વિચારણા કરવાનું ઉપસ્થિત થાય છે.

સમવાય જે જુદો છે તે બન્નેમાંથી એકમાં રહે છે કે બન્નેમાં? એકમાં રહે છે તો કોનામાં રહે છે, ગુણમાં કે ગુણીમાં? તે જ્યાં રહે છે ત્યાં તે સ્વયં પોતે રહે છે કે તેને રાખનાર કોઇ જુદો સંબંધ છે? જુદો સંબંધ નથી તો કાંઇ નહિ, ને છે તો તે કેવા પ્રકારનો છે? આ સર્વ વિચાર કરવા અનિવાર્ય છે, અને વિચાર કરતાં તે સર્વ વિચારો નિઃસાર છે એમ સ્પષ્ટ જણાય છે.

ગુણ અને ગુણીમાંથી એકમાં સમવાય રહે છે એમ કહી શકાતું નથી, કારણે એ બન્ને એવા લડવૈયા છે કે, સમવાયને કોનામાં રહેવું એ નિર્ણય કરવો ભારે થઇ પડે એમ છે. છેવટે સમવાય એકેને નારાજ કરી શકતો નથી અને બન્નેમાં રહે છે.

સમવાય પણ પોતાને એવો શક્તિસંપન્ન માને છે કે, મારે રહેવાને માટે બીજા કોઇની જરૂર નથી. હું પોતે બન્નેમાં અભેદભાવે રહી શકું છું.

જો સમવાયને રાખવા માટે જુદો સંબંધ માનવામાં આવે તો સમવાય માટે ઉભી થતી દરેક વિચારણા પાછી એ જુદા સબંધને માટે ઉભી થાય. ને એમ વિચારણાઓ કર્યા કરવામાં આવે તો કોઇ છેડો જ ન આવે.

આવા પ્રકારની વિચારણાને અનવસ્થા દોષવાળી વિચારણા કહેવામાં આવે છે.

જ્યારે સમવાય બન્નેમાં અભેદપણે રહી જાય છે-રહી શકે છે, તો એ બન્ને ગુણ અને ગુણી જ એક બીજામાં અભેદભાવે શા માટે ન રહી શકે ? રહી શકે-એ પ્રમાણે રહેવામાં કાંઈ બાધક નથી. રહે છે જ.

સમવાયને વચમાં લાવવાની જરીપણ જરૂર નથી.

દ્રવ્ય-ગુણ અને પર્યાય પરસ્પર અભિન્ન છે એ હકીકત છે. ૧-૨.

સ્વર્ણ કુંડલાદિક હુઉં જી, ઘટ રક્તાદ્રિક ભાવ;
એ વ્યવહાર ન સંભવઇ જી, જે ન અભેદ સ્વભાવ રે. ૩ ભવિકા૦
ખંધ દેશ ભેદઇ હુઇ જી, બિમણી ગુરુતારે ખંધિ;
પ્રદેશ ગુરુતા પરિણમઇજી, ખંધ અભેદહ બંધ રે. ૪ ભવિકા૦

દ્રવ્ય-ગુણ-પર્યાય એ પરસ્પર અભિન્ન છે, એ વાત જેમના હૃદયમાં નથી ઉતરતી તેઓ શાંત ચિત્તે નીચેની કેટલીક હકીકતોનો વિચાર કરે.

સોનુ દ્રવ્ય છે અને કુંડલ કે કંકણ વગેરે તેના પર્યાયો છે. એમાં કોઇને વિવાદ નથી. સોનામાંથી બનેલ કુંડલ અને કંકણમાં સોનું રહે છે કે નહિં ? નથી રહેતું એમ તો કોઈથી પણ કહી શકાય તેમ નથી. કંકણ કે કુંડલમાં સોનું પ્રત્યક્ષ દેખાય છે. રહે છે એમ માનવામાં બે પ્રશ્ન થાય છે. કુંડલને કંકણથી સોનું જુદું રહે છે કે તદ્રૂપ થઇને રહે છે ? જુદું રહેતું હોય એવું કોઇ રીતે જાણી કે સમજી શકાતું નથી. કુંડલ અને કંકણથી જુદા રહેલ સોનાને માટે જુદી જગા વગેરે અનેક અણઉકેલ વિચારો ઉભા થાય છે.

છેવટે તદ્રૂપ માનવાથી કોઇપણ વિરોધ રહેતો નથી.

આથી દ્રવ્ય અને પર્યાય એક છે-અભિન્ન છે એ સિદ્ધ થાય છે.

ગુણ અને દ્રવ્યને અભિન્ન સમજવા માટે માટીનો ઘડો જે પ્રથમ શ્યામ-કાળો હતો તે નીભાડામાં નાખી પકવવામાં આવ્યો ને લાલ થયો. કાળો ઘડો અને લાલ ઘડો એ એકજ છે. તન્મયપણે રહેલા ગુણનું માત્ર પરિવર્તન છે.

દ્રવ્યમાંથી બનતાં અનેક આકારો તે તે દ્રવ્યના પર્યાયો છે. મૂળભૂત દ્રવ્ય અવયવ છે. અને બનતા આકારો અવયવી છે. માટી દ્રવ્યમાંથી ઘડો-શકોરું-ઠીબ-કોઠી વગેરે બને છે. તંતુ દ્રવ્યમાંથી પટ-દોરડું-દોરી વગેરે બને છે. માટી અવયવ છે, અને ઘડો વગેરે અવયવી છે. તંતુ અવયવ છે, અને પટ વગેરે અવયવી છે. અવયવથી અવયવી ભિન્ન છે એમ એકાંતે નૈયાયિક કહે છે અને તે સાબીત કરવા માટે અસત્-તર્કના ઊંડા પાણીમાં ઉતરે છે. જો અવયવ કરતાં અવયવી જુદો હોય તો અવયવી ઉત્પન્ન થતાં અવયવો વિનાશ પામતાં નથી, એટલે અવયવો છે અને અવયવી નવો ઉત્પન્ન થાય છે. અવયવોમાં વજન-જગાનું રોકાણ વગેરે છે, ને અવયવીમાં પણ વજન-જગાનું રોકાણ વગેરે છે.

એક શેર તંતુમાંથી બનેલ પટનું વજન એક શેર જ હોય છે. પણ બે શેર હોતું નથી. અવયવ અને અવયવીને જુદા માનનારને વજન, જગાનું રોકાણ વગેરે બમણું માનવું જોઇએ. પણ એમ માની શકાતું નથી. પ્રત્યક્ષનો અપલાપ કરવો કેમ બની શકે, એક શેર વજનને બે શેર માનવું કે મનાવવું ન જ બની શકે.

'અવયવીમાં વજન છે પણ તે અવયવના વજન કરતાં અતિશય અલ્પ છે એટલે અવયવ અને અવયવી જુદા હોવાં છતાં વજન ઇત્યાદિ બમણાં થતાં નથી.' એમ નવા નૈયાયિકો જુદાપણું સ્થિર કરવા માટે આવતા દોષોને દૂર કરે છે. પણ દૂધ સામે દૃષ્ટિ રાખેલ બિલાડાને માથે દંડ તોળાઈ રહ્યો છે, તેનું ભાન નથી હોતું. બે પરમાણુનો બનેલ દ્વયણુક પરમાણુની અપેક્ષાએ અવયવી છે. દ્વયણુકમાં રહેલી ગુરુતા પરમાણું કરતાં અલ્પ માનવી જોઇએ. અવયવમાં અવયવી કરતાં વજન વધારે હોય છે એમ નૈવ્યનૈયાયિકો પ્રથમ કહી આવ્યા છે. પણ પરમાણુ અવયવ હોવા છતાં તેમાં વજન અતિ અલ્પ છે એ સ્વીકૃત હકીકત છે. કદાચ ડૂબતો માણસ તણખલાને પકડે તેમ નૈયાયિકો પરમાણુમાં દ્વયણુક કરતાં તો શું પણ અવયવી માત્ર કરતાં પરમ ગુરુત્વ એટલે સર્વોત્કૃષ્ટ વજન છે એમ માની લે તો પણ પરમાણુમાં રહેલ રૂપાદિ. પરમાણુ જે જગા રોકે છે વગેરે વાંધાનો નિકાલ કોઈ રીતે થઈ શકે તેમ નથી. ને છેવટે તેના હાથ હેઠા જ પડે છે.

અવયવ અને અવયવીને અભેદ માનનારને આવા કોઇપણ પ્રશ્નો મૂંઝવતા નથી. ૩–૪.

ભિન્ન દ્રવ્ય પર્યાયનઈં જી, ભવનાદિકનઈં રે એક;
ભાષઇ કિમ દાખઇ નહીં જી, એક દ્રવ્યમાં વિવેક રે. ૫ ભવિકા૦

ઈંટ ચૂનો–લાકડું માટી વગેરે અનેક પદાર્થોથી બનેલા મકાનને એક જ માનવામાં આવે છે. મકાનમાં જુદા જુદા પદાર્થો એકરૂપ બની ગયા છે એ દરેકના અનુભવમાં આવતી વાત છે. એ જ પ્રમાણે દ્રવ્યમાં જુદા જુદા ગુણો અને પર્યાયો એકરૂપ બની જાય છે એમ માનવામાં કોઈ વિરોધ નથી. ઉલટું એમ ન માનવામાં બુદ્ધિનો બિગાડ છે. આત્માથી જ્ઞાનાદિ ગુણો ને પર્યાયો જુદા કોઇ કાળે અનુભવી શકાતા નથી. ૫.

ગુણ પર્યાય અભેદથી જી, દ્રવ્ય નિયત વ્યવહાર;
પરિણતિ જે છઇ એકતા જી, તેણિં તે એક પ્રકાર રે. ૬ ભવિકા૦

જીવ અજીવ વગેરે દ્રવ્યો જુદા છે. તે પ્રમાણે જીવથી જ્ઞાનાદિ અને અજીવથી રૂપાદિ જુદા છે એમ માનવામાં કે કહેવામાં આવે તો તેમાં પણ ભેદક તત્ત્વ જુદું માનવાની જરૂરીઆત ઉભી થાય. જે ભેદક તત્ત્વ જુદું માનવામાં આવે તેમાં પણ ભેદ માનવો કે અભેદ એ પ્રશ્નો જાગે અને પરંપરાનો પાર ન આવે. જ્યારે અજીવથી જીવને જુદો પાડનાર જીવમાં રહેલ જ્ઞાન છે. જીવ અને જ્ઞાનને અભિન્ન માનવાથી પ્રશ્નની પરંપરા ચાલતી નથી. પ્રશ્નની વ્યર્થ પરંપરા લંબાવીને છેવટ અભેદનો આશ્રય લીધા સિવાય છૂટકો જ નથી તો શા માટે એ અભેદને પ્રથમ જ ન સ્વીકારવો. જેમ રત્ન વિશેષમાં ૧ રત્ન, ૨ કાંતિ અને

૩ જ્વર દૂર કરવાની શક્તિ. એમ ત્રણ વસ્તુ હોય છે. છતાં તે ત્રણે રત્નો કરતાં જુદા જુદા છે, એમ માની કે કહી શકાય નહિ. તે ત્રણે અભેદભાવે એકમાં રહેલાં છે એ જ પ્રમાણે આત્મા, જ્ઞાન અને આત્માના વિવિધ પર્યાયો એ એકત્ર અભેદભાવે રહ્યા છે.

જગતમાં ભેદભાવ પ્રાધાન્ય ભોગવે તો વસ્તુમાત્ર કાંતો એક જ નામથી ઓળખાય અથવા તો દરેકને માટે સ્વતંત્ર જુદા જુદા નામો તેની વિશેષતા પ્રમાણે માનવા પડે. પણ એમ બનતું નથી. એટલે અભેદભાવ પણ વસ્તુઓમાં છે એ નિશ્ચિત છે. અભેદભાવને સ્વીકારીને જો વિચારવામાં આવે તો નિર્વિવાદ તે તે પદાર્થોમાં રહેલા અભેદભાવો જચી જાય અને વિરોધ શમી જાય એમ છે. જે બે પદાર્થો કદી પણ છૂટા પડતા નથી. એકને જાણવા કે જોવા માટે બીજાની અનિવાર્ય આવશ્યકતા રહે છે. તે બે પદાર્થોને ભિન્ન માનવા–એકાન્તે ભિન્ન માનવા એ ઊંડી ગેરસમજ છે. તે તે દ્રવ્યોનો ગુણ–પર્યાયોમાં જો એકાંતે ભેદ હોય તો તે અવશ્ય તે તે દ્રવ્યોને મૂકીને અન્ય સ્થળે પણ રહેવા જોઇએ અને જણાવા જોઇએ, પણ એવું કદી પણ બન્યું નથી. એ સ્થિતિ અભેદભાવને સમજાવે છે.

અભેદભાવે રહેલા એ ત્રણે ત્રણ છે એ વ્યવહાર છે. ત્રણ છે માટે જુદા છે એમ એકાંતે માનવું એ દુર્વ્યવહાર છે. એ દુર્વ્યવહારની પકડ છોડવાથી પદાર્થની અને તે ત્રણની સાચી ઓળખાણ થાય છે. ૬

જો અભેદ નહીં એહનો જી, તો કારય કિમ હોઇ ?;
અછતી વસ્તુ ન નીપજઇ જી, શશ–વિષાણ પરિજોઇ રે. ૭ ભવિકા૦
દ્રવ્યરૂપ છતી કાર્યની જી, તિરોભાવની રે શક્તિ;
આવિર્ભાવઇ નીપજઇ જી, ગુણપર્યાયની વ્યક્તિ રે. ૮ ભવિકા૦

દ્રવ્ય–ગુણ અને પર્યાય જુદા જુદા છે, પણ એક નથી. અભિન્ન નથી, એમ માનનાર કાર્ય–કારણને પણ અભિન્ન નથી એમ માને છે, કારણકે કાર્ય એ પર્યાય છે અને કારણ એ દ્રવ્ય છે. કાર્ય–કારણને સદંતર જુદા માનનાર અમુક કાર્યનું અમુક કારણ છે, એવી વ્યવસ્થા બરી રીતે કરી શકતો નથી. માટીમાંથી ઘડો બને છે અને તંતુમાંથી પટ બને છે, પણ તંતુમાંથી ઘડો અને માટીમાંથી વસ્ત્ર–પટ નથી બનતાં, એટલે ઘડાનો અર્થી માટી પ્રત્યે પ્રવૃત્તિ કરે છે, અને પટનો અર્થી તંતુ પ્રત્યે પ્રવૃત્તિ કરે છે એ પ્રમાણે દરેક કાર્ય–કારણભાવની વ્યવસ્થા છે; આ વ્યવસ્થા માટે કાર્ય–કારણને અભેદ માનનારા સમજાવે છે કે, માટીમાં ઘટની સત્તા છે અને તંતુમાં પટની સત્તા છે. માટીમાં અવ્યક્તપણે–તિરોભાવે રહેલો ઘટ ઘટના અર્થીને જણાય છે, અને પટના અર્થીને તંતુમાં અવ્યક્તપણે રહેલો પટ જણાય છે, એ પ્રમાણે તે તે કારણોમાં તે તે કાર્યોની સત્તા તે તે કાર્યના અર્થીને જણાય છે અને સમજાય છે.

આ અનુભવ સંવેદ્ય છે. ઘણાં અનુભવો ઘણાને નથી થતા એટલે તે તે અનુભવો મિથ્યા છે, એમ કહેવું કે માનવું એ અજ્ઞાન છે, અનુભવની ખામી છે.

ભેદવાદીઓ કારણમાં કાર્યની સત્તા નથી સ્વીકારતા, એટલે જ્યારે તેમને અમુક કાર્યનું કારણ અમુક જ છે, એવી વ્યવસ્થા શેને આધારે છે? એમ પૂછવામાં આવે ત્યારે તેઓ સાહચર્ય-અન્વય-વ્યતિરેકને આગળ કરે છે, અર્થાત્ માટીમાંથી ઘટ વગેરે બને છે, એવું વારંવાર જોવાથી આમાંથી આ બનશે અને આ નહિં બને, એ પ્રમાણે કાર્ય-કારણભાવ ગ્રહણ થાય છે. એજ પ્રમાણે દરેક કાર્ય-કારણભાવ એ રીતે જણાય છે, અને વ્યવસ્થા જળવાય છે.

ભેદવાદીઓ ઉપર પ્રમાણે વ્યવસ્થા જાળવવા જે માર્ગ લે છે, તે માર્ગ જ વ્યવસ્થિત નથી, ઘણે ગૂંચવણ ભરેલો છે, ઘણો લાંબો છે, અનુભવ વિરુદ્ધ છે. સાહચર્યથી કાર્ય-કારણ-ભાવ ગ્રહણ થાય છે. એ પ્રક્રિયા કુંભારને કહેવામાં કે પૂછવામાં આવે તો જરૂર એ પોતાનો અનુભવ તેની વિરુદ્ધ છે, એમ કહે. તે તે કારણોમાં કાર્યનું દર્શન થાય છે, એ દર્શન કોઈ સ્પષ્ટપણે વ્યક્ત ન કરી શકતું હોય એમ બને, પણ કારણમાં છુપાઈને રહેલા કાર્યનું દર્શન થાય છે, એ હકીકત છે. અભેદવાદીઓની આ પ્રક્રિયામાં લાઘવ એટલે સરલતા છે, માટે તે માની લેવી એમ નહિં પણ એ સિવાય અન્ય કોઈ રસ્તો નિર્દોષ નથી, તે તે કાર્ય-કારણભાવનું આનન્ત્ય અર્થાત્ અનન્ત કાર્ય-કારણભાવો એક એકમાં સાહચર્યથી સ્થિર થઈ શકતા નથી. કાર્ય કારણનો અભેદ નહિં માનનારે તે તે કારણમાંથી પ્રથમ જે કાર્ય ઉત્પન્ન કરવા માટે પ્રયત્ન કરે છે, તે તો એમને એમ જ કરે છે, એમ માનવું જોઈએ. બે-ચાર વખત સાહચર્ય દેખાય એટલે કાર્ય-કારણભાવ ગ્રહણ થતો જાય છે, તે ગ્રહણ થયેલા કાર્ય-કારણભાવમાં બાધક કોઈ ન આવે એટલે તે સ્થિર થઈ જાય છે, એ પ્રમાણે પણ માનવું જોઈએ.

આ માન્યતા પ્રમાણે અભેદવાદીઓ ભેદવાદીઓને જરૂર કહી શકે કે, માટીમાં ઘડો બિલકુલ નથી, એમ તમે જે પ્રમાણે માનો છો તે પ્રમાણે શશશૃંગ અથવા આકાશકુલ પણ નથી, એ પણ માનો છો.

જેમ માટીમાંથી ઘડાનું સર્જન કરવાનો પ્રથમ પ્રયાસ કરવામાં આવે છે, એજ પ્રમાણે શશશૃંગ આદિ સર્જન કરવાનો પણ પ્રથમ પ્રયાસ જરૂર કરી શકાય, તેમાં નિષ્ફળતા મળ્યા પછી ભલે આગળ ન વધાય પણ પ્રાથમિક પ્રયાસ કરવામાં તમે વાંધો લઈ શકતા નથી. કાર્યને સર્વથા અસત્ માનનાર આ વિષમ પ્રશ્નનો નિકાલ કરવાને માટે સર્વથા અસમર્થ છે. કાર્ય-કારણને અભિન્ન માનનારને આવા કોઈ પ્રશ્નો નડતા નથી.

કારણમાં કાર્યની સત્તા છે તો તે કાર્ય દેખાતું કેમ નથી? એવો પ્રશ્ન અભેદવાદીઓને ભેદવાદીઓ પૂછે છે, પણ એવા પ્રશ્નો કરવા તે અભેદવાદને ઉપર ઉપરથી સાંભળ્યાનું પરિણામ છે.

અભેદવાદીઓ કારણમાં રહેલ કાર્યની સત્તા એ અવ્યક્ત છે, તિરોભાવે કાર્ય-કારણમાં રહે છે. તિરોભાવે અવ્યક્તપણે રહેલ ભાવ કેમ નથી દેખાતો? એવો પ્રશ્ન થઈ શકે જ નહિં.

તે તે સાધન-સામગ્રી મેળવીને માટીને ઘટ રૂપે પરિણત કરવી તે માટીમાં ઘટ ન હતો

અને નવો આવ્યો કે નવો ઉત્પન્ન કર્યો એમ નથી, પણ માટીમાં રહેલા ઘટને પ્રકટ કર્યો. દબાએલા ઘટને વ્યક્ત કર્યો, ઘટનો તિરોભાવ દૂર થયો ને તે આવિર્ભાવના સ્વરૂપને પામ્યો. આવિર્ભાવ દશામાં તેનું દર્શન થાય છે.

અહિં કેટલાએક તીક્ષ્ણ મતિવાળા તર્કવાદીઓ કે જેઓ ભેદવાદના સમર્થક છે, તેઓ અભેદવાદીઓ સામે એવો વિચિત્ર પ્રશ્ન ઉભો કરીને મૂંઝવણમાં મૂકવા વ્યર્થ આયાસ-પ્રયત્ન કરે છે. તેઓ કહે છે કે, આ તિરોભાવ અને આવિર્ભાવ એ શું છે ? કાર્યના એ પર્યાયો છે, તો સત્ છે કે અસત્ ? કાર્યની સાથે તેનો કેવો સંબંધ છે, ભિન્ન કે અભિન્ન ? જો એ પર્યાયો સત્ અને કાર્યની સાથે અભેદભાવે રહેનારા હોય તો કારણ દશામાં પણ કાર્ય દેખાવું જોઇએ, કારણ તે વખતે પણ કાર્યમાં રહેલો આવિર્ભાવ નામનો સત્ પર્યાય અભેદભાવે રહેલો છે. એટલે આવિર્ભાવ પછીથી થાય છે, ને થાય છે ત્યારે દેખાય છે, ઇત્યાદિ સર્વ કહેવું નકામું છે.

અભેદવાદીઓનું કથન સમજ્યા વગર આવી ગૂંચવણો ભેદવાદીઓ ઊભી કરે છે. ત્યારે તેને દૂર કરનાર ભેદાભેદવાદ છે, જે વાસ્તવ છે. કથંચિત્ ભેદ અને કથંચિત્ અભેદ માનવાથી જ વસ્તુનું યથાર્થ સ્વરૂપ સમજાય છે ને સ્થિર થાય છે. તેમ છતાં અભેદવાદીઓ તો ભેદવાદીઓને કહે છે કે આવિર્ભાવ નામનો પર્યાય કાર્યમાં તે તે સાધન-સામગ્રી આવ્યા પછી આવે છે, પર્યાયની તે તે સ્થિતિ અનુભવને અનુરૂપ હોય છે. ૭-૮.

નઇયાયિક ભાષઈ ઇસ્યું જી, જિમ અછતાનું રે જ્ઞાન;
હોવઈ વિષય અતીતનું જી, તિમ કારય સહિનાણ રે. ૯ ભવિકા૦
તે મિથ્યા નહીં સર્વથા જી, અછતો વિષય અતીત;
પર્યાયારથ તે નહીં જી, દ્રવ્યારથ છઇ નિત્ય રે. ૧૦ ભવિકા૦

ભેદાભેદવાદના સંસ્કારવિહોણા આત્માઓ જ્યારે જ્યારે ગમે તે એક પક્ષ તરફ ખેંચાઇ જાય છે ત્યારે બીજા પક્ષનું કથન બરાબર સમજ્યા વગર પોતાની રૂઢ માન્યતાને અનુસાર પ્રશ્નો કર્યા જ કરે છે.

અભેદવાદીએ આટ-આટલું કહ્યા છતાં ભેદવાદી નૈયાયિક તેના મનમાં ઘર કરી ગયેલ કાર્ય અસત્ છે, એ વિચારને મચક આપ્યા સિવાય જ પ્રશ્ન કરે છે કે—

કારણદશામાં અસત્ કાર્યનું જો ભાન થાય છે, તો કાર્ય કારણદશામાં ઉત્પન્ન કેમ થતું નથી ? જ્ઞાન અને ઉત્પત્તિ એ બન્ને સરખા છે. અસત્નું જ્ઞાન હોય તો ઉત્પાદન પણ જ્ઞાનકાળમાં જ હોવું જોઇએ.

કાર્ય-કારણભાવના લાઘવ-ગૌરવમાં ખૂબ રસ લેતો નૈયાયિક ઉપરનો પ્રશ્નની સાથે બીજો પણ એક પ્રશ્ન સાથે જ કરે છે કે, માટીમાં ઘડો ઉત્પન્ન થાય છે તેમાં દંડ, કુંભાર,

ચક્ર, દોર વગેરે કારણો છે. અમે તો અસત્કાર્યવાદી છીએ એટલે ઘડો ઉત્પન્ન થવામાં ઉપરનાં સર્વ કારણો છે એમ કહીએ છીએ. તમે એ પ્રમાણે કહી શકશો નહિં, કારણ કે તમારે મતે ઘડાને ઉત્પન્ન થવાપણું જ નથી. એ તો અપ્રકટ હતો તે પ્રકટ થયો, એટલે ઘટને પ્રકટ થવામાં એ સર્વ કારણો છે, એમ તમે કહેશો. ઘટનું પ્રકટ થવું એટલે પહેલાં જે ઘટનું જ્ઞાન થતું ન હતું તે જ્ઞાન થવા લાગ્યું. ઘટના જ્ઞાન થવામાં ચક્ષુ, પ્રકાશ, વગેરે કારણ છે, નહિં કે દંડ વગેરે, એટલે તમે જે ઘટાભિવ્યક્તિ માનો છો તે સંભવી શકતી નથી.

દ્રવ્યઘટને પ્રકટ થવામાં દંડ આદિ કારણ છે અને ઘટના જ્ઞાનમાં આંખ આદિ કારણ છે, એમ કહેવું એ તો વ્યર્થ છે, ગૌરવ દોષ દૂષિત છે.

આ સર્વ શંકાઓને દૂર કરવા માટે અભેદવાદી નૈયાયિકને કહે છે કે, લાઘવ-ગૌરવના વિચાર વસ્તુનું સ્વરૂપ સ્થિર કર્યા પછી કરાય. વસ્તુનું સ્વરૂપ લાઘવ-ગૌરવને ત્રાજવે તોળીને નક્કી ન કરાય.

કારણમાં કાર્ય અસત્ છે, છતાં જણાય છે એ વ્યાજબી નથી, કાર્ય સત્ છે માટે જણાય છે. એટલે અસત્નું જ્ઞાન માનવામાં આવે છે ને ઉત્પત્તિ માનવામાં નથી આવતી, એમ નથી, દ્રવ્યાર્થિકનયે કાર્યમાત્ર નિત્ય છે. પર્યાયાર્થિક નયે એ અનિત્ય છે, અસત્ છે. કારણમાં દ્રવ્યાર્થિક નયે રહેલ કાર્ય પર્યાયાર્થિક નયે આવિર્ભાવપણે નથી માટે અસત્ છે. તેનો આવિર્ભાવ થવો-પ્રકટ થવું; તે તે કાર્યમાં તે તે પ્રયોજનો સિદ્ધ કરવાની યોગ્યતા આવવી એ ઉત્પત્તિ છે.

માટીમાં તિરોભાવે રહેલા ઘટને તે તે પ્રયોજનોને યોગ્ય બનાવવામાં જે દંડાદિ સહકારી છે, તેને તેના આવિર્ભાવમાં કારણભૂત કહેવામાં આવે છે. ઘટને જોવામાં કારણભૂત ચક્ષુ-પ્રકાશ વગેરેના પ્રયોજનો જુદા જ છે એટલે પૂર્વોક્ત વિરોધ પણ રહેતો નથી.

કાર્ય-કારણના અભેદવાદને નહિ સ્વીકારને ઘણી વિષમતામાં મૂકાવું પડે છે. એ વિષમતા દૂર કરવા માટે વ્યર્થ મતિને તર્કવાદના ખોટે રસ્તે લઇ જવી પડે છે, એટલે અભેદવાદ અપેક્ષાએ વાસ્તવ છે.

અછતૂ ભાસઇ ગ્યાનનઇ જી, જે સ્વભાવિ સંસાર;
કહતો જ્ઞાનાકાર તો જી, જપઇ યોગાચાર રે. ૧૧ ભવિકા૦

અભેદવાદી અને ભેદવાદીની ચર્ચામાં કેટલાએ પ્રશ્નો એવા આડા આવે છે કે જે સમજવા માટે જુદા જુદા દાર્શનિક-દૃષ્ટિબિન્દુઓનું જ્ઞાન જરૂરી છે.

કારણ અને કાર્ય, દ્રવ્ય અને પર્યાય એ પરસ્પર અભિન્ન છે, એ પ્રમાણે માનનાર અભેદવાદીને કેટલાક પ્રશ્નો ઉત્પન્ન થતા જ નથી. તેને મતે એવા કેટલાક પ્રશ્નોનો નિકાલ સહજ થઈ જાય છે. જ્યારે ભેદવાદીઓ એવા પ્રશ્નોમાં ગુંચવાઇ જાય છે. ઘટરૂપ કાર્ય ઘટની ઉત્પત્તિ પહેલાં નથી અને ઘટનો વિનાશ થયા પછી પણ નથી, એમ ભેદવાદીઓ

માને છે–માનવાનો આગ્રહ સેવે છે. છતાં માટી વગેરેમાં અહિં ઘટ થશે, અહિં ઘટ હતો તે નાશ પામ્યો છે. ઇત્યાદિ જ્ઞાન થાય છે. ભેદવાદીઓ પણ એ જ્ઞાનને પ્રામાણિક માને છે. એ જ્ઞાન મિથ્યા છે એમ તેઓ પણ માનતા નથી. વસ્તુ નથી છતાં તેનું જ્ઞાન થાય છે. જ્ઞાનનો સ્વભાવ છે કે, તેમાં અછતી વસ્તુ પણ જણાય છે. એમ કહી ભેદવાદીઓ અસત્ કાર્યની ઉત્પત્તિની માન્યતા સ્થિર રાખવા પ્રયત્ન કરે છે.

એ ભેદવાદીઓને કહેવામાં આવે કે જ્ઞાનમાં અસત્ પદાર્થ પણ ભાસે છે, એમ તમે કહો છો, તો તમારામાં અને યોગાચાર નામના ત્રીજા બૌદ્ધમાં ફેર શું ?

એ પણ એમજ કહે છે કે, આ સર્વ શૂન્ય છે. જેમ સ્વપ્નમાં કાંઈ નથી–શૂન્ય છે છતાં સર્વ જણાય છે, તેમ વિશ્વમાં કાંઈ નથી છતાં જ્ઞાન થાય છે. સંસાર જ્ઞાનાકાર છે. અનાદિ–અવિદ્યાની વાસનાને બળે અસત્ બાહ્ય આકારો જણાય છે. બાહ્ય આકારો વગરનું વાસનાથી રહિત શુદ્ધ જ્ઞાન તો બુદ્ધને જ હોય છે. આ માન્યતા યોગાચારની છે.

ભેદવાદીઓ જો અસત્નું પણ જ્ઞાન થાય છે. એ પ્રમાણે માનશે તો યોગાચાર જરૂર તેમને પોતાના પક્ષમાં ખેંચી લેશે. માટે અસત્નું જ્ઞાન થઇ શકે નહિ.

હવડાં જાણ્યો અરથ તે જી, ધર્મ અતીત જે જણાઈ;
વર્તમાન પર્યાયથી જી, વર્તમાનતા થાઇ રે. ૧૨ ભવિકા૦

ધર્મી અછતઈં ધર્મ જો જી, અછતઈં કાલિં સુહાઈ;
સર્વ કાલિં નિર્બાધપણે જી, તો શશશૃંગ જણાઈ રે. ૧૩ ભવિકા૦

જો અસત્નું જ્ઞાન ન થાય તો વર્તમાનમાં ભૂત અને ભવિષ્યકાળના ભાવોનું જ્ઞાન થાય છે તેનું કેમ ? એ જ્ઞાન મિથ્યા નથી. મિથ્યાજ્ઞાન કોઇક વખત ખોટું જરૂર પડે. પણ ભૂત અને ભાવિના જ્ઞાનો કદી ખોટા પડ્યા નથી.

ભૂત અને ભાવિના જ્ઞાન સત્ય છે. માટે જ અભેદવાદીઓ ભેદવાદીઓને કહે છે કે, કાર્ય અને જ્ઞાનમાં જણાતી વસ્તુઓ અસત્ નથી. પદાર્થમાત્ર સદા શાશ્વત છે. કોઇ પદાર્થ નવીન નીપજતો નથી. તેમ કોઇપણ પદાર્થ નાશને પણ પામતો નથી. ફક્ત તેના પર્યાયોમાં પરાવર્તન થાય છે. તે તે પર્યાયોના પરાવર્તનને ઉત્પત્તિ અને વિનાશ કહેવામાં આવે છે. પદાર્થ સત્ છે માટે જ તેનું જ્ઞાન થાય છે. અતીત–અનાગત અને વર્તમાન એ પણ પદાર્થના જુદા જુદા પર્યાયો છે. પર્યાયના પરિવર્તનથી પદાર્થનો સર્વથા નાશ કે સર્વથા અભિનવ જન્મ માનવામાં આવે તો વિશ્વની એકવાક્યતા તૂટી જાય. ભેદવાદીને પણ પોતાની ઘણી વિચારણાઓ ફેરવવી પડે એટલે સર્વથા અસત્ પદાર્થનું જ્ઞાન હોતું નથી. ઘડો નથી એ કાળમાં પણ જો ઘડાનું જ્ઞાન થાય છે ને તે જ્ઞાનને અછતાનું જ્ઞાન માનવામાં–મનાવવામાં આવે છે. તો સસલાના શિંગડા, આકાશનું ફુલ, વન્ધ્યાપુત્ર વગેરેનું જ્ઞાન માનવું જોઇએ. તે તે અસત્ પદાર્થોના જ્ઞાન થવામાં કોઇ બાધક રહેશે નહિં. નિર્બાધપણે સદાકાળ તે

સર્વજ્ઞાનો થશે. તે તે અસત્પદાર્થોનું જ્ઞાન નથી થતું કારણ કે અસત્ છે. જેનું જેનું જ્ઞાન થાય છે તે અસત્ નથી પણ સત્ છે.

તે માટઈ અછતા તણો જી, બોધ ન જનમ ન હોઈ;
કારય કારણનઈ સહી જી, છઈ અભેદ ઇમ જોઈ રે. ૧૪ ભવિકા૦
ભેદ ભણઈ નઇયાયિકો જી, સાંખ્ય અભેદ પ્રકાશ;
જઇન ઉભય વિસ્તારતો જી, પામઈ સુજસ વિલાસ રે. ૧૫ ભવિકા૦

અસત્ જન્મે નહિં અને જણાય પણ નહિં. જન્મ અને જ્ઞાન સત્ના હોય, માટે કાર્ય અને કારણ અભિન્ન છે. દ્રવ્ય-ગુણ અને પર્યાય અભિન્ન છે. એ પ્રમાણે સાપેક્ષભાવે માનનારને કોઇ વિચારની વિષમતા આવતી નથી.

નૈયાયિક એકાન્તે ભેદ માને છે.

સાંખ્ય એકાન્તે અભેદ માને છે.

જૈન ભેદાભેદ માને છે.

ભેદવાદનું અભિમાન અભેદવાદ ઉતારે છે. અભેદવાદનું અભિમાન ભેદવાદ ઉતારે છે. ત્યારે ભેદાભેદવાદ સર્વ દૂષણોને દૂર કરી સમન્વય સાધે છે.

બે પક્ષો આગ્રહ પકડીને લડતા હોય ત્યારે તે તે પક્ષોના આગ્રહને મજબૂત કરાવીને લડાઇને ચાલુ રખાવનાર વિશ્વમાં થોડો વખત તે બન્નેની લડાઇનો ખોટો લાભ ઉઠાવે છે, પણ પરિણામે તેને યશ મળતો નથી. તેવા પ્રકારની નારદવિદ્યાના પ્રયોગ કરનારને જગત્ લુચ્ચો કહે છે. એવા લડાવી મારનારનો કોઇ વિશ્વાસ કરતું નથી.

જ્યારે બન્ને પક્ષો ખેંચતાણ કરતા હોય તેમને તેમની ભૂલ સમજાવીને બન્નેનો સમન્વય કરાવી દેનાર જશ પામે છે-સુજશ પામે છે.

જૈનદર્શન એક-બીજાને લડાવી મારતું નથી પણ એક-બીજા પક્ષ-પ્રતિપક્ષ રચીને લડતા હોય છે ત્યારે સર્વ નયોનો સમન્વય કરીને જૈનદર્શન પક્ષપાતને છોડાવે છે. એકાંત નિત્યવાદમાં જે દોષો આવે છે તે સર્વદોષો એકાન્ત વિનાશવાદમાં પણ છે. પરસ્પર એ એકાન્તવાદિઓ ભટકાય છે, ત્યારે જૈનશાસન વિજયવંત વર્તે છે, કારણ કે તેને કોઇની પણ સાથે અથડામણ નથી.

એકાન્તમાં દૂષણ છે ને અનેકાન્તમાં ભૂષણ છે.

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજે આ વાત નીચેના શ્લોકમાં સ્પષ્ટ કહી છે.

अन्योऽन्यपक्षप्रतिपक्षभावाद्, यथा परे मत्सरिणः प्रवादाः।
नयानशेषानविशेषमिच्छन्, न पक्षपाती समयस्तथा ते ॥ ३० ॥

(अन्ययोगव्यवच्छेदद्वात्रिंशिका)

य एव दोषाः किल नित्यवादे, विनाशवादेऽपि समास्त एव ।
परस्परध्वंसिषु कण्टकेषु, जयत्यधृष्यं जिन ! शासनं ते ॥ २६ ॥

(अन्ययोगव्यवच्छेदद्वात्रिंशिका)

એકાન્ત ભેદવાદ અને એકાન્ત અભેદવાદ હેય છે, દૂષિત છે, ત્યારે ભેદાભેદવાદ નિર્દોષ છે. વિશ્વની વ્યવસ્થા ભેદાભેદ ઉપર નિર્ભર છે, માટે તેને માન્ય કરવામાં શ્રેયઃ છે.

ઢાળ ૩ જી ટબ્બાર્થ.

(૧) દ્રવ્યાદિકનો–દ્રવ્ય, ગુણ, પર્યાયનો જે એકાંતે ભેદ ભાષિએ તો પરદ્રવ્યને પરિ સ્વદ્રવ્યને વિષે પણ ગુણ–ગુણિભાવનો ઉચ્છેદ થઈ જાય. જીવદ્રવ્યના ગુણ જ્ઞાનાદિક, તેહનો ગુણી જીવદ્રવ્ય, પુદ્ગલ દ્રવ્યના ગુણ રૂપાદિક, ગુણી પુદ્ગલદ્રવ્ય, એ વ્યવસ્થા છે–શાસ્ત્રપ્રસિદ્ધ ભેદ માનતાં તે લોપાએ, જીવદ્રવ્યને પુદ્ગલ ગુણરયું જેમ ભેદ છે, તેમ ગુણરયું પણ ભેદ છે, તો 'એહનો એહ ગુણી, એહના એહ ગુણ' એ વ્યવહારનો વિલોપ થઈ આવે, તે માટે દ્રવ્ય, ગુણ, પર્યાયનો અભેદ જ સંભવે, એહવો અભેદ નયનો ગુરુનો ઉપદેશ ભણીને ભવ્ય પ્રાણી ધારો. ૧.

(૨) વલી અભેદ ઉપરિ યુક્તિ કહે છે—દ્રવ્યે–કo–દ્રવ્યને વિષે, ગુણ, પર્યાયનો અભેદ સંબંધ છે. જો દ્રવ્યને વિષે ગુણ, પર્યાયનો સમવાય નામે ભિન્ન સંબંધ કલ્પિએ, તો અનવસ્થા દોષનું બંધન થાએ. જે માટે ગુણ ગુણીથી અલગો સમવાય સંબંધ કહીએ, તો તે સમવાયને પણ અનેરો સંબંધ જોઇએ. તેહને પણ અનેરો, એમ કરતાં કિહાંઈ ઠહરાવ ન થાયે. અને જો સમવાયનો સ્વરૂપ સંબંધજ અભિન્ન માનો, તો ગુણ ગુણીને સ્વરૂપ સંબંધ માનતાં સ્યું વિઘટે છે. જે કોક નવો સંબંધ માનો છો. ૨.

(૩) વળી અભેદ ન માને તેહને બાધક કહે છે. 'સોનું તેહજ કુંડલ થયું; ઘડો પહેલાં શ્યામ હુતો, તેહજ રાતો વર્ણ થયો.' એહવો સર્વલોકાનુભવસિદ્ધ વ્યવહાર ન ઘટે, જો અભેદ સ્વભાવ દ્રવ્યાદિક–૩–ને ન હુએ તો. ૩.

(૪) વળી બીજું બાધક કહે છે—ખંધ કહીએ અવયવી, દેશ કહીએ અવયવ; એહોને જો ભેદ માનીએ, તો બમણો ભાર ખંધમાંહે થયો જોઇએ. જે માટે શતતંતુના પટ માંહે શતતંતુનો જેટલો ભાર તેટલો પટ માંહે પણ જોઇએ. અને જે કોઈ નવા નૈયાયિક એમ કહે છે જે–'અવયવના ભારથી અવયવીનો ભાર અત્યંત હીન છે' તે માટે તેહને મતે દ્વિપ્રદેશાદિક ખંધ માંહે કિહાંઇ ઉત્કૃષ્ટ ગુરુતા ન થઇ જોઇએ, જે માટે દ્વિત્રદેશાદિક ખંધ એક પ્રદેશાદિકની અપેક્ષાએ અવયવી છે. અને પરમાણુ માંહે જ ઉત્કૃષ્ટ ગુરુત્વ માનીએ, તો રૂપાદિક વિશેષ પણ પરમાંહે માન્યા જોઇએ, દ્વિપ્રદેશાદિક માંહે ન માન્યા જોઇએ." અભેદ નયનો બંધ માને તો પ્રદેશનો ભાર તેહજ ખંધ ભારપણે પરિણમે, જેમ તંતુરૂપ પટરૂપપણે, તે વારે ગુરુતાવૃદ્ધિનો દોષ કહીએ તે ન લાગે. ૪.

(૫) દ્રવ્યાદિકને અભેદ ન માને છે, તેહને ઉપાલંભ દે છે–ભિન્ન દ્રવ્ય જે પાષાણ, કાષ્ઠ, પૃથિવી, જલાદિક તેહનો પર્યાય જે ભવનાદિક ઘર પ્રમુખ, તેહને તું 'એક' કહે છે. 'એક ઘર એ' ઇત્યાદિક લોક વ્યવહાર માટે ? તો એક દ્રવ્યમાં દ્રવ્ય, ગુણ, પર્યાયને અભેદ હોઈ, એહવો વિવેક કાં નથી કહેતો ? જે માટે આત્મદ્રવ્ય તેહજ આત્મગુણ તેહજ આત્મપર્યાય એહવો વ્યવહાર અનાદિ સિદ્ધ છે. ૫.

(૬) જીવદ્રવ્ય, અજીવદ્રવ્ય ઇત્યાદિ જે નિયત કહેતાં વ્યવસ્થા સહિત વ્યવહાર થાય છે, તે ગુણ-પર્યાયના અભેદથી જ્ઞાનાદિક ગુણ પર્યાયથી અભિન્ન દ્રવ્ય તે જીવ દ્રવ્ય રૂપાદિક–ગુણપર્યાયથી અભિન્ન

તે અજીવ દ્રવ્ય, નહીં તો દ્રવ્ય સામાન્યથી વિશેષ સંજ્ઞા ન થાએ. દ્રવ્ય, ગુણ, પર્યાય એ ૩ નામ છે, પણ સ્વજાતિ ૩ ને એકત્વ પરિણામ છે તે માટે ૩ પ્રકાર એક કહે, જેમ આત્મદ્રવ્ય, જ્ઞાનાદિક ગુણ, તત્પર્યાય એ સર્વ એક જ કહીએ. જેમ રત્નં ૧, કાંનિ ૨ જ્વરાપહાર શક્તિ ૩, એ ૩ ને એક જ પરિણામ છે, તેમ દ્રવ્ય, ગુણ, પર્યાયને એમ જાણવું. ૬.

(૭) વળી અભેદ ન માને તેહને દોષ દેખાડે છે-જો એહને દ્રવ્ય, ગુણ, પર્યાયને અભેદ નથી તો કારણ કાર્યને પણ અભેદ ન હોએ. તે વારે મૃત્તિકાદિક કારણથી ઘટાદિ કાર્ય કેમ નીપજે? 'કારણમાંહે કાર્યની શક્તિ હોય તો જ કાર્ય નીપજે, કારણમાંહે અછતી કાર્ય વસ્તુની પરિણતિ ન નીપજે જ, જેમ શશવિષાણ. જો કારણમાંહે કાર્યસત્તા માનીએ, તે વારે અભેદ સહજે જ આવ્યો. ૭.

(૮) કારણમાંહે કાર્ય ઊપના પહેલાં એ જો કાર્યની સત્તા છે, તો કાર્યદર્શન કાં નથી થાતું? એ શંકા ઉપરિ કહે છે-કાર્ય નથી ઊપનું તે વારે કારણમાંહે કાર્યની દ્રવ્યરૂપે તિરોભાવની શક્તિ છે, તેણે કરી છે, પણ કાર્ય જણાતું નથી, સામગ્રી મલે તે વારે ગુણ-પર્યાયની વ્યક્તિથી આવિર્ભાવ થાએ છે. તેણે કરી કાર્ય દીસે છે. તિરોભાવ-આવિર્ભાવ પણ દર્શન-અદર્શન નિયામક કાર્યના પર્યાય વિશેષ જ જાણવા. તેણે કરી આવિર્ભાવને સત્-અસત્ વિકલ્પે દૂષણ ન હોયે, જે માટે અનુભવને અનુસારે પર્યાય કલ્પીએ. ૮.

(૯) ઇહાં નૈયાયિક એહવું ભાષે છે—'જેમ અતીત વિષય જે ઘટાદિક અછતા છે, તેહનું જેમ જ્ઞાન હોય તેમ ઘટાદિક કાર્ય અછતાં જ મૃત્તિકાદિક દલથકી સામગ્રી મિલ્યે નીપજસ્યે, અછતાંની જ્ઞપ્તિ હોય તો અછતાંની ઉત્પત્તિ કેમ ન હોય? ઘટનું કારણ દંડાદિક અમ્હે કહું છું. તિહાં લાઘવ છે, તુમ્હારે મતે ઘટાભિવ્યક્તિનું દંડાદિક કારણ કહેવું, તિહાં ગૌરવ હોય, બીજું અભિવ્યક્તિનું કારણ ચક્ષુઃપ્રમુખ છે પણ દંડાદિક નથી, તે માટે ભેદ પક્ષ જ. દ્રવ્યઘટાભિવ્યક્તિનું કારણ દંડ, ભાવઘટાભિવ્યક્તિનું કારણ ચક્ષુઃ, તિહાં ગૌરવ છે, તે ન ઘટે. ૯.

(૧૦) હવે એ મત દૂષે છે—'અછતાની જ્ઞપ્તિ પરે અછતાંની ઉત્પત્તિ હોય' એમ કહીયું તે મત મિથ્યા, જે માટે અતીતવિષય ઘટાદિક, સર્વથા અછતો નથી, તે પર્યાયારથથી નથી, દ્રવ્યારથથી નિત્ય છે. નષ્ટ ઘટ પણ મૃત્તિકારૂપે છે. સર્વથા ન હોય તો શશશૃંગ સરખો થાય. ૧૦

(૧૧) 'સર્વથા અછતો અર્થ જ્ઞાન માંહે ભાસે છે' એહવું કહે છે, તેહને બાધક દેખાડે છે—જો જ્ઞાનને સ્વભાવે અછતો અતીત અર્થ ઘટપ્રમુખ ભાસે, એહવું માને તો સારો 'સંસાર જ્ઞાનાકાર જ છે. બાહ્ય આકાર અનાદિ અવિદ્યા વાસનાએ અછતા જ ભાસે છે, જેમ સ્વપ્ન માંહે અછતા પદાર્થ ભાસે છે. બાહ્યાકારરહિત શુદ્ધ જ્ઞાન, તે શુદ્ધને જ હોય,' એમ કહેતો યોગાચાર નામે ત્રીજો બૌદ્ધ જ જીપે; તે માટે અછતાનું જ્ઞાન ન હોય. ૧૧.

(૧૨) જો અછતાનું જ્ઞાન ન હોય, તો 'હવણાં મેં અતીત ઘટ જાણ્યો' એમ કેમ કહેવાય છે? તે ઉપર કહે છે—'તે અતીત ઘટ મેં હવણાં જાણ્યો' એમ જે જણાયે છે, તિહાં દ્રવ્યથી છતા અતીત ઘટને વિષે વર્તમાન જ્ઞેયાકારરૂપ પર્યાયથી 'હવણાં' અતીત ઘટ જાણ્યો જાયે છે. અથવા નૈગમનયથી અતીતને વિષે વર્તમાનતાનો આરોપ કીજે છે, પણ સર્વથા અછતી વસ્તુનું જ્ઞાન ન થાયે. ૧૨.

(૧૩) ધર્મી-અતીત ઘટ, અછતે ધર્મ-ઘટત્વ, અછતે કાલે ઘટને અભાવકાલે ભાસે છે, અથવા ધર્મી-અતીત ઘટ, અછતે ધર્મ જ્ઞેયાકાર અછતે કાલે ભાસે છે.' એમ જો તુઝને ચિત્તમાંહે સુહાયે, તો સર્વ અતીત, અનાગત વર્તમાનકાલે નિર્ભયપણે-અદૃષ્ટ શંકા રહિતપણે શશશૃંગ પણ જણાણું જોઇએ. ૧૩

(૧૪) એમ નથી તે માટે અછતાં અર્થનો બોધ ન હોય, જન્મ પણ ન હોય એમ નિર્ધાર કાર્ય-કારણનો અભેદ છે તે દૃષ્ટાંતે દ્રવ્ય, ગુણ, પર્યાયનો પણ અભેદ છે એમ સદ્દહવું. ૧૪.

(૧૫) એ ભેદના ઢાલ ઉપરિ અભેદનો ઢાલ કહીએ. જે માટે ભેદ નય પક્ષનો અભિમાન અભેદ નય ટાળે, હવે બિહું નયના સ્વામી દેખાડીને સ્થિત પક્ષ કહે છે. ૧૫

ભેદ તે નૈયાયિક ભાષે જે માટે અસત્ કાર્યવાદી છે. સાંખ્ય તે અભેદનય પ્રકાશે છે. જૈન તે બેહુનય સ્યાદ્વાદે કરીને વિસ્તારતો ભલા યશનો વિલાસ પામે, જે માટે પક્ષપાતી બેહુનય માંહોમાંહે ઘસાતા સ્થિતપક્ષ અપક્ષપાતી સ્યાદ્વાદીનો જ દીપે.

उक्तं च—

अन्योऽन्यपक्षप्रतिपक्षभावाद्, यथा परे मत्सरिणः प्रवादाः ।
नयानशेषानविशेषमिच्छन्, न पक्षपाती समयस्तथा ते ॥ ३० ॥

(अन्ययोगव्यवच्छेदद्वात्रिंशिका)

तथा—

य एव दोषाः किल नित्यवादे, विनाशवादेऽपि समास्त एव ।
परस्परध्वंसिषु कण्टकेषु, जयत्यधृष्यं जिन ! शासनं ते ॥ २६ ॥

(अन्ययोगव्यवच्छेदद्वात्रिंशिका)

ઢાળ ત્રીજી સંપૂર્ણ.



ઢાળ ૪ થી.

(નંદનકું ત્રિશલા હુલરાવે—એ દેશી.)

ભેદ અભેદ ઉભય કિમ માનો? જિહાં અવરોધ નિરધારો રે;
એક ઠામિં કહો કિમ કરિ રહવઇ, આતપનઈ અંધારો રે? ૧
શ્રુતધર્મઇ મન દૃઢ કરી રાખ્યો,
જિમ શિવસુખ ફલ ચાખ્યો રે. શ્રુતધર્મઇ૦

જૈનદર્શનનો ભેદાભેદવાદ છે. એ વાદ સાદી સમજવાળા સમજી શકે છે, અને સૂક્ષ્મ તર્કશક્તિવાળા પણ ગૂંચવાઈ જાય એવો છે. કોઈ તત્ત્વ કે કોઈ વાદ સમજવો હોય તો તે વાદ યા તત્ત્વ મિથ્યા છે, એમ માનીને સમજી શકાતું નથી. તે સમજવા માટે તેના પ્રત્યે પ્રીતિ જાગૃત થવી જોઇએ. શ્રદ્ધા અને બુદ્ધિ એ બેમાં બુદ્ધિપૂર્વકની શ્રદ્ધા દૃઢ અને સંગત હોય છે એમ બુદ્ધિવાદીઓ કહે છે. અપેક્ષાએ એ સત્ય છે એવો સ્વીકાર કરવામાં કોઈ સુજ્ઞને વિરોધ ન હોય, પણ બુદ્ધિપૂર્વકની શ્રદ્ધા વિશ્વમાં ક્વચિત્ જ જોવામાં આવે છે. શ્રદ્ધા સદંતર ન હોય અને બુદ્ધિમાં ઉતરતું જાય તેમ શ્રદ્ધા જામતી જાય–એ કથનમાત્ર રમ્ય છે. પણ અનુભવગમ્ય થવામાં વિષમ છે. ઘણી વખત બેને બે ચાર જેવી વાતો પણ કેવળ બુદ્ધિવાદીઓને સમજવી અને સમજાવવી મુશ્કેલ થઈ પડે છે. તર્કમાં સાચાને ખોટું કરવાની અને ખોટાને ખરૂં કરવાની વિલક્ષણ તાકાત–શક્તિ છે.

બીજી બાજુ શ્રદ્ધાવાળો આત્મા પોતાના ક્ષયોપશમ અનુસાર–બુદ્ધિની શક્તિને અનુરૂપ સમજવા માટે પ્રયાસ કરે તો તેને જરૂર તે તે ગહન લાગતા ભાવો પણ સરલ લાગવા માંડે છે, પોતે સમજે છે અને બીજાને સમજાવી શકે છે.

ભેદાભેદવાદ પણ સમજવા માટે પ્રથમ જરૂર છે શ્રદ્ધાની અને બીજી જરૂર છે બુદ્ધિની. શ્રુતજ્ઞાન આગમજ્ઞાનમાં દૃઢ મનવાળા આત્માને ભેદાભેદવાદ બુદ્ધિગમ્ય થાય છે. એ બળે આગળ વધતો આત્મા મોક્ષ મેળવે છે. જેઓ કેવળ બુદ્ધિવાદી છે તેનું મન દૃઢ નથી રહેતું. તેઓ વારંવાર શંકા–કુશંકા કર્યા કરે છે, છેવટે તેઓ કોઇપણ પ્રકારની આરાધના કરી શકતા નથી ને નાશ પામે છે. संशयात्मा विनश्यति શંકાશીલ સમર્થ હોય તો પણ નાશ પામે છે.

શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે—

वितिगिच्छसमावन्नेणं अप्पाणेणं णो लभति समाहिं । ५ । ५ ।

વિચિકિત્સા–સંદેહ–શંકાને પરવશ પડેલા આત્માને સમાધિ મળતી નથી. સમાધિ–કોઇપણ તાત્ત્વિક નિર્ણય મેળવવા માટે વિચિકિત્સા દૂર કરવી આવશ્યક છે.

ભેદાભેદવાદને કેવળ બુદ્ધિથી સમજવા માટે જેઓ ઇચ્છે છે તેમને પહેલેથી એવી શંકા થાય છે કે–આ ભેદ ને અભેદ એક સાથે એકમાં એકકાળે કેમ રહે ? પરસ્પર વિરોધી ભાવો એકત્ર એક વખત રહી શકે જ નહિં. આ બુદ્ધિની પકડ એટલી મજબૂત છે કે, તેને અનુસાર બુદ્ધિમાં સ્ફુરણાઓ ઉપરના નિયમને પોષણ આપનારી થાય છે, અને પકડ ઢીલી પડતી નથી.

ઇસી શિષ્યની શંકા જાણી, પરમારથ ગુરુ બોલઇ રે;
અવિરોધઇ સવિ ઠામઇ દીસઇ, દોઇ ધર્મ એક તોલઇ રે. ૨ શ્રુત૦

એક ઠામિ સવિજનની સાખિ, પ્રત્યક્ષઇ જે લહિઇ રે;
રૂપરસાદિકની પરિ તેહનો, કહો વિરોધ કિમ કહિઇ રે. ૩ શ્રુત૦

અંધારૂં હોય ત્યાં અજવાળું ન હોય અને અજવાળું હોય ત્યાં અંધારૂં ન હોય. એક સાથે એક સ્થળે અંધકાર અને પ્રકાશ ન રહે. શીત અને ઉષ્ણ, શ્વેત અને શ્યામ વગેરેની જેમ ભાવ ને અભાવ, ભેદ ને અભેદ વિરોધી છે. એક સ્થળે તે બન્ને એક સાથે ન રહે. બુદ્ધિવાદની આ શંકા ઉપર–ઉપરથી કેટલી વ્યાજબી લાગે છે. આ તર્કજાળમાં ફસાએલ હોય તેને ભેદાભેદવાદ સમજાવવો કેટલો મુશ્કેલ પડે એ સ્પષ્ટ સમજી શકાય એવું છે. કહી શકાય કે આવાં બુદ્ધિવાદને પરવશ પડેલાને ગળે ન ઉતરી શકે એવો ભેદાભેદવાદ છે. ઉપરની શંકા દૂર કરવા માટે પ્રથમ જે અમુક વિચારોનો આગ્રહ બંધાઇ ગયો છે, તે દૂર કરવો જોઇએ. આગ્રહ જાય એટલે ગુરુવચનનો પરમાર્થ સમજાય. ભેદાભેદ એક સ્થળે એક વખતે ન જ રહી શકે એવા પ્રકારનો આગ્રહ જ્યાં સુધી હોય ત્યાં સુધી સામેની બાજુ સમજવાને અવકાશ રહેતો નથી. એ આગ્રહ ઢીલો પડે એટલે સામેની બાજુ વિચાર કરવાનો અવકાશ મળે છે. ભેદાભેદ સાથે રહે છે. ભેદ અને અભેદમાં એવો વિરોધ નથી કે જે સાથે ન રહે. ભેદ અને અભેદ એકમાં રહે છે તે સ્પષ્ટ જણાય છે. ભેદ અને અભેદ બન્ને એક સરખા છે. તેમાં કોઇ એક મુખ્ય અને બીજો ગૌણ એવું નથી. ભેદ જૂઠો છે, ભેદ મિથ્યા છે. ભેદમાં બીજાની જરૂર પડે છે, અને અભેદ સ્વાભાવિક છે, અભેદ સાચો છે. અભેદમાં બીજાની અપેક્ષા નથી. એ પ્રમાણે માનવું–મનાવવું ખોટું છે. બન્નેમાં અપેક્ષા રહે છે. પરની અપેક્ષા સિવાય ભેદ કે અભેદ સમજી શકાય નહિં. કોનો ભેદ કે કોનો અભેદ ? એ પ્રશ્ન ભેદ અથવા અભેદ વિચારવા માટે ઉભો થાય છે અને એ પ્રશ્નના સમાધાન માટે કહેવું પડે છે કે, ગુણનો ભેદ અને ગુણનો અભેદ એમ ભેદ અને અભેદ બન્નેમાં ગુણની અપેક્ષા રહે છે. એટલે ભેદ ને અભેદમાં કોઇ નાનું–મોટું નથી. બન્ને સરખા છે.

ભેદ અને અભેદ વિરોધી નથી. એક હોય ત્યાં બીજો ન રહે એ વિરોધનું સ્વરૂપ છે. ભેદ–અભેદમાં એ સ્વરૂપ લાગુ પડતું નથી. રૂપ અને રસ એ બન્ને એક કાળે એક સ્થળે

સાથે રહે છે. એટલે તે બન્ને વિરોધી નથી એજ પ્રમાણે ભેદ-અભેદ એક સ્થળે સાથે રહે છે માટે વિરોધી નથી.

ભેદ અને અભેદ એ બન્ને પરસ્પર વિરોધી છે. એક સાથે નથી રહેતા માટે—

ભેદ અને અભેદ એ બન્ને એક સાથે રહેતા નથી, પરસ્પર વિરોધી છે માટે—

એ પ્રમાણે બે વિચારણાઓ સામસામી અથડાય છે. સામસામી અપેક્ષા રાખતી બે વિચારણાઓ ભેગી થઇ જાય ત્યારે તે બેમાં કોઇપણ એકને બળ આપનાર ત્રીજી વિચારણા ન મળે ત્યાં સુધી એકે વિચારણા પોતાનું કાર્ય સાધી શકતી નથી.

ઉપરની બન્ને વિચારણાઓ સામસામી અથડાઈ ગઈ છે, એટલે ભેદ-અભેદ પરસ્પર વિરોધી છે એ વાત અને તે બન્ને એક સાથે રહેતા નથી, એ વાત ચોક્કસ થઈ શકતી નથી.

ભેદાભેદવાદીઓને પણ સામો પક્ષ પૂછી શકે છે કે-તમારે મતે પણ નિર્ણય થઇ શકશે નહિં. કારણ કે તમારી વિચારણાઓ સામસામી અથડાઇને કાર્યસિદ્ધિ માટે નિર્બળ થઈ જાય છે, તે આ પ્રમાણે—

ભેદ અને અભેદ સાથે રહે છે. પરસ્પર વિરોધી નથી માટે—

ભેદ અને અભેદ પરસ્પર વિરોધી નથી, સાથે રહે છે માટે—

એટલે તમારી વિચારણાઓ સ્થિર કરવા માટે-સિદ્ધ કરવા માટે તમે જે ઉપાય લેશો તે ઉપાય અમારી વિચારણા સિદ્ધ કરવા માટે પણ કામ આવશે.

ययोरेव समो दोषः परिहारस्तयोः समः ।

અર્થ:—જેઓનો દોષ સરખો છે, તેઓનો દોષ દૂર કરવાનો ઉપાય પણ સરખો છે.

આ પ્રમાણે જ્યારે ભેદાભેદવાદને કેવળ બુદ્ધિથી વિચારવામાં આવે છે, તર્કની કસોટીથી જ કસવામાં આવે છે ત્યારે કોઈ નિર્ણય કરી શકાતો નથી. આ સ્થિતિ ભેદાભેદવાદને માટે છે એમ નહિં, પણ કોઈ પણ વિચારને માટે એ જ સ્થિતિ છે. દરેક વિચારણાઓ કેવળ બુદ્ધિને ઝપાટે ચડી જાય છે, ત્યારે અસ્થિર બની જાય છે. તે તે વિચારણાઓને સ્થિર કરવા માટે અનુભવ ખૂબ ઉપયોગી છે. અનુભવને આગળ કરીને વિચારણા કરવામાં આવે છે ત્યારે બુદ્ધિનું કાંઈપણ ચાલતું નથી, અને એક નિર્ણય ઉપર આવી શકાય છે.

ભેદવાદને સમજવા માટે અનુભવ આગળ કરવો જરૂર છે. તે આ પ્રમાણે કરી શકાય છે. રૂપ અને રસ, પરસ્પર એક સાથે રહી શકે નહિં. બન્ને વિરોધી છે માટે; રૂપ અને રસ, બન્ને વિરોધી છે, એક સાથે રહેતા નથી માટે.

આ વિચારનો અંત ત્યારે આવે કે તેને બતાવવામાં આવે કે આ સાકરનો ટૂકડો કેવો સુન્દર સફેત છે અને તેનો સ્વાદ કેવો મીઠો છે. આમ રૂપ અને રસ એકમાં એક

સાથે પ્રત્યેક અનુભવાય છે માટે માનવા જોઇએ. તેમાં બુદ્ધિના વ્યર્થ તર્ક ચલાવવા નકામા છે. એ પ્રમાણે દ્રવ્ય-ગુણ અને પર્યાયમાં પરસ્પર ભેદ અને અભેદ એક સાથે રહે છે, તે પ્રત્યક્ષ અનુભવથી જણાય કે, અનુભવ એટલે કાર્ય. જો ભેદાભેદ ન સ્વીકારવામાં આવે તો અનુભવનો વિરોધ થાય. તે તે કાર્યો ભેદાભેદ છે તો સિદ્ધ થાય છે, નહિં તો નથી થતાં. જેઓ પ્રત્યક્ષસિદ્ધ ભેદાભેદ નથી માનતાં તેઓને તે તે વિચારણામાં એક તો માન્યા વગર ચાલતું જ નથી. કાં તો ભેદ માને અથવા અભેદ માને. એકાંતે ભેદ કે એકાંતે અભેદ ઘટી શકતો નથી. તેમાં અનેક દોષો આવે છે એ હકીકત પહેલાં વ્યવસ્થિત રીતે કહેવાઇ ગઇ છે. એટલે કેવળ ભેદ કે કેવળ અભેદ તો માની ન શકાય. હવે બાકી રહ્યો ભેદાભેદ. એ માનવો જ જોઇએ. કોઈ પક્ષના આગ્રહમુક્ત મતિ આ ભેદાભેદને તુરત સ્વીકારી લે તેમ છે.

પ્રત્યક્ષ જણાતા આ ભેદાભેદનો વિરોધ કરવો એ કેવળ બુદ્ધિની વિડંબના છે. પાણી વલોવ્યા કરવાથી કાંઇ સાર નથી નીકળતો તેમ કેવળ ભેદાભેદ વિરોધી છે માટે નથી ઘટતો એમ કહ્યા કરવાથી કાંઈ સાર નથી નીકળતો. **'न हि प्रत्यक्षदृष्टेऽर्थे विरोधो नाम'** એ યુક્તિ પ્રસિદ્ધ છે.

પ્રત્યક્ષ જણાતા પદાર્થો માટે કોઇ પૂછે છે કે આવું બીજે ક્યાં છે તો તે વ્યાજબી નથી. મૂઢતા-મૂર્ખતા છે. હા, એટલું જરૂર પૂછી શકાય કે આવા પ્રકારનું બીજા કોઇ પદાર્થમાં છે કે નહિં તો તેનો વ્યાજબી ઉચિત ઉત્તર આપી શકાય. પણ દૃષ્ટાંત તરીકે કોઈ પૂછે કે આવો પદાર્થ બીજો કોઇ બતાવો તો અમે આ સત્ય માનીએ, તો તે જડતા છે. દૃષ્ટાંત અનુમાનમાં હોય. પ્રત્યક્ષમાં ન હોય એવા દૃષ્ટાંતની ઇચ્છા કરનારનો ઉપહાસ કરતાં કહ્યું છે, અરેખર તમે ઘણા ચાલાક છો ખૂબ જ બુદ્ધિમાન છો કે આવું બીજે ક્યાં જોયું છે? એમ કહીને પ્રત્યક્ષમાં પણ અનુમાનની જેમ દૃષ્ટાંતની માગણી કરો છો.

क्वेदमन्यत्र दृष्टत्व-महो ? निपुणता तव। दृष्टान्तं याचसे यत्त्वं, प्रत्यक्षेऽप्यनुमानवत् ॥ १ ॥

શ્યામભાવ જે ઘટ છઈ પહિલાં, પછઇ ભિન્ન તે રાતો રે;
ઘટ ભાવઈ નવિ ભિન્ન જણાઇ, સી વિરોધની વાતો રે? ૪ શ્રુત૦
બાલભાવ જે પ્રાણી દીસઇ, તરુણ ભાવ તે ન્યારો રે;
દેવદત્ત ભાવઈ તે એક જ, અવિરોધઈ નિરધારો રે. ૫ શ્રુત૦

ભેદાભેદ સમજવા માટે નીચેના અનુભવો ધ્યાનમાં રાખવા જેવા છે.

કુંભાર ઘડો બનાવે છે. તે પ્રથમ શ્યામ હોય છે, તેને નિભાડામાં રાખીને પકવે છે ત્યારે લાલ થઇ જાય છે, જે ઘડો પહેલાં શ્યામ-કાળો હતો, તે અને નિભાડામાંથી કાઢ્યો ત્યારે લાલ છે તે એમ બન્ને અવસ્થામાં ઘડો એક હોવા છતાં જુદો ગણાય છે. શ્યામ અને રક્ત જુદા હોવા છતાં ઘડો એક જ છે. એ વસ્તુસ્થિતિ એક પદાર્થમાં ગુણાદિ ભેદાભેદ રહેલા છે, એ વાત સમજાવે છે. આ પ્રમાણે પુદ્ગલમાત્રમાં ભેદાભેદ સમજી શકાય તેમ

છે. સફેદ વસ્ત્ર હોય તેને લાલ કે લીલા રંગે રંગવામાં આવે ત્યારે તે લાલ કે લીલું થઈ જાય છે વસ્ત્રનો રંગ બદલાય છે, પણ વસ્ત્ર તેનું તે રહે છે. સફેદ વસ્ત્ર પાંચ વારનું હોય ને તેને રંગવામાં આવે એટલે તે વધી ઘટી જતું નથી, હોય એટલું ને એટલું જ રહે છે. એટલે વસ્ત્ર તેનું તે જ છે એ નિર્વિવાદ છે. રંગ ફર્યો એટલે ફરી ગયું છે તે પણ અનુભવ સિદ્ધ છે. પ્રથમ સફેદ પહેર્યું હોય ને પછી તેને રંગીને પહેરવામાં આવે ત્યારે રોજ જોનારા પણ પૂછશે કે, આજે નવું વસ્ત્ર પહેરીને આવ્યા છો. ત્યારે પહેરનાર કહેશે કે વસ્ત્ર તો તેનું તે જ છે પણ તે લાલ રંગે રંગ્યું છે. આમ વસ્ત્રમાં ભેદાભેદ છે.

એક આત્મા કે જેનું નામ દેવદત્ત છે. તે બાળપણમાંથી યુવાન થાય છે અને તેમાંથી વળી વૃદ્ધ થશે. બાળ દેવદત્ત, યુવાન્ દેવદત્ત અને વૃદ્ધ દેવદત્ત એ ત્રણે જુદા છે. છતાં દેવદત્ત તો તેનો તે જ છે.

આત્મા તેનો તે જ હોવા છતાં મનુષ્ય, દેવ, નારક ને તિર્યંચ એ સર્વ સ્થિતિમાં જુદો જણાય છે, એક જ પદાર્થ હોવા છતાં જુદો જણાય છે એ ભેદાભેદને કારણે જણાય છે. જો ભેદાભેદ ન હોય તો એ સંગત ન થઈ શકે.

દ્રવ્યાર્થિક નય અભેદને સ્થિર કરે છે અને પર્યાયાર્થિક નય ભેદને સ્થિર કરે છે. બન્ને નયનો સમન્વય થાય ત્યારે વસ્તુનું યથાર્થ પૂર્ણ સ્વરૂપ સ્થિર થાય છે. કોઈપણ એક નયની વિચારણા તે નયની અપેક્ષાએ સત્ય હોવા છતાં અધુરી અને અપૂર્ણ છે.

જન્મથી આરંભી મરણ પર્યંત પુરુષને માટે પુરુષ શબ્દ કાયમ રહેવા છતાં બાલ-યુવાન વગેરે તેના અનેક વિકલ્પો પડે છે. એ પ્રમાણે સમ્મતિના પ્રથમ કાંડની ૩૨ મી ગાથામાં શ્રી સિદ્ધસેનદિવાકરે કહ્યું છે. તે ગાથા આ પ્રમાણે છે.

पुरिसम्मि पुरिससद्दो, जम्माईमरणकालपज्जंतो ।
तस्स उ बालाईया, पज्जवभेया बहुवियप्पा ॥ ३२ ॥

ધર્મભેદ જો અનુભવિ ભાસઈ, ધર્મિ ભેદ નવિ કહિઈ રે;
ભિન્ન ધર્મનો એક જ ધર્મી, જડ ચેતન પણિ લહિઈ રે. ૬ શ્રુત૦
ભેદાભેદ તિહાં પણિ કહતાં, વિજય જઈન મત પાવઈ રે;
ભિન્ન રૂપમાં રૂપાંતરથી, જગિ અભેદપણિ આવઈ રે. ૭ શ્રુત૦
જેહનો ભેદ અભેદ જ તેહનો, રૂપંતર સંયુતનો રે;
રૂપંતરથી ભેદ જ તેહનો, મૂલ હેતુ નય શતનો રે. ૮ શ્રુત૦

ઘટમાં, વસ્ત્રમાં અને આત્મામાં જે ભેદાભેદ સમજાવ્યો તેમાં પ્રાચીન નૈયાયિકને એક શંકા થાય છે. તે કહે છે કે ભેદ રહે ત્યાં બીજાને એટલે અભેદને ન રહેવા દે, ભેદ જ્યાં રહે છે ત્યાં વ્યાપીને રહે છે, બીજાને રહેવાનો અવકાશ તે રહેવા દેતો નથી. ઘડો-વસ્ત્ર અને આત્મા તેના તે હોવા છતાં અવસ્થાભેદે જે જુદા જણાય છે. તેમાં પદાર્થોનો ભેદ

નથી તેમાં રહેલા તે તે ધર્મોનો ભેદ છે. ધર્મો ફરે એટલે ધર્મી ફરે છે એમ નહિં, ધર્મી તો એનો એ રહે છે. ધર્મી ફર્યો એવું જે જણાય છે તે તો ઉપચાર માત્ર છે **श्यामो न रक्तः** શ્યામ ઘટ એ લાલ નથી એ વાકય ભાવપ્રધાન રાખવું અને તેનો અર્થ શ્યામ રૂપ અને લાલ રૂપ નથી. એ પ્રમાણે એક જ પદાર્થમાં જ્યાં ધર્મ ફરે છે ત્યાં ધર્મીનો ભેદ ન માનતાં ધર્મનો જ ભેદ માનવો. ધર્મી કરતાં ધર્મો જુદા છે, એટલે ભેદાભેદ માનવાની જરૂર નથી અને તેનો અનુભવ પણ થતો નથી.

ભેદાભેદવાદને નહિં માનનાર નૈયાયિક પોતાના વિચારોને અનુસાર ભેદને વ્યાપ્યવૃત્તિ માને છે ને તેને આધારે તે સમજાવે છે ને શંકા કરે છે. પણ તેણે જે કહ્યું કે **श्यामो न रक्तः** ઇત્યાદિ સ્થળે શ્યામ ઘટનો ભેદ રક્ત ઘટમાં નથી પણ શ્યામત્વનો અને રક્તત્વનો ભેદ છે. એ રીતે તે ઘટને એક જ કહે છે ને તેમાં રહેલ ધર્મને ભિન્ન માને છે. એમ માનવાથી તત્કાલ તો તે તે સ્થળે ગૂંચવણ નહિં આવે, પણ તેથી એક બીજી અવ્યવસ્થા એ ઊભી થાય છે કે, જુદા જુદા ભેદ વાકયોમાં ધર્મી ભેદ કયાં માનવો અને ધર્મભેદ કયાં માનવો ? તેનું કોઇ ચોક્કસ ધોરણ નક્કી કરી શકાશે નહિં. **घटो न पटः** ઘડો એ વસ્ત્ર નથી ત્યાં ઘટત્વ અને પટત્વનો ભેદ માનો અને ઘટ અને પટનો ભેદ ન માનો. કયે સ્થળે ધર્મભેદ માનવો અને કયે સ્થળે ધર્મિભેદ માનવો એનો અનુગમ નહિં રહે. પ્રતીતિ ઉપર એ છોડી દેવાથી અવ્યવસ્થા દૂર કરી શકાશે નહિં. **श्यामो न रक्तः घटो न पटः, जडो न चेतनः** એ પ્રમાણે ધર્મિ પ્રતિયોગી તરીકે સમાન છે. જો ત્યાં એમ કહેવામાં આવે કે શ્યામ એ રક્ત નથી એ સ્થળે ઘટ એક જ છે છતાં ભેદ જણાવવામાં આવે છે માટે ભેદ બાધિત છે. બાધિત છે છતાં કહેવાય છે માટે તેને ધર્મિપરક ન માનતાં ધર્મપરક માનવો. ધર્મિનો ભેદ માનવામાં કોઇપણ વિરોધ ન આવતો હોય ત્યાં તે માનવો અને વિરોધ આવતો હોય ત્યાં ધર્મિભેદ ન માનતાં ધર્મભેદ માનવો. પણ એમ કહેવું વ્યાજબી નથી. કારણ કે વિરોધ કયાં છે અને કયાં નથી એ નક્કી કરવું સહેલું નથી. અમુક મંતવ્યોના સંસ્કારો દૃઢ થયેલા હોય અને તેને વિરોધ લાગે અને તેનાથી જુદા જ પ્રકારના સંસ્કારોવાળાને એ વિરોધ ન લાગે.

જ્યારે ભેદાભેદ માનવામાં આવે છે ત્યારે કોઇપણ પ્રકારનો વિરોધ આવતો નથી.

કદાચ કોઇ કહે કે શ્યામ એ રક્ત નથી. ત્યાં ઘટ એક જ છે અને શ્યામ-રક્ત જુદા છે. એટલે ભેદાભેદ માની શકાય પણ ઘટ એ પટ નથી એ સ્થળે તો ભેદ જ છે અભેદ જેવું કાંઈ પણ નથી ત્યાં ભેદાભેદ કઈ રીતે માની શકાય. એજ પ્રમાણે જડ એ ચેતન નથી ત્યાં જડ અને ચેતન તેમાં કોઇ પણ એકત્વ જણાવનાર નથી એટલે ત્યાં ભેદ જ માનવો રહ્યો ત્યાં ભેદાભેદ કઇ રીતે ઘટી શકે ?

ભેદાભેદવાદી ઘટ એ પટ નથી, જડ એ ચેતન નથી ત્યાં પણ તે તે પર્યાયોને આશ્રયીને ભેદ માને છે. દ્રવ્યત્વ અને પદાર્થત્વને આશ્રયીને અભેદ માને છે. જગત્માં ભેદાભેદ સર્વત્ર વ્યાપક છે. ઘટ અને પટમાં જડ અને ચેતનમાં એમ સર્વત્ર ભેદાભેદ માનવામાં ભેદાભેદ-

વાદીને ઇષ્ટાપત્તિ છે. જેમ એક જ વસ્તુ પણ તેના અવાંતર પર્યાયોની પ્રધાનતાને આશ્રયીને ભિન્ન ગણાય છે, અને જ્યારે તે તે પર્યાયોને ગૌણ રાખીને વિચારવામાં આવે તો અભિન્ન ગણાય છે. તેજ પ્રમાણે બાહ્યદૃષ્ટિએ સંદંતર જુદી જણાતી વસ્તુઓ પણ તેમાં રહેલા તે તે પર્યાયોની મુખ્યતાને લઇને છે પણ જ્યારે તે તે બન્નેમાં રહેલા વ્યાપક ધર્મને આશ્રયીને જોવામાં આવે તો તે બન્ને અભિન્ન જણાય છે. માટીમાં-ઘડો બનાવતા પહેલાં જુદી જુદી ઘણી આકૃતિઓ થાય છે. તેમાંની કેટલીક આકૃતિઓના નામો સ્થાસ, કોશ, કુશૂલ, કપાલ એ પ્રમાણે છે. તે તે આકૃતિઓમાં માટીરૂપી દ્રવ્ય એક સરખું હોવા છતાં, તે તે આકૃતિઓ વિશિષ્ટ માટીનો વિચાર કરવામાં આવે તો તે દરેક આકૃતિમાં માટીનો ભેદ જણાશે અને તે તે આકૃતિઓ ગૌણ કરવામાં આવે તો માટી અભિન્ન જણાશે.

આમ રૂપાંતરનો યોગ અને અયોગ ભેદ અને અભેદને વ્યવસ્થિત કરે છે. આ ભેદ અને અભેદથી એક એક નયના સો સો ભેદ પડી જાય છે. દરેક નયના સો પ્રકાર કરવામાં મૂળભૂત કારણ આ ભેદ અને અભેદ છે. અને તેથી સાત નયના સાતસો ભેદ થાય છે. એ પ્રમાણે દ્રવ્ય અને પર્યાયની અર્પણા અને અનર્પણાથી જે નયોના અનેક ભેદો થાય છે. તેનું વિસ્તારથી વર્ણન પહેલાં **શતારનયચક્રાધ્યયન** માં હતું, હાલ તે ઉપલબ્ધ નથી.

વર્તમાનમાં તો એક એક નયમાં વિધિ, વિધિ વિધિ, વગેરે બાર બાર ભેદ સમજાવતો **દ્વાદશારનયચક્ર** ગ્રંથ છે. તેમાં આ ભેદાભેદવાદને વિસ્તારથી વ્યવસ્થિત રીતે સમજાવ્યો છે, ભેદાભેદને સૂક્ષ્મપણે સમજવાની ઇચ્છાવાળાએ તે તે ગ્રંથોનું અધ્યયન કરવું જરૂરી છે.

ક્ષેત્ર કાલ ભાવાદિક યોગઈં, થાઇ ભંગની કોડી રે;
સંખેપઇં એ ઠામિ કહિઇં, સપ્તભંગની જોડી રે. ૯ શ્રુત૦

ભેદાભેદ સમજવો જેટલો ગહન છે તેટલો જ તે સમજાયા પછી બસવો મુશ્કેલ છે. જો એક વખત પણ એ જચી જાય તો આત્માનો બેડોપાર થઈ જાય. ભેદાભેદ એ પદાર્થમાત્રનું પારમાર્થિક સ્વરૂપ છે. ષડ્દ્રવ્યાત્મક આ લોક છે. તેમાં ચેતન અને અચેતન એમ બે વિભાગમાં છએ દ્રવ્યો વહેંચાયા છે. છમાં ચેતનદ્રવ્ય એક જ છે ને તે આત્મદ્રવ્ય. જ્યારે અચેતન દ્રવ્યો પાંચ છે. તે આ પ્રમાણે—ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળ. કાળ સિવાયના પાંચ દ્રવ્યો વાસ્તવ છે અને કાળ એ ઔપચારિક દ્રવ્ય છે. આ છએ દ્રવ્યો પરસ્પર એવા સંકળાએલા છે કે એક બીજાને યથાર્થપણે સંપૂર્ણ સમજવા હોય તો તે તે સર્વ દ્રવ્યોનું જ્ઞાન જોઇએ. એક દ્રવ્યને સમજવા માટે તેની સામેના દ્રવ્યોને પણ જાણવા જરૂરી છે.

દરેક દ્રવ્ય તેની પોતાની અપેક્ષાએ સ્વદ્રવ્ય છે. તે દ્રવ્ય જે ક્ષેત્રમાં અર્થાત્ જે આકાશ પ્રદેશમાં રહે છે તે તેનું સ્વક્ષેત્ર છે. આકાશદ્રવ્ય સ્વપ્રતિષ્ઠિત છે એટલે તેને પોતાનાથી જુદું ક્ષેત્ર હોતું નથી. દ્રવ્ય જે કાળમાં રહે છે તે તેનો સ્વકાળ છે, અને દ્રવ્યનું જે સ્વરૂપ છે તે તેનો સ્વભાવ છે પોતાનાથી ભિન્ન દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ તે 'પર' છે.

દરેક દ્રવ્યોને સ્વ અને પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ હોય છે. ભેદાભેદ સમજવા માટે તે તે દ્રવ્યોના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ સ્વ શું છે અને પર શું છે તે જાણવા જરૂરી છે. તે તે દ્રવ્યો સ્વ-પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવની અપેક્ષાએ છે અને સ્વ-સિવાયના પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવની અપેક્ષાએ નથી. આ જે સ્વની અપેક્ષાએ છે અને પરની અપેક્ષાએ નથી તે વસ્તુસ્વરૂપ સમજવાનું બીજ છે. જે સ્વરૂપે જે પદાર્થ છે તે સ્વરૂપે તે પદાર્થ છે જ. અને જે સ્વરૂપે જે પદાર્થ નથી તે સ્વરૂપે તે નથી જ. વિશ્વમાં જો એક જ સ્વરૂપ હોય ને પર સ્વરૂપ ન જ હોત તો કોઈ પણ દેખાતા પદાર્થ 'છે જ' એમ કહેવાત, પણ એમ નથી. વિશ્વ એક સ્વરૂપ નથી. અનેક સ્વરૂપ છે. એટલે વિશ્વમાં સ્વ અને પર એમ બે વિકલ્પ પડે છે. સ્વ-સ્વરૂપે દરેક ભાવમાં 'અસ્તિત્વ' છે અને જે સમયે તેમાં અસ્તિત્વ છે તે જ સમયે તેમાં પરસ્વરૂપે 'નાસ્તિત્વ' છે. એટલે વસ્તુ અસ્તિ-નાસ્તિ સ્વરૂપ છે. વસ્તુને-પદાર્થને સ્વ અને પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવથી વિચારવામાં આવે તો વસ્તુ છે અને નથી એવું સ્પષ્ટ ભાન થશે. છે અને નથી એ બન્ને એવા વિરોધી છે કે તે બન્નેને એક સાથે એક જ શબ્દમાં સમજાવી શકાતા નથી. એટલે સ્વ-દ્રવ્યાદિ અગર પર-દ્રવ્યાદિ એ બન્ને અપેક્ષાઓ મુખ્ય રાખીને દ્રવ્ય-પદાર્થ શું છે? તેનો એક શબ્દમાં ખુલાસો સમજવો હોય તો 'અવક્તવ્ય' શબ્દ છે. અર્થાત્ પરિણત થયેલી બુદ્ધિ સ્વપર અપેક્ષાએ પદાર્થ શું છે? એ સમજી શકે છે, પણ તેને સ્પષ્ટ વ્યક્ત સમજાવવા માટે કે કહેવા માટે શબ્દ નથી. એટલે પદાર્થ સ્વ-પર એમ બન્ને અપેક્ષાએ એક સાથે અજ્ઞેય નથી, જ્ઞેય તો છે. પણ વક્તવ્ય કહી શકાય એવો નથી. અવક્તવ્ય છે. આટલું સ્વરૂપ જ્યારે સમજાય એટલે સ્વદ્રવ્યાદિ અને પરદ્રવ્યાદિની અપેક્ષાએ વસ્તુ એક સ્વરૂપ નથી પણ અનેક સ્વરૂપ છે એ નક્કી સમજાઈ જાય. સ્વ અને પરના ભેદો એક-બે નથી પણ અનંતા છે, એટલે વસ્તુના સ્વરૂપો પણ એક-બે નથી પણ અનંતા છે. જેટલા જેના સ્વરૂપો તેટલા તેના અંશો હોય છે. અર્થાત્ વસ્તુ અનંત અંશાત્મક છે. તેમાં વસ્તુના એક અંશને આશ્રયીને સ્વ-સ્વરૂપે વિચારવામાં આવે અને બીજા અંશ આશ્રયીને સ્વ-પર એમ ઉભય સ્વરૂપે વિચારવામાં આવે ત્યારે સંપૂર્ણ વિચારણા 'અસ્તિ-અવક્તવ્ય' કહેવાય. જે અંશ સ્વ-સ્વરૂપે વિચાર્યા છે તે અંશને આશ્રયીને અસ્તિ છે અને જે બીજા અંશને આશ્રયીને ઉભય સ્વરૂપે વિચાર કર્યો છે તે અંશ અવક્તવ્ય છે, એટલે બન્ને અંશોની સંયુક્ત-ભેળી મળેલી વિચારણા 'અસ્તિ-અવક્તવ્ય' થાય. આ જ પ્રમાણે એક અંશને પર-સ્વરૂપે વિચારવામાં આવે અને બીજા અંશને ઉભય-સ્વરૂપે વિચારવા આવે ત્યારે તે વિચારણા 'નાસ્તિ-અવક્તવ્ય' ગણાય. તેવી જ રીતે એક અંશને સ્વ-પર સ્વરૂપે જુદો જુદો વિચારવામાં આવે અને બીજા અંશને ઉભય સ્વરૂપે એક સાથે વિચારવામાં આવે ત્યારે તે વિચારણા 'અસ્તિ-નાસ્તિ-અવક્તવ્ય' કહેવાય છે.

આ રીતે કોઇ પણ પદાર્થની વિચારણા કરવાથી તેનું યથાર્થ પૂર્ણ સ્વરૂપ સમજાય છે. આમાં કોઇ પણ વિચારણા છુટી જતી નથી. ઉપર જણાવેલી તે સાત અપેક્ષાવાળી સાત વિચારણાને 'સપ્તભંગી' કહેવામાં આવે છે. એ સપ્તભંગી એ જ સ્યાદ્વાદ છે. ટૂંકમાં 'સ્યાત્' શબ્દ અનેક અપેક્ષાઓને સ્પર્શે છે એટલે એક સાથે નીચે પ્રમાણે સાત ભાંગાઓ બને છે.

૧ સ્યાત્-અસ્તિ, ૨ સ્યાત્-નાસ્તિ, ૩ સ્યાત્-અસ્તિ-નાસ્તિ, ૪ સ્યાત્-અવક્તવ્ય, ૫ સ્યાત્-અસ્તિ-અવક્તવ્ય, ૬ સ્યાત્-નાસ્તિ અવક્તવ્ય. ૭ સ્યાત્-અસ્તિ-નાસ્તિ-અવક્તવ્ય. સ્યાત્-પૂર્વક જો વ્યવહાર કરવામાં આવે તો જ એવકાર-જકારનો ઉપયોગ કરી શકાય. એટલે ઉપરના સાતે ભાંગાઓ એવકાર-જકાર સહિતના સમજવા. બાકી એમને એમ અસ્તિ-નાસ્તિની વિચારણા કરનારને જકારનો ઉપયોગ કરવાનો અધિકાર નથી. જકાર સિવાય અસ્તિ-નાસ્તિ વગેરેની વિચારણા કરી શકાય છે ને તે આંશિક સત્યમાં આવે છે. પણ સ્યાત્ સિવાય જકારથી અસ્તિ-નાસ્તિની વિચારણા કરનાર મિથ્યા છે.

ઉપરના સાત ભંગો એક અપેક્ષાને આશ્રયીને એક જ ઘટની વિચારણા જુદા જુદા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવને આશ્રયીને કરવામાં આવે તો ઉપરની સપ્તભંગી જેવી કરોડો સપ્તભંગી થાય. સ્વ અને પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવના સામાન્ય ભાંગાઓ પણ કરોડો થાય. વિશેષ ભંગો તો અનંતા થાય. સર્વ સાધારણ સપ્તભંગી તો ઉપર જણાવી એ પ્રમાણે છે. તેથી અન્ય સપ્તભંગીઓ વિચારી શકાય છે.

પર્યાયારથ ભિન્ન વસ્તુ છઈં, દ્રવ્યારથઈં અભિન્નો રે;
ક્રમઈં ઉભય નય જો અર્પીજઈ, તો ભિન્ન નઈં અભિન્નો રે. ૧૦ શ્રુત૦
જો એકદા ઉભય નય ગહિઈં, તો અવાચ્ય તે લહિઈં રે;
એકઈં શબ્દઈં એકજ વારઈં, દોઇ અર્થ નવિ કહિઈં રે. ૧૧ શ્રુત૦
પર્યાયારથ કલ્પન ઉત્તર-ઉભય વિવક્ષા સંધિ રે;
ભિન્ન અવાચ્ય વસ્તુતે કહિઈં, સ્યાત્કાર નઈં બંધિ રે. ૧૨ શ્રુત૦
દ્રવ્યારથ નઈં ઉભય ગ્રહિયાથી, અભિન્ન તેહ અવાચ્યો રે;
ક્રમ યુગપત નય ઉભય ગ્રહિયાથી, ભિન્ન અભિન્ન અવાચ્યો રે. ૧૩ શ્રુત૦
સપ્તભંગ એ દૃઢ અભ્યાસી, જે પરમારથ દેખઈં રે;
જસ કીરતિ જગિ વાધઈં તેહની, જઈન ભાવ તસ લેખઈં રે. ૧૪ શ્રુત૦

દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદાભેદને વ્યવસ્થિત સમજવા માટે સપ્તભંગની વિચારણા આવશ્યક છે. પર્યાયાર્થિક નય તે ત્રણેને ભિન્ન માને છે. એટલે ઉપરના બન્ને નયને આશ્રયીને ભેદાભેદની સપ્તભંગી નીચે પ્રમાણે છે.

૧. પર્યાયાર્થિક નયની અપેક્ષાએ દ્રવ્યાદિ ૩ ભિન્ન જ છે.

૨. દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ દ્રવ્યાદિ ૩ અભિન્ન જ છે.

૩. પર્યાયાર્થિક અને દ્રવ્યાર્થિક નયની ક્રમિક અપેક્ષાએ દ્રવ્યાદિ ૩ ભિન્નાભિન્ન છે.

૪. પર્યાયાર્થિક અને દ્રવ્યાર્થિક નયની યુગપત્-એક સાથે એક જ વખતે અપેક્ષાએ દ્રવ્યાદિ ૩ અવક્તવ્ય છે.

[એક સાથે સ્વતંત્ર બે ભાવને એક જ શબ્દ નથી સમજાવી શકતો એ હકીકત છે. ' પુષ્પદંત ' શબ્દથી સૂર્ય અને ચંદ્ર એક સાથે એક જ વખતે સમજાય છે, અને પુષ્પદંત શબ્દ પણ એકજ છે. પણ તેમાં સૂર્ય અને ચંદ્રનો સંમિશ્રિત એટલે જોડાએલો બોધ છે. પુષ્પદંત શબ્દ સૂર્ય-ચંદ્રને જુદા-જુદા સમજાવી શકતો નથી એટલે ભેદાભેદને સ્વતંત્ર એક સાથે એક જ શબ્દમાં કહી શકાય નહિં, એ અવકતવ્ય છે.]

૫ પર્યાયાર્થિક નયની અપેક્ષાએ એક અંશ અને બીજો અંશ ઉભયનયની અપેક્ષાએ એક સાથે વિચારીએ ત્યારે દ્રવ્યાદિ-૩ ભિન્ન અને અવકતવ્ય છે.

૬ દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ એક અંશ અને બીજો અંશ ઉભયનયની અપેક્ષાએ એક સાથે વિચારીએ ત્યારે દ્રવ્યાદિ-૩ અભિન્ન અને અવકતવ્ય છે.

૭ પર્યાયાર્થિક અને દ્રવ્યાર્થિકની ક્રમિક અપેક્ષાએ એક અંશ અને બીજો અંશ ઉભય-નયની અપેક્ષાએ વિચારીએ ત્યારે દ્રવ્યાદિ-૩ ભિન્ન-અભિન્ન અને અવકતવ્ય છે.

આ પ્રમાણે સપ્તભંગી દરેક સ્થળે વિચારવાથી સ્પષ્ટ બોધ થાય છે. ઉપરના સાત ભંગો સ્યાત્પૂર્વકના છે. સ્યાત્ શબ્દ દરેક અપેક્ષાને સમજાવી શકે છે.

* * *

કોઇપણ સપ્તભંગની વિચારણા કરવી હોય ત્યારે તેમાં સામસામી બે અપેક્ષાઓ રહે છે, જે બે વિચારણાઓને અવલંબીને સપ્તભંગ થાય છે, તેમાં બે નયોનો મુખ્ય ગૌણભાવ આવે, પણ જ્યારે સાત નયોની વિચારણા કરવાની હોય ત્યારે કેટલા ભંગ થાય ? એમ સમજીને જિજ્ઞાસુ શિષ્ય શંકા કરે છે.

શંકા:-ભેદાભેદમાં પર્યાયાર્થિક અને દ્રવ્યાર્થિક નયને આશ્રયીને જે વિચાર જણાવ્યા અને સપ્તભંગ સમજાવ્યા તે તો હું સમજ્યો, પણ એ તો કોઇ એક પર્યાયાર્થિકનય અને કોઇ એક દ્રવ્યાર્થિકનયને આશ્રયીને થાય.

જ્યારે સાતે નયને આશ્રયીને ભંગની વિચારણા કરીએ તો વધારે ભંગ થવા જોઇએ. સાત ભંગનો નિયમ ન રહે.

ઉત્તર:-સાતે નયોની અપેક્ષાએ કોઇપણ પદાર્થને વિચારવામાં આવે ત્યારે પણ કોઇપણ એક નય મુખ્ય રહે અને બીજો નય ગૌણ રહે. એમ સાતે નયની જુદી-જુદી સપ્તભંગી થાય પણ ભાંગા તો સાતથી અધિક ન થાય.

સાત નય અને સાત ભંગથી વસ્તુની સંપૂર્ણ વિચારણા થાય છે. પણ એક વખતે વચનવ્યવહારમાં એક નય એક ભંગ આવી શકે છે, એ વચનવ્યવહારમાં જે નય કે ભંગ આવે તેની સાથે સ્યાત્ શબ્દનો પ્રયોગ કરવાથી બાકીના સર્વ નયો અને સર્વ ભંગો તેમાં સમાઈ જાય છે, ને એ રીતે ચોજાએલું-કહેલું વાકય પ્રમાણવાકય છે. તાત્પર્ય બધા નયોને પ્રતિપાદન કરવાનું હોય, એક પણ નયનો અપલાપ કરવાની ઇચ્છા ન હોય, પણ એ રીતે કરી શકાતું નથી. માટે કોઇપણ એક નયને આશ્રયીને વચનવ્યવહાર કરાય છે.

સ્વોપજ્ઞ ટબામાં દ્રવ્ય-ગુણ-પર્યાય-રાસમાં પૂ૦ ઉપાધ્યાયજી મહારાજ પણ આ વિષયને ચર્ચતા જણાવે છે—

'અમ્હે તો ઈમ જાણું છું. "सकलनयार्थप्रतिपादकतात्पर्याधिकरणवाक्यं प्रमाणवाक्यम्" એ લક્ષણ લેઈનઇ તેહવે ઠામે સ્યાત્કાર લાંછિત સકલનયાર્થ-સમૂહાલંબન એક ભંગઇ પણ નિષેધ નથી.'

*

સપ્તભંગીના વિષયમાં એક સૂક્ષ્મ વિચારણા સમજવા જેવી છે. ઘટ-પટ વગેરે પદાર્થો જે વસ્તુ રૂપ છે. તેમાં મુખ્ય બે પર્યાયો છે. એક અર્થપર્યાય અને બીજો વ્યંજનપર્યાય. તેમાં જે અર્થપર્યાય છે, તે તે તે પદાર્થો જે વિવિધ ઉપયોગમાં આવે છે, તેને આશ્રયીને છે. અને વ્યંજનપર્યાય છે તે તે પદાર્થો માટે જે શબ્દ પ્રયરાય છે. તેના વાચ્યપણારૂપ છે.

અસ્તિત્વ-નાસ્તિત્વ વગેરે સાતે ભાંગાઓ અર્થપર્યાયને આશ્રયીને છે. પણ વ્યંજન-પર્યાયને આશ્રયીને સવિકલ્પ એટલે વિધિરૂપ અને નિર્વિકલ્પ એટલે નિષેધરુપ બે જ ભાંગાઓ છે. પણ અવક્તવ્ય વગેરે ભાંગાઓ નથી, કારણ કે વ્યંજન પર્યાય એ વક્તવ્યતાને આધારે છે. જો અવક્તવ્ય ભંગ ત્યાં રહે તો વ્યંજનપર્યાય રહે નહિં. સવિકલ્પ અને નિર્વિકલ્પ એ બે ભંગનો વિચાર બીજી રીતે પણ સમજાવાય છે. તેમાં શબ્દ અને સમભિરૂઢ નયને અવલંબીને જે શબ્દ વ્યવહાર ચાલે છે તે સવિકલ્પ અને અવંભૂતનયને આશ્રયીને જે શબ્દ વ્યવહાર ચાલે છે તે નિર્વિકલ્પ છે.

નૈગમાદિ ચાર નયો તો વ્યંજનપર્યાયને માનતા નથી, તે તો અર્થપર્યાયને માને છે. એટલે તે નયોને અશ્રયીને અહિં વિચાર કરવાનો નથી.

શ્રી સિદ્ધસેન દિવાકરે સમ્મતિતર્કમાં આ વાત કહી છે તે ગાથા આ પ્રમાણે છે.

एवं सत्तविअप्पो, वयणपहो होई अत्थपज्जाए। वंजणपज्जाए पुण, सविअप्पो णिव्विअप्पो य ॥१॥

આ વિષયની સૂક્ષ્મચર્ચા અનેકાંતવ્યવસ્થામાં પૂજ્ય ઉપા૦ શ્રી યશોવિજયજી મહારાજે કરી છે.

કોઇને સપ્તભંગનો આગ્રહ હોય તો તે પણ એક-બીજાને વિધિ-નિષેધથી ઘટાવી શકાય છે. કોઈ આગ્રહથી વાત કરે તો તેમાં સ્યાદ્વાદને કાંઇ ધક્કો નથી.

આ પ્રમાણે સપ્તભંગીનો દૃઢ અભ્યાસ કરીને તેમાં ઓતપ્રોત થઇને જે પરમાર્થ જાણે છે, તેની યશઃકીર્તિ વિશ્વમાં પ્રસરે છે, જૈનપણું આ જાણનારનું લેખે છે-સાર્થક છે. સ્વસમય અને પરસમય જાણ્યા વગર, સ્યાદ્વાદને સમજ્યા વગર ચરણ-કરણની વિશિષ્ટ આરાધના કરનાર પણ નિશ્ચય શુદ્ધ ચરણ-કરણના સારને સમજતા નથી.' એમ સમ્મતિમાં કહ્યું છે. તે ગાથા આ છે.

चरण-करणप्पहाणा, ससमयपरसमयमुक्कवावारा ।
चरणकरणस्स सारं, निच्छयसुद्धं ण याणंति ॥३-६७॥

★

ઢાળ ચોથી ટબાર્થ.

(૧) [1]પરવાદી કહે છે—'દ્રવ્યાદિકને ભેદ, અભેદ, એહુ ધર્મ કેમ માનો છો?, જિહાં વિરોધ નિર્ધાર છે. ભેદ હોય તિહાં અભેદ ન હોય; અભેદ હોય તિહાં ભેદ ન હોય. એ એહુ ભાવાભાવરૂપે વિરોધી છે. વિરોધી એહુ એક ઠામે ન રહે, જેમ આતપ હોય તિહાં અંધારો ન રહે, અંધારો હોય તિહાં આતપ ન રહે, તેમ ભેદાભેદ એકત્ર ન હોએ.'

ઈહાં **શ્રુતધર્મે**–સ્યાદ્વાદ પ્રવચન માહિં મન દૃઢ–વિશ્વાસવંત કરી રાખો. જિમ શાસન શ્રદ્ધા દૃઢપણે, મોક્ષરૂપ કલ્પવૃક્ષનાં સુખરૂપ ફલ ચાખો, શ્રુતધર્મ વિના ચારિત્રધર્મ ફલવંત ન હોએ. જે માટે શંકા સહિત ચારિત્રીઓ પણ [2]સમાધિ ન પામે.

उक्तं च—वितिगिच्छसमावन्नेणं अप्पाणेणं णो लभति समाहिं ५. ५. (आचाराङ्गे)। १

(૨) એહવી શિષ્યની શંકા જાણી કરી, **ગુરુ** સ્યાદ્વાદી, પરમાર્થ બોલે છે. જે 'ઘટ ઘટાભાવાદિકને યદ્યપિ વિરોધ છે, તો પણ ભેદાભેદને વિરોધ નથી. જે માટે સર્વ ઠામે હોય ધર્મ ભેદ અભેદ **અવિરોધે** એકાશ્રયવૃત્તિપણે જ દીસે છે. એક તોલે પણ—'અભેદ સ્વાભાવિક સાચો, ભેદ ઔપાધિક જૂઠો' એમ કોઈ કહે છે, તે અનુભવતા નથી. વ્યવહારે પરાપેક્ષા 'ગુણાદિકનો ભેદ, ગુણાદિકનો અભેદ' એ વચનથી. ૨.

(૩) **એકઠામે**–ઘટાદિક દ્રવ્યને વિષે, સર્વલોકની સાખી પ્રત્યક્ષ પ્રમાણે રક્તત્વાદિક ગુણપર્યાયનો ભેદાભેદ જે લહિએ છે-તેહનો વિરોધ કહો કિમ કહિએ? જેમ રૂપ-રસાદિકનો એકાશ્રયવૃત્તિત્વાનુભવથી વિરોધ ન કહિએ, તેમ ભેદાભેદનો પણ જાણવો. **उक्तं च—**

न हि प्रत्यक्षदृष्टेऽर्थे विरोधो नाम।

તથા–પ્રત્યક્ષદૃષ્ટ અર્થે દૃષ્ટાન્તનું પણ કાર્ય નથી.

उक्तं च—

क्वेदमन्यत्र दृष्टत्व-महो? निपुणता तव। दृष्टान्तं याचसे यत्त्वं, प्रत्यक्षेऽप्यनुमानवत् ॥ १ ॥ ३ ॥

(૪) ભેદાભેદનો પ્રત્યક્ષનો અભિલાપ(૫) પુદ્ગલ દ્રવ્યે દેખાડે છે–જે ઘટ પહિલાં શ્યામભાવ છે, તે પછે રાતો ભિન્ન જણાએ છે અને ણિહું કાલે ઘટભાવે અભિન્ન જ જણાએ છે. શ્યામ રક્ત અવસ્થાભેદે ઘટ એક જ છે તો ઈહાં વિરોધની વાત શી કહેવી? ૪.

(૫) હવે આત્મદ્રવ્યમાંહિ ભેદાભેદનો અનુભવ દેખાડે છે. **બાલભાવે**–બાલકપણે જે પ્રાણી દીસે છે તે તરુણભાવે **ન્યારો** કહતાં ભિન્ન છે અને દેવદત્તભાવે તે મનુષ્યપણાને પર્યાયે તે એક જ છે તો એકને વિષે બાલ, તરુણભાવે ભેદ, દેવદત્તભાવે અભેદ એ અવિરોધે નિર્ધારો.

उक्तं च—

पुरिसम्मि पुरिससद्दो, जम्माई-मरणकालपज्जंतो,
तस्स उ बालाईया, पज्जयभेया बहुवियप्पा ॥ ३२ ॥
(सम्मतौ १. ३२) ५.

(૬) 'ભેદ હોય તિહાં અભેદ ન હોય જ; ભેદ વ્યાઘ્યવૃત્તિ છે. તે માટે' એહવી પ્રાચીન નૈયાયિકની શંકા ટાળે છે–'**श्यामो न रक्तः**' ઈહાં શ્યામત્વ, રક્તત્વ, ધર્મનો ભેદ ભાસે છે, પણ **ધર્મિ**

---

૧ પરવાદીનો મત તેને દૂષણરૂપ કહે છે. (પા૦) ૨ સમાધિવંતપણું. (પા૦)

ઘટનો ભેદ ન ભાસે' ઇમ જો કહીએ તો જડ-ચેતનનો ભેદ ભાસે છે, તિહાં જડત્વ, ચેતનત્વ ધર્મનો જ ભેદ, પણ જડ ચેતન દ્રવ્યનો ભેદ નહીં ? એમ અવ્યવસ્થા થાય. ધર્મીનો પ્રતિયોગીપણે ઉલ્લેખ તો ભિન્ન ઠામે સરખો છે અને પ્રત્યક્ષ સિદ્ધ અર્થે બાધક તો અવતરે જ નહીં. ૬.

(૭) **તિહાં**-જડ ચેતનમાંહિ, પણ ભેદાભેદ કહેતાં જૈનનું મત વિજય [૧]પામે. જે માટે **ભિન્નરૂપ** જે જીવાજીવાદિક તેહમાં **રૂપાંતર**-દ્રવ્યત્વ, પદાર્થત્વાદિક તેહથી જગમાંહિ અભેદ પણ આવે. એટલે ભેદાભેદને સર્વત્ર વ્યાપકપણું કહ્યું. ૭.

(૮) હવે એહજ વિવરીને દેખાડે છે—જેહનો ભેદ તેહનો જ રૂપાંતર સહિતનો અભેદ હોય. જેમ સ્થાસ, કોશ, કુશૂલ ઘટાદિકનો ભેદ છે અને તેહ જ મૃદ્દ્રવ્યત્વ વિશિષ્ટ અનર્પિત-સ્વપર્યાયનો અભેદ છે, તેહનો જ રૂપાંતરથી (જ) ભેદ હોય. જિમ સ્થાસ, કોશ, કુશૂલાદિક વિશિષ્ટ મૃદ્દ્રવ્યપણે તેહનો જ ભેદ હોય.

એ ભેદ અને અભેદ છે, તે સપ્તભંગે નયનો મૂલ હેતુ છે. સાત નયના જે સાતસે ભેદ છે, તે એ રીતે દ્રવ્ય, પર્યાયની અર્પણા-અનર્પણાએ થાય. તે **'શતારનયચક્રાધ્યયન'** માંહે પૂર્વે હતા. હવણાં **'દ્વાદશારનયચક્ર'** માંહે વિધિ, વિધિવિધિઃ ઇત્યાદિ રીતે એકેક નય માંહે બાર બાર (૧૨-૧૨) ૨ઊપજતા કહ્યા છે. ૮.

(૯) દ્રવ્યાદિક વિશેષણે ભંગ થાય, તેમ ક્ષેત્રાદિક વિશેષણે પણ અનેક ભંગ થાય. તથા દ્રવ્ય-ઘટ સ્વ કરી વિવક્ષીએ, તે વારે ક્ષેત્રાદિક ઘટ પર થાય. એમ પ્રત્યેક સપ્તભંગી પણ કોડીગમે નીપજે. તથાપિ લોકપ્રસિદ્ધ જે કુંભમીવાદિ પર્યાયોપેત છે. તેહને જ સ્વત્રેવડીને સ્વરૂપે અસ્તિત્વ, પરરૂપે નાસ્તિત્વ એમ લેઈ સપ્તભંગી દેખાડીએ.

[૩]તથાહિ—(૧) સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવાપેક્ષાએ ઘટ છે જ. (૨) પરદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવાપેક્ષાએ નથી જ. (૩) એક વારે ઉભય વિવક્ષાએ અવક્તવ્ય (અવાચ્ય) જ. બે (૨) પર્યાય એક શબ્દે મુખ્ય રૂપે ન કહેવાય જ. (૪) એક અંશ સ્વરૂપે, એક અંશ પરરૂપે વિવક્ષીએ તે વારે છે તે નથી. (૫) એક અંશ સ્વરૂપે, એક અંશ યુગપત્ ઉભયરૂપે વિવક્ષીએ તે વારે છે અને અવાચ્ય. (૬) એક અંશ પરરૂપે, એક અંશ યુગપત્ ઉભયરૂપે વિવક્ષીએ તે વારે નથી ને અવાચ્ય. એક અંશ સ્વરૂપે, એક (અંશ) પરરૂપે, એક (અંશ) ઉભયરૂપે વિવક્ષીએ તે વારે છે, નથી ને અવાચ્ય. ૯.

(૧૧) જો એકવાર બે (૨) નયનાં અર્થ [૪]વિવક્ષીએ તો તે અવાચ્ય લહીએ. જે માટે એક શબ્દે એક વારે બે (૨) અર્થ ન કહીયા જાએ. સંકેતિત શબ્દ પણ એક જ સંકેતિત રૂપ કહે. પણ બે (૨) રૂપ સ્પષ્ટ ન કહી શકે. **પુષ્પદંતાદિક** શબ્દ પણ એકોકિત ચંદ્ર, સૂર્ય કહે, પણ ભિન્નોકિત ન કહી શકે અને બે (૨) નયના અર્થ મુખ્યપણે તો ભિન્નોકિત જ કહેવા ઘટે. ઇત્યાદિક યુક્તિ શાસ્ત્રાંતરથી જાણવી. ૪-૧૧.

(૧૨) પ્રથમ પર્યાયાર્થકલ્પના પછે દ્રવ્યાર્થકલ્પના વિચારતાં એમ વિવક્ષાએ એકદા ઉભયનયાર્પણા કરીએ, તે વારે [૫]ભિન્ન અવક્તવ્ય કથંચિત્ એમ કહીએ. ૫-૧૨.

---

૧ **'દિગ્વિજયેન વિજયઃ' ઇત્યુચ્યતે** (પા૦). ૨ ઉપજંવા. (પા૦). ૩ **સ્યાદસ્ત્યેવ ઘટઃ ૧. સ્યાન્નાસ્ત્યેવ ૨. સ્યાદવાચ્ય એવ ૩. સ્યાદસ્ત્યેવ નાસ્ત્યેવ ૪. સ્યાદસ્ત્યેવ સ્યાદવક્તવ્ય એવ ૫. સ્યાન્નાસ્ત્યેવ સ્યાદવક્તવ્ય એવ ૬. સ્યાદસ્ત્યેવ સ્યાન્નાસ્ત્યેવ સ્યાદવક્તવ્ય એવ ૭. ઇતિ પ્રયોગઃ (પ્રં.ટિ.)** ૪ વિચારે, તો હે પણ અર્થ વિચારણાએ વિવક્ષા ભેદ જાણવાં, અણકહેવા યોગ્ય તે અવાચ્ય કહીએ. એક શબ્દે. (પા૦) ૫ ભિન્ન-તે જુદો, અવક્તવ્ય-કહેવા યોગ્ય નહિં. (પા૦)

(૧૩) પ્રથમ દ્રવ્યાર્થકલ્પના, પછી એકદા ઉભય નયાર્પણ કરીએ, તે વારે કથંચિત્ અભિન્ન અવક્તવ્ય એમ કહીએ. ૬. અનુક્રમે બે (૨) નયની પ્રથમ અર્પણા, પછી (૨) બે નયની એકવાર અર્પણા કરીએ, તે વારે કથંચિત્ ભિન્ન, અભિન્ન, અવક્તવ્ય એમ કહીએ. ૭. એ ભેદાભેદ પર્યાયમાંહે સપ્તભંગી જોડી એમ સર્વત્ર જોડવી. ૧૩.

શિષ્ય પુછે છે–' જિહાં બે (૨) જ નયના વિષયની વિચારણા હોય, તિહાં એક એક ગૌણ–મુખ્યભાવે સપ્તભંગી થાઓ, પણ જિહાં પ્રદેશ, પ્રસ્થકાદિ વિચારે સાત, છ, પાંચ પ્રમુખ નયના ભિન્નાભિન્ન વિચાર હોય, તિહાં અધિક ભંગ થાય, તે વારે સપ્તભંગીનો નિયમ કેમ રહે?'

ગુરુ કહે છે–' તિહાં પણ એક નયાર્થનો મુખ્યપણે વિધિ, બીજા સર્વનો નિષેધ, એમ લેખ પ્રત્યેકે અનેક સપ્તભંગી કીજે.'

' અમ્હે તો એમ જાણું છું–**सकलनयार्थप्रतिपाद*कतात्पर्यादधिकरणवाक्यम् प्रमाणवाक्यम्।** એ લક્ષણ લેઇને, તેહવે ઠામે સ્યાત્કારલાંછિત સકલનયાર્થ–સમૂહાલંબન એક ભંગે પણ નિષેધ નથી. જે માટે વ્યંજનપર્યાયને ઠામે બે (૨) ભંગે પણ અર્થસિદ્ધિ સંમતિને વિષે દેખાડી છે. **तथा च तद्गाथा–**

एवं सत्तविअप्पो, वयणपहो होइ अत्थपज्जाए।
वंजणपज्जाए पुण, सविअप्पो णिव्विअप्पो य ॥ १ ॥

એહનો અર્થ—**એવં**–પૂર્વોક્ત પ્રકારે, **સપ્તવિકલ્પ**–સપ્ત પ્રકાર, **વચનપંથ**–સપ્તભંગીરૂપ વચનમાર્ગ તે **અર્થપર્યાય**–અસ્તિત્વ–નાસ્તિત્વાદિકને વિષે હોય. **વ્યંજન પર્યાય**–જે ઘટ–કુંભાદિ શબ્દ વાચ્યતા, તેહને વિષે **સવિકલ્પ**–વિધિરૂપ, **નિર્વિકલ્પ**–નિષેધરૂપ એ બે (૨)જ ભાંગા હોય. પણ અવક્તવ્યાદિ ભંગ ન હોય. જે માટે અવક્તવ્ય શબ્દવિષય કહીએ તો વિરોધ થાય. અથવા સવિકલ્પ, શબ્દ સમભિરૂઢનયમતે, અને નિર્વિકલ્પ એવંભૂતનયમતે એમ બે (૨) ભંગ જાણવા. અર્થનય પ્રથમ ચાર (૪) તો વ્યંજન પર્યાય માને નહીં, તે માટે તે નયની ઇહાં પ્રવૃત્તિ નથી. અધિકું–'**अनेकान्तव्यवस्था**' થી જાણવું.

तदेवमेकत्र विषये प्रतिस्वमनेकनयविप्रतिपत्तिस्थले स्यात्कारलाञ्छिततावन्नयार्थप्रकारकसमूहालम्बनबोधजनक एक एव भङ्ग एष्टव्यः, व्यञ्जनपर्यायस्थले भङ्गद्वयवद्। यदि च सर्वत्र सप्तभङ्गीनियम एव आश्वासः, तदा चालनीयन्यायेन तावन्नयार्थनिषेधको द्वितीयोऽपि भङ्गः, तन्मूलकाश्चान्येऽपि तावत्कोटिकाः पञ्चभङ्गाश्च कल्पनीयाः, इत्थमेव निराकाङ्क्षसकलभङ्ग (प्रतिपत्ति) निर्वाहाद्, इति युक्तं पश्यामः। એ વિચાર સ્યાદ્વાદપંડિતે સૂક્ષ્મબુદ્ધિ ચિત્તમાંહે ધારવો. ૧૩.

(૧૪) ફલિતાર્થ કહે છે—એ કહિયા જે સપ્તભંગ તે દૃઢ અભ્યાસ સકલાદેશ, વિકલાદેશ, નયસપ્તભંગ, પ્રમાણસપ્તભંગ ઇત્યાદિ ભેદે ઘણો અભ્યાસ કરી, જે પરમાર્થ દેખે–જીવાજીવાદિ પરમાર્થ સમજે. તેહની **યશકીર્તિ** વાધે. જે માટે સ્યાદ્વાદ પરિજ્ઞાનેં જ જૈનને તર્કવાદનો યશ છે. અને જૈનભાવ પણ તેહનો જ લેખે. જે માટે નિશ્ચયથી સમ્યક્ત્વ સ્યાદ્વાદ પરિજ્ઞાનેં જ છે. ૧૪

उक्तं च सम्मतौ—

चरण-करण-प्पहाणा, स-समय-पर-समयमुक्कवावारा।
चरण-करणस्स सारं, णिच्छयसुद्धं ण याणंति ॥ ३. ॥ ६७ ॥

એ ચોથી ઢાળે ભેદાભેદ દેખાડ્યો અને સપ્તભંગીનું સ્થાપન કર્યું.

ઇતિ ચોથી ઢાળ સંપૂર્ણ.

* **पर्याया** (પાઠા૦)

ઢાળ ૫ મી

(આદિ જિણંદ મયા કરો—એ દેશી.)

એક અરથ ત્રય રૂપ છઈ, દેખ્યો ભલઈ પ્રમાણુઈ રે;
મુખ્યવૃત્તિ ઉપચારથી, નયવાદી પણિ જાણુઈ રે. ૧
ગ્યાન દૃષ્ટિ જગ દેખિઇ.

મુખ્ય વૃત્તિ દ્રવ્યારથો, તાસ અભેદ વખાણુઈ રે;
ભેદ પરસ્પર એહનો, તે ઉપચારઈ જાણુઈ રે. ૨ ગ્યાન૦

મુખ્ય વૃત્તિ સવિ લેખવઈ, પર્યાયારથ ભેદઈ રે:
ઉપચારઈ અનુભવ બલઇ, માનઈ તેહ અભેદઇ રે. ૩ ગ્યાન૦

દોઇ ધર્મ નય જે ગ્રહઈ, મુખ્ય અમુખ્ય પ્રકારો રે;
તે અનુસારઈ કલ્પિઈ, તાસ વૃત્તિ ઉપચારો રે. ૪ ગ્યાન૦

ભિન્ન વિષય નય ગ્યાનમાં, જે સર્વથા ન ભાસઈ રે;
તો સ્વતંત્ર ભાવઈ રહઈ, મિથ્યાદૃષ્ટિ પાસઈ રે. ૫ ગ્યાન૦

એહ 'વિશેષાવશ્યક'ઇ, 'સમ્મતિ'માં પણ ધારો રે;
ઇમ નયથી સવિ સંભવઇ, ભેદ–એ [1]ભેદુપચારો રે. ૬ ગ્યાન૦

નય વિષયક મુખ્ય-ગૌણભાવની સૂક્ષ્મ વિચારણા.

જગતને જડ આત્માઓ પણ જોવે છે, અને જ્ઞાની આત્માઓ પણ જોવે છે, પણ તે બન્નેના જોવામાં ઘણું જ અંતર હોય છે. પૂર્વ–પશ્ચિમ જેટલું અંતર હોય છે. વસ્તુની વાસ્તવિક કિંમત બાલ–મૂર્ખ–જડને હોતી નથી. એ કિંમત તો તેનું સ્વરૂપ જાણતો હોય તેજ આંકી શકે, સોનાનું કે રત્નનું આભૂષણ બાળકને પહેરાવ્યું હોય તો તેને તેની શી કિંમત હોય. તે તો તેને સાધારણ રમકડું માને અને લાગ આવે તો મીઠાઇને બદલે આપી પણ દે, મૂર્ખ ભૂતને ચિંતામણિરત્નની કાંઈ ગતાગમ ન હોય એ તો તેને ચળકતો પત્થર માને–અથવા કાચનો ટૂકડો માને. એ પ્રમાણે વિશ્વના દરેક પદાર્થો ઉત્પાદ–વ્યય ને ધ્રુવ સ્વરૂપ છે એ હકીકત જ્ઞાનદૃષ્ટિએ જોનારા જાણી શકે. પણ બીજા એમાં ગોથાં ખાય. આ જોવાની જેની દૃષ્ટિ ખરેખરી બીલ્લી છે, તેનું જ્ઞાન એ પ્રમાણ છે.

---

૧ અભેદ ઉપચારો રે. (ભા. મૂળ)

એ પ્રમાણથી પ્રત્યેક પદાર્થ ઘટ કે પટ, જીવ કે અજીવ દ્રવ્ય–ગુણ અને પર્યાય રૂપ છે. પદાર્થ એક છે. પણ તેના રૂપ ત્રણ છે. ઘટમાં માટી છે. એ દ્રવ્ય છે. ઘટની આકૃતિ વગેરે પર્યાય છે. ને રૂપ–રસ આદિ ગુણો છે. જીવમાં પણ ચેતન–આત્મા જે છે તે દ્રવ્ય છે. તે તે ગતિમાં રહેવું વગેરે પર્યાય છે અને જ્ઞાન–દર્શન આદિ ગુણો છે. એ રીતે સ્યાદ્વાદ પ્રમાણથી પ્રત્યેક પદાર્થ ત્રણ સ્વરૂપ છે એ જાણી શકાય છે. પ્રમાણવાદી પદાર્થ માત્ર ત્રણ સ્વરૂપ છે, એમ મુખ્યપણે કહે અને માને. મુખ્ય–ગૌણભાવ ન કરે. પ્રમાણને ત્યાં સર્વ નયો સરખા છે. કોઈ નાના–મોટા નથી. સર્વ નયોનો સમન્વય એ પ્રમાણ છે. નયવાદી પણ દરેક પદાર્થને ત્રણ સ્વરૂપ માને. પણ તે મુખ્ય ગૌણભાવે. એક નય પોતાનું જે મંતવ્ય છે તેને મુખ્યપણે માને અને બીજાના મંતવ્યને તે ગૌણપણે સ્વીકારે, તેનો વિરોધ ન કરે એટલે તે તેણે માન્ય રાખ્યું છે.

દ્રવ્યાર્થિક નય પદાર્થને દ્રવ્યરૂપે પ્રરૂપે અને માને. એ મુખ્યપણે અને ગૌણપણે તે પદાર્થ ગુણ–પર્યાય સ્વરૂપ છે, તેનો પણ સ્વીકાર કરે. એજ પ્રમાણે પર્યાયાર્થિક નય મુખ્યપણે ગુણ–પર્યાય સ્વરૂપ છે એમ માને અને કહે પણ ગૌણરૂપે તે દ્રવ્ય સ્વરૂપ છે એમ પણ સ્વીકારે.

શંકા:—નય એક વખત એક જ બોધ કરાવે એટલે નયવાદમાં ત્રણ રૂપ કેમ ઘટી શકે ?

સમાધાન:—મુખ્યવૃત્તિથી તે એક બોધ કરાવે પણ બીજી વૃત્તિથી બીજો બોધ કરાવે તેમાં કાંઈ વિરોધ જેવું નથી. ગંગા શબ્દ શક્તિથી વહેતા પ્રવાહને જણાવે છે. જ્યારે છે. લક્ષણાવૃત્તિથી કાંઠાને જણાવે છે. એટલે જુદી જુદી વૃત્તિથી જુદા–જુદા બોધ માનવામાં વિરોધ નથી.

શંકા:—જુદા જુદા વખતે જુદી જુદી વૃત્તિઓથી જુદો જુદો બોધ થાય પણ એક કાળે તો એક જ વૃત્તિ હોય ને? એટલે નયવાદી એક સાથે જુદા જુદા બોધ કઇ રીતે માની શકે?

સમાધાન:—એક કાળે પણ અનેક વૃત્તિઓ હોય છે. **गंगायां मत्स्यघोषौ** એટલે ગંગામાં માછલું અને ગાયોનો વાડો છે. આ વાક્યમાં ગંગાના પ્રવાહમાં માછલું છે અને ગંગા-તીરે વાડો છે. એમ અર્થ કરવાથી સંગત થાય છે. ઉપરનું વાક્ય **અસંગત અથવા ઉન્મત્ત પ્રલપિત** ગાંડાનું ગાયેલું નથી. પણ પ્રામાણિક છે. એટલે તેમાં એકીસાથે બન્ને વૃત્તિઓનો ઉપયોગ થયો છે ને તે વ્યાજબી છે. એ પ્રમાણે નયવાદી પણ મુખ્ય ગૌણ ભાવે પદાર્થને ત્રણે સ્વરૂપ માને ને કહે. છતાં પણ કોઇ એવો આગ્રહ જ કરતું હોય કે એ બે વૃત્તિ ન જ હોય તો તેથી નયવાદ પદાર્થને ત્રણ સ્વરૂપ માને તેમાં કાંઇ વિરોધ આવતો નથી. નયવાદ પોતાની માન્યતા જે રજુ કરે તે એક બોધ અને બીજા નયની માન્યતાનો વિરોધ ન કરે ને તેમાં પોતાની વિમતિ નહિં હોવા રૂપ–સમ્મતિ દર્શાવે તે બીજો બોધ માની શકાય, એક સાથે માને કે ન માને તેમાં કાંઇ તંત નથી. નયવાદ આમ ન માને એવો તંત તે દુર્નય છે. જ્ઞાનદૃષ્ટિથી વિશ્વને જોતાં શિખાય એટલે તે તે નય કેવું માને છે તે પણ સમજાય ને આગ્રહ છુટી જાય.

દ્રવ્યાર્થિકનય જે દ્રવ્ય-ગુણ અને પર્યાયને અભિન્ન કહે છે, એક એમ કહે છે. તે તેની મુખ્ય વૃત્તિ છે, શક્તિ છે. ઘટનો શાબ્દબોધ દ્રવ્યાર્થિકનય શક્તિથી કરાવે ત્યારે કહે કે, તે તે આકૃતિ અને તે તે ગુણથી અભિન્ન એવી જે માટી એ ઘટ છે. પણ તેજ નય જ્યારે એવું પ્રયોજનવિશેષ ઉભું થાય ત્યારે દ્રવ્ય ભિન્ન તે તે પર્યાયમાં પણ લક્ષણાવૃત્તિથી પોતાની સમ્મતિ આપે. દ્રવ્યભિન્ન કંબુગ્રીવાદિ રૂપ આકૃતિને ઘટ માનવામાં દ્રવ્યાર્થિક નય વિરોધ ન કરે, ઉલટું લક્ષણાવૃત્તિથી તેનો પણ સ્વીકાર કરે. પર્યાયાર્થિક નય દ્રવ્ય-ગુણ અને પર્યાયને ભિન્ન માને તે મુખ્યવૃત્તિથી એટલે શક્તિથી. ઘટને પર્યાયાર્થિક નય કંબુગ્રીવાદિ આકૃતિ રૂપ પર્યાય માને પણ રૂપ અને માટી રૂપ દ્રવ્યસ્વરૂપ ન માને. માટી અને રૂપ જુદા છે એમ કહે. પણ ઉપચારથી-લક્ષણાવૃત્તિથી માટી રૂપ અને આકૃતિ એ ત્રણે એકાકાર છે. એમ પણ તે સ્વીકારે તેમાં તે વિરોધ ન કરે.

આ પ્રમાણે જે કોઇ નય બે ધર્મ સમજાવે છે તેમાં એક મુખ્ય હોય છે અને બીજો ગૌણ હોય છે. જે ધર્મ તેમાં મુખ્ય હોય છે, તેમાં તે નયની શક્તિ છે. અને જે ધર્મ ગૌણ હોય છે તેમાં લક્ષણા છે, ઉપચાર છે. ઊહ-વિચારવિશેષથી આ સમજાય છે. કયો નય કોને મુખ્ય માને છે અને કોને ગૌણ માને છે તે માટે ઊહ-તર્ક આવશ્યક છે. ગંગા પદ પ્રવાહને સમજાવે છે, તે મુખ્ય અને તીરને જણાવે છે તે ગૌણ. એ નિર્ણય ઊહથી થાય છે. જો ઊહ ન હોય તો કોઇ કહે કે ગંગા પદની શક્તિ તીરમાં માનો અને પ્રવાહમાં લક્ષણા માનો પણ ઊહ તેનો નિકાલ કરે છે. તેથી એમ માની શકાતું નથી. પ્રચલિત વ્યવહારને ત્યાં ઊહ આગળ કરે છે. અનેક રીતે સિદ્ધ થયેલ તે વ્યવહારની વિરુદ્ધ કલ્પનામાં ઊહ આડો આવે છે અને અવબોધને સ્થિર કરે છે. એ જ પ્રમાણે દ્રવ્યાર્થિકનયની શક્તિ અભેદમાં છે અને ભેદમાં ઉપચાર છે. પર્યાયાર્થિક નયની શક્તિ ભેદમાં છે અને અભેદમાં ઉપચાર છે.

શંકા:—નયનો વિષય એક જ હોય, બીજા નયનો વિષય તેમાં આવી શકે નહિં. વિષય ફરે એટલે નય પણ ફરે. પરસ્પર ભિન્ન વિષય એક નયના કેમ માની શકાય ?

સમાધાન:—વિષય ફરે એટલે નય જુદો પડે તે યથાર્થ છે, પણ તે વિષય બીજા નયમાં નજ આવી શકે એ વ્યાજબી નથી. જે એક નયનો વિષય છે. તે બીજા નયમાં જો સર્વથા ન જણાય અને સ્વતંત્રપણે જ રહે, એમ માનવામાં આવે તો નય અને દુર્નયમાં કાંઈ ફેર ન રહે, નય સમ્યગ્દષ્ટિ છે અને દુર્નય મિથ્યાદષ્ટિ છે.

શંકા:—દુર્નય બીજા નયની માન્યતાનો વિરોધ કરે છે. અને નય નથી કરતો એટલે એ બેમાં ભેદ છે. વિરોધ નથી કરતો એટલે તે સામા નયના વિષયને માને છે એમ કેમ કહેવાય ?

સમાધાન:—નય એ બીજા નયનો વિરોધ નથી કરતો અને દુર્નય વિરોધ કરે છે એનો અર્થ જ એ છે કે નયને સામા નયનો વિષય ગૌણભાવે માન્ય છે. જો સર્વથા માન્ય ન હોય તો વિરોધ કર્યા સિવાય નજ રહેવાય. દુર્નય બીજા નયના વિષયને સર્વથા માન્ય

નથી રાખતો માટે વિરોધ કરે છે. વિરોધ કરે છે એનો અર્થ એ છે કે, તેને તે સર્વથા માન્ય નથી. સર્વથા માન્ય નથી માટે તે મિથ્યા છે. એટલે નય ગૌણપણે સામા નયને-વિષયને માન્ય રાખે તેમાં જ તેનું નયપણું છે. વિશેષાવશ્યક સૂત્રમાં અને સમ્મતિતર્ક મહા-ગ્રંથમાં પણ આ વિષયની આ પ્રમાણે સ્પષ્ટતા છે. નય બીજા નયના વિષયને ગૌણભાવે સ્વીકારે છે. તેમાં ઉપરોક્ત પ્રમાણભૂત ગ્રંથો પણ સમ્મત છે. જો એમ ન હોય તો નૈયાયિક દર્શન પોતાના મંતવ્યોમાં દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક એમ બન્ને નયોની માન્યતા રજૂ કરે છે છતાં તે મિથ્યાદર્શન છે. કારણ કે તેની તે માન્યતા આગ્રહવાળી છે. તે તે નયના વિષયમાં તે સામા નયની માન્યતાને જરી પણ મચક નથી આપતો. આકાશ-આત્મા વગેરેને નિત્યજ છે અને ઘટ-પટ આદિને તે સર્વથા અનિત્ય જ કહે છે. આ પ્રમાણે નિરપેક્ષપણે માને છે માટે તે મિથ્યા છે.

આ વાત વિશેષાવશ્યકની ૨૧૯૫ મી ગાથામાં જણાવી છે તે ગાથા આ પ્રમાણે છે.

दोहि वि णयेहि णीयं, सत्थमुलूएण तह वि मिच्छत्तं ॥
जं सविसयप्पहाणत्तणेण, अण्णुण्णनिरवेक्खा । २१९५ ॥

એટલે નય અને દુર્નયનો સ્વરૂપ લક્ષણો બરાબર યથાર્થ ચિત્તમાં સ્થિર કરી રાખવા જોઇએ.

स्वार्थग्राही इतरांशाप्रतिक्षेपी सुनयः । स्वार्थग्राही इतरांशप्रतिक्षेपी दुर्नयः । પોતાના અર્થને સ્વીકારનાર અને બીજાના અર્થનો તિરસ્કાર નહિ કરનાર **સુનય** છે, પોતાના અર્થને સ્વી-કારનાર અને બીજાના અર્થનો તિરસ્કાર કરનાર **દુર્નય** છે. તેમાં ગૌણભાવે પણ સમ્મતિ ન આપવી એ પણ તિરસ્કાર છે. કોઈ કોઇને મળવા માટે જાય ત્યારે તેને સ્વાગત કરીને વાજતે-ગાજતે આડંબરપૂર્વક પોતાને ઘેર લાવે, તેમાં તેના પ્રત્યે સદ્‌ભાવ છે-પક્ષપાત છે એ તો સ્પષ્ટ જણાય છે. પણ જેનું સન્માન નથી કરવામાં આવતું તેને પણ જો આવો-એસો એટલો આદર કરવામાં ન આવે તો એ પણ સામાનું અસન્માન છે-અપમાન છે. એથી સુજનતા જળવાતી નથી. એ જ પ્રમાણે સુનય-બીજા નયના વિચારને ગૌણભાવે પણ જો ન સ્વીકારે તો તે પણ ઇતર અંશનો પ્રતિક્ષેપ કરનારો છે અને તેથી તેની ગણત્રી દુર્નયમાં થઇ જાય એટલે તે ગૌણભાવે બીજા નયના વિષયને માન્ય રાખે છે તે યથાર્થ છે.

નયની આ વિચારણા પણ અતિસૂક્ષ્મ છે. સૂક્ષ્મબુદ્ધિથી મનન કરવા યોગ્ય છે. શ્વેતા-મ્બરોના પ્રમાણશાસ્ત્ર પ્રમાણે સુસંગત છે. તે વિચારણા સ્થિર કરવી પણ તેમાં અન્યાન્ય વિચારણાઓ મનસ્વી કે બીજાની સાંભળીને વ્યામોહ કરવો નહિ.

છાંડી મારગ એ સમો, ઉપનય મુખ જે કલ્પઈ રે;
તેહ પ્રપંચ પણિ જાણવા, કહઈ તે જિમ જલ્પઈ રે. ૭ જ્ઞાન૦
નવનય ઉપનય તીન છઈ, તર્ક શાસ્ત્ર અનુસારો રે;
અધ્યાત્મ વાચઇ વલી, નિશ્ચય નઇ વ્યવહારો રે. ૮ જ્ઞાન૦

પહિલો દ્રવ્યારથ નયો, દસ પ્રકાર તસ જાણો રે;
શુદ્ધ અકર્મોપાધિથી, દ્રવ્યાર્થિક ધુરિ આણો રે. ૯ ગ્યાન૦
જિમ સંસારી પ્રાણિઆ, સિદ્ધ સમોવડિ ગણિઇં રે;
સહજ ભાવ આગલિ કરી, ભવપર્યાય ન ગણિઇં રે. ૧૦ ગ્યાન૦
ઉત્પાદ-વ્યય ગૌણતા, સત્તા મુખ્યજ બીજઇં રે;
ભેદ શુદ્ધ-દ્રવ્યારથિ, દ્રવ્ય નિત્ય જિમ લીજઇં રે. ૧૧ ગ્યાન૦
ત્રીજો શુદ્ધ દ્રવ્યારથો. ભેદ કલ્પનાહીનો રે;
જિમ નિજ ગુણ પર્યાયથી, કહિઇં દ્રવ્ય અભિન્નો રે. ૧૨ ગ્યાન૦
અશુદ્ધ કર્મોપાધિથી, ચોથો એહનો ભેદો રે;
કર્મભાવમય આતમા, જિમ ક્રોધાદિક વેદો રે. ૧૩ ગ્યાન૦
તે અશુદ્ધ વલી પાંચમો, વ્યય-ઉતપતિ સાપેખો રે;
ઉત્પાદ વ્યય ધ્રુવ એકઇં, સમઇં દ્રવ્ય જિમ પેખો રે. ૧૪ ગ્યાન૦
ગહત ભેદની કલ્પના, છટ્ઠો તેહ અશુધ્ધો રે;
જિમ આતમના બોલિઇં, જ્ઞાનાદિક ગુણ શુદ્ધો રે. ૧૫ ગ્યાન૦
અન્વય દ્રવ્યાર્થિક કહિઓ, સપ્તમ એક સ્વભાવો રે;
દ્રવ્ય એક જિમ ભાષિઇં, ગુણ-પર્યાય સ્વભાવો રે. ૧૬ ગ્યાન૦
સ્વદ્રવ્યાદિક ગ્રાહકો, ભેદ આઠમો ભાખ્યો રે;
સ્વદ્રવ્યાદિક ચ્યારથી, છતો અરથ જિમ દાખ્યો રે. ૧૭ ગ્યાન૦
પરદ્રવ્યાદિક ગ્રાહકો, નવમ ભેદ તે માંહી રે;
પરદ્રવ્યાદિક ચ્યારથી, અર્થ છતો જિમ નાંહી રે. ૧૮ ગ્યાન૦
પરમ ભાવ ગ્રાહક કહિઓ, દસમો 'જસ' અનુસારો રે;
ગ્યાન સ્વરૂપી આતમા, ગ્યાન સર્વમાં સારો રે. ૧૯ ગ્યાન૦

દિગંબર મત અનુસાર દ્રવ્યાર્થિકનય-દશ ભેદોનું વિવરણ.

પ્રમાણ અને નય એ બન્ને વિચાર અને જ્ઞાનના વ્યવસ્થિત માર્ગો છે. એ માર્ગને અનુસાર કોઈપણ વિચાર કે જ્ઞાન વ્યવસ્થિત થાય છે. દુર્નય એ વિચાર અને જ્ઞાનનો ઉન્માર્ગ છે. ઉન્માર્ગે જવાથી સત્ય કે હિતની પ્રાપ્તિ થતી નથી. મહેનત અફળ જાય છે. પ્રમાણ અને નયના માર્ગમાં સ્વમતિકલ્પનાથી જે તે વિચાર ચલાવવા તે પણ વ્યવસ્થિત માર્ગમાં ડોળાણ ઉભું કરીને માર્ગને અવ્યવસ્થિત કરવાના મિથ્યા પ્રયાસરૂપ છે. દુર્નયની માફક એ પ્રયાસ પણ ગંભીર હાનિ પહોંચાડનાર છે. નયમાર્ગની સીધી સડકમાં પણ

છીંડીઓ પાડીને કેટલાક ઉપનયોની કલ્પના કરે છે, તેથી નયમાર્ગ ડોળાય છે. ઉપનયો વગેરેની કલ્પના પોતાની મતિ પ્રમાણે રજૂ કરનારા દિગંબરો છે, તે કલ્પના નયમાર્ગને યથાર્થ સમજવા માટે જાણવી આવશ્યક છે, એ કપોલકલ્પિત કલ્પનાઓ કેટલીક વખત આપાતરમણીય હોય છે, એટલે તે જાણવા માટે પણ વિવેકની જાગૃતિ સંપૂર્ણ રાખવી જરૂરી છે. જેનામાં વિવેકદૃષ્ટિની જાગૃતિ નથી તે જો એવી મતિકલ્પિત વિચારણાઓ જાણે કે સાંભળે તો તેથી તેને અર્થ કાંઈ સાધતો નથી અને અનર્થ થવાનો પૂરો સંભવ છે.

દિગમ્બરો જે રીતે નય અને ઉપનયો જણાવે છે તે ટૂંકમાં અહિં જણાવીએ છીએ કે જેથી તેનો પણ ખ્યાલ આવે. તેઓ કહે છે કે—

તર્કશાસ્ત્રને અનુસારે નયો નવ છે અને ઉપનયો ત્રણ છે; અને અધ્યાત્મશૈલીએ નિશ્ચયનય અને વ્યવહારનય એમ બે જ નય છે. નવ નયના નામો આ પ્રમાણે છે. (૧) દ્રવ્યાર્થિકનય, (૨) પર્યાયાર્થિકનય, (૩) નૈગમનય, (૪) સંગ્રહનય, (૫) વ્યવહારનય, (૬) ઋજુસૂત્રનય. (૭) શબ્દનય, (૮) સમભિરૂઢનય અને (૯) એવંભૂતનય.

ઉપરોક્ત નવ નયોમાં પ્રથમ દ્રવ્યાર્થિકનય છે તેના દશ ભેદ છે. તે દશ ભેદમાં ત્રણ શુદ્ધ દ્રવ્યાર્થિક છે ત્રણ અશુદ્ધ દ્રવ્યાર્થિક છે, અને બાકીના ચાર બન્નેથી ભિન્ન સ્વતંત્ર છે. દસેના નામ આ પ્રમાણે છે. (૧) કર્મોપાધિરહિત શુદ્ધ દ્રવ્યાર્થિક. (૨) ઉત્પાદવ્યયને ગૌણ કરીને સત્તાગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિક. (૩) ભેદકલ્પના રહિત શુદ્ધ દ્રવ્યાર્થિક. (૪) કર્મોપાધિસાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિક. (૫) ઉત્પાદવ્યયસાપેક્ષ સત્તાગ્રાહક અશુદ્ધ દ્રવ્યાર્થિક. (૬) ભેદકલ્પનાસાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિક. (૭) અન્વય દ્રવ્યાર્થિક. (૮) સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિક. (૯) પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિક. (૧૦) પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિક.

આ દશ ભેદોનું ટૂંક સ્વરૂપ નીચે પ્રમાણે છે.

(૧) કર્મોપાધિ રહિત શુદ્ધ દ્રવ્યાર્થિક.

દ્રવ્યાર્થિકનય દ્રવ્યને જ મુખ્ય માને, તેમાં શુદ્ધ દ્રવ્યાર્થિકનય દ્રવ્યના શુદ્ધ સ્વરૂપ માને પણ અશુદ્ધ દ્રવ્યને પોતાની માન્યતામાં મુખ્યપણે ન માને. તેમાં કર્મોપાધિરહિત શુદ્ધ દ્રવ્યાર્થિક નય શુદ્ધાત્મસ્વરૂપને આગળ કરે, કર્મવશ થતી જુદી જુદી સ્થિતિઓને તે આગળ ન કરે. આ નય સર્વ સંસારી આત્માઓને સિદ્ધ સમાન ગણે. આ હકીકત દ્રવ્યસંગ્રહમાં એક ગાથા છે તેથી પુષ્ટ થાય છે. તે ગાથા આ પ્રમાણે ૧૩ મી છે.

મગ્ગણ-ગુણઠાણેહિં ય, ચઉદસહિ હવંતિ તહ અસુદ્ધણયા।
વિણ્ણેયા સંસારી. સવ્વે સુદ્ધા હુ સુદ્ધણયા ॥ ૧૩ ॥

[ચૌદ માર્ગણા અને ચૌદ ગુણસ્થાનકોની વિચારણા અશુદ્ધ નયને આશ્રયીને છે. શુદ્ધનયને આશ્રયીને તો સર્વ સંસારી જીવો ખરેખર શુદ્ધ છે એમ જાણવું.] ૧.

(૨) ઉત્પાદ અને વ્યયને ગૌણ કરીને સત્તામાત્રનો ગ્રાહક શુદ્ધ દ્રવ્યાર્થિક.

પૂર્વભેદમાં આત્માનું શુદ્ધ સ્વરૂપ મુખ્ય રાખીને વિચારણા કરી છે. ત્યારે આ ભેદ

સત્તાને મુખ્ય કરે છે. શુદ્ધ સ્વરૂપ દ્રવ્ય સાથે સીધો સંબંધ રાખે છે, ત્યારે સત્તામાં કાળની અપેક્ષા વચમાં રહે છે. શુદ્ધ દ્રવ્યાર્થિકને ઉત્પાદ–વ્યય સાથે સંબંધ હોતો નથી. તેની દૃષ્ટિ દ્રવ્ય પ્રત્યે જ હોય છે. આ નય કહે છે કે દ્રવ્ય નિત્ય છે, તેનાં સ્વરૂપમાં કોઇપણ કાળે ફેરફાર થતો નથી. ભલે પ્રતિસમય પર્યાયોમાં પરાવર્તન થતું હોય પણ દ્રવ્યનું મૂળભૂત સ્વરૂપ ત્રણે કાલમાં અવિચલિત રહે છે; જીવ અને પુદ્ગલમાં પરિણામો બહુ વ્યક્ત જણાય છે, પણ જો તેના સ્વરૂપનો મૂળભૂત વિચાર જોઇએ તો તે અચલ છે એ સ્પષ્ટ સમજાય એવું છે. એ સમજણ આપનાર આ નય છે. ૨.

(૩) ભેદ કલ્પનારહિત શુદ્ધ દ્રવ્યાર્થિક

જો ગુણ અને પર્યાયોને દ્રવ્યથી જુદા માનવામાં આવે તો દ્રવ્યાર્થિકનયને પર્યાયાર્થિકના ક્ષેત્રમાં પ્રવેશ કરવો પડે. ગુણ–પર્યાયની સ્વતંત્ર વિચારણા કરવાનું ક્ષેત્ર દ્રવ્યાર્થિકનું નથી. દ્રવ્યાર્થિકનય એ વિચારણા ન જ કરી શકે એમ નહિ, પણ એ વિચારણા કરે ત્યારે તે શુદ્ધ ન કહેવાય એટલે શુદ્ધ દ્રવ્યાર્થિકનય તે તે દ્રવ્યના ગુણપર્યાયોને તે તે દ્રવ્યસ્વરૂપ માને પણ જુદા ન માને. જીવના જ્ઞાનાદિ ગુણો અને ઇત્યાદિ પર્યાયો જીવ કરતાં જુદા નથી. એ જ પ્રમાણે પુદ્ગલના રૂપાદિ ગુણો અને ઘટપટાદિ પર્યાયો પુદ્ગલ કરતાં જુદા નથી. ભેદ નથી જ એમ આ નય કહેતો નથી પણ પોતાની વિવક્ષામાં નથી. પોતે તો અભેદની અર્પણા કરે છે. ભેદની અર્પણા કરતો નથી. ૩.

(૪) કર્મોપાધિ સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિક.

પ્રથમ જણાવ્યા પ્રમાણે દ્રવ્યાર્થિક નય તે તે દ્રવ્યો અને તેના સ્વરૂપોને પ્રધાન કરીને વિચાર કરે ત્યારે જ તે શુદ્ધ કહેવાય. પણ જ્યારે તે તે દ્રવ્યોમાં બીજા દ્રવ્યોને આશ્રયીને થયેલા ફેરફારોની વિચારણા તેની સામે આવે છે ત્યારે તે પણ તેને કરવી પડે છે. એ વિચારણા જ્યારે તે કરે છે ત્યારે તે શુદ્ધ નથી રહેતો પણ અશુદ્ધ કહેવાય છે. જે પ્રમાણે શુદ્ધ ત્રણ ભેદો છે તે પ્રમાણે અશુદ્ધ પણ ત્રણ ભેદો છે, ને તેમાં શુદ્ધ જે સ્વરૂપનો નિષેધ કરે છે તેને અશુદ્ધ માન્ય રાખે છે. આ નય આત્મામાં કર્મની ઉપાધિથી જે પરાવર્તન થાય છે તેની અપેક્ષા આગળ કરીને આત્માના તે સ્વરૂપને માન્ય રાખે છે. ક્રોધભાવને વેદતો હોય ત્યારે તે ક્રોધાત્મા કહેવાય. માનને અનુભવતો આત્મા માનાત્મા કહેવાય. આત્માના તેવા કર્મવશ થતા પરાવર્તનોની અપેક્ષાને આધીન થતા ભેદોને માન્ય રાખીને આગમમાં આઠ પ્રકારના આત્માના ભેદો ગણાવ્યા છે. લોઢું અને અગ્નિ જુદા છે છતાં અગ્નિથી લાલચોળ બનેલા લોઢાના ગોળાને અગ્નિનો ગોળો કહેવામાં આવે છે. એટલે તન્મયભાવને પામેલા દ્રવ્યોને તેમાં જે સ્વરૂપની તન્મયતા છે તેની વિવક્ષા કરવી અનિવાર્ય છે. ૪.

(૫) ઉત્પાદ–વ્યય સાપેક્ષ સત્તા ગ્રાહક અશુદ્ધ દ્રવ્યાર્થિક.

સત્તાને માન્ય રાખવી એ તો દ્રવ્યાર્થિક નયનું ક્ષેત્ર છે, પણ જ્યારે તે ઉત્પાદ અને વ્યયને પણ માન્ય રાખે છે ત્યારે તે પોતાના ક્ષેત્રની બહાર જાય છે એટલે તે અશુદ્ધ કહે-

વાય છે. પર્યાયાર્થિકનયના ક્ષેત્રની મર્યાદામાં ઉત્પાદ અને વ્યય આવે છે. પણ એ ઉત્પાદ અને વ્યયની વિચારણા દ્રવ્યાર્થિકનયને પૂછવામાં આવે કે તે કરવા તૈયાર થાય ત્યારે તે બન્ને નથી એમ તો ન કહી શકે એટલે ગૌણભાવે ઉત્પાદ-વ્યયની અપેક્ષા તેને માન્ય રાખવી પડે છે. સોનાના બાજુબંધને ભાંગીને કડું કરવામાં આવે ત્યારે સોનું કાયમ રહે છે તે બરાબર છે. પણ કેયૂર-બાજુબંધનો વિનાશ અને કટક-કડાંની ઉત્પત્તિ થાય છે એ પણ માન્ય રાખવું પડે એમ છે.

શં૦ જો આ પ્રમાણે આ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણેને માન્ય રાખે છે તો તે નય કેમ કહી શકાય? ત્રણે લક્ષણોને સ્વીકારે તે તો પ્રમાણ કહેવાય. નય તો પોતાની એક અપેક્ષાને જ સ્વીકારે.

સ૦ બરાબર છે. પણ નય અને પ્રમાણમાં તમે ઉપર જણાવ્યું એમ ભેદ નથી. પ્રથમ જણાવી ગયા છીએ તે પ્રમાણે નય પણ બીજાની અપેક્ષાઓને ગૌણભાવે સ્વીકારે છે. જો તે નજ સ્વીકારે તો તે નય ન કહેવાય દુર્નય થઈ જાય. પ્રમાણ તો બીજાની અપેક્ષાને પણ મુખ્યભાવે માને. પ્રમાણમાં કોઈ પણ અપેક્ષાને ગૌણ સ્થાન નથી. મુખ્ય-ગૌણ ભાવની અપેક્ષાને આશ્રયીને પ્રમાણ અને નયમાં ભેદ છે. નહિં કે બીજાની અપેક્ષાના સ્વીકાર-અસ્વીકારને અવલંબીને. મુખ્યપણે નય પણ જે જે પોતાના અર્થો ગ્રહણ કરે છે તેમાં પણ સપ્તભંગીને આગળ કરીને તે પ્રવૃત્તિ કરે છે. એટલે પર્યાયાર્થિક નયના વિષયને ગૌણભાવે દ્રવ્યાર્થિક નય માન્ય રાખે તેમાં તેના નયપણાને હાનિ પહોંચતી નથી. ૫

(૬) ભેદકલ્પના સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિક

જો જ્ઞાન અને આત્મા, રૂપ અને પુદ્ગલ જુદા નથી-અભિન્ન છે એમ માનવામાં આવે તો જ્ઞાનવાળો આત્મા, આત્માનું જ્ઞાન, રૂપવાળા પુદ્ગલો, પુદ્ગલોનું રૂપ વગેરે જે કહેવાય છે તે મિથ્યા થશે. એ મિથ્યા છે એમ દ્રવ્યાર્થિક નયને કહેવું નથી એટલે ત્યાં તે ભેદની અવસ્થા માન્ય રાખે છે. સાધુનું પાત્ર અને સોનાનું કડું એ બન્ને સ્થળે ભેદમાં છઠ્ઠી વિભક્તિ છે પણ બન્ને સ્થળે ભેદમાં ફેર છે. સાધુનું પાત્ર ત્યાં જે ભેદ છે તે મુખ્ય છે અને સોનાનું કડું ત્યાં જે ભેદ છે તે ગૌણ છે. કાલ્પનિક છે. એ જ પ્રમાણે ગુણ અને ગુણીમાં જે ભેદ છે તે મુખ્ય નથી પણ કાલ્પનિક છે. કાલ્પનિક છતાં દ્રવ્યાર્થિકનયને ગૌણ ભાવે માન્ય રાખવો પડે છે એટલે તે અશુદ્ધ છે. જેમાં જે વાસ્તવિકતા હોય તેને જ દ્રવ્યાર્થિક નય આગળ કરે અને ત્યારે તે શુદ્ધ કહેવાય. ૬.

(૭) અન્વય દ્રવ્યાર્થિક

આ નય દ્રવ્યને એક જ સ્વભાવ કહે છે. દરેક દ્રવ્યમાં ગુણ અને પર્યાય હોય છે એટલે દ્રવ્યનું સ્વરૂપ ગુણ-પર્યાય છે. **गुणपर्यायवद् द्रव्यम्** એ રીતે દ્રવ્યનો સ્વભાવ ગુણપર્યાય છે, ગુણ અને પર્યાયના વિષયમાં દ્રવ્યનો અન્વય છે. એટલે દ્રવ્યાર્થાદેશે દ્રવ્ય જાણે તે સાથે તેની સાથેના ગુણ અને પર્યાયો પણ જાણે. જેમ નૈયાયિક સામાન્ય પ્રત્યાસત્તિથી એક ઘટ

જાણે ત્યારે સર્વ ઘટને જાણે છે તેમ આ નય અન્વય સ્વભાવને આગળ કરીને બધા દ્રવ્યોને ગુણ પર્યાય સ્વરૂપે જાણે છે. ૬.

(૮) સ્વદ્રવ્યાદિ ગ્રાહક દ્રવ્યાર્થિક

આ નય જ્યારે કોઈપણ દ્રવ્યનો વિચાર કરે છે ત્યારે તેના પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાલ ને ભાવનો વિચાર કરે છે. અને તે રીતે વિચારીને તેને દ્રવ્ય સત્તા-સત્પણું સ્થિર કરે છે. જેમ ઘટનો વિચાર કરે ત્યારે તે ઘડો જે માટી રૂપ દ્રવ્યથી થયો હોય તે માટી તે ઘડાનું સ્વદ્રવ્ય છે. ક્ષેત્રથી જે પાટલિપુત્ર કે રાજગૃહી આદિ ક્ષેત્રમાં થયો હોય તેનો વિચાર કરીને ક્ષેત્રનો નિર્ણય કરે અને જે ક્ષેત્ર નિર્ણીત થાય તે ક્ષેત્ર ઘડાનું સ્વક્ષેત્ર છે. કાલની વિચારણામાં શીતકાળ યા ગ્રીષ્મ કાળમાંથી જે કાળમાં એ ઘડો બનાવવામાં આવ્યો હોય તે કાળ તે ઘડાનો સ્વકાળ છે. અને ઘડો લાલ અથવા કાળો, પૂહોળો અથવા લાંબો જે પ્રકારનો હોય તે ભાવ તે ઘડાનો સ્વભાવ છે. એમ ચારે પ્રકારનો નિર્ણય કરે ને એ ચારથી ઘટ એ સત્ છે એમ ચોક્કસ કરે. બીજી ચર્ચામાં આ નય ન ઉતરે. જીવનું ચેતન એ સ્વદ્રવ્ય છે. ઊર્ધ્વલોકાદિ જે ક્ષેત્રમાં તે હોય તે તેનું સ્વક્ષેત્ર છે. ઉત્સર્પિણી આદિ જે કાળમાં તેની સ્થિતિ હોય તે તેનો સ્વકાળ છે. અને જ્ઞાનાદિ ગુણ એ તેનો સ્વભાવ છે અને એ પ્રમાણે જીવની સત્તાનો નિર્ણય આ નય કરે છે. ૮.

(૯) પરદ્રવ્યાદિ-ગ્રાહક દ્રવ્યાર્થિક

જે પ્રમાણે પૂર્વના નયે સ્વદ્રવ્યાદિથી દ્રવ્યની સત્તાનો નિર્ણય કર્યો તે પ્રમાણે આ નય પરદ્રવ્યાદિનો વિચાર કરીને દ્રવ્યની અસત્તાનો નિર્ણય કરે છે. પૂર્વના નયે જે દ્રવ્યના પોતાના દ્રવ્યાદિ ચાર ચોક્કસ કર્યા હોય તેથી ભિન્ન દ્રવ્યાદિ ચાર તે દ્રવ્યના પરદ્રવ્યાદિ છે અને તેને આશ્રયીને તે તે દ્રવ્યો અસત્ છે એમ આ નય કહે.

માટીના ઘટમાં સુવર્ણ કે તન્તુ એ પરદ્રવ્ય, પાટલિપુત્રના ઘટમાં કાશી વગેરે ક્ષેત્ર પરક્ષેત્ર છે. શીતકાળના ઘટમાં ગ્રીષ્મકાળ-પરકાળ છે અને લાલ ઘટમાં શ્યામ એ પરભાવ છે. એટલે પાટલિપુરમાં શીયાળામાં માટીનો બનાવેલ લાલ ઘડો એ વિદ્યમાન હોવા છતાં કાશીના ઊનાળામાં સુવર્ણના પીતવર્ણની અપેક્ષાએ તે અસત્ અવિદ્યમાન છે. પાંચમા આરામાં મનુષ્યગતિમાં વર્તતા સંયમી આત્માની સત્તા તે રીતે યથાર્થ હોવા છતાં ચોથા આરાની, દેવગતિની, અવિરતિની અને પુદ્ગલ દ્રવ્યની અપેક્ષાએ તે સત્તા સ્થિર થતી નથી પણ અસત્તા આવીને ઊભી રહે છે. આમ આ નય પરદ્રવ્યાદિ ચારનો વિચાર કરીને તે તે દ્રવ્યમાં અસત્પણું નિર્ણીત કરે છે. ૯.

(૧૦) પરમભાવ-ગ્રાહક દ્રવ્યાર્થિક

એક-એક દ્રવ્યમાં ભાવો તો અનેક હોય છે. પણ તેમાં પરમભાવ તો એક હોય છે. કે જે પરમભાવથી તે દ્રવ્ય ઓળખાય છે, બીજાથી જુદું પડે છે. આત્મદ્રવ્યમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, લેશ્યા આદિ અનંતભાવો છે-અનંતગુણો છે, પણ તે સર્વમાં જ્ઞાન એ મુખ્ય

છે–પરમ છે–સાર છે. જ્ઞાન ગુણ એ તુરત ખ્યાલમાં આવે છે. જ્ઞાનની ઉપસ્થિતિ શીઘ્ર થાય છે. એટલે આ નય આત્માના જ્ઞાન ગુણને પરમભાવ સ્વરૂપ ગ્રહણ કરે. એ જ પ્રમાણે પુદ્ગલમાં રૂપ–રસ–ગંધ–સ્પર્શ આદિ અનંતા ગુણો હોવા છતાં પરમભાવ–ગ્રાહક આ નય રૂપને લે બીજાને ન લે. ૧૦.

આ પ્રમાણે દ્રવ્યાર્થિક નયના દશ ભેદ છે.

★

ઢાળ ૫ મી ટબાર્થ.

(૧) એક અર્થ ઘટ–પટાદિક, જીવ–અજીવાદિક ત્રય રૂપ–કહેતાં દ્રવ્ય–ગુણ–પર્યાય રૂપ છે. જે માટે ઘટાદિક મૃત્તિકાદિ રૂપે દ્રવ્ય, ઘટાદિરૂપે સજાતીય દ્રવ્ય પર્યાય, રૂપ–રસાદ્યાત્મકપણે ગુણ એમ જીવાદિકમાં જાણવું. એહવું પ્રમાણે સ્યાદ્વાદ વચને દેખ્યું, જે માટે પ્રમાણે–સપ્તભંગાત્મકે ત્રયરૂપપણું મુખ્ય રીતિ જાણીએ, નયવાદી જે એકાંશવાદી તે પણિ મુખ્ય વૃત્તિ અને ઉપચારે એક અર્થને વિષે ત્રયરૂપપણું જાણે યદ્યપિ નયવાદીને એકાંશ વચને શક્તિ એકજ અર્થ કહીએ, તો પણિ લક્ષણારૂપ ઉપચારે બીજા બે (૨) અર્થ પણિ જાણિએ. 'એકદા વૃત્તિદ્વય ન હોય' એ પણિ તંત[1] નથી. **'गङ्गायां मत्स्यघोषौ'** ઇત્યાદિ સ્થાનિ જે માટિ બે (૨) વૃત્તિ પણિ માની છે. ઇહાં પણિ મુખ્ય–અમુખ્યપણે અનંત ધર્માત્મક વસ્તુ જણાવવાને પ્રયોજને એક નય શબ્દની બે (૨) વૃત્તિ માનતાં વિરોધ નથી. અથવા નયાત્મક શાસ્ત્રે–ક્રમિકવાકયદ્વયે પણિ એ અર્થ જણાવીએ. અથવા [2]**एकबोधः शाब्दः एकबोध आर्थः'** એમ અનેક ભંગ જાણવા. એમ જ્ઞાનદૃષ્ટિએ જગના ભાવ દેખીએ.

(૨) **કહીઓ અર્થ તેહજ સ્પષ્ટપણે જણાવે છે.** મુખ્ય વૃત્તિ કહતાં શક્તિ શબ્દાર્થ કહેતો જે દ્રવ્યાર્થનય તે, તાસ–કહેતાં દ્રવ્ય, ગુણ, પર્યાયને અભેદ વખાણે; જે માટે ગુણ પર્યાયાભિન્ન મૃદ્ દ્રવ્યાદિકને વિષયે[3] ઘટાદિપદની શક્તિ છે. એહનો પરસ્પર કહતાં માંહોમાંહિ ભેદ છે. તે ઉપચાર કહેતાં લક્ષણાએ જાણે, તે માટે દ્રવ્ય ભિન્ન કંબુગ્રીવાદિ પર્યાયને વિષે તે ઘટાદિપદની લક્ષણા માને. મુખ્યાર્થ બાધે, મુખ્યાર્થ સંબંધે તથાવિધ વ્યવહાર પ્રયોજન અનુસરી–તિહાં લક્ષણાપ્રવૃત્તિ દુર્ઘટ નથી.

(૩) એમ પર્યાયાર્થ નય મુખ્ય વૃત્તિ થકો સર્વ દ્રવ્ય, ગુણ, પર્યાય ભેદે લેખવે, જે માટે એ નયને મતે મૃદાદિપદનો દ્રવ્ય અર્થ, રૂપાદિપદનો ગુણ જ. ઘટાદિપદનો કંબુગ્રીવાદિ પર્યાય જ. તથા ઉપચારે–લક્ષણાએ કરી અનુભવને બળે તે અભેદે માને. 'ઘટાદિ મૃદદ્રવ્યાદ્યભિન્ન જ છે.' એ પ્રતીતિ ઘટાદિપદની મૃદાદિ દ્રવ્યને વિષે લક્ષણા માનીએ. એ પરમાર્થ.

(૪) એહુધર્મ ભેદ–અભેદ પ્રમુખ, જે નય–દ્રવ્યાર્થિક અથવા પર્યાયાર્થિક ગ્રહે–ઊહાદ્ય પ્રમાણે ધારે, મુખ્ય–અમુખ્ય પ્રકારે સાક્ષાત્ સંકેતે તથા વ્યવહિત સંકેતે, તે નયની વૃત્તિ અને તે નયનો ઉપચાર કલ્પિએ. જેમ ગંગા પદનો સાક્ષાત્ સંકેત પ્રવાહરૂપ અર્થને વિષયે છે, તે માટે પ્રવાહે શક્તિ, તથા ગંગા તીરે ગંગા સંકેત વ્યવહિત સંકેત છે, તે માટે ઉપચાર તેમ દ્રવ્યાર્થિક નયનો સાક્ષાત્ સંકેત અભેદે છે, તે માટે તિહાં શક્તિ; ભેદે વ્યવહિત સંકેત છે તે માટે ઉપચાર એમ પર્યાયાર્થિકનયની પણિ શક્તિ ઉપચાર ભેદ–અભેદને વિષયે જોડવા.

(૫) કોઇક કહે છે જે 'એક નય એક જ વિષય ગ્રહે, બીજા નયનો વિષય ન ગ્રહે' તે દૂષે છે–

---

૧ સિદ્ધાન્તઃ, ઇત્યર્થ ૨ **एक बोध शब्दे एक बोध अर्थ**–(પા૦) ૩ વિષયઘટા. (ભા૦)

જે નય જ્ઞાનમાંહિ ભિન્ન વિષય કહતાં નયાંતરનો મુખ્યાર્થ, સર્વથા-કહતાં અમુખ્યપણે પણિ ન ભાસે, તો સ્વતંત્રભાવે-સર્વથા નયાંતર વિમુખપણે મિથ્યાદૃષ્ટિ પાસે રહે, એટલે દુર્નય થાય. પણિ સુનય ન થાય-એમ જાણવું.

(૬) એહ અર્થ 'વિશેષાવશ્યકે' તથા 'સમ્મતિ' માંહિ છે, એમ ધારો. ગાથા—

दोहि वि णयेहि णीअं, सत्थमुलूएण तह वि मिच्छत्तं ।
जं सविसयप्पहाणत्तणेण अण्णुण्णनिरवेक्खा ॥ २१९५ ॥

स्वार्थग्राही इतरांशाप्रतिक्षेपी सुनयः, इति सुनयलक्षणम् ।
स्वार्थग्राही इतरांशप्रतिक्षेपी दुर्नयः, इति दुर्नयलक्षणम् ॥

એમ નયથી-નય વિચારથી ભેદ, અભેદ ગ્રાહ્ય વ્યવહાર સંભવે તથા નય સંકેત વિશેષથી ગ્રાહક-વૃત્તિ વિશેષરૂપ ઉપચાર પણિ સંભવે. તે માટે ભેદ, અભેદ તે મુખ્યપણે પ્રત્યેક નયે વિષય મુખ્યામુખ્ય-પણે ઉભય નય વિષય ઉપચાર તે મુખ્ય વૃત્તિની પરિ નય પરિકર પણિ વિષય નહીં. એ સમો માર્ગ શ્વેતામ્બર પ્રમાણ શાસ્ત્રસિદ્ધ જાણવો.

(૭) એ સમો માર્ગ છાંડી કરીને, જે દિગંબર બાલ-ઉપચારાદિ ગ્રહવાને કાજિ ઉપનય પ્રમુખ કહ્યે છે, તે પ્રપંચ-શિષ્ય બુદ્ધિ ધંધન માત્ર પણ સમાન તંત્ર સિદ્ધાંત છે, તે માટે જાણવા કાજિ કહીએ. જેમ તે જલ્પે છે-સ્વપ્રક્રિયાએ બોલે છે.

(૮) તેહને મતે-તર્કશાસ્ત્રને અનુસારે નવ નય અને ત્રણ ઉપનય છે તથા અધ્યાત્મવાચે-અધ્યાત્મ-શૈલીએ નિશ્ચયનય. વ્યવહારનય એમ બે (૨) જ નય કહીએ.

(૯) દ્રવ્યાર્થનય, ૧. પર્યાયાર્થનય, ૨. નૈગમનય, ૩. સંગ્રહનય, ૪. વ્યવહાર, ૫. ઋજુસૂત્રનય, ૬. શબ્દનય, ૭. સમભિરૂઢનય, ૮. એવંભૂતનય, ૯. એ નવ નયનાં નામ. તિહાં **પહેલો દ્રવ્યાર્થિકનય** તેહનાં દસ પ્રકાર જાણવા. તે દ્રવ્યાર્થિક નયના દસ ભેદ માંહિ ધુરિ-કહતાં પહિલાં કર્મોપાધિથી દ્રવ્યાર્થિક મનમાંહિ આણો 'कर्मोपाधिरहितः शुद्धद्रव्यार्थिकः' એ પ્રથમ ભેદ.

(૧૦) **એહનો વિષય દેખાડે છે.** જેમ સંસારી પ્રાણીઓ સર્વ સિદ્ધ સમાન ગણીએ, સહજ-ભાવ-જે શુદ્ધાત્મ સ્વરૂપ તે આગલિ કરીને તિહાં ભવ પર્યાય જે સંસારના ભાવ તે ન ગણીએ-તેહની વિવક્ષા ન કરીએ. એ અભિપ્રાયે 'દ્રવ્ય સંગ્રહે' કહિયું છે.

मग्गणगुणठाणेहिं च चउदसहिं हवंति तह असुद्धणया ।
विण्णेया संसारी, सव्वे सुद्धा हु सुद्धणया ॥ १३ ॥

(૧૧) ઉત્પાદ ૧, ને વ્યય ૨ ની ગૌણતાએ અને સત્તા મુખ્યતાએ બીજો ભેદ **શુદ્ધ દ્રવ્યાર્થનો** જાણવો. **'उत्पादव्ययगौणत्वेन सत्ताग्राहकः शुद्धद्रव्यार्थिकः'** એ બીજો ભેદ. એહને મતે દ્રવ્ય નિત્ય લીજે, નિત્ય તે ત્રિકાલે અવિચલિત રૂપ સત્તા મુખ્ય લેતાં એ ભાવ સંભવે. પર્યાય પ્રતિક્ષણ પરિણામી છે, તો પણિ જીવ-પુદ્ગલાદિ દ્રવ્ય સત્તા કદાપિ ચલતી નથી.

(૧૨) ત્રીજો ભેદ **ભેદ કલ્પનાએ હીન શુદ્ધ દ્રવ્યાર્થ 'भेदकल्पनारहितः शुद्धद्रव्यार्थकः' इति तृतीयो भेदः ।** જેમ એક જીવ પુદ્ગલાદિક દ્રવ્ય નિજ ગુણપર્યાયથી અભિન્ન કહીએ. ભેદ છે, પણિ તેહની અવધ્યુ ન કરી, અભેદની અવધ્યુ કરી. તે માટે અભિન્ન એ ૩ (ત્રીજો) ભેદ શુદ્ધ.

(૧૩) ચોથો એહનો-દ્રવ્યાર્થિકનો ભેદ **કર્મોપાધિથી અશુદ્ધ** કહેવો. '**कर्मोपाधिसापेक्षोऽशुद्ध-द्रव्यार्थिकः**' **इति चतुर्थो भेदः**। જેમ ક્રોધાદિક કર્મ ભાવમય આતમા વેદો છો-જાણો છો. જે વારે જે દ્રવ્ય જે ભાવે પરિણમે તે વારે તે દ્રવ્ય તન્મય કરિ જાણવું. જેમ લોહ અગ્નિપણે પરિણમિઉં. તે કાલે લોહ અગ્નિરૂપ કરી જાણવું. એમ ક્રોધમોહનીયાદિ કર્મોદયને અવસરે ક્રોધાદિ-ભાવ-પરિણત આત્મા ક્રોધાદિ રૂપ કરી જાણવો. અત એવ આઠ આતમાના ભેદ સિદ્ધાંતમાં પ્રસિદ્ધ છે.

(૧૪) તે દ્રવ્યાર્થિક ભેદ પાંચમો **વ્યય-ઉત્પત્તિ સાપેક્ષ** જાણવો. **उत्पादव्ययसापेक्षसत्ताग्राहकोऽ-शुद्धद्रव्यार्थिकः पञ्चमः**। જેમ એક સમયે દ્રવ્ય ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય રૂપ કહીએ. જે કટકાદ્યુત્પાદ-સમય તેહજ કેયૂરાદિ વિનાશ સમય અને કનક સત્તા તો અવર્જનીય છે.

"एवं सति त्रैलक्षण्यग्राहकत्वेनेदं प्रमाणवचनमेव स्यात्, न तु नयवचनम्' इति चेत्? न 'मुख्य-गौणभावेनैवानेन नयेन त्रैलक्षण्यग्रहणात्। मुख्यतया स्वस्वार्थग्रहणे नयानां सप्तभङ्गीमुखे-नैव व्यापारात्"।

(૧૫) **ભેદની કલ્પના ગ્રહતો** છઠો અશુદ્ધ દ્રવ્યાર્થિક જાણવો. જેમ જ્ઞાનાદિક શુદ્ધ ગુણ આત્માના બોલિએ. ઇહાં ષષ્ઠી વિભક્તિ ભેદ કહીએ છે. '**भिक्षोः पात्रम्**' **इतिवत्**। અને ભેદ તો ગુણગુણીને છે નહીં. '**भेदकल्पनासापेक्षोऽशुद्धद्रव्यार्थिकः षष्ठः**.

(૧૬) **સાતમો અન્વય દ્રવ્યાર્થિક** કહીએ. જે એક સ્વભાવ બોલે. જેમ એકજ દ્રવ્ય, ગુણ, પર્યાય સ્વભાવ કહીએ. ગુણ-પર્યાયને વિષયે દ્રવ્યનો અન્વય છે. અત એવ દ્રવ્ય જાણિ, દ્રવ્યાર્થદેશે 'તદનુગત સર્વ ગુણપર્યાય જાણ્યા' કહિયે જેમ સામાન્ય પ્રત્યાસત્તિપરવાદી 'સર્વવ્યક્તિ જાણી' કહે તેમ ઇહાં જાણવું. '**अन्वयद्रव्यार्थिकः सप्तमः**'

(૧૭) **સ્વદ્રવ્યાદિક ગ્રાહક** દ્રવ્યાર્થિક આઠમો ભેદ ભાષિએ. જેમ અરથ-ઘટાદિક, સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવ એ ચાર (૪) થી છતો કહીએ. સ્વદ્રવ્યથી-મૃતિકાએ, સ્વક્ષેત્રથી પાટલિ-પુત્રાદિકે, સ્વકાલથી-વિવક્ષિતકાલે સ્વભાવથી-રક્તાદિકભાવે જ ઘટાદિકની સત્તા પ્રમાણસિદ્ધ છે. '**स्व-द्रव्यादिग्राहको द्रव्यार्थिकः**' **अष्टमः**

(૧૮) તેમાંહિ-દ્રવ્યાર્થિકમાંહિ, **પરદ્રવ્યાદિ ગ્રાહક** નવમો ભેદ કહીએ છે. જેમ-અર્થ-ઘટાદિક, પરદ્રવ્યાદિક ચાર (૪) થી છતો નહીં. પરદ્રવ્ય-તંતુ પ્રમુખ, તેહથી ઘટ અસત્ કહીએ, પરક્ષેત્ર-જે કાશી પ્રમુખ-તેહથી, પરકાલ-અતીત અનાગત કાલ-તેહથી, પરભાવથી-કાલાદિકભાવે વિવક્ષિત વિષયે અછતા પર્યાય તેહથી. **परद्रव्यादिग्राहको द्रव्यार्थिको नवमः**

(૧૯) દસમો દ્રવ્યાર્થિક **પરમભાવ ગ્રાહક** કહીએ. જે નયને અનુસારે આત્મા જ્ઞાન સ્વરૂપ કહીએ છે. દર્શન, ચારિત્ર, વીર્ય, લેશ્યાદિક આત્માના અનંત ગુણ છે, પણિ સર્વમાં જ્ઞાન સાર ઉત્કૃષ્ટ છે. અન્ય દ્રવ્યથી આત્માને ભેદ જ્ઞાન ગુણે દેખાડીએ છે તે માંહિ શીઘ્રોપસ્થિતિપણે આત્માનો જ્ઞાન તે પરમ ભાવ છે. એમ બીજાએ દ્રવ્યના પરમ ભાવ-અસાધારણ ગુણ લેવા. **परमभावग्राहको द्रव्यार्थिको दशमः**।

પાંચમી ઢાળ સંપૂર્ણ.

★

ઢાળ ૬ ઠ્ઠી.

(તુંગિયા ગિરિ સિહર સોહે, અથવા એકવાર દર્શન આપી ગુરુજી–એ દેશી.)

ષટ ભેદ નય પર્યાય અરથો, પહિલો અનાદિક નિત્ય રે;
પુદ્ગલ તણા પર્યાય કહિઇં, જિમ મેરુગિરિ મુખ નિત્ય રે. ૧
બહુભાંતિ કુઇલી જઇન શાઇલી, સાચ લૂં મનિ ધારિ રે;
ખોડટું જે કાંઇ જાણુઇ, તિહાં ચિત્ત નિવારિ રે. ૨ બહુ૦
સાદિ નિતિ* પર્યાય અરથો, જિમ સિદ્ધનો પજ્જાઉ રે;
ગહઇં શુદ્ધ અનિત્ય સત્તા, ગૌણુ વ્યય ઉપ્પાઉ રે. ૩ બહુ૦
જિમ સમયમઇં પર્યાય નાશી, છતિં ગહત નિત્ય અશુદ્ધ રે;
એક સમઇં યથાપર્યય, ત્રિતય રૂપઇં રુદ્ધ રે. ૪ બહુ૦
પર્યાય અરથો નિત્ય શુદ્ધો, રહિત કર્મોપાધિ રે;
જિમ સિદ્ધના પર્યાય સરિખા, ભવજંતુના નિરુપાધિ રે. ૫ બહુ૦
પર્યાય અર્થ અનિતિ અશુદ્ધો, સાપેક્ષ કર્મોપાધિ રે;
સંસારવાસી જીવનઇં જિમ, જનમ–મરણુહ વ્યાધિ રે. ૬ બહુ૦

દિગમ્બર પ્રક્રિયા પ્રમાણે પર્યાર્થિક નયના છ ભેદોની વિચારણા

વિશ્વમાં અનેક વિચારધારાઓ જુદી–જુદી અપેક્ષાએ ચાલે છે. ચાલતી વિચારધારાઓ સર્વ જૂઠી છે, મિથ્યા છે એ પ્રમાણે એકાંતે કહેવાય કે મનાય નહિં, તે જ પ્રમાણે જુદી જુદી વિચારધારાઓ બધી સત્ય છે એમ પણ કહી કે માની શકાય નહિં.

જિનેશ્વર પરમાત્માએ પ્રરૂપેલી નયવિચારણા પણ અનેકમુખ વિસ્તાર પામી છે. નયનો તે સર્વ વિસ્તાર શક્તિવાળા આત્માએ ખૂબ જ સ્વસ્થતાપૂર્વક વિચારવા જેવો છે. અમુક પક્ષ કહે છે માટે મિથ્યા છે એ પ્રમાણે ઉતાવળો નિર્ણય કરવા જેવું આ વિષયમાં નથી. નયના અનેક વિકલ્પો અનાગ્રહ ભાવે ધીરતાથી વિચારીને જે સાચા લાગે તે સ્વીકારવા અને ખોટા લાગે તે છોડી દેવા. પણ આગ્રહભાવે આ સર્વ ખોટું જ છે એમ માની લેવું નહિં. નયના વિવિધ વિકલ્પો વિચારવાથી મતિની વિશદતા વધે છે. પરીક્ષાશક્તિ ખીલ્યા પછી સત્ય અને અસત્યનો ખરો નિર્ણય કરવામાં વાર લાગતી નથી.

---

* નિત્ય.

દિગમ્બરો કહે છે કે—દ્રવ્યાર્થિક નય દશ પ્રકારનો છે. તેનું સ્વરૂપ પહેલાં આવી ગયું છે. તેઓ પર્યાયાર્થિક નય છ પ્રકારનો છે, એમ કહે છે, તે આ પ્રમાણે—

૧ અનાદિ નિત્ય શુદ્ધ પર્યાયાર્થિક.
૨ સાદિ નિત્ય શુદ્ધ પર્યાયાર્થિક.
૩ અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિક.
૪ નિત્ય અશુદ્ધ પર્યાયાર્થિક.
૫ કર્મોપાધિ રહિત નિત્ય શુદ્ધ પર્યાયાર્થિક.
૬ કર્મોપાધિ સાપેક્ષ અનિત્ય-અશુદ્ધ-પર્યાયાર્થિક.

ઉપર પ્રમાણે પર્યાયાર્થિક નયના છ ભેદના નામો છે. તેનું ટૂંક સ્વરૂપ આ પ્રમાણે છે.

૧ અનાદિ નિત્ય શુદ્ધ પર્યાયાર્થિક.

શુદ્ધ પર્યાયાર્થિક નય મોટે ભાગે દરેક પર્યાયને અનિત્ય માને છે. છતાં પણ વિશ્વમાં કેટલાએક ભાવો–પદાર્થો શાશ્વત છે ને પુદ્ગલના પર્યાયસ્વરૂપ છે. તેનો પણ શુદ્ધ પર્યાયાર્થિક નય સ્વીકાર કરે છે. મેરુપર્વત, શાશ્વતી સિદ્ધશિલાદિ પૃથ્વીઓ, શાશ્વત વિમાનો, શાશ્વત જિન–પ્રતિમાઓ વગેરે સર્વ અનાદિકાળના છે, અને અનંતકાળ સુધી રહેવાના છે. તે સર્વ પુદ્ગલના પર્યાયો છે. તેમાં પુદ્ગલો ફર્યા કરે છે પણ સંસ્થાનમાં–આકારમાં–વિદ્યમાનતામાં ફેર પડતો નથી. ઉપરોક્ત સર્વ પર્યાયો વાસ્તવ છે, નથી ને માનવાના છે એમ નથી, છે અને તેને પર્યાર્થિક નય માને છે માટે તે શુદ્ધ છે.

૨, સાદિનિત્ય શુદ્ધ પર્યાયાર્થિક નય.

સકલ કર્મનો ક્ષય કરીને ચેતન મોક્ષમાં જાય છે. સિદ્ધપદ પ્રાપ્ત કરે છે. ત્યારે સિદ્ધપર્યાય ઉત્પન્ન થાય છે, સિદ્ધપર્યાયની એ આદિ છે. ઉત્પન્ન થયા પછી કદી પણ સિદ્ધપર્યાય વિનાશ પામતો નથી. અનંતકાળ સુધી રહે છે. એટલે સિદ્ધપર્યાય સાદિ નિત્ય છે, એ પર્યાય કાંઈ કાલ્પનિક નથી, વાસ્તવિક છે એટલે શુદ્ધ પર્યાયાર્થિક નયને એ માન્ય છે.

૩, અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિક.

પર્યાયાર્થિક નય ઉત્પાદ અને વ્યયને મુખ્ય માને પણ ધ્રૌવ્યને મુખ્ય માને નહિં, એટલે તે દરેક પર્યાય ક્ષણમાત્ર વિનશ્વર કહે. કોઈ પણ પર્યાય એવો નથી કે જેમાં દરેક સમયે પરિવર્તન ન થતું હોય! સમયે સમયે પર્યાયો ફર્યા જ કરે છે. ફેરફાર થવો તેનું નામ જ ઉત્પાદ–વ્યય છે. પર્યાયનું આવું શુદ્ધ સ્વરૂપ સ્વીકારવું અને સમજાવવું તે કર્તવ્ય છે, તે કર્તવ્યને ચરિતાર્થ કરતો જે ભેદ તે આ ત્રીજો અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિક નામનો ભેદ છે, પર્યાયના આ ભેદનું સ્વરૂપ વિશેષ વ્યાપક છે. મોટેભાગે પર્યાય આ ભેદરૂપે ઓળખાય છે.

૪, નિત્ય અશુદ્ધ પર્યાયાર્થિક.

પર્યાયાર્થિકનય પર્યાયને માને છે, તેને પૂછવામાં આવે કે પર્યાય સત્ છે કે અસત્? ત્યારે તેને કહેવું પડે કે પર્યાય સત્ છે. વસ્તુને માનવી અને તેને અસત્ કહેવી એ બની શકે નહિં. એટલે પર્યાય સત્ છે, એમ કહેવું એ જ યથાર્થ છે. જ્યારે પર્યાય એ સત્ છે, તો તેમાં સત્નું લક્ષણ ઘટવું જોઈએ. ઉત્પાદ–વ્યય–યુક્ત હોય તે સત્ કહેવાય, એવું સત્નું લક્ષણ

નથી. સત્નું લક્ષણ તો ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્યયુક્ત હોય તે સત્ કહેવાય એ પ્રમાણે છે. જ્યાં એ લક્ષણ નથી તે સત્ નથી અને જે સત્ છે તે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી યુક્ત છે. આમ જ્યારે ગુંચવણ ઉભી થાય છે, ત્યારે પર્યાયાર્થિક નય મૂંઝાય છે, અને તેનો આગ્રહ ઉત્પાદ-વ્યયને જ માનવાનો છે, તે ઢીલો પડી જાય છે. પર્યાય ધ્રૌવ્ય યુક્ત પણ છે. એમ તેને માનવું પડે છે અને કહેવું પડે છે. ધ્રુવતાનો સ્વીકાર કર્યો તે તેની અશુદ્ધ સ્થિતિ છે. ધ્રુવ એટલે નિત્ય તેને પણ માન્ય રાખનાર જે પર્યાયાર્થિક નય તે નિત્ય અશુદ્ધ પર્યાયાર્થિક કહેવાય.

૫, કર્મોપાધિરહિત-નિત્ય શુદ્ધ પર્યાયાર્થિક.

પર્યાયાર્થિક નય તે તે દ્રવ્યના પર્યાયોને દરેકને સ્વતંત્ર માને છે. એક-બીજા દ્રવ્યના પર્યાયને અદલ-બદલ કરી દેવા તે તેનું વાસ્તવ કર્તવ્ય નથી. એટલે શુદ્ધ પર્યાયાર્થિક નય ચેતનના જ્ઞાન-દર્શન ચારિત્ર-વીર્ય વગેરે પર્યાયો છે એમ કહે. ચેતનમાત્રના તે પર્યાયો એક સરખા છે. તેમાં કાંઈ ભેદ નથી. જેમ પુદ્ગલ માત્રના પર્યાયો રૂપ-રસ-ગંધ-સ્પર્શ છે તે પ્રમાણે. સિદ્ધ-આત્માના જ્ઞાનાદિ પર્યાયો અને સંસારી જીવના જ્ઞાનાદિ પર્યાયો એક સરખા છે. શાશ્વત છે, નિત્ય છે એ પ્રમાણે નિત્ય શુદ્ધ પર્યાયાર્થિક નય કહે છે. આ નય સંસારિ જીવનને લાગેલા કર્મોપાધિની વિવક્ષા કરતો નથી, એટલે કર્મોપાધિરહિત કહેવાય છે.

૬, કર્મોપાધિ સાપેક્ષ-અનિત્ય-અશુદ્ધ પર્યાયાર્થિક.

પૂર્વે જણાવ્યું તે પ્રમાણે પર્યાયાર્થિક નય જે દ્રવ્યના જે પર્યાયો ન હોય તેને માને નહિં તે તેનું શુદ્ધ સ્વરૂપ છે, છતાં કેટલીક વખત જે દ્રવ્યના જે પર્યાયો ખરેખર ન હોય છતાં પર્યાયાર્થિક નયને તે માનવા પડે છે અને જ્યારે એ પ્રમાણે તે માને છે ત્યારે તે અશુદ્ધ કહેવાય છે. એવા અશુદ્ધ પર્યાયો શાશ્વત હોતા નથી, અનિત્ય હોય છે. ઉપાધિ સાપેક્ષ હોય છે, એટલે આ પર્યાર્થિક નય-કર્મોપાધિ સાપેક્ષ-અનિત્ય-અશુદ્ધ પર્યાયાર્થિક કહેવાય છે. આ નય જીવના જન્મ-મરણ-જરા-વ્યાધિ વગેરે પર્યાયોને માને છે. જન્મ વગેરે પર્યાયો જીવના સ્વાભાવિક સ્વપર્યાયો નથી, પણ કર્મરૂપી ઉપાધિના સંયોગથી થાય છે. જીવના એ અશુદ્ધ પર્યાયો છે તે અશુદ્ધ પર્યાયોથી છૂટવા માટે-મોક્ષ મેળવવા માટે જીવ પ્રવૃત્તિ કરે છે. કોઇપણ દ્રવ્ય પોતાના પર્યાયો છોડવા માટે પ્રયત્ન કરે નહિં અને કરે તો તેમાં તે કદી પણ સફળ થાય નહિં. જીવના અનુભવાતા જન્માદિ પર્યાયો તેના પોતાના નથી માટે જ તે તેનાથી મુક્ત થઇ શકે છે અને તેના પોતાના શુદ્ધ પર્યાયોને પ્રાપ્ત કરી શકે છે.

આ પ્રમાણે દિગમ્બરો પર્યાયાર્થિક નય છ પ્રકારનો છે એમ કહે છે.

બહુમાન ગ્રાહી કહિએ નૈગમ, ભેદ તસ છઈ તીન રે;
વર્તમાનારોપ કરવા, ભૂત અરથઈ લીન રે. ૭ બહુ૦
ભૂત નૈગમ કહિઉ પહિલો, દીવાલી દિન આજ રે;
યથા સ્વામી વીર જિનવર, લહિયા શિવપુર રાજ રે. ૮ બહુ૦

ભૂતવત કહિઇં ભાવિ નૈગમ, ભાવિ જિન જિમ સિદ્ધ રે;
સિદ્ધવત છઇં વર્તમાનઇં, કાંઇ સિદ્ધ-અસિદ્ધ રે. ૯ બહુ૦
ભાષિઇં જિમ 'ભક્ત પચિઇં' વર્તમાનારોપ રે;
કરઇ ક્રિયા ભૂત લેઇ, ભૂત વચન વિલોપ રે. ૧૦ બહુ૦

દિગમ્બર પ્રક્રિયા પ્રમાણે નવ નયો છે, તેમાં દ્રવ્યાર્થિક નયના દશ પ્રકાર છે અને પર્યાયાર્થિક નયના છ પ્રકાર છે. તેનું સ્વરૂપ આગળ આવી ગયું છે, હવે નૈગમાદિ સાત નયો દિગમ્બરો જે રીતે માને છે તે કહેવામાં આવે છે.

નૈગમનય-નિગમ શબ્દનો અર્થ ચાલુ પ્રચલિત વ્યવહાર થાય છે, તેને અનુસરતો જે નય તે નૈગમનય કહેવાય છે. નૈગમ શબ્દનો અર્થ બીજી રીતે પણ સમજાવાય છે. તેમાં નૈકગમ શબ્દ મુખ્ય રાખીને 'ક' નો લોપ થવાથી નૈગમ શબ્દ બન્યો છે, તેનો અર્થ એવો છે કે, જે નય અનેક પ્રમાણોથી વસ્તુની વિચારણા કરે છે તે નૈગમનય કહેવાય છે. આ નય, વસ્તુને સામાન્યથી વિચારે છે, વિશેષથી વિચારે છે, સામાન્ય વિશેષથી વિચારે છે. જ્યાં જે રીતે ઠીક જણાય-બંધબેસતું આવે તે રીતે આ નય કામ લે છે.

જંગલમાં માટી લેવા માટે જતા કુંભારને પૂછવામાં આવે કે, "હાલમાં શું પ્રવૃત્તિ ચાલે છે?' તો કુંભાર કહેશે કે, 'ઘડા બનાવવાની પ્રવૃત્તિ ચાલે છે' માટી લાવવાની ક્રિયાથી લઇને ઘડો તૈયાર કરવા સુધીની સર્વ પ્રવૃત્તિ ઘડાની છે. તેમાં વિશેષને મુખ્ય રાખીને નૈગમ નય વ્યવહાર ચલાવે છે અને તેને માન્ય રાખે છે.

કોઇ માણસ પોતાના ગામના પાદરમાં આવે અને ધીરે ધીરે પોતાને ઘરે પહોંચે ત્યાં સુધી તેને પૂછવામાં આવે કે, ક્યાં આવ્યા તો તે પોતાના ગામનું નામ કહે-આ વિશેષમાં સામાન્યને પ્રધાન રાખીને કહેવામાં આવે છે, ને તે નૈગમનય માન્ય રાખે છે. એ જ પ્રમાણે ગામની પાંચ વ્યક્તિઓ કોઇ સ્થળે ગઇ હોય ત્યારે પણ એમ કહેવામાં આવે કે, અમુક ગામ આવ્યું છે. આ પણ સામાન્યને પ્રધાન રાખીને કહેવામાં આવે છે.

કોઇ એક સુન્દર વસ્ત્રમાંથી ડગલો બનાવવામાં આવ્યો હોય તેને કોઈ પૂછે કે 'આ શું છે?' કહેનાર કહે કે, આ પદાર્થ છે, આ અચેતન વસ્તુ છે, આ પુદ્ગલ છે, આ ઔદારિક પુદ્ગલ છે. આ વનસ્પતિકાય છે, આ વસ્ત્ર છે, ને છેવટે આ ડગલો છે. આ સર્વ ઉત્તરો સાચા છે. તેમાં સામાન્ય અને વિશેષ બન્ને ઉત્તરોત્તર ચાલ્યા આવે છે. નૈગમનય આ સર્વને માન્ય રાખે છે.

આ નૈગમ નયના ત્રણ પ્રકાર છે.

(૧) ભૂતાર્થે વર્તમાનારોપકારક નૈગમ.
(૨) ભવિષ્યાર્થે ભૂતાર્થારોપકારક નૈગમ.
(૩) ભૂત ભવિષ્યાર્થે વર્તમાનારોપક નૈગમ.

આ ત્રણે ભેદોના ટૂંકા નામો આ પ્રમાણે છે. ૧ ભૂતનૈગમ, ૨ ભાવિનૈગમ અને ૩ વર્તમાનનૈગમ.

૧ ભૂતનૈગમ—વિશ્વમાં કેટલાક વ્યવહારો એવા ચાલે છે કે જે પ્રસંગો બની ગયા ને વર્ષો વીતી ગયા હોય છે. છતાં તે પ્રસંગની ઉજવણી લોકો કર્યા કરે છે, અને તે ઉજવણી જાણે તે પ્રસંગ ચાલુ ન બનતો હોય એ રીતે કરવામાં આવે છે. ખરેખર તે પ્રસંગ ચાલુ હોતો નથી.

આસો વદિ અમાવાસ્યાના દિવસને 'દીવાલિ' તરીકે ઓળખવામાં આવે છે. શ્રી મહાવીરસ્વામીનો એ નિર્વાણ દિવસ, પાવાપુરીમાં સોળ પહોરની દેશના આપીને ચરમ જિનવર નિર્વાણ પામ્યા. ભરતક્ષેત્રમાંથી છેલ્લા એ મહાદીપકે વિદાય લીધી. જ્ઞાનક્ષેત્રમાં મહાઅંધકાર વ્યાપી ગયો. ઉપાસકોએ દીપકો પ્રગટાવ્યા અને 'દીવાલિ' ની પ્રવૃત્તિ થઇ. આજ પણ એ દિવસનું આરાધન કરતાં એ પ્રસંગ નજર સામે ખડો થાય છે. વર્તમાન દીપાવલિના દિવસને ભૂતકાળના એ વાસ્તવિક દિવસમાં આરોપિત કરવો એ આ ભૂતનૈગમનું કાર્ય છે. વર્તમાન દિવસોમાં એ ભૂતકાળના દિવસને ખેંચી લાવવાથી ભાવનાની વૃદ્ધિ થાય છે. જાણે સાક્ષાત્ એ પ્રસંગ ચાલુ ન બનતો હોય એવી પ્રતીતિ ભક્તના હૃદયમાં જાગે છે.

ઘોષ એટલે ગાયનો વાડો. એ ગંગાનદીને કાંઠે હોય છે. ગંગાના પ્રવાહમાં વાડો હોતો નથી. છતાં ગંગામાં ઘોષ છે એમ કહેવાય છે. એ સ્થળે ગંગાને કાંઠે ઘોષ છે એમ કહેવા પાછળ રહસ્ય છે. જેમ ગંગા પવિત્ર છે, શીતલ છે, તે પ્રમાણે વાડો પણ પવિત્ર અને શીતલ છે. બીજા વાડા કરતાં આ વાડામાં વિશેષતા છે. એ વિશેષતા ગંગાને કાંઠે વાડો છે એમ કહેવાથી સમજાત નહિ.

એ રીતે દીવાળીનો પ્રસંગ વીતી ગયાને હજારો વર્ષ થયા છતાં આજે દિવાળી છે, આજે ભગવાન નિર્વાણ પામ્યા છે એમ કહેવામાં ભાવનાની વૃદ્ધિ કોઈ અપૂર્વ અને અદ્‌ભુત થાય છે. પણ જો એમ કહેવામાં આવે કે આજ તો કાંઇ નથી. બધા દિવસ જેવો આજનો દિવસ છે, દીવાળી તો બે હજાર ચારસો એંશી વર્ષ પહેલાં હતી, આજ શું છે? તો ભાવના મારી જાય એટલે ભૂતનૈગમ આ વાતને માન્ય રાખે છે.

અલંકારશાસ્ત્રમાં પણ લક્ષણાવૃત્તિથી આવા પ્રયોગો સ્વીકાર્યા છે, અને જ્યાં એવા પ્રયોગોની આવશ્યકતા હોય ત્યાં જો સીધેસીધી વાત કરવામાં આવે તો કહેનાર ગ્રામ્ય છે, તેનામાં વિશેષતા નથી એવું સ્પષ્ટ લાગે છે. અને તે દોષ છે. એટલે જ્યાં જેવો શબ્દપ્રયોગ વ્યાજબી હોય ત્યાં તેવો જ શબ્દપ્રયોગ કરવો જોઇએ. ભૂતનૈગમ પણ એ જ કહે છે.

૨ ભાવિનૈગમ—ભવિષ્યમાં જે થવાનું છે અને વર્તમાનમાં તેની ખાત્રી આપી શકાય એવું છે, ત્યાં ભવિષ્યની વાત વર્તમાનમાં કરવી એ આ ભાવિનૈગમનું કાર્ય છે. જે આત્મા કેવળજ્ઞાન પામેલ છે પણ હજુ આયુષ્ય બાકી છે, ભવસ્થ કેવલી છે, તેને આ સિદ્ધ છે, એમ કહેવામાં આવે તો તે વ્યાજબી છે. એ પ્રમાણે આ નૈગમનય કહે છે. કારણ કે ભવ-

સ્થકેવળી એ સિદ્ધસ્થ થવાના છે એમાં કાંઈ પણ શંકા નથી. અંશતઃ સિદ્ધ છે એટલે સિદ્ધ કહેવામાં જરાપણ દોષ નથી.

શાસ્ત્રમાં સિદ્ધના પંદર પ્રકારો છે, તેમાં ગૃહસ્થલિંગે સિદ્ધ, અન્યલિંગે સિદ્ધ વગેરે પ્રકારો પણ આવે છે. તે પ્રકારોના દૃષ્ટાંત તરીકે ભરત મહારાજા વલ્કલચીરી વગેરે કહેવાય છે. જો આ નયની વાત સ્વીકારવામાં ન આવે તો ઉપરના દૃષ્ટાંતો ગેરવ્યાજબી ઠરે, પણ એમ નથી. ગૃહસ્થલિંગે કેવળજ્ઞાન પામેલા ભરત મહારાજા સિદ્ધ થયા છે, એમ કહેવામાં કે અન્યલિંગે કેવળજ્ઞાન વરેલા વલ્કલચીરી સિદ્ધ થયા છે, એમ કહેવામાં જરાપણ ગેરવ્યાજબીપણું નથી, ભાવિ સિદ્ધ થવાના છે તેનો વર્તમાનમાં આરોપ કરવામાં આવ્યો છે. અથવા વર્તમાન પ્રયોગ ભવિષ્યમાં નિશ્ચિત થયેલા ભાવને અનુલક્ષીને કરવામાં આવ્યો છે. ભાવિનૈગમ એ વાતને માન્ય રાખે છે.

૩ **વર્તમાન નૈગમ**—આ નૈગમનય વર્તમાનમાં જે કાર્ય ચાલુ હોય છે, તેને આશ્રયીને છે. જે કાર્ય ચાલુ હોય છે તેમાં કેટલોક ભાગ થયો હોય છે અને કેટલોક ભાગ થવાનો બાકી હોય છે, તે બન્નેને વર્તમાનમાં ખેંચી લઈને આ નય વ્યવહાર ચલાવે છે.

'ભાત રાંધે છે' એવો જે વ્યવહાર છે તે આ નયને આશ્રયીને છે. ચૂલા ઉપર રંધાતા ભાતમાં કેટલાક દાણા સીજી ગયા છે, રંધાઈ ગયા છે. કેટલાક દાણા સીજી રહ્યા છે, રંધાય છે, અને કેટલાક દાણા સીજવાના છે, રંધાવાના છે તેનાં જે દાણાઓ રંધાય છે તેને આશ્રયીને ભાત રંધાય છે એ બરાબર છે, પણ જે દાણાઓ રંધાય ગયા છે અને જે રાંધવાના છે તેને આશ્રયીને રંધાય છે એમ કેમ કહેવાય? ખરી રીતે ન કહેવાય એમ લાગે, પણ એવો વ્યવહાર થતો નથી. ચૂલા ઉપર ચડતા ચોખાને કોઇ એમ નથી કહેતું કે થોડા દાણા રંધાયા છે, થોડા રંધાય છે અને થોડા રંધાશે. પણ ભૂતક્રિયા અને ભાવિક્રિયાને વર્તમાનમાં સમાવી દઇને ભાત રંધાય છે, એવો પ્રયોગ વ્યવહારમાં થાય છે. તે વ્યવહારને આ નૈગમનય માન્ય રાખે છે.

શંકા:–ચૂલા ઉપર ચડાવેલા ચોખા થોડા રંધાય છે છતાં રંધાય છે એમ કહેવાય છે, પણ રંધાયા છે, એમ નથી કહેવાતું–તેમાં આ નૈગમનય જે વર્તમાનમાં ભૂત–ભવિષ્યનો આરોપ કરે છે એ વ્યાજબી નથી, પણ જે એક ક્રિયા શરૂ થઈ છે, તેનું છેલ્લું ફળ ન આવે ત્યાં સુધી વર્તમાનકાળ જ છે. ભૂતકાળ તો '**चरमक्रियाध्वंसे सति भूतः**' જે પછી ક્રિયા ચાલુ રહેવાની નથી, એવો જે છેલ્લી ક્રિયાનો વિરામ થાય ત્યારે ગણાય છે. ચૂલા પર રંધાતા ભાતમાં હજુ જ્યાં સુધી ચરમક્રિયાનો વિરામ નથી થયો. ત્યાં સુધી ભૂત કે ભવિષ્યનો એ વિષય જ નથી. એટલે વર્તમાનમાં એ બન્નેનો આરોપ કરવાની કાંઈ જરૂર નથી. આ પ્રમાણે નૈયાયિકની શંકા છે.

સમાધાન:–નૈયાયિકનું કહેવું એક દ્રષ્ટિએ ઉપર–ઉપરથી ઠીક ગણાય પણ એજ નૈયાયિકને કહેવામાં આવે કે–રંધાતા ભાત માટે પૂછવામાં આવે કે, 'જુઓ તો, ભાત રંધાઇ ગયા

છે કે નહિં ?' ત્યારે તપાસ કરનાર તપાસ કરીને કહેશે કે 'થોડા ચડ્યા છે અને થોડા બાકી છે, અડધા રંધાયા છે, થોડા વખતમાં રંધાઈ જશે.' આ ઉત્તર અસત્ય છે, એમ તો નૈયાયિકથી પણ કહી શકાશે નહિં. જો તેના કહેવા પ્રમાણે એવો આગ્રહ રાખવામાં આવે કે, ચરમ ક્રિયાનો વિરામ થાય ત્યારે જ ભૂતકાળનો વિષય માનવો તો ઉપરના ઉત્તરમાં જે થોડા રંધાયા છે, એવો ભૂતકાળ જણાવ્યો છે એ કહી શકાય નહિં, કારણ કે હજુ ક્રિયાઓ ચાલુ છે. ચરમક્રિયા વિરામ હજુ થયેલ નથી. માટે વર્તમાનરોપ નૈગમનયને માન્ય રાખીને વ્યવહાર કરવો એ જ વ્યાજબી છે.

સંગ્રહઈ નય સંગ્રહો તે, દ્વિવિધ ઓધ વિસેસ રે;
દ્રવ્ય સળ અવિરોધિયાં, જિમ તથા જીવ અસેસ રે. ૧૧ બહુ૦

૨ **સંગ્રહનયઃ**-વિશ્વમાં અનંતા પદાર્થો છે. દરેકનું વ્યક્તિત્વ સ્વતંત્ર છે. છતાં વિશ્વમાં તે તે પદાર્થનું વ્યક્તિત્વ ગૌણ કરીને સરખા ધર્મો આગળ કરીને એક-બીજા પદાર્થોને એક રૂપે ઓળખવામાં અને ઓળખાવવામાં આવે છે. આ કાર્ય કરનાર જે વિચારધારા છે. તેનું નામ સંગ્રહનય છે. '**संगृह्णातीति संग्रहः**' જે મેળવી લે તે સંગ્રહ કહેવાય.

સંગ્રહ નયના બે ભેદ છે. એક ઓઘસંગ્રહ અને બીજો વિશેષ સંગ્રહ.

ઓઘસંગ્રહ એટલે સામાન્ય સંગ્રહ.

સામાન્ય સંગ્રહ સર્વ દ્રવ્યો અવિરોધી છે, એક છે, સર્વમાં સત્પણું સરખું છે, એ પ્રમાણે માને છે. વિશેષ સંગ્રહ સર્વ જીવોમાં ચૈતન્ય એક સરખું હોવાથી સર્વ સમાન છે, અવિરોધી છે, સર્વ પદાર્થો એકમાં આવી જાય એ સર્વથી ઉત્કૃષ્ટ સંગ્રહ છે. બાકી થોડા થોડા પદાર્થોને એકમાં સમાવી દેતો સંગ્રહ એ અવાન્તર સંગ્રહ છે. સર્વથી ઉત્કૃષ્ટ સંગ્રહ એક પ્રકારનો છે. અને અવાન્તર સંગ્રહના ઘણા ભેદો છે.

વ્યવહાર સંગ્રહ વિષય ભેદક, તિમજ દ્વિવિધ પ્રસિદ્ધ રે;
દ્રવ્ય જીવાજીવ ભાષઈ, જીવ ભવિયા સિદ્ધ રે. ૧૨ બહુ૦

૩ **વ્યવહાર નયઃ**-સંગ્રહ નયની સામી બાજુએ વિચાર કરતો નય વ્યવહાર નય છે. સંગ્રહ નય જુદા-જુદા પદાર્થોને એકઠા કરીને વિચાર કરે છે, ત્યારે વ્યવહાર નય દરેક પદાર્થોને છૂટા પાડીને વિચાર ચલાવે છે. આ નય કહે છે કે બધા પદાર્થોને એકઠા કરવાથી પદાર્થોનું વ્યક્તિત્વ શું છે ? એ સમજાતું નથી. જગત્ સત્ છે. એ કહેવા માત્રથી જગત્ એ શું છે ? તેનો ખ્યાલ આવી શકે નહિં, એટલે સત્-દ્રવ્યના બે ભેદ છે. એક જીવ સ્વરૂપ અને બીજું અજીવ સ્વરૂપ. જીવના પણ બે ભેદ છે, એક સંસારી અને બીજા સિદ્ધ. સંસારી જીવના બે ભેદ છે, એક ત્રસ અને બીજા સ્થાવર. આમ દરેકના ભેદો કરી કરીને વ્યવહાર નય પદાર્થોને છૂટા કરીને સમજાવે છે.

સંગ્રહના જેમ બે પ્રકાર છે. તેમ વ્યવહાર નયના પણ બે પ્રકાર છે. સામાન્ય-સંગ્રહને છૂટો પાડનાર વ્યવહાર નય એ સામાન્ય-સંગ્રહ-ભેદકવ્યવહાર કહેવાય અને વિશેષસંગ્રહને

છૂટો પાડનાર વ્યવહાર નય એ વિશેષ-સંગ્રહ-ભેદક વ્યવહાર કહેવાય. સંગ્રહ નય પ્રમાણે વ્યવહારનય પણ સામાન્ય-સંગ્રહ-ભેદક એક પ્રકારે છે અને વિશેષ-સંગ્રહ-ભેદક અનેક પ્રકારે છે.

સંગ્રહ અને વ્યવહાર એ બન્નેનું કાર્યક્ષેત્ર લગભગ સરખું છે. વિવક્ષા ઉપર તે તે નયની માન્યતાઓનો મુખ્ય આધાર છે.

બે પરમાણુ એકઠા મળીને એક દ્વયણુક થાય છે. તે દ્વયણુકે બે પરમાણુને સંગ્રહ્યા છે, તેમાંથી દરેક પરમાણુની છૂટી વિચારણા કરીને સમજાવવા એ વ્યવહાર નયનું કાર્ય છે, જ્યારે બન્ને છૂટા પરમાણુઓને ભેળા કરીને દ્વયણુકમાં સમાવી લેવા એ સંગ્રહ નયનું કાર્ય છે. બે-ચાર દ્વયણુકો એકઠા થઈને બનેલા સ્કન્ધમાં જુદા-જુદા જે દ્વયણુકો છે તેને ઓળખાવવા એ વ્યવહાર નયનું કાર્ય છે, અને એ દ્વયણુકોને એક સ્કન્ધ તરીકે ઓળખાવવા એ સંગ્રહ નયનું કાર્ય છે. આમ સર્વ અપેક્ષાઓ ઉત્તરોત્તર એક-બીજા નયના કાર્યક્ષેત્રમાં આવે છે. સામાન્ય-વિશેષમાં પણ વચલા સર્વ સામાન્ય વિશેષો અપેક્ષાધીન હોય છે.

વર્તતો ઋજુસૂત્ર ભાસઈ, અર્થ નિજ અનુકૂલ રે;
ષ્યણિક પર્યય કહઇ સૂષિમ, મનુષ્યાદિક થૂલ રે. ૧૩ બહુ૦

૪ ઋજુસૂત્ર નય—ભૂતકાળ કે ભવિષ્યકાળનો વિચાર કર્યા વગર વર્તમાનકાળમાં વર્તતા પદાર્થનો વિચાર કરતો નય ઋજુસૂત્ર નય છે. વર્તમાનકાળના પદાર્થોનો વિચાર કરતો આ નય પોતાને અનુરૂપ જે વિચાર હોય તે કરે છે, પણ પારકો વિચાર કરતો નથી.

ભૂતકાળમાં કોઇ રાજા હોય કે ભવિષ્યમાં રાજા થવાનો હોય તો તેને આ નય રાજા કહેતો નથી. વર્તમાનમાં રાજા હોય તેને રાજા કહે છે. આ નયના બે ભેદ છે. એક સૂક્ષ્મ ઋજુસૂત્ર અને બીજો સ્થૂલ ઋજુસૂત્ર. સૂક્ષ્મ ઋજુસૂત્ર દરેક પર્યાયને ક્ષણિક માને છે, ક્ષણે-ક્ષણે દરેક પર્યાય ફરે છે. સમય ફરે એટલે પર્યાય ફરે એ સૂક્ષ્મ દૃષ્ટિએ વિચાર કરવાથી સ્પષ્ટ જણાય છે.

સ્થૂલ ઋજુસૂત્ર-લાંબા કાળ સુધી રહેતા પર્યાયને પણ માન્ય રાખે છે. મનુષ્ય-દેવ વગેરે પર્યાયો છે, ને તે આ ઋજુસૂત્રને માન્ય છે.

વ્યવહાર નય ભૂત અને ભાવિના પર્યાયોને વર્તમાનમાં માન્ય રાખે છે. ગતભવમાં મનુષ્ય હોય તેને પણ કેટલાક પ્રસંગે વર્તમાનમાં માનવ તરીકે વ્યવહાર નય માન્ય રાખીને સંબોધે છે. ચોથી નારકીમાં યુદ્ધ કરતાં રાવણ અને લક્ષ્મણને ઋજુસૂત્ર નય બે નારકો યુદ્ધ કરે છે, એટલું કહે પણ રાવણ અને લક્ષ્મણ યુદ્ધ કરે છે એમ ન કહે. જ્યારે વ્યવહાર નય એ માન્ય રાખે છે, સ્થૂલ ઋજુસૂત્રમાં અને વ્યવહાર નયમાં આ મુખ્ય તફાવત છે. એટલે એ બન્નેમાંથી કોઈ માનવાથી બીજો નકામો થતો નથી, કે એક-બીજાની માન્યતા સેળભેળ થઇ જતી નથી.

શબ્દ પ્રકૃતિ-પ્રત્યયાદિક, સિદ્ધ માનઈ શબ્દ રે;
સમભિરૂઢ વિભિન્ન અર્થક, કહઈ ભિન્ન જ શબ્દ રે. ૧૪ બહુ૦

ક્રિયા પરિણત અર્થ માનઈ, સર્વ એવંભૂત રે;
નવઈ નયના ભેદ ઇણિપરિ, અઠાવીસ પ્રભૂત રે. ૧૫ બહુ૦
નવઈ નય ઇમ કહિયા ઉપનય, તીન કહિઈ સાર રે;
સાચલો શ્રુત અરથ પરખી, લહો જસ વિસ્તાર રે. ૧૬ બહુ૦

૫ શબ્દનય—આ નય વ્યાકરણ-વ્યુત્પત્તિસિદ્ધ જે શબ્દો છે, તે સર્વ શબ્દોને સ્વીકારે છે, પ્રકૃતિ-પ્રત્યયાદિથી જે શબ્દો જે જે અર્થમાં રૂઢ થયા હોય તે સર્વને માન્ય રાખવા એ શબ્દનયનું કાર્યક્ષેત્ર છે. પણ લિંગભેદ હોય કે વચનભેદ હોય તો ત્યાં સમાન અર્થ છે, એમ આ નય ન માને. લિંગભેદ અને વચનભેદે અર્થભેદ માને. **तटः, तटी, तटम्**—એ ત્રણે શબ્દો સમાન છે, છતાં શબ્દનય એ ત્રણેના અર્થ જુદા જુદા છે એમ કહે છે. **आपः, जलम्**, એ બન્ને સમાનાર્થિક શબ્દ છે, છતાં શબ્દનય કહે છે. બન્નેના અર્થમાં ફેર છે, જો સરખા-જરીપણ ફેર ન હોય એવા અર્થ ન હોય તો લિંગભેદ અને વચનભેદ થવાનું પ્રયોજન શું? જે કારણે લિંગભેદ અને વચનભેદ થયેલ છે, એ જ કારણે તેમાં અર્થભેદ છે એ નિશ્ચિત છે.

પર્યાયાર્થિક **ઋજુસૂત્ર** નયને શબ્દ નય કહે છે કે, તું જ્યારે કાળભેદે વસ્તુભેદ સ્વીકારે છે, તો વચનભેદે અને લિંગભેદે પણ વસ્તુભેદ સ્વીકારવો જોઈએ.

ઋજુસૂત્ર નયથી આગળ શબ્દ નય-સમભિરૂઢ નય અને એવંભૂત નય આમ શબ્દની અર્થ વિષયક વિચારણામાં ઉત્તરોત્તર સૂક્ષ્મ થતા જાય છે.

૬ **સમભિરૂઢ નય**—આ નય શબ્દભેદે પણ અર્થભેદ માને છે. ઘટ શબ્દનો અર્થ અને કુંભ શબ્દનો અર્થ જુદો છે. લોકમાં જે એક અર્થ છે, તે તો શબ્દ નયની વાસનાને લીધે છે. ખરેખર એમ નથી. શબ્દ નયને આ નય કહે છે કે, જો લિંગભેદે અને વચનભેદે અર્થ ફરે છે. તો શબ્દભેદે અર્થ કેમ ન ફરે?

૭ **એવંભૂત નય**—આ નય તે તે શબ્દોના અર્થોની પ્રવૃત્તિ થતી હોય તો જ ત્યાં તે શબ્દનો ઉપયોગ કરવો વ્યાજબી છે, નહિં તો તે શબ્દનો ઉપયોગ મિથ્યા છે એમ કહે છે.

છત્ર-ચામરાદિ વિભૂતિથી રાજતો હોય-દીપતો હોય, ત્યારે તે 'રાજા' કહેવાય પણ ખાતો હોય કે સ્નાન કરતો હોય તેને 'રાજા' કહેવો એ આ નયને માન્ય નથી. શબ્દનો અર્થ ન ઘટતો હોય ત્યારે પણ જો શબ્દનો ઉપયોગ કરવામાં આવે તો ગમે તેને માટે ગમે તે શબ્દનો ઉપયોગ કેમ ન કરવો? એમ આ નય બીજા નયોને કહે છે.

આ પ્રમાણે દિગમ્બરો જે નવ નય માને છે તેનું સ્વરૂપ કહ્યું. સર્વ મળીને તે નવ નયના પેટા ભેદો ૨૮ થાય છે. તે આ પ્રમાણે—

મૂળનય.	ભેદો.	મૂળનય.	ભેદો.
૧ દ્રવ્યાર્થિકનય	૧૦	૬ ઋજુસૂત્ર નય.	૨
૨ પર્યાયાર્થિક નય	૬	૭ શબ્દ નય	૧
૩ નૈગમ નય	૩	૮ સમભિરૂઢ નય	૧
૪ સંગ્રહ નય	૨	૯ એવંભૂત નય	૧
૫ વ્યવહાર નય	૨	સર્વ મળી	૨૮

આ નવ નયો સિવાય દિગમ્બરો ત્રણ ઉપનય માને છે. તેનું સ્વરૂપ આગળ કહેવામાં આવશે. આ સર્વમાં જેટલું સત્ય હોય, તેટલું માન્ય રાખવું. સત્યનો સ્વીકાર કરવાથી સાચા શ્રુતજ્ઞાનની વૃદ્ધિ થાય છે અને 'બહુશ્રુત' એવો યશ પણ પ્રસરે છે.

ઢાળ ૬ ઠી ટબાર્થ.

(૧) હવે આગલિ ઢાળ છ ભેદ જે પર્યાયાર્થિકનાં તે દેખાડે છે. પર્યાયાર્થ નય છ ભેદ જાણવો. તિહાં પહેલાં અનાદિ નિત્ય શુદ્ધ પર્યાયાર્થિક કહિએ. જિમ પુદ્ગલનો પર્યાય મેરુપ્રમુખ પ્રવાહથી અનાદિ ને નિત્ય છે. અસંખ્યાતકાળે અન્યાન્ય પુદ્ગલસંક્રમે પણ સંસ્થાન તેહજ છે. એમ રત્નપ્રભાદિક પૃથ્વીપર્યાયપણિ જાણવા.

(૨) ઘણે પ્રકારે જૈન શૈલી ફેલી છે, દિગમ્બર મત પણ જૈનદર્શન નામ ધરાવી એહવી નયની અનેક શૈલી પ્રવર્તાવે છે. તેહ માંહે વિચારતાં જે સાચું હોય તે મન માંહે ધારિએ. તિહાં જે કાંઇ ખોટું જાણે તે ચિત્ત માંહે ન ધરે, પણ શબ્દફેર માત્રે દ્વેષ ન કરવો. અર્થ જ પ્રમાણ છે.

(૩) સાદિ નિત્ય શુદ્ધ પર્યાયાર્થ નય બીજો ભેદ. ૨. જેમ સિદ્ધનો પર્યાય તેહની આદિ છે. કર્મક્ષય સર્વ થયો તે વારે સિદ્ધપર્યાય ઊપનાં તે વતી, પણ તેહનો અંત નથી જે માટે સિદ્ધભાવ સદાકાલ છે. એ રાજપર્યાય સરખા સિદ્ધ-દ્રવ્ય-પર્યાય ભાવવો. સત્તાગૌણત્વે ઉત્પાદ-વ્યય ગ્રાહક અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિક કહિએ.

(૪) જિમ એક સમય મધ્યે પર્યાય વિનાશી છે, એમ કહીએ. ઇહાં નાશ કહેતાં ઉત્પાદ આવ્યો, પણ ધ્રુવતા તે ગૌણ કરી દેખાડીએ નહિં, છતિં-કહેતાં-સત્તા તે ગ્રહતો નિત્ય-અશુદ્ધ-પર્યાયાર્થિક કહિએ, જેમ એક સમય મધ્યે પર્યાય ત્રિતયરૂપે-ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય લક્ષણે રુદ્ધે છે, એહવું બોલિએ પર્યાયનું શુદ્ધ રૂપ તે જે સત્તા ન દેખાડવી. ઇહાં સત્તા દેખાવી. તે માટે અશુદ્ધ ભેદ થયો.

(૫) કર્મોપાધિ રહિત નિત્ય શુદ્ધ પર્યાયાર્થિક પાંચમો ભેદ. જેમ ભવજંતુના-સંસારી જીવના પર્યાય સિદ્ધ જીવના સરખા કહિએ, કર્મોપાધિ ભાવ છતાં છે, તેહની વિવક્ષા ન કરી, જ્ઞાન, દર્શન, ચારિત્ર, શુદ્ધ પર્યાયની જ વિવક્ષા કરી.

(૬) કર્મોપાધિ સાપેક્ષ અનિત્ય-અશુદ્ધ-પર્યાયાર્થિક એ છઠ્ઠો ભેદ. જેમ સંસારવાસી જીવને જનમ-મરણ વ્યાધિ છે, એમ કહિએ. ઇહાં જન્માદિક પર્યાય જીવના કર્મસંયોગ જનિત અશુદ્ધ છે તે કહિઆ, તે જન્માદિક પર્યાય છે, તો તેહના નાશને અર્થે મોક્ષાર્થે જીવ પ્રવર્તે છે.

(૭) બહુમાન-કહેતાં ઘણાં પ્રમાણ, સામાન્ય-વિશેષ જ્ઞાનરૂપ તેહનો ગ્રાહી નૈગમ નય કહિએ. **'નૈકૈર્માનૈર્મિનોતિ' इति नैकगमः ककारलोपात् नैगमः, इति व्युत्पत्तिः'** નૈગમનયના ત્રણ (૩) ભેદ છે. પ્રથમ નૈગમ ભૂતાર્થે વર્તમાનનો આરોપ કરવાને લીન-કહેતાં તત્પર છે.

(૮) તે પ્રથમ ભેદનું ઉદાહરણ દેખાડે છે. જિમ કહિએ. આજ દીવાલી દિનને વિષે શ્રી મહાવીર શિવપુરનું રાજ્ય પામ્યા, ઇહાં અતીત દીવાલી દિનને વિષે વર્તમાન દીવાલી દિનનો આરોપ કરિએ છે. વર્તમાન દિનને વિષયે ભૂતદિનનો આરોપ કરિએ. દેવાગમનાદિ મહાકલ્યાણ ભાજનત્વ-પ્રતીતિ પ્રયોજનને અર્થે જેમ **'गङ्गायां घोषः'** ઇહાં ગંગાતટને વિષયે ગંગાનો આરોપ કીજે છે, શૈત્યપાવનત્વાદિપ્રત્યાયન પ્રયોજન ભણી, તોઈ ઘટમાન છે. જો વીરસિદ્ધિ-ગમનનો અન્વય ભક્તિ ભણી પ્રાતીતિક માનિએ. એ અલંકારના જાણ પંડિત હોય તે વિચારજો.

(૯) **'भाविनि भूतवदुपचारः'** એ બીજો નૈગમ. જેમ જિનને સિદ્ધ કહિએ, કેવલીને સિદ્ધપણું અવશ્ય ભાવી છે, તે માટે કાંઇ સિદ્ધ અને કાંઇ અસિદ્ધને વર્તમાન કહે. તે વર્તમાન નૈગમ ભાષિએ.

(૧૦) જેમ કહિએ-'ભક્ત રાંધિએ છે.' ઇહાં ભક્તના કેટલાએક અવયવ સિદ્ધ થયા છે, અને કેટલાએક સાધ્યમાન પણ છે. પણ પૂર્વાપરી ભૂતાવયવ ક્રિયા સંતાન એક બુદ્ધિ આરોપાને તેહને વર્તમાન કહિએ છે એ આરોપ સામગ્રી મહિમાંએ કોઇ અવયવની ભૂત ક્રિયા લેઇ **'पचति'** એ ઠામે **'अपाक्षीत्'** એ પ્રયોગ નથી કરતા.

જે નૈયાયિકાદિક એમ કહે છે જે 'ચરમ ક્રિયા ધ્વંસ અતીત પ્રત્યય વિષય' તેહને **'किञ्चित् पक्वम्, किञ्चित पक्ष्यते'** એ પ્રયોગ ન થયો જોઇએ. તે માટે એ વર્તમાનારોપનૈગમ ભેદજ ભલો જાણવો.

(૧૧) જે સંગ્રહે તે સંગ્રહનય કહિએ. તેહના (૨) બે ભેદ ઓઘ-વિશેષથી ઓઘ-કહિએ-સામાન્ય, એ તલે એક સામાન્ય સંગ્રહ, એક વિશેષ સંગ્રહ એવં બે (૨) ભેદ જાણવા. **'द्रव्याणि सर्वाणि अविरोधीनि'** એ પ્રથમ ભેદનું ઉદાહરણ તથા **'जीवा सर्वेऽविरोधिनः'** એ દ્વિતીય ભેદનું ઉદાહરણ.

(૧૨) સંગ્રહનયનો જે વિષય તેહના ભેદનો દેખાડણહાર તે વ્યવહારનય કહિએ તે તિમજ સંગ્રહનયની પરે દ્વિવિધ કહિએ. એક સામાન્ય સંગ્રહ ભેદક વ્યવહાર ૧. એક વિશેષ સંગ્રહ ભેદક વ્યવહાર ૨ એવં બે (૨) ભેદ જાણવા. **'द्रव्यं जीवाजीवौ'** એ સામાન્ય સંગ્રહ ભેદક વ્યવહાર **'जीवाः संसारिणः सिद्धाश्च'** એ વિશેષ સંગ્રહ ભેદક વ્યવહાર એમ ઉત્તરોત્તર વિવક્ષાએ સામાન્ય વિશેષપણું ભાવવું.

(૧૩) ઋજુસૂત્ર નય વર્તતો અર્થ ભાષે પણ અતીત અનાગત અર્થ ન માને. વર્તમાન પણ નિજ અનુકૂલ આપણા કામનો અર્થ માને પણ પરકીય ન માને તે ઋજુસૂત્ર નય દ્વિભેદ કહેવો. એક સૂક્ષ્મ, બીજો સ્થૂલ. સૂક્ષ્મ તે ક્ષણિક પર્યાય માને. સ્થૂલ તે મનુષ્યાદિ પર્યાય માને, પણ કાલત્રયવર્તી પર્યાય ન માને, વ્યવહારનય તે ત્રિકાલ પર્યાય માને તે માટે સ્થૂલ ઋજુસૂત્ર, વ્યવહાર નયને સંકર ન જાણવો.

(૧૪) શબ્દનય-તે પ્રકૃતિ પ્રત્યયાદિક વ્યાકરણ વ્યુત્પત્તિ સિદ્ધ શબ્દ માને, પણ લિંગ, વચનાદિ ભેદે અર્થનો ભેદ માને, જેમ **तटः, तटी, तटम्**, એ ત્રણ (૩) લિંગ ભેદે અર્થભેદ તથા **आपः, जलम्**, ઇહાં એકવચન, બહુવચન ભેદે અર્થભેદ. ઋજુસૂત્ર નયને એ એમ કહે. 'કાલભેદે અર્થભેદ માને છે, તો લિંગાદિભેદે ભેદ કાં ન માને!' સમભિરૂઢ નય એમ કહે જે 'ભિન્ન શબ્દ ભિન્નાર્થક જ હોય.' શબ્દનયને એ એમ કહે જે 'જો તું લિંગાદિ ભેદે અર્થભેદ માને છે તો શબ્દભેદે અર્થભેદ કાં ન માને?' તે માટે ઘટ શબ્દાર્થ ભિન્ન કુંભશબ્દાર્થ ભિન્ન એમ એ માને એકાર્થપણું પ્રસિદ્ધ છે, તે [૧]શબ્દાદિનયની વાસના થકી.

(૧૫) એવંભૂતનય સર્વ અર્થ ક્રિયા પરિણત-ક્રિયા વેલાએ માને, અન્યદા ન માને, જેમ રાજે-છત્ર, ચામરાદિકે શોભે તે રાજા. તે પર્ષદા માંહિ બેઠાં ચામર ઢળાએ તે વારે સ્નાનાદિક વેલાએ તે અર્થ વિના રાજા ન કહીએ.

એમ નવે નયનાં [૨]અઠ્ઠાવીસ ભેદ પ્રભૂત કહેતાં ઘણાં થયાં.

(૧૬) એમ નવે નય કહિયા. હવે ત્રણ (૩) ઉપનય દિગંબર પ્રક્રિયાએ કહિએ છે. એહ માંહી સાચો શ્રુતનો અર્થ પરખી કરીને બહુશ્રુતપણાનો યશ વિસ્તાર પામો. '[૩]नयानां समीपे उपनयाः'॥

ઢાળ છઠ્ઠી સમાપ્ત.

---

૧ શબ્દનયની (પા૦). ૨ દ્રવ્યાર્થિક ૧૦, પર્યાયાર્થિક ૬, નૈગમ ૩, સંગ્રહ ૨, વ્યવહાર ૨, ઋજુસૂત્ર ૨, શબ્દ ૧, સમભિરૂઢ ૧, એવંભૂત ૧, (ગ્રં. ટિપ્પણી). ૧, દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક, નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ, એવંભૂત. ૩ **नयस्य समीपे उपनयाः** (પા૦)

ઢાળ ૭ મી.

(રાગ–ગોડી, ચક્ર ઉપન્યું સાર રે–એ દેશી)

[ત્રણ ઉપનયો]

સદ્‌ભૂત વ્યવહાર, ભેદ પ્રથમ તિહાં; ધર્મ–ધર્મિના ભેદથી એ. ૧
શુદ્ધ અશુદ્ધ દ્વિભેદ, શુદ્ધ અશુદ્ધના; તેહ અરથના ભેદથી એ. ૨
જિમ જગિ કેવલગ્યાન, આતમ દ્રવ્યનૂં; લઇ નાણાદિક તેહનૂં એ. ૩
ગુણ પર્યાય સ્વભાવ, કારક તન્મયનો; ભેદ અરથ છઈ એહનો એ. ૪

દ્વિગમ્બરો નવ નયો માને છે, તેનું સ્વરૂપ પ્રથમ આવી ગયું. નયની નજીક રહે તે **ઉપનય** કહેવાય. **नयानां समीपे उपनयाः** એવું વચન છે. તે ઉપનયો ત્રણ છે. ૧ સદ્‌ભૂત વ્યવહાર ઉપનય, ૨ અસદ્‌ભૂત વ્યવહાર ઉપનય અને ૩ ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર ઉપનય.

આ ત્રણે ઉપનયો વ્યવહારને આશ્રયીને છે. વ્યવહાર એ વસ્તુનો ભેદક છે. આ સર્વમાં ભેદપ્રધાન ભાગ ભજવે છે. માટે આ સર્વ ભેદો વ્યવહારના છે.

૧ પ્રથમ ઉપનય–સદ્‌ભૂત વ્યવહાર.

ધર્મ અને ધર્મિનો ભેદ દેખાડનાર આ સદ્‌ભૂત વ્યવહાર ઉપનય છે. તેના બે ભેદ છે. ૧ શુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર અને ૨ અશુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર. ધર્મિમાં શુદ્ધ ધર્મનો ભેદ જણાવનાર શુદ્ધ છે, અને ધર્મિમાં અશુદ્ધ ધર્મોનો ભેદ જણાવનાર અશુદ્ધ છે.

આ ઉપનય સદ્‌ભૂત એટલા માટે કહેવાય છે કે, તેમાં જે દ્રવ્યોનો વિચાર કરવામાં આવે છે, તે દ્રવ્ય સ્વતંત્ર એક છે, પણ કોઇ બીજા દ્રવ્યના સંબંધથી જન્મેલું નથી. એક–બીજા દ્રવ્યના મિશ્રણથી થતાં દ્રવ્યો સદ્‌ભૂત નથી, વાસ્તવિક નથી પણ ખરેખર એ કાલ્પનિક છે. અહિં એ પ્રમાણે નથી માટે આ નય સદ્‌ભૂત છે.

શુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર કહે કે કેવલજ્ઞાન એ આત્માનો ગુણ છે. રૂપ એ પુદ્‌ગલનો ગુણ છે. આત્મદ્રવ્ય સદ્‌ભૂત છે, તેનો કેવલજ્ઞાન ગુણ શુદ્ધ છે, છઠ્ઠી વિભક્તિનો પ્રયોગ કરીને વ્યવહાર તેમાં ભેદ સ્થાપના કરે છે. એ જ પ્રમાણે પુદ્‌ગલ દ્રવ્ય સદ્‌ભૂત છે, તેનો રૂપ ગુણ શુદ્ધ છે અને છઠ્ઠી વિભક્તિ કરીને વ્યવહાર તેમાં ભેદ સ્થાપન કરે છે. અશુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર કહે છે કે, આત્માનો મતિજ્ઞાન એ ગુણ છે, પુદ્‌ગલનો પીળું રૂપ એ

ગુણ છે, અહિં આત્મદ્રવ્ય અને પુદ્ગલ દ્રવ્ય સદ્ભૂત છે અને છઠ્ઠી વિભક્તિ ભેદ સમજાવે છે એ તો પૂર્વની જેમ બરાબર છે પણ મતિજ્ઞાન કે પીળું રૂપ એ શુદ્ધ નથી. તે તે દ્રવ્યોના મૂળભૂત ગુણો શુદ્ધ ગણાય છે અને મૂળભૂત ગુણના ભેદ તરીકે ગુણો તે શુદ્ધ ગણાતા નથી પણ અશુદ્ધ ગણાય છે. એટલે મતિજ્ઞાનાદિ ગુણો કે પીતરૂપાદિ ગુણો શુદ્ધ ગુણો નથી. પણ અશુદ્ધ ગુણો છે, એ અશુદ્ધ ગુણોને સમજાવતો આ ભેદ અશુદ્ધ સદ્ભૂત વ્યવહાર છે.

શં૦ વ્યવહાર નય અને આ ઉપનયમાં શું વિશેષતા છે ?

સ૦ વ્યવહાર નય તે તે પદાર્થોને છૂટા કરીને સમજાવે છે. જ્યારે આ ઉપનય ગુણ અને ગુણી, પર્યાય અને પર્યાયવંત, સ્વભાવ અને સ્વભાવવંત, કારક અને કારકી વગેરે જે એક દ્રવ્યમાં રહેલા છે. તેનો ભેદ કરીને બતાવે છે. ઘટનું રૂપ, ઘટની લાલાશ, ઘટનો સ્વભાવ, માટીનો બનાવેલો ઘડો, વગેરે પ્રયોગો આ ઉપનયને આશ્રયીને છે. ઘટનું રૂપ એ ગુણ-ગુણીનો ભેદ છે. ઘટની લાલાશ એ પર્યાય પર્યાયવંતનો ભેદ છે. ઘટનો સ્વભાવ એ સ્વભાવ-સ્વભાવવંતનો ભેદ છે અને માટીનો બનાવેલો ઘડો એ કારક અને તન્મય અર્થાત કારકીનો ભેદ છે.

અસદ્ભૂત વ્યવહાર, પદ-પરિણતિભલ્યઇ; દ્રવ્યાદિક ઉપચારથી એ. ૫
દ્રવ્યઇં દ્રવ્ય ઉપચાર, પુદ્ગલ જીવનઇં; જિમ કહિઇં જિન આગમઇ રે. ૬
કાલી લેશ્યાભાવ, શ્યામ ગુણઇં ભલી; ગુણ ઉપચાર ગુણઇં કહો એ. ૭
પર્યાયઇ પર્યાય, ઉપચરિઇં વલી; હય ગય ખંધ યથા કહિયા રે ૮
દ્રવ્યઇં ગુણ ઉપચાર, વલી પર્યાયનો; ગૌર દેહ હૂં બોલતા એ. ૯
ગુણઇં દ્રવ્ય ઉપચાર, પર્યાય દ્રવ્યનો; ગૌર દેહ જિમ આતમા એ. ૧૦
ગુણિપજ્જવ ઉપચાર, ગુણનો પજ્જવઇં; જિમ મતિ તનુ તનુ મતિ ગુણો એ. ૧૧
અસદ્ભૂત વ્યવહાર, ઇમ ઉપચારથી; એહ ત્રિવિધ હિવઇં સાંભલો એ. ૧૨
અસદ્ભૂત નિજ જાતિ, જિમ પરમાણુઓ; બહુપ્રદેશી ભાષિઇં એ. ૧૩
તેહ વિજાતિ જાણો, જિમ મૂરત મતી; મૂરત દ્રવ્યઇં ઊપનીએ. ૧૪
અસદ્ભૂત દોઉ ભાંતિ, જીવ અજીવનઇં; વિષયગ્યાન જિમ ભાસિઇં રે. ૧૫

૨-જો ઉપનય-અસદ્ભૂત વ્યવહાર.

અસદ્ભૂત વ્યવહાર ઉપનયના નવ ભેદ છે. તે આ પ્રમાણે—

૧ દ્રવ્યમાં દ્રવ્યનો ઉપચાર.
૨ ગુણમાં ગુણનો ઉપચાર.
૩ પર્યાયમાં પર્યાયનો ઉપચાર.
૪ દ્રવ્યમાં ગુણનો ઉપચાર.
૫ દ્રવ્યમાં પર્યાયનો ઉપચાર.
૬ ગુણમાં દ્રવ્યનો ઉપચાર.
૭ પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર.
૮ ગુણમાં પર્યાયનો ઉપચાર.
૯ પર્યાયમાં ગુણનો ઉપચાર.

દ્રવ્ય–ગુણ અને પર્યાયમાં અન્ય દ્રવ્યાદિની પરિણતિ ભળે છે એટલે ઉપરના સર્વભેદો ઔપચારિક ગણાય છે અને ઉપચારથી થતાં હોવાથી અસદ્‌ભૂત વ્યવહારમાં આવે છે.

(૧) દ્રવ્યમાં દ્રવ્યનો ઉપચાર.

જેમ જીવ દ્રવ્યમાં પુદ્‌ગલ દ્રવ્યનો ઉપચાર કરીને જીવને પુદ્‌ગલ કહીએ. આગમમાં એ પ્રમાણેના ઉલ્લેખ મળે છે. કર્મથી ભારે થયેલો જીવ પુદ્‌ગલરૂપ ઓળખાવવામાં આવે છે. ક્ષીર–નીર ન્યાયે જીવ અને પુદ્‌ગલ એકરૂપ મળી ગયા હોય છે અને તેથી એવો ઉપચાર થાય છે.

એ જ પ્રમાણે કોઈ પુદ્‌ગલ એવી પ્રવૃત્તિ કરતું હોય કે જાણે સાક્ષાત્ ચેતનની પ્રવૃત્તિ ન હોય એવું લાગે ત્યારે કોઈ એમ કહે કે આ તો જીવ છે. ત્યાં પુદ્‌ગલ દ્રવ્યમાં જીવ દ્રવ્યનો ઉપચાર થાય છે.

૨ ગુણમાં ગુણનો ઉપચાર.

આત્માની સારી નરસી પરિણતિઓને લેશ્યા કહેવામાં આવે છે. એ પરિણતિઓ ભાવ લેશ્યા છે અને અરૂપી છે છતાં તેના નામો કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા; કાપોતલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુકલલેશ્યા એ પ્રમાણે છે. કૃષ્ણ–નીલ વગેરે વર્ણના પ્રકારો છે. વર્ણ એ પુદ્‌ગલનો ગુણ છે અને લેશ્યા એ આત્માનો ગુણ છે. લેશ્યારૂપી આત્મગુણમાં કૃષ્ણાદિ પુદ્‌ગલ ગુણનો ઉપચાર કરવામાં આવ્યો છે અને તેથી ઉપર પ્રમાણે વ્યવહાર થાય છે.

૩ પર્યાયમાં પર્યાયનો ઉપચાર

હાથી–ઘોડા વગેરે આત્મદ્રવ્યના અસમાન જાતીય પર્યાયો છે. તે પર્યાયોને પુદ્‌ગલ સ્કન્ધરૂપે ઓળખાવવા એ આત્મ–દ્રવ્ય પર્યાયમાં પુદ્‌ગલ દ્રવ્ય પર્યાયનો ઉપચાર છે.

૪ દ્રવ્યમાં ગુણનો ઉપચાર.

હું ઊજળો છું. હું કાળો છું વગેરે જે કહેવામાં આવે છે. તેમાં હું એ આત્માને માટે છે. આત્મા અરૂપી છે. આત્મા કાંઈ કાળો–ધોળો હોતો નથી. કાળા–ધોળા તો પુદ્‌ગલો હોય છે. છતાં આત્માને માટે જે કહેવાય છે તે ઉપચારથી છે. એટલે આત્મદ્રવ્યમાં પુદ્‌ગલ ગુણનો ઉપચાર થયો છે.

૫ દ્રવ્યમાં પર્યાયનો ઉપચાર.

હું શરીર છું, એમ જે કહેવાય છે તે પણ ઉપચારથી છે. શરીર એ પુદ્‌ગલ પર્યાય છે. હું તેથી જુદો આત્મા છું. છતાં તે આત્મદ્રવ્યમાં પુદ્‌ગલપર્યાય શરીરનો ઉપચાર કરીને હું શરીર છું, એમ કહેવાય છે.

૬ ગુણમાં દ્રવ્યનો ઉપચાર.

ઊજળો આ ઊજમશી છે, કાળો આ કાળીદાસ છે. વગેરે જે કહેવામાં આવે છે તેમાં ઊજળો અને કાળો એ વર્ણો પુદ્‌ગલના ગુણો છે, તેને ઉદ્દેશીને ઊજમશી અને કાળીદાસ એ આત્મદ્રવ્યના જણાવનારા શબ્દો છે–તેનું વિધાન કરવામાં આવ્યું છે. એટલે પુદ્‌ગલ ગુણમાં

આત્મદ્રવ્યનો ઉપચાર થયો છે. ઊજમશી ઊજળો છે, અને કાળીદાસ કાળો છે એમ કહીએ તો આત્મદ્રવ્યમાં પુદ્ગલના ઉપચારરૂપ દ્રવ્યમાં ગુણનો ઉપચાર એ ચોથો પ્રકાર આવી જાય અહિં એમ નથી. અહિં તો ગુણમાં દ્રવ્યનો ઉપચાર છે.

૭ પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર.

શરીર એ આત્મા છે એવું જે કહેવામાં આવે છે ત્યાં શરીર એ પુદ્ગલ પર્યાય છે તેમાં આત્મદ્રવ્યનો ઉપચાર છે.

૮ ગુણમાં પર્યાયનો ઉપચાર.

મતિજ્ઞાન શરીરથી થાય છે એટલે એમ કહેવામાં આવે કે મતિજ્ઞાન એ શરીર છે, અહિં મતિજ્ઞાન એ આત્માનો ગુણ છે પણ શરીર નથી. શરીર તો પુદ્ગલનો પર્યાય છે, એટલે મતિજ્ઞાન ગુણમાં શરીરરૂપ પુદ્ગલ પર્યાયનો ઉપચાર કરાય છે, એ ગુણમાં પર્યાયનો ઉપચાર છે.

૯ પર્યાયમાં ગુણનો ઉપચાર.

જેનો મતિજ્ઞાનનો ક્ષયોપશમ ઘણો સુંદર હોય તેવા આત્માના શરીરને એમ કહેવામાં આવે કે, આ શરીર મતિજ્ઞાન છે ત્યાં શરીર એ પુદ્ગલનો પર્યાય છે, તેને વિષે મતિજ્ઞાન રૂપ આત્મ ગુણનો ઉપચાર કરવામાં આવ્યો છે. એ પર્યાયમાં ગુણનો ઉપચાર છે.

આ પ્રમાણે નવ ભેદો અસદ્ભૂત વ્યવહારના છે.

આ નવ ભેદો સહેલાઇથી યાદ રાખવા માટે નીચે પ્રમાણે પણ તેના ભેદો કરી શકાય.

૧ દ્રવ્યમાં દ્રવ્યનો ઉપચાર.
૨ દ્રવ્યમાં ગુણનો ઉપચાર.
૩ દ્રવ્યમાં પર્યાયનો ઉપચાર.
૪ ગુણમાં દ્રવ્યનો ઉપચાર.
૫ ગુણમાં ગુણનો ઉપચાર.
૬ ગુણમાં પર્યાયનો ઉપચાર.
૭ પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર.
૮ પર્યાયમાં ગુણનો ઉપચાર.
૯ પર્યાયમાં પર્યાયનો ઉપચાર.

આ ભેદો છે તો પૂર્વના ભેદો છે તે પ્રમાણે જ. ફક્ત ક્રમની ગોઠવણીમાં ફેરફાર છે તે ફેરફાર આ પ્રમાણે છે—

પૂર્વનો ક્રમ	નવીન ક્રમ
૧	૧
૨	૫
૩	૯
૪	૨
૫	૩
૬	૪
૭	૭
૮	૬
૯	૮

આ અસદ્‌ભૂત વ્યવહારના જે નવ ભેદો ગણાવ્યા તેના ત્રણ ભેદો પણ જુદી રીતે છે, તે આ પ્રમાણે—

૧. સ્વજાતિ અસદ્‌ભૂત વ્યવહાર.

૨. વિજાતિ અસદ્‌ભૂત વ્યવહાર.

૩. સ્વજાતિ-વિજાતિ અસદ્‌ભૂત વ્યવહાર.

(૧) પરમાણુ એ પરમાણુ છે, પણ જ્યારે તે સ્કન્ધમાં જોડાએલો હોય છે ત્યારે તે પ્રદેશ કહેવાય છે. ઘણા પ્રદેશો સાથે તે જોડાએલો હોવાથી તેને બહુપ્રદેશી પણ કહી શકાય. પણ જ્યારે સ્વતંત્ર પરમાણુને તેની બહુપ્રદેશી થવાની યોગ્યતા લક્ષમાં લઈને બહુપ્રદેશી કહીએ તો તે સ્વજાતિ અસદ્‌ભૂત વ્યવહાર ગણાય. અહિં પરમાણુ અપ્રદેશ છે, છતાં તેને તેની જાતિની અપેક્ષા આગળ કરીને બહુપ્રદેશી કહ્યો તે સ્વજાતિ અસદ્‌ભૂત વ્યવહાર થયો.

(૨) મતિજ્ઞાન મૂર્ત છે એમ કહેવું એ *વિજાતિ-અસદ્‌ભૂત વ્યવહાર છે.* કારણ કે મતિજ્ઞાન એ અરૂપી આત્માનો ગુણ છે અને મૂર્તત્વ એ રૂપી પુદ્‌ગલનો ગુણ છે, છતાં અહિં તેનો ઉપચાર કરવામાં આવ્યો છે. મતિજ્ઞાનને ઉત્પન્ન કરનારા સાધનો ઇન્દ્રિયો, વિષય, આલોક, ઇન્દ્રિયો અને વિષયના સમ્બન્ધો વગેરે સર્વ મૂર્ત છે, એટલે મતિજ્ઞાન મૂર્ત છે એવો ઉપચાર કરાય છે, પણ ખરેખર આ ઉપચાર વિજાતીય છે એટલે વિજાત્ય-સદ્‌ભૂત વ્યવહાર થયો છે.

(૩) જીવાજીવ એ વિષયજ્ઞાન છે એમ કહેવું એ સ્વજાતિ-વિજાતિ અસદ્‌ભૂત વ્યવહાર છે. જીવાજીવ વિષયક જ્ઞાન થાય છે, પણ વિષયતા સમ્બન્ધ એ વ્યવહારનો નિયામક નથી. છતાં અહિં તેનો વ્યવહાર કરેલો છે. જીવ એ જ્ઞાનની સ્વજાતિ છે અને અજીવ એ જ્ઞાનની વિજાતિ છે એટલે આને સ્વજાતિ-વિજાત્યસદ્‌ભૂત વ્યવહાર કહેવામાં આવે છે.

શંકા—જીવમાં જ્ઞાન રહે છે, જીવ એ જ્ઞાનની સજાતિ છે, છતાં ઉપરના વ્યવહારને તે જીવના અંશમાં અસદ્‌ભૂત કેમ કહેવામાં આવે છે ?

સમાધાન—અજીવ અંશમાં કે જીવ અંશમાં તેને અંશોને આશ્રયીને સદ્‌ભૂત-અસદ્‌ભૂત કહેવામાં નથી આવતું પણ વિષયતા સંબંધને આશ્રયીને કહેવામાં આવે છે. વિષયતા સંબંધ એ કાલ્પનિક છે.

ઉપચરિતાસદ્‌ભૂત, કરિઇં ઉપચારો; જેહ એક ઉપચારથી રે. ૧૬
તેહ સ્વજાતિ જાણો રે, હું પુત્રાદિક; પુત્રાદિક છઇં માહરા એ. ૧૭
વિજાતિથી તે જાણો રે, વસ્ત્રાદિક મુઝ; ગઢ દેશાદિક ઉભયથી એ. ૧૮
ઉપનય ભાખ્યા એમ, અધ્યાતમ નય; કરી પરીક્ષા જસ લહો એ. ૧૯

(૩) ત્રીજો ઉપનય–ઉપચરિતા સદ્‌ભૂતવ્યવહાર

એક ઉપચારથી બીજો ઉપચાર કરવામાં આવે તેને ઉપચરિતાસદ્‌ભૂત વ્યવહાર કહેવામાં આવે છે. આના ત્રણ ભેદ છે.

૧. સ્વજાતિ–ઉપચરિતાસદ્‌ભૂત વ્યવહાર.

૨. વિજાતિ–ઉપચરિતાસદ્‌ભૂત વ્યવહાર.

૩. સ્વજાતિ–વિજાતિ–ઉપચરિતાસદ્‌ભૂત વ્યવહાર

(૧) પુત્ર, મિત્ર વગેરે ઉપર અતિ પ્રેમને કારણે 'પુત્રાદિક હું છું' 'પુત્રાદિક માહરા છે' એવો વ્યવહાર થાય છે. અહિં એક પુત્રાદિક જે છે તે ઉપચારે છે, વાસ્તવિક નથી. તેમાં હું અને માહરા એવો ભેદાભેદ સંબંધ જણાવવો એ પણ ઉપચારે છે. પુત્રાદિક પણ આત્મા હોવાથી અને કહેનાર પણ આત્મા હોવાથી બંને પરસ્પર સજાતિ છે એટલે આ કથન **સજાત્યુપચરિતાસદ્‌ભૂત** વ્યવહારનું છે.

(૨) આ માહરા વસ્ત્ર છે. એમ જે કહેવાય છે. તેમાં વસ્ત્ર એ પુદ્‌ગલનો પર્યાય છે તેને વસ્ત્ર એવું નામ જે આપવામાં આવ્યું છે, તે કાલ્પનિક છે, ઉપચરિત છે. શરીરને ઢાંકતું હોય તે વસ્ત્ર કહેવાય એમ જો તેને વાસ્તવિક કહીએ તો વૃક્ષની છાલના વલ્કલ પણ શરીરને ઢાંકે છે, પણ તે વસ્ત્ર કહેવાતા નથી. એટલે વસ્ત્ર એવું નામ ઉપચરિત છે. તે પુદ્‌ગલપર્યાય હોવાથી આત્માને માટે વિજાતીય છે છતાં તેમાં 'માહરા' એવો સ્વસંબંધ જણાવ્યો છે એટલે ઉપરનું કથન **વિજાત્યુપચરિતાસદ્‌ભૂત** વ્યવહારનું છે.

(૩) આ ગઢ માહરો છે. આ નગર માહરૂં છે, આ દેશ માહરો છે, ઇત્યાદિ જે કહેવામાં આવે છે તેમાં ગઢ–નગર–દેશ વગેરે જીવ–અજીવ બન્નેથી બનેલા તેઓનાં નામ ઉપચરિત છે. તેમાં આત્માનો સંબંધ એ પણ ઉપચરિત છે. જીવ–અજીવ સ્વરૂપ હોવાથી કહેનાર આત્માને તે સજાતિ અને વિજાતિ એમ બન્ને છે. એટલે ઉપરનું કથન **સજાતિ-વિજાત્યુપચરિતાસદ્‌ભૂત** વ્યવહારનું છે.

આ પ્રમાણે ત્રણ ઉપનયોનું સ્વરૂપ દિગમ્બર પ્રક્રિયા પ્રમાણે છે.

આ સર્વ અસત્ય છે, એમ માનવાને પણ કંઇ કારણ નથી અને કહેલું બધું સાચું છે, એમ માની લેવાની પણ જરૂર નથી. એમાં સત્યાંશ કેટલો છે અને અસત્યાંશ કેટલો છે તેની પરીક્ષા કરવાની છે. પરીક્ષા કરવા માટે પ્રથમ તે જે રીતે છે તે રીતે દર્શાવવું જરૂરી છે. જ્યાંસુધી તે રીતે રજૂ ન કર્યું હોય ત્યાંસુધી પરીક્ષા કરવાની મજા ન આવે અને તેનું સ્વરૂપ જે રીતે છે તે રીતે બતાવ્યા પછી પરીક્ષા કરવાથી પરીક્ષક પણ સુયશને પ્રાપ્ત કરે છે.

દિગમ્બરો કેટલાક અધ્યાત્મ–નય માને છે. તે કઈ રીતે છે, તે હવે આગલી ઢાળમાં—

ઢાળ સાતમીનો ટબાર્થ.

(૧) (હવે સદ્‌ભૂત પ્રમુખ ભેદ વર્ણન દ્વારે કરીને વર્ણવે છે.) **તિહાં** સદ્‌ભૂત વ્યવહાર પ્રથમ ઉપનયનો ભેદ, તે ધર્મ અને ધર્મિ; તેહના ભેદ દેખાડવાથી હોઈ. ૧

(૨) તે વળી બે (૨) પ્રકારે હોય, ૧ શુદ્ધ, બીજો અશુદ્ધ ૨. શુદ્ધ ધર્મ ધર્મિના ભેદથી **શુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર** અશુદ્ધ ધર્મધર્મિનાભેદથી **અશુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર** સદ્‌ભૂત તે માટે જે એક દ્રવ્ય જ છે, ભિન્ન દ્રવ્ય સંયોગાપેક્ષા નથી. વ્યવહાર તે માટે જે ભેદ દેખાડે છે. ૨

(૩) જેમ જગમાંહે 'આત્મદ્રવ્યનું કેવલજ્ઞાન' એમ ષષ્ઠીએ પ્રયોગ કીજે તથા 'મતિજ્ઞાનાદિક આત્મદ્રવ્યના ગુણ' એમ બોલાવીએ. ૩

(૪) ગુણ-ગુણીનો, પર્યાય-પર્યાયવંતનો, સ્વભાવ-સ્વભાવવંતનો કારક અને તન્મય કહેતાં-કારકી તેહનો જે એક દ્રવ્યાનુગત ભેદ બોલાવીએ, તે સર્વ એ ઉપનયનો અર્થ જાણવો. **'घटस्य रूपम् घटस्य रक्तता, घटस्य स्वभाव. मृदा घटो निष्पादितः'** ઇત્યાદિ પ્રયોગ જાણવા. ૪

(૫) પરદ્રવ્યની પરિણતિ ભળ્યે જે દ્રવ્યાદિક નવવિધ ઉપચારથી કહીએ તે **અસદ્‌ભૂત વ્યવહાર** જાણવો. ૫.

(૬) તિહાં પહેલો દ્રવ્યે દ્રવ્યનો ઉપચાર, જેમ જિન આગમમાંહે જીવને પુદ્‌ગલ કહીએ. ક્ષીર-નીર ન્યાયે પુદ્‌ગલ સ્યૂં મિલ્યો છે, તે કારણે જીવ પુદ્‌ગલ કહીએ. એ જીવ દ્રવ્યે પુદ્‌ગલ દ્રવ્યનો ઉપચાર. ૧-૬

(૭) ભાવલેશ્યા આત્માનો અરૂપી ગુણ છે, તેહને જે કૃષ્ણ નીલાદિક કહીએ છે તે કૃષ્ણાદિ-પુદ્‌ગલ દ્રવ્ય ગુણનો ઉપચાર કીજે છે. એ આત્મગુણે પુદ્‌ગલ ગુણનો[૧] ઉપચાર જાણવો. ૨-૭

(૮) [૨]પર્યાયે હય, ગય, પ્રમુખ આત્મદ્રવ્યના અસમાન જાતીય દ્રવ્ય પર્યાય તેહને ખંધ કહીએ છે, તે આત્મ પર્યાય ઉપરિ પુદ્‌ગલ પર્યાય જે સ્કંધ તેહનો ઉપચાર કરીને ૩-૮.

(૯) **દ્રવ્યે ગુણોપચારઃ** 'હું ગૌર' એમ બોલતાં 'હૂં' તે આત્મદ્રવ્ય, તિહાં 'ગૌર' તે પુદ્‌ગલનો ઉજ્વલતા ગુણ ઉપચરિઓ ૪. **દ્રવ્યે પર્યાયોપચારઃ** જેમ 'હૂં દેહ' એમ બોલિએ. 'હૂં' તે આત્મ-દ્રવ્ય, તિહાં 'દેહ' તે પુદ્‌ગલ દ્રવ્યનો અસમાન જાતીય દ્રવ્ય પર્યાય [૩]ઉપચરિઓ. ૫-૯

(૧૦) **ગુણે દ્રવ્યોપચારઃ** જેમ જે 'એ ગૌર દીસે છે' તે આત્મા એમ ગૌર ઉદ્દેશીને આત્મ વિધાન કીજે, એ ગૌરતા રૂપ પુદ્‌ગલ ગુણ ઉપર આતમ દ્રવ્યનો ઉપચાર ૬ **પર્યાયે દ્રવ્યોપચારઃ** જેમ કહીએ 'દેહ તે આત્મા' ઇહાં દેહરૂપ પુદ્‌ગલ પર્યાયને વિષયે આત્મદ્રવ્યનો ઉપચાર કરીઓ. ૭-૧૦

(૧૧) **ગુણે પર્યાયોચારઃ** 'મતિજ્ઞાન તે શરીર જ' શરીર જન્ય છે તે માટે, ઇહાં મતિજ્ઞાનરૂપ આત્મગુણને વિષયે શરીર રૂપ પુદ્‌ગલ પર્યાયનો ઉપચાર કરિઉં. ૮. **પર્યાયે ગુણોપચારઃ** જેમ પૂર્વ પ્રયોગ જ અન્યથા કરિએ. 'શરીર તે મતિજ્ઞાન રૂપ ગુણ જ' ઇહાં શરીર રૂપ પર્યાયને વિષયે મતિ-જ્ઞાન રૂપ ગુણનો ઉપચાર કીજે છે. ૯-૧૧

(૧૨) એમ ઉપચારથી અસદ્‌ભૂત વ્યવહાર નવ (૯) પ્રકારનો કહીએ. હવે એહનાં ત્રણ (૩) ભેદ કહીએ તે સાંભળો. ૧૨.

---

૧ પરિણામ કહે, તેહિજ સ્વભાવ, તેહનો ઉપચાર. ૨ પર્યાયને. ૩ ઉપચારિઓ.

(૧૩) એક **સ્વજાતિ અસદ્‌ભૂત** વ્યવહાર કહિએ. જેમ પરમાણુ બહુપ્રદેશી કહિએ. બહુપ્રદેશી થાવાની જાતિ છે તે માટે. ૧-૧૩.

(૧૪) તેહ અસદ્‌ભૂત વિજાતિ જાણો. જેમ '**मूर्तं मतिज्ञानम्**' કહિએ. મૂર્ત જે વિષયાલોક મકરાકરાદિક (મકરકારાદિક !) તેહથી ઊપનું, તે માટે ઇહા મતિજ્ઞાન આત્મગુણ, તેહને વિષે મૂર્તત્વ પુદ્‌ગલ ગુણ ઉપચરિઓ. તે **વિજાત્યસદ્‌ભૂત વ્યવહાર** કહિએ. ૨-૧૪.

(૧૫) બેઉ ભાંતિ સ્વજાતિ-વિજાતિ અસદ્‌ભૂત વ્યવહાર કહિએ. જેમ જીવાજીવ વિષય જ્ઞાન કહિએ. ઇહાં જીવ જ્ઞાનની સ્વજાતિ છે, અજીવ વિજાતિ છે, એ (૨) એ નો વિષયવિષયિભાવ-નામેં ઉપચરિત સંબંધ છે, તે **સ્વજાતિ-વિજાત્યસદ્‌ભૂત** કહિએ. ૩-૧૫.

'स्वजातीयांशे किं नायं सद्‌भूतः'? इति चेत्, न विजातीयांश इव विषयतासम्बन्धस्योपचरितस्यैवानुभवाद् इति गृहाण।

(૧૬) જેહ એક ઉપચારથી બીજે ઉપચાર કરિઓ, તે **ઉપચરિતાસદ્‌ભૂત વ્યવહાર** કહિએ. ૧૬

(૧૭) તે સ્વજાતિઉપચરિતાસદ્‌ભૂત વ્યવહાર જાણો, જે 'હું[૧] પુત્રાદિક' એમ કહિએ. ઇહાં 'માહરા[૨]' એ કહેવું. પુત્રાદિકને વિષયે, તે પુત્રાદિક ઉપચરિયા છે. તેહરયું આત્માનો ભેદાભેદ સંબંધ ઉપચરિએ છે. પુત્રાદિક તે આત્મપર્યાયરૂપે સ્વજાતિ છે, પણ કલ્પિત છે. નહીં તો સ્વશરીરજન્ય-મત્કુણાદિકને પુત્ર કાં ન કહિએ ? ૧૭

(૧૮) વિજાત્યુપચરિતાસદ્‌ભૂત વ્યવહાર તે કહિએ જે 'માહરા વસ્ત્રાદિક' એમ કહિએ. ઇહાં વસ્ત્રાદિક પુદ્‌ગલ પર્યાય નામાદિ ભેદ કલ્પિત છે, નહીં તો વલ્કલાદિક શરીરાચ્છાદક વસ્ત્ર કાં ન કહિએ ? તેહ વિજાતિમાં સ્વસંબંધ ઉપચરિએ છે. 'માહરા ગઢ, દેશ પ્રમુખ છે' એમ કહેતાં સ્વજાતિ વિજાત્યુપચરિતાસદ્‌ભૂત વ્યવહાર કહિએ. જે માટે ગઢ દેશાદિક જીવ-અજીવ ઉભય સમુદાય રૂપ છે. ૧૮

(૧૯) એમ ઉપનય કહિઆ, હવે આગલિ ઢાળમાંહે અધ્યાત્મ નય કહીને એહમાંહે ગુણ-દોષ પરીક્ષાનો યશ પામો. ૧૯

ઢાળ સાતમી સમાપ્તઃ.



૧ માહરા પુત્રાદિક (પાઠા). ૨ 'હુ' 'માહરા'.

ઢાળ ૮ મી.

(કપૂર હુએ અતિ ઉજલું રે—એ દેશી.)

દોઉ મૂલ નય ભાષિયા રે, નિશ્ચય નઈ વ્યવહાર;
નિશ્ચય દ્વિવિધ તિહાં કહિઓ રે, શુદ્ધ અશુદ્ધ પ્રકાર રે. ૧
પ્રાણી પરખો આગમભાવ.
જીવ કેવલાદિક યથા રે, શુદ્ધ વિષય નિરુપાધિ;
મઇનાણાદિક આતમા રે, અશુદ્ધ તે સોપાધિ રે. ૨ પ્રાણી૦
દોઇ ભેદ વ્યવહારનાજી, સદ્‌ભૂતાસદ્‌ભૂત;
એક વિષય સદ્‌ભૂત છઈ જી, પર—વિષયા—સદ્‌ભૂત રે. ૩ પ્રાણી૦
ઉપચરિતાનુપચરિતથી રે, પહિલો દોઇ પ્રકાર;
સોપાધિક ગુણ—ગુણિ ભેદઈ રે, જિઅની મતિ ઉપચાર રે. ૪ પ્રાણી૦
નિરુપાધિક ગુણ—ગુણિ ભેદઈ રે, અનુપચરિત સદ્‌ભૂત;
કેવલજ્ઞાનાદિક ગુણા રે, આતમના અદ્‌ભુત રે. ૫ પ્રાણી૦
અસદ્‌ભૂત વ્યવહારનાં જી, ઇમ જ ભેદ છઈ દોઇ;
પ્રથમ અસંશ્લેષિત યોગઈ જી, દેવદત્ત ધન જોઇ રે. ૬ પ્રાણી૦
સંશ્લેષિત યોગઈ બીજે રે, જિમ આતમનો દેહ;
નય ઉપનય નય ચક્રમાં રે, કહિયા મૂલ નય એહ રે. ૭ પ્રાણી૦


(દિગમ્બર સમ્મત અધ્યાત્મ નયનું સ્વરૂપ)

અધ્યાત્મ નયો અને પૂર્વે જણાવ્યા તે નયો અને ઉપનયો વિચારવા યોગ્ય છે. વાંચીને મનન કરવા યોગ્ય છે, એમને એમ માની લેવા જેવા નથી. તેમ તે તે નયો અને ઉપનયોનું વિષયનિરૂપણ મિથ્યા છે. એમ પણ માનવાની ઉતાવળ કરવા જેવી નથી. આગમના અગમ ભાવો પરીક્ષાપૂર્વક ગ્રહણ કરવાના છે. તેમાં રભસવૃત્તિ–ઉતાવળી–તડફડ કરવાની ટેવ સારી નથી.

અધ્યાત્મ નયના બે ભેદ છે. એક નિશ્ચયનય અને બીજો વ્યવહારનય. નિશ્ચયનયના બે ભેદ છે. ૧ શુદ્ધ નિશ્ચયનય અને ૨ અશુદ્ધ નિશ્ચયનય.

વ્યવહાર નયના બે ભેદ છે—૧ સદ્‌ભૂત વ્યવહાર અને ૨ અસદ્‌ભૂત વ્યવહાર.

સદ્‌ભૂત વ્યવહારના બે ભેદ છે—૧, ઉપચરિત સદ્‌ભૂત વ્યવહાર અને ૨, અનુચરિત સદ્‌ભૂત વ્યવહાર. એ જ પ્રમાણે અસદ્‌ભૂત વ્યવહારના બે ભેદ છે. ૧, ઉપચરિત-અસદ્‌ભૂત વ્યવહાર અને ૨, અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહાર. આ અધ્યાત્મનયના ભેદોની પરંપરા નીચે પ્રમાણે શાખા-પ્રશાખારૂપે ગોઠવવાથી સ્પષ્ટ સમજી શકાય છે.



આ પ્રમાણે અધ્યાત્મનયના મૂળ ભેદ બે છે, અને ઉત્તરભેદો છ છે. તે સર્વનું સ્વરૂપ આ પ્રમાણે છે.

(૧) નિશ્ચયનય.

નિશ્ચયનય ગુણ-ગુણી વગેરેમાં અભેદ સમજાવે છે. તે તે દ્રવ્યોમાં જે ગુણો છે, તેના બે પ્રકાર છે. એક સ્વાભાવિક અને બીજા ઉપાધિથી ઉપજતા. જે ગુણો સ્વાભાવિક છે, તે શુદ્ધ ગણાય છે, અને જે ગુણો ઉપાધિથી ઉપજે છે, તે અશુદ્ધ ગણાય છે. આત્મદ્રવ્યમાં કેવલજ્ઞાન વગેરે જે ગુણો છે, તે નિરુપાધિક-સ્વાભાવિક છે એટલે તે શુદ્ધ છે, અને મતિ-જ્ઞાન વગેરે જે ગુણો છે તે કર્મરૂપ ઉપાધિથી થાય છે. એટલે સોપાધિક છે, માટે તે અશુદ્ધ છે. જીવ કેવલજ્ઞાન સ્વરૂપ છે, એમ જે કહેવાય તે શુદ્ધ નિશ્ચયનયને આશ્રયીને છે, અને 'જીવ મતિજ્ઞાનાદિ સ્વરૂપ છે' એમ જે કહેવાય તે અશુદ્ધ નિશ્ચયનય આશ્રયીને છે.

(૨) વ્યવહારનય.

વ્યવહાર નય ગુણ ગુણી વગેરેમાં ભેદ સમજાવે છે. તેમાં જે વ્યવહાર એક દ્રવ્યમાં-

અર્થાત્ પોતાનું જે દ્રવ્ય છે, તેમાં જે ભેદ દેખાડે તે સદ્ભૂતવ્યવહાર કહેવાય અને જે વ્યવહાર પોતાનું જે દ્રવ્ય નથી પણ પરદ્રવ્ય છે, તેમાં જે ભેદ દેખાડે તે અસદ્ભૂત વ્યવહાર કહેવાય. નિશ્ચયનયની જેમ જે સદ્ભૂત વ્યવહાર પોતાના દ્રવ્યમાં રહેલા ગુણના બે ભેદને આશ્રયીને બે પ્રકારે છે. ૧. સ્વાભાવિક ગુણ અને ૨. સોપાધિક ગુણ. તેમાં જે સ્વાભાવિક ગુણોનો ભેદ સમજાવે છે, તે અનુપચરિત સદ્ભૂતવ્યવહાર છે. અને જે સોપાધિક ગુણોનો ભેદ સમજાવે છે, તે ઉપચરિત સદ્ભૂતવ્યવહાર છે.

'કેવલજ્ઞાન આદિક ગુણો જીવના છે' એ પ્રમાણે જે કહેવાય છે, તે અનુપચરિત–સદ્ભૂત–વ્યવહાર નયને અવલંબીને જાણવું.

'મતિજ્ઞાન આદિક ગુણો જીવના છે' એ પ્રમાણે જે કહેવાય છે, તે ઉપચરિત–સદ્ભૂત–વ્યવહાર નયને અવલંબીને સમજવું.

કેવલજ્ઞાન આદિ સ્વાભાવિક છે, માટે અનુપચરિત અને મતિજ્ઞાન આદિ કર્મોપાધિજન્ય છે, માટે ઉપચરિત. જ્ઞાનાદિ ગુણો આત્મદ્રવ્યના પોતાના છે, માટે સદ્ભૂત. ઉપરના વાક્યોમાં છઠ્ઠી વિભક્તિનો પ્રયોગ છે, તે ભેદને સમજાવે છે, માટે વ્યવહાર છે.

અસદ્ભૂત વ્યવહારના જે બે ભેદો ઉપચરિત અને અનુપચરિત છે. તેમાં સ્વાભાવિક અને સોપાધિક–કારણજન્ય ભેદ નથી. કારણ કે તે ભેદો પરદ્રવ્યને અવલંબીને થાય છે. એટલે તેમાં સ્વાભાવિકતા સંભવે જ નહિં. તે ભેદો ઉપાધિજન્ય છે. પણ તેમાં જે ઉપાધિજન્ય સંબંધો છે, તેમાં બે પ્રકાર છે. એક દ્રવ્યને બીજા દ્રવ્યાદિનો સંબંધ અસંશ્લેષિત–કલ્પિત–એકરૂપ ન ગણાય એવો હોય છે, તે સંબંધથી થતા ભાવોનું નિરૂપણ કરનાર અસદ્ભૂત વ્યવહાર ઉપચરિત કહેવાય છે. અને જે એક દ્રવ્યને બીજા દ્રવ્યાદિનો સંબંધ સંશ્લેષિત–વિખુટો ન પડે એવો હોય છે, તે સંબંધથી થતા ભાવોનું નિરૂપણ કરનાર અસદ્ભૂત વ્યવહાર અનુપરિત કહેવાય છે.

'આ ધન દેવદત્તનું છે' એ પ્રમાણે જે કહેવાય છે, તે ઉપચરિત–અસદ્ભૂત વ્યવહાર નયને આશ્રયીને છે. 'આ શરીર આત્માનું છે.' એ પ્રમાણે જે કહેવાય છે. તે અનુપચરિત–અસદ્ભૂત વ્યવહાર નયને આશ્રયીને છે.

ઉપરના ઉદાહરણોમાં ધનનો દેવદત્ત સાથેનો યોગ–સંબંધ અસંશ્લેષિત–કલ્પિત છે. ધન એ દેવદત્તથી છૂટું છે. સ્વ–સ્વામિભાવાદિ સંબંધો અસંશ્લેષિત યોગો છે. અને આત્માનું શરીર છે, તે કર્મથી જન્મતાં સંબંધથી સંશ્લેષિત છે. એટલે તે વિખુટું પડતું નથી. જીવે ત્યાં સુધી જોડાએલું રહે છે. કર્મજન્ય સંબંધ એ સંશ્લેષિત છે. એ રીતે પ્રથમ સંબંધ ઉપચરિત છે અને બીજો સંબંધ અનુપચરિત છે. બન્ને ઉદાહરણોમાં એક બીજા સંબંધ ધરાવતા દ્રવ્યો જુદા–જુદા છે. દેવદત્ત અને આત્મા એ ચેતન દ્રવ્ય છે. જ્યારે ધન અને શરીર એ પુદ્ગલદ્રવ્ય છે. એટલે પરદ્રવ્યનો સંબંધ હોવાને કારણે અસદ્ભૂત છે. ષષ્ઠી વિભક્તિ ભેદ જણાવે છે. એટલે વ્યવહાર છે.

આ સર્વ નય અને ઉપનયોનો વિસ્તાર દિગમ્બર દેવસેને નવચક્ર નામના ગ્રંથમાં કહ્યો છે.

આ સર્વ ભેદ-પ્રભેદોમાં સૂક્ષ્મદૃષ્ટિએ કયાં કયાં ભૂલ છે તે સમજવું જરૂરી છે. જો તે વિચારવામાં ન આવે તો ઉપર ઉપરથી આ સર્વ સત્ય છે, એમ સમજાઈ જાય. દિગમ્બર દેવસેનની કયાં કયાં ભૂલ થઈ છે તે હવે પછી વિગતવાર જણાવે છે.

વિષય ભેદ યદ્યપિ નહીં રે, ઇહાં અહ્મારઇ થૂલ;
ઉલટી પરિભાષા ઇસી રે, તો પણિ દાઝઇ મૂલ રે. ૮ પ્રાણી૦
તત્ત્વારથિ નય સાત છઈ જી, આદેશાંતર પંચ;
અંતર ભાવિત ઉદ્ધરી રે, નવનો કિસ્યો એ પ્રપંચ રે ? ૯ પ્રાણી૦
પજ્જયત્થ દ્રવ્યારથી રે, જે તુમ્હે અલગા દિટ્ઠુ;
અપ્પિયણુપ્પિય ભેદથી રે, કિમ ઇગ્યાર ન ઇટ્ઠુ રે. ૧૦ પ્રાણી૦
સંગ્રહ વ્યવહારાદિકઈ રે, જે તુમ્હે ભેલો તેહ;
આદિ અંત નય થોકમાં જી, કિમ નવિ ભેલો એહ રે. ૧૧ પ્રાણી૦
પજ્જવનય તિમ અંતિમા રે, પ્રથમ દ્રવ્ય નય ચ્યાર;
જિનભદ્રાદિક ભાસિઆ રે, મહાભાષ્ય સુવિચાર રે. ૧૨ પ્રાણી૦
સિદ્ધસેન મુખ ઇમ કહઇ રે, પ્રથમ દ્રવ્ય નય તીન;
તસ ઋજુસૂત્ર ન સંભવઈ રે, દ્રવ્યાવશ્યક લીન રે. ૧૩ પ્રાણી૦

[દિગમ્બર કથિત નય પ્રક્રિયાનું ખંડન]

દિગમ્બરો જે પ્રમાણે નય ઉપનય અને અધ્યાત્મ નય માને છે અને તેમાં જે વિષયોનું નિરૂપણ કરે છે. તે વિષયો શ્વેતામ્બરોને માન્ય નથી કે વિપરીત છે એવું કાંઈ નથી. પણ તેઓ જે રીતે તેનું પ્રરૂપણ કરે છે, તે રીતિ વ્યાજબી નથી એટલું જ નહિ પણ ઘણી ગેરવ્યવસ્થા ઉત્પન્ન કરનારી છે.

સાચી હકીકત પણ ખોટી રીતે રજુ કરવામાં આવે છે, ત્યારે હકીકતને ધક્કો પહોંચે છે. સારૂં ભોજન પણ અસભ્ય લાગે તે પ્રમાણે કરવામાં આવે ત્યારે જેવું બેહૂદું લાગે છે તેવું આ છે.

ગધેડો પારકા ખેતરમાં જઈને દ્રાક્ષાને ચરે તેમાં જોનારનું કાંઇ જતું નથી પણ આ વ્યાજબી થતું નથી એમ જો જોનાર સહૃદય હોય તો તેને લાગે છે અને તેથી તેનું હૃદય બળે છે.

यद्यपि न भवति हानिः, परकीयां चरति रासभे द्राक्षाम् ॥
असमञ्जसमिति दृष्ट्वा, तथापि परिखिद्यते चेतः ॥१॥

દિગમ્બર દેવસેન સાચી વાતને ખોટી રીતે રજુ કરે છે. તે આ પ્રમાણે–જેટલા વચન-વ્યવહારો છે તેટલા નયમાર્ગો છે. પણ તે સમજવા માટે નયો સાત છે અથવા પાંચ છે. નૈગમ, ૧. સંગ્રહ, ૨. વ્યવહાર, ૩. ઋજુસૂત્ર, ૪. શબ્દ, ૫. સમભિરૂઢ, ૬. અને એવંભૂત, ૭. છેલ્લા ત્રણ નયોને સ્થાને શબ્દનય એકજ માનવામાં આવે ત્યારે પાંચ નયો થાય છે.

જે માટે કહ્યું છે કે–

सप्त मूलनयाः, पञ्च इत्यादेशान्तरम् ।

મૂલનયના દરેકના સો સો ભેદો છે, એટલે નયના ઉત્તરભેદો સાતસો અથવા પાંચસો થાય છે. આવશ્યકમાં પણ આ પ્રમાણે જ કહ્યું છે.

इक्किको य सयविहो, सत्तसया णया हवंति एमेव । अण्णो त्रिहु आएसो, पचेव सया णयाणं तु ॥१॥

નયોને સમજવા માટે આ માર્ગ છે, આ રીતિ છે, આ સીધી શૈલી છે. તેને છોડીને તેમાં બીજા બે નય ઉમેરીને દેવસેન કહે છે કે નયો નવ છે. વધારવામાં આવતા બે નયો દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક સ્વતંત્ર નથી. સાતમાં સમાએલા છે. તેમાંથી છૂટા પાડીને સાતમાં ઉમેરવા અને નવ સંખ્યાને આગ્રહપૂર્વક રજૂ કરવી એ નરી મૂર્ખતા છે.

વ્યાપ્ય ભેદોમાં વ્યાપક ભેદો ઉમેરીને સંખ્યાનો વધારો કરવો એ વ્યામોહ છે. દિગમ્બર દેવસેન સિવાય બીજે ભાગ્યે જ એવું જોવામાં આવશે.

જો દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એ બે નયો ઉમેરીને નયો નવ છે એવું તમે કહો છો તો અર્પિતનય અને અનર્પિત નય એ બે નયો વધારીને નયો અગીઆર છે એમ શા માટે કહેતા નથી ?

પ્ર૦ અર્પિત અને અનર્પિત એવા નયો ક્યાં છે ? કે તેને જૂદા માનવા પડે.

ઉ૦ **अर्पितानर्पितसिध्धेः । ५ । ३१ ।**

તત્ત્વાર્થસૂત્ર વગેરેમાં અર્પિત અને અનર્પિત નયોનું સ્વરૂપ છે.

પ્ર૦ અર્પિત એટલે વિશેષ, અને અનર્પિત એટલે સામાન્ય. અર્થાત્ વસ્તુમાત્રમાં સામાન્ય અને વિશેષ ધર્મો હોય છે. જે ધર્મની અર્પણા કરવામાં આવે છે, તે વિશેષ ગણાય છે અને જેની અર્પણા કરવામાં આવતી નથી તે સામાન્ય ગણાય છે. એ પ્રમાણે જ્યારે વસ્તુ-સ્થિતિ છે ત્યારે અનર્પિત–સામાન્યનો સમાવેશ સંગ્રહનયમાં થાય અને અર્પિત–વિશેષનો સમાવેશ વ્યવહાર વગેરેમાં થાય. એટલે અર્પિત અને અનર્પિતને જુદા નયો માનવાની જરૂર રહેતી નથી.

ઉ૦ જે પ્રમાણે અર્પિત અને અનર્પિતનો સમાવેશ વ્યવહારાદિ અને સંગ્રહમાં થાય છે, તે પ્રમાણે દ્રવ્યાર્થિક નયનો સમાવેશ શરૂઆતના ચાર અથવા ત્રણમાં અને પર્યાયાર્થિક નયનો સમાવેશ છેલ્લા ત્રણ અથવા ચારમાં થાય છે. એટલે તે બંને જુદા નયો માનીને નવ નયો

માનવાની આવશ્યકતા નથી. સાત નયોમાં દ્રવ્યાર્થિક કેટલા છે અને પર્યાયાર્થિક કેટલા છે તે માટે બે પરંપરા જોવામાં આવે છે.

શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ વગેરે આચાર્યો-કે જેઓ સિદ્ધાંતવાદી છે, તેઓ ચાર દ્રવ્યાર્થિક અને ત્રણ પર્યાયાર્થિક એમ વિભાગ પાડે છે. જ્યારે શ્રી સિદ્ધસેન દિવાકર, શ્રી મલ્લવાદીજી આદિ આચાર્યો કે જેઓ તર્કવાદી છે, તેઓ ત્રણ દ્રવ્યાર્થિક અને ચાર પર્યાયાર્થિક એમ વિભાગ પાડે છે.

નૈગમ, સંગ્રહ અને વ્યવહાર એ ત્રણ નયો સર્વ સૂરિવરોને મતે દ્રવ્યાર્થિક છે, એ માટે બે મત છે જ નહિ. ફક્ત ઋજુસૂત્ર નયને દ્રવ્યાર્થિકમાં ગણવો કે પર્યાયાર્થિકમાં એ વિષયમાં મત ફેર છે.

દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનું થોડું સ્વરૂપ નીચેના બે શ્લોકોથી ઠીક સમજી શકાય એવું છે. અને તે સ્વરૂપને અનુસારે ઋજુસૂત્રને કઇ બાજુ લઇ જવો તેનો વિચાર પણ ઠીક કરી શકાય છે. તે શ્લોકો આ છે.

द्रव्यार्थिकमते सर्वे, पर्यायाः खलु कल्पिताः । तेष्वन्वयि [च सद्] द्रव्यं, कुण्डलादिषु हेमवत् ॥१॥
पर्यायार्थमते द्रव्य, पर्यायेभ्योऽस्ति नो पृथक् । यतैरर्थक्रिया दृष्टा, नित्यं कुत्रोपयुज्यते ॥२॥

પર્યાયો કલ્પિત છે. એક પણ પર્યાય વાસ્તવિક નથી. પર્યાયોમાં અન્વયિરૂપે કોઇ પણ રહેતું હોય તો તે સદ્ દ્રવ્ય છે. સોનું એ વાસ્તવિક છે. તેને કુંડલરૂપે રચીને કુંડલ કહેવામાં આવે કે કંકણરૂપે ગોઠવીને કંકણ કહેવામાં આવે. કુંડલ કે કંકણ એ કલ્પનામાત્ર છે, ખરેખર કોઇ હોય તો તે સોનું છે. સોનું એ દ્રવ્ય છે, સદ્‌ભૂત છે. જ્યારે કુંડલ કંકણ વગેરે પર્યાયો છે. અવાસ્તવ છે. કાલ્પનિક છે. તેજ પ્રમાણે સર્વ પર્યાયો અને દ્રવ્ય વિષે સમજવું. આ દ્રવ્યાર્થિકનયની માન્યતા છે. પર્યાયાર્થિકનય કહે છે કે, વાસ્તવિક પર્યાયોજ છે. પર્યાયો કરતાં જુદું દ્રવ્ય છે જ નહિ. અર્થક્રિયા જેમાં થાય તે સત્ કહેવાય. વાસ્તવિક ગણાય. જેમાં અર્થક્રિયા ન રહેતી હોય તેનો ઉપયોગ શું ? તે વાસ્તવિક નથી. દ્રવ્ય નિત્ય છે, તેને અર્થક્રિયા સ્પર્શતી નથી માટે તેનો કોઈ પણ ઉપયોગ નથી. તે વાસ્તવિક નથી.

નૈગમ, સંગ્રહ અને વ્યવહાર દ્રવ્યોનું સ્વરૂપ વિચારે છે, પર્યાયો સાથે તે નયોને જાણે કાંઈ પણ લાગતું વળગતું નથી. એટલે તે નયો દ્રવ્યાર્થિક છે. શબ્દાદિ ત્રણ નયો પર્યાય સાથે સંબંધ રાખે છે, દ્રવ્ય સાથે તેમને કાંઈ પણ સંબંધ નથી. એટલે તે ત્રણ નયો પર્યાયાર્થિક છે.

ઋજુસૂત્રનય પણ સીધેસીધો સંબંધ તો પર્યાય સાથે રાખે છે. દ્રવ્યની સાથે તેને કાંઇ પણ લાગતું વળગતું નથી. પર્યાયોમાં પણ ભૂતકાળના અને ભવિષ્યકાળના પર્યાયોને તે નય માન્ય રાખતો નથી. ફક્ત વર્તમાનકાળના પર્યાયને જ માન્ય રાખે છે. આ પ્રમાણે ઋજુસૂત્ર નય પર્યાયનો, શુદ્ધ અર્થપર્યાયનો જ પક્ષપાતી છે, તેને દ્રવ્યાર્થિક કઇ રીતે માની શકાય ? તે પર્યાયાર્થિક છે એમ માનવું યુક્ત છે.

શ્રી સિદ્ધસેન દિવાકર વગેરે આચાર્યો ઉપર પ્રમાણે ઋજુસૂત્રનય પર્યાયાર્થિક છે એમ કહે છે, એ આચાર્યોને મતે ઋજુસૂત્રનય દ્રવ્યાવશ્યકને સ્વીકારે નહિં.

અનુયોગદ્વાર સૂત્રમાં ઋજુસૂત્રનયને દ્રવ્યાવશ્યકમાં લીન કહ્યો છે. તે સૂત્ર આ પ્રમાણે છે.

'उज्जुसुअस्स एगे अणुवउत्ते एगं दव्वावस्सयं पुहुत्तं णेच्छइ॥"

ઋજુસૂત્ર પર્યાયાર્થિકજ છે એમ માનનારાઓને આ સૂત્રનો વિરોધ આવે છે. આ સૂત્ર ઋજુસૂત્રને દ્રવ્યાર્થિક સમજાવે છે. આ સૂત્રને અવલંબીને જિનભદ્ર ક્ષમાશ્રમણ આદિ સિદ્ધાન્તવાદી આચાર્યો ઋજુસૂત્રને દ્રવ્યાર્થિક માને છે. પર્યાયાર્થિક નથી માનતો વર્તમાન પર્યાયના આધારભૂત દ્રવ્યના અંશને, નથી સ્વીકારતો પૂર્વાપર પરિણામ સાધારણ ઊર્ધ્વતા સામાન્ય દ્રવ્યાંશને, કે નથી માન્ય રાખતો સાદૃશ્ય-અસ્તિત્વરૂપ તિર્યક્ સામાન્ય દ્રવ્યાંશને. જ્યારે ઉપરોક્ત ત્રણમાંથી એકેને પર્યાયાર્થિકનય માનતો નથી, ત્યારે તે ઉપરના અનુયોગદ્વારના સૂત્રને કેવી રીતે કબૂલ રાખી શકે. ઋજુસૂત્રને પર્યાયાર્થિકમાં માનીએ તો પૂર્વોક્તસૂત્રનો વિરોધ આવે. એટલે ઋજુસૂત્ર દ્રવ્યાર્થિક છે. નૈગમાદિ દ્રવ્યાર્થિક છે તે કરતાં આ દ્રવ્યાર્થિક છે તેમાં આટલું વિશેષ છે, ઋજુસૂત્ર બે પ્રકારે છે. ૧ સૂક્ષ્મઋજુસૂત્ર અને ૨ સ્થૂલઋજુસૂત્ર, સૂક્ષ્મઋજુસૂત્ર ક્ષણિક દ્રવ્યવાદી છે અને સ્થૂલઋજુસૂત્ર તે તે વર્તમાન પર્યાયના આધારભૂત દ્રવ્યને સમજાવનાર છે.

આમ દ્રવ્યાર્થિકમાં ઋજુસૂત્રને રાખીને સિદ્ધાન્તવાદી આચાર્યો સૂત્રનો વિરોધ દૂર કરે છે.

પૂ૦ ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ ઉપર પ્રમાણે જ્યારે બે પક્ષો સામસામી રજૂઆત કરે છે, ત્યારે વચમાં દરમીઆનગીરી કરે છે અને કહે છે કે, સિદ્ધાન્તવાદીઓને કાંઈ કહેવાપણું નથી, પણ તાર્કિક આચાર્યોને મતે પૂર્વના સૂત્રનું સમાધાન નીચે પ્રમાણે કરી શકાય છે. અનુયોગદ્વારનું એ સૂત્ર અનુપયોગ દ્રવ્યના અંશને સમજાવે છે, એટલે ઋજુસૂત્રનયને પર્યાયાર્થિક માનીએ તો પણ ઉક્તસૂત્ર સાથે વિરોધ રહેશે નહિ. એ સૂત્ર ઋજુસૂત્રને દ્રવ્ય માન્ય છે એમ કહેતું નથી. જો એ સૂત્ર ઋજુસૂત્રનયને ઉદ્દેશીને દ્રવ્યનું વિધાન કરતું હોય તો જરૂર વિરોધ આવત પણ એમ નથી.

આ રીતે સ્વતંત્ર પ્રતિભાથી ઉપાધ્યાયજી બન્ને સૂરિપુંગવોના વિરોધને શમાવે છે.

આ પ્રમાણે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનું સ્વરૂપ છે. સાત કરતાં આ બન્ને નય જુદા નથી. એટલે નવ નયો નથી પણ સાત છે.

ઇમ અંતર્ભાવિત તણો રે, કિમ અલગો ઉપદેશ;
પાંચ થકી જિમ સાતમાં રે, વિષય ભેદ નહીં લેશ રે. ૧૪ પ્રાણી૦

સંગ્રહનઈ વ્યવહારથી રે, નૈગમ કિહાંઇક ભિન્ન;
તિણ તે અલગો તેહથી રે, એ તો દોઇ અભિન્ન રે. ૧૫ પ્રાણી૦

ઇમ કરતાં એ પામીઇ રે, સર્વ વિભક્ત વિભાગ;
જીવાદિક પરિ કો નહીં રે, ઇહાં પ્રયોજન લાગ રે. ૧૬ પ્રાણી૦
ભિન્ન પ્રયોજન વિન કહિયા રે, સાત મૂલ નય સૂત્ર;
તિણિં અધિકું કિમ ભાષિઇ રે, રાષિઇ નિજ ઘર સૂત્ર રે. ૧૭ પ્રાણી૦

દિગમ્બરો નવ નય માને છે, તેમાં સાત નય તો પ્રસિદ્ધ છે એ જ છે. પણ તેમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એ બે નયોને ઉમેરીને નવ નયોનું પ્રતિપાદન તેઓ કરે છે. દેવસેનકૃત-નયચક્રમાં વિસ્તારથી આ નવ નયોનું નિરૂપણ છે.

દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એ સ્વતંત્ર નયો નથી. તે બન્ને સાત નય કરતાં કોઇ જુદો વિષય ધરાવતા નથી. સાતમાં એ બન્ને સમાઈ જાય છે, એટલે એ બન્ને અન્તર્ભાવિત નય ગણાય, અન્તર્ભાવિત નયને જુદા ગણાવી શકાય નહિં. છતાં તે બન્નેને જુદા ગણાવીને નયોની સંખ્યા નવ કહી છે, તે મિથ્યા છે.

શંકા:—નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર અને શબ્દ એ પાંચ નયો છે; તેમાં સમભિરૂઢ અને એવંભૂત એ બન્ને આવી જાય છે, છતાં તેને છૂટા પાડીને જેમ નયો સાત ગણાવાય છે, તેમાં સાતમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક ઉમેરીને નવ નયો ગણવામાં બાધ શો છે ?

સમાધાન:—શબ્દ, સમભિરૂઢ અને એવમ્ભૂત એ ત્રણેનો વિષય જુદો જુદો છે, વિષયભેદે નયભેદ માનવામાં કાંઈ બાધ નથી પણ સાત નયો કરતાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનો કોઈ વિષયભેદ નથી. જો એ બન્નેનો વિષયભેદ સ્પષ્ટ સમજાવી શકાય તો તે જુદા માનવામાં કોઈ બાધ નથી. પણ જો વિષયભેદ ન હોય તો જુદા કહેવા એ કેવળ મતિવિભ્રમ અને દુરાગ્રહ માત્ર છે. શબ્દ, સમભિરૂઢ અને એવમ્ભૂત એ ત્રણેનો વિષયભેદ હોવા છતાં તે ત્રણેનો વ્યાપકવિષય શબ્દ હોવાથી ત્રણેને 'શબ્દ' એવી એક સંજ્ઞામાં સંગ્રહીને પાંચ નયો કહ્યા છે.

પ્રથમ જે દ્રવ્યાર્થિકના દશ ભેદો અને પર્યાયાર્થિકના છ ભેદો બતાવ્યા તે પણ નિરૂપણ માત્ર છે. સાત નય કરતાં તેમાં વિલક્ષણતા કે નવીન વિષય નથી.

પૂર્વે જે વિસ્તારથી સમજાવ્યા છે, તે દ્રવ્યાર્થિક નયના દશ ભેદો અને પર્યાયાર્થિક નયના છ ભેદો બધાએ શુદ્ધ સંગ્રહ, અશુદ્ધ સંગ્રહ આદિમાં અને ઉપચરિત વ્યવહાર, અનુપચરિત વ્યવહાર, શુદ્ધ ઋજુસૂત્ર, અશુદ્ધ ઋજુસૂત્ર વગેરેમાં આવી જાય છે. એટલે તે ભેદો કોઇ નવીન વિષય સમજાવે છે, એવું કાંઈ નથી. બાકી 'ગો-અલિવર્દ' ન્યાયે વિષયભેદ ગણવામાં આવે તો-અર્થાત્ શબ્દભેદ-માત્રથી જુદાપણું માનવામાં આવે તો સંખ્યાનું માપ પણ ન રહે. અગણિત ભેદો થઇ જાય. સ્યાદસ્ત્યેવ સ્યાન્નાસ્ત્યેવ વગેરે સપ્તભંગીમાં અર્પિત અને અનર્પિત સત્ત્વગ્રાહક અસત્ત્વગ્રાહક વગેરે કરોડો પ્રકારે વિચારો ચાલે. નય-

પ્રક્રિયાની વ્યવસ્થા સ્થિર રાખવા માટે કોઇ નિયમન હોવું આવશ્યક છે. જે નિયમો અને નિયમનો છે તે સમુચિત અને સુસંગત છે, એટલે તેને અનુસારે નયો સાત છે તે યથાર્થ છે, પણ નવ છે તે યથાર્થ નથી.

શંકા:—જે નિયમો અને નિયમનોને આધારે નયો સાત છે, એ સમજાવવામાં આવે છે, પણ તે યથાર્થ નથી. નૈગમનયના બે પ્રકાર છે. ૧ સામાન્યગ્રાહી નૈગમનય, અને ૨, વિશેષગ્રાહી નૈગમનય, એ બન્ને નૈગમ અનુક્રમે સંગ્રહનય અને વ્યવહારનયમાં આવી જાય છે, સમાઈ જાય છે. સંગ્રહ અને વ્યવહાર કરતાં નૈગમનો વિષય કોઇ જુદો નથી, છતાં તેને માન્ય રાખવામાં આવે છે, તો એ જ રીતે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકને માનવા જોઇએ.

સમાધાન:—જો સંગ્રહ અને વ્યવહાર કરતાં નૈગમનો વિષય જુદો ન જ હોય તો ઉપરનું કથન વ્યાજબી છે. પણ એમ નથી. નૈગમનય કેટલેક સ્થળે સંગ્રહ–વ્યવહારથી સર્વથા છૂટો પડી જાય છે. પ્રદેશ–પ્રસ્થ આદિ દૃષ્ટાન્તો નૈગમનયની સ્વતંત્રતા સિદ્ધ કરે છે, તેમાં સંગ્રહ કે વ્યવહારની વિષયતા આવતી નથી. તમે ક્યાં રહો છો ? તેના જવાબમાં અમે લોકમાં રહીએ છીએથી આરંભીને યાવત્ આત્મપ્રદેશ જેટલા આકાશપ્રદેશોને અવગાહીને રહેલ છે, તેટલા દેશનું નિર્વચન એ નૈગમનયને અવલંબીને કરી શકાય છે. પ્રસ્થ માટે લાકડું લેવા જતા સુતારને કોઈ પૂછે કે, શું કરો છો ? તો કહે કે, પ્રસ્થ બનાવું છું; યાવત્ પ્રસ્થ–લાકડાનું અનાજ માપવાનું માપ–છેવટનું તૈયાર થાય ત્યારે પણ કહે કે, પ્રસ્થ બનાવું છું. આ પણ નૈગમનયની વિષયતા છે. કોઇ ગામના પ્રતિષ્ઠિત પાંચ માણસો ક્યાંય જાય ત્યારે લોકો કહે કે આજ તો અહિં અમુક ગામ આવ્યું છે–તે પણ નૈગમને આશ્રયે કહી શકાય. આ સંગ્રહ કે વ્યવહારના પ્રદેશમાં આવતું નથી, એટલે સંગ્રહ અને વ્યવહારથી નૈગમનયને જુદો માનવો આવશ્યક છે. પણ નૈગમાદિ સાત નયો કરતાં દ્રવ્યાર્થિક કે પર્યાયાર્થિક નય કંઇ ભિન્ન નથી એટલે તેને જુદા માની શકાય નહિં.

જો નવ નયોને માન્ય રાખવામાં આવે તો વિભાગની વ્યવસ્થા ટકી શકતી નથી. એક વખત વિભાગમાં ગણવાથી આવી ગયા પછી ફરીથી વિભક્તનો વિભાગ થયો ગણાય. દળ્યાંને દળ્યા કરવાથી જેમ કાંઇ લાભ નથી, એમ વહેંચ્યાને વહેંચ્યા કરવાથી પણ પિષ્ટપેષણ માત્ર થાય છે. જીવોના બે ભેદો છે, સંસારી અને સિદ્ધ, સંસારી જીવના છ ભેદ છે. પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય. સિદ્ધજીવના પંદર ભેદો છે. જિનસિદ્ધ, અજિનસિદ્ધ વગેરે. આ જીવોનો વ્યવસ્થિત વિભાગ છે. પણ જીવોના આઠ ભેદો છે, પૃથ્વીકાયાદિ છ, સંસારી અને સિદ્ધ. આ પ્રમાણે જીવના આઠ ભેદો ગણાવવા એ વિરુદ્ધ છે, કોઈપણ રીતે માન્ય કરી શકાય નહિ. એવી જ રીતે નયના બે ભેદો છે, દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક, દ્રવ્યાર્થિક નયના ત્રણ અથવા ચાર ભેદ છે અને પર્યાયાર્થિક નયના ચાર અથવા ત્રણ ભેદ છે. એ પ્રમાણે નયનો વ્યવસ્થિત વિભાગ યથાર્થ છે પણ નયો નવ છે તે તો મિથ્યા છે, વિરુદ્ધ છે.

શંકા—તત્ત્વના ભેદ બે છે. જીવ અને અજીવ. એ બેમાં બધા તત્ત્વો આવી જાય છે.

છતાં તે બેને સાથે મેળવીને નવ તત્ત્વો માન્ય રાખવામાં આવે છે, ત્યાં વિભાગની વ્યવસ્થાને જે પ્રમાણે બાધ આવતો નથી. એ જ પ્રમાણે અહિં પણ નવ નયોને માન્ય રાખવામાં વિભાગની વ્યવસ્થાને બાધ આવશે નહિ.

સમાધાન—તત્ત્વના વિભાગમાં જે વ્યવસ્થા છે તે સપ્રયોજન છે, જીવ અને અજીવ એમ બે તત્ત્વો છે, એ વિભાગ કરીને વળી એ બન્નેને સાથે લઈને સાત ઉમેરવામાં તેના ભેદોનો વિસ્તાર કરવાનો રસ કારણભૂત નથી. પ્રયોજનભેદે જુદા જુદા તત્ત્વ વ્યવહાર માત્ર સાધ્ય છે. તત્ત્વવ્યવહાર બીજી રીતે સિદ્ધ થઇ શકે એમ નથી, એટલે નવ તત્ત્વોની વ્યવસ્થા યથાર્થ છે. તેમાં ઇતરવ્યાવૃત્તિ સાધ્ય નથી, અહિં નયના વિભાગમાં તો ઇતરવ્યાવૃત્તિ કરવાની છે. બીજાથી જુદાપણું સિદ્ધ કરવાનું છે. એટલે અહિં તત્ત્વ વ્યવસ્થાની વાત બંધબેસતી આવે નહિં, તત્ત્વ વ્યવસ્થામાં પણ જો ઇતરવ્યાવૃત્તિ સાધ્ય હોત તો તમે કહો છો તે ઘટી શકત, પણ તેમ નથી. એટલે નયનો નવ વિભાગ અયથાર્થ છે. નકામા ભેદો પ્રવેશ કરવામાં આવે તો વૈયર્થ્ય દોષ ચાલુ રહે.

પ્રશ્ન—તત્ત્વપ્રક્રિયામાં એવું શું વિશિષ્ટ પ્રયોજન છે કે, તેનો વિભાગ આ નયવિભાગથી જુદા પ્રકારનો ગણાવવામાં આવે છે ?

ઉત્તર—જીવ અને અજીવ એ બન્ને મુખ્ય તત્ત્વો છે એટલે પ્રથમ તે બે કહ્યા, પણ તેટલા માત્રથી તાત્ત્વિક વ્યવહારની સમજણ પડે નહિં. તત્ત્વને જાણીને છોડવા યોગ્યનો ત્યાગ કરવો અને ગ્રહણ કરવા યોગ્યનો સ્વીકાર કરવો એ કર્તવ્ય છે. ત્યાગ કરવા યોગ્ય–હેય શું છે ? અને સ્વીકાર યોગ્ય ઉપાદેય શું છે ? એ જાણ્યા વગર કાંઇ પણ બની શકે નહિં. એટલે બંધ હેય છે, અને મોક્ષ ઉપાદેય છે, એમ કહેવું આવશ્યક છે, એટલે બંધ અને મોક્ષને તત્ત્વમાં ગણાવ્યા છે. બંધ અને મોક્ષના કારણો જાણ્યા વગર પણ અભીષ્ટ પ્રયોજન સિદ્ધ થતું નથી, એટલે બંધના કારણરૂપ આશ્રવને અને મોક્ષના કારણસ્વરૂપ સંવર અને નિર્જરાને તત્ત્વવ્યવસ્થામાં સ્થાન મળ્યું છે. આમ સાત તત્ત્વની વ્યવસ્થા સ્થિર થાય છે. તેમાં પણ ચિર સંસારમાં શુભ અને અશુભ સ્થિતિ શેને આધારે છે, તે જાણવું તે પણ તત્ત્વપ્રયોજન છે, તે માટે પુણ્ય અને પાપને પણ તત્ત્વપ્રક્રિયામાં સ્થાન પ્રાપ્ત થાય છે. એ રીતે નવ તત્ત્વો એ સપ્રયોજન છે. પણ નવ નયો એ સપ્રયોજન નથી.

સૂત્રમાં પણ મૂલ નયો સાત જ કહ્યા છે. '**सत्तमूलणया पन्नत्ता**' એ પ્રમાણે સૂત્ર છે. તે સૂત્રથી વિરુદ્ધ નવ નયની પ્રરૂપણા એ ઉત્સૂત્ર છે. નવ નયો છે, એમ કહેનાર દેવસેન દિગમ્બર ઉત્સૂત્રભાષી છે. એટલે તે વચન મિથ્યા છે. નયો સાત છે એ જ સત્ય છે અને યથાર્થ છે.

દશ ભેદાદિક પણિ ઇહાં રે, ઉપલક્ષણ કરિ જાણી;
નહીં તો કહો અંતર્ભાવઇ રે, પ્રદેશાર્થ કુણ ઠાણિ રે. ૧૮ પ્રાણી૦
ઉપનય પણિ અલગા નહીં રે, જે વ્યવહાર સમાઇ;
નહીં તો ભેદ પ્રમાણનો રે, ઉપપ્રમાણ પણિ થાઇ રે. ૧૯ પ્રાણી૦

દિગમ્બર વિદ્વાન દેવસેને 'નયચક્ર' નામે નયના સ્વરૂપને સમજાવતો એક ગ્રન્થ રચ્યો છે, તેમાં બૌદ્ધિક દેવસેન આછા ભેદ–પ્રભેદોનો વિસ્તાર કરવાની પોતાની શક્તિને બતાવવા ઠીકઠીક પ્રયાસ કરે છે. વિસ્તાર કરવાની તેમની પ્રતિભા કેટલાક વિષયોની ચર્ચા રોચક લાગે એ પ્રમાણે કરે છે, જ્યારે કેટલાક વિષયોને એવા તો મારી–મચડીને બોટી રીતે રજુ કરે છે કે, જે જોઈને ગ્રન્થકાર પ્રત્યે બહુમાન ઘટવા સાથે તેની એ મિથ્યાપ્રરૂપણ કરવાની રીત અને તેમાં આગ્રહ રાખવાની વૃત્તિ તરફ ખેદ ઉપજે.

દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એ બન્નેને સ્વતંત્ર નય તરીકે જણાવીને સાત ને બે નવ નયો છે એવું વિધાન તેમણે કર્યું છે, એટલું જ નહિં પણ દ્રવ્યાર્થિક નયના દશ ભેદો અને પર્યાયાર્થિક નામના છ ભેદોને વિસ્તારથી વિગતવાર સમજાવવા વ્યર્થ આયાસ કર્યો છે.

દેવસેનનું એ લખાણ વાંચતાં ક્ષણભર એમ લાગે કે, આ સર્વ સત્ય છે ! કેટલાક અસત્યો પણ રજુ કરનારની કુશળતાથી સત્ય સમા ભાસે છે, પણ જરા ઊંડા ઊતરવામાં આવે અને ઉપર નાંખવામાં આવેલો કુશળતાનો પટ ખેંચી લેવામાં આવે તો અંદર રહેલું અસત્ય, અસત્ય સ્વરૂપે સ્પષ્ટ જણાઈ આવે છે. દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયોના સંબંધમાં દેવસેનની અસત્યતા તે નયોનું સ્વરૂપ યથાર્થ વિચારવાથી ખુલ્લી પડી જાય છે.

શિષ્ટ–સંમત સાત નયોમાં દ્રવ્યાર્થિક નયના દશ ભેદો અને પર્યાયાર્થિક નયના છ ભેદો સમાઇ જાય છે. સાત નય કરતાં કોઇપણ પ્રકારનું અંશમાત્ર પણ વિલક્ષણ સ્વરૂપ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકના ભેદોમાં નથી કે જે ભેદો પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ જાળવી શકે. બાકી જો જરાપણ વિલક્ષણતા વગર એમ ને એમ ભેદોનો જ વિસ્તાર કરવો હોય તો તેનો અંત ન આવે એટલા ભેદો પાડી શકાય એમ છે.

ઉપલક્ષણથી શિષ્યમતિ વિશદ કરવા પૂરતા જ આ ભેદો સમજાવવામાં આવતા હોય તો બહુ વિરોધ કરવા જેવું ન રહે, પણ જ્યારે એ ભેદોને વાસ્તવિક ગણાવવામાં આવે અને તેની વાસ્તવિકતા સિદ્ધ કરવા માટે ગમે તેમ લખવામાં આવે, ત્યારે તેની અસત્યતાને ખુલ્લી પાડવાનું કાર્ય અનિવાર્ય થઇ પડે છે, તે આ પ્રમાણે છે.

દિગમ્બર દેવસેને દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નય જુદા માન્યા તો પ્રદેશાર્થિક નય જુદો કેમ ન માન્યો ? દ્રવ્ય અને પર્યાય જેટલું જ વ્યક્તિત્વ પ્રદેશ પણ ધરાવે છે અને તે સૂત્ર સંમત છે. જે માટે સૂત્ર આગમમાં સ્થળે–સ્થળે આવે છે કેઃ–' दव्वट्ठयाए, पएसट्ठयाए दव्वट्ठपएसट्ठयाए ' (દ્રવ્યાર્થપણે, પ્રદેશાર્થપણે અને દ્રવ્યાર્થપ્રદેશાર્થપણે) આ પ્રમાણે દ્રવ્ય–પર્યાયની જેમ પ્રદેશની સ્વતંત્રતા અબાધિતપણે છે.

જો દિગમ્બરો પ્રદેશાર્થ નયને પોતે માન્ય રાખેલા નવ નયોમાં પર્યાયાર્થિક નય વગેરેમાં સમાવી લેતા હોય અને એ રીતે નયો નવ જ છે એમ પ્રતિપાદન કરતા હોય તો દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનો સાતમાં સમાવેશ કરીને નયો સાત જ છે, એમ માનતાં તેમને શું બાધ આવે છે ?

જે પ્રમાણે દ્રવ્યાર્થિક નયના દશ ભેદોમાં 'કર્મોપાધિ સાપેક્ષ જીવભાવ ગ્રાહક એવો એક ભેદ ગણાવ્યો છે, જે ભેદ દશમાંથી ચોથો છે. તે પ્રમાણે 'જીવ સંયોગ સાપેક્ષ પુદ્ગલ ભાવ-ગ્રાહક' એવો પણ એક ભેદ જુદો કેમ નથી ગણાવ્યો ? અને એ રીતે જુદા જુદા ભેદો ગણાવવામાં આવે તો અનંત ભેદો કરવા પડે. માટે વ્યર્થ ભેદ કરવાનો આગ્રહ એ મિથ્યા છે.

દિગમ્બર દેવસેન જ્યારે જુદા જુદા ભેદો છૂટા પાડીને તે સર્વને માન્ય રાખવા-રખાવવાનો આગ્રહ રાખે છે, તો તે નૈગમનયના અશુદ્ધ, અશુદ્ધતર, અશુદ્ધતમ, શુદ્ધ, શુદ્ધતર અને શુદ્ધતમ ભેદોને કેમ ગણાવતા નથી ? આ સર્વ ભેદો પ્રસ્થક વગેરે ઉદાહરણોથી જુદા જુદા સ્પષ્ટ સમજાય છે. જો આ ભેદોને તે છૂટા નથી પાડતા તો તે ભેદો શેમાં સમાય છે ? તે પણ કેમ નથી કહેતા ? એ કહેતા તેમને પ્રથમ માન્ય રાખેલા ભેદોનું અસ્તિત્વ ભયમાં મૂકાઇ જાય એમ છે, માટે નથી કહેતા એટલે નયો સાત જ છે પણ નવ નથી એ પ્રમાણે માનવું એ સત્ય અને તથ્ય છે.

નયની સમીપે રહેતા હોવાથી અને ઉપચારથી ગણાતા હોવાથી ત્રણ ઉપનયો છે, એવું દિગમ્બરોનું કથન પણ ભ્રાન્ત અને મિથ્યા છે. શાસ્ત્રસિદ્ધાન્તમાં ઉપનય જેવું કાંઇ છે નહિં. અનુયોગદ્વાર સૂત્રમાં નયો અને તેના ભેદો વર્ણવ્યા છે. સદ્ભૂત વ્યવહાર આદિ ત્રણ ઉપનયો જે દિગમ્બરો કહે છે, તેનો સમાવેશ નૈગમમાં-વ્યવહારમાં મોટે ભાગે થઇ જાય છે. સાત નય કરતાં જુદાપણું તેમાં કાંઇપણ નથી એટલે તેને-ઉપનયોને જુદા માનવાનું જરા પણ પ્રયોજન નથી.

ઉપચારથી માનવામાં આવતી માન્યતાઓ પણ વ્યવહાર-નયનો વિષય છે. જે માટે શ્રી તત્ત્વાર્થાધિગમસૂત્રના પ્રથમ અધ્યાયના પાંત્રીશમાં સૂત્રના ભાષ્યમાં-કે જે ભાષ્ય સૂત્રકારનું પોતાનું રચેલું છે, તેમાં વ્યવહારનયનું સ્વરૂપ દર્શાવતાં કહ્યું છે જે—

'लौकिकसम उपचारप्रायो विस्तृतार्थो व्यवहारः ॥'

લૌકિક સરખો, ઔપચારિક પદાર્થોને મોટે ભાગે માન્ય રાખતો અને પદાર્થોનો વિસ્તાર કરવામાં રસ ધરાવતો નય વ્યવહાર નય છે. (ઉપરની પંક્તિ પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજના ટબામાં સહજ ફેરફાર વાળી છે. તે આ પ્રમાણે 'उपचारबहुलो विस्तृतार्थो लौकिकप्रायो व्यवहारः' અર્થની અપેક્ષાએ કંઇપણ તફાવત નથી.) એટલે ઉપચારથી મનાતી હકીકતોનો સમાવેશ વ્યવહારનયમાં થઇ જાય છે, તેને માટે ઉપનય માનવાની જરૂર નથી.

બીજું તમે જે પ્રમાણે ઉપનયો માનવા-મનાવવાનો આગ્રહ ઘણો જ રાખો છો તે પ્રમાણે ઉપપ્રમાણ માનવા-મનાવવાનો આગ્રહ કેમ રાખતા નથી ? 'स्व-पर व्यवसायि ज्ञानं प्रमाणम्' એ પ્રમાણના લક્ષણે સર્વ પ્રકારે જે સમન્વિત હોય તે પ્રમાણ કહેવાય, પણ તેમાંના એકાદ અંશને જે સ્પર્શતું હોય તે પ્રમાણની સમીપે રહેતું હોવાથી ઉપપ્રમાણ કહેવાય. જ્ઞાનનો એક દેશ મતિજ્ઞાન કે મતિજ્ઞાનના એક દેશો-અવગ્રહાદિક ઉપપ્રમાણ તરીકે ગણાવી શકાય. ઇષ્ટાપત્તિ કરીને માની લેવાથી કાંઇ વળશે નહિં. કારણ કે એ પ્રમાણે જ્યાં જ્યાં મૂળ વસ્તુને

મળતી અને તેની સમીપે રહેતી હકીકતોને મૂળ વસ્તુથી છુટી પાડી–'ઉપ' લગાડીને માનતા થશો તો તમારા વ્યામોહનો પાર રહેશે નહિં. ઉપનિક્ષેપ, ઉપજ્ઞાન, ઉપદર્શન એમ કેટલા માનશો ? એટલે વસ્તુસ્થિતિને અનુસરીને નયો છે, પણ ઉપનયો નથી એમ માનવું એ શ્રેયસ્કર છે. બાકી તો ઉપનયોનો ખોટો વિસ્તાર એ દિગમ્બરોનો દુરાગ્રહ અને શિષ્યબુદ્ધિને બહેલાવવા માત્ર છે.

વ્યવહારઇં નિશ્ચય થકી રે, ન્યો ઉપચાર વિશેષ ?;
મુખ્ય વૃત્તિ જે એકની રે, તો ઉપચારી સેસ રે. ૨૦ પ્રાણી૦
તિણઇં ભાષ્યઇં ભાસિઉં રે, આદરિઇં નિરધાર;
તત્ત્વ અરથ નિશ્ચય ગ્રહઇં રે, જન અભિમત વ્યવહાર રે. ૨૧ પ્રાણી૦
અભ્યંતરતા બાહ્યનઇં રે, જે બહુ વિગતિ અભેદ;
નિરમલ પરિણતિ દ્રવ્યની રે, એ સવિ નિશ્ચય ભેદ રે. ૨૨ પ્રાણી૦
જેહ ભેદ છઇ વિગતિનો રે, જે ઉત્કટ પર્યાય;
કાર્ય નિમિત્ત અભિન્નતા રે, એ વ્યવહાર ઉપાય રે. ૨૩ પ્રાણી૦
ઇમ બહુ વિષય નિરાકરી રે, કરતાં તસ સંકોચ;
કેવલ બાલક બોધવા રે, દેવસેન આલોચ રે. ૨૪ પ્રાણી૦
ઇમ બહુવિધ નય ભંગ સ્યૂં રે, એક ત્રિવિધ પયત્થ;
પરખ્યો હરખ્યો હિયડલઇં રે, સુજસ લહી પરમત્થ રે. ૨૫ પ્રાણી૦

એક મુખ્ય છે અને બીજો ગૌણ–ઉપચાર છે, એવી કલ્પના પણ કેટલાક વિષયોમાં વજૂદ વગરની હોય છે. એવી કલ્પનાઓના કદાગ્રહમાં ફસાએલા ઘણી વખત સત્યથી બહુ દૂર ચાલ્યા જાય છે; નિશ્ચયનય મુખ્ય છે, વાસ્તવિક છે અને વ્યવહારનય મુખ્ય નથી, અવાસ્તવિક છે. ઉપચાર છે એવી માન્યતા દિગમ્બરો ધરાવે છે કે જે સત્યથી સદંતર વેગળી છે.

નિશ્ચયનયના ક્ષેત્રમાં નિશ્ચયનું જેટલું પ્રાધાન્ય છે તેટલું જ પ્રાધાન્ય વ્યવહાર નયના ક્ષેત્રમાં વ્યવહારનું છે. વ્યવહારનય ઉપચાર છે અને નિશ્ચયનય ઉપચાર નથી–વાસ્તવિક છે, એવો ભેદ સામાન્યપણે પાડી શકાય નહિં. બાકી તો જ્યારે જે નય પ્રાધાન્ય અનુભવતો હોય ત્યારે તેની અપેક્ષાએ બીજા સર્વ નયો ગૌણ બની જાય છે. નિશ્ચયનયની અપેક્ષાએ વ્યવહાર ગૌણ ગણાતો હોય તો વ્યવહારનયની અપેક્ષાએ નિશ્ચય પણ ગૌણ ગણાય છે, એ નિશ્ચિત છે. સંયોગ અને વિભાગ, નાનું અને મોટું, નજીક અને દૂર એ સર્વમાં એક મુખ્ય છે અન્ય ગૌણ છે, એમ કહી શકાય નહિં. એક–બીજામાં એક–બીજાની અપેક્ષા રહેલી જ છે. એટલે બન્ને સ્વતંત્ર પ્રધાનતા ભોગવે છે, માટે વ્યવહારના મંતવ્યોને ગૌણ જણાવીને તેને ઉપનય તરીકે વર્ણવવા એ માર્ગવિરુદ્ધ છે.

એ પ્રમાણે 'स्याद्अस्त्येव' એ પ્રમાણેના નયવાકયમાં અસ્તિત્વગ્રાહક નિશ્ચયનયમાં અસ્તિત્વ ધર્મની મુખ્યતા છે અને કાલ આદિ આઠનો અભેદપણે ઉપચાર છે, પણ તે સર્વ અસ્તિત્વની સાથે સંબંધ છે અને તે સર્વ સહિત ઉપરના વાકયનો અર્થ સમજવાનો છે. જો એમ કરવામાં આવે તો જ ઉપરોક્ત વાકય સકલાદેશ રૂપ નયવાકય ગણાય. બાકી જો એમ માનવામાં ન આવે તો-ઉપચારથી જણાતા ભાવોને સંબંધિત કરવામાં ન આવે તો ઉપરનું વાકય વિકલ બને, વિકલવાકય સકલાદેશમાં આવે પણ તે વિકલાદેશ નયવાકય બની જાય, જ્યારે ઉપરોક્ત વાકય સકલાદેશ નયવાકય છે એ સર્વસંમત છે. માટે ઉપચારને સ્થાન આપવું એ માર્ગ છે. આ હકીકત 'સ્યાદ્વાદ રત્નાકર' મહાગ્રંથમાં સ્પષ્ટ છે. બાકી તો પોતપોતાના અર્થમાં સત્યપણાનો દૃઢ આગ્રહ દરેક નયો અંદરોઅંદર રાખે છે. એટલે એક નય પોતાની વાત સત્ય છે એમ આગ્રહપૂર્વક જણાવે ત્યારે બીજા નયોની વાત ખોટી છે એમ માની લેવું એ ભૂલભરેલું છે, દુનિયામાં ખેંચાઈ જવા જેવું છે. પૂર્ણ સત્ય તો સમ્યગ્દર્શનને યોગે થાય છે અને તે સ્યાદ્વાદમાં રહેલું છે.

વસ્તુસ્થિતિ આ પ્રમાણે છે, માટે નિશ્ચયનય અને વ્યવહારનયનું સાચું લક્ષણ, સાચું સ્વરૂપ, વિશેષાવશ્યક ભાષ્યમાં જે પ્રમાણે પ્રરૂપ્યું છે, તે પ્રમાણે માનવું એ હિતકર અને સત્યપ્રાપ્તિનો માર્ગ છે. તે સ્વરૂપ આ પ્રમાણે છે.

तत्त्वार्थग्राही नयो निश्चयः, लोकाभिमतार्थग्राही व्यवहारः

તત્ત્વ અર્થ એટલે વાસ્તવિક અર્થ, યુક્તિસિદ્ધ પદાર્થ, લોકાભિમત એટલે લોક-વ્યવહારમાં પ્રસિદ્ધ પદાર્થ. જે નય મૂળભૂત પદાર્થોને માન્ય રાખે અને સમજાવે તે નિશ્ચયનય અને જે નય લોકપ્રસિદ્ધ પદાર્થોને માન્ય રાખે અને સમજાવે તે વ્યવહારનય.

શંકા—પ્રમાણ પણ તત્ત્વભૂત પદાર્થોને માન્ય રાખે છે અને સમજાવે છે અને નિશ્ચયનય પણ તત્ત્વાર્થને માન્ય રાખે છે અને સમજાવે છે તો નિશ્ચયનય અને પ્રમાણમાં તફાવત શો ?

સમાધાન—નિશ્ચયનય તત્ત્વાર્થગ્રાહી છે જ્યારે પ્રમાણ સકલ તત્ત્વાર્થગ્રાહી છે. નિશ્ચયમાં તત્ત્વાર્થનો અંશ આવે છે અને પ્રમાણમાં તત્ત્વાર્થના સકલ અંશો આવે છે. 'સ્યાત્'-ની અપેક્ષા પ્રમાણ રાખે છે અને નિશ્ચય રાખતું નથી એ તે બન્નેમાં ભેદ છે.

આ રીતે નિશ્ચયનય અને વ્યવહારનયની વિષયતા જુદી જુદી છે અને તે સ્વતંત્ર છે એ હકીકત અનુભવસિદ્ધ છે, એટલે એ બંન્નેમાં કોઇ પણ એકને મુખ્ય કે ગૌણ માની શકાય નહિં. અન્ય વાદીઓ જે પ્રમાણે જ્ઞાનમાં નહિં રહેતી છતાં સવિકલ્પક જ્ઞાનમાં રહેતી પ્રકારતા, વિશેષ્યતા, સંબંધિતા વગેરેને જુદી જુદી માને છે. કોઇને પણ મુખ્ય-ગૌણ જણાવતા નથી અને એ હકીકતને અનુભવસિદ્ધ સમજાવે છે. તે પ્રમાણે અહિં સમજવું અને સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવું.

બાહ્ય અર્થોના આકર્ષણમાં આસક્ત થએલા આત્માને તેમાંથી છોડાવીને અન્તરંગ

નિજગુણો પ્રતિ અભિમુખ કરવા માટે નિશ્ચયનય બાહ્ય અર્થોનું અવાસ્તવપણું સમજાવે, બાહ્ય અર્થો ઔપચારિક છે–મિથ્યા છે એમ પણ કહે પણ તેથી બાહ્ય પદાર્થો ખરેખર નથી એમ માની લેવાની મૂર્ખતા કે મૂઢતા કરવા જેવું નથી. નિશ્ચયનય પોતાનું કાર્ય કરતો હોય ત્યારે તેને કરવા દેવું એ જુદું છે અને તેને જ સંપૂર્ણ સત્ય માનીને અન્યનો અપલાપ કરવો એ જુદું છે.

શ્રી પુંડરીક અધ્યયનમાં અને અન્ય આગમ ગ્રન્થોમાં નિશ્ચયનયને અનુલક્ષીને કરાએલા કેટલાક સુંદર વર્ણનો મળે છે. તે આ પ્રમાણે—

समाधिर्नन्दनं धैर्यं, दम्भोलिः समता शची। ज्ञानं महाविमानञ्च, वासवश्रीरियं मुनेः ॥१॥

ઇત્યાદિ. સમાધિ એ નંદનવન છે, ધૈર્ય એ વજ્ર છે, સમતા એ ઇન્દ્રાણી છે અને જ્ઞાન એ મહાવિમાન છે, આ પ્રમાણે મુનિની ઇન્દ્રસંપત્તિ છે. અને આ પ્રકારના વચનોથી ખરેખર અન્ય કોઇ ઇન્દ્રાદિ નથી એમ કેમ માની શકાય!

ઘણી વ્યક્તિઓનું વ્યક્તિત્વ ઉડાડી દઇને તે સર્વનો એકમાં સમાવેશ કરીને સમજાવવું એ પણ નિશ્ચયનયનું કાર્ય છે.

'णो आया' આત્મા નથી એ પ્રમાણે જે વેદાન્તદર્શન કહે છે, તે પણ શુદ્ધસંગ્રહ નયાદેશ રૂપ શુદ્ધ નિશ્ચયનયને અવલંબીને છે. એ વાત 'સમ્મતિતર્ક' મહાગ્રન્થમાં સ્પષ્ટ છે.

વળી દ્રવ્યની જે શુદ્ધ–નિર્મળ પરિણતિ તે પણ નિશ્ચયનયનો અર્થ છે. આ પરિણતિ બાહ્ય પરિણામની અપેક્ષા રાખતી નથી એટલે એ પરિણતિ આત્માને જ સામાયિક માને છે. આત્મા જ સામાયિકનો અર્થ છે એમ કહે છે. **'आया सामाइए, आया सामाइअस्स अट्ठे'** ઇત્યાદિ સૂત્રવચનો ઉપર પ્રમાણે નિશ્ચયનયને અનુલક્ષીને યથાર્થ અને સંગત છે.

આમ જે જે લોકવ્યવહારથી પર એવા અર્થો જણાય છે તે નિશ્ચયનયને આશ્રયીને છે એમ વિચારવું અને તેથી લોકોત્તર અર્થની ભાવના કેળવવી પણ એથી વ્યવહારમાન્ય કાંઇ નથી જ એમ વિચારવું નહિં. કારણ કે, વ્યવહારના ક્ષેત્રમાં તેને પુષ્ટ કરતાં પણ પારાવાર સાધક પ્રમાણો મળે છે.

વ્યવહારનય વ્યક્તિનો ભેદ દર્શાવે છે. દ્રવ્યો છ છે, જીવો અનંત છે. **'अनेके द्रव्याणि, अनेके जीवाः'** વગેરે વચનો વ્યવહારને આશ્રયીને છે. સિદ્ધાન્તમાં પણ કહ્યું છે કે, નિશ્ચયનયથી ભમરો પાંચ વર્ણનો હોવા છતાં વ્યવહારનયથી શ્યામ–કાળો છે. તે સિદ્ધાંતવચન આ પ્રમાણે છેઃ **'णिच्छयणएणं पंचवण्णे भमरे, ववहारणएण कालवण्णे'** વ્યવહારનય કેટલેક સ્થળે કાર્ય અને કારણને એક–અભેદ માને છે જેમ કે ઘી એ જીવન છે. દૂધ એ વીર્ય છે. **आयुर्घृतम्, पयो वीर्यम्,** ઇત્યાદિ અહિં ઘી એ જીવન નથી પણ જીવનનું કારણ સાધન છે. દૂધ એ વીર્ય નથી પણ વીર્યનું નિમિત્ત–કારણ છે. ડુંગર સળગે છે અને કુંડી ઝરે છે, એ વાક્યોમાં ડુંગર ઉપરનું ઘાસ સળગતું હોય છે અને કુંડીમાંનું પાણી ઝરતું હોય છે છતાં

गिरिर्दह्यते, कुण्डिका स्रवति જે કહેવાય તે સર્વ વ્યવહારનય આશ્રયીને છે અને તે યથાર્થ છે પણ મિથ્યા નથી. આમ વ્યવહારનય લોકમાં અનેક પ્રકારે પ્રવર્તે છે, તે માન્ય છે–સત્ય છે.

દિગમ્બર દેવસેને નયચક્રગ્રન્થમાં નિશ્ચયનય અને વ્યવહારનયને જે રીતે વર્ણવ્યા છે તે જોતાં તેમાં તે બન્નેનું મર્મગ્રાહી સ્વરૂપ સદન્તર નથી આપ્યું–આપ્યું છે તે પણ ઘણું થોડું અને છીછરું છે. આવશ્યક ઘણા સ્વરૂપો જે તેમાં રહી ગયા છે તે દેવસેનનો અબોધ સૂચવે છે, અથવા નિજસમા બાલજીવોને સમજાવવા પૂરતો તેનો આ પ્રયાસ છે, એમ સમજાવે છે. પણ સર્વ–ઉપલબ્ધ સર્વસ્વરૂપ સમજાવવાનો તેનો આશય નથી એ સ્પષ્ટ લાગે છે.

આ બન્ને નયોનું શુદ્ધ સાંગોપાંગ સ્વરૂપ શ્વેતામ્બર સંપ્રદાયના માન્ય નયગ્રન્થોના અભ્યાસે જ જણાય એવું છે. આ સ્વરૂપ સમજવા માટે તે તે ગ્રન્થોનું અધ્યયન કરવું જરૂરી છે. એ વગર આ સંબંધમાં કાંઈપણ બોલવું એ દુઃસાહસ છે.

નયવિચારણા ઘણી જ ગંભીર છે, તેનો વિસ્તાર ઘણો છે. એટલે નયોનું સ્વરૂપ સમજવા માટે બુદ્ધિને સ્થિર અને સૂક્ષ્મ રાખવાની પરમ આવશ્યકતા છે. માટે જ દેવસેને કહેલ નયસ્વરૂપ અને દિગમ્બર માન્ય નય–પ્રક્રિયા સર્વથા અને સર્વ ખોટી છે એમ અહિં કહ્યું નથી અને એમ કહેવાનો આશય પણ નથી, પણ અહિં જે પ્રરૂપણ કર્યું છે તેનો આશય એ છે કે, એ પ્રક્રિયામાં જે કાંઇ યુક્તિયુક્ત છે તે માન્ય રાખીને જે યુક્તિસંગત નથી, વ્યર્થ છે, મિથ્યા છે, તે દૂર કરવું, તેનું પ્રમાર્જન કરવું એ પ્રમાણે અહીં કરવામાં આવ્યું છે.

આ રીતે અનેક પ્રકારે નયભંગોદ્વારા એક પદાર્થને દ્રવ્ય–ગુણ અને પર્યાયસ્વરૂપે વિચારવો, સ્થિર કરવો, સ્વસમય અને પરસમયનો ભેદ જાણીને હૃદયમાં આહ્લાદ ધારણ કરવો.

સ્વસિદ્ધાન્ત અને પરસિદ્ધાન્તના અન્તર તફાવતો જાણવાપૂર્વક પદાર્થોની વિચારણા કરવાથી જ્ઞાનની નિર્મળતા વધે છે, એવા નિર્મળ અને નિશ્ચયવાળા સમ્યગ્જ્ઞાનીનું કથન ગ્રાહ્ય-ઉપાદેય બને છે. એવા મહાજ્ઞાનીનો વિશુદ્ધ યશ વિશ્વમાં વિસ્તાર પામે છે.

★

ઢાળ આઠમી ટબ્બાર્થ.

(૧) પ્રથમ અધ્યાત્મ ભાષાએ બે (૨) નય કહિયા. એક નિશ્ચયનય, બીજો વ્યવહારનય. તિહાં નિશ્ચયનય દ્વિવિધ કહિઓ. એક શુદ્ધ નિશ્ચયનય, બીજો અશુદ્ધ નિશ્ચયનય. હે પ્રાણી આગમનાં ભાવ પરખીને ગ્રહો. ૧.

(૨) જીવ તે કેવલજ્ઞાનાદિરૂપ છે, ઇમ જે નિરુપાધિ કહિએ, કર્મોપાધિ રહિત કેવલજ્ઞાનાદિ શુદ્ધ વિષય લઇ, આત્માને અભેદ દેખાડીએ. તે શુદ્ધ નિશ્ચયનય, મતિજ્ઞાનાદિક અશુદ્ધ ગુણને આત્મા કહિએ, તે અશુદ્ધ નિશ્ચયનય. ૨.

(૩) નિશ્ચયનય તે અભેદ દેખાડે, વ્યવહારનય તે ભેદ દેખાડે છે. વ્યવહારનયના બે (૨) ભેદ કહ્યાં છે. એક સદ્ભૂત વ્યવહાર. બીજો અસદ્ભૂત વ્યવહાર. એક વિષય કહેતાં એક દ્રવ્યાશ્રિત. તે સદ્ભૂત વ્યવહાર. પરવિષય તે અસદ્ભૂત વ્યવહાર. ૩.

(૪) પહેલો જે સદ્‌ભૂત વ્યવહાર તે (૨) બે પ્રકારે છે. એક ઉપચરિત સદ્‌ભૂત વ્યવહાર, બીજો અનુપચરિત સદ્‌ભૂત વ્યવહાર. સોપાધિ ગુણ-ગુણિ ભેદ દેખાડીએ. તિહાં પ્રથમ ભેદ, જેમ '**जीवस्य मतिज्ञानम्**' ઉપાધિ તેહજ ઇહાં ઉપચાર. ૪

(૫) નિરુપાધિક ગુણ-ગુણિ ભેદે બીજો ભેદ, યથા '**जीवस्य केवलज्ञानम्**' ઇહાં ઉપાધિરહિતપણું, તેહજ નિરુપચારપણું, જાણવું. ૫

(૬) અસદ્‌ભૂત વ્યવહારના એમજ બે (૨) [ભેદ] છે, એક ઉપચરિતાસદ્‌ભૂત વ્યવહાર, બીજો અનુપચરિતાસદ્‌ભૂત વ્યવહાર. પહેલો ભેદ અસંશ્લેષિતયોગે કલ્પિત સંબંધે હોય, જેમ 'દેવદત્તનું ધન' ઇહાં ધન દેવદત્તને સંબંધ સ્વસ્વામિભાવરૂપ કલ્પિત છે, તે માટે ઉપચાર, દેવદત્ત ને ધન એક દ્રવ્ય નહીં તે માટે અસદ્‌ભૂત, એમ ભાવના કરવી. ૬

(૭) બીજો ભેદ સંશ્લેષિતયોગે-કર્મ જ સંબંધે જાણવો. જેમ 'આત્માનું શરીર' આત્મ-દેહનો સંબંધ, ધન સંબંધની પરિકલ્પિત નથી. વિપરીત ભાવનાએ નિવર્તે નહીં, યાવજ્જીવ રહે તે માટે અનુપચરિત અને ભિન્ન વિષય માટે અસદ્‌ભૂત જાણવો.

એ નય-ઉપનય દિગંબર દેવસેનકૃત નયચક્ર માંહે કહ્યા છે, બે (૨) મૂલ નય સહિત. ૭

(૮) ઇહાં યદ્યપિ અમ્હારે-શ્વેતામ્બરને થૂલ-કહેતાં મોટો, વિષયભેદ-કહેતાં અર્થનો ફેર નથી, તો પણ મૂલ-કહેતાં પ્રથમથી ઉલટી-વિપરીત પરિભાષા-શૈલી કરી, તે દાખે છે-ખેદ કરે છે.

यद्यपि न भवति हानिः परकीयां चरति रासभे द्राक्षाम्।
असमञ्जसं तु दृष्ट्वा, तथापि परिखिद्यते चेतः ॥ १ ॥ इति वचनात् ८

(૯) તે બોટિકની ઉલટી પરિભાષા દેખાડિએ છે—

તત્ત્વાર્થસૂત્રે સાત (૭) નય કહિયા છે, અને આદેશાંતર-કહેતાં મતાંતર તેહથી પાંચ (૫) નય કહિયા છે. **सप्त मूलनयाः पञ्च इत्यादेशान्तरम्** એ સૂત્રે સાંપ્રત, સમભિરૂઢ, એવંભૂત એ ત્રણ (૩) ને શબ્દ એક નામે સંગ્રહિએ, તે વારે-પ્રથમ ચાર સાથે પાંચ કહિએ. અત એવ—એકેકના ૧૦૦ ભેદ હુએ છે, તિહાં પણ ૭૦૦ તથા ૫૦૦ ભેદ, એમ બે (૨) મત કહિયા છે.

यथोक्तमावश्यके—

इक्किक्को य सयविहो, सत्तसया णया हवंति एमेव।
अण्णो वि हु आएसो, पंचेव सया णयाणं तु ॥ १ ॥

એહની શાસ્ત્રરીતિ છોડી, અંતર્ભાવિત-સાતમાંહે ભેલ્યા. જે દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક તે ઉહરી અલગા કાઢી, નવ નય કહિયા, તે શ્યો પ્રપંચ? ચતુર મનુષ્ય વિચારી જુઓ. ૯

(૧૦) ૬મ એ કરતાં પર્યાયાર્થ, દ્રવ્યાયાર્થનય જો તુમ્હે અલગા દીઠા, અને નવ (૯) નય કહિયા. તો અર્પિત, અનર્પિત નય અલગા કરીને અગીઆર (૧૧) નય કેમ ન વાંછ્યા? ૧૦

(૧૧) હવે, એમ કહેશ્યો જે '**अर्पितानर्पितसिद्धेः**' ઇત્યાદિ તત્ત્વાર્થ સૂત્રાદિકમાંહે જે અર્પિત-અનર્પિત નય કહિયા છે; તે અર્પિત-કહેતાં વિશેષ કહીએ, અનર્પિત-કહેતાં સામાન્ય કહીએ. અનર્પિત સંગ્રહમાંહે ભિલે, અર્પિત વ્યવહારાદિક વિશેષનયમાંહે ભિલે. તો આદિ-અંત-કહેતાં પહિલા-પાછલા નયના થોકડાં માંહે એહ દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક નય કેમ નથી ભેલતાં? જેમ સાત જ મૂળ નય કહેવાય છે, તે વચન સુબદ્ધ રહે. ૧૧

(૧૨) સાત (૭) નય મધ્યે દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક ભેળ્યાની આચાર્યમત પ્રક્રિયા દેખાડે છે.

અંતિમા-કહેતાં છેહલા, જે ત્રણ (૩) ભેદ શબ્દ, સમભિરૂઢ, એવંભૂતરૂપ તે પર્યાયનય કહિએ. પ્રથમ ચાર (૪) નય નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર લક્ષણ તે દ્રવ્યાર્થિક નય કહિએ. એમ **જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ** પ્રમુખ સિદ્ધાંતવાદી આચાર્ય કહે છે. મહાભાષ્ય-કહેતાં વિશેષાવશ્યક તે મધ્યે નિર્ધારે. ૧૨

(૧૩) હવે **સિદ્ધસેન દિવાકર, મલ્લવાદી,** પ્રમુખ તર્કવાદી આચાર્ય એમ કહે છે જે પ્રથમ ત્રણ (૩) નય ૧ નૈગમ, ૨ સંગ્રહ, ૩ વ્યવહાર લક્ષણ તે દ્રવ્યનય કહિએ. ઋજુસૂત્ર ૧, શબ્દ ૨, સમભિરૂઢ ૩, એવંભૂત ૪. એ ચાર (૪) નય પર્યાયાર્થિક કહિએ.

દ્રવ્યાર્થિકમતે 'સર્વે, પર્યાયાઃ ખલુ કલ્પિતાઃ।
[તેષુ] તેષ્વન્વયિ દ્રવ્યં, કુણ્ડલાદિષુ હેમવત્ ॥ ૧॥
પર્યાયાર્થમતે 'દ્રવ્યં, પર્યાયેભ્યોઽસ્તિ નો પૃથક્।
યત્તૈરર્થક્રિયા દૃષ્ટા, નિત્યં કુત્રોપયુજ્યતે ॥ ૨॥ ઇતિ ॥

દ્રવ્યાર્થપર્યાયાર્થનયલક્ષણાત્ અતીતાનાગતપર્યાયાપ્રતિક્ષેપી ઋજુસૂત્રઃ શુદ્ધમર્થપર્યાયં મન્યમાનઃ કથં દ્રવ્યાર્થિકઃ સ્યાદ્ ? ઇત્યેતેષામાશયઃ। તે આચાર્યને મતે ઋજુસૂત્રનય દ્રવ્યાવશ્યકને વિષે લીન ન સંભવે.

તથા ચ ' ઉજ્જુસુઅસ્સ એગે અણુવઉત્તે એગં દવ્વાવસ્સયં પુહુત્તં ણેચ્છઇ અનુયોગદ્વારસૂત્રવિરોધઃ।

વર્તમાન પર્યાયાધારાંશદ્રવ્યાંશ પૂર્વાપર પરિણામ સાધારણ ઊર્ધ્વતાસામાન્ય દ્રવ્યાંશ સાદૃશ્યારિતત્વ-રૂપ તિર્યક્સામાન્ય દ્રવ્યાંશ એહમાં એકે પર્યાયનય ન માને તો ઋજુસૂત્ર પર્યાયનય કહતાં-એ સૂત્ર કેમ મિલે ? તે માટે ' ક્ષણિક દ્રવ્યવાદી સૂક્ષ્મ ઋજુસૂત્ર તત્તદ્વર્તમાન પર્યાયાપન્ન દ્રવ્યવાદી સ્થૂલઋજુસૂત્ર-નય કહેવો. ' એમ સિદ્ધાંતવાદી કહે છે.

' અનુપયોગદ્રવ્યાંશમેવ સૂત્રપરિભાષિતમાદાયોક્તસૂત્રં તાર્કિકમતેનોપપાદનીયમ્' ઇત્યસ્મદેક-પરિશીલિતઃ પન્થાઃ। ૧૩

(૧૪) ૪મ અન્તર્ભાવિત કહેતાં-સાત (૭) માંહે ભેલ્યા, જે દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક તેહનો અલગો ઉપદેશ કેમ કરિઓ ? જો એમ કહેસ્યો ' મતાંતરે પાંચ (૫) નય કહિયે છે, તેહમાં બે (૨) નય ભળ્યા; તેહનો-સાત (૭) નય કરતાં જેમ અળગો ઉપદેશ છે, તેમ અમ્હારે દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિકનો અળગો ઉપદેશ હુસ્યે ' તો શબ્દ સમભિરૂઢ, એવંભૂતને જેમ વિષયભેદ છે, તેમ દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિકનો સાત (૭) નયથી ભિન્ન વિષય દેખાડો. ત્રણ (૩) નયને એક સંજ્ઞાએ સંગ્રહી પાંચ (૫) નય કહ્યા છે. પણ વિષય ભિન્ન છે, ઇહાં વિષય ભિન્ન નથી.

જે દ્રવ્યાર્થિકના દશ (૧૦) ભેદ દેખાડ્યા તે સર્વ શુદ્ધાશુદ્ધ સંગ્રહમાંહિ આવે. જે ૭ (૬) ભેદ પર્યાયાર્થિકના દેખાડ્યા, તે સર્વ ઉપચરિતાનુપરિત વ્યવહાર, શુદ્ધાશુદ્ધ ઋજુસૂત્રાદિકમાંહિ આવે. ' **ગોબલિવર્દ** ' ન્યાયે વિષયભેદે ભિન્ન નય કહીએ તો ' **સ્યાદસ્ત્યેવ, સ્યાન્નાસ્ત્યેવ** ' ઇત્યાદિ સપ્તભંગી મધ્યે કોટિપ્રકારે અર્પિતાનર્પિત સત્ત્વાસત્ત્વગ્રાહક નય પ્રક્રિયા ભાંજે એ પંડિતે વિચારવું. ૧૪.

(૧૫) ' જો વિષયભેદે નયભેદ કહેસ્યો, તો સામાન્ય નૈગમ, સંગ્રહમાં, વિશેષ-નૈગમ વ્યવહારનયમાં ભેલતાં ૭ (૬) જ નય થઈ જાસ્યે ' એહવી શિષ્યની શંકા ટાળવાને અર્થે કહે છે.

યદ્યપિ સંગ્રહનય-વ્યવહારનયમાંહે જ સામાન્ય વિશેષ ચર્ચા એ નૈગમનય ભળે છે, તો પણ કિહાંઇક પ્રદેશાદિ દ્રષ્ટાંત સ્થાને ભિન્ન થાયે છે. **उक्तं च—**

छण्हं तह पंचण्हं, पंचविहो तह य होइ भयणिज्जो ।
तम्मि य सोय पएसो, सो चेव ण चेव सत्तण्हं ॥ १ ॥ इत्यादि ।

તે માટે કિહાંઇક ભિન્ન વિષયપણાથી નૈગમનય ભિન્ન કહ્યો. એ તો બે (૨) નય દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક, નૈગમાદિકનયથી અભિન્ન વિષય છે. તો તે અળગા કરીને નવ ભેદ નયના કેમ કહીએ? ૧૫

(૧૬) એમ કરતાં નવ (૯) નય દેખાડતાં વિભક્તનો વિભાગ થાય-વહેંચ્યાનું વહેંચવું થાય તે વારે **जीवा द्विधा, संसारिणः सिद्धाः [च] संसारिणः पृथिवीकायिकादिपञ्चभेदाः, सिद्धाः पञ्चदशभेदाः ।** એ રીતે **' नयो द्विधा, द्रव्यार्थिक-पर्यायार्थिकभेदात् । द्रव्यार्थिकस्त्रिधा नैगमादिभेदात् । ऋजुसूत्रादिभेदात चतुर्धा पर्यायास्तिकः । '** એમ કહ્યું જોઇએ. પણ **' नव नयाः '** એમ એક વાકયતાએ વિભાગ કીધો તે સર્વથા મિથ્યા જાણવો. નહિં તો **' जीवाः संसारिणः सिद्धाः '** ઇત્યાદિ વિભાગ વાકય પણ થાવા પામે.

હવે કોઇ કહેશ્યે જે **'जवाजीवौ तत्त्वम्'** એમ કહેતાં અનેરાં તત્ત્વ આવ્યા. તો પણ સાત (૭) તત્ત્વ, નવ (૯) તત્ત્વ કહીએ છે, તેમ **'द्रव्यार्थिक-पर्यायार्थिकौ नयौ'** એમ કહેતાં અનેરા નય આવે છે. તોહિં અમ્હે સ્વપ્રક્રિયાએ નવ નય કહેશ્યું.'

તેહને કહીએ જે-તિહાં પ્રયોજન ભેદે ભિન્ન ભિન્ન તત્ત્વવ્યવહાર માત્ર સાધ્ય છે, તે તેમજ સંભવે ઇહાં-ઇતર વ્યાવૃત્તિ સાધ્યા છે, તે હેતુ કોટિ અનપેક્ષિત ભેદ પ્રવેશે વૈયર્થ્ય દોષ હોય. તત્ત્વપ્રક્રિયાએ એ પ્રયોજન છે. જીવ, અજીવ એ બે (૨) મુખ્ય પદાર્થ ભણી કહેવા. બંધ, મોક્ષ મુખ્ય હેય ઉપાદેય છે તે ભણી. બંધકારણ ભણી આશ્રવ, મોક્ષ મુખ્ય પુરુષાર્થ છે તે માટે, તેહનાં બે (૨) કારણ સંવર, નિર્જરા કહેવાં એ સાત (૭) તત્ત્વ કહેવાની પ્રયોજન પ્રક્રિયા. પુણ્ય, પાપરૂપ શુભાશુભ બંધભેદ વિગતિં અલગા કરી એહજ પ્રક્રિયા નવ (૯) તત્ત્વ કથનની જાણવી. ઇહાં દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક ભિન્નોપદેશનું કોઇ પ્રયોજન નથી. ૧૬

(૧૭) તે માટે **'सत्तमूलणया पन्नत्ता'** એહવું સૂત્રે કહ્યું છે, તે ઉલ્લંઘી નવ (૯) નય કહીએ, તો આપણાં ઘરનું સૂત્ર કેમ રહે? તે માટે **'नवनयाः'** કહેતો **देवसेन** ભોટિક ઉત્સૂત્રભાષી જાણવો. ૧૭

(૧૮) ઇહાં **नयचक्र ग्रंथ** માંહે દિગંબરે દ્રવ્યાર્થિક દશ (૧૦) ભેદાદિક કહ્યાં, તે પણ ઉપલક્ષણ જાણો. નહીં તો પ્રદેશાર્થનય કુણ હામે આવે? એ વિચારજો.

उक्तं च सूत्रे—'दव्वट्ठयाये, पएसट्ठयाए, दव्वट्ठपएसट्ठयाए' इत्यादि ।

તથા કર્મોપાધિ સાપેક્ષ જીવ ભાવગ્રાહક દ્રવ્યાર્થિક જેમ કહ્યો, તેમ જીવ સંયોગ સાપેક્ષ પુદ્ગલ ભાવગ્રાહક નય પણ ભિન્ન કહેવો જોઇએ. એમ અનંતભેદ થાય. તથા પ્રસ્થકાદિ દૃષ્ટાંતે નૈગમાદિકના અશુદ્ધ, અશુદ્ધતર, અશુદ્ધતમ, શુદ્ધ, શુદ્ધતર. શુદ્ધતમાદિ ભેદ કિહાં સંગ્રહીયા જાય? 'ઉપચાર માટે તે ઉપનય કહિએ' તો અપસિદ્ધાંત થાય. **अनुयोगद्वारे** તેં નયભેદ દેખાડ્યા છે. ૧૮

(૧૯) એહજ દ્રઢે છે—ઉપનય પણ કહ્યા, તે નયવ્યવહાર, નૈગમાદિકથી અળગા નથી. **उक्तं च तत्त्वार्थसूत्रे 'उपचारबहुलो, विस्तृतार्थो लौकिकप्रायो व्यवहारः' (१. ३५.) इति ।** એમ કરતાં નય ભેદને જો ઉપનય કરી માનશ્યો તો **'स्वपर व्यवसायि ज्ञानं प्रमाणम्'** એ લક્ષણે લક્ષિત જ્ઞાનરૂપ પ્રમાણનો એક દેશ મતિજ્ઞાનાદિક, અથવા તદ્દેશ અવગ્રહાદિક તેહને ઉપપ્રમાણ પણ કાં નથી કહેતાં? **तस्मात्**—નય, ઉપનય એ પ્રક્રિયા ભોટિકની શિષ્ય બુદ્ધિબંધન માત્ર જાણવી. ૧૯.

(૨૦) વ્યવહારને વિષે ઉપચાર છે, નિશ્ચય માંહે ઉપચાર નથી, એ પણ સ્યો વિશેષ ? જે વારે એક નયની મુખ્ય વૃત્તિ લેઇએ, તે વારે બીજા નયની ઉપચારવૃત્તિ આવે, અત એવ-' **स्यादस्त्येव** ' એ નય વાકયે અસ્તિત્વ ગ્રાહક નિશ્ચયનયે, અસ્તિત્વધર્મ મુખ્યવૃત્તિ લેતાં, કાલાદિક આઠે (૮) અભેદ-વૃત્ત્યુપચારે અસ્તિત્વ સંબદ્ધ સકલ ધર્મ લેતાં જ **સકલાદેશરૂપ** નયવાકય થાય. [૧]**आकर**-ગ્રન્થે એમ પ્રસિદ્ધ છે. 'સ્વસ્વાર્થે સત્યપણાનો અભિમાન તો સર્વ નયને માંહોમાંહે છે જ. [૨]ફલથી સત્યપણું તો સમ્યગ્દર્શન યોગે જ છે.' ૨૦

(૨૧) તે માટે નિશ્ચય, વ્યવહારનું લક્ષણ **ભાષ્યે**-વિશેષાવશ્યકે કહ્યું છે, તેમ નિરધારો. **'तत्त्वार्थग्राही नयो निश्चयः, लोकाभिमतार्थग्राही व्यवहारः' तत्त्वअर्थ**-તે યુક્તિસિદ્ધ અર્થ જાણવો. **लोकाभिमत**-તે વ્યવહાર પ્રસિદ્ધ. યદ્યપિ પ્રમાણે તત્ત્વાર્થગ્રાહી છે; તથાપિ-પ્રમાણ સકલતત્ત્વાર્થગ્રાહી, નિશ્ચયનય-એકદેશ તત્ત્વાર્થગ્રાહી[૩] એ ભેદ જાણવા. નિશ્ચયનયની વિશેષતા અને વ્યવહારનયની વિષયતા જ અનુભવસિદ્ધ ભિન્ન છે, અંશજ્ઞાન[૪] ન નિષ્ઠ. જેમ સવિકલ્પ જ્ઞાનનિષ્ઠ પ્રકારતાદિક અન્યવાદી ભિન્ન માને છે, એમ હૃદયમાંહે વિચારવું. ૨૧.

(૨૨) જે બાહ્ય અર્થને ઉપચારે અભ્યંતરપણું કરીએ, તે નિશ્ચયનયનો અર્થ જાણવો.

यथा—समाधिर्नन्दनं धैर्य्यं, दम्भोलिः समता शची।
ज्ञानं महाविमानं च, वासवश्रीरियं मुनेः ॥१॥ ઇત્યાદિ.

श्री पुण्डरीकाध्ययनाद्यर्थोऽप्येवं भावनीयः। જે ઘણી વ્યક્તિનો અભેદ દેખાડે. તે પણ નિશ્ચયનયાર્થ જાણવો. જેમ **'णो आया'** ઇત્યાદિ સૂત્ર. **वेदांतदर्शन** પણ શુદ્ધ સંગ્રહનયાદેશરૂપ શુદ્ધ નિશ્ચયાર્થ **संमति** ગ્રંથે કહ્યું છે. તથા દ્રવ્યની જે નિર્મળ પરિણતિ-બાહ્ય નિરપેક્ષ પરિણામ તે પણ નિશ્ચયનયનો અર્થ જાણવો. જેમ **'आया सामाइए, आया सामाइअस्स अट्ठे'**। એમ જે જે રીતે લોકાતિક્રાંત અર્થ પામીએ તે તે નિશ્ચયનયનો ભેદ થાય. તેહથી લોકોત્તરાર્થ ભાવના આવે. ૨૨

(૨૩) જેહ વ્યક્તિનો ભેદ દેખાડે **' अनेकानि द्रव्याणि ' अनेके जीवाः'** ઇત્યાદિ રીતે, તે વ્યવહારનયનો અર્થ તથા ઉત્કટ પર્યાય જાણીએ, તે પણ વ્યવહારનયનો અર્થ **अत एव ' णिच्छयणअेण पंचवण्णे भमरे, ववहारणएण कालवण्णे '** ઇત્યાદિ સિદ્ધાંતે પ્રસિદ્ધ છે, તથા કાર્યને નિમિત્ત કહેતાં કારણ એહોને અભિન્નપણું કહીએ, તે પણ વ્યવહારનયનો ઉપાય છે. જેમ **' आयुर्घृतम् '** ઇત્યાદિ કહિએ. એમ **गिरिर्दह्यते, कुण्डिका स्रवति** ' ઇત્યાદિક વ્યવહાર ભાષા અનેકરૂપ કહે છે. ૨૩

(૨૪) એહવા નિશ્ચયનય, વ્યવહારનયનાં ઘણાં અર્થ નિરાકરી કહેતાં ટાળી તેહનો સંક્ષેપ કહેતાં થોડા ભેદ દેખાડતાં, **नयचक्र** ગ્રંથકર્તા જે **देवसेन** તેહનો આલોચ આપ સરખા કેટલાએક બાલ બોધવાનો જ દીસે છે. પણ સર્વાર્થ નિર્ણયનો આલોચ નથી દીસતો. શુદ્ધ નયાર્થ તે **श्वेतांबर संप्रदाय** શુદ્ધ નયગ્રંથને અભ્યાસે જ જણાએ. એ ભાવાર્થ. ૨૪

(૨૫) એ પ્રક્રિયામાંહે પણ જે યુક્તિ સિદ્ધિ અર્થ છે, તે અશુદ્ધ ટાળીને ઉપપાદિયું છે. તે માટે એ રીતે બહુ પ્રકાર નયભંગે એક જ અર્થ **त्रिविध** કહેતાં દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ પરખો-સ્વસમય, પર સમયનો અંતર જાણી હૃદયને વિષે ધરખો. પરમાર્થ જ્ઞાન યશ પામીને. ૨૫

ઢાળ આઠમી સમાપ્ત.

★

---

૧ **स्याद्वादरत्नाकरे इति तर्कणायाम्**। ૨ ફલાર્થથી પા.। ૩ વ્યવહાર પા०। **व्यवहारश्च तर्कणा**। ૪ અંશતા ન નિષ્ઠ. ૫ અસતા ન નિષ્ઠા (તર્કણા)।

ઢાળ ૯ મી

(દેશી વીંછીયાની, ઇમ ધન્નો ધણને પરિચાવે—એ દેશી.)

એક અરથ તિહું લક્ષણે, જિમ સહિત કહઇ જિનરાજ રે;
તિમ સદ્દહણા મનિ ધારતા, સીઝઇ સઘળા શુભ કાજ રે. ૧
જિનવાણી પ્રાણી સાંભળો.

ઉત્પાદ વ્યય ધ્રુવ પણઇં, છઇં સમય સમય પરિણામ રે;
ષટ્ દ્રવ્યતણો પ્રત્યક્ષથી, ન વિરોધતણો એ ઠામ રે. ૨ જિન૦

ઘટ મુકુટ સુવર્ણહ અર્થિઆ, વ્યય ઉતપતિ થિતિ પેખંત રે;
નિજ રૂપ હોવઇં હેમથી, દુઃખ–હર્ષ–ઉપેક્ષાવંત રે. ૩ જિન૦

વિશ્વમાં અનેકવિધ ભાવો જોવામાં આવે છે. દેખાતા જુદા જુદા ભાવો–પદાર્થો વ્યક્તિગત ગણવામાં આવે તો પાર ન આવે એટલા છે–અનંતા છે.

વિશ્વમાં વિદ્યમાન સર્વ પદાર્થોને મુખ્ય વિભાગમાં વહેંચી નાંખવામાં આવે તો તેના છ વિભાગ પડે. તે આ પ્રમાણે—૧ જીવ, ૨ અજીવ (પુદ્ગલ) ૩ ધર્માસ્તિકાય, ૪ અધર્માસ્તિકાય, ૫ આકાશાસ્તિકાય, ૬ કાળ, આ છ પદાર્થો સત્ છે. આ છ થી અધિક કોઇ પણ પદાર્થ નથી.

'સત્' નું સ્વરૂપ શું ? એ ચર્ચામાં જુદા જુદા દર્શનકારો ખૂબ જ ગૂંચવાયા છે. यत् सत् तत् क्षणिकम् એ પ્રમાણે કહીને બૌદ્ધદર્શન જે ક્ષણિક હોય તે 'સત્' કહેવાય એમ માને છે, અને વિસ્તારથી એ માન્યતાને પુષ્ટ કરતાં ગ્રન્થો લખે છે.

બીજી બાજુ તેનાથી ઉલટું વેદાન્તદર્શન નિત્ય એકાન્તે નિત્યને 'સત્' માને છે. અર્થાત્ બ્રહ્મ એ એક જ 'સત્' છે, બાકી સર્વ મિથ્યા છે.

નૈયાયિકદર્શન કેટલાક પદાર્થોને એકાન્તે નિત્ય કહે છે અને કેટલાક પદાર્થોને એકાન્તે અનિત્ય કહે છે, સમવાયસમ્બન્ધે અને સ્વસમવાયિસમવાયસમ્બન્ધે સત્તા જ્યાં રહે તે 'સત્' કહેવાય. એમ 'સત્' નું સ્વરૂપ કોઇ જુદા પ્રકારે જ સમજાવે છે.

આ સંબંધમાં જૈનદર્શને જે સમજાવ્યું છે તે સૂક્ષ્મ ગંભીર અને ગહન હોવા છતાં વિશદ અને સ્પષ્ટ છે. કોઇપણ મતના આગ્રહમાં મતિને બાંધ્યા સિવાય 'સત્નું' નું સ્વરૂપ જૈનદર્શનના સમજાવ્યા પ્રમાણે સમજવામાં આવે તો જરૂર હૃદયંગમ અને સ્થિર થાય.

જેમાં ઉત્પાદ વ્યય, અને ધ્રૌવ્ય એ ત્રણે લક્ષણ એકી સાથે રહે તે 'સત્' કહેવાય છે. 'उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत्' તીર્થંકર પરમાત્મા કેવળજ્ઞાન પામ્યા પછી સમવસરણમાં પદાર્થ માત્રના તત્ત્વભૂત જ્ઞાનની ચાવીરૂપ ત્રિપદી ગણધરોને આપે છે તેમાં પણ આ જ રહસ્ય છે. "उपन्ने इ वा, विगमे इ वा, धुवे इ वा"

આ ત્રિપદી છે. જેમ જેમ તેના ઉપર મનન અને મંથન કરવામાં આવે તેમ તેમ 'સત્' નો પ્રકાશ વધુ ને વધુ ઓજસ્વી અને ચિરસ્થાયી પ્રકટે એવું તેમાં સામર્થ્ય છે-બળ છે.

એ ત્રિપદી ઉપર કેવળ શ્રદ્ધા ધારણ કરવામાં આવે તો પણ સકલ કાર્યની સિદ્ધિ થાય એવી અદ્‌ભુત શક્તિ એ ત્રિપદીમાં છે. જિનશાસનનો કહો કે વિશ્વમાત્રના વાઙ્મયનો કહો. સાર કોઇ હોય તો તે આ ત્રિપદી છે.

* * * *

પાણીના પરપોટાથી માંડીને પર્વત સુધી, દીવાની શિખાથી લઈને આકાશ સુધી જે કોઇ છે તે સર્વ 'ઉત્પત્તિ-વિનાશ અને ધ્રૌવ્ય' ની મહોરછાપવાળું છે.

ઉપલક દૃષ્ટિએ નૈયાયિક કહે છે તેમ કેટલાક ભાવો નિત્ય અને કેટલાક ભાવો અનિત્ય એકાંતે લાગે, પણ તે દૃષ્ટિ સાચી નથી, છીછરી છે.

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ 'અન્યયોગ વ્યવચ્છેદ દ્વાત્રિંશિકા' માં કહે છે:—

"आदीपमाव्योसमस्वभावं, स्याद्वादमुद्राऽनतिभेदि वस्तु ॥
तन्नित्यमेवैकमनित्यमन्य-दिति त्वदाज्ञाद्विषतां प्रलापाः ॥१॥"

દીવાથી આરંભીને આકાશ સુધીના દરેક પદાર્થો એક સરખા સ્વભાવવાળા અને 'ઉત્પાદ વ્યય-ધ્રૌવ્ય' ની જે સ્યાદ્વાદમુદ્રા તેથી મુદ્રિત છે. છતાં તેમાંથી એકને નિત્ય જ અને બીજાને અનિત્ય જ જેઓ કહે છે તે હે ભગવન! આપની આજ્ઞાને નહિં માનનારા આપની આજ્ઞા પ્રત્યે દ્વેષ ધરાવનારા જેઓ છે તેના પ્રલાપ માત્ર છે.

* * * *

આ વાત જરા વિગતવાર વિચારવા જેવી છે, તેમાં સર્વ પ્રથમ છએ દ્રવ્યોમાં સમયે સમયે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય રહે છે એ વાત નિશ્ચિત છે એમ માનીને તે કેવી રીતે છે તેનો વિચાર કરવો જોઇએ. ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય એ પરસ્પર વિરોધી છે. એક સાથે એકમાં ન રહી શકે એવી ભૂલ ભરેલી માન્યતા જ્યાંસુધી ઘર કરી બેઠી હોય ત્યાંસુધી ઉપરની વાસ્તવ વિચારણા જચશે નહિં. એટલે આ વાત સમજવા માટે તેની સામેની બાજૂનો આગ્રહ દૂર કરવો જોઇએ.

ઠંડુ હોય એ ગરમ ન હોય અને ગરમ હોય તે ઠંડુ ન હોય, જલ-પાણી શીત છે અને અગ્નિ ઉષ્ણ છે. શીત અને ઉષ્ણ પરસ્પર વિરોધી છે. તે બન્ને એક સાથે એક સ્થળે

ન રહે પણ જુદે જુદે સ્થળે રહે. જો ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્યમાં શીતોષ્ણ જેવો અરસ-પરસનો વિરોધ હોય તો તે ત્રણે એકમાં એક સાથે ન રહે એમ માનવું જરૂર વ્યાજબી કહેવાય, પણ એવો વિરોધ છે જ નહિ.

ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણે એક સાથે એકમાં રહેલા પ્રત્યક્ષ દેખાય છે, એ જોવા માટે દૃષ્ટિને સૂક્ષ્મ કરવાની આવશ્યકતા છે. અનાદિકાલીન એકાંત માન્યતાની વાસનાથી મોહિત થયેલો જીવ ઉપરોક્ત ત્રણ એક સાથે એકમાં ન રહી શકે એમ માન્યા કરે છે. જ્યારે તેનો તે મોહ દૂર થાય છે ત્યારે તેનામાં પરમાર્થદૃષ્ટિ જાગે છે અને તે આપમેળે સમજી શકે છે. ઉજ્જવળ પદાર્થ પણ કાચકામલિકા (કમળા)ના રોગવાળાને પીળો લાગે છે પણ જ્યારે તે રોગથી તે મુક્ત થાય છે ત્યારે ઉજ્જવળ પદાર્થ તેને પોતાને જ ઉજ્જવળ લાગે છે. ત્રણ રૂપ એક પદાર્થ છે, એ હકીકત પણ એવી જ છે.

× × × ×

ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય એક સાથે એકમાં રહે છે તે સમજવા માટે નીચેનું ઉદાહરણ ધ્યાનમાં રાખવા જેવું છે.

કોઇ એક શ્રીમંત છે, તેના ઘરમાં સોનાનો ઘડો છે. તે ઘડો હવે કોઇ કામમાં આવતો નથી. શ્રીમંતને પહેરવા માટે સોનાનો મુગુટ બનાવવાની આવશ્યકતા છે. નકામો ઘડો ભાંગીને તેનો તેણે મુગુટ બનાવરાવ્યો, એટલે સોનાના ઘડાનો વિનાશ, સોનાના મુગુટની ઉત્પત્તિ અને સોનારૂપે સોનાની સ્થિતિ સ્પષ્ટ દેખાય છે. સોનાના ઘડા પ્રત્યે પક્ષપાત ધરાવનારા તેનો નાશ થતો નિરખીને જરૂર ખેદ પામે, મુગુટના અભિલાષવાળાને મુગુટની ઉત્પત્તિ જોઇને હર્ષ થાય, પણ સોનાનું કાયમીપણું વિચારતા એવા ઘરના માલિકને ન તો ખેદ કે ન તો હર્ષ થાય. તેને તો જે છે તે કાયમ જ છે, એમ વિચારી સમાન સ્થિતિ રહે. અહિં સુવર્ણ એ દ્રવ્ય છે. તેની સ્થિતિ કાયમ છે, ઘડારૂપે સુવર્ણનો વિનાશ એ પણ સુવર્ણમાં છે, અને મુકુટરૂપે સુવર્ણની ઉત્પત્તિ તે પણ સુવર્ણમાં છે, એમ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણે સુવર્ણમાં છે.

સુવર્ણથી કોઈ જુદું દ્રવ્ય ઉત્પાદ અને વ્યયને રાખનારૂં નથી. સુવર્ણ સુવર્ણપણે કાયમ છે માટે તે ધ્રુવ છે. ધ્રુવનું-નિત્યનું સ્વરૂપ પણ એજ છે. 'तद्भावाव्यय नित्यम्' (તત્ત્વાર્થ) જે પોતાના સ્વરૂપથી ન પલટાય તે નિત્ય.

પદાર્થમાત્ર પોતાના મૂળભૂત સ્વરૂપથી પલટાતો નથી, અને ક્ષણે ક્ષણે જુદા જુદાં અનેક સ્વરૂપો ધારણ કરે છે. એટલે જ દરેક પદાર્થ ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય યુક્ત છે, એ વાસ્તવિક સત્ય છે.

ઘટ વ્યય તે ઉતપત્તિ મુકુટની, ધ્રુવતા કંચનની તે એક રે;
દલ એકઈ વર્તઈ એકદા, નિજકારય શક્તિ અનેક રે. ૪ જિન૦

બહુ કારય-કારણ એક જે, કહિઇં તે દ્રવ્ય સ્વભાવ રે;
તો કારણ ભેદાભાવથી, હુઇં કારય ભેદાભાવ રે. ૫ જિન૦
શોકાદિક જનમઇ વાસના, ભેદઇ કોઇ બોલઇ બુદ્ધ રે;
તસ મનસકારની ભિન્નતા, વિણ નિમિત્ત ભેદ કિમ શુદ્ધ રે. ૬ જિન૦
જે નિમિત્ત ભેદ વિન ગ્યાનથી, શક્તિ સંકલ્પ વિકલ્પ રે;
તો બાહ્ય વસ્તુના લોપથી, ન ઘટઇ તુઝ ઘટ-પટ જલ્પ રે. ૭ જિન૦

ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રિલક્ષણ પદાર્થ છે. પદાર્થમાત્રનું આ સ્વરૂપ છે. જ્યાં આ સ્વરૂપ નથી ત્યાં પદાર્થપણું નથી, અને જ્યાં પદાર્થપણું છે ત્યાં આ સ્વરૂપ છે જ. પદાર્થનું આ સ્વરૂપ સમજ્યા વગર કરવામાં આવતી કોઇપણ વિચારણા પ્રમાણભૂત થતી નથી. આ સ્વરૂપને વગર-સમજે પદાર્થના સ્વરૂપને માટે બીજા જે કોઇ વિચાર કરવામાં આવે તે એકાંગી છે, અને એ એકાંગી વિચારો સંપૂર્ણ છે એવું આગ્રહપૂર્વક જણાવવામાં આવે એ મિથ્યા છે. વિશ્વમાં ચાલતા મતમતાંતરોના મૂળમાં મોટે ભાગે પદાર્થના આ સત્સ્વરૂપની ગેરસમજ ભાગ ભજવે છે. પદાર્થનું આ સત્સ્વરૂપ યથાર્થ જચી જાય તો વિશ્વમાં ચાલતાં અને વિખવાદમાં વધારો કરતાં અનેક મતભેદો શમી જાય.

પદાર્થનું આ સત્-સ્વરૂપ સમજવા માટે દૃષ્ટિને સૂક્ષ્મ, વ્યાપક અને વિશાળ કરવાની જરૂર છે.

પદાર્થનું કેવળ નિત્યસ્વરૂપ માનનારા વિશ્વમાં પ્રત્યક્ષ જણાતા પરિવર્તનો સાથે મેળ મેળવી શકતા નથી અને ગૂંચ વધારે છે, એ જ પ્રમાણે પદાર્થનું વિનશ્વર સ્વરૂપ માનનારા પદાર્થના સ્થાયિ તત્ત્વથી વંચિત રહે છે અને અનેક વિટંબનાઓમાં અટવાઇ જાય છે. પદાર્થ સર્વથા ક્ષણિક છે એવો આગ્રહ જ્યારે દૃઢ બંધાઈ જાય છે ત્યારે તે સિદ્ધ કરવા માટે અનેક વિચિત્ર વાતો ઊભી કરવી પડે છે.

સુવર્ણનો ઘડો ભાંગીને બનાવવામાં આવેલો સુવર્ણનો મુગટ સ્થાયિ રહેલા સુવર્ણને જરી પણ આંચ પહોંચાડતો નથી. સુવર્ણઘટનો વિનાશ અને સુવર્ણમુગટની ઉત્પત્તિ સ્થાયિ રહેલા સુવર્ણમાં સમકાલે થાય છે. એટલે ઘટનાશ, મુકુટોત્પત્તિ તથા સ્થાયિ સુવર્ણત્વ એ ત્રણે સુવર્ણમાં સમકાલે છે.

સૂક્ષ્મદૃષ્ટિએ ક્ષણેક્ષણે થતું પરાવર્તન પદાર્થના તે તે પ્રકારના ઉપયોગીપણાને અવલંબીને છે પણ તે પદાર્થના મૂળસ્વરૂપને હાનિ પહોંચાડતું નથી.

બે પરમાણુનો બનેલો દ્વયણુક જ્યારે તેમાં રહેલા બન્ને પરમાણુઓ છૂટાં પડી જાય છે ત્યારે દ્વયણુકપણે રહેતો નથી. દ્વયણુકનો નાશ થાય છે, અને પરમાણુનો જન્મ થાય છે. દ્વયણુકમાં જોડાએલા પરમાણુએ પોતાનું પરમાણુત્વ ગૌણ કરી નાખ્યું હતું. પણ જ્યારે તે છૂટો પડ્યો ત્યારે તેનું વ્યક્તિત્વ મુખ્ય બન્યું. દ્વયણુકનો નાશ અને પરમાણુની ઉત્પત્તિ એ

બન્ને સમકાલે છે. કાર્ય–કારણ ભાવના સ્થૂલ વિચારો પરાપૂર્વ ભાવને આગળ કરે પણ સૂક્ષ્મ વિચારો કરતાં એ પરા–પૂર્વ–ભાવ ટકી શકતો નથી. સમકાલે થાય છે એ હકીકત સ્પષ્ટ તરી આવે છે. સ્થૂલ વિચારણાઓ સૂક્ષ્મ વિચારણાઓ તરફ લઈ જવામાં સહાયભૂત બનતી હોય તો તે ઉપયોગી છે, નહિં તો સ્થૂલ વિચારણાઓ ઘણાં વિરોધોને જન્માવે છે.

એક પર્યાયનો વિસભાગ થવો–વિલય થવો અને બીજા પર્યાયની ઉત્પત્તિ થવી, એ વિસભાગ પર્યાયોત્પત્તિ સંતાન છે. એક પર્યાય છૂટો થાય છે અને બીજો પર્યાય જન્મે છે તેમાં સમયભેદ આવશ્યક નથી. જૈનદર્શનમાં કાર્યમાત્રની આ સ્થિતિ છે.

એક જ પદાર્થમાં રહેતા ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણે એકસ્વરૂપ નથી. એકમાં એક કાલે રહે એટલે એક થઈ જાય એવો કોઇ નિયમ નથી. એકમાં એક સાથે એક જ કાલે રૂપ–રસ વગેરે સાથે રહે છે, પણ રૂપ અને રસ એ એક નથી, ભિન્ન છે. રૂપ અને રસ ભિન્ન છે, કારણ કે એ બન્નેના કાર્યો ભિન્ન છે. એજ પ્રમાણે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણે ભિન્ન છે, કારણ કે ત્રણેના કાર્યો ભિન્ન છે.

શોક, પ્રમોદ અને માધ્યસ્થ્ય એમ ત્રણ કાર્યો એ ત્રણેની ભિન્નતા સિદ્ધ કરે છે. સામાન્યરૂપે ધ્રૌવ્ય અને વિશેષરૂપે ઉત્પાદ–વ્યય છે એ રીતે વિરોધ પણ આવતો નથી. 'સ્યાત્'નો અર્થ સર્વ વ્યવહારોમાં અનુસરવાથી જ તે તે વ્યવહારો શુદ્ધ ગણાય છે, નહિં તો તે તે વ્યવહાર એકાંતમાં ખેંચાય જાય અને અશુદ્ધ બને. स्यादुत्पद्यते, स्यान्नश्यति, स्याद्ध्रुवम् એ પ્રમાણે વાકય પ્રયોગ શુદ્ધ અને વાસ્તવિક છે. उप्पन्ने इ वा विगमे इ वा धुवे इ वा એ ત્રિપદીમાં રહેલો 'वा' શબ્દ પણ 'स्यात्' ના અર્થને સમજાવનારો વ્યવસ્થાવાચી છે. સ્યાત્ પૂર્વકના વ્યવહાર લૌકિક વાકયોમાં પણ લેવાય છે. અને એ પ્રમાણે એ વ્યવહારો શુદ્ધ બને છે. ભલે વારંવાર લૌકિક વાકયોમાં તેનું ઉચ્ચારણ ન થતું હોય પણ તે 'સ્યાત્' શબ્દ ગર્ભિત હોય છે.

'સર્પ કાળો છે' એ પણ જો સાપેક્ષ ભાવે ન કહેવાયું હોય તો તે મિથ્યા છે. સર્પ ઉપરથી કાળો હોવા છતાં પેટના ભાગે સફેદ છે, સર્પ એ સર્પમાત્રને માટે નથી. જો સર્પ માત્રને માટે માનીએ તો કેટલાક સર્પો ઉજ્જવલ–સફેદ હોય છે તો કેટલાક લીલા વગેરે પણ હોય છે, શેષનાગ સફેદ છે એ વ્યવહારથી પ્રસિદ્ધ છે. આ પ્રમાણે જેમ લૌકિક વાકયો સાપેક્ષભાવે યથાર્થ ગણાય છે, તેમ ત્રિપદી વાકયો પણ સાપેક્ષ ભાવે જ યથાર્થ છે અને તેથી એ 'સ્યાત્' થી સંયુક્ત છે. સાપેક્ષ ભાવે હોવાને કારણે એક જ પદાર્થમાં એક સમયે એક સાથે ઉત્પાદ–વ્યય ધ્રૌવ્ય એ ત્રણે ભિન્ન ભિન્ન હોવા છતાં કોઈ વિરોધ આવતો નથી.

શંકા:—સુવર્ણનો ઘડો બનાવવામાં આવે કે મુગટ, પણ સુવર્ણ એ સુવર્ણ જ રહે છે. ઘડો વગેરે તો આકાર માત્ર છે, એ કાંઈ વાસ્તવિક નથી, મિથ્યા છે. વાસ્તવિક તો સુવર્ણ છે. શોક–પ્રમોદ–માધ્યસ્થ આદિ કાર્યો માટે તે તે કાર્યને ઉત્પન્ન કરનારી શક્તિ જ તેમાં તદ્રૂપે છે, એ પ્રમાણે માનવાથી કોઇ વિરોધ આવતો નથી. એટલે એક જ પદાર્થને ભિન્ન ભિન્ન સ્વરૂપે માનવાની આવશ્યકતા નથી.

સમાધાનઃ—શોકાદિક કાર્યો જુદા જુદા થાય છે એ પ્રત્યક્ષ છે. તે જુદા જુદા કાર્યોને ઉત્પન્ન કરનાર પણ જુદા જુદા માનવા જોઇએ. કારણભેદ સિવાય કાર્યભેદ ન સંભવે.

એક જ કારણ જુદા જુદા કાર્યને ઉત્પન્ન કરનાર માનવામાં આવે તો વિશ્વનું તંત્ર અવ્યવસ્થિત બની જાય. ગમે તે ગમે તેમ માનીને ચલાવે તો અગ્નિના સાન્નિધ્યમાં પાણીમાં સળગાવી નાંખવાની શક્તિ છે એમ માનનારને પણ કોણ અટકાવે છે? એક જ કારણ છે અને દેખાતા ઘટપટ આદિ સર્વ કાર્યો તે કારણની શક્તિથી થાય છે એમ માનતા પણ કોણ હાથ પકડે છે? એટલે કાર્ય જુદું હોય ત્યારે તે કાર્યને ઉત્પન્ન કરનાર શક્તિ જુદી છે એમ માનવું ન્યાય્ય છે, એક જ શક્તિ ભિન્નભિન્ન કાર્ય ઉત્પન્ન કરી શકે નહિં. શક્તિ જુદી પડે એટલે તેની અપેક્ષાએ કારણ પણ આપોઆપ જુદું પડી જાય. એક શક્તિ જુદા જુદા કાર્ય કરે છે એવું કહેનારાને પણ એક જ શક્તિમાં અનેકકાર્ય જનનતત્ત્વ સ્વીકારવું પડે છે અને તે એકત્વાનેકત્વ સ્યાદ્વાદ એટલે એકમાં અનેકનું રહેવું એ સ્વરૂપ સ્યાદ્વાદ તરફ લઇ જનાર છે.

શંકાઃ—બૌદ્ધનું આ વિષયમાં એમ કહેવું છે, જે વિશ્વમાં પદાર્થમાત્ર ક્ષણે ક્ષણે પરિવર્તન પામે છે એટલે તુલાના બે પલ્લા જેમ ઊંચા-નીચા થયા કરે એમ ઉત્પાદ અને વ્યય થયા કરે છે, પણ ધ્રૌવ્ય જેવું કોઇ છે જ નહિં. શોક આદિ જુદા જુદા પરિણામોને આગળ કરીને સુવર્ણ આદિને ત્રિસ્વરૂપ સમજાવવામાં આવે છે. તે પણ તર્કસિદ્ધ નથી. વસ્તુ એક જ હોવા છતાં જુદા જુદા જીવોને જુદી જુદી અસર ઉપજાવે છે તેમાં તે તે જીવોની તેવા તેવા પ્રકારની વાસના કારણભૂત છે. તે વાસના સાથે વસ્તુને કાંઇ લાગતું-વળગતું નથી.

સાકર, શેલડી કે દ્રાક્ષ મનુષ્યને પ્રિય-ઇષ્ટ છે અને ઊંટને ગધેડાને અપ્રિય-અનિષ્ટ છે. એથી સાકર વગેરે ફરી જતા નથી, એ તો એના એ જ રહે છે. એકજ વસ્તુ જુદા જુદા લોકોની જુદી જુદી વાસનાને કારણે ઇષ્ટ-અનિષ્ટ ઇત્યાદિ લાગે છે. એટલે વસ્તુભેદ માનવાની આવશ્યકતા નથી.

સમાધાનઃ—ઇષ્ટ-અનિષ્ટ વગેરેમાં તે તે લોકોની વાસના કારણભૂત છે માટે વસ્તુભેદ માનવાની આવશ્યકતા નથી એ પ્રમાણે બૌદ્ધ કહે છે, પણ જો કેવળ વાસના જ કારણભૂત હોય તો ઇષ્ટ વાસનાવાળાને પદાર્થમાત્ર ઇષ્ટ લાગવા જોઇએ, અને અનિષ્ટ વાસનાવાળાને પદાર્થમાત્ર અનિષ્ટ લાગવા જોઇએ, પણ એવું કાંઇ બનતું નથી. ઇષ્ટ વાસનાવાળાને પણ અમુક પદાર્થો અનિષ્ટ લાગે છે, અને અનિષ્ટ વાસનાવાળાને પણ અમુક પદાર્થો ઇષ્ટ લાગે છે. એટલે ઇષ્ટ અને અનિષ્ટ વાસનામાં તે તે પદાર્થો કાંઇક ભાગ ભજવે છે એમ અવશ્ય માનવું જોઇએ. જો બૌદ્ધ એમ ન માને તો તેને વાસનારૂપ મનસ્કારની ભિન્નતા શુદ્ધ ન થાય. એટલે શોક વગેરેમાં જેમ તેના ઉપાદાન કારણો જુદા છે, તેમ નિમિત્તકારણો પણ જુદા છે એ નિશ્ચિત છે. એક જ વસ્તુ જુદા-જુદાને ઇષ્ટ અને અનિષ્ટ લાગે છે તેમાં પણ તે એક જ વસ્તુમાં ઇષ્ટજ્ઞાનજનનશક્તિરૂપ પર્યાય જુદો છે. એવા અનંત પર્યાયો માનવા પડે

તો તે ઇષ્ટ છે-વાસ્તવ છે. વ્યવસ્થા એ રીતે માનવાથી છે, નહિં તો નિર્નિમિત્ત કાર્યો માનવા પડે અને તેથી કોઇ વ્યવસ્થા રહે નહિં, માટે સાકર આદિ પદાર્થો તેનામાં રહેલી ઇષ્ટાનિષ્ટ-જ્ઞાનજનન-શક્તિથી દરેક જુદા જુદા ત્રિવિધ છે એમ માનવું પ્રમાણરૂપ છે.

શંકા:—યોગાચારવાદી બૌદ્ધ માને છે કે, વિશ્વમાં રહેલા પદાર્થો એ કાંઇ નથી. તે તે આત્માનો જ્ઞાનાકાર એ પદાર્થો છે. વાસનાથી જ્ઞાનસ્વરૂપ જન્મે છે અને એ જ્ઞાનસ્વરૂપથી શોક-હર્ષ આદિ સંકલ્પ-વિકલ્પ થાય છે. એટલે પદાર્થોને નિમિત્તભૂત માનવા અને તે એક જ પદાર્થમાં તે તે કાર્યોને આગળ કરી ભિન્નતા માનવી એ જરૂરી નથી.

સમાધાન:—યોગાચાર કહે છે પણ તેને ખબર નથી કે એ પ્રમાણે માનવા જતાં સર્વશૂન્ય જ્ઞાનવાદી માધ્યમિક બૌદ્ધ ફાવી જાય છે. જો વાસનાજન્ય જ્ઞાનાકારથી જ ચાલતું હોય તો ઘટપટ આદિ પદાર્થો માનવાની શી જરૂર છે? વળી એમ માનતાં કારણ વગર તે તે આકારનું જ્ઞાન પણ કેમ સંભવે? અંદર અને બહારના આકારને વિરોધે બાહ્યાકાર મિથ્યા માનવામાં આવે તો જ્યાં અનેક રંગવાળી ચિત્ર વસ્તુ જોઇને નીલપીતાદ્યાકારજ્ઞાન થાય છે તે પણ મિથ્યા માનવું જોઇએ. એ પ્રમાણે સુખાદ્યાકાર અને નીલાદ્યાકાર પણ વિરૂદ્ધ થાય. માટે જ કહ્યું છે કે:—

किं स्यात् सा चित्रतैकस्यां, न स्यात्त्वस्यां मतावपि । यदीदं स्वयमर्थानां, रोचते तत्र के वयम्? ॥१॥

[એક જ મતિમાં તે ચિત્રતા કેમ થાય? ન થાય તો આ મતિમાં પણ ન થાય, જો આ પદાર્થોને સ્વયં ગમે છે તો તેમાં આડા આવનારા અમે કોણ?]

અહિં એ સ્પષ્ટ સમજવું કે અનેક આત્માઓ એક પદાર્થને જોતા હોય તો તે તે આત્માની જ્ઞાન વિષયતારૂપ પર્યાય પણ તે પદાર્થમાં ભિન્નભિન્ન રહે છે એ કાલ્પનિક છે એમ પણ ન માનવું. કારણ કે દરેકના જ્ઞાનની તે તે પદાર્થ ઉપર અસર પડે છે. જો એ અસરો પણ મિથ્યા માનવામાં આવે તો સર્વ શૂન્ય છે એમ જ માનવું રહ્યું, પણ એ તો સિદ્ધ્યસિદ્ધિ વ્યાઘાતને કારણે માની શકાય એવું જ નથી.

આથી દોરડું કે છીપલી જોનારા બે જણમાં એકને સર્પ કે રજત લાગે અને બીજાને દોરડું કે છીપલી લાગે તેમાં વસ્તુ તેની તે જ રહે છે, જોનારની વાસના જુદી જુદી હોવાથી એમ બને છે, પણ વસ્તુમાં ફેર પડતો નથી એ પણ યુક્તિશૂન્ય છે. ભ્રમાત્મક જ્ઞાનમાં અને પ્રમાત્મક જ્ઞાનમાં કારણભૂત બનનાર દોરડું અને છીપલી એ બન્ને એક જ હોવા છતા પર્યાય ભેદે ભિન્ન છે. કાર્ય-કારણભાવની વ્યવસ્થા એ રીતે શુદ્ધ છે, બને છે અને ટકે છે. એટલે સર્વનય શુદ્ધ સ્યાદ્વાદ જ વીતરાગપ્રણીત જે છે, તે આદરણીય છે-સ્વીકાર્ય છે.

ઘટ નાશ મુકુટ ઉત્પત્તિનો, ઘટ એક જ રૂપઈ હેત રે;
એકાંત ભેદની વાસના, નયયાયિક પણિ કિમ દેત રે. ૮ જિન૦
દુગ્ધ વ્રત દધિ ભુંજઈ નહીં, નવિ દૂધ દધિવ્રત ખાઇ રે;
નવિ દોઇ અગોરસ વ્રત જિમઇ, તિણિ તિય લક્ષણ જગથાઇ રે. ૯ જિન૦

ઉત્પન્ન ધટઈ નિજદ્રવ્યના, ઉત્પત્તિ નાશ કિમ હોઇ રે;
સુણિ ધ્રુવતામાં પહિલા ભલિયા, છઈ અનુગમ શક્તિ દોઈ રે. ૧૦ જિન૦
ઉત્પત્તિ નાશનઈ અનુગમઈ, ભૂતાદિક પ્રત્યય ભાન રે;
પર્યાયારથથી સવિ ઘટઇ, તે માનઇ સમય પ્રમાન રે. ૧૧ જિન૦

વિશ્વના પદાર્થમાત્ર ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય સ્વરૂપ છે. એ સત્ય સમજવા માટે એકાંતમતના મંતવ્યોનો ત્યાગ કરીને અનેકાંતમતની માન્યતાઓ મનમાં ઉતારવી જોઇએ. જ્યાં સુધી એકાંતમતની વાસના ગઇ નથી ત્યાં સુધી સતનું સત્ય સ્વરૂપ સમજવું શક્ય નથી. સીધી-સાદી વાત પણ વિપરીત વાસનાને બળે વિપરીત ભાસે છે. કાર્યકારણભાવના કુતર્કમાં ગુંચવાએલો આત્મા ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યના સ્વરૂપના સમુચિત વિચારમાં ગુંચવાઇ જાય છે. જ્યારે એ કુતર્ક છૂટી જાય છે ત્યારે જે વિચારે તેને ગૂંચવણ ઊભી કરતા હતા તે જ વિચારો તેને વ્યવસ્થિત કરે છે.

સોનાના ઘડાનો નાશ, સોનાના મુગટની ઉત્પત્તિ અને સોનાનું ધ્રૌવ્ય એ સ્થૂલ દૃષ્ટાંતથી અને તેથી ઉત્પન્ન થતા શોક, હર્ષ અને માધ્યસ્થ્યરૂપ ત્રણ કાર્યથી એક જ પદાર્થમાં ઉત્પાદાદિ ત્રણ જે સમજાવવામાં આવે છે તેમાં ન્યાયદર્શનની કાર્યકારણભાવની વિચારણા ગૂંચવણ ઊભી કરે છે. ન્યાયદર્શન એમ કહે છે કે, સુવર્ણઘટનાશ સુવર્ણમુકુટોત્પત્તિમાં કારણ છે. કારણ પૂર્વક્ષણમાં રહે અને કાર્ય ઉત્તરક્ષણમાં થાય. એટલે સુવર્ણઘટનાશ અને સુવર્ણમુકુટોત્પત્તિ એ બંને એક ક્ષણમાં રહ્યા નહિં. જે નાશનો પ્રથમ ક્ષણ છે તેમાં નાશ છે, અને ઉત્પત્તિ નથી. એટલે એક જ પદાર્થમાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણે રહે છે એ યથાર્થ નથી. વળી સુવર્ણઘટનાશ અને સુવર્ણમુકુટોત્પત્તિ એ બન્ને ભિન્ન છે, પ્રથમ સુવર્ણઘટ નાશ થાય છે, અને તદુત્તર સુવર્ણમુકુટોત્પત્તિ થાય છે. એટલે નાશ એ પૂર્વવર્તી છે અને ઉત્પત્તિ ઉત્તરવર્તિની છે. એ પ્રમાણે સમકાલે એ બે રહેતાં નથી.

કાર્યકારણભાવના સંસ્કારો ઉપર ઉપરથી ઉપરની વાતને મનમાં વ્યાજબી છે એમ જ જચાવી દે એવા છે, પણ સૂક્ષ્મ વિચારણા કરીએ ત્યારે ઉપરના વિચારો ગેરવ્યાજબી લાગે અને ઉત્પાદાદિ ત્રણે એક કાળે એક પદાર્થમાં રહે છે તેમાં જરાપણ ગૂંચવણ રહે નહિં. સુવર્ણઘટનો નાશ અને સુવર્ણમુકુટની ઉત્પત્તિ એ બન્નેમાં પરાપૂર્વભાવ નથી. બન્ને એક કાળે થાય છે. બન્નેમાં કાર્યકારણભાવનો સંબંધ પણ માનવાની જરૂર નથી.

સુવર્ણના અવયવો ઘટરૂપે ગોઠવાયેલા હતા તે સમકાળે છૂટા થઇને મુકુટરૂપે ગોઠવાય છે એટલે મુકુટની ઉત્પત્તિ થાય છે, અને ઘટનો નાશ થાય છે. સુવર્ણઘટના નાશમાં અને સુવર્ણમુકુટની ઉત્પત્તિમાં સુવર્ણઘટાવયવ વિભાવિક કારણ છે. એ કારણ માનેલ જ છે, નવું માનવાનું નથી. એથી જ્યારે કાર્યસિદ્ધિમાં કોઇપણ બાધ આવતો નથી તો શા માટે ઘટનાશને વ્યર્થ કારણરૂપે માનવો જોઇએ. ઘટનાશને કારણ માનીને તેને પૂર્વમાં રાખવા માટે

પ્રયત્ન કરવો અને તેથી નાશ અને ઉત્પત્તિ એ બન્ને એક સાથે રહેતાં નથી, એ પ્રમાણે પ્રતિપાદન કરવું એ સર્વ વ્યર્થ મતિવ્યય છે.

હજાર તંતુનો બનેલ એક મહાપટ છે, તેમાંથી ખંડપટ કરવામાં આવે તેમાં મહાપટનો નાશ થાય ને એ ખંડપટમાં કારણરૂપ બને એવું માનવું એ બીલકુલ જરૂરી નથી. એકાદિતંતુસંયોગોનું છૂટા પડવું, એને કારણ માનવું પડે છે, અને તેથી મહાપટનો નાશ અને ખંડપટની ઉત્પત્તિ એ બન્ને કાર્યો એ સાથે પતી જાય છે. બીજો કોઈ વિરોધ એમ માનતાં આવતો નથી. તો શા માટે વ્યર્થ કલ્પના જાળમાં ફસાવું જોઇએ. ખંડપટની ઉત્પત્તિમાં મહાપટનાશને કારણભૂત માનવામાં મહાગૌરવ થાય છે, એ નૈયાયિક પણ સમજી શકે છે. એકાંતભેદની વાસનાને પરવશ નૈયાયિક નાશ અને ઉત્પત્તિ એક સાથે એકમાં રહે છે, એવો વિચાર પણ કરી શકતો નથી, અને તેથી મહાગૌરવને પણ ફલમુખ ગૌરવ માનીને નભાવી લે છે. બાકી વાતવાતમાં નૈયાયિકને બોલવાની આદત છે કે, જેમાં કલ્પનાગૌરવ હોય એવા પક્ષને અમે સહન કરી શકતા નથી. અને જેમાં કલ્પનાલાઘવ હોય એવા પક્ષને અમે સહન કરીએ છીએ.

कल्पनागौरवं यत्र, तं पक्षं न सहामहे । कल्पनालाघवं यत्र, तं पक्षं तु सहामहे ॥ १ ॥

આવી સ્વતંત્ર વિચારણા ધરાવતો નૈયાયિક પણ કાર્યકારણભાવની લાઘવસ્થિતિને દૂર કરીને મહાગૌરવભૂત વિચારણામાં કેમ દોરવાઇ ગયો છે, એ પણ એક આશ્ચર્ય છે. એકાંતભેદની પકડ આવી ઊંધી વિચારણાઓ કરાવતી હોય છે.

સોનાનો ઘડો અને સોનાનો મુકટ એમાં કાર્યકારણભાવની ગૂંચવણ ઉભી કરીને કેટલાકને એક જ પદાર્થમાં ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય એક સાથે રહે છે, એ સમજવું મુશ્કેલ પડે તે માટે એક બીજું ઉદાહરણ બાસ મનન કરવા જેવું છે.

દૂધમાં મેળવણ નાખવાથી તે દહીંરૂપ થાય છે, તે દહીંમાં દૂધનો નાશ અને દધિની ઉત્પત્તિ એ બન્ને એક કાલે છે. જે વસ્તુ વર્તમાનમાં દધિસ્વરૂપે તે પૂર્વે દૂધરૂપે હતી, દૂધ અને દધિ એ બન્ને ગોરસરૂપે કાયમ છે, એટલે દૂધ જ બાવું એવા નિયમવાળો દહીં બાતો નથી, એ જ પ્રમાણે દહીં જ બાવું એવા નિયમવાળો દૂધ બાતો નથી, ગોરસ ન બાવું એવા નિયમવાળો દૂધ અને દહીં એ બન્ને બાતો નથી. દૂધ જ બાવું એવા નિયમવાળો દહીં બાય તો તેનો નિયમ ભાંગે; કારણ કે દહીં એ દૂધ નથી. દહીંમાં દૂધનો નાશ છે. દહીં જ બાવું એવા નિયમવાળો દૂધ બાય તો તેનો નિયમ ભાંગે; કારણ કે દૂધમાં દહીંની ઉત્પત્તિ થઇ નથી. ગોરસ ન બાવું એવા નિયમવાળો દૂધ કે દહીં એ બેમાંથી ગમે તે બાય તો પણ તેનો નિયમ ભાંગે. કારણ કે, એ બન્ને ગોરસ છે. એટલે દહીંમાં દૂધનો નાશ, દહીંની ઉત્પત્તિ અને ગોરસની સ્થિતિ છે એટલે તે ત્રિલક્ષણ છે. આ દૂધ-દહીંનું ઉદાહરણ જેઓ દૂધ-દહીં એક જ છે. માત્ર પરિણામ ફરેલ છે. વસ્તુ ફરી નથી એમ જેઓ માને છે અને એ પ્રમાણે માનીને પદાર્થ ત્રિલક્ષણ નથી, એમ માનવા-મનાવવા

પ્રયત્ન કરે છે તેઓને માટે ખાસ વિચારવા જેવું છે. જો દૂધ અને દહીં જુદા નથી એમ માનવામાં આવે તો દૂધ જ ખાવું એવા નિયમવાળાને દહીં અને દહીં જ ખાવું એવા નિયમ વાળાને દૂધ ખાવામાં નિયમનો ભંગ થાય નહિં. પણ નિયમભંગ થાય છે એ સર્વમાન્ય છે.

पयोव्रतो न दध्यत्ति, न पयोऽत्ति दधिव्रतः। अगोरसव्रतो नोभे, तस्माद्वस्तु त्रयात्मकम् ॥

ઉપર પ્રમાણે પદાર્થમાત્રમાં વિચારી શકાય, દ્રવ્ય અને પર્યાયોની વ્યવસ્થા જે પ્રમાણે છે, તે પ્રમાણે તે યથાર્થ સમજીને પદાર્થનું સ્વરૂપ યથાવસ્થિત વિચારવામાં આવે તો કોઇ પણ પદાર્થ કેવળ અન્વયી જ છે કે કોઈપણ પદાર્થ કેવળ વ્યતિરેકી સ્વરૂપ જ છે, એવું જણાય નહિં. પદાર્થમાત્ર અન્વય-વ્યતિરેકી રૂપ છે. એ પ્રમાણે સ્પષ્ટ જણાય. અન્ય દર્શનીઓ જે કહે છે કે, કેટલાક ભાવો કેવળ અન્વયી છે, અને કેટલાક ભાવો કેવળ વ્યતિરેકી છે તે યથાર્થ નથી, તે તે ભાવો પણ સ્યાદ્વાદદૃષ્ટિથી અન્વય-વ્યતિરેકી છે, એ સહજ સમજાય છે.

उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत् । ५ । २९ । [तत्त्वार्थसूत्र]

સતનું આ સ્વરૂપ છે, આ સિવાય અન્ય કાંઇ પણ સતનું સ્વરૂપ છે નહિં, એટલે જ્યાં સત્તા છે ત્યાં આ ત્રણ લક્ષણો છે. જો સત્તા પ્રત્યક્ષ છે તો આ ત્રણે લક્ષણો પ્રત્યક્ષ છે. પદાર્થમાં ત્રણે લક્ષણો અનુમાનાદિ પ્રમાણોથી જે દર્શાવવામાં આવે છે તે તો સદ્વ્યવહારને વિશદ અને દૃઢ કરવા માટે છે.

ઉપર કહ્યું એ પ્રમાણે પદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ છે, એ સમજાય પણ જે ઘટ-પટ વગેરે ઉત્પન્ન થઇ ગયા છે તેમાં પ્રથમ ક્ષણ સિવાયના ક્ષણોમાં ઉત્પાદાદિ કઈ રીતે સંભવે ? જે માટે પ્રથમ ક્ષણ સમ્બન્ધરૂપ ઉત્તર પર્યાય ઉત્પત્તિ એજ પૂર્વપર્યાય નાશ એ નિશ્ચિત થયેલ છે, એટલે ઉત્પત્તિ અને નાશ પ્રથમ ક્ષણે થઇ ગયા હવે જ્યાં સુધી ઘટ વગેરે સ્થાયી છે ત્યાં સુધી ધ્રૌવ્ય ઘટે છે. પણ ઉત્પાદ-વ્યય કેમ સંભવે ?

સ્થૂલ વ્યવહાર દૃષ્ટિવાળાને ઉપર પ્રમાણે પ્રશ્ન થાય પણ સૂક્ષ્મવ્યવહારદૃષ્ટિ અને ઋજુસૂત્રદૃષ્ટિથી વિચારતાં ઉપરના પ્રશ્નનું સમાધાન સહજ રીતે થઈ જાય છે. તે આ પ્રમાણે:—

ઋજુસૂત્રનયની દૃષ્ટિ સ્પષ્ટ સમજાવે છે કે પદાર્થમાત્ર ક્ષણે ક્ષણે પરાવર્તન પામે છે. પ્રથમ સમયે જે પદાર્થ જે સ્વરૂપે હોય છે તે દ્વિતીય સમયે તે સ્વરૂપે રહેતો નથી. બીજે સમયે તે બીજા સ્વરૂપે થઈ જાય છે. એમ સમયે સમયે ફર્યા જ કરે છે. એટલે પ્રતિસમય પદાર્થમાત્રમાં ઉત્પાદ-વ્યય રહે છે. એ નયની દૃષ્ટિથી ધ્રૌવ્ય સમજી કે સમજાવી શકાતું નથી તે માટે નૈગમાદિ દૃષ્ટિથી વિચારવું પડે છે, એ બન્ને દૃષ્ટિઓનો સમન્વય થાય ત્યારે ઉત્પાદાદિ ત્રણે લક્ષણો પદાર્થમાં સ્પષ્ટ સમજાય છે અને સ્થિર થાય છે.

સૂક્ષ્મ વ્યવહારદૃષ્ટિથી વિચારીએ ત્યારે જે ઘટ પ્રથમ ક્ષણે ઉત્પન્ન થયો છે તેમાં તે ક્ષણે ઉત્પત્તિ છે પણ, તે ઉત્પત્તિ તે ક્ષણ પૂરતી છે. દ્વિતીયાદિ ક્ષણમાં તો તે ઉત્પત્તિ અને નાશ રહેતા નથી, પણ ધ્રૌવ્ય સ્વરૂપને પામી જાય છે. ઘડો ઉત્પન્ન થયો એમ સામાન્યપણે કહેવાય છે, અને ઘડો નાશ પામ્યો એમ પણ સામાન્યપણે કહેવાય છે. પણ જો વિશેષપણે

પૂછવામાં આવે કે ઘડો કયારે ઉત્પન્ન થયો ? તો કહેવાય કે ઘડો કાલે ઉત્પન્ન થયો. એ જ પ્રમાણે પૂછવામાં આવે કે ઘડો કયારે નાશ પામ્યો ? તો કહેવાય છે ઘડો કાલે નાશ પામ્યો. એ રીતે સૂક્ષ્મ રીતે પૂછવામાં આવે ત્યારે કહેવાય કે અમુક ક્ષણે ઉત્પન્ન થયો છે, તે પછીના ક્ષણોમાં ઉત્પન્ન થયો નથી. એટલે ઘટની ઉત્પત્તિમાં અમુક ક્ષણની વિશિષ્ટતા છે, બીજા ક્ષણમાં તે ક્ષણની વિશિષ્ટતા નથી એ સમજી શકાય છે. ઉત્પન્ન થયેલા ઘટમાં પ્રથમ ક્ષણે દ્વિતીય ક્ષણ સંબંધ વિશિષ્ટતા નથી એ સ્પષ્ટ છે. એ તો જ્યારે ઘટ દ્વિતીય ક્ષણમાં આવે છે ત્યારે જ થાય છે, અને દ્વિતીય ક્ષણમાં ઘટ આવે છે ત્યારે તેમાં પ્રથમ ક્ષણ વિશિષ્ટતા રહેતી નથી તે વિલય પામી જાય છે. એ રીતે દ્વિતીય ક્ષણે ઘટમાં પ્રથમ ક્ષણ સંબંધ વિશિષ્ટતાનો નાશ અને દ્વિતીય ક્ષણ સંબંધ વિશિષ્ટતાની ઉત્પત્તિ રહે છે. ધ્રૌવ્ય તો પ્રગટ જણાય છે. એ પ્રમાણે ઉત્તરોત્તર ક્ષણોમાં વિચારવું. આ તો એક પ્રકારે વિચાર્યું તે તે આત્માની જ્ઞાનવિષયિતા, ભિન્નભિન્ન આત્માને ભિન્ન ભિન્નપણે ઉપયોગમાં આવવાપણું વગેરે અનેક પ્રકારે પ્રતિક્ષણે ત્રિલક્ષણ સ્વરૂપ વિચારાય.

કોઇપણ પદાર્થને ઉપર પ્રમાણે વિચારવામાં આવે તો તેમાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય છે એ સમજણમાં ગૂંચ ન આવે.

*

દરેક પદાર્થમાં પ્રતિસમય પર્યાયોનું પરાવર્તન થયા જ કરે છે. કોઇપણ પદાર્થ એવો નથી કે જે એક સમયે જેવો હોય. તેના બીજે જ સમયે તે તેવો જ હોય કે તેમાં પરાવર્તન ન થયું હોય. પદાર્થનું પૂર્વસ્વરૂપ જે ફરે છે-દૂર થાય છે તે નાશ છે અને નવું સ્વરૂપ થાય છે તે ઉત્પત્તિ છે. નિશ્ચયનય-ઋજુસૂત્રનય ઉપરની હકીકતને સ્પષ્ટ માને છે. અને એ રીતે સમજાવે છે. એ અનુસારે **कियमाणे कडे** (કરાતું કર્યું) ઇત્યાદિ આગમવચનો યથાર્થ છે. ઉત્પન્ન થવાનો અને ઉત્પન્ન થયાનો સમય એક જ છે.

વ્યવહારનયની માન્યતા પ્રમાણે '**उत्पद्यते, उत्पन्नम्, उत्पत्स्यते, नश्यति, नष्टम्, नङ्क्ष्यति**' (ઉત્પન્ન થાય છે, ઉત્પન્ન થયું, ઉત્પન્ન થશે. નાશ પામે છે, નાશ પામ્યું છે, નાશ પામશે) એ પ્રમાણે જે વર્તમાન, ભૂત અને ભવિષ્ય એ ભિન્ન ભિન્ન ત્રણે કાલનો પ્રયોગ થાય છે તે પણ પ્રતિક્ષણ પર્યાયોત્પત્તિ નાશવાદી ઋજુસૂત્રનયના અનુગ્રહને લઇને છે. કારણ કે ઋજુસૂત્રનય સમયપ્રમાણ વસ્તુ માને છે. તેમાં જે સમયે ઉત્પત્તિ અને નાશ થાય છે તે વર્તમાન સમયને આશ્રયીને **उत्पद्यते नश्यति** કહેવાય છે. તે સમય જ્યારે અતીત થાય છે ત્યારે તેને આશ્રયીને **उत्पन्नः नष्टः** કહેવાય છે, અને છે સમય જ્યારે અનાગત હોય છે ત્યારે તેને આશ્રયીને **उत्पत्स्यते, नङ्क्ष्यति** કહેવાય છે. આ વ્યવસ્થામાં બધે '**स्यात्**' શબ્દપ્રયોગ હોય છે, તેથી તે શુદ્ધ કહેવાય છે.

પર્યાયોની ઉત્પત્તિ કે નાશના સમયપ્રમાણ સૂક્ષ્મકાળને અથવા ઔપચારિક સ્થૂલકાળને ઋજુસૂત્રનયને આશ્રયીને સ્પષ્ટ કરવામાં ન આવે તો કેવળ વ્યવહારનય ત્રણ કાળના શબ્દપ્રયોગોની વ્યવસ્થા કઇ રીતે કરી શકે ? અર્થાત્ ન કરી શકે.

આ પ્રમાણે સમયે સમયે ઉત્પત્તિ અને વિનાશ સ્પષ્ટ સમજાય એટલે ધ્રૌવ્ય જે પ્રત્યક્ષ જણાય છે, અને દ્રવ્યાર્થિકનયથી તે શુદ્ધ છે તે પણ અંદર મળે અને પદાર્થ ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય એ ત્રિલક્ષણ સ્વરૂપ છે, એ દૃઢ થાય.

જો તુઝ ઉત્પત્તિ વિશિષ્ટનો, વ્યવહાર નાશનો ઇષ્ટ રે;
વ્યવહારિં ઉતપત્તિ આદરો, તો પહિલાં અછતિ વિશિષ્ટ રે. ૧૨ જિન૦
ઉતપત્તિ નહીં જો આગલિં, તો અનુતપન્ન તે થાઇ રે;
જિમ-નાશ વિના અવિનષ્ટ છઇ, પહિલા તુઝ કિમ ન સુહાઇ રે. ૧૩ જિન૦

*જો ઉત્પત્તિના પ્રવાહ સ્વરૂપ નાશમાં ભૂતકાળ વગેરેના પ્રત્યય ન કહીએ, અને નશ્ ધાતુનો અર્થ નાશ અને ઉત્પત્તિ એ બન્ને લઈને તે તે ઉત્પત્તિના ત્રણે કાળનો અન્વય સંભવે છે એમ કહીએ. એમ કહેતાં નાશ પામતા સમયે 'નષ્ટઃ' નાશ પામ્યો એવો પ્રયોગ ન થાય; જે માટે તે કાળે નશોત્પત્તિનું અતીતકાળપણું નથી એ પ્રમાણે નાશવ્યવહારનું જો સમર્થન કરો છો તો વ્યવહારે ઉત્પત્તિક્ષણ સમ્બન્ધ માત્ર કહો. ત્યાં પ્રાગભાવધ્વંસના કાલત્રયથી ત્રણે કાલનો અન્વય સમર્થન કરો, અને જો એમ વિચારશો કે ઘટને વર્તમાનત્વાદિકે જેમ પટ-વર્તમાનત્વાદિ વ્યવહાર ન હોય, ઘટધર્મવર્તમાનત્વાદિ કે ઘટવર્તમાનત્વાદિ વ્યવહાર ન હોય, તેમ નાશોત્પત્તિ વર્તમાનત્વાદિ કે નાશવર્તમાનત્વાદિ વ્યવહાર ન હોય, તો ક્રિયા નિષ્ઠા પરિણામરૂપ વર્તમાનત્વ, અતીત્વ લઈને 'નશ્યતિ, નષ્ટઃ' 'उत्पद्यते, उत्पन्नः' એ વિભક્ત વ્યવ-હાર સમર્થન કરો. માટે જ ક્રિયાકાલ અને નિષ્ઠાકાલ એ બન્નેની એક સાથે વિવક્ષાએ 'उत्पद्यमानमुत्पन्नम्, विगच्छद् विगतम्' એ સૈદ્ધાન્તિક પ્રયોગ સંભવે પરમતમાં 'इदानीं ध्वस्तो घटः' એ આદ્યક્ષણે વ્યવહાર સર્વથા ન ઘટે, અમારે તો નયભેદે સંભવે.

અહિં સમ્મતિતર્કની સમ્મતિ આ પ્રમાણે છે—

उप्पज्जमाणकालं, उप्पण्णं ति विगयं विगच्छंतं।
दवियं पण्णवयंतो, तिकालविसयं विसेसेइ ॥ ३ ॥ ३३७॥

[ઉત્પન્ન થતા કાલને ઉત્પન્ન થયું એ પ્રમાણે અને વિલય પામતા કાળને વિલય પામ્યું એ પ્રમાણે દ્રવ્યને પ્રરૂપતો ત્રણે કાળના વિષયને વિશેષિત કરે છે.]

જો આગળ દ્વિતીય વગેરે ક્ષણે ઉત્પત્તિ નથી. ઘટ વગેરે દ્વિતીય વગેરે ક્ષણે અનુત્પન્ન થાય, જેમ પહેલા એટલે ધ્વંસ થયા પહેલાં નાશ વિના 'અવિનષ્ટ' કહીએ છીએ. એ તર્ક તને કેમ સારો લાગતો નથી? તે માટે પ્રતિક્ષણ ઉત્પાદ-વિનાશ પરિણામદ્વારા માનવા. દ્રવ્યાર્થાદેશે દ્વિતીયાદિ ક્ષણે ઉત્પત્તિ વ્યવહાર કહીએ તો નાશવ્યવહાર પણ તે પ્રમાણે થવો જોઇએ. વળી ક્ષણાન્તર્ભાવે દ્વિતીયાદિક્ષણે ઉત્પત્તિ પામવી જોઇએ. અકલ્પિત અનુત્પન્નતા ન હોય, તો પણ પ્રતિક્ષણ ઉત્પત્તિ વિના પરમાર્થથી અનુત્પન્નતા થવી જોઇએ.

* આ બે ગાથાનો અર્થ સ્વોપજ્ઞ ટબા પ્રમાણે ભાષાનું સહજ પરિવર્તન કરીને આપ્યો છે.

એણઈ ભાવઈ ભાસિઉં, સમ્મતિ માંહિ એ ભાવ રે;
સંઘયણાદિક ભવ ભાવથી, સીઝતાં કેવલા જાઈ રે. ૧૪ જિન૦
તે સિદ્ધપણુઈ વલી ઊપજઈ, કેવલભાવઈ છઈ તેહ રે;
વ્યય ઉતપતિ અનુગમથી સદા, શિવમાંહિ તિય લક્ષણ એહ રે. ૧૫ જિન૦
જે જ્ઞેયાકારઈ પરિણમઈ, જ્ઞાનાદિક નિજ પર્યાય રે;
વ્યાતરેકઈ તેથી સિદ્ધનઈ, તિય લક્ષણ ઇમ પણિ થાઈ રે. ૧૬ જિન૦
ઇમ જે પર્યાય પરિણમઈ, ક્ષણ સંબંધઈ પણિ ભાવ રે;
તેથી તિય લક્ષણ સંભવઈ, નહીં તો તે થાઇ અભાવ રે. ૧૭ જિન૦
નિજ પર્યાયઈ એકદા, બહુ સંબંધઈ બહુરૂપ રે;
ઉત્પત્તિ નાશ ઇમ સંભવઈ, નિયમઈ તિહાં ધ્રૌવ્ય સ્વરૂપ રે. ૧૮ જિન૦

ઉપર પ્રમાણે પરિણામથી સર્વ દ્રવ્યને વિષે ઉત્પાદ અને વ્યય યથાર્થપણે સમજી શકાય છે, અને દ્રવ્યપણે સર્વ દ્રવ્યો ધ્રુવ છે, એ તો સિદ્ધ જ છે, એટલે પદાર્થમાત્રમાં સમસમયે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યનું સમર્થન કરી શકાય છે. આ જ અભિપ્રાયથી સમ્મતિ ગ્રંથમાં આ વિચાર સમજાવતાં જણાવ્યું છે કેઃ—

"જે સંઘયણ વગેરે ભવસંસારના ભાવો છે તે સિદ્ધ દશા પ્રાપ્ત થતાં મોક્ષમાં જવાને સમયે જાય છે એટલે તે સમયે ભવસ્થ કેવલજ્ઞાન પર્યાય નાશ થાય છે, અને એ કારણે સિદ્ધપણું પ્રાપ્ત થાય છે, માટે સિદ્ધ કેવલજ્ઞાન ઉપજે છે. કેવલજ્ઞાન તે સ્વરૂપે તો ધ્રુવ છે જ, આ પ્રમાણે તે તે પરિણામે પરિણમેલા સિદ્ધ દ્રવ્યના અનુગમથી મોક્ષમાં ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય ઘટે છે, અને પદાર્થનું ત્રિલક્ષણ સ્વરૂપ અબાધિત રહે છે.

આ ભાવને વ્યક્ત કરતી સમ્મતિની ગાથાઓ આ પ્રમાણે છે—

જે સંઘયણાઈઆ, ભવત્થકેવલિવિસેસપજ્જાયા।
તે સિજ્ઝમાણસમયે, ણ હોંતિ વિગયં તઓ હોઈ ॥ ૨–૩૫॥

સિદ્ધત્તણેણ ય પુણો, ઉપ્પણ્ણો એસ અત્થપજ્જાઓ।
કેવલભાવં તુ પડુચ્ચ, કેવલં દાઇઅં સુત્તે ॥ ૨–૩૬॥

આગમમાં પણ આ જ સિદ્ધાંતનું સમર્થન કરતાં સૂત્રો ઉપદેશ્યા છે. "**કેવલનાણે દુવિહે પણ્ણત્તે, ભવત્થકેવલનાણે ય સિદ્ધકેવલનાણે ય**" જો કેવલજ્ઞાનભાવમાં ધ્રૌવ્ય એક જ હોત તો ઉપર પ્રમાણે તેના બે ભેદ થઇ શકે નહિં, પણ જે ભેદ પ્રરૂપેલ છે તે સમજાવે છે કે, તેમાં પણ પર્યાયનયની વિચારણા છે, અને ત્રિલક્ષણ સ્વરૂપ છે. ઉપરની વિચારણાથી સિદ્ધોમાં ત્રિલક્ષણસ્વરૂપ સમજાય છે, પણ એ સ્થૂલવ્યવહારે છે, પણ સૂક્ષ્મનયની વિચારણા પ્રમાણે તો ઋજુસૂત્રનયની વિચારણા પ્રમાણે સમજવું જોઇએ. એ નયને આશ્રયીને તો

સમયે સમયે ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય છે. તેમાં દ્રવ્યાર્થાદેશને આધારે ધ્રૌવ્ય છે, એ સ્પષ્ટ છે. પણ ઉત્પાદ ને વ્યય સમયે સમયે કઇ રીતે છે, એ સૂક્ષ્મ રીતે વિચારણીય છે. સૂક્ષ્મ ઋજુસૂત્રનય તે આ પ્રમાણે સમજાવે છે.

કેવલજ્ઞાન અને કેવલદર્શન ત્રણે કાળના સર્વ પદાર્થો સર્વ પર્યાયોયુક્ત જે જાણે છે અને જુએ છે તેમાં પણ તે તે ભાવોમાં ત્રણે કાળ આવે છે, જે ભાવો તે જ્ઞાન-દર્શનમાં વર્તમાન સમયે વર્તમાન સ્વરૂપે છે, તે જ ભાવો તે જ્ઞાનદર્શનમાં ભૂત અને ભવિષ્ય સમયના વર્તમાન સ્વરૂપે નથી, બીજો સમય આવે છે ત્યારે જ્ઞાન-દર્શનમાં ભવિષ્યસમય સ્વરૂપે રહેલા ભાવો વર્તમાનસ્વરૂપે ઉપજે છે, અને વર્તમાનસ્વરૂપે પૂર્વસમયે રહેલા ભાવો વિલય પામીને ભૂતસ્વરૂપે ઉપજે છે. આ પ્રમાણે સિદ્ધને પ્રથમ સમયે વર્તમાનાકાર જે છે તેનો દ્વિતીય સમયે નાશ અને અતીતાકારે ઉત્પાદ, ધ્રૌવ્ય તો છે જ. આ પ્રમાણે આગળ આગળ વિચારવું.

ઉપર પ્રમાણે દૃશ્યાકારના સંબંધને આશ્રયીને કેવલજ્ઞાન તથા કેવલદર્શનમાં ત્રિકાલપણું સ્પષ્ટ થાય છે, પણ નિરાકાર જે સમ્યક્ત્વ, વીર્ય વગેરે ભાવો છે, તેમાં તો ત્રિલક્ષપણું અન્ય પ્રકારે સમજવું આવશ્યક છે. સિદ્ધ વગેરે શુદ્ધ દ્રવ્યને વિષે તે તે સ્વરૂપો ધ્રૌવ્યરૂપે અવસ્થિત રહે છે.

જે પ્રથમ સમયે સિદ્ધાત્મામાં ક્ષાયિક સમ્યક્ત્વ અનંતવીર્ય વગેરે છે તે સમયે તેની અવસ્થિતિ તે સમય પૂરતી છે, બીજે સમયે તે ગુણોનો સંબંધ જુદો થાય છે. પ્રથમ અને બીજો એવો ભેદ જે સમયોમાં છે તે જ સમજાવે છે કે, તેમાં કાંઇક જુદાપણું છે. જુદા જુદા સમયો સાથે સંબંધ પણ જુદો જુદો થાય, એટલે તે તે ક્ષાયિક ગુણોમાં પ્રથમ સમયે જે સંબંધ હતો તે બીજે સમયે નાશ પામ્યો અને બીજા સમય સાથેનો સમ્બન્ધ ઉત્પન્ન થયો. ક્ષણસમ્બન્ધ માત્રથી તો તેમાં ધ્રુવતા છે. આ પ્રમાણે ત્રિલક્ષપણું તેમાં વિચારવું. જો એમ ન વિચારાય તો તે તે ગુણો ભાવરૂપ ન રહે, અભાવરૂપ થઈ જાય. કારણ કે ભાવરૂપતા ત્રિલક્ષણપણાને અધીન છે. જેમાં એ ત્રિલક્ષણપણું નથી તે અભાવ છે, જેમ શશશૃંગ, ગગનકુસુમ, કૂર્મક્ષીર, વંધ્યાપુત્ર વગેરે.

આ પ્રમાણે જીવ અને પુદ્ગલને મુખ્યપણે સ્વપર્યાયોથી તથા આકાશ, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયને મુખ્યપણે પરપર્યાયોથી એકકાલે અનેક પ્રકારે ઉત્પત્તિ અને નાશ સંભવે છે. દ્રવ્યના જેટલા સ્વપર્યાયો અને પરપર્યાયો છે તેટલા જ તેના ઉત્પત્તિ અને નાશ છે. જેટલા ઉત્પત્તિ ને નાશ છે તેટલા જ તેનાં ધ્રૌવ્યસ્વરૂપો છે. સ્થૂલ અપેક્ષાએ ધ્રૌવ્યસ્વરૂપ એક જ પ્રકારનું છે એમ લાગે, છતાં સૂક્ષ્મવિચારણા કરતાં જે જે પૂર્વાપર સ્વપર પર્યાયો છે તે સર્વને અનુગત આધારાંશ તેટલા જુદા જુદા થાય અને તે સર્વ ધ્રૌવ્યસ્વરૂપે ગણાય.

આ વિચારને સ્પષ્ટ સમજાવતી સમ્મતિ ગાથા આ પ્રમાણે છે

"एगसमयम्मि एगदवियस्स बहुआ वि होंति उप्पाया।
उप्पायसमा निगमा ठिई उ उस्सग्गओ नियमा ॥३-४१॥"

[એક સમયે એક દ્રવ્યના ઘણાંયે ઉત્પાદો હોય છે. ઉત્પાદો જેટલા છે તેટલા વિગમો છે અને સ્થિતિ ધ્રૌવ્ય નિશ્ચયે ઉત્સર્ગથી છે.]

દ્વિવિધ પ્રયોગજ વીસસા, ઉત્પાદ પ્રથમ અવિશુદ્ધ રે;
તે નિયમઈ સમુદયવાદનો, યતનઈ સંયોગજ સિદ્ધ રે. ૧૯ જિન૦
સહજઈ થાઇ તે વીસસા, સમુદય એકત્વ પ્રકાર રે;
સમુદય એચતન ખંધનો, વલી સચિત્ત મીસ નિરધાર રે. ૨૦ જિન૦
સંયોગ વિના એકત્વનો, તે દ્રવ્ય વિભાગઈ સિદ્ધ રે;
જિમ ખંધ વિભાગઈ અણુપણું, વલી કર્મ વિભાગઈ સિદ્ધ રે. ૨૧ જિન૦

પર્યાયાર્થિક નયને અનુસારે ઉત્પાદ અને વ્યય સમજાય ત્યારે ઉત્પાદની વિશદ વિચારણા કરવી જરૂરી છે. એ વિચારણા પર્યાયાર્થિક નયને ખૂબ પોષણ કરનારી અને સૂક્ષ્મ રીતે સમજાવનારી છે.

ઉત્પાદની વિચારણા આ પ્રમાણે છે—

ઉત્પાદ એટલે ઉત્પન્ન થવું. તેના મુખ્ય બે પ્રકાર છે. એક પ્રયોગથી ઉત્પન્ન થનાર એ પ્રયોગ જ ઉત્પાદ કહેવાય છે, અને બીજો સ્વભાવથી ઉત્પન્ન થનાર. આ સ્વભાવજનિત ઉત્પાદને વીસસા–વિશ્રસા ઉત્પાદ કહેવામાં આવે છે. પ્રયોગ જ ઉત્પાદ એ વ્યવહારનો છે, એટલા માટે તે અવિશુદ્ધ કહેવાય છે. આ પ્રયોગ જ ઉત્પાદનો નિર્ણય સમુદયવાદે થાય છે અને પ્રયત્નોપૂર્વક થતાં અવયવોના સંયોગોદ્વારા એ સિદ્ધ થાય છે.

અહિં સમ્મતિતર્કની ગાથા છે—

"उप्पाओ दु विअप्पो, पओगजणिओ अ वीससा चेव।
तत्थ य पओगजणिओ, समुदयवाओ अपरिसुद्धो॥ ३-३२॥"

[ઉત્પાદ બે પ્રકારનો છે. પ્રયોગજનિત અને બીજો વિશ્રસા. તેમાં પ્રયોગજનિત તો સમુદયવાદનો અને અપરિશુદ્ધ છે.]

જે સહજ સ્વભાવિકપણે થાય, જેમાં પ્રયત્નકારણભૂત ન હોય તે ઉત્પાદ વિશ્રસા કહેવાય છે. વિશ્રસા ઉત્પાદના બે ભેદ છે. એક સમુદયજનિત અને બીજો ઐકત્વિક. સમ્મતિમાં કહ્યું છે કે—

"साहाविओ वि समुदयकओ व्व एयत्तिओऽत्थ होज्जाहि" ॥ ३-३३॥

[સ્વાભાવિક પણ સમુદયકૃત અને ઐકત્વિક થાય છે] તે બે ભેદમાં વાદળા વગેરેના થતાં અચિત્તસ્કન્ધો એ સમુદયજનિત વિશ્રસા પ્રયોગ છે. વળી સચિત્ત, મિશ્ર, શરીર, વર્ણ વગેરેનો નિર્ધાર ઉપર પ્રમાણે વિચારવો.

જે વિશ્રસા ઉત્પાદમાં સંયોગકારણ નથી તે ઐકત્વિક ઉત્પાદ જાણવો એ ઉત્પાદ દ્રવ્યના વિભાગથી સિદ્ધ છે. જે પ્રમાણે બે અણુઓ મળી દ્વિપ્રદેશ, એ પ્રમાણે વધારે અણુઓવાળા

જે સ્કંધો છે તેમાંથી જ્યારે તે છૂટા પડે છે, ત્યારે તેમનું અણુપણું પુનઃ પ્રકટ થાય છે. એ અણુના ઉત્પાદમાં વિભાગ કારણ છે. વળી કર્મના વિભાગે સિદ્ધપર્યાય ઉપજે છે. નૈયાયિકો માને છે કે, અવયવોના સંયોગોથી જ દ્રવ્યની ઉત્પત્તિ થાય છે પણ વિભાગથી થતી નથી. પણ તેઓનું એ કથન વ્યાજબી નથી. તેઓને પણ એકત્વાદિ વિભાગે ખંડપટોત્પત્તિ માન્યા વગર છૂટકો નથી.

જો નૈયાયિકો ખંડપટોત્પત્તિમાં એમ કહે કે હજાર તંતુના પટમાંથી વિભાગ કરીને પાંચસો પાંચસો તંતુના બે પટો કરવામાં આવે તો એ હજાર તંતુના પટના વિભાગથી બન્યા છે એમ નહિં પણ હજાર તંતુ જે જોડાયા હતા તે પાંચસો તંતુના પટમાં પ્રતિબંધરૂપે હતા. એ પ્રતિબન્ધક દૂર થયું એટલે પાંચસો તંતુનો જે સંયોગ હતો તેથી પાંચસો તંતુનો પટ ઉત્પન્ન થયો, એ પ્રમાણે પાંચસો તંતુના પટમાં સંયોગ જ કારણ છે પણ વિભાગ કારણ નથી. પ્રતિબંધકભાવ સહિત અવસ્થિતાવયવ સંયોગને હેતુતા માનવી આ પ્રમાણે નૈયાયિક વિભાગને દ્રવ્યોત્પાદક ન માનવાના આગ્રહમાં દૂર દૂરની કલ્પના કરીને વ્યવસ્થા જાળવવાનો જે પ્રયાસ કરે છે તે ખરેખર બુદ્ધિની વિડમ્બના છે. લાઘવપ્રિય નૈયાયિકને તો એ શોભતું નથી. માટે સ્થલવિશેષમાં સંયોગને અને સ્થલ-વિશેષમાં વિભાગને દ્રવ્યોત્પાદક માનવો. એથી વિભાગથી થતો પરમાણુત્પાદ પણ અર્થસિદ્ધ થાય છે.

સમ્મતિ મહાગ્રન્થમાં આ વાત આ પ્રમાણે સૂચવી છે.

दव्वंतरसंजोगा हि, केई दवियस्स बिंति उप्पायं ।
उप्पायत्थाऽकुसला, विभागजायं ण इच्छंति ॥ ३-३८ ॥

अणुदुअणुअेहिं दव्वे आरद्धे 'तिअणुअ' ति ववएसो ।
तत्तो अ पुण विभत्तो 'अणु' त्ति जाओ अणु हेाइ ॥ ३-३९ ॥

[કેટલાએક દ્રવ્યાન્તરના સંયોગથી જ દ્રવ્યનો ઉત્પાદ થાય છે એમ કહે છે, તેઓ ઉત્પાદવિષયક જ્ઞાનમાં કાચા છે. વિભાગથી થતા ઉત્પાદને તેઓ માનતા નથી, અણુની સાથે દ્વયણુક જોડાવાથી જે દ્રવ્ય ઉપજે છે તે 'ત્રયણુક' એ પ્રમાણે કહેવાય છે, વળી તેમાંથી છુટો પડે એટલે 'અણુ' જન્મ્યો ને અણુ થયો એમ કહેવાય.]

આમ વિભાગજ દ્રવ્યોત્પાદ માનવા જોઇએ.

વિણ ખંધ હેતુ સંયોગ જે, પરસંયોગઇં ઉત્પાદ રે;
વલી જે ષિણુ ષિણુ પર્યાયથી, તે એકત્વજ અવિવાદ રે. ૨૨ જિન૦
પર પ્રત્યય ધર્માદિક તણેા, નિયમઇં ભાષિએા ઉત્પાદ રે;
નિજ પ્રત્યય પણ તેહજ કહેા, જાણી અંતર નયવાદ રે. ૨૩ જિન૦

વિશ્વમાં વિદ્યમાન વસ્તુમાત્રમાં સમયે સમયે ઉત્પત્તિ-વિનાશ અને સ્થિતિ છે, એ વિચારણા જેમ જેમ કરવામાં આવે તેમ તેમ સ્પષ્ટ ભાસે છે.

સંયોગથી ઉપજતા પદાર્થોમાં બંધાઇ ગયેલી દૃષ્ટિને અન્ય રીતે ઉપજતા પદાર્થો એકદમ ગોચર થતાં નથી પણ તેથી અન્ય રીતે પદાર્થો ઉપજતા જ નથી, એમ માની લેવું એ મૂઢતા છે.

પદાર્થો ઉપજે છે એ વિચારણા સૂક્ષ્મ રીતે કરવામાં આવે તો તે તે સંયોગને પામેલા પદાર્થો કોઈ એક કાર્યક્ષમ બને છે, તેને ઉપજે છે એમ ગણવામાં આવે છે. જે પ્રમાણે સંયોગથી કાર્યક્ષમતા જન્મે છે, તે પ્રમાણે વિભાગથી પણ કાર્યક્ષમતા જન્મે છે. એટલે વિભાગને પણ કાર્યોપાદક માનવો આવશ્યક છે.

વિભાગ કાર્યોત્પાદક છે, એ સ્થિર થાય એટલે પરમાણુ પણ ઉપજે છે એ હકીકત સ્પષ્ટ થાય છે.

સદા સ્થિર સ્વભાવ ધારણ કરી રહેલા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ ત્રણમાં પણ સમયે સમયે ઉત્પાદ અને વિનાશ થાય છે. તે ત્રણેનો નિજ સ્વભાવ સ્થિર હોવા છતાં તેઓને પર સંયોગ તો છે જ, પુદ્ગલ અને જીવના સંયોગને કારણે તેઓમાં પણ પરિવર્તન થયા કરે છે, જે જીવ-પુદ્ગલોનો તેઓને જે રીતનો સંયોગ વર્તમાનમાં છે, તે રીતનો તેઓનો સંયોગ સમય પછી ફરી જાય છે. જે રીતનો પ્રથમ હતો તે દૂર થઇને નવા પ્રકારના સંયોગવાળા તે ત્રણે જન્મે છે.

એ પ્રમાણે ધર્માસ્તિકાય આદિ ત્રણમાં પરની અપેક્ષાપૂર્વક ઉત્પાદાદિ થાય છે, એટલે એ ઉત્પાદાદિ ઉભય જનિત છે. **'સ્વોપજ્ઞભાગત્યાદિપરિણત–જીવ પુદ્ગલાદિ નિમિત્ત જ'** છે એમ સિદ્ધ થયું. પણ જે ઉભયજનિત હોય તે એકજનિત પણ હોય એટલે ધર્માસ્તિકાયાદિ ત્રણમાં નિજ પ્રત્યય પણ ઉત્પાદાદિ છે, સન્મતિમાં જે કહ્યું છે કે—

आगासाईआण तिण्ह परपच्चओ [s] णियमा

'આકાશાદિ ત્રણનો ઉત્પાદ નિશ્ચયે પરપ્રત્યય છે–તેમાં પરપચ્ચઓની આગળ 'અ' નો પ્રશ્લેષ કરવામાં આવે તો નિયમાને બદલે અનિયમા થઇ જાય, તેનો અર્થ એવો થાય કે આકાશાદિ ત્રણનો ઉત્પાદ પરપ્રત્યય છે એ એકાંતે નથી. ટીકાકારે એ પ્રમાણે 'અ' નો પ્રશ્લેષ કરીને અર્થ સ્ફુટપણે જણાવેલ છે, તેમાં પણ ઉપરોક્ત ત્રણેના ઉત્પાદાદિ નિજ પ્રત્યય પણ છે, એ વાત લક્ષ્યમાં રાખીને જણાવેલ છે.

દ્વિવિધ નાશપણિ જાણિઇ, એક રૂપાંતર પરિણામ રે;
અર્થાંતરભાવગમન વલી, બીજો પ્રકાર અભિરામ રે. ૨૪ જિન૦
અંધારાનઇ ઉદ્યોતતા, રૂપાંતરનો પરિણામ રે;
અણુનઇ અણુ અંતર સંક્રમઇ, અર્થાંતર ગતિનો ઠામ રે. ૨૫ જિન૦
અણુનઇ છઇ યદ્યપિ ખંધતા, રૂપાંતર અણુ સંબંધ રે;
સંયોગ-વિભાગાદિક થકી, તો પણિ એ ભેદ પ્રબંધ રે. ૨૬ જિન૦

વસ્તુ જે નાશ પામે છે તેમાં વિનાશના બે ભેદ છે, એક રૂપાંતર પરિણામ રૂપ વિનાશ અને બીજો અર્થાન્તરગમન રૂપ વિનાશ.

દ્રવ્યાર્થિક નય વિચારણા લક્ષ્યમાં રાખીને પદાર્થોમાં થતાં પરિવર્તનો એ રૂપાંતરપરિણામરૂપ વિનાશને સમજાવે છે. તેમાં વસ્તુ સર્વથા વિનાશ પામતી નથી એવું સ્પષ્ટ જણાય છે. જેમ ઘડામાં થતો ફેરફાર, ઘડાને ઘડારૂપે કાયમ રાખવા છતાં તે ફર્યો છે એવું જણાવે છે, તે રૂપાંતર પરિણામ છે. જ્યાં રૂપાંતર પરિણામ છે ત્યાં આ તે છે એવું ભાન થવું શક્ય છે, પણ જ્યારે ઘડો ફુટી જાય છે ને માટી રૂપે પરિણત થઇ જાય છે ત્યારે તેં વિનાશ અર્થાન્તરગમનરૂપ થાય છે. પર્યાયાર્થિક નય તો એ વિચારણાને પ્રધાનપણે સમજાવે છે. તેની વિચારણાને આધારે પૂર્વપર્યાય જે સત્ છે તે નાશ પામે છે અને આગળનો જે પર્યાય અસત્ હતો તે ઉપજે છે, આ હકીકત સમ્મતિ પ્રજ્ઞાપના (પદ-૧૩) ની ટીકામાં આ પ્રમાણે જણાવી છે.

परिणामो ह्यर्थान्तरगमनं न च सर्वथा व्यवस्थानम्। न च सर्वथा विनाशः परिणामस्तद्विदामिष्टः ॥१॥
सत्पर्यायविनाशः प्रादुर्भावोऽसता च पर्यायतः। द्रव्याणां परिणामः प्रोक्तः खलु पर्यवनयस्य ॥२॥

અન્ધકાર જે ઉદ્યોત સ્વરૂપે પરિણમે છે, ત્યાં રૂપાન્તર પરિણામ રૂપે અન્ધકારનો નાશ થાય છે. અન્ધકારના પુદ્ગલો જે સ્થિતિમાં હોય છે તેમાં કાંઇ પરાવર્તન થતું નથી. સ્થિતિ તો તે પ્રમાણે રહે છે પણ તેમાં ઉદ્યોત પરિણામ ઉપજે છે ને અન્ધકાર નાશ પામે છે. એટલે તે રૂપાન્તર છે. એક અણુ બીજા અણુમાં મળે છે અને દ્વયણુક ઉત્પન્ન થાય છે, ત્યારે અણુનો નાશ થાય છે, એ નાશ અર્થાન્તર ગમન રૂપે છે, આ નાશમાં અણુ અણુરૂપે રહેતો નથી તેનો પરમાણુ પર્યાય નાશ પામે છે, અને સ્કન્ધરૂપે બીજો જ અર્થ ઉપજે છે, માટે આ અર્થાન્તર ગમન રૂપે છે. જો કે અણુને બીજા અણુના સમ્બન્ધથી જે સ્કન્ધપણું ઉપજે છે, તે પણ રૂપાન્તર પરિણામ જ છે. તો પણ સંયોગ-વિભાગાદિક સ્વરૂપે ઉપજતા દ્રવ્યવિનાશ જુદા જુદા છે. એ રીતે દ્રવ્યવિનાશ બે પ્રકારે છે એમ ઉપલક્ષણથી સમજાય માટે પૂર્વોક્ત ભેદો છે, જે માટે દ્રવ્યોત્પાદ વિભાગે જેમ પર્યાયોત્પાદ વિભાગ થાય છે તેમ દ્રવ્યનાશ વિભાગે પર્યાયનાશ વિભાગ થાય, તે સમુદયવિભાગ અને અર્થાન્તરગમન એ બીજો પ્રકાર કહેવાય.

તંતુપર્યંત ઉપજતો પટનો નાશ એ સમુદયવિભાગ છે અને ઘડાની ઉત્પત્તિ થતાં થતો માટીના પિંડનો નાશ એ અર્થાંતરગમન છે, સમ્મતિતર્કમાં કહ્યું છે કે-

" विगमस्स वि एस विही, समुदयजणिअम्मि सो उ दुविअप्पो।
समुदयविभागमित्तं; अत्थंतरभावगमणं च ॥ ३-३४ ॥ "

[વિનાશનો પણ આ વિધિ છે, સમુદાયથી ઉપજવામાં તે તો બે પ્રકારે છે. એક સમુદાયવિભાગ માત્ર અને બીજો અર્થાન્તરભાવગમન]

ધ્રુવ ભાવ થૂલ ઋજુસૂત્રનો, પર્યાય સમય અનુસાર રે;
સંગ્રહનો તેહ ત્રિકાલનો, નિજ દ્રવ્ય જાતિ નિરધાર રે. ૨૭ જિન૦

સવિ અર્થ સમયમાં ભાખિઆ, ઇમ વિવિધ ત્રિલક્ષણ શીલ રે;
જે ભાવઇ એહની ભાવના, તે પાવઇ સુખ જસ લીલ રે. ૨૮ જિન૦

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય અને કાળ એ છએ દ્રવ્યો સદા-સર્વદા અવસ્થિત છે. એ છએ જેટલા છે તેટલા સદા-સર્વદા રહે છે, તેમાં કોઈપણ વૃદ્ધિ કે હાનિ કરી શકતું નથી. જીવ કે પુદ્ગલમાં એક પણ ઓછો થતો નથી કે વધતો નથી. છતાં વિશ્વમાં વૃદ્ધિ હાનિ જે સ્પષ્ટ દેખાય છે. આજે જોયેલું કાલે દેખાતું નથી. અને આજે નહિં દેખાતું કાલે નજરે પડે છે; એ સર્વ પરાવર્તન માત્ર છે, સંયોગ-વિભાગને યોગે એ સર્વ થાય છે, માટીમાં ફરતા આકારોની જેમ જગતમાં આકારો થયા કરે છે, એક ઉપજે છે અને બીજો વિલય પામે છે, પ્રતિસમય પરિવર્તન પદાર્થમાત્રમાં ચાલ્યા કરે છે, સમયે સમયે થતાં પરિવર્તન તરફ જો દૃષ્ટિ કરવામાં આવે તો ઉત્પાદ અને વિનાશમય સર્વ જણાય. પણ એ દૃષ્ટિ એકાન્તે પકડી રાખવામાં આવે તો પદાર્થમાત્રમાં જે સ્થાયિતત્ત્વ છે તેનાથી વંચિત રહેવાય એટલે પદાર્થમાં રહેલા સ્થાયિતત્ત્વને પણ જાણવું જોઇએ.

ધ્રુવભાવ-ધ્રુવતાના બે ભેદ છે. ૧ સ્થૂલધ્રુવભાવ. ૨ સૂક્ષ્મધ્રુવભાવ, સ્થૂલધ્રુવભાવ એ ઋજુસૂત્રનયને અનુસરીને મનુષ્ય વગેરે પર્યાયો જે નિયતકાળસ્થાયી છે, તે અને સૂક્ષ્મધ્રુવ-ભાવ એ સંગ્રહનયને સમ્મત છએ દ્રવ્યો યાવત્કાલસ્થાયી તે. તે તે દ્રવ્યોમાં ગમે તેવા પરિવર્તનો થાય તો પણ તેનું મૂળભૂત સ્વરૂપ જતું નથી, ચેતન એ જડ થતો નથી કે જડ એ ચેતન બનતો નથી. આ પ્રમાણે સિદ્ધાન્તમાં સર્વ પદાર્થો વિવિધ પ્રકારે ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય સ્વરૂપ કહ્યા છે, જે પુરુષ એ ત્રિલક્ષણ સ્વભાવની ભાવના ભાવે તો વિસ્તાર-રુચિ સમ્યક્ત્વની મજા માણતા ઊપજતું અંતરંગ સુખ અને પ્રભાવકપણાનો યશ, એ બન્નેની લીલાને પામે, ખરો આનંદ જ એ છે કે પદાર્થમાત્રમાં ત્રિલક્ષણ સ્વરૂપનો વિચાર કરવો, એ આનંદ જેણે અનુભવ્યો છે, તેને અન્ય આનંદ આનંદરૂપ ભાસતા નથી. આ અદ્વિતીય આનંદના અનુભવમાં એ આત્માનો સમય કયાં જાય છે, એની એને પોતાને પણ ખબર પડતી નથી. ત્રિલક્ષણ ભાવમાં મસ્ત રહેલા આત્માની મસ્તી કોઇ ઓર જ હોય છે. એવા મસ્ત અને અલમસ્ત આત્માઓને કર્મની, દુષ્ટકર્મના ઉદયોની પણ કાંઈ પરવા હોતી નથી. એવા આત્માઓથી કર્મો પણ કંટાળે છે અને છેવટે કર્મો પણ તેથી છૂટા થવાને તલસે છે, એવા આત્માઓનો ઉજ્જ્વળ યશ ત્રણે લોકમાં ગવાય છે.

ઢાળ નવમી-ટબ્બાર્થ.

(૧) એક જ અર્થ-જીવપુદ્ગલાદિક, ઘટાપટાદિક, જેમ ત્રણ ૩ લક્ષણે-ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યે કરી સહિત શ્રી જિનરાજ કહે છે. ' **उत्पन्ने इ वा, विगमे इ वा, धुवे इ वा** ' એ ત્રિપદીએ કરીને, તેમ સદ્દહણા મનમાંહે ધરતાં સર્વ કાર્ય સીઝે. એ ત્રિપદીને સર્વ અર્થ વ્યાપકપણું ધારવું, તે જિનશાસનાર્થે. પણ કેટલાંએક નિત્ય, કેટલાંએક અનિત્ય, એમ નૈયાયિકાદિક કહે છે, તે રીતે નહિં. નિત્યૈકાંત, અનિત્યૈકાંત પક્ષમાં લોકયુક્તિપણિ વિરૂદ્ધ છે. તે માટે દીપથી માંડી આકાશ (તાંઇ) તેમાં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય લક્ષણ માનવું. તેહ જ પ્રમાણ.

उक्तं च—

आदीपमाव्योम समस्वभावं, स्याद्वादमुद्राऽनतिभेदि वस्तु ।
तन्नित्यमेवैकमनित्यमन्य-दिति त्वदाज्ञाद्विषतां प्रलापाः ॥

(अन्ययोगव्यवच्छेद द्वा० १)

(૨) એહજ ભાવ વિવરીને કહે છે. ઉત્પાદ, વ્યય, ધ્રુવ એ ત્રણ ૩ લક્ષણો ષટ્દ્રવ્યનો સમય સમય પરિણામ છે. કોઈ કહેશે જે ' જિહાં ઉત્પાદ, વ્યયપણું તિહાં ધ્રુવપણું નહિં, જિહાં ધ્રુવપણું તિહાં ઉત્પાદવ્યય નહીં, એહવો વિરોધ છે. તો ત્રણ ૩ લક્ષણ એક ઠામે કેમ હોય ? તિમ ત્રણ ૩ લક્ષણ એક ઠામે ન હુઆ જોઇએ. ' તેહને કહીએ જે શીત, ઉષ્ણ, સ્પર્શ જલ-અનલને વિષે પરસ્પરે પરિહારે દીઠા છે, તેહને એક ઠામે ઉપસંહારે વિરોધ કહિએ, ઇહાં તો ત્રણ-૩ લક્ષણ સર્વત્ર એકઠાં જ પ્રત્યક્ષથી દીસે છે, પરસ્પર પરિહારે કિહાંઇ પ્રત્યક્ષ સિદ્ધ નથી, તો એ વિરોધનો ઠામ કિમ હોએ ? અનાદિકાલીન એકાંતવાસનાએ મોહિત જીવ એહનો વિરોધ જાણે છે, પણિ પરમાર્થે વિચારી જોતાં વિરોધ નથી. સમનિયતતાએ પ્રત્યય જ વિરોધ ભંજક છે. ૨

(૩) તેહજ દેખાડે છે-એક જ હેમ દ્રવ્યને વિષે ઘટાકારે નાશ, મુકુટાકારે ઉત્પત્તિ અને હેમાકારે સ્થિતિ એ ત્રણ ૩ લક્ષણ પ્રકટ દીસે છે. જે માટે હેમ ઘટ ભાંજી હેમ મુકુટ થાએ છે. તે વારે હેમઘટાર્થી દુઃખવંત થાયે, તે માટે-ઘટાકારે હેમ વ્યય સત્ય છે, જે માટે હેમમુકુટાર્થી હર્ષવંત થાયે-તે માટે હેમોત્પત્તિ મુકુટાકારે સત્ય છે. જે માટે હેમમાત્રાર્થી તે કાલે ન સુખવંત ન દુઃખવંત થાએ છે. સ્થિત પરિણામે રહે છે તે માટે હેમ સામાન્ય સ્થિતિ સત્ય છે. ઇમ સર્વત્ર ઉત્પાદ, વ્યય, સ્થિતિ પર્યાય દ્રવ્ય રૂપે જાણવા.

ઇહાં ઉત્પાદ-વ્યય ભાગી ભિન્ન દ્રવ્ય અને સ્થિતિ ભાગી ભિન્ન દ્રવ્ય કોઇ દીસતું નથી, જે માટે ઘટ મુકુટાદ્યાકાર સ્પર્શી હેમ દ્રવ્ય છે. નહી જે એક ધ્રુવ હોય, ધ્રુવતાની પ્રતીતિપણે છે. તે માટે ' **तद्भावाव्ययं नित्यम्** ' ।૩૩। એ લક્ષણે-પરિણામે ધ્રુવ અને પરિણામે અધ્રુવ સર્વ ભાવવું. ૩

(૪) ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યનો અભેદ-સંબદ્ધ ભેદ દેખાડે છે-હેમ ઘટ વ્યય તેહજ હેમમુકુટની ઉત્પત્તિ, એક કારણ જન્ય છે, તે માટે વિસભાગપર્યાયોત્પત્તિ-સંતાન છે. તેહથી જ ઘટનાશ વ્યવહાર સંભવે છે. તે માટે પણ ઉત્તર પર્યાયોત્પત્તિ તે પૂર્વપર્યાયનો નાશ જાણવો. કંચનની ધ્રુવતા પણ તેહજ છે. જે માટે પતીત્ય પર્યાયોત્પાદે એક સંતાનપણું તેહજ દ્રવ્ય લક્ષણ ધ્રૌવ્ય છે.

એ ત્રણ ૩ લક્ષણ એકદલે એકદા વર્તે છે, ઇમ અભિન્નપણે પણ શોક-પ્રમોદ-માધ્યસ્થ્ય રૂપ અનેક કાર્ય દેખીને તત્કારણ શક્તિરૂપે અનેકપણે-ભિન્નતા પણ જાણવી. સામાન્ય રૂપે ધ્રૌવ્ય અને વિશેષ રૂપે ઉત્પાદ, વ્યય એમ માનતાં વિરોધ નથી. વ્યવહાર તો સર્વત્ર स्यादर्थानुप्रवेशे જ હોય.

વિશેષપરતા પણ વ્યુત્પત્તિ વિશેષે જ હોય. **अत एव 'स्यादुत्पद्यते, स्यान्नश्यति, स्याद् ध्रुवम्'** એમ જ વાકયપ્રયોગ કીજે. **'उप्पनेइ वा' इत्यादौ वा शब्दो व्यवस्थायाम्, स च स्याच्छब्दसमानार्थः अत एव कृष्णसर्पः** એ લૌકિક વાકયે પણિ સ્યાચ્છબ્દ લેઇએ છે, જે માટે સર્પને પૃષ્ઠાવચ્છેદે શ્યામતા છે, ઉદરાવચ્છેદે નથી તથા સર્પ માત્રે કૃષ્ણતા નથી. શેષ નાગ શુકલ કહેવાએ છે. તે માટે વિશેષણ-વિશેષ્ય નિયમાર્થ જે સ્યાચ્છબ્દ પ્રયોગ છે તો ત્રિપદી મહાવાકચ પણ સ્યાત્કારગર્ભ જ સંભવે. ૪

(૫) હવે જે એમ કહિએ જે 'હેમદ્રવ્ય એક જ અવિકૃત છે, વિકાર તો મિથ્યા છે. શોકાદિક કાર્યત્રયજનનૈકશક્તિ સ્વભાવ તે છે, તે માટે શોકાદિક કાર્યત્રય થાએ છે.' તો કારણના ભેદ વિના કાર્યનો ભેદ કેમ થાય? સ્વેષ્ટસાધન તે પ્રમોદજનક. સ્વાનિષ્ટસાધન-તે શોકજનક, તદુભયભિન્ન તે માધ્યસ્થ્યજનક, એ ત્રિવિધ કાર્ય એક રૂપથી કેમ હોય? શક્તિ પણ દષ્ટાનુસારે કલ્પિએ છે. નહીં તો અગ્નિસમીપે જલ દાહજનનસ્વભાવ ઇત્યાદિક કલ્પતાં પણ કોણ નિષેધક છે? તસ્માત્-શક્તિભેદે કારણ ભેદ, કાર્યભેદાનુસારે અવશ્ય અનુસરવો. અનેકજનનૈક શક્તિશબ્દ જ એકત્વાનેકત્વ સ્યાદ્વાદસૂચક છે. ૫.

(૬) બૌદ્ધ એમ કહે છે જે 'તુલા નમનોન્નમનની પરે ઉત્પાદ, વ્યય જ એકદા છે, ક્ષણિક સ્વલક્ષણને ધ્રૌવ્ય તો છે જ નહીં, હેમથી શોકાદિક કાર્ય હોય છે. ભિન્ન ભિન્ન લોકની ભિન્ન ભિન્ન વાસના છે તે વતી. જેમ એક જ વસ્તુ વાસના ભેદે કોઇને ઇષ્ટ, કોઇકને અનિષ્ટ એ પ્રત્યક્ષ છે. સેલડી પ્રમુખ મનુષ્યને ઇષ્ટ છે, કરભને અનિષ્ટ છે પણ તિહાં વસ્તુ ભેદ નથી, તેમ ઇહાં પણ જાણવું.' તે બૌદ્ધને નિમિત્ત ભેદ વિના વાસના રૂપ મનસ્કારની ભિન્નતા કેમ શુદ્ધ થાયે? તે માટે શોકાદિકનું ઉપાદાન જેમ ભિન્ન તેમ નિમિત્ત પણ અવશ્ય ભિન્ન માનવું, એક વસ્તુની પ્રમાતૃભેદે ઇષ્ટાનિષ્ટતા છે, તિહાં પણ એક દ્રવ્યના ઇષ્ટાનિષ્ટ જ્ઞાનજનન શક્તિરૂપ પર્યાય ભેદ કહેવા જ. ૬.

(૭) જો યોગાચાર વાદી બૌદ્ધ કહેશ્યે જે નિમિત્ત કારણના ભેદ વિના જ વાસના જનિત જ્ઞાન સ્વભાવથી શોક-પ્રમોદાદિક સંકલ્પ-વિકલ્પ હોએ છે.' તો ઘટપટાદિ નિમિત્ત વિના જ વાસના વિશેષે ઘટપટાદ્યાકાર જ્ઞાન હોએ, તે વારે બાહ્ય વસ્તુ સર્વ લોપાએ અને નિષ્કારણ તત્તદાકાર જ્ઞાન પણ ન સંભવે. અંતર બહિરાકાર વિરોધે, બાહ્યાકાર મિથ્યા કહીએ તો ચિત્ર વસ્તુ વિષય નીલ પીતાદ્યાકાર જ્ઞાન પણ મિથ્યા હુઇ જાય તથા સુખાદ્યાકાર, નીલાદ્યાકાર પણ વિરુદ્ધ થાય. તે વારે સર્વશૂન્ય જ્ઞાનવાદી માધ્યમિક બૌદ્ધનું મત આવી જાય.

उक्तं च—किं स्यात् चित्रैकस्यां, न [1]स्यात्त्वस्यां मतावपि ।
यदीदं स्वयमर्थानां, रोचते तत्र के वयम् ॥ १ ॥ १ ॥

શૂન્યવાદ પણ પ્રમાણ સિધ્ધ્યસિદ્ધિ વ્યાહત છે, તે માટે સર્વનયશુદ્ધ સ્યાદ્વાદ જ વીતરાગ પ્રણીત [2]આદરવો. ૭.

(૮) એમ શોકાદિ કાર્યત્રયને ભેદે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એ ત્રણ ૩ લક્ષણ વસ્તુમાંહે સાધ્યાં પણ અવિભક્ત દ્રવ્યપણે અભિન્ન છે. अत एव હેમઘટનાશાભિન્ન હેમમુકુટોત્પત્તિને વિષે હેમઘટાવયવ વિભાગાદિક હેતુ છે.

अत एव च—મહાપટનાશાભિન્ન ખંડપટોત્પત્તિ પ્રતિ એકાદિ તંતુસંયોગાપગમહેતુ છે. ખંડ પટે મહાપટનાશની હેતુતા કલ્પિએ, તો મહાગૌરવ થાય, એમ જાણતો એ લાઘવપ્રિય નૈયાયિક નાશોત્પત્તિના એકાંત ભેદની વાસના કેમ દે છે?, તેહનું મત છે જ—

---

१ स्यात्तस्यां (पाठा.)। २ वीतरागप्रणीतमार्ग एव श्रेयः, नान्यथेति। (પાલિ૦)

कल्पनागौरवं यत्र, तं पक्षं न सहामहे । कल्पनालाघवं यत्र, तं पक्षं तु सहामहे ॥ १ ॥ ८

(૯) દધિદ્રવ્ય તે દુગ્ધદ્રવ્ય નહીં, જે માટે જેહને દૂધનું વ્રત છે. 'દૂધ જ જમવું' એહવી પ્રતિજ્ઞારૂપ તે દહીં જમે નહીં. દૂધ પરિણામ જ દધિ-એમ જો અભેદ કહિએ તો દધિ જમતાં દુગ્ધ વ્રત ભંગ થયો ન જોઇએ. એમ તે દધિદ્રવ્ય નહીં. પરિણામી માટે અભેદ કહિએ તો દૂધ જમતાં દધિવ્રત ભંગ ન થયો જોઇએ. દધિવ્રત તો દૂધ નથી, જમતો. તથા 'અગોરસ જમું' એહવા વ્રતવંત દૂધ, દહીં (૨) બન્ને ન જમે. એમ ગોરસપણે (૨) એને અભેદ છે. ઇહાં દધિપણે ઉત્પત્તિ, દુગ્ધપણે નાશ, ગોરસપણે ધ્રુવપણું પ્રત્યક્ષ સિદ્ધ છે. એ દૃષ્ટાંતે સર્વ જગદ્વર્તિભાવને લક્ષણ ત્રયયુક્તપણું કહેવું.

पयोव्रतो न दध्यत्ति, न पयोऽत्ति दधिव्रतः । अगोरसव्रतो नोभे, तस्मात्तत्तु त्रयात्मकम् ॥१॥

અન્વયિરૂપ અને વ્યતિરેકિરૂપ દ્રવ્ય-પર્યાયથી સિદ્ધાંત વિરોધે સર્વત્ર અવતારીને ત્રણ (૩) લક્ષણ કહેવા. 'કેટલાએક ભાવ વ્યતિરેકિજ, કેટલાએક ભાવ અન્વયિજ' એમ જે અન્ય દર્શની કહે છે, તિહાં અનેરાં ભાવ સ્યાદ્વાદ વ્યુત્પત્તિ દેખાડવા. બીજું વસ્તુની સત્તા ત્રિલક્ષણરૂપ જ છે **'उत्पादव्यय-ध्रौव्ययुक्तं सत्' (५-२९) इति तत्त्वार्थवचनात्**, તો સત્તા પ્રત્યક્ષ તેહજ ત્રિલક્ષણ સાક્ષી છે. તથારૂપે સદ્વ્યવહાર સાધવા અનુમાનાદિક પ્રમાણ અનુસરિએ છે. ૯

(૧૦) યાવત્કાલ એક વસ્તુ માંહે ત્રણ (૩) લક્ષણ કેમ હોય? તે નિર્ધારે છે—'ઉત્પત્તિ થઇ છે જેહની, એહવો જે ઘટ તેહને વિષે દ્વિતીયાદિક્ષણ સ્વદ્રવ્ય સંબંધે ઉત્પત્તિ-નાશ કેમ હોયે?. જે માટે પ્રથમ ક્ષણ સંબંધ રૂપોત્તર પર્યાયોત્પત્તિ તેહજ પૂર્વપર્યાયનાશ તુમ્હે પૂર્વે થાપ્યો છે.' એ શિષ્યે પ્રશ્ન પૂછ્યું ગુરુ પ્રત્યે-ઇહાં ગુરુ ઉત્તર-શિષ્ય પ્રત્યે કહે છે, સાંભળો શિષ્ય—પહેલા પ્રથમ ક્ષણે થયા જે ઉત્પત્તિ-નાશ તે ધ્રુવતા માંહિ ભળ્યા. અનુગમ કહેતાં એકતા, તે શક્તિ સદાએ છે. અછતે પણ આદ્યક્ષણે ઉપલક્ષણ થઇને આગલે ક્ષણે દ્રવ્યરૂપ તત્સંબંધ કહિએ. **'उत्पन्नो घटः, नष्टो घटः' इति सर्वप्रयोगात्, 'इदानीमुत्पन्न, नष्टः'** એમ કહીએ, તે વારે એ તત્ક્ષણવિશિષ્ટતા ઉત્પત્તિ નાશને જાણીએ. તે દ્વિતીયાદિ ક્ષણે નથી તે માટે દ્વિતીયાદિ ક્ષણે **'इदानीमुत्पन्नः'** ઇત્યાદિ પ્રયોગ ન થાએ. 'ઘટ' કહેતાં ઇહાં દ્રવ્યાર્થદેશે મૃદ્દ્રવ્ય લેવું, જે માટે ઉત્પત્તિ નાશાધારતા, સામાન્યરૂપે કહિએ, તત્પ્રતિયોગિતા તે વિશેષરૂપે કહિએ. ૧૦

(૧૧) નિશ્ચયનયથી **'कयमाणे कडे'** એ વચન અનુસરીને **'उत्पद्यमानम् उत्पन्नम्'** એમ કહિએ, પણ વ્યવહારનયે **'उत्पद्यते, उत्पन्नम्, उत्पत्स्यते, नश्यति, नष्टम्, नङ्क्ष्यति'** એ વિભક્તિ (કૃત) કાલત્રય પ્રયોગ છે. તે પ્રતિક્ષણ પર્યાયોત્પત્તિ નાશવાદી જે ઋજુસૂત્રનય તેણે અનુગૃહીત જે વ્યવહારનય તે લઇને કહિએ, જે માટે ઋજુસૂત્રનય સમયપ્રમાણ વસ્તુ માને છે. તિહાં જે પર્યાયના ઉત્પત્તિ, નાશ, વિવક્ષિએ તે લઇને **'उत्पद्यते, नश्यति'** કહિએ. અતીત તે લેઇ **'उत्पन्नो नष्टः'** એમ કહિએ. અનાગત તે લેઇ **'उत्पत्स्यति, नङ्क्ष्यति'** એમ કહિએ. વ્યવસ્થા સર્વત્ર स्यात् શબ્દપ્રયોગે સંભવે. ૧૧.

(૧૨) જો ઉત્પત્તિધારારૂપ નાશને વિષે ભૂતાદિક પ્રત્યય ન કહિએ અને **नश्** ધાતુનો અર્થ નાશ, ને ઉત્પત્તિ એ બે (૨) લેઇ, તદુત્પત્તિ કાલત્રયનો અન્વય સંભવતો કહિએ, ઇમ કહેતાં નશ્યત્ સમયે **'नष्टः'** એ પ્રયોગ ન હોય, જે માટે તે કાલે નાશોત્પત્તિનું અતીતત્વ નથી. એમ સમર્થન નાશ વ્યવહારનું જો કરો છો,તો વ્યવહારે ઉત્પત્તિક્ષણ સંબંધમાત્ર કહો, તિહાં પ્રાગ્ભાવધ્વંસના કાલત્રયથી કાલત્રયનો અન્વય સમર્થન કરો, અને જો એમ વિચારસ્યો 'ઘટને વર્તમાનાત્વાદિકે જેમ પટવર્તમાનત્વાદિ વ્યવહાર ન હોય, ઘટધર્મવર્તમાનત્વાદિકે ઘટવર્તમાનાત્વાદિ વ્યવહાર ન હોય, તેમ નાશોત્પત્તિ વર્તમાનત્વાદિકે નાશવર્તમાનત્વાદિ વ્યવહાર ન હોય, તો ક્રિયાનિષ્ઠાપરિણામરૂપવર્તમાનત્વ, અતી-

તત્વ, લેખે **'नश्यति, नष्टः' 'उत्पद्यते, उत्पन्नः'** એ વિભક્તવ્યવહારસમર્થન કરો. અત એવ ક્રિયા-કાલ-નિષ્ઠાકાલ યૌગપદ્ય વિવક્ષાએ **'उत्पद्यमानमुत्पन्नम्, विगच्छद् विगतम्'** એ સૈદ્ધાન્તિક પ્રયોગ સંભવે. પરમતે **'इदानीं ध्वस्तो घटः'** એ આદ્યક્ષણે વ્યવહાર સર્વથા ન ઘટે, અમ્હારે નયભેદે સંભવે.

अत्र सम्मतिः—

[1]उप्पज्जमाणकालं, उप्पण्णं ति विगयं विगच्छंतं।
दवियं पण्णवयंतो, तिकालविसयं विसेसेइ ॥ ३॥ ३३७॥ १२

(૧૩) જે આગલે દ્વિતીયાદિક્ષણે ઉત્પત્તિ નહીં, તો ઘટાદિક દ્વિતીયાદિક્ષણે અનુત્પન્ન થાયે, જેમ પહિલા ધ્વંસ થયા પહિલાં નાશ વિના **'अविनष्टः'** કહિએ છે એ તર્ક તુઝને કેમ સુહાતો નથી ? તે માટે પ્રતિક્ષણોત્પાદ-વિનાશ પરિણામદ્વારે માનવા. દ્રવ્યાર્થાદેશે-દ્વિતીયાક્ષણે ઉત્પત્તિ વ્યવહાર કહિએ તો નાશવ્યવહાર પણ તથા હુઓ જોઇએ. તથા ક્ષણાન્તર્ભાવે દ્વિતીયાદિક્ષણે ઉત્પત્તિ પામી જોઇએ. અકલ્પિત અનુત્પન્નતા ન હોય, તો પણ પ્રતિક્ષણ ઉત્પત્તિ વિના પરમાર્થથી અનુત્પન્નતા થવી જોઇએ. ૧૩

(૧૪) એમ પરિણામથી સર્વ દ્રવ્યને ત્રિલક્ષણયોગ સમર્થિઓ. એણે જ અભિપ્રાયે **સમ્મતિ** ગ્રન્થમાંહિએ ભાવ ભાષિઓ જે 'જે સંઘયણાદિક ભવભાવથી સીઝતાં મોક્ષસમયે કેવલજ્ઞાન જાએ. ભવસ્થકેવલ જ્ઞાનપર્યાયે નાશ થાએ, એ અર્થ તે સિદ્ધપણે-સિદ્ધકેવલજ્ઞાનપણે ઉપજે. તેહજ કેવલજ્ઞાન-ભાવ છે-ધ્રુવ છે.' એ મોક્ષગમન સમયે જે વ્યય-ઉત્પત્તિ હુઆં, તત્પરિણતસિદ્ધદ્રવ્યાનુગમથી શિવમાં મોક્ષમાંહિ ત્રણ (૩) લક્ષણ હોય. **गाथे—**

जे संघयणाईआ, भवत्थकेवलिविसेसपज्जाया।
ते सिज्झमाणसमये, ण होंति विगयं तओ होई ॥ २-३५॥

सिद्धत्तणेण य पुणो, उप्पण्णो एस अत्थपज्जाओ।
केवलभावं तु पडुच्च, केवलं दाइअं सुत्ते ॥ २-३६॥

એ ભાવ લેખને **"केवलनाणे दुविहे पण्णत्ते, भवत्थकेवलनाणे य सिद्धकेवलनाणे य'** ઇત્યાદિ સૂત્રે ઉપદેશ છે. ૧૪

(૧૫) એ ત્રૈલક્ષણ્ય સ્થૂલ વ્યવહારે સિદ્ધને આવ્યું, પણ સૂક્ષ્મનયે નાવ્યું-જે માટે સૂક્ષ્મનય ઋજુસૂત્રાદિક તે સમય સમય પ્રત્યે ઉત્પાદ-વ્યય માને છે તે લેખને તથા દ્રવ્યાર્થાદેશનો અનુગમ લેખને જે સિદ્ધકેવલજ્ઞાનમાંહિ ત્રૈલક્ષણ કહિએ, તેહજ સૂક્ષ્મ કહેવાએ. એમ વિચારીને પક્ષાંતર કહે છે. ૧૫

(૧૬) જે જ્ઞાનાદિક કેવલજ્ઞાન, કેવલદર્શન, નિજપર્યાયે-જ્ઞેયાકારે વર્તમાન વિષયાકારે પરિણમે, વ્યતિરેકે કહેતાં પ્રતિક્ષણ અન્યોન્યપણે સિદ્ધને ધર્મ પણ ત્રિલક્ષણ થાઓ. પ્રથમાદિ સમયે વર્તમાનકાર છે. તેહનો દ્વિતીયાદિક્ષણે નાશ, અતીતાકારે ઉત્પાદ, આકારિભાવે-કેવલજ્ઞાન-કેવલદર્શનભાવે અથવા કેવલ માત્ર ભાવે ધ્રુવ, ધર્મ ભાવના કરવી. ૧૬

(૧૭) એમ જ્ઞેય દશ્યાકાર સંબંધે કેવલને ત્રૈલક્ષણ્ય કહ્યું, હવે નિરાકાર જે સમ્યક્ત્વ, વીર્યાદિક-ભાવ તેહને તથા સિદ્ધાદિક શુદ્ધ દ્રવ્યને કાલસંબંધથી ત્રૈલક્ષણ્ય દેખાડે છે-એમ જે ભાવ ક્ષણ સંબંધે

---

१ **'स्वाधिकरणक्षणत्वव्यापक-स्वाधिकरणक्षणध्वंसाधिकरणताकत्वमनुत्पन्नत्वम्'** (ग्र० टि०)

પણ પર્યાયથી પરિણમે તેહથી ત્રણ (૩) લક્ષણ સંભવે. જેમ દ્વિતીયક્ષણે ભાવ-આદ્યક્ષણે સંબંધ પરિણામે નાશ પામ્યો, દ્વિતીય ક્ષણ સંબંધ પરિણામે ઊપનો, ક્ષણ સંબંધ માત્રે ધ્રુવ છે. તે-કાલ સંબંધથી ત્રૈલક્ષણ સંભવે. નહીં તો તે વસ્તુ અભાવ થઈ જાય. ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય યોગ જ ભાવ લક્ષણ છે. તે રહિત શશવિષાણાદિક તે અભાવરૂપ છે. ૧૭.

(૧૮) એમ નિજ પર્યાયે જીવ પુદ્ગલને તથા પર પર્યાયે આકાશ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય એ ત્રણ દ્રવ્યને એક કાલે ઘણે સંબંધે બહુ પ્રકાર ઉત્પત્તિ નાશ, સંભવે. જેટલા સ્વ-પર-પર્યાય તેટલા ઉત્પત્તિ નાશ હોય તે વતી તિહાં ધ્રૌવ્ય સ્વરૂપ તેટલાં-નિરધાર છે. પૂર્વાપરપર્યાયાનુગત-આધારાંશતાવન્માત્ર હોય તે વતી—

अत्र सम्मतिगाथा—

" एगसमयम्मि एगदवियस्स बहुआ वि होंति उप्पाया ।
उप्पायसमा विगमा ठिई उ उस्सग्गओ नियमा ॥३-४१॥ " ૧૮

(૧૯) હવે ઉત્પાદના ભેદ કહે છે—દ્વિવિધ-ઉત્પાદ બે (૨) પ્રકારે છે. એક પ્રયોગ જ, બીજો વીસસા કહેતાં સ્વભાવજનિત પહેલો ઉત્પાદ-તે વ્યવહારનો છે, તે માટે અવિશુદ્ધ કહીએ તે નિર્ધાર-સમુદયવાદનો તથા યતને કરી અવયવ સંયોગે સિદ્ધ કહીએ—

अत्र सम्मतिगाथा—

" उप्पाओ दुविअप्पो, पओगजणिओ अ वीससा चेव ।
तत्थ य पओगजणिओ, समुदयवाओ अपरिसुद्धो ॥ ३-३२ ॥ " ૧૯

(૨૦) જે સહજે-યતન વિના ઉત્પાદ થાય, તે વિશ્રસા ઉત્પાદ કહિએ. તે એક સમુદયજનિત, બીજો ઐકત્વિક.

उक्तं च—साहाविओ वि समुदयकओव्व एगत्तिओत्थ होज्जाहि ॥ ३-३३ ॥

સમુદયજનિત વિશ્રસા ઉત્પાદ, તે અચેતનસ્કંધ અભ્રાદિકનો તથા સચિત્ત, મિશ્ર, શરીર, વર્ણાદિકનો નિર્ધાર જાણવો. ૨૦

(૨૧) સંયોગ વિના જે વિશ્રસા ઉત્પાદ તે ઐકત્વિક જાણવો. તે દ્રવ્ય વિભાગે સિદ્ધ કહેતા-ઉત્પન્ન જાણવો. જેમ દ્વિપ્રદેશાદિકસ્કંધ-વિભાગ અણુપણું કહેતાં-પરમાણુ દ્રવ્યનો ઉત્પાદ તથા કર્મ-વિભાગે સિદ્ધપર્યાયનો ઉત્પાદ. 'અવયવ સંયોગે જ દ્રવ્યની ઉત્પત્તિ હોય, પણ વિભાગે ન હોય' એહવું જે નૈયાયિકાદિક કહે છે, તેહને એકત્વાદિ વિભાગે ખંડપટોત્પત્તિ કેમ ઘટે ? પ્રતિબંધક[૧] ભાવસહિત અવસ્થિતાવયવસંયોગને હેતુતા કલ્પતાં મહાગૌરવ હોય, તે માટે કિહાંઇક સંયોગ, કિહાંઇક વિભાગ દ્રવ્યોત્પાદક માનવો. તે વારે વિભાગ જ પરમાણુત્પાદ પણ અર્થસિદ્ધ થયો. એ **सम्मतिमांहि** સૂચિઉં છે.

तदुक्तम—

दव्वंतरसंजोगाहि,[२] केई दवियस्स बिंति उप्पायं ।
उप्पायत्थाऽकुसला, विभागजायं ण इच्छंति ॥ ३-३८ ॥
अणुदुअणुआहिं दव्वे आरद्धे 'तिअणुअ' त्ति ववएसो ।
तत्तो अ पुण विभत्तो 'अणु' त्ति जाओ अणु होइ ॥ ३-३९ ॥ ૨૧

---

૧ પ્રતિબંધ કાલભાવ. (પા૦) ૨ **संजोगादि के वि ।**

(૨૨) જેમ પરમાણુનો ઉત્પાદ એકત્વ જ, તેમ જેણે સંયોગે સ્કંધ ન નીપજે, એહવો જે ધર્માસ્તિકાયાદિકનો જીવ-પુદ્ગલાદિક સંયોગ, તદ્દ્વારે જે સંયુક્ત દ્રવ્યોત્પાદ, અસંયુક્તાવસ્થાવિનાશપૂર્વક તથા ઋજુસૂત્રનયાભિમત જે ક્ષણિક પર્યાય, પ્રથમ દ્વિતીય સમયાદિ દ્રવ્ય, વ્યવહાર હેતુ, તદ્દ્વારે-ઉત્પાદ તે સર્વ એકત્વ જ જાણવો, ઇહાં કોઇ વિવાદ નથી. ૨૨.

(૨૩) ધર્માસ્તિકાયાદિકનો ઉત્પાદ, તે નિયમે પરપ્રત્યય, સ્વોપષ્ટમ્ભગલ્લાદિપરિણત જીવ-પુદ્ગલાદિ નિમિત્ત જ ભાષિઓ. ઉભયજનિત તે એકજનિત પણ હોય, તે માટે તેહને નિજ પ્રત્યય પણ કહો. અંતર નયવાદ નિશ્ચય, વ્યવહાર જાણીને એ અર્થ—

' आगासाईआणं तिण्हं परपच्चओ [ऽ] णियमा ' ॥ ૩-૩૩ ॥

એ **सम्मति** ગાથા મધ્યે **अकार** પ્રશ્લેષે બીજો અર્થવૃત્તિકારે કહિઓ છે, તે અનુસરીને લિખ્યો છે. ૨૩

(૨૪) **परिणामो ह्यर्थान्तरगमनं न च सर्वथा [1]व्यवस्थानम् ।**
[2]न च सर्वथा विनाशः, परिणामस्तद्विदामिष्टः ॥ १ ॥
सत्पर्यायविनाशः प्रादुर्भावोऽसता च पर्यायतः ।
द्रव्याणां परिणामः प्रोक्तः खलु पर्यवनयस्य ॥ २ ॥ એ વચન
[सम्मति-प्रज्ञापना पद १३ वृत्ति]

કથંચિત્ સત્ રૂપાંતર પામે, સર્વથા વિણસે નહી, તે દ્રવ્યાર્થિક નયનો પરિણામ કહિઓ. પૂર્વ સત્ પર્યાયે વિણસે, ઉત્તર અસત્ પર્યાયે ઉપજે એ પર્યાયાર્થિક નયનો પરિણામ કહિઓ, એ અભિપ્રાય જોતાં એક રૂપાંતરપરિણામ વિનાશ, એક અર્થાન્તરગમન વિનાશ, એ વિનાશના બે (૨) ભેદ જાણવા. ૨૪

(૨૫) તિહાં અંધારાને ઉદ્યોતતા, તે અવસ્થિત દ્રવ્યનો રૂપાંતર પરિણામરૂપ નાશ જાણવો. અણુને પરમાણુને અણુ અંતરસંક્રમે દ્વિપ્રદેશાદિ ભાવ થાયે છે. તિહાં પરમાણુ પર્યાય મૂળગો ટળ્યો, સ્કંધ પર્યાય ઊપનો, તેણે કરી અર્થાંતરગતિરૂપ નાશનો ઠામ જાણવો. ૨૫

(૨૬) યદ્યપિ અણુને અણુસંબંધે બંધતા છે, તે રૂપાંતર પરિણામ જ છે, તો પણ સંયોગ વિભાગાદિક રૂપે દ્રવ્ય વિનાશ-દ્વૈવિધ્યનું જ. એ ઉપલક્ષણ જાણવું. જે માટે દ્રવ્યોત્પાદ વિભાગે જ જેમ પર્યાયોત્પાદ વિભાગ, તેમ દ્રવ્ય નાશ વિભાગે જ પર્યાય નાશ વિભાગ હોય, તે સમુદય વિભાગ અને અર્થાંતરગમન એ બે (૨) પ્રકાર કહરાઇ, પહલો-તંતુ પર્યંત પટ નાશ, બીજો ઘટોત્પત્તિ મૃત્પિંડાદિ નાશ જાણવો.

उक्तं च सम्मतौ—

विगमस्स वि एस विही, समुदयजणिअम्मि सो उ दुविअप्पो ।
समुदयविभागमित्तं, अत्थंतरभावगमणं च ॥ ૩-૩૪ ॥

(૨૭) ધ્રુવ ભાવ પણ સ્થૂલ, સૂક્ષ્મ ભેદે બે પ્રકારનો. પહલો સ્થૂલ ઋજુસૂત્રનયને અનુસારે મનુષ્યાદિક પર્યાય સમયમાન જાણવો. બીજો સંગ્રહનયને સંમત, તે ત્રિકાલવ્યાપક જાણવો. પણ જીવ

---

૧ પર્યાયો-૧ ધ્રુવતા । ૨ न च सर्वथा पर्यायोच्छेदः तथा सति शून्यं जगत् (पा०)

પુદ્ગલાદિક નિજ દ્રવ્ય જાતિં [૧]આત્મદ્રવ્ય-ગુણ-પર્યાયનું [૨]આત્મદ્રવ્યાનુગતજ ધ્રૌવ્ય, પુદ્ગલ દ્રવ્ય-ગુણ-પર્યાયનું પુદ્ગલદ્રવ્યાનુગજ ધ્રૌવ્ય. એમ નિજ નિજ જાતિ નિર્ધાર જાણવો. ૨૭

(૨૮) એમ સમય કહિએ સિદ્ધાંત તે માંહિ સર્વ અર્થ વિવિધ પ્રકારે ત્રિલક્ષણ કહીએ. ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય તત્શીલ તત્સ્વભાવ, ભાષિઆ. જે પુરુષ ત્રિલક્ષણ સ્વભાવની ભાવના ભાવે, તે વિસ્તાર રુચિ સમ્યક્ત્વ અવગાહી અંતરંગ સુખ અને પ્રભાવકપણાનો યશ, તેહની લીલા [૩]પામે. ૨૮

૯ મી ઢાળ સંપૂર્ણ.



૧ આત્મદ્રવ્યે-ગુણપર્યાયનું આત્મદ્રવ્યાસમાનાધિકરણત્વેનાન્વયાનુગમ જ ધ્રૌવ્ય. (પા૦)।
૨ ગમજ ધ્રૌવ્ય. (પા. ભા.)। ૩ निःसंदेहेनेतिपरमार्थः (पा०)।

ઢાળ ૧૦ મી

(રાગ—મેવાડી. ભોલીડા હંસા રે વિષય ન રાચીએ. અથવા
આજ નિહોજે રે દીસે નાહલેા. એ-દેશી.)

ભિન્ન અભિન્ન તિવિહ તિય લક્ષણેા, ભાસિએા ધમ્મ મઈ રે અત્થ;
ભેદ દ્રવ્ય ગુણ પજ્જવના હવઈ, ભાષીજઈ પરમત્થ. ૧

સમકિત સૂધુરે ધણિ પરિ આદરેા, સમકિત વિણ સવિ ધંધ;
સમકિત વિણ જે રે હઠ મારગિ પડિઆ, તે સવિ જાતિ રે અંધ. ૨ સમ૦

બીજી ઢાળની બીજી ગાથામાં કહ્યું હતું કે " ભિન્ન-અભિન્ન ત્રિવિધ તિયલક્ષણ, એક પદારથ પાયેા રે, " એ દ્વારરૂપ હતું. તેનું વિસ્તારથી વિવરણ નવમી ઢાળ સુધી કર્યું. આ વિવરણથી પદાર્થ ભિન્ન કઇ રીતે છે, અભિન્ન કઈ રીતે છે, ભિન્નાભિન્ન કઇ રીતે છે, દ્રવ્ય-ગુણ-પર્યાયેા કઇ રીતે છે અને ઉત્પાદ-વ્યય ને ધ્રૌવ્યસ્વરૂપ કઈ રીતે છે, એ સ્પષ્ટ સમજાય છે. આ સ્વરૂપ સ્થિર થાય એટલે દ્રવ્ય-ગુણ ને પર્યાયના પરમાર્થથી ભેદ જે છે-પ્રકારેા જે છે, તે વિગતવાર વિસ્તારથી જાણવા જોઇએ. આ પ્રમાણે દ્રવ્ય-ગુણ-પર્યાયના પરમાર્થો વિસ્તારથી વિચારનાર વિસ્તારરુચિસમ્યક્ત્વથી દીપે છે. એ સમ્યક્ત્વ આદરણીય છે, પણ જે એટલી શક્તિ ન હેાય તેા સંક્ષેપથી ઉપરના ભાવ વિચારે-ભાવથી શ્રદ્ધાપૂર્વક માને, વિસ્તાર જ્ઞાનવાળા તરફ અનુરાગ રાખે, એવી રુચિવાળા જીવને પણ ભિન્ન ભિન્ન યેાગ્યતાનુસાર દ્રવ્ય સમ્યક્ત્વ હેાય છે.

આ પ્રકારના સમ્યક્ત્વવાળા આત્માની દાન-દયા વગેરે ક્રિયાઓ થેાડી હેાય તેા પણ તે સર્વ સફળ છે. સમ્યક્ત્વ વગરના આત્માની ઘણી ક્રિયાઓ હેાય તે સર્વ અફળ છે. સમ્યક્ત્વ વિનાની પ્રવૃત્તિ માત્ર ધંધ-ધ્યાન્ધ્ય છે. સમ્યક્ત્વ ન હેાય તેા તે અગીતાર્થ, તે અને તેને આગળ કરીને ચાલનારા બધા કદાગ્રહથી ભરેલા હઠમાર્ગે પડે છે. આગળ વધી શકતા નથી. પેાતાના દુરાગ્રહથી દુઃખી થાય છે. એ બધા જાતિઅંધ સમાન છે, તેઓ ભલું કરવા માંગતા હેાય તેા પણ તેઓથી ભલું ન થાય.

શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે વિંશતિકા ગ્રન્થમાં કહ્યું છે કે—

" दाणाइआओ सेयम्मि चेव सहलाओ हुंति किरिआओ ।
सेयाओ विहु जम्हा, मोक्खफलाओ पराओ त्ति ॥ ६-२० ॥"

[આ સમ્યક્ત્વ હોય તો જ દાનાદિક ક્રિયાઓ સફળ થાય છે. જે માટે ઉત્કૃષ્ટ એવી આ ક્રિયાઓ સમ્યક્ત્વપૂર્વકની હોય તો મોક્ષફળને આપનારી છે.]

વગર આવડતનો ગમે તેટલું સારૂં કરવાની ભાવના રાખતો હોય તે પણ સારૂં કરી શકતો નથી. ઊલટું બગાડે છે, મોક્ષમાર્ગમાં આગળ વધનારને પ્રથમ આવડત સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાની-પ્રાપ્ત કરેલા સમ્યક્ત્વને સ્થિર અને શુદ્ધ કરવાની જરૂરી છે.

કહ્યું છે કે—

" सुंदरबुद्धीइ कयं, बहुमं पि ण सुंदरं होइ " [સુન્દર બુદ્ધિથી કરેલું ઘણું પણ સુન્દર થતું નથી.]

માટે દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદો વ્યવસ્થિત રીતે જાણીને શુદ્ધ સમ્યક્ત્વને પ્રાપ્ત કરવું એ શ્રેયસ્કર છે.

ધર્મ અધર્મહ ગગન સમય વલી, પુદ્ગલ જીવ જ એહ;
ષટ્ દ્રવ્ય કહિયાં રે શ્રી જિનશાસનિ, જસ ન આદિ ન છેહ. ૩ સમ૦

શ્રી જિનેશ્વર પરમાત્માના શાસનમાં છ દ્રવ્યો પ્રરૂપ્યા છે. એ છએ દ્રવ્યો અનાદિ-અનન્ત છે. નથી તો તેની શરૂઆત કે નથી તેનો અંત, કોઇ પણ કાળે આ ન હતા, નથી કે નહિ હોય એમ થતું નથી. સદા-સર્વદા એ છએ દ્રવ્યોની અવસ્થિતિ છે.

આ છ દ્રવ્યોના નામ આ પ્રમાણે છે. ૧ ધર્માસ્તિકાય, ૨ અધર્માસ્તિકાય, ૩ આકાશાસ્તિકાય, ૪ કાળ, ૫ પુદ્ગલાસ્તિકાય અને ૬ જીવાસ્તિકાય.

ઉપરોક્ત છ દ્રવ્યોમાં પાંચ અસ્તિકાય છે, કારણ કે કાળ સિવાયના પાંચેને પ્રદેશ-સંઘાત છે, જ્યારૂપે પાંચે જણાય છે. જ્યારે કાળ એ સમયમાત્ર છે. એક સમય બીજા સમય સાથે જોડાતો નથી-તેનો સંઘાત થતો નથી, એટલે કાળ અસ્તિકાય કહેવાતો નથી.

છ દ્રવ્યોમાં ધર્મ-અધર્મ અને આકાશ એ ત્રણ એક-એક છે અને પુદ્ગલ, જીવ અને કાળ અનન્ત છે. પ્રશમરતિ મહાગ્રન્થમાં શ્રી ઉમાસ્વાતિજી વાચક પ્રવરે કહ્યું છે કે-

" धर्माधर्माकाशान्येकैकमतः परं त्रिकमनन्तम् ॥
कालं विनाऽस्तिकाया जीवमृतेचाप्यकर्तृणि ॥ २१४ ॥ "

જીવ એ એકલો કર્તા છે. બાકીના પાંચે અકર્તા છે.

છએ દ્રવ્યોમાં પરસ્પર એકબીજાને મળતાં અને નહિં મળતાં ભાવોને સાધર્મ્ય અને વૈધર્મ્ય કહેવામાં આવે છે.

છએ દ્રવ્યોના સાધર્મ્ય-વૈધર્મ્ય સમજવા માટે નીચેની ગાથા ખૂબ અગત્યની છે.

परिणामी जीवमुत्तं, सपएसा एग खित्त किरिया अ ॥
निच्चं कारण कत्ता, सव्वगय इयर अप्पवेसे ॥ १४ ॥

(નવતત્ત્વ પ્રકરણ)

આ ગાથામાં છ દ્રવ્યોને આશ્રયીને બાર વિચારણાઓ તેની વિરોધી વિચારણા સાથે કરવાનું કહ્યું છે.

તે બારે વિચારણાઓ કઇ કરવાની છે ? તેના નામ માત્રનો નિર્દેશ ગાથામાં છે.

૧ પરિણામી	વિ.	અપરિણામી.	૭ સક્રિય	વિ.	અક્રિય.
૨ જીવ	વિ.	અજીવ.	૮ નિત્ય	વિ.	અનિત્ય.
૩ મૂર્ત	વિ.	અમૂર્ત.	૯ કારણ	વિ.	અકારણ.
૪ સપ્રદેશ	વિ.	અપ્રદેશ.	૧૦ કર્તા	વિ.	અકર્તા.
૫ એક	વિ.	અનેક.	૧૧ સર્વગત	વિ.	અસર્વગત.
૬ ક્ષેત્ર	વિ.	ક્ષેત્રી.	૧૨ અપ્રવેશ	વિ.	સપ્રવેશ.

(૧) જીવ અને પુદ્ગલ એ બન્ને નાના પ્રકારના પરિણામને પામે છે. જ્યારે બાકીના ચાર કોઇપણ પરિણામને પામતા નથી. એટલે બે દ્રવ્યો **પરિણામી** છે અને ચાર દ્રવ્યો **અપરિણામી** છે.

(૨) છ દ્રવ્યોમાં જીવ એક જ દ્રવ્ય **જીવ** છે અને બાકીના પાંચ **અજીવ** છે.

(૩) પુદ્ગલ એ એક જ **મૂર્ત** છે અને બાકીના પાંચ **અમૂર્ત** છે. જેમાં વર્ણ-રસ-ગંધ-સ્પર્શ હોય તે મૂર્ત કહેવાય છે. પુદ્ગલ સિવાય અન્ય કોઇમાં પણ વર્ણાદિ હોતા નથી. મૂર્તને રૂપી અને અમૂર્તને અરૂપી પણ કહેવામાં આવે છે.

(૪) કાળ સિવાયના પાંચે **સપ્રદેશ** છે ને એક કાળ માત્ર **અપ્રદેશ** છે.

(૫) ધર્મ-અધર્મ અને આકાશ એ ત્રણ **એક** છે ને બાકીના જીવ-પુદ્ગલ અને કાળ **અનેક**-અનંત છે.

(૬) આકાશ એ એકજ **ક્ષેત્ર** છે, અને બાકીના પાંચ **ક્ષેત્રી** છે. ક્ષેત્ર એટલે રાખનાર, દ્રવ્યોનો આધાર. અને ક્ષેત્રી એટલે રહેનાર, આકાશમાં બીજા રહે છે પણ આકાશ કોઇમાં રહેતું નથી. આકાશ સિવાય બીજા દ્રવ્યો કોઇને રાખતા નથી.

જો કે કાળમાં રહે છે એમ કહેવાય છે, પણ કાળનું કોઇ નક્કર રૂપ નથી એટલે તેને રાખનાર કહી શકાય નહિં. જ્યારે કાળને આકાશમાં રહેનારો માનવામાં પણ બીજા ચારની જેમ નક્કર રૂપે રહેનારો માનવાનો નથી પણ તે છે એટલે કયાં છે ? તો લોકમાં છે માટે લોકમાં-આકાશમાં રહે છે, એમ કરીને તેને ક્ષેત્રી ગણવાનો છે.

(૭) જીવ અને પુદ્ગલ એ બન્ને ગતિ આદિ ક્રિયા કરે છે એટલે એ બે **સક્રિય** છે ને બાકીના ચાર **અક્રિય** છે.

(૮) છએ દ્રવ્યોમાં નિત્ય કેટલા છે અને અનિત્ય કેટલા છે ? એ વિચારણા જરા સૂક્ષ્મ બુદ્ધિપૂર્વક કરવાની છે. પ્રથમ જણાવ્યું તે છએ દ્રવ્યો સદાકાળ રહે છે. કોઇપણ કાળે કોઇ પણ દ્રવ્ય નહિં હોય એમ બનવાનું નથી. નિત્ય એટલે સદાકાળ રહેનાર એવો અર્થ જો લેવામાં આવે તો છએ દ્રવ્યો નિત્ય છે એક પણ અનિત્ય નથી. નિશ્ચય પણ એમજ કહે છે. એ નય છએ દ્રવ્યોને નિત્ય કહે છે. જ્યારે વ્યવહારનય તે તે અવસ્થાએ એકધારી સ્થિતિમાં કાયમ રહેતા દ્રવ્યોને નિત્ય કહે છે. એ વિચારણા પ્રમાણે ધર્મ-અધર્મ-આકાશ અને કાળ એ ચાર **નિત્ય** છે, બાકીના બે જીવ અને પુદ્ગલ તેમાં ફેરફાર થયા કરે છે માટે **અનિત્ય** છે.

સિદ્ધના જીવો પણ સાદિ હોવાથી અનિત્ય ગણાય છે.

(૯) જીવ સિવાયના પાંચ દ્રવ્યો **કારણ** છે, અને જીવ એક **અકારણ** છે. અહિં જીવના ઉપયોગમાં પાંચ દ્રવ્યો આવે છે, પણ જીવ બીજા કોઈ પણ દ્રવ્યના ઉપયોગમાં આવતો નથી.

(૧૦) ઉપરની જેમ અહિં પણ સમજવું, પણ તેમાં ફેર એટલો જ છે કે, જીવ એ એક જ **કર્તા** છે અને બાકીના પાંચ **અકર્તા** છે. જીવ પાંચેને ઉપયોગમાં લે છે માટે કર્તા છે. જીવ સિવાયના પાંચે કોઇને ઉપયોગમાં લઈ શકતા નથી માટે કર્તા નથી, અકર્તા છે.

(૧૧) આકાશ એક **સર્વગત** છે, લોકાલોકમાં સર્વ સ્થળે તે રહેલું છે. જ્યારે તેના સિવાયના પાંચે દ્રવ્યો **અસર્વગત** છે. ધર્માસ્તિકાયાદિ ચાર વધુમાં વધુ લોકાકાશ વ્યાપીને રહે છે અને કાળ અઢીદ્વીપમાં છે. એટલે તે સર્વગત નથી. સર્વગત અને અસર્વગતને માટે સર્વવ્યાપી અને દેશવ્યાપી એવા શબ્દો પણ વપરાય છે.

(૧૨) છએ દ્રવ્યો **અપ્રવેશ** છે, એકે દ્રવ્ય પોતાનું સ્વરૂપ છોડીને બીજા દ્રવ્યનું સ્વરૂપ પામતો નથી. માટે સ્વસ્વરૂપનો ત્યાગ કરીને અન્ય સ્વરૂપનો સ્વીકાર કરવો તેને અહિં પ્રવેશ ગણવામાં આવે છે. એટલે એકે દ્રવ્ય **સપ્રવેશ** નથી.

આ પ્રમાણે સાધર્મ્ય-વૈધર્મ્ય વિચારવાથી તે તે દ્રવ્યોનું સ્વરૂપ સ્પષ્ટ સમજાય છે અને દ્રવ્યોમાં મળતાપણું કેટલું છે અને ભેદ કયાં છે એ પણ સ્પષ્ટ થાય છે.

દ્રવ્યો સ્વરૂપ	૧ જીવ	૨ ધર્મ	૩ અધર્મ	૪ આકાશ	૫ સમય	૬ પુદ્ગલ	સર્વાંક
૧ પરિણામી	૧	...	...	...	...	૧	૨
×							
અપરિણામી	...	૧	૧	૧	૧	...	૪
૨ જીવ	૧	...	...	...	...	...	૧
×							
અજીવ	...	૧	૧	૧	૧	૧	૫
૩ મૂર્ત	...	...	...	...	...	૧	૧
×							
અમૂર્ત	૧	૧	૧	૧	૧	...	૫
૪ સપ્રદેશ	૧	૧	૧	૧	...	૧	૫
×							
અપ્રદેશ	...	...	...	...	૧	...	૧
૫ એક	...	૧	૧	૧	...	...	૩
×							
અનેક	૧	...	...	...	૧	૧	૩
૬ ક્ષેત્ર	...	...	...	૧	...	....	૧
×							
ક્ષેત્રી	૧	૧	૧	...	૧	૧	૫
૭ સક્રિય	૧	...	...	...	...	૧	૨
×							
અક્રિય	...	૧	૧	૧	૧	...	૪
૮ નિત્ય	...	૧	૧	૧	૧	...	૪
×							
અનિત્ય	૧	...	...	...	...	૧	૨
૯ કારણ	....	૧	૧	૧	૧	૧	૫
×							
અકારણ	૧	...	...	...	...	...	૧
૧૦ કર્તા	૧	...	...	...	...	....	૧
×							
અકર્તા	...	૧	૧	૧	૧	૧	૫
૧૧ સર્વગત	...	...	...	૧	...	...	૧
×							
અસર્વગત	૧	૧	૧	...	૧	૧	૫
૧૨ અપ્રવેશ	૧	૧	૧	૧	૧	૧	૬
×							
સપ્રવેશ	...	...	...	...	...	..	...

ગતિ પરિણામી રે પુદ્ગલ જીવનઈ, ઋષનઈ જલ જિમ હોઇ;
તાસ અપેક્ષા રે કારણ લોકમાં, ધરમ દ્રવ્ય ગઇ રે સોઇ. ૪ સમ૦
થિતિ પરિણામી રે પુદ્ગલ જીવની, થિતિનો હેતુ અધર્મ;
સવિ સાધારણ ગતિ થિતિ હેતુતા, દોઇ દ્રવ્યનો રે ધર્મ. ૫ સમ૦
સહજ ઊર્ધ્વ ગતિગામી મુક્તનઈ, વિના ધર્મ પ્રતિબંધ;
ગગનિ અનંતઈ કહિઇ નવિ ટલઈ, ફિરવા રસનો રે ધંધ. ૬ સમ૦
જો થિતિહેતુ અધર્મ ન ભાષિઇ, તો નિત્ય થિતિ કોઇ ઠાણિ;
ગતિ વિન હોવઈ રે પુદ્ગલ જંતુની, સંભાલો જિન વાણિ. ૭ સમ૦

છએ દ્રવ્યોમાં પ્રથમ ધર્માસ્તિકાય ગણાવેલ છે, માટે તેનું સ્વરૂપ પ્રથમ જણાવે છે.

જીવ અને પુદ્ગલ ગતિ કરે છે, એ બન્નેની ગતિ ચૌદ રાજલોક પ્રમાણ ક્ષેત્રમાં છે. આ ગતિમાં કોઈ અપેક્ષાકારણ અવશ્ય હોવું જોઇએ. એ જે અપેક્ષાકારણ છે તે ધર્માસ્તિકાય. ધર્માસ્તિકાય વગર ગતિસ્વભાવવાળા જીવ પુદ્ગલ પણ ગતિ કરી શકે નહિં. ગતિસામર્થ્યવાળું માછલું પાણીમાં ગતિ કરે છે અને સ્થળમાં ગતિ કરી શકતું નથી. તેમાં માછલાને જેમ પાણી ગતિમાં અપેક્ષિત છે, તેમ ગતિમાં ધર્માસ્તિકાય અપેક્ષિત છે.

શં૦ સ્થળમાં માછલું વ્યાકુળ થઈ જાય છે અને તેથી તેને ચેષ્ટા કરવાની ઇચ્છા જ થતી નથી, એટલે ગતિ થતી નથી, બાકી પાણી નથી માટે ગતિ થતી નથી એમ નહિં. એટલે પાણી માછલાને ગતિમાં અપેક્ષાકારણ છે એમ માનવાને કોઈ કારણ નથી.

સ૦ કાર્ય-કારણ ભાવની વ્યવસ્થા અન્વય વ્યતિરેકથી સિદ્ધ થાય છે અને સ્થિર રહે છે. લોકવ્યવહારમાં એ રીતે કાર્યકારણભાવની વ્યવસ્થા નિયત કરવામાં ન આવે તો એકે કાર્યકારણભાવ સ્થિર કરી શકાય નહિં. પરમ કારણ એક જ કારણ રહે ને બાકીના સર્વ કારણો અન્યથા સિદ્ધ થઇ જાય માટે એકબીજામાં એક-બીજા જે કોઈ પૂરક-સહાયક બનતા હોય તે સર્વ તે કાર્યોમાં અપેક્ષાકારણ માનવા જોઇએ. પાણી મત્સ્યાદિને ગતિ કરવામાં સહાયભૂત છે એ પ્રત્યક્ષસિદ્ધ છે. તેને કારણ તરીકે ન માનીને ઇતર કલ્પનાઓ કરવી વ્યર્થ છે.

જે પ્રમાણે પાણી મત્સ્યાદિની ગતિમાં અપેક્ષા કારણ છે, તે પ્રમાણે ધર્માસ્તિકાય જીવ-પુદ્ગલની ગતિમાં અપેક્ષાકારણ છે.

વિશ્વમાં જીવ અને પુદ્ગલ જે પ્રમાણે ગતિ કરે છે તે પ્રમાણે સ્થિર પણ રહે છે. જો ગતિ કરતાં તેઓને સ્થિર કરનાર અધર્માસ્તિકાય જેવો કોઇ પદાર્થ ન હોય તો તેઓ સદાકાળ ગતિ કર્યા જ કરે. પણ એ પ્રમાણે બનતું નથી. ગતિ કરતાં તેઓ સ્થિર થઇ જાય છે. એ સ્થિર થવામાં અપેક્ષાકારણભૂત અધર્માસ્તિકાય છે. ધર્માસ્તિકાય તથા અધર્મા-

૧ કદિર્ઇ (પાઠા).

સ્તિકાય એ એક એક સ્વતંત્ર અખંડ પદાર્થ છે. ગતિ અને સ્થિતિ સ્વભાવવાળા જીવ અને પુદ્ગલમાં એક સરખા સમાનપણે સહાયભૂત બને છે, એટલે જીવવિશેષ કે પુદ્ગલ-વિશેષ જે ગતિ-સ્થિતિ-વિશેષ કરતાં હોય અને તેઓની ગતિ-સ્થિતિ-વિશેષમાં અન્ય જે કોઇ કારણભૂત બનતાં હોય તે માનવામાં કાંઇપણ બાધક થતાં નથી. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયથી બીજા ગતિ-સ્થિતિના કારણો અન્યથા નથી અને તે તે માનવામાં પણ બાધ નથી.

જો ધર્માસ્તિકાય ન હોય, હોય છતાં તે ગતિમાં કારણભૂત ન હોય અને જીવ-પુદ્ગલ સ્વ-સ્વભાવ પ્રમાણે ગતિ કરતા હોય તો સંસારી જીવનું તો ઠીક-કારણ કે તે કર્મવશ તે તે સ્થળે ગતિ કરતો હોય છે, પણ કર્મમુક્ત આત્મા કે જેનો ઊર્ધ્વગતિ કરવી એ સ્વભાવ છે, તે લોકને અંતે અટકી કેમ જાય છે ? અનંત અલોકમાં ઊંચે ઊંચે તેની સતત ગતિ ચાલુ રહેવી જોઇએ. પણ એમ નથી બનતું, કારણ કે અલોકમાં ધર્માસ્તિકાય નથી. જ્યાં સુધી ઊંચે ધર્માસ્તિકાય છે ત્યાં સુધી મુક્ત આત્મા જાય છે અને પછી ત્યાં સ્થિર રહે છે.

શં૦ સિદ્ધ આત્મા અલોકમાં કેમ નથી જતો, તે માટે ધર્માસ્તિકાયને માનવો એ કરતાં ગતિમાં કારણભૂત લોકાકાશને માની લેવાથી ઉપરની કોઇ વિષમતા નહિ નડે. અલોકમાં લોકાકાશ નથી માટે ત્યાં મુક્ત આત્માની ગતિ નથી.

સ૦ એ પ્રમાણે લોકાકાશને ગતિમાં કારણભૂત માનવામાં આવે તો એક વિષમતા બીજી એ ઊભી થાય છે કે લોકાકાશની વ્યવસ્થા શું ? ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયના મુખ્ય આધારને લઇને તો લોકાકાશ અને અલોકાકાશ જુદા પડે છે. એટલે ધર્માસ્તિકાય અથવા અધર્માસ્તિકાય જેટલામાં છે તેનું નામ લોકાકાશ એમ કહેવું પડે. અને ધર્માસ્તિ-કાય-વિશિષ્ટ જે આકાશ તે ગતિમાં હેતુ એ પ્રમાણે માનવું પડે. એ માનવું એ કેટલું ઉચિત છે ? તે સામાન્ય સમજમાં પણ આવી શકે એમ છે. ધર્માસ્તિકાયને માનવો અને તેને ગતિમાં કારણ ન માનતા તદ્વિશિષ્ટઆકાશને ગતિમાં કારણ મનાવવું-એ કેવું વિચિત્ર છે ! ઘટમાં સ્પષ્ટ કારણરૂપ જણાતા દંડને કારણ ન માનતાં દંડવિશિષ્ટ આકાશ તેમાં કારણ છે એમ કહેવું એના જેવું આ છે.

વળી આકાશનો અવકાશ આપવાનો એક સ્વભાવ તો છે, તેમાં આ બીજો સ્વભાવ માનવો પડે, વળી ત્રીજો સ્વભાવ-એમ બધી જવાબદારી બીજા દ્રવ્યો હોવા છતાં આકાશ ઉપર ઓઢાડવી એ યથાર્થ નથી. લોકાકાશને વ્યવસ્થિત રાખવા માટે ધર્માસ્તિકાયને સ્વીકાર્યા વગર છૂટકો તો નથી જ.

ધર્માસ્તિકાયની જેમ અધર્માસ્તિકાયનું પણ સ્વતંત્ર વ્યક્તિત્વ છે, અને તે સ્થિતિમાં કારણભૂત છે. અલોકમાં તે નથી માટે જીવ કે પુદ્ગલ અલોકમાં સ્થિતિ કરી શકતા નથી.

શં૦ અલોકમાં ધર્માસ્તિકાય નથી એટલે જીવ અને પુદ્ગલ ત્યાં જઈ શકતા જ નથી તો ત્યાં સ્થિતિ કરવાની વાત જ ક્યાં ?

સ૦ લોકમાં રહેલા જીવ અને પુદ્ગલ ત્યાં ન જઇ શકતા હોય એ માની લઇએ તો પણ ત્યાં અલોકમાં જીવ અને પુદ્ગલો કાયમના સ્થાયી કેમ નથી ? એ પ્રશ્નનો ઉત્તર યથાવસ્થિત અધર્માસ્તિકાય ન માનનાર આપી શકશે નહિં. અધર્માસ્તિકાયને માનનાર કહી શકે કે અલોકમાં આકાશ સિવાય બીજું કાંઇ નથી, આકાશ અવકાશ આપે છે, પણ ત્યાં રહેનાર વસ્તુને સ્થિર રાખનાર અધર્માસ્તિકાય ત્યાં નથી માટે ત્યાં કાંઇ નથી.

સ્થિતિ એ ગતિના અભાવસ્વરૂપ નથી પણ સ્વતંત્ર પર્યાય છે. જે પ્રમાણે લઘુત્વ એ ગુરુત્વના અભાવરૂપ નથી પણ સ્વતંત્ર છે, તે પ્રમાણે સ્થિતિ એ સ્વતંત્ર છે. સ્થિતિ એ સ્વતંત્ર છે એટલે તેનું કારણ પણ સ્વતંત્ર માનવું જોઇએ. જો સ્થિતિને ગતિના અભાવરૂપ માનવામાં આવે તો ગતિને સ્થિતિના અભાવ રૂપ કેમ માનવામાં ન આવે ? અને સ્થિતિમાં ધર્માસ્તિકાયના અભાવને કારણ માનીએ તો ગતિમાં અધર્માસ્તિકાયના અભાવને કારણરૂપ કેમ ન માનવો ? આમ એકને માનવામાં અને બીજાનો અપલાપ કરવામાં કોઇ પક્ષે વિશેષ બળ નથી કે એ વિશેષ બળવાળાને માનીને અલ્પબળવાળાને ઉડાડી શકાય. જો ધર્માસ્તિકાયને માનીએ અને અધર્માસ્તિકાયને ન માનીએ તો લોકમાં જીવ અને પુદ્ગલો સતત ગતિ કર્યા જ કરે. અટકે નહિં અને સ્થિર થાય નહિ. લોકમાં ધર્માસ્તિકાય સર્વત્ર છે. કારણ છે તો કાર્ય થાય, જ્યારે અધર્માસ્તિકાયને સ્થિતિમાં કારણરૂપ સ્વીકારવામાં આવે છે. ત્યારે ગતિ અને સ્થિતિ કારણ સમબળ બની જાય છે, અને ઇતર કારણોને અધીન જીવ-પુદ્ગલની ગતિ-સ્થિતિ થયા કરે એમાં કોઇપણ પ્રકારનો બાધ આવે નહિ.

જિનવાણીના પરમાર્થ સ્થિરમતિપૂર્વક વિચારવા અને ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયને સ્વતંત્ર પરસ્પર અસંકીર્ણ સ્વભાવવાળા માનવા.

ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયના આ ગંભીર ભાવોને કેટલાક બુદ્ધિમાન્ ઇતરદર્શનના વિદ્વાનો પણ વિચારી શકતા નથી. વિચારવા માટે યત્ન પણ કરતા નથી, યત્ન ન કરે તેથી તેમને તે તે ભાવો ન સમજાય, એટલે તેમનું જ્ઞાન ઓછું રહે. તેમના તે અજ્ઞાનની જ્ઞાનીઓને દયા આવે, પણ જ્યારે એ વિદ્વાનો ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનું ધર્મ અને અધર્મ-કે જે ઇતરોમાં અદૃષ્ટ શબ્દથી પ્રસિદ્ધ છે. પુણ્ય-પાપરૂપે લોકમાં સમજાય છે, તેથી ખંડન કરે છે ત્યારે તેમની તે રહસવૃત્તિ માટે બરોબર દયા જાગે.

સૂક્ષ્મભાવો સમજવા માટે સૂક્ષ્મ વિચારણા આવશ્યક છે.

સર્વ દ્રવ્યનઇં રે જે દિઇં સર્વદા, સાધારણ અવકાશ;
લોક અલોક પ્રકારઇં ભાષિઉં, તેહ દ્રવ્ય આકાશ. ૮ સમ૦
ધર્માદિક સ્યું રે સંયુત લોક છઇં, તાસ વિયોગ અલોક:
તે નિરવધિ છઇં રે અવધિ અભાવનઇં, વલગી લાગઇ રે ફોક ૯ સમ૦

સર્વદ્રવ્યને જે સર્વદા સાધારણ અવકાશ આપે છે તે આકાશાસ્તિકાય છે. તે સર્વના આધારભૂત અનુગત એક છે. 'અહિં પક્ષી છે, અહિં પક્ષી નથી' વગેરે વ્યવહારો જે દેશભેદે થાય છે, તેમાં દેશરૂપે અનુગત આકાશ જ ફલિત થાય છે.

"અહિં આ છે ને અહિં આ નથી વગેરે વ્યવહારો તે તે દેશના ઉપરના ભાગમાં રહેલ મૂર્ત-વસ્તુઓના અભાવથી સંગત કરી શકાય છે." એ પ્રમાણે વર્ધમાનોપાધ્યાય વગેરે કહે છે, પણ તે વ્યાજબી નથી. અભાવથી તે તે વ્યવહારો સંગત થઇ શકે નહિં, કારણ કે તે તે વ્યવહારમાં ભાવપદાર્થનો જે સ્પષ્ટ અનુભવ થાય છે તેનો અપલાપ કરવો પડે. તે તે વ્યવહારમાં તે તે મૂર્તના અભાવનો અનુભવ પણ જેને થયો તેઓને પણ આકાશદ્રવ્યની પ્રતીતિ સ્પષ્ટ થાય છે. 'આકાશમાં તારા ઊગ્યા છે' વગેરે વ્યવહારો લોકપ્રસિદ્ધ છે.

ઉપરની હકીકત પૂ૦ ઉપાધ્યાયજી મહારાજશ્રીના ગંભીર શબ્દોમાં આ પ્રમાણે છે.

'तत्तद्देशोर्ध्वभागावच्छिन्नमूर्ताभावादिना तद्व्यवहारोपपत्तिः' इति वर्धमानोक्तं नानावद्यम्, तस्याभावादिनिष्ठत्वेनानुभूयमानद्रव्याधारांशापलापप्रसङ्गात्; तावदप्रतिसन्धानेऽपि लोकव्यवहारेणाऽऽकाशदेशप्रतिसन्धायोक्तव्यवहाराच्च।'

આકાશ એક અને અખંડ હોવા છતાં તેના બે ભેદ છે. ૧ લોકાકાશ અને ૨ અલોકાકાશ. આગમમાં આ પ્રમાણે કહ્યું છે. "दुविहे आगासे पण्णत्ते, लोआगासे अ अलोआगासे य"

ધર્માસ્તિકાય વગેરેથી યુક્ત જે આકાશ છે તે લોકાકાશ છે, અને ધર્માસ્તિકાય વગેરેથી રહિત જે કેવળ આકાશ છે તે અલોકાકાશ છે. અલોકાકાશ નિરવધિ છે. અનંત છે.

શં૦ જે પ્રમાણે લોકની પાસે અલોકની અવધિ આવે છે તે પ્રમાણે આગળ પણ કયાંય પણ અલોકની અવધિ હોવી જોઇએ, અને અવધિ આવે એટલે તે નિરવધિ કેમ કહેવાય ?

સ૦ લોક ભાવસ્વરૂપ છે એટલે તેની અવધિ ગણાય, અર્થાત-લોકની પાસે અલોકની અવધિ થાય એ સંગત છે. પણ આગળ અન્ય કોઈ ભાવ નથી એટલે અવધિ કઈ રીતે થઈ શકે ? અન્ય કોઇ આકાશ પાસે તેની અવધિ માનવી એ તો માનવું ન માનવા બરાબર છે. જે આકાશ પાસે આ અલોકાકાશનો અંત માનવામાં આવે છે એ આકાશ આ અલોકાકાશથી જુદું છે ? કે જુદું નથી ?. જો જુદું છે તો તે શું છે ?, છ દ્રવ્ય કરતાં એ એક સાતમું દ્રવ્ય માનવું પડે. વળી એ જે આકાશ છે તે અવધિવાળું છે કે નિરવધિ ? જો અવધિવાળું છે તો તેનો અવધિ કયાં અને કોનાથી છે ? અને નિરવધિ છે તો અલોકાકાશને જ નિરવધિ માનવામાં શું બાધ છે ? અને નવું માનવામાં આવતું આકાશ પ્રસ્તુત અલોકાકાશથી જુદું નથી તો તે તેના અવધિરૂપ કેમ બની શકે ? આમ પ્રશ્નોની પરંપરાનો અન્ત આવે નહિં. અનવસ્થા વગેરે દોષો ડોકીયા કરે એટલે અલોકાકાશ અનન્ત અને નિરવધિ માનવું, કે જે એ પ્રમાણે છે, તેમાં શ્રેયઃ છે.

વર્તણ લક્ષણ સર્વ દ્રવ્યહ તણો, પજ્જવ દ્રવ્ય ન કાલ;
દ્રવ્ય અનંતની રે દ્રવ્ય અભેદથી, ઉત્તરાધ્યયનઈં રે ભાલ. ૧૦ સમ૦
જીવ અજીવ જ સમયઈં તે કહિઓ, તિણિ કેમ જુદો રે તેહ ?
એક વખાણુઈં રે ઇસ્યું આચારય, ધરતા શ્રુત મતિરેહ. ૧૧ સમ૦
બીજા ભાષઈં રે જોઇસ ચક્કનઈં, ચારઈં જે થિતિ તાસ;
કાલ અપેક્ષા રે કારણ દ્રવ્ય છઈં, ષટની ભગવઇ ભાસ. ૧૨ સમ૦
ધર્મસંગ્રહણી રે એ દોઇ મત કહિયાં તત્ત્વારથમાં રે જાણિ,
અનપેક્ષિત દ્રવ્યાર્થિકનઇં મતે, બીજું તાસ વખાણિ. ૧૩ સમ૦
મંદ ગતિ અણુ યાવત સંચરઈં, નહપદેશ ઇક ઠોર;
તેહ સમયનો રે ભાજન કાલાણું, ઇમ ભાષઇ કોઇ ઓર. ૧૪ સમ૦
યોગશાસ્ત્રના રે અંતર શ્લોકમાં, એ પણિ મત છઇ રે ઇટ્ઠ;
લોકપ્રદેશે રે અણુઆ જૂવજુઆ, મુખ્ય કાલ તિહાં દિટ્ઠ. ૧૫ સમ૦
પ્રચયઊર્ધ્વતા રે એહનો સંભવઈ, પૂર્વ અપર પર્યાય;
તિર્યક્પ્રચય ઘટઇ નહીં ખંધનો, વિણ પ્રદેશ સમુદાય. ૧૬ સમ૦
ઇમ અણુગતિની રે લેઇ હેતુતા, ધર્મ દ્રવ્ય અણુ થાઈં;
સાધારણતારે લેઇ એકની, સમય ખંધ પણિ થાઇ. ૧૭ સમ૦
અપ્રદેશતારે સૂત્રિ અનુસરી, જે અણુ કહિઈં રે તેહ;
તો પર્યાયવચનથી જોડિઇં, ઉપચારઇ સવિ એહ; ૧૮ સમ૦
પર્યાયિ નિમ ભાષિઉ દ્રવ્યનો સંખ્યારથ ઉપચાર;
અપ્રદેશતા રે યોજન કારણુઈં, તિમ અણુતાનો રે સાર. ૧૯ સમ૦

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયનું સ્વરૂપ વિચાર્યા પછી કાળનું સ્વરૂપ વિચારાય છે, કાળ એ શું છે ? કાળ દ્રવ્ય છે કે નહિં ? કાળ એ પર્યાય છે ? કાળને દ્રવ્ય ન માનવામાં આવે તો છ દ્રવ્યની વ્યવસ્થા કઈ રીતે કરાય ? ઇત્યાદિ સર્વ વિચારણા કાળને અંગે કરણીય છે.

(૧) કાળ એ શું છે ?

દિવસ–રાત, પક્ષ–માસ, ઋતુ–વર્ષ એ પ્રમાણે સર્વ વ્યવસ્થા કાળને આધીન છે. સમય એ સૂક્ષ્મમાં સૂક્ષ્મ કાળ છે. પ્રતિવિપળ, વિપળ, પળ, ઘડી, દિવસ, રાત, અહોરાત્ર, પક્ષ, માસ, ઋતુ, અયન, વર્ષ એ પ્રમાણે કાળના વિભાગ આર્યાવર્તમાં પ્રચલિત છે. જ્યારે પશ્ચિમના દેશોમાં સેકન્ડ, મીનીટ, કલાક, દિવસ, અઠવાડીયું, પક્ષ, માસ–ઇત્યાદિ વિભાગો

કાળને અંગે પ્રચલિત છે. પ્રતિવિપળ કે સેકન્ડના પણ કલ્પનાથી અનેક વિભાગો કરી શકાય છે. જુદા જુદા દર્શનકારો કાળને જુદી જુદી રીતે સમજાવે છે. જ્યોતિષ તો કાળ ઉપર વિશિષ્ટ આધાર રાખે છે. સૂર્યની ગતિના આધારે કાળની વ્યવસ્થા જ્યોતિષ સમજાવે છે. જૈનદર્શનમાં કાળનાં વિભાગો આ પ્રમાણે સમજાવ્યા છે.

૧	સમય	સૂક્ષ્મમાં સૂક્ષ્મ	કાળ.
૨	જઘન્યઅન્તર્મુહૂર્ત	નવસમય	પ્રમાણ.
૩	આવલિકા.	અસંખ્યાત સમય	પ્રમાણ.
૪	ક્ષુલ્લકભવ.	૨૫૬	આવલિકા.
૫	ઉચ્છવાસ અથવા ૬ નિઃશ્વાસ	૨૨૨૩ $\frac{૧૨૨૯}{૩૭૭૩}$	આવલિકા.
૭	પ્રાણ	૪૪૪૬ $\frac{૨૪૫૮}{૩૭૭૩}$	અવલિકા. અથવા ૧૭॥ ક્ષુલ્લક ભવથી કાંઇક અધિક.
૮	સ્તોક	૭	પ્રાણ,
૯	લવ	૭	સ્તોક
૧૦	ઘડી	૩૮॥	લવ.
૧૧	અન્તર્મુહૂર્ત (ઉત્કૃષ્ટ)	સમય ન્યૂન બે	ઘડી.
૧૨	મુહૂર્ત–	૭૭ લવ, અથવા ૬૫૫૩૬ ક્ષુલ્લકભવ અથવા	બે ઘડી.
૧૩	દિવસ (અહોરાત્ર)	૩૦	મુહૂર્ત
૧૪	પક્ષ	૧૫	દિવસ.
૧૫	માસ	બે પક્ષ (૩૦	દિવસ)
૧૬	ઋતુ	બે	માસ.
૧૭	અયન	છ માસ. (૧૮૩	દિવસ)
૧૮	વર્ષ	બાર	માસ.
૧૯	યુગ	પાંચ	વર્ષ.
૨૦	પૂર્વાંગ	૮૪ લાખ	વર્ષ
૨૧	પૂર્વ	૭૦૫૬૦૦૦૦૦૦૦૦	વર્ષ.

૨૨ ત્રુટિતાંગ, ૨૩ ત્રુટિત, ૨૪ અડડાંગ, ૨૫ અડડ, ૨૬ અવવાંગ, ૨૭ અવવ, ૨૮ હુહુકાંગ, ૨૯ હુહુક, ૩૦ ઉત્પલાંગ, ૩૧ ઉત્પલ, ૩૨ પદ્માંગ, ૩૩ પદ્મ, ૩૪ નલિનાંગ, ૩૫ નલિન, ૩૬ અર્થનિપુરાંગ, ૩૭ અર્થનિપુર, ૩૮ અયુતાંગ, ૩૯ અયુત, ૪૦ નયુતાંગ, ૪૧ નયુત, ૪૨ પ્રયુતાંગ, ૪૩ પ્રયુત, ૪૪ ચૂલિકાંગ, ૪૫ ચૂલિકા, ૪૬ શીર્ષપ્રહેલિકાંગ, ૪૭ શીર્ષપ્રહેલિકા.

પૂર્વ પછી અનુક્રમે ઉપર કહેલા સર્વમાં ૮૪ લાખે ગુણવાથી તે તે સંખ્યા આવે છે. તેમાં શીર્ષપ્રહેલિકાની સંખ્યા આ પ્રમાણે છે.

૭૫૮૨૬૩૨૫૩૦૭૩૦૧૦૨૪૧૧૫૭૬૭૩૫૬૬૭૫૬૬૪૦૬૨૧૮૬૬૬૮૪૮૦૮૦૧૮૩૨૬૬.

આની ઉપર એકસો ચાલીસ શૂન્ય એમ શીર્ષ પ્રહેલિકામાં સર્વ મળી ૧૯૪ અંકો આવે છે.

૧૮૭૬૫૫૧૭૬૫૫૦૧૧૨૫૬૫૪૧૬૦૦૬૬૬૮૧૩૪૩૦૭૭૦૭૬૭૪૬૫૪૬૪૨૬૧૬૭૭૭૪-૭૬૫૭૨૫૭૩૪૫૭૧૮૬૮૧૬ એ સીત્તેર અંકો ઉપર ૧૭૦ શૂન્ય ચડાવવાથી ૨૫૦ અંકોની સંખ્યા થાય છે. એ સર્વ ઉત્કૃષ્ટ સંખ્યા ગણાય છે. અહિં સુધી વર્ષોની ગણત્રીમાં આવે છે.

અહિંથી આગળ કાળની ગણત્રી અસંખ્યાત વર્ષોની છે–એ સમજવા માટે ઉપમા માત્ર કામ આવે છે. અસંખ્યાત વર્ષોનો પલ્યોપમ, દસ કોડાકોડી પલ્યોપમનો એક સાગરોપમ, દસ કોડાકોડી સાગરોપમની એક અવસર્પિણી અને એટલા જ પ્રમાણની એક ઉત્સ-

ર્પિણી. અવસર્પિણી-ઉત્સર્પિણી એ બે મળીને એક કાળચક્ર થાય છે અને એવા અનન્ત કાળચક્રે એક પુદ્ગલ પરાવર્ત્ત થાય છે. આ સર્વ વ્યાવહારિકકાળનું સ્વરૂપ છે.

અન્યદર્શનમાં બ્રહ્માના દિવસ સુધી કાળની ગણત્રી કરવામાં આવી છે.

આ કાળને અવલંબીને આયુષ્યની ગણત્રી થાય છે. તે તે પદાર્થો કેટલા કાળ નવા-જૂના છે તે પણ આને આધારે સમજાય છે.

આ સર્વને આધારે કાળ એક દ્રવ્ય છે. એ વિચારણા વ્યાજબી લાગે અને વ્યવહારનય પ્રમાણે કાળ એક દ્રવ્ય છે. એમ માનવું એ પણ ઉચિત છે.

(૨) કાળ દ્રવ્ય છે કે નહિ ?

કાળ એ દ્રવ્ય છે એમ વિચાર્યા પછી પણ કાળ એ દ્રવ્ય છે કે નહિ ? એ પ્રશ્ન ઊભો રહે છે. કારણ કે જીવાદિ પદાર્થોની માફક કાળ એ અસ્તિકાય નથી. કાળ અસ્તિકાય નથી છતાં છે એટલે એ શું છે ? એ વિચારણા કાયમ રહે. જો તેને ધર્માસ્તિકાય વગેરેની જેમ સ્વતંત્ર દ્રવ્ય માનવામાં આવે તો અસ્તિકાય માનવું જોઇએ. અસ્તિકાય નથી એટલે એ દ્રવ્ય નથી. વાસ્તવિક રીતે કાળ એ દ્રવ્ય નથી.

(૩) કાળ એ પર્યાય છે ?

જો કાળ એ દ્રવ્ય નથી, અને છે, તો શું છે ? એ જિજ્ઞાસા ઊભી રહે. દ્રવ્ય અને પર્યાય એ બે જ વસ્તુ છે, દ્રવ્ય ન હોય તો પર્યાય છે એમ સ્વાભાવિક રીતે માનવું જોઇએ. અર્થાત્ કાળ એ સર્વ દ્રવ્યનો વર્તના લક્ષણ પર્યાય જ છે. તે તે પદાર્થોમાં પર્યાયોનું પરાવર્તન થયા કરે છે. પર્યાયોના થતા પરાવર્તનને કાળરૂપે ઓળખવામાં આવે છે. તે તે પર્યાયોની તે તે પદાર્થોમાં વર્તના એ કાળ છે. અર્થાત્ કાળ એ વર્તના સ્વરૂપ પર્યાય છે.

(૪) કાળને દ્રવ્ય માનવામાં ન આવે તો છ દ્રવ્યની વ્યવસ્થા કઇ રીતે કરાય ?

કાળ એ દ્રવ્ય નથી પણ પર્યાય છે. આ વાત નિશ્ચિત છે, છતાં શાસ્ત્રોમાં તે તે સ્થળે કાળને દ્રવ્ય સ્વરૂપે જણાવેલ છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં છ દ્રવ્યોના નામો અને તેની સંખ્યા જણાવતાં કહ્યું છે કે—

धम्मो अधम्मो आगासं, दव्वमिक्किक्कमाहियं । अणंताणि य दव्वाणि, कालो पुग्गलजंतवो ॥२८-८॥

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ ત્રણ દ્રવ્યો એક એક કહ્યા છે, અને કાળ, પુદ્ગલ અને જીવો એ ત્રણ દ્રવ્યો અનન્તા કહ્યા છે.

આ પ્રમાણને આધારે અન્યાન્ય સ્થળે પણ એ પ્રમાણે કહ્યું છે—

धर्माधर्माकाशास्त्रैकैकमतः परं त्रिकमनन्तम् ॥

ઇત્યાદિ. આ સર્વને આધારે કાળ પણ એક દ્રવ્ય છે, એમ માનવાને મન થાય, અને કાળદ્રવ્ય નથી એ નિશ્ચિત છે, એટલે એ બન્ને વિચારણાઓનો સમન્વય કરવો જોઇએ.

જ્યારે બીજા કેટલાક આચાર્યો કહે છે કેઃ—

વર્તના લક્ષણ પર્યાયને વિષે અનાદિકાલીન દ્રવ્યોપચારથી કાલદ્રવ્ય મનાય છે. અર્થાત્ કાલ એ વાસ્તવિક રીતે વર્તના લક્ષણ પર્યાય છે, અને ઉપચારથી દ્રવ્ય છે અને એ પ્રમાણે છે માટે કાલને અનંતદ્રવ્ય કહ્યો છે. જીવાજીવ દ્રવ્ય અનંત છે એટલે તેની વર્તના પણ અનંત છે, અને તે સ્વરૂપ કાળ પણ અનંત છે.

સૂત્રમાં કાળને જીવરૂપ અને અજીવરૂપ જણાવેલ છે એ અભેદોપચાર કરવાથી કાળ-દ્રવ્ય માનવામાં આવે છે તેથી.

જીવાભિગમસૂત્રમાં કહ્યું છે કે—

'किमय भंते! कालो ति पवुच्चइ? गोयमा! जीवा चेव अजीवा चेव' त्ति.

ભગવન્ત! કાલ એમ કહેવાય છે તે શું છે? ગૌતમ, જીવ અને અજીવ-કાળ છે.

આ પ્રમાણે કેટલાક આચાર્યો કાળદ્રવ્યને સિદ્ધાન્તપાઠને અનુસાર નિર્મળમતિથી પ્રરૂપે છે.

મનુષ્યલોકમાં જ્યોતિષ્ચક્ર ચર છે, અને તેને અનુસરીને પરત્વ-અપરત્વ, નવું-જુનું વગેરે ભાવો સમજાય છે. તે તે ભાવોનું અપેક્ષા કારણ કાળદ્રવ્ય છે અને તે મનુષ્યલોકમાં છે. અર્થાત્ સૂર્યક્રિયોપનાયક-દ્રવ્યચાર-ક્ષેત્ર-પ્રમાણ આ વ્યવસ્થા વ્યવસ્થિત છે. તે બહારના ક્ષેત્રમાં આવી કોઇ વ્યવસ્થા વ્યવસ્થિત નથી એટલે ત્યાં કાળની વ્યવસ્થા થઇ શકે નહિં. અહિંને આધારે ચૌદે રાજલોકના સર્વ ભાવોની સ્થિતિ સમજી-સમજાવી શકાય. આ પ્રમાણે કાળદ્રવ્યને સ્વતંત્ર માનવામાં આવે તો જ શ્રી ભગવતીજી સૂત્રમાં—

'कइ णं भंते! दव्वा पण्णता? गोयमा! छद्दव्वा पण्णत्ता, धम्मत्थिकाए, जाव अद्धासमए'

એ પ્રમાણે જે પાઠ છે તેનું નિરુપચરિત વ્યાખ્યાન કરી શકાય, નહિં તો છ દ્રવ્યોમાં પાંચ દ્રવ્યોને નિરુપચરિત ગણાવવા અને છટ્ઠા દ્રવ્યને ઉપચરિત ગણાવવું, એ ઉચિત ન ગણાય. બીજું વર્તનાપર્યાયનું સાધારણાપેક્ષ દ્રવ્ય ન કહીએ તો ગતિ, સ્થિતિ અને અવગાહનાના સાધારણાપેક્ષાકારણરૂપ સિદ્ધ થયેલા ધર્મસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયમાં પણ અવિશ્વાસ આવે. એટલે વર્તનાના સાધારણાપેક્ષાકારણરૂપ જે દ્રવ્ય તે કાળદ્રવ્ય છે.

શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે ધર્મસંગ્રહણી ગ્રન્થમાં ઉપર પ્રમાણે બન્ને મતો કહ્યા છે તે આ ગાથા પ્રમાણે છે.

जं वत्तणाइरूवो, कालो दव्वस्स चेव पज्जओ। सो चेव ततो धम्मो, कालस्स व जस्स जो लोए ॥३२॥

જે વર્તનાદિરૂપ કાલ છે તે દ્રવ્યનો પર્યાય છે અને તે વર્તના એ લોકમાં કાલ છે, તેનો ધર્મ છે.

શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં પણ 'कालश्चेत्येके' ૫-૩૮ એ પ્રમાણે કહીને કાલને કેટલાક આચાર્યો દ્રવ્ય સ્વરૂપે સ્વીકારે છે એ મતને માન્ય રાખ્યો છે.

ઉપરોક્ત સૂત્રના વ્યાખ્યાનમાં સમજાવ્યું છે કેઃ—

' કેટલાક આચાર્યોને માન્ય આ કાલદ્રવ્ય અનપેક્ષિત-દ્રવ્યાર્થિકનયને મતે માનવું. અર્થાત્ સ્થૂલલોકવ્યવહારસિદ્ધ એ કાલદ્રવ્ય છે. તેમાં કોઈ અપેક્ષાકારણની કારણતા નથી. જો એમ ન માનીએ અને વર્તનાપર્યાયના અપેક્ષાકારણરૂપે કાલદ્રવ્યને સાધીએ તો, પૂર્વ-પશ્ચિમ આદિ વ્યવહાર વિલક્ષણ પરત્વાપરત્વાદિ નિયામકપણે દિગ્દ્રવ્ય પણ સિદ્ધ થાય.

આકાશદ્રવ્યથી દિશાનું કાર્ય સાધી શકાય છે એટલે દિશાને જુદું દ્રવ્ય માનવાની આવશ્યકતા નથી તો કાળનું કાર્ય પણ એ રીતે સાધી શકાય તેને પણ જુદું સ્વતન્ત્ર દ્રવ્ય માનવાની આવશ્યકતા નથી. શ્રી સિદ્ધસેન દિવાકર કૃત-નિશ્ચયાર્થ દ્વાત્રિંશિકામાં દિશા અંગે ઉપર પ્રમાણે વિચાર સમજાવ્યો છે.

" आकाशमवगाहाय, तदन्यया दिगन्यथा ।
तावप्येवमनुच्छेदा-त्ताभ्यां वान्यदुदाहृतम् ॥ १९-२५ ॥

એટલે 'कालश्चेत्येके' ૫-૩૮ સૂત્રની વિચારણા અનપેક્ષિતદ્રવ્યાર્થિકનયથી વિચારવી એ સૂક્ષ્મદૃષ્ટિ છે.

આ પ્રમાણે નયભેદે કાળને વર્તનારૂપ પર્યાય માનવામાં કોઈ વિરોધ નથી અને નયભેદે કાળને દ્રવ્ય માનવામાં પણ કોઈ વિરોધ નથી. આગમના બન્ને પ્રકારના ઉલ્લેખોનો એ રીતે માનવાથી સમન્વય પણ થાય છે.

(૬) કાળને અંગે દિગમ્બરોનું મંતવ્ય.

મંદગતિ પરમાણુ એક આકાશપ્રદેશથી બીજા આકાશપ્રદેશમાં જાય એમાં જેટલો કાળ લાગે તે સમયપર્યાય કહેવાય છે. એ સમયપર્યાય જે દ્રવ્યનાં રહે છે તે દ્રવ્યકાળ છે. તે કાળના અસંખ્યાત અણુઓ છે. સમ્પૂર્ણકાળ લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે. દ્રવ્યસંગ્રહમાં આ વાત જણાવતા કહ્યું છે કે—

'रयणाण रासी इव, ते कालागू असंखदव्वाणि '

રત્નોના ઢગલાની જેમ તે કાલાણુઓ અસંખ્યાત દ્રવ્યરૂપ છે.

દિગમ્બરોનું આ મંતવ્ય શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજે યોગશાસ્ત્રના અન્તર શ્લોકમાં નીચે પ્રમાણે રજૂ કરેલ છે.

'लोकाकाशप्रदेशस्था, भिन्नाः कालाणवस्तु ये ।
भावानां परिवर्ताय, मुख्यः कालः स उच्यते ॥ १ १७ पू ' ॥

લોકાકાશ પ્રદેશને વ્યાપીને રહેલા જુદા જુદા જે કાલાણુઓ છે, તે ભાવોના પરિવર્તનને માટે છે અને તે મુખ્યકાળ કહેવાય છે.

આમ હોવા છતાં કાળ એ અસ્તિકાય નથી, કારણ કે–કાળને, જેમ માટીને સ્થાસ, કોશ, કુશૂલ વગેરે ઊર્ધ્વતાપ્રચય છે, તેમ–સમય, આવલિ, મુહૂર્ત વગેરે પૂર્વાપર પર્યાયરૂપ ઊર્ધ્વતાપ્રચય છે, પણ સ્કંધદેશરૂપ પ્રદેશસમુદાયાત્મક તિર્યક્પ્રચય નથી. ધર્માસ્તિકાય આદિને તિર્યક્પ્રચય છે માટે તે અસ્તિકાય કહેવાય છે અને કાળને તે નથી માટે અસ્તિકાય કહેવાતો નથી. જેને તિર્યક્પ્રચય હોય તે અસ્તિકાય કહેવાય અને જેને તિર્યક્પ્રચય ન હોય તે અસ્તિકાય ન કહેવાય એ પ્રમાણે વ્યવસ્થા છે.

(૭) કાળ–વિષયક દિગમ્બર મતનું ખંડન.

તિર્યક્પ્રચય નહિં હોવાને કારણે કાળ એ અસ્તિકાય નથી એમ જે દિગમ્બર કહે છે–પણ કાળને તિર્યક્પ્રચય કેમ નથી ? એનો ઉત્તર એની પાસે નથી. કેવળ કહેવામાત્રથી માની લેવું એમ હોય તો–જે પ્રમાણે મંદાણુગતિકાર્યહેતુપર્યાય–સમય–ભાજન દ્રવ્યને સમયઅણુ કહ્યો તે પ્રમાણે મન્દાણુગતિહેતુતારૂપ ભાજન ધર્માસ્તિકાય–અણુ સિદ્ધ થાય, અને એજ રીતે અધર્માસ્તિકાય વગેરેના પણ અણુઓ જ સિદ્ધ થાય. જો સર્વસાધારણ ગતિ–હેતુતાદિકને આશ્રયીને ધર્માસ્તિકાય વગેરે એક અખંડ સ્કન્ધરૂપ દ્રવ્ય માનવામાં આવે છે અને પછી તેની વ્યવહારાનુરોધે દેશ–પ્રદેશ કલ્પના કરવામાં આવે છે–તો તે જ પ્રમાણે સર્વ જીવાજીવ દ્રવ્ય સાધારણ વર્તના હેતુતાગુણ આશ્રયીને કાળદ્રવ્ય પણ લોકાકાશ પ્રમાણ એક ને અખંડ માનવું જોઇએ.

' ધર્માસ્તિકાયાદિમાં સાધારણગતિ હેતુતાદિની ઉપસ્થિતિ કારણભૂત છે અને કાળદ્રવ્યમાં મન્દાણુવર્તના–હેતુતોપસ્થિતિ જ કારણભૂત છે ' એ પ્રમાણે કહેવું એ તો કહેવા માત્ર જ છે. કદાગ્રહ સિવાય અન્ય કોઈ પ્રબળ તર્ક તેમાં નથી.

સૂત્રમાં કાળને અપ્રદેશ કહ્યો છે, માટે તેમાં સાધારણહેતુતા નથી અને સાધારણહેતુતા નહિં હોવાને કારણે તે સ્કન્ધ સ્વરૂપ નથી, સ્કંધ નથી માટે તિર્યક્પ્રચય નથી અને તેથી તે અસ્તિકાય નથી એ પ્રમાણે તર્કનું સૂત્રવચન અનુસાર અનુસંધાન કરવું. એ પણ એક મૂઢતા છે. કારણ કે સૂત્રમાં કાળને જીવાજીવ પર્યાય સ્વરૂપ જ કહ્યો છે. કાળને અણુસ્વરૂપ માનવાથી એ વિરોધ કાયમ રહે છે. એટલે સૂત્રને અનુસાર કાળની વિચારણા કરનારે કાળને મુખ્ય દ્રવ્ય માનવાનો અભિનિવેશ છોડી દેવો જોઇએ.

કાળને દ્રવ્ય માનવું અને લોકાકાશ પ્રદેશ પ્રમાણ–અનુવચન કહેવું–એ સર્વ ઉપચારથી ગૌણભાવે માનવું–એમાં કોઈ વિરોધ આવતો નથી. મુખ્યપણે કાળ એ પર્યાયરૂપ છે અને એ સૂત્ર સમ્મત છે. ' कालश्चेत्येके ' પૂ–૩૮. એ પ્રમાણે શ્રી ઉમાસ્વાતિ મહારાજે પણ 'એકે' કહીને કાળદ્રવ્ય સ્વરૂપે સર્વસમ્મત નથી એમ સૂચવ્યું છે. षडेव द्रव्याणि એ પ્રમાણે વચનથી દ્રવ્યો છ છે. જો કાળને દ્રવ્યરૂપે માન્ય રાખવામાં ન આવે તો દ્રવ્યો પાંચ થાય. એક દ્રવ્ય

ખૂટે એની પૂરતી માટે કાળને ઉપચારથી દ્રવ્ય માનીને શ્રી ભગવતીજી સૂત્ર વગેરેના વચનો અબાધિત કરવામાં આવે છે. તે પ્રમાણે સૂત્રને વિષે કાળને અપ્રદેશ કહ્યો છે, અને કાળ પરમાણુ પણ સૂત્રમાં પ્રરૂપ્યા છે, તે વચનને સંગત કરવા માટે લોકાકાશ પ્રદેશસ્થ પુદ્ગલાણુમાં કાલાણુનો ઉપચાર કરવો એ ઉચિત છે. શ્રી યોગશાસ્ત્રના અન્તરશ્લોકમાં પણ જે કાલાણુઓ પ્રરૂપ્યા છે તે ઉપચારથી છે.

એ શ્લોકમાં મુખ્યકાળ એ પ્રમાણે જે કહ્યું છે તે અનાદિકાલીન અપ્રદેશપણાનો જે વ્યવહાર તેને વ્યવસ્થિત રાખવા માટે ઉપચારથી મુખ્ય માનવો એવો અર્થ છે.

આ પ્રમાણે અઢીદ્વીપ પ્રમાણ મનુષ્યક્ષેત્રમાં કાળદ્રવ્ય મુખ્ય છે એમ જે કેટલાક આચાર્યો કહે છે, તે પણ મનુષ્યક્ષેત્ર પ્રમાણ જે આકાશ વગેરે છે તેમાં કાળ દ્રવ્યનો ઉપચાર કરવો. બાકી કાળ સ્વરૂપ કોઈ મુખ્ય દ્રવ્ય તો નથી જ. આ હકીકત સમજાવતી પૂ૦ ઉપાધ્યાયજી મહારાજની પંક્તિઓ આ પ્રમાણે છે.

'मुख्यः कालः-इत्यस्य चानादिकालीनाप्रदेशत्वव्यवहारनियामकोपचारविषयः इत्यर्थः। अत एव मनुष्यक्षेत्रमात्रवृत्ति कालद्रव्यं ये वर्णयन्ति, तेषामपि मनुष्यक्षेत्रावच्छिन्नाकाशादौ कालद्रव्योपचार एव शरणम्॥ इति दिग्मात्रमेतत्॥

વર્ણ ગંધ રસ ફાસાદિક ગુણેં, લષિઇં પુદ્ગલ ભેદ;
સહજ ચેતના રે ગુણ વલિ જાણિઇં, જીવ અરૂપ અવેદ. ૨૦ સમ૦

ષંમ એ ભાષ્યા રે સંખેપઇ કરી, દ્રવ્યતણા ષટ ભેદ;
વિસ્તારઇ તે રે જાણી શ્રુતથી, સુજસ લહો ગત ખેદ. ૨૧ સમ૦

છ દ્રવ્યોમાં બાકી રહેલા પુદ્ગલ દ્રવ્ય અને જીવ દ્રવ્યનું સ્વરૂપ ઘણું વિસ્તૃત છે-જેટલું વિસ્તૃત છે તેટલું અન્યાન્ય તે તે ગ્રન્થોમાં પ્રસિદ્ધ પણ છે. એટલે અહિં સ્થાન શૂન્ય ન રહે માટે ટૂંકમાં દર્શાવવામાં આવે છે.

આમ તો પુદ્ગલ દ્રવ્ય પ્રત્યક્ષસિદ્ધ છે. પણ પુદ્ગલ માત્ર ચક્ષુગોચર નથી. બીજા દ્રવ્યોથી પુદ્ગલ દ્રવ્યનો ભેદ રૂપ-રસ-ગન્ધ-સ્પર્શ ગુણે સિદ્ધ થાય છે. પુદ્ગલ સિવાયના બીજા સર્વદ્રવ્ય વર્ણાદિ રહિત છે. પુદ્ગલના ભિન્નભિન્ન પ્રકારો, જુદી વર્ગણાઓ તેનું સામર્થ્ય આદિ પુદ્ગલ દ્રવ્યની વિચારણાનો વિસ્તાર છે.

ચેતન દ્રવ્ય પણ નિજ નિજ અપેક્ષાએ પ્રત્યક્ષસિદ્ધ છે. બીજા દ્રવ્યોથી તેનો ભેદ સહજ ચેતના-જ્ઞાન ગુણે કરીને થાય છે. વાસ્તવિકપણે જીવદ્રવ્ય રૂપાદિ રહિત છે, છતાં વ્યવહારમાં રૂપ-વેદયુક્ત પણ જણાય છે. જીવદ્રવ્ય કેવું છે તે સમજાવતાં કહ્યું છે કેઃ—

'अरसमरूवमगंधं अव्वत्तं चेअणागुणमसद्दं॥
जाण अलिंगग्गहणं, जीवमणिदिट्ठसंठाणं॥ १॥"

રસરહિત, રૂપરહિત, ગન્ધરહિત, અવ્યક્ત, ચેતનાગુણયુક્ત, શબ્દરહિત, લિંગ ગ્રહણ રહિત, નિશ્ચિતસંસ્થાનરહિત જીવ દ્રવ્ય છે.

જીવદ્રવ્યનો સિદ્ધ સંસારી આદિ ભેદ વિસ્તાર ઘણો છે.

આ પ્રમાણે છએ દ્રવ્યોનું સ્વરૂપ સંક્ષેપથી જણાવ્યું છે, વિસ્તારથી જાણવાની ઇચ્છાવાળાએ આગમ-સિદ્ધાન્તથી યથાર્થપણે જાણીને ખેદરહિતપણે પ્રવચનપાટવ પ્રાપ્ત કરી-ગીતાર્થપણું મેળવીને સુયશ સંપાદન કરવો.

ઢાળ ૧૦ મીનો ટબાર્થ.

(૧) 'ભિન્ન, અભિન્ન, ત્રિવિધ ત્રિલક્ષણ એક અર્થ છે' એહવું જે પહેલાં દ્વાર રૂપ કહ્યું હતું. તે મેં વિસ્તારીને-એટલે ઢાલે કહ્યું. હવે દ્રવ્ય, ગુણ પર્યાયના જે પરમાર્થે ભેદ છે, તે વિસ્તારી ભાષીએ છે. ૧.

(૨) એણી પરે દ્રવ્ય ગુણ પર્યાય પરમાર્થ વિચારીને વિસ્તાર રુચિ સમકિત આદરે. તાદૃશ ધારણા શક્તિ ન હોય, અને એ વિચાર ભાવથી સદ્દહે. જ્ઞાનવંતનો રાગી હોય, તેહને પણ-યોગ્યતાએ દ્રવ્ય સમકિત હોય. એ બે (૨) પ્રકાર સમકિતવંતની દાનદયાદિક જે થોડીઇ ક્રિયા તે સર્વ સફલ હોય.

उक्तं च त्रिंशिकायाम—

[1]दाणाइआओ जेयम्मि, चेव [2]सद्दाओ हुंति किरिआओ।
एयाओ विहु जम्हा, [3]मोक्खफलाओ पराओ अ॥ ६-२०॥

એ સમકિત વિના સર્વ ક્રિયા ધંધ રૂપ જાણવી. સમકિત વિના જે અગીતાર્થ, તથા અગીતાર્થ નિશ્રિત, સ્વ-સ્વાભિનિવેશે હઠમાર્ગે પડિયા છે. તે સર્વ જાતિ અંધ સરખા જાણવા. તે ભલું જાણી કરે, તે પણ ભલું ન હોય. उक्तं च-'सुंदर बुद्धीइ कयं, बहुअं पि ण सुंदरं होइ'। તે માટે 'દ્રવ્ય-ગુણ-પર્યાય, ભેદ પરિજ્ઞાને કરીને સૂધું સમકિત આદરો' એ હિતોપદેશ. ૨.

(૩) ધર્મ-ક-ધર્માસ્તિકાય, અધર્મ-ક-અધર્માસ્તિકાય, ગગન-ક-આકાશાસ્તિકાય, સમય-ક-કાલ-દ્રવ્ય, અદ્ધા સમય જેહનું બીજું નામ, પુદ્ગલ-ક-પુદ્ગલાસ્તિકાય, જીવ-ક-જીવાસ્તિકાય. એહ ષટ્દ્રવ્ય જિનશાસનને વિષે કહિયાં. જેહનો દ્રવ્ય જાતિ તથા પ્રર્યાયપ્રવાહે આદિ તથા છેહ-ક-અંત નથી. એહ મધ્યે કાલ વર્જીને ૫ (પાંચ) અસ્તિકાય કહિએ. 'अस्तयः प्रदेशाः, तैः कायन्ते शब्दायन्ते' इति व्युत्पत्तेः। કાલદ્રવ્યને અસ્તિકાય ન કહિએ. જે માટે તેહને પ્રદેશસંઘાત નથી. એક સમય બીજા સમયને ન મિલે, તે વતી ઇમ બીજા પણ—

'धर्माधर्माकाशा-न्येकैकमतः परं त्रिकमनन्तम्।
कालं विनाऽस्तिकाया, जीवमृते चाप्यकर्तृणि॥ २१४॥"

ઇત્યાદિ સાધર્મ્ય, વૈધર્મ્ય, પ્રશમરત્યાદિ મહાગ્રંથથી જાણવું. ૩.

(પાઠા૦) ૧ दाणाइयाउ। ૨ सुद्धाउ। ૩ मुक्खफलाओ।

(૪) તિહાં ધુરિ-ધર્માસ્તિકાય લક્ષણ કહે છે—ગતિ પરિણામી જે પુદ્ગલ, જીવ દ્રવ્ય, લોક-કચતુર્દશ રજ્વાત્મક આકાશ ખંડ તેહમાંહિ છે, તેહનું જે અપેક્ષાકારણ પરિણામ, વ્યાપાર રહિત, અધિકરણરૂપ, ઉદાસીન કારણ, જેમ ગમનાગમનાદિ ક્રિયા પરિણત ઝષ-કમત્સ્ય. તેહને જળ અપેક્ષા કારણ છે તે ધર્મદ્રવ્ય-કધર્માસ્તિકાયદ્રવ્ય જાણવું.

' स्थले झषक्रिया व्याकुलतया चेष्टाहेत्विच्छाभावादेव न भवति, न तु जलाभावादिति गत्यपेक्षा कारणे मानाभावः ' इति चेत्, न अन्वयव्यतिरेकाभ्यां लोकसिद्धव्यवहारादेव तद्धेतुत्वसिध्धेः, अन्यथा, अन्त्यकारणेनेतराखिलकारणान्यथासिद्धिप्रसङ्गाद्, इति दिग् । ४

(૫) ધર્મિ હવે-અધર્માસ્તિકાયનું લક્ષણ કહે છે- સ્થિતિ પરિણામી જે પુદ્ગલ-જીવદ્રવ્ય, તેઓની સ્થિતિનો હેતુ કહિએ-અપેક્ષાકારણ જે દ્રવ્ય તે અધર્માસ્તિકાય જાણવો. (**अहम्मो ठाणलक्खणो इति वचनात्**) ગતિ-સ્થિતિ પરિણત સકલ દ્રવ્યનું જે એક દ્રવ્ય લાઘવે કારણ સિદ્ધ હોય, તે એ ૨ (બે) દ્રવ્ય જાણવાં. તેણે કરી-ઝષાદિગત્યપેક્ષાકારણ જલાદિ દ્રવ્યને વિષે ધર્માસ્તિકાયાદિ દ્રવ્ય-લક્ષણની અતિવ્યાપ્તિ ન હોય. ૫.

(૬) ધર્માસ્તિકાય દ્રવ્યને વિષે પ્રમાણ કહે છે—જો ગતિને વિષે ધર્માસ્તિકાય દ્રવ્યનો પ્રતિબંધક નિયમ ન હોય, તો સહજ ઊર્ધ્વગતિગામી જે મુક્ત કહીએ-સિદ્ધ તેહને ' એક સમયે લોકાગ્ર જાએ ' એહવે સ્વભાવે અનંતે ગગને જતાં હજી લગે ફિરવાના રસનો ધંધ ન ટલે, જે માટે અનંત લોકાકાશ પ્રમાણ અલોકાકાશ છે. લોકાકાશને ગતિ હેતુપણું છે. તે માટે ' અલોકે સિદ્ધની ગતિ ન હોય ' એમ તો ન કહું જાય, તે માટે ધર્માસ્તિકાય વિના લોકાકાશ-વ્યવસ્થા જ ન હોય.

' धर्मास्तिकायविशिष्टाकाश एव हि लोकाकाशः, तस्य च गतिहेतुत्वे घटादावपि दण्डविशिष्टाकाशत्वेनैव हेतुता स्याद् ' इति न किञ्चिदेतत् । ' બીજું અન્ય સ્વભાવપણે કલ્પિત આકાશને સ્વભાવાંતર કલ્પન તે અયુક્ત છે, તે માટે-ગતિ નિયામક ધર્માસ્તિકાય દ્રવ્ય અવશ્ય માનવું. ૬.

(૭) હવે અધર્માસ્તિકાયને વિષે પ્રમાણ દેખાડે છે. જો સર્વજીવ પુદ્ગલ સાધારણ સ્થિતિહેતુ અધર્માસ્તિકાય દ્રવ્ય ન કહિએ, કિંતુ ' ધર્માસ્તિકાયાભાવપ્રયુક્તગત્યભાવે અલોકે સ્થિત્યભાવ ' એમ કહિએ તો અલોકાકાશે કોઇક સ્થાને ગતિ વિના પુદ્ગલ જીવ-દ્રવ્યની નિત્ય સ્થિતિ પામી જોઇએ. બીજું ગતિ, સ્થિતિ સ્વતંત્ર પર્યાયરૂપ છે. જેમ ગુરુત્વ, લઘુત્વ, એકને એકાભાવરૂપ કહેતાં વિશેષગ્રાહક પ્રમાણ નથી, તે માટે કાર્યભેદે અપેક્ષાકારણ દ્રવ્યભેદ અવશ્ય માનવો. ધર્માસ્તિકાયાભાવરૂપ કહેતાં—ધર્માસ્તિકાયાભાવ પ્રયુક્તગત્યભાવે સ્થિતિભાવ કહી, અધર્માસ્તિકાય અપલપિએ, તો અધર્માસ્તિકાયાભાવ પ્રયુક્ત સ્થિતિભાવે ગત્યભાવ કહી ધર્માસ્તિકાયનો પણ અપલાપ થાય. નિરંતર ગતિસ્વભાવદ્રવ્ય ન કહ્યું જોઇએ. તો નિરંતર સ્થિતિસ્વભાવ પણ કિમ કહીજે ? તે માટે શ્રી જિનવાણીનો પરમાર્થ સંભાલીને ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, એ ૨ (બે) અસંકીર્ણ સ્વભાવ માનવાં. ૭.

(૮) હવે આકાશદ્રવ્યનું લક્ષણ કહે છે—સર્વ દ્રવ્યને જે સર્વદા સાધારણ અવકાશ દિએ, તે અનુગત એક આકાશાસ્તિકાય સર્વાધાર કહિએ ' इह पक्षी नेहपक्षी ' ઇત્યાદિ વ્યવહાર જ યદ્દેશભેદે હોય, તદ્દેશી અનુગત આકાશ જ પર્યવસન્ન હોય.

' तत्तद्देशोर्ध्वभागावच्छिन्नमूर्तभावादिना तद्व्यवहारोपपत्तिः ' इति वर्ध्धमानाद्युक्तं नानाबध्यम्, तस्याभावादिनिष्ठत्वेनानुभूयमानद्रव्याधारांशापलापप्रसङ्गात्; तावद्प्रतिसन्धानेऽपि लोकव्यवहारेणाऽऽकाशदेशप्रतिसन्धायोक्तव्यवहाराच्च । '

તેહ આકાશ—લોક, અલોક ભેદે દ્વિવિધ ભાષિઉ यत सूत्रम्—"दुविहे आगासे पण्णत्ते, लोआगासे य अलोआगासे य"। ८

(૯) ધર્માસ્તિકાયાદિકે સ્યું સંયુત જે આકાશ તે લોક છે, ને ધર્માસ્તિકાયાદિકનો જિહાં વિયોગ છે, તે અલોકાકાશ કહિએ. તે અલોકાકાશ નિરવધિ છે, એતાવતા—તેહનો છેદ નથી. કોઇક એમ કહેસ્યે—જે 'જેમ લોકને પાસે અલોકનો છેહ છે, તેમ આગે પણ હોસ્યે.' તેહને કહિએ જે 'લોક તો ભાવરૂપ છે, તે અવધિ ઘટે, પણ આગે કેવળ અભાવને અલોકાવધિપણું કેમ ઘટે? શશશૃંગ કુણનું અવધિ હોય? અને જે ભાવરૂપે અંત માનિએ, તો તે અન્ય દ્રવ્યરૂપ નથી. આકાશ દેશસ્વરૂપ તો તદંતપણું કહેતાં વદદ્વ્યાઘાત હોય, તે માટે અલોકાકાશ અનંત જાણવું. ૯

(૧૦) કાલ તે પરમાર્થથી દ્રવ્ય નહીં, તો સ્યું? સર્વ દ્રવ્યનો વર્તનાલક્ષણ પર્યાય જ છે, તે પર્યાયને વિષે અનાદિકાલીન દ્રવ્યોપચાર અનુસરીને કાલદ્રવ્ય કહિએ. અત એવ—પર્યાયે દ્રવ્યાભેદથી અનંતકાલ દ્રવ્યની ભાલ ઉત્તરાધ્યયને છે.

तथा च सूत्रम्—

धम्मो अधम्मो आगासं, दव्वमिक्किक्कमाहियं।
अणंताणि य दव्वाणि, कालो पुग्गलजंतवो ॥२८-८॥

एतदुपजीव्यान्यत्राप्युक्तम्—'धर्माधर्माकाद्यकैकमतः परं त्रिकमनन्तम्। इति।

તે માટે જીવાજીવ દ્રવ્ય, જે અનન્ત છે, તેહના વર્તનાપર્યાય ભણી જ કાલદ્રવ્ય સૂત્રે અનંત કહ્યા જાણવા. ૧૦

(૧૧) કંઠથી પણિ સૂત્રે જીવાજીવથી અભિન્ન કાલ કહિઓ છે, તે દેખાડે છે—સમયે-ક-સૂત્રે, તે કાલ જીવ-અજીવરૂપ જ કહિઓ છે, તેણે કારણે જુદો-ક-ભિન્ન દ્રવ્યરૂપ, કેમ કહિએ?

तथा चोक्तं जीवाभिगमादिसूत्रे—

'किमयं भंते! कालो ति पवुच्चइ? गोयमा! जीवा चेव अजीवा चेव' त्ति.

એક આચાર્ય એમ કાલદ્રવ્ય વખાણે છે. સ્યું કરતાં? સિદ્ધાંત પાઠ અનુસારે શુભ મતિની રેખા ધરતા. ૧૧

(૧૨) બીજા આચાર્ય એમ ભાષે છે—જે જ્યોતિશ્ચક્રને ચારે પરત્વ-અપરત્વ, નવ-પુરાણાદિ ભાવસ્થિતિ છે, તેહનું અપેક્ષાકારણ મનુષ્યલોકમાં કાલદ્રવ્ય છે. અર્થને વિષે સૂર્યક્રિયોપનાયક દ્રવ્યચાર ક્ષેત્રપ્રમાણ જ કલ્પવું ઘટે. તે માટે એહવું કાલદ્રવ્ય કહિએ, તો જ શ્રીભગવતી સૂત્ર માંહે—'कइ णं भंते! दव्वा पण्णता? गोयमा! छद्दव्वा पण्णत्ता, धम्मत्थिकाए, जाव अद्धासमए' એ વચન છે. તેહનું નિરુપચરિત વ્યાખ્યાન ઘટે અને વર્તનાપર્યાયનું સાધારણાપેક્ષ દ્રવ્ય ન કહિએ તો ગતિસ્થિત્યવગાહનાસાધારણાપેક્ષકારણપણે ધર્માધર્માકાશાસ્તિકાય સિદ્ધ થયા, તિહાં પણિ અનાશ્વાસ આવે, અને એ અર્થ યુક્તિગ્રાહ્ય છે, તે માટે કેવલ આજ્ઞાગ્રાહ્ય કહી પણ કેમ સંતોષ ધરાએ? ૧૨

(૧૩) એ એ મત धर्मसंग्रहणी ગ્રન્થ માંહિ श्रीहरिभद्रसूरि કહ્યા છે.

तथा च तद्गाथा—

जं वत्तणाइरूवो, कालो दव्वस्स चेव पज्जाओ।
सो चेव ततो धम्मो, कालस्स व जस्स जो लोए ॥ ३२॥ इति.

तत्त्वार्थसूत्रे પણ એ (બે) ૨ મત કહ્યાં છે. '**कालश्चेत्येके**' ૫-૩૮। **इति वचनात्**। બીજું મત તે તત્ત્વાર્થને વ્યાખ્યાને અનપેક્ષિત દ્રવ્યાર્થિક નયને મતે કહ્યું છે. સ્થૂલ લોકવ્યવહારસિદ્ધ એ કાલદ્રવ્ય અપેક્ષારહિત જાણવું, અન્યથા વર્તનાપેક્ષાકારણપણે જો કાલદ્રવ્ય સાધિએ, તો પૂર્વાપરાદિ-વ્યવહારવિલક્ષણપરત્વાપરત્વાદિ નિયામકપણે દિગ્દ્રવ્ય પણ સિદ્ધ થાય, અને જો—

"**आकाशमवगाहाय, तदन्या दिगन्यथा।**
तावप्येवमनुच्छेदा-त्ताभ्यां वान्यदुदाहृतम्॥ १९-२५॥

એ **सिद्धसेनदिवाकरकृत निश्चयद्वात्रिंशिकार्थ** વિચારી 'આકાશથી જ દિક્કાર્ય સિદ્ધ હોય.' એમ માનિએ, તો કાલદ્રવ્ય કાર્ય પણ કથંચિત્ તેહથી જ ઉપન્ન હોય. **तस्मात्**—'**कालश्चेत्येके**' **૫-૩૮, इति सूत्रम्, अनपेक्षितद्रव्यार्थिकनयेनैव। इति सूक्ष्मदृष्ट्या विभावनीयम्.** ૧૩

(૧૪) હવે કાલદ્રવ્યાધિકારે દિગમ્બર પ્રક્રિયાં ઉપન્યસે છે—'એક નભઃ પ્રદેશને ઠોર મંદગતિ, અણુ કહિએ. પરમાણુ જેટલે સંચરે તે પર્યાય સમય કહિએ. તદનુરૂપ તે (પાંચ) ૫[૧] કાલપર્યાય સમયનો ભાજનકાલાણુ કહિએ, તે એકેક આકાશપ્રદેશે એકેક એમ કરતાં લોકાકાશ પ્રદેશ પ્રમાણ કાલાણુ હોય' એમ કોઇ ઓર-ક-જૈનાભાસ દિગમ્બર ભાષે છે.

उक्तं च द्रव्यसङ्ग्रहे—रयणाणं रासी इव, ते कालाणू असंखदव्वाणि॥ २२॥ ૧૪

(૧૫) એ દિગમ્બર મત પણ **योगशास्त्र**ના અંતરશ્લોક માંહિ દૃષ્ટ છે, જે માટે તે શ્લોક મધ્યે લોકપ્રદેશે જુજુઆ કાલ અણુઅ, તે મુખ્ય કાલ કહિએ છે.

तथा च तत्पाठः—

'लोकाकाशप्रदेशस्था, भिन्नाः कालाणवस्तु ये।
भावानां परिवर्ताय, मुख्यः कालः स उच्यते॥ १॥ इति' ૧૫

(૧૬) એહ કાલાણુદ્રવ્યનો ઉર્ધ્વતાપ્રચય સંભવે, જે માટે જેમ, મૃદ્દ્રવ્યને સ્થાસ, કોશ, કુશૂલાદિ પૂર્વાપરપર્યાય છે; તેમ એહને સમય આવલિપ્રમુખ પૂર્વાપરપર્યાય છે, પણ ખંધનો પ્રદેશસમુદાય એહને નથી, તે ભણી ધર્માસ્તિકાયાદિકની પરિ તિર્યક્પ્રચય નથી, તે માટે કાલદ્રવ્ય અસ્તિકાય ન કહિએ, પરમાણુ પુદ્ગલની પરિ તિર્યક્પ્રચય યોગ્યતા પણ નથી, તે માટે ઉપચારે પણ કાલદ્રવ્યને અસ્તિકાયપણું ન કહેવાએ. ૧૬

(૧૭) એ દિગમ્બર પક્ષ પ્રતિબંદીએ દૂષે છે—એમ જો મંદાણુગતિકાર્ય હેતુપર્યાય સમયભાજન દ્રવ્યસમય અણુ કલ્પિએ તો મંદાણુગતિહેતુતારૂપ ગુણભાજન ધર્માસ્તિકાય અણુ સિદ્ધ હોય, એમ અધર્માસ્તિકાયાદ્યણુનો પણ પ્રસંગ થાય, અને જો સર્વસાધારણગતિ હેતુતાદિક લેઇ, ધર્માસ્તિયાયાદિ એક જ સ્કન્ધરૂપદ્રવ્ય કલ્પિએ. દેશ-પ્રદેશ કલ્પના તેહની વ્યવહારાનુરોધે પછે કરી તો સર્વ જીવાજીવ દ્રવ્ય સાધારણ વર્તના હેતુતા ગુણ લઇને કાલદ્રવ્ય પણ લોકપ્રમાણ એક કલ્પિઉ જોઇએ. ધર્માસ્તિકાયાદિકને અધિકારે સાધારણગતિ હેતુતાદ્યુપસ્થિતિ જ કલ્પક છે, અને 'કાલદ્રવ્યકલ્પક તે મંદાણુવર્તનાહેતુત્વોપસ્થિતિ જ છે.' એ કલ્પનાએ તો અભિનિવેશ વિના બીજું કોઇ કારણ નથી. ૧૭

(૧૮) હવે જો એમ કહેસ્યો-જે સૂત્રે કાલ અપ્રદેશ કહ્યો છે, તેહને અનુસારે-કાલાણુ કહિએ' તો સર્વે જીવાજીવ પર્યાયરૂપ જ કાલ કહિએ છે, તેહમાંહે વિરોધ ભયથી દ્રવ્ય કાલ પણ કેમ કહો છો?

---

૧ ધર્માસ્તિકાયાદિ પાઠ.

તે માટે કાલને દ્રવ્યત્વ વચન, તથા લોકાકાશ પ્રદેશ પ્રમાણ અનુવચન, એ સર્વ ઉપચારે જોડીએ. મુખ્યવૃત્તિ-તે પર્યાયરૂપ કાલ જ સૂત્ર સંમત છે. **अत एव 'कालश्चेत्येके'** । ૫-૩૮। ઇહાં 'એક' વચને સર્વસમ્મતત્વાભાવ સૂચિઉં. ૧૮.

(૧૯) ઉપચાર પ્રકાર જ દેખાડે છે—**'षडेव द्रव्याणि'** એ સંખ્યા પૂરણને અર્થે, જેમ પર્યાયરૂપ કાલને વિષે દ્રવ્યપણાનો ઉપચાર ભગવત્યાદિકને વિષે કરીએ છે, તેમ સૂત્રે કાલદ્રવ્યને અપ્રદેશતા કહી છે, તથા કાલ પરમાણુ પણ કહિયા છે, તે યોજનને કાજે લોકાકાશ પ્રદેશસ્થ પુદ્ગલાણુને વિષે જ યોગશાસ્ત્રના અંતર શ્લોકમાં કાલાણુનો ઉપચાર કર્યો જાણવો. **'मुख्यः कालः' इत्यस्य चानादि-कालीनाप्रदेशत्व व्यवहार-नियामकोपचार विषयः इत्वर्थः। अत एव-मनुष्यक्षेत्र मात्रवृत्तिकाल-द्रव्यं ये वर्णयन्ति, तेषामपि मनुष्यक्षेत्रावच्छिन्नाकाशादौ कालद्रव्योपचार एव शरणम्'** इति दिग्मात्रमेतत् ॥ ૧૯.

(૨૦) હવે પુદ્ગલ જીવ દ્રવ્ય સંક્ષેપે કહે છે. વર્ણ ગંધ, રસ, સ્પર્શાદિક ગુણે પુદ્ગલ દ્રવ્યનો અન્ય દ્રવ્યથી ભેદ લખિએ અને જીવ દ્રવ્ય **સહજ** ચેતના ગુણ છે, તે લક્ષણે જ સર્વ અચેતન દ્રવ્યથી ભિન્ન છે, વ્યવહારે રૂપ, વેદ સહિત પણ નિશ્ચયથી રૂપ રહિત, વેદ રહિત છે.

उक्तं च—अरसमरूवमगंधं, अव्वत्तं चेअणागुणमसद्दं।
जाण अलिंगग्गहणं, जीवमणिदिट्ठसंठाणं ॥ १ ॥ १८

(૨૧) એમ એ દ્રવ્ય તણા સંક્ષેપે ૬ ભેદ ભાખ્યા છે, વિસ્તારે શ્રુત-કહીએ-સિદ્ધાંત, તેહ થકી જાણીને ખેદ રહિત થકા પ્રવચનદક્ષપણાનો સુયશ-ક-સુબોલ તે પામો. ૨૧.

ઢાળ દશમી સંપૂર્ણ.



ઢાળ ૧૧ મી.

(સોવનગિરિ ભૂષણ ત્રિશલાનંદન—એ દેશી.)

અહિં સુધી દ્રવ્યોના ભેદોનું સ્વરૂપ કહ્યું. હવે ગુણના ભેદોનું સ્વરૂપ કહેવાય છે. આ ગુણોનું સ્વરૂપ દિગમ્બર પ્રક્રિયા પ્રમાણે છે. દિગમ્બર પ્રક્રિયા પ્રમાણે હોવાથી હેય છે એમ નહિં—જે સત્ય સ્વરૂપ ગમે તે સ્થળે વ્યવસ્થિત જણાવ્યું હોય તે સ્વીકારવામાં સત્યના પક્ષપાતીને સહજ પણ વિરોધ હોય નહિં.

હવઈ ભેદ ગુણના ભાષીજઈ, તિહાં અસ્તિતા કહિઈજી;
સદ્રૂપતા વસ્તુતા જાતિ–વ્યક્તિ રૂપતા લહિઈજી,
દ્રવ્ય ભાવ દ્રવ્યત્વ પ્રમાણુઇ, પરિચ્છેદ્ય જે રૂપજી;
પ્રમેયત્વ આણાગમ સૂષિમ, અગુરુલઘુત્વ સ્વરૂપજી ૧
પ્રદેશત્વ અવિભાગી પુદ્ગલ–ષેત્ર ભાવ જે વ્યાપિઉજી;
ચેતનતા અનુભૂતિ અચેતન–ભાવ અનનુભવ થાપિઉજી,
મૂરતતા રૂપાદિક સંગતિ, અમૂર્તતા તદભાવોજી;
દસ સામાન્ય ગુણા પ્રત્યેકે, આઠ આઠ એ ભાવોજી. ૨

૧ સામાન્ય ગુણ વિચાર

સામાન્ય ગુણો–૧૦ છે તે આ પ્રમાણે. ૧ અસ્તિત્વગુણ. ૨ વસ્તુત્વગુણ. ૩ દ્રવ્યત્વગુણ. ૪ પ્રમાવિષયત્વગુણ. ૫ અગુરુલઘુત્વગુણ. ૬ પ્રદેશત્વગુણ. ૭ ચેતનત્વગુણ. ૮ અચેનત્વગુણ. ૯ મૂર્તતાગુણ, ૧૦ અમૂર્તતાગુણ. આ ગુણોનું સ્વરૂપ આ પ્રમાણે છે.

૧ **અસ્તિત્વગુણ**—દ્રવ્ય માત્રમાં સત્–સત્ એવો જે વ્યવહાર થાય છે. તે આ ગુણને લઇને થાય છે. જો પદાર્થમાં અસ્તિત્વગુણ ન હોય તો તે 'સત્' કહી શકાય નહિ.

૨ **વસ્તુત્વગુણ**—પદાર્થમાત્રમાં આ ગુણ છે. આ ગુણથી પદાર્થ સામાન્યસ્વરૂપે અને વિશેષ સ્વરૂપે સમજાય છે. સામાન્ય સ્વરૂપ એ જાતિ છે અને વિશેષ સ્વરૂપ એ વ્યક્તિ છે. જેમ ઘડો એ સામાન્ય સ્વરૂપથી જાતિ છે અને વિશેષ સ્વરૂપથી તે તે વ્યક્તિરૂપ છે. કોઇને એમને એમ ઘડો લાવવાનું કહ્યું હોય ને તે ગમે તે ઘડો લાવે તો જે ઘડાનું જેને પ્રયોજન છે તે તેનો વિરોધ કરશે. ઘડા માત્ર ઘડાસ્વરૂપે સામાન્ય છે. એને વસ્તુત્વગુણ વ્યક્ત કરે છે. જ્યારે ઘટવિશેષનું પ્રયોજન હોય છે ત્યારે યોગ્ય વ્યક્તિને ઘડો લાવવાનું

જણાવવામાં આવે છે–અને તે ઘટ વિશેષને હાજર કરે છે. આમ ઘડો એ પ્રમાણે કહેવા છતાં ઘટ વિશેષ જે સમજાય છે તે વસ્તુત્વગુણને લઈને જો વસ્તુત્વગુણ ન હોય તો વસ્તુ સામાન્ય છે કે વિશેષ એવું પૃથક્કરણ ન થઈ શકે. આ ગુણને આશ્રયીને અવગ્રહ-જ્ઞાનમાં બધે સામાન્ય સ્વરૂપ જણાય છે અને અપાયજ્ઞાનમાં વિશેષ સ્વરૂપ સમજાય છે. જ્યારે પૂર્ણોપયોગ પ્રકટે છે ત્યારે સંપૂર્ણ વસ્તુગ્રહ છે.

૩ **દ્રવ્યત્વગુણ**–ગુણ અને પર્યાયનો જે આધાર તે દ્રવ્ય કહેવાય છે. તે તે દ્રવ્યોમાં 'આ દ્રવ્ય છે' એવી પ્રતીતિ કરાવનાર જે ગુણ તે દ્રવ્યત્વ ગુણ છે. દ્રવ્યત્વ દ્રવ્યની સાથે રહે છે માટે ગુણ છે–કારણ કે **सहभुवो गुणाः, क्रमभुवः पर्यायाः**, સાથે રહે તે ગુણ અને ક્રમશઃ થાય એ પર્યાય એવી ગુણ-પર્યાયની વ્યાખ્યા–વ્યવસ્થા જૈનદર્શન સમ્મત છે. નૈયાયિકો દ્રવ્યત્વ એ જાતિ છે એમ કહે છે. પણ તે તેની પ્રક્રિયા અનુસાર છે. નૈયાયિક વગેરે દર્શન સમ્મત જે દ્રવ્યત્વ જાતિ છે તે અહિં માન્ય નથી.

ગુણ હોય તે વૃદ્ધિ-હાનિ પામે એવું એકાંતે નથી. રૂપાદિ ગુણોમાં અને જ્ઞાનાદિ ગુણોમાં એવું જણાય છે. અને તે તે ગુણોનો પરિચય વિશેષે રહે છે એટલે એવો ગ્રહ બંધાઈ જાય છે પણ એવું સર્વત્ર નથી. ઈતર દર્શનમાં પણ ગુણ હોય તેમાં વૃદ્ધિ-હાનિ થાય એવું સર્વત્ર નથી, એકત્વ આદિ સંખ્યામાં હાનિ-વૃદ્ધિ જેવું કાંઈ થતું નથી. વળી હાનિ-વૃદ્ધિ સાથે ગુણને કોઈ વ્યાપ્તિગ્રહ પણ થતો નથી. એટલે દ્રવ્યત્વ ગુણ હાનિ-વૃદ્ધિ પામતો નથી માટે ગુણ નથી એવી ખોટી સમજ કરવી નહિં. આ હકીકત પૂ૦ ઉપાધ્યાયજીના શબ્દોમાં આ પ્રમાણે છે.

" द्रव्यत्व चेद् गुणः स्यात्, रूपादिवदुत्कर्षापकर्षभागि स्यात् इति तु कुचोद्यम्, अनेकत्वादिसङ्ख्यायां परमतेऽपि व्यभिचारेण, तथा व्याप्त्यभावादेव नीरसनीयम्। "

૪ **પ્રમાવિષયત્વ ગુણ**–વસ્તુ વસ્તુસ્વરૂપે સત્ હોવા છતાં તે પ્રમાજ્ઞાનનો વિષય થાય છે. પ્રમાણ દ્વારા તેનો નિર્ણય અને પૃથક્કરણ થાય છે, એ પ્રમેયત્વગુણને આશ્રયીને છે. પ્રમેયત્વગુણ કથંચિત્ અનુગત સર્વસાધારણ ગુણ છે. કોઈ કોઈ વખત તેનું સ્પષ્ટ ભાન કોઈ કોઈ દ્રવ્યમાં ન થતું હોય તો પણ પરંપરાસમ્બન્ધે પ્રમેયત્વનું અનુસંધાન થાય છે અને તેથી પ્રમેયનો વ્યવહાર ચાલે છે. પ્રમાત્વનું જ્ઞાન સાક્ષાત્ હોય કે નહિં તે બહુ આવશ્યક નથી એટલે પ્રમેયત્વ ગુણસ્વરૂપ પદાર્થમાત્રમાં અનુગત છે.

૫ **અગુરુલઘુત્વ ગુણ**–તે તે પદાર્થો પોતાના મૂળભૂત સ્વરૂપમાં અવસ્થિત રહે છે. તે અગુરુલઘુત્વગુણને અવલંબીને છે. આ ગુણ સૂક્ષ્મ છે અને આજ્ઞા ગ્રાહ્ય છે. કહ્યું છે કે—

" सूक्ष्मं जिनोदितं तत्त्वं, हेतुभिर्नैव हन्यते ।
आज्ञासिद्धं तु तद् ग्राह्यं, नान्यथावादिनो जिनाः ॥ १ ॥
अगुरुलघुपर्यायाः, सूक्ष्मा अवाग्गोचराः ॥ ५. १८२ ॥

" જિનેશ્વરપ્રભુએ પ્રરૂપેલા સૂક્ષ્મતત્ત્વને હેતુઓવડે હણવું નહિં, તે તો આજ્ઞાસિદ્ધ છે.

એમ માનીને સ્વીકારી લેવું. કારણ કે જિનેશ્વરો કદી પણ અસત્ય પ્રરૂપતા નથી. અગુરુ-લઘુપર્યાયો સૂક્ષ્મ છે અને વાણીનો વિષય થતા નથી."

૬ **પ્રદેશત્વ ગુણ**—જે પુદ્ગલના બે ભાગ ન પાડી શકે એવા પુદ્ગલને પરમાણુ કહે છે. એ પરમાણુ જેટલું ક્ષેત્ર રોકે—એટલા ક્ષેત્રમાં રહેવાપણું તેને પ્રદેશત્વગુણ કહેવામાં આવે છે. તે તે દ્રવ્યોના પ્રદેશોમાં આ પ્રદેશ છે એવું જે જણાય છે તે આ ગુણને આધારે છે.

૭ **ચેતનત્વ ગુણ**—જીવનો જ આ ગુણ છે, આત્માના અનુભવરૂપ આ ગુણથી હું સુખી છું, વગેરે વ્યવહાર થાય છે. આ ગુણને લઈને જન્મ થવો, વૃદ્ધિ પામવી, ભાંગ્યું હોય તૂટ્યું હોય-વ્રણ થયું હોય, તે સર્વનું સંધાઈ જવું વગેરે જીવનધર્મો થાય છે. ચેતનપણું ચાલ્યા ગયા બાદ ગમે તેટલા મલમપટ્ટા લગાડવા છતાં વ્રણ રૂઝાતું નથી. ભાંગેલું સંધાતું નથી. આ જીવે છે એવો વ્યવહાર પણ આ ગુણથી થાય છે.

૮ **અચેનતત્વ ગુણ**—ઉપર જે ચેતનત્વ ગુણનું સ્વરૂપ છે તેથી વિપરીત અજીવમાત્રમાં જે ઉપરના સ્વરૂપથી ઉલટું સ્વરૂપ જણાય છે તે અચેતનત્વગુણને અવલંબીને છે.

૯ **મૂર્તતાગુણ**—આ ગુણ પુદ્ગલ દ્રવ્યમાં જ રહે છે. રૂપ-વગેરેના સન્નિધાનથી તે વ્યક્ત થાય છે. પુદ્ગલ જે મૂર્ત કહેવાય છે-તેની મૂર્તિ થાય છે તે આ ગુણને આશ્રયીને છે.

૧૦ **અમૂર્તતા ગુણ**—પુદ્ગલ સિવાયના દ્રવ્યોમાં આ ગુણ રહે છે. આ ગુણથી પુદ્ગલથી અન્ય દ્રવ્યો અમૂર્ત ગણાય છે. અમૂર્ત દ્રવ્યોની મૂર્તિ થતી નથી.

શંકા—ચેતનત્વ અને મૂર્તત્વ એ બે ગુણો છે તેના અભાવસ્વરૂપ અચેતનત્વ અને અમુર્તત્વ એ ગુણ કેમ કહી શકાય? ગુણ એ ભાવરૂપ છે.

સમાધાન—અચેતન દ્રવ્યોમાં અને અમૂર્તદ્રવ્યોમાં તેનું નિયામક કાર્ય થાય છે, તે કાર્યને ઉત્પન્ન કરનાર તત્ત્વ રૂપ અને એ બન્ને વ્યવહારનો નિયામક ગુણ તેમાં અવશ્ય માનવો જોઈએ. એ જે ગુણ તે અચેતન દ્રવ્યમાં અચેતનત્વ છે અને અમૂર્ત દ્રવ્યમાં અમૂર્તત્વ છે. ચેતનત્વનો અભાવ અચેતનત્વ અને મૂર્તત્વનો અભાવ અમૂર્તત્વ એ પ્રમાણે તેનો અર્થ સમજવા છતાં અભાવ એટલે કાંઇ નહિં એમ સમજવું યથાર્થ નથી. અહિં જે અભાવ વાચક 'અ' આવેલ છે તે પર્યુદાસ અર્થને સમજાવનાર છે. પર્યુદાસ અર્થમાં જેની સાથે 'અ' જોડવામાં આવ્યો હોય છે તેનો વિરોધી ભાવ સમજાય છે. નૈયાયિકો જલમાં શીતસ્પર્શ માને છે. અગ્નિમાં ઉષ્ણ સ્પર્શ માને છે. પૃથ્વીમાં વાયુમાં અનુષ્ણાશીતસ્પર્શ માને છે. એટલે ત્યાં ઉષ્ણનો અભાવ-શીતનો અભાવ એકલો જ અર્થ પર્યાપ્ત નથી અને એ અભાવવાળો એક ગુણ ત્યાં ભાવસ્વરૂપ છે. એટલે 'અ' જ્યાં હોય ત્યાં અભાવ માની લેવો એ યથાર્થ નથી. વળી 'અભાવ-પણ કોઇ અપેક્ષાએ ભાવસ્વરૂપ છે' એ નયવિચરણાએ કોઇ દોષ રહેતો નથી.

આ શંકા-સમાધાનની હકીકત પૂ૦ ઉપાધ્યાયજીના પ્રૌઢ શબ્દોમાં આ પ્રમાણે છે:—

"**अचेतनत्वामूर्तत्वयोश्चेतनत्वमूर्तत्वाभावरूपत्वान्न गुणत्वमिति नाशङ्कनीयम् अचेतनामर्त-**

द्रव्यवृत्तिकार्यजनकतावच्छेदकत्वेन, व्यवहारविशेषनियामकत्वेन च तयोरपि पृथग्गुणत्वात्। नञः पर्युदासार्थकत्वात् नञ्पदवाच्यतायाश्च अनुष्णाशीतस्पर्शः इत्यादौ व्यभिचारेण परेषामप्यभावनियामकत्वाद्, 'भावान्तरमभावो हि कयाचित्तु व्यपेक्षया। 'इतिनयाश्रयणेन दोषाभावाच्च इति ॥'

આ દશ સામાન્ય ગુણો છે. એ દશ ગુણોમાંથી આઠ આઠ ગુણો દરેક દ્રવ્યમાં રહે છે. કારણ કે ચેતનત્વગુણ હોય ત્યાં અચેનત્વગુણ ન રહે અને અચેતનત્વ ગુણ હોય ત્યાં ચેતનત્વ ગુણ ન રહે. એ પ્રમાણે મૂર્તત્વ ગુણ હોય ત્યાં અમૂર્તત્વ ગુણ ન રહે અને અમૂર્તત્વગુણ હોય ત્યાં મૂર્તત્વ ગુણ ન રહે. એટલે દરેક દ્રવ્યમાંથી બે વિરોધી ગુણો બાદ કરતાં આઠ આઠ ગુણો રહે.

જ્ઞાનદૃષ્ટિ સુખ વીર્ય ફરસ રસ, ગંધ વર્ણ એ જાણોજી,
ગતિ થિતિ અવગાહન વર્તના, હેતુભાવ મનિ આણો જી;
ચેતનાદિક ચ્યારઇ ભેલાવિ, વિશેષ ગુણ એ સોલઈ જી,
ષટ પુદ્ગલ આતમનઈ તીનહ, અન્ય દ્રવ્યનઈ ટોલઈ જી. ૩
ચેતનતાદિક ચ્યાર સ્વજાતિ, ગુણ સામાન્ય કહાઈ જી,
વિશેષ ગુણ પરજાતિ અપેક્ષા, ગ્રહતાં ચિત્તિ સુહાઈ જી;
વિશેષ ગુણ છઈ સૂત્રઇ ભાષિઆ, બહુ સ્વભાવ આધારોજી,
અર્થ તેહ કિમ ગણિઆ જાઈ, એહ થૂલ વ્યવહારો જી. ૪

૨ વિશેષ ગુણ વિચાર.

વિશેષ ગુણો ૧૬ છે. ૧ જ્ઞાન. ૨ દર્શન. ૩ સુખ. ૪ વીર્ય. ૫ સ્પર્શ. ૬ રસ. ૭ ગંધ. ૮ વર્ણ. ૯ ગતિહેતુતા. ૧૦ સ્થિતિહેતુતા. ૧૧ અવગાહનાહેતુતા. ૧૨ વર્તનાહેતુતા. ૧૩ ચેતનત્વ. ૧૪ અચેનત્વ. ૧૫ મૂર્તત્વ. ૧૬ અમૂર્તત્વ.

આ સોળ ગુણોનું સ્વરૂપ પ્રસિદ્ધ છે. સોળ ગુણોમાંથી પ્રથમના જ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય એ ચાર આત્માના વિશેષ ગુણો છે. સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ એ ચાર પુદ્ગલના વિશેષ ગુણો છે. ગતિહેતુતા એ ધર્માસ્તિકાયનો. સ્થિતિહેતુતા એ અધર્માસ્તિકાયનો. અવગાહનાહેતુતા એ આકાશાસ્તિકાયનો અને વર્તનાહેતુતા એ કાળનો વિશેષ ગુણ છે. ચેતનત્વાદિ ચારમાંથી બબ્બે ગુણો ભેળવતાં આત્મા અને પુદ્ગલમાં છ-છ વિશેષ ગુણો અને ધર્માસ્તિકાયાદિમાં ત્રણ-ત્રણ વિશેષ ગુણો રહે છે.

૧. **આત્મા**—જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, ચેતનત્વ અને અમૂર્તત્વ.
૨. **પુદ્ગલ**—સ્પર્શ, રસ, ગન્ધ, વર્ણ, અચેતનત્વ અને મૂર્તત્વ.
૩. **ધર્માસ્તિકાય**—ગતિહેતુતા, અચેતનત્વ અને અમૂર્તત્વ.
૪. **અધર્માસ્તિકાય**—સ્થિતિહેતુતા, અચેતનત્વ અને અમૂર્તત્વ.
૫. **આકાશાસ્તિકાય**—અવગાહનહેતુતા, અચેતનત્વ અને અમૂર્તત્વ.

૬. **કાળ**—વર્તનાહેતુતા, અચેતનત્વ અને અમૂર્તત્વ. એ પ્રમાણે તે તે દ્રવ્યોના વિશેષ ગુણો છે.

શંકા—ચેતનત્વ, અચેતનત્વ, મૂર્તત્વ અને અમૂર્તત્વ એ ચાર ગુણો પ્રથમ સામાન્ય ગુણોમાં કહેલા છે. વળી અહિં એજ ચાર ગુણો વિશેષ ગુણોમાં ગણાવ્યા છે. સામાન્ય ગુણ એ વિશેષગુણ ન હોઈ શકે અને વિશેષ ગુણ એ સામાન્ય ગુણ ન થઇ શકે, તો આ ચારને બન્નેમાં ગણાવ્યા છે એ સમુચિત કઈ રીતે છે?

સમાધાન—અપેક્ષાભેદે બંને સંભવે છે. અનુગત વ્યવહાર કરાવે એ સામાન્ય ગુણ કહેવાય છે. અન્યથી ભિન્નતાને સમજાવે એ વિશેષ ગુણ કહેવાય છે. ચેતનત્વ એ ચેતનમાત્રમાં અનુગત હોઇ સ્વજાતિની અપેક્ષાએ સામાન્ય ગુણ છે, અને અચેતન દ્રવ્યોથી ચેતનત્વગુણ ચેતનને ભિન્ન કરે છે એટલે એ વિશેષ ગુણ છે. એ જ પ્રમાણે અચેતનત્વ, મૂર્તત્વ અને અમૂર્તત્વ પણ છે. આમ અપેક્ષાભેદે ગુણો તેના તે હોવા છતાં તેમાં સામાન્ય ગુણપણું કે વિશેષગુણપણું માનવામાં કાંઈ વિરોધ નથી. નૈયાયિકાદિ પણ દ્રવ્યત્વ વગેરેને પરાપર સામાન્ય માને છે. પૃથિવીત્વાદિની અપેક્ષાએ દ્રવ્યત્વ એ પર છે અને સત્તાની અપેક્ષાએ અપર છે.

જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય એ ચાર આત્માના વિશેષ ગુણ. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ એ ચાર પુદ્ગલના વિશેષ ગુણ એમ જે કહ્યું છે તે સ્થૂલ વ્યવહારથી જાણવું. બાકી—"**अष्टौ सिद्धगुणाः, एकत्रिंशत् सिद्धादिगुणाः, अेकगुणकालकादयः पुद्गला अनन्ताः**" "સિદ્ધના આઠ ગુણો છે. સિદ્ધના આદિ ગુણો એકત્રીશ છે. એક ગુણ કાળા વગેરે પુદ્ગલો અનન્ત છે." વગેરે સૂત્ર-અર્થ વિચારીએ તો વિશેષ ગુણો અનન્તા થાય—એ છદ્મસ્થ કેમ ગણી શકે? વસ્તુસ્થિતિ આ પ્રમાણે છે માટે ધર્માસ્તિકાયનો ગતિહેતુતા એ વિશેષ ગુણ, અધર્માસ્તિકાયનો સ્થિતહેતુતા વિશેષગુણ, આકાશાસ્તિકાયનો અવગાહનહેતુતા વિશેષગુણ. કાળનો વર્તનાહેતુતા વિશેષગુણ. આત્માનો ઉપયોગ વિશેષગુણ અને પુદ્ગલનો ગ્રહણ વિશેષગુણ. એમ છ દ્રવ્યોના છ જ વિશેષગુણ છે અને છના લક્ષણ પણ એ જ છે. બાકી અસ્તિત્વ વગેરે સામાન્ય ગુણો તે વિવક્ષાધીન અગણિત-અનન્ત છે. એ વાત કોણ ન સ્વીકારે? "જ્ઞાન-દર્શન-ચારિત્ર તથા તપ, વીર્ય અને ઉપયોગ એ જીવનું લક્ષણ છે. શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા તથા છાયા, વર્ણ, રસ, ગન્ધ અને સ્પર્શ એ પુદ્ગલોનું લક્ષણ છે." એ પ્રમાણે જે કહેવાય છે તે તો સ્વભાવલક્ષણ અને વિભાવલક્ષણ એ બન્ને પરસ્પર એકબીજા સિવાય રહી શકતા નથી એ જણાવવા માટે છે—વગેરે વિબુધોએ વિચારવું.

પૂ૦ ઉપાધ્યાયજી મ૦ નો આ માટે આ પ્રમાણે વિશદ ઉલ્લેખ છે—

—**तस्माद्-' धर्मास्तिकायादीनां गतिस्थित्यवगाहनावर्तनाहेतुत्वोपयोगग्रहणाख्याः षडेव अस्तित्वादयः सामान्यगुणास्तु विवक्षयाऽपरिमिता ' इत्येव न्याय्यम् ; ' षण्णां लक्षणवतां लक्षणानि षडेव ' इति हि को न श्रद्दधीत ?।**

"नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा ।
वीरियं उवओगो य, एयं जीवस्स लक्खणं ॥ १ ॥
सद्दंधकारउज्जोआ, पभा छाया तहेव य ।
वण्णरसगंधफासा, पुग्गलाणं तु लक्खणं ॥ २ ॥

इत्यादि-तु-स्वभाव-विभाव-लक्षणयोरन्योऽन्यनान्तरीयकत्वप्रतिपादनाय इत्यादि पण्डितै-र्विचारणीयम् ॥'

ધર્મ અપેક્ષાઈ ઇહાં અલગા, સ્વભાવ ગુણથી ભાખ્યાં જી,
નિજ નિજ રૂપ મુખ્યતા લેઇ, ગુણ સ્વભાવ કરી દાખ્યા જી;
અસ્તિ સ્વભાવ તિહાં નિજ રૂપઈં, ભાવરૂપતા દેખ્યો જી,
પર અભાવ પરિ નિજ ભાવઈં, પણિ અરથ અનુભવી લેખ્યો જી. ૫
નહિં તો સકલ શૂન્યતા હોવઈં, નાસ્તિ ભાવ પરભાવઈં જી,
પરભાવઈં પણિ સત્તા કહતાં, એક રૂપ સવિ પાવઈં જી;
સત્તા જેમ અસત્તા ન ફુરઈ, વ્યંજક અમિલન વશથી જી,
છતો શરાવ ગંધ નવિ ભાસઈ, નિમ વિણ નીરફરસથી જી. ૬

૩ સ્વભાવ વિચાર.

ગુણ અને સ્વભાવ એ બન્ને તત્ત્વસ્વરૂપે જુદા જુદા નથી–એકજ છે. અનુવૃત્તિ અને વ્યાવૃત્તિ સમ્બન્ધે ધર્મમાત્રની વિવક્ષા કરીને સ્વભાવને ગુણરૂપે પંડિતો કહે છે. ગુણમાં પોતપોતાના સ્વરૂપની પ્રધાનતા હોય છે. અનુવૃત્તિ સંબંધ માત્ર અનુસરીને સ્વભાવ કહે-છે. એજ મુખ્યતાએ વિચારતાં ગુણ ગણાય છે. એટલે ગુણવિભાગની વિચારણાની સાથે સ્વભાવવિભાગની વિચારણા કરવી ઉચિત છે.

સ્વભાવો સામાન્ય રીતે જે દ્રવ્ય માત્રમાં રહે છે–તે ૧૧ છે.

૧ અસ્તિસ્વભાવ. ૨ નાસ્તિસ્વભાવ. ૩ નિત્યસ્વભાવ. ૪ અનિત્યસ્વભાવ. ૫ એકસ્વ-ભાવ. ૬ અનેકસ્વભાવ. ૭ ભેદસ્વભાવ. ૮ અભેદસ્વભાવ. ૯ ભવ્યસ્વભાવ. ૧૦ અભવ્ય-સ્વભાવ. ૧૧ પરમભાવસ્વભાવ.

૧ અસ્તિસ્વભાવ–દરેક દ્રવ્ય પોતાના દ્રવ્ય-ક્ષેત્ર, કાલ અને ભાવસ્વરૂપે અસ્તિસ્વરૂપ ભાવરૂપ છે. કોઇપણ દ્રવ્યનો વિચાર 'એ છે કે નહિં ? એ પ્રમાણે કરતાં તેનું નિજસ્વરૂપ વિચારવાથી 'છે' એવો ઉત્તર મળશે અને પરસ્વરુપ વિચારવાથી–એ સ્વરૂપે 'નથી' એવો ઉત્તર મળશે. એટલે પરભાવે નાસ્તિનો અનુભવ થાય છે, એવોજ અનુભવ સ્વભાવે અસ્તિનો થાય છે. માટે અસ્તિસ્વભાવ દ્રવ્યમાં છે. જો દ્રવ્યમાં એવો સ્વભાવ સ્વીકારવામાં ન આવે તો પરભાવે જે પ્રમાણે નાસ્તિ કહેવાય છે. એ પ્રમાણે સ્વભાવે પણ નાસ્તિ કહેવાય–અને

જો એને માન્ય કરી લેવામાં આવે તો વિશ્વમાં કોઈ દ્રવ્ય રહે નહિં. નથી-નથી એ અનુભવ વ્યાપક થતાં સકલ શૂન્યતા થાય માટે સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ અસ્તિસ્વભાવ ખરેખર છે એમ માનવું જોઈએ.

૨ નાસ્તિસ્વભાવ—પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવની અપેક્ષાએ દરેક દ્રવ્ય નાસ્તિ છે. જો દ્રવ્યમાં નાસ્તિસ્વભાવ ન માનવામાં આવે તો પરદ્રવ્યાદિની અપેક્ષાએ પણ અસ્તિ રહે-અને એ જો સ્વીકારી લેવામાં આવે તો પદાર્થમાં સ્વ-પરનો ભેદ ટળી જાય અને સકલ પદાર્થ એક સ્વરૂપ થઈ જાય. એમ માનવું એ તો સકલ શાસ્ત્ર-વ્યવહાર વિરુદ્ધ છે; એટલે પર અપેક્ષાએ નાસ્તિ સ્વભાવ છે.

બૌદ્ધો કહે છે કે-વસ્તુની સત્તા સ્વભાવે જણાય છે માટે સત્ય છે અને અસત્તા તો પોતાનું જ્ઞાન કરાવવામાં પરમુખ નિરીક્ષણ કરે છે એટલે કલ્પનાજ્ઞાનનો વિષય હોવાથી અસત્ય છે, પણ બૌદ્ધોનું એ કથન વ્યાજબી નથી. સત્તાની જેમ અસત્તાનું ભાન તત્કાળ નથી થતું એમાં અસત્તા તુચ્છ છે-કાલ્પનિક છે એમ નથી પણ તેને વ્યંજકનો યોગ નથી થયો. માટે કોઈ વસ્તુ વ્યંજકને યોગે વ્યક્ત થાય તેથી તેનામાં તુચ્છતા છે એમ માની શકાય નહી. કપૂરનો ગંધ એમને એમ પ્રસરે છે જ્યારે શરાવલાનો ગંધ અંદર પાણી પડે ત્યારે પસરે છે. એટલે કપૂરમાં ગંધ વાસ્તવિક છે અને શરાવલામાં ગંધ કાલ્પનિક છે એમ કહી શકાય નહિં. કેટલાક ગુણ સ્વભાવે જણાય છે અને કેટલાક ગુણો નિયત વ્યંજક મળે ત્યારે વ્યક્ત થાય છે, એ પ્રમાણે વિચિત્રતા સ્વભાવિક પણ છે. આમ વ્યંજક-ભાવોને તુચ્છ ગણીને અસત્ય ઠરાવવામાં આવે તો ઘણાં વ્યવહારોનો લોપ થઈ જાય.

'ભાષારહસ્ય' માં પૂ૦ ઉપાધ્યાયજી મહારાજે કહ્યું છે કે—

ते हुंति परावेक्खा, वंजयमुहदंसिणो त्ति ण य तुच्छा।
दिट्ठमिणं वेचित्तं, सरावकप्पूरगंधाणं ॥ १ ॥

નિજ નાના પર્યાયઈં 'તેહજ, દ્રવ્ય એહ' ઇમ કહિઈં જી,
નિત્ય સ્વભાવ અનિત્ય સ્વભાવઈં, પજ્જય પરિણતિ લહીઈં જી;
છતી વસ્તુનઈં રૂપાંતરથી, નાશઈં દ્વિવિધા ભાસઈં જી,
વિશેષનઈં સામાન્ય રૂપથી, થૂલત્થંતર નાશઈં જી. ૭

જો નિત્યતા ન છઈ તો અન્વય, વિના ન કારય હોવઈં જી;
કારય કાલે અછતૂં કારણ, પરિણતિ રૂપ વિગોવઈં જી;
અનિત્યતા જો નહીં સર્વથા, અર્થક્રિયા તો ન ઘટઈં જી,
દલનિં કારય રૂપ પરિણતિ, અનુત્પન્ન તો વિઘટઈં જી. ૮

૩ નિત્યસ્વભાવ, ૪ અનિત્યસ્વભાવ

દ્રવ્યમાં નિત્યત્વ ગુણ છે. જો દ્રવ્યને નિત્યસ્વભાવ ન માનવામાં આવે તો તે દ્રવ્યો

આ તે જ દ્રવ્ય છે એમ ઓળખાય છે એ ન બને. પરિવર્તન પામતા પુદ્ગલો પુદ્ગલ-સ્વરૂપે જ રહે છે. માટીનો ઘડો પણ શ્યામનો રક્ત બની જાય છતાં આ ઘડો એ જ છે એવી પ્રતીતિ તેમાં રહેલ નિત્યસ્વભાવ કરાવે છે.

"तद्भावाव्ययं नित्यम्"५-३० પદાર્થનો સ્વભાવ નાશ ન પામવો એ નિત્ય છે. એ તત્ત્વાર્થાધિગમસૂત્રનું નિત્ય લક્ષણ છે. "प्रध्वंसाप्रतियोगित्वं नित्यत्वम्" પ્રધ્વંસ એટલે નાશ, જે વસ્તુ નાશ પામે તે વસ્તુ નાશની પ્રતિયોગી કહેવાય, અને જે નાશ ન પામે તે નાશની પ્રતિયોગી બને નહિં. એટલે નિત્ય વસ્તુમાં નાશનું અપ્રતિયોગિપણું રહે અને તેનું નામ નિત્યત્વ કહેવાય. આ પ્રમાણે બંન્ને નિત્યના સ્વરૂપો અર્થવિચારણાએ એકસરખા આવે છે. ઉપર પ્રમાણે વસ્તુને જો નિત્યસ્વભાવ એકાંતે માનવામાં આવે તો સદા-સર્વદા દરેક વસ્તુ એકધારી એકસ્વરૂપ દેખાવી જોઇએ, પણ એમ થતું નથી, ક્ષણે ક્ષણે વસ્તુમાં ફેરફાર દેખાય છે. પર્યાયો બદલાય છે. પર્યાયો એ વસ્તુધર્મ છે, એ ફરે એટલે વસ્તુ પણ ફરે. જૂના પર્યાયો નાશ પામે અને નવા જન્મે. પર્યાયોના ઉત્પાદ-વ્યયને અધીન વસ્તુના ઉત્પાદ-વ્યય થાય છે. એ રીતે વસ્તુમાં અનિત્ય સ્વભાવ છે. આ પ્રમાણે દ્રવ્યાર્થિકનયની વિચારણાએ વસ્તુમાત્રમાં નિત્યસ્વભાવ છે. તેની પ્રતીતિ થાય છે અને પર્યાયાર્થિકનયની વિચારણા એ વસ્તુમાત્રમાં અનિત્યસ્વભાવ છે તેની પ્રતીતિ થાય છે.

જુદા જુદા તત્ત્વચિંતકો વસ્તુની વિચારણા કરે છે ત્યારે તેઓ કાં તો વસ્તુને નિત્ય માને છે કાં તો વસ્તુને અનિત્ય માને છે. જેઓ વસ્તુમાત્રને નિત્ય માનીને વિચારણાને આગળ ચલાવે છે તેઓને અનેક ગૂંચવણો ઊભી થાય છે અને તે ગૂંચવણો દૂર કરવા માટે તેઓને અનેક વિરૂપ કલ્પનાઓ કરવી પડે છે. એ જ પ્રમાણે જેઓ વસ્તુમાત્રને અનિત્ય માનીને વિચારણામાં આગળ વધે છે તેઓને પણ અનેક ગૂંચો ઊભી થાય છે અને તે ગૂંચો દૂર કરવા માટે તેઓ પણ જુદી જુદી વિરૂપ કલ્પનાઓને જન્મ આપે છે. આમ વિરૂપ કલ્પનાઓ કરવાથી મૂળ ગૂંચ ઉકલતી નથી અને બીજી અનેક ગૂંચો વધતી જાય છે. આવી ગૂંચોમાંથી છૂટવા માટે કેટલાક તત્ત્વચિંતકોએ પદાર્થોના બે ભાગ પાડીને વિચારણાને વ્યવસ્થિત કરવા યત્ન કર્યો, ને તે બે ભાગમાં અમુક પદાર્થો નિત્યસ્વરૂપે રાખ્યા અને અમુક પદાર્થો અનિત્યસ્વરૂપે રાખ્યા. આમ કરવાથી તેઓ સ્થૂલ ગૂંચવણો અંશે દૂર કરી શકયા, પણ સૂક્ષ્મ વિચારણા કરતાં ગૂંચો જન્મતી જ ગઇ અને તે માટે તેઓને પણ બીજી અનેક ભળતી જ વિચારણાઓ કરવી પડી. આવી ગૂંચો ન જન્મે માટે વસ્તુનું મૂળભૂત જે વાસ્તવિક સ્વરૂપ છે તેથી આઘા-પાછા જવાની કાંઈ જરૂર નથી. વસ્તુમાત્ર નિત્યાનિત્ય સ્વરૂપ છે, અને એ પ્રમાણે માનવાથી નથી કોઇ ગૂંચ ઊભી થતી કે નથી તે દૂર કરવા માટે વિરૂપ કલ્પના કરવી પડતી.

વસ્તુને એક તરફ ખેંચી જવાથી કેવી ગૂંચો જન્મે છે, તે આ પ્રમાણે છે.

જો વસ્તુને નિત્યસ્વભાવ ન માનવામાં આવે અને અનિત્યસ્વભાવ જ માનવામાં આવે તો કાર્ય-કારણભાવ સંભવે નહિં, અને કાર્ય-કારણભાવ સિવાય કાર્ય બને નહિં. માટીમાંથી

ઘટ બન્યો કે તંતુમાંથી પટ બન્યો એ તે તે પદાર્થોને નિત્ય માન્યા સિવાય સમજી કે સમજાવી શકાય નહિં. અને જો એવી વ્યવસ્થા ઇષ્ટ ન હોય તો ગમે તેમાંથી ગમે તે કેમ બનતું નથી ? એના ગમે તેવા ઉત્તરો આપવાના હોય એવી ગેરવ્યવસ્થા કે દુર્વ્યવસ્થાને વાસ્તવિક કે પ્રામાણિક વિચારણા તરીકે સ્થાન પણ ન આપી શકાય.

આ વાતને સમજાવતા પૂ૦ ઉપાધ્યાયજી મહારાજના પ્રૌઢ શબ્દો મનન કરવા યોગ્ય છે. તે આ પ્રમાણે છે.

" જો નિત્યતા નથી અને એકાંત ક્ષણિક જ સ્વલક્ષણ છે તો કારણના અન્વય વિના કાર્ય ન નીપજે. જે માટે કારણક્ષણ કાર્યક્ષણોત્પત્તિ કાલે નિર્હેતુકનાશ અનુભવતો અછતો છે, તે કાર્યક્ષણ પરિણતિ કેમ કરે ? અછતો ય કારણક્ષણ કાર્યક્ષણ કરે તો ચિરનષ્ટ કારણથી અથવા અનુત્પન્ન કારણથી કાર્ય નીપનું જોઇએ. એમ તો કાર્યકારણભાવની વિડંબના થાયે. ' અવ્યવહિત જ કારણક્ષણ કાર્યક્ષણ કરે ' એમ કહીએ તો એ રૂપાલોકમનસ્કારાદિકને વિષે ઉપાદાન, આલોકાદિને વિષે નિમિત્ત એ વ્યવસ્થા કેમ ઘટે ? જે માટે અન્વય વિના શક્તિમાત્ર ઉપાદાનતા નિમિત્તમાંહે પણ કહી શકાય, તે માટે ઉપાદાન તે ઉપાદાન તે અન્વયી માનવું. અન્વયિપણું તે જ નિત્યસ્વભાવ. "

જો વસ્તુને અનિત્યસ્વભાવ ન જ માનવામાં આવે અને એકાંતે નિત્યસ્વભાવ જ માનવામાં આવે તો પ્રત્યક્ષ અનુભવાતાં પરિવર્તનો મિથ્યા માનવા પડે. જે પરિવર્તનો વાસ્તવ છે છતાં તેને મિથ્યા માનવા એ મિથ્યા છે. નિત્યસ્વભાવ અને પરિવર્તન એ બંન્ને શીત-ઉષ્ણ જેવા વિરોધી છે. પરિવર્તન એ વસ્તુની અનિત્યતાને સિદ્ધ કરે છે.

વસ્તુને અનિત્યસ્વભાવ માનવામાં આવે તો જ તેમાં અર્થક્રિયા ઘટે. કારણ કાર્યરૂપે પરિણમે છે એમ માનવામાં પણ પરિણમન થવું-ઉત્પન્ન થવું એ સર્વ અનિત્યસ્વભાવ ન માનતાં વિરોધો કાયમ રહે ને તેનો ઉકેલ કરવા છતાં બીજા અનેક વિરોધો જન્મ પામે. માટે વસ્તુને કથંચિત્ અનિત્યસ્વભાવતા છે એ સ્વીકારવું આવશ્યક છે

" હવે જો સર્વથા નિત્યસ્વભાવ માનીએ અને અનિત્યસ્વભાવ સર્વથા ન માનીએ તો અર્થક્રિયા ન ઘટે. જે માટે દ્રવ્યને-કારણને કાર્યરૂપતા પરિણતિ કથંચિત્ ઉત્પન્નપણું જ આવ્યું. સર્વથા અનુત્પન્નપણું વિઘટિયું અને જો એમ કહીએ-' કારણ તે નિત્ય તદ્વૃત્તિકાર્ય તે અનિત્ય જ. ' તો કાર્ય-કારણને અભેદ સંબંધ કેમ ઘટે ? ભેદ સંબંધ માનીએ તો તત્સંબંધાન્તરાદિ ગવેષણાએ અનવસ્થા થાય. તે માટે કથંચિત્ અનિત્યસ્વભાવ માનવો. "

આ પ્રમાણે પૂ૦ ઉપાધ્યાયજી મહારાજે અનિત્યસ્વભાવને સુંદર સમજાવ્યો છે.

જે કેટલાક અમુક પદાર્થો નિત્ય અને અમુક પદાર્થો અનિત્ય છે એમ માને છે, તેઓનો પ્રત્યુત્તર ઉપરની વિચારણામાં લગભગ આવી જાય છે. બાકી નિત્ય પદાર્થોમાં જો કાંઇ પણ પરિવર્તન નથી થતું એમ જો તેઓ માનતા હોય તો તેઓ તે પદાર્થોના સ્વરૂપથી અજ્ઞાન છે, એવો કોઈ પણ પદાર્થ નથી કે જેમાં ક્ષણે ક્ષણે પરિવર્તન ન થતું હોય. બીજું જે

કેટલાક પદાર્થો તેઓ અનિત્ય માને છે તેમાં કાંઇ પણ સ્થાયીતત્ત્વ છે કે નહિ ? જો સ્થાયીતત્ત્વ છે તો તે કેવા પ્રકારનું છે ? કેટલા કાળ સ્થાયી છે ? અમુક કાળ સ્થાયી છે કે સદાકાળ સ્થાયી છે ? સદાકાળ સ્થાયી કોઇ તત્ત્વ તેઓ જે પદાર્થોને અનિત્ય માને છે તેમાં છે કે નહિ ? જો તેઓ અનિત્ય માનવામાં આવતા પદાર્થોમાં સદાકાળ સ્થાયીતત્ત્વ ન જાણી શકતા હોય તો સમજવું જોઇએ કે હજુ તેઓનું પદાર્થ જ્ઞાન અધુરું છે.

આમ પદાર્થની સાંગોપાંગ વિચારણા કરનારને સ્પષ્ટ સમજાય છે. પદાર્થ કથંચિત્ નિત્ય છે, કથંચિત્ અનિત્ય છે, અને કથંચિત્ નિત્યાનિત્ય છે.

સ્વભાવને એકાધારત્વઇં, એક સ્વભાવ વિલાસો જી,
અનેક દ્રવ્ય પ્રવાહ એહનઇં, અનેક સ્વભાવ પ્રકાશો જી;
વિણ એકતા વિશેષ ન લહિઇં, સામાન્યઇં અભાવઇં જી,
અનેકત્વ વિણ સત્તા ન ઘટઇં, તિમજ વિશેષ અભાવિં જી. ૯

ગુણ–ગુણિનઇં સંજ્ઞા સંખ્યાદિક–ભેદઇં ભેદ સ્વભાવો જી,
અભેદવૃત્તિ સુલક્ષણધારી, હોઇ અભેદ સ્વભાવો જી;
ભેદ વિના એકત્વ સર્વનિં, તેણેં વ્યવહાર વિરોધો જી,
વિણ અભેદ કિમ નિરાધારનો, ગુણ પજ્જવનો બોધો જી. ૧૦

શક્તિ અવસ્થિત નિજ રૂપાન્તર, ભવનિં ભવ્ય સ્વભાવો જી,
ત્રિહું કાલિં મિલતા પરભાવિં, અભવન અભવ્ય સ્વભાવો જી;
શૂન્ય ભાવ વિણ ભવ્ય સ્વભાવિં, કટ કાર્યનઇં યોગઇં જી,
અભવ્ય ભાવ વિણ દ્રવ્યાન્તરતા, થાઇં દ્રવ્ય સંયોગઇં જી. ૧૧

પરમ ભાવ પારિણામિક ભાવ, પ્રધાનતાઇં લીજઇં જી,
એ વિણ મુખ્ય રૂપ કિમ દ્રવ્યઇં, પ્રસિદ્ધ રીતિ દીજઇં જી;
એ સામાન્ય સ્વભાવ ઇગ્યારહ, સકલ દ્રવ્યનઇં ધારો જી,
આગળ અર્થ વિચારીનઇં જગિ, સુજસવાદ વિસ્તારો જી. ૧૨

૫ એક સ્વભાવ, ૬ અનેક સ્વભાવ:

વસ્તુ એકસ્વભાવ છે. એકસ્વભાવ એટલે જુદા જુદા ધર્મનો આધાર. જો વસ્તુને એકસ્વભાવ સ્વીકારવામાં ન આવે તો રૂપ–રસ–ગંધ–સ્પર્શ તેનો આધાર ઘટ વગેરે એક છે, તે સંભવે નહિં દરેક જીવ સ્વતંત્ર છે–એક છે. ભલે તે અનેક રૂપ ધારણ કરતો હોય તો પણ એક છે. તે એકસ્વભાવને લઇને નિત્યસ્વભાવ પણ કાળને આશ્રયીને છે, અનેક ક્ષણોમાં એનો એ પદાર્થ એ જ છે એવું જ ભાન થાય છે તે નિત્યસ્વભાવને કારણે છે. જે અનેક ધર્મો હોવા છતાં આ એક છે. એવું ભાન એકસ્વભાવને કારણે થાય છે.

નિત્ય સ્વભાવ અને એક સ્વભાવમાં ભેદ પણ એટલો જ છે.

જો વસ્તુને એકાંતે એકસ્વભાવ જ માનવામાં આવે તો તેમાં જે ફેરફાર થાય છે અને તે ફેરફારોને લીધે તે જુદે જુદે રૂપે ભાસે છે તે ન બને. માટી દ્રવ્ય એક છે. છતાં તેમાં સ્થાસ, કોશ, કુશૂલ વગેરે અનેક દ્રવ્યોનો પ્રવાહ છે. એ અનેકસ્વભાવને કારણે છે. પર્યાયને આદિષ્ટ-દ્રવ્યરૂપે સ્વીકારવામાં આવે છે. અને તેથી આકાશાદિ જે એકદ્રવ્યરૂપે પ્રસિદ્ધ છે તેમાં પણ ઘટાકાશ વગેરે ભેદે અનેકસ્વભાવ ઘટે છે. વસ્તુને એકસ્વભાવ ન માનવામાં આવે અને અનેકસ્વભાવ જ માનવામાં આવે તો 'સામાન્યાભાવ' જેવું કાંઇ રહે નહિં. કેવળ વિશેષાભાવ જ રહે. સામાન્યાભાવમાં જે વૈશિષ્ટય છે તે વસ્તુના એક-સ્વભાવને આશ્રયીને સામાન્ય ઘટનો અભાવ જણાવે છે. અને તેથી અહિં લાલ ઘટ નથી કે શ્યામ ઘટ નથી એવું વિશેષ કહેવાની જરૂર રહેતી નથી, પણ ઘડો નથી એમ કહેવાથી અહિં કોઇપણ પ્રકારનો ઘડો નથી એ પ્રમાણે સમજાય છે. માટે વસ્તુમાં એકસ્વભાવ છે. એમ માનવું વાસ્તવિક છે.

જો વસ્તુને અનેકસ્વભાવ માનવામાં ન આવે તો વિશેષાભાવમાં કાંઇ વિશેષતા ન રહે. વિશેષાભાવ માનવાની કાંઈ જરૂર પણ ન ગણાય. કારણ કે વસ્તુમાં વિશેષતા તેમાં અનેકસ્વભાવ માનવામાં આવે તોજ ઘટે. જો વસ્તુમાં વિશેષતા ન હોય તો વિશેષતા વગર વિશેષનો અભાવ કેમ સંભવે?

વિશેષાભાવ છે એ સિદ્ધ છે અને એ વસ્તુમાં અનેકસ્વભાવ છે, તેને આશ્રયીને છે એટલે વસ્તુમાં એકસ્વભાવ અને અનેકસ્વભાવ માનવા જોઇએ.

૭ ભેદ સ્વભાવ, ૮ અભેદ સ્વભાવ.

વસ્તુમાં ભેદસ્વભાવ છે. એ સ્વભાવને કારણે વસ્તુ અન્ય વસ્તુથી જુદી છે-ભિન્ન છે એ સમજાય છે. એ જ પ્રમાણે વસ્તુ તેમાં કહેલા ગુણ-પર્યાયોથી પણ સમજાય છે. જો ગુણ-ગુણીને; પર્યાય અને પર્યાયવંતને કારક અને કારકવાળાને સંજ્ઞા-સંખ્યા અને લક્ષણ વગેરેથી ભેદ માનવામાં ન આવે તો જે ભેદ જણાય તે જણાય નહિં અને બધું એક થઈ જાય. ગુણ અને ગુણીનું નામ જુદું છે. સંખ્યા જુદી છે, લક્ષણ જુદું છે. આ સર્વ એ ભિન્ન છે, તો ઘટે છે. ભિન્નતા ભેદ સ્વભાવને કારણે છે. આ દ્રવ્ય છે, આ ગુણ છે, આ પર્યાય છે, દ્રવ્ય એક છે, તેમાં ગુણ ચાર, પાંચ આઠ કે અમુક સંખ્યામાં છે, તેમાં પર્યાયો અનંતા છે. વગેરે જો ભેદ સ્વભાવ ન સ્વીકારવામાં આવે તો કેમ સંભવે?

જો વસ્તુમાં અભેદસ્વભાવ માનવામાં ન આવે તો ગુણ અને ગુણી, પર્યાય અને પર્યાયવંતને પરસ્પર જોડાણ કરનાર કોઇક સંબંધ સ્વીકારવો જોઇએ. સંયોગ વગેરે સંબંધો ત્યાં ઘટતા નથી. સમવાય નામનો સંબંધ જે નૈયાયિકો કહે છે, તે પણ વિચાર કરતાં યુક્તિસંગત થતો નથી. કારણ કે એ સંબંધને જ્યારે એક સ્વતંત્ર પદાર્થ સ્વરૂપે માનવામાં આવે છે, ત્યારે તે જેમાં રહે છે તે કયા સંબંધે રહે છે, એ પ્રશ્ન વિચારવાનું અનિવાર્ય

બને છે. તે વિચારતા સ્વરૂપ-સંબંધ કે જે અભેદસંબંધનું નામાન્તર છે, તે માનવો પડે છે. જો આગળ વધીને અભેદ સંબંધ સ્વીકારવો પડે એમ હોય તો શરૂઆતમાં ગુણીમાં ગુણ અભેદસંબંધે માનવામાં વાંધો શો છે? કોઈપણ એવું બાધક નથી કે જેથી અહિં-અભેદ સંબંધ ન માની શકાય. જે અભેદ સંબંધથી ગુણો અને પર્યાયોને વસ્તુ પોતામાં સમાવી લે છે-તે વસ્તુનો અભેદ સ્વભાવ છે.

છૂટા પ્રદેશપણાનું નામ ભિન્નતા છે, એમ શ્રી વીર પરમાત્મા કહે છે. તત્સ્વભાવથી ભિન્નને ભિન્ન માનવામાં આવે તો તત્સ્વભાવ એ એક કેમ ન થાય-' એ પ્રમાણે પ્રવચનસારમાં કહ્યું છે. તે પ્રવચનસારની ગાથા આ પ્રમાણે છેઃ—

पविभत्तपदेसत्तं, पुयत्तमिदि सासणं हि वीरस्स ।
अण्णत्तमतब्भावो, ण तब्भवं भवदि कधमेगं ॥२॥ १८॥

૯ ભવ્ય સ્વભાવ, ૧૦ અભવ્ય સ્વભાવ:

વસ્તુમાં ભવ્ય સ્વભાવ છે. આ સ્વભાવને લઈને વસ્તુ અનેક રૂપે પરિણમી શકે છે. અનેક કાર્ય કરવાની શક્તિ ધરાવે છે. જો વસ્તુમાં ભવ્ય સ્વભાવ માનવામાં ન આવે તો જે જે પદાર્થો એક સમયે જે રૂપે છે તે જ સ્વરૂપે સદાકાળ માટે રહે તેમાં અંશમાત્ર પરિવર્તન થઈ શકે નહિ. જીવમાત્ર જે આકાશમાં જે રૂપે હોય તે રૂપે રહે-તેમાં ગત્યાદિ પરાવર્તન ન સંભવે. પુદ્ગલમાં જુદા જુદા પરાવર્તનો ન થાય. ધર્માસ્તિકાય કોઈને પણ જુદા પ્રકારે ગતિ આપે નહિ, અધર્માસ્તિકાય કોઈને પણ અન્ય રીતે સ્થિતિ ન આપે અને આકાશાસ્તિકાય અન્ય પ્રકારે અવકાશ પણ ન આપે. પણ એ પ્રમાણે બનતું નથી. દરેક દરેક સમયે જુદા જુદા કાર્યો કરે છે, જે જુદા જુદા કાર્યો કરે છે, તે તે તે પદાર્થોમાં ભવ્ય સ્વભાવ છે, માટે.

જો કેવળ ભવ્યસ્વભાવ જ પદાર્થમાં માની લેવામાં આવે અને પોતાના સ્વરૂપમાં સ્થિર રહેવા સ્વરૂપ અભવ્યસ્વભાવ ન માનવામાં આવે તો પરાવર્તન પામતા પદાર્થોમાં કોઇક વખત ચેતન દ્રવ્ય પુદ્ગલ દ્રવ્ય રૂપે અને પુદ્ગલ દ્રવ્ય ચેતન દ્રવ્ય રૂપે, ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય રૂપે અને અધર્માસ્તિકાય ધર્માસ્તિકાય રૂપે પરાવર્તન પામી જાય, એક જ અવકાશમાં રહેલા તે તે મૂળભૂત દ્રવ્યો પોતાનું સ્વરૂપ છોડીને બીજા દ્રવ્ય સ્વરૂપે નથી થતાં; તે તે તે દ્રવ્યોમાં રહેલા અભવ્યસ્વભાવને કારણે છે. કહ્યું છે કેઃ—

अन्नोन्नं परिसंता, देंता ओगासमण्णमण्णस्स ।
मेलंता विय निच्चं, सगसगभावं ण विजहंति ॥१॥

(પરસ્પર એક બીજા એક બીજામાં પ્રવેશ કરતા છતાં, એક બીજા એકબીજાને અવકાશ-જગા આપતા છતાં હંમેશા મળવા છતાં પણ પદાર્થો પોતપોતાના સ્વરૂપને છોડતા નથી) આ પદાર્થમાંથી આ કાર્ય થશે એવી કાર્ય-કારણભાવની વ્યવસ્થાનો આધાર પણ પદાર્થમાં રહેલા અભવ્યસ્વભાવને આશ્રયીને છે નહિં તો એક જ આકાશ પ્રદેશમાં

રહેલા જીવ, ધર્મ અને અધર્મમાં ચૈતન્ય, ગતિ ને સ્થિતિરૂપ કાર્ય કોણે કર્યું એ નિશ્ચિત કેમ બની શકે ? જો એ નિશ્ચિત ન બને તો કાર્ય-કારણની સેળભેળ થઈ જાય અને અવ્યવસ્થા ઊભી થાય. એવી અવ્યવસ્થા નથી થતી તે પદાર્થમાં રહેલા અભવ્યસ્વભાવને કારણે.

શં૦—જો પદાર્થમાં ભવ્યસ્વભાવ-અર્થાત્ પોતાને અનુરૂપ અનંત કાર્ય કરવાની શક્તિ છે તો તે પદાર્થ એક જ સમયમાં બધા કાર્ય કેમ કરતો નથી અને કરે છે તો બીજે સમયે તેને કાંઇ કરવાપણું રહેતું નથી. પણ એમ અનુભવાતું નથી. સમયે સમયે દરેક પદાર્થ જુદાં જુદાં કાર્ય કરે છે એ પ્રત્યક્ષ જણાય છે તો તે શાથી ?

સ૦ દરેક પદાર્થમાં પોતાને અનુરૂપ અનંત કાર્ય કરવાના સામર્થ્યરૂપ ભવ્યસ્વભાવ તો છે જ પણ તે પદાર્થ તે તે કાર્ય સહકારી સંયોગો સિવાય કરી શકતો નથી. સહકારી સંયોગો મળી જાય ત્યારે કાર્ય થાય છે. જે સમયે જે કાર્ય થવાનું હોય છે ત્યારે તે કાર્ય જે પદાર્થમાં થાય છે, તે પદાર્થમાં તે સમયે તે કાર્યને અનુરૂપ ઉપધાયકતા શક્તિ હોય છે. આ શક્તિને તથાભવ્યતાને નામે ઓળખવામાં આવે છે. આ રીતે વસ્તુસ્થિતિ હોવાથી કોઈ અતિપ્રસંગ આવતો નથી.

શ્રી હરિભદ્રસૂરિજી મહારાજના શબ્દોમાં ઉપરોક્ત વિચારણા આ પ્રમાણે છે.

—"**आत्मादेः स्ववृत्त्यनन्तकार्यजननशक्तिर्भव्यता, तत्तत्सहकारिसमवधानेन तत्तत्कार्योपधायकताशक्तिश्च तथाभव्यता, तथाभव्यतयैवानतिप्रसङ्ग**" इति.

૧૧ પારિણામિકભાવ—પરમભાવ સ્વભાવ:

વસ્તુમાત્ર અનંતધર્માત્મક છે. વસ્તુમાં રહેલા અનંત ધર્મોમાંથી કોઈ એક ધર્મ વડે વસ્તુ ઓળખવામાં વિલંબ થતો નથી. જે ધર્મ વડે વસ્તુ તરત ઓળખાય છે-તે ધર્મ તે વસ્તુનું લક્ષણ ગણાય છે જે વસ્તુમાં જે લક્ષણસ્વરૂપ બને છે. તે ધર્મ તે વસ્તુનો પરમ-ભાવ-સ્વભાવ છે. જો વસ્તુમાં આ સ્વભાવ સ્વીકારવામાં ન આવે તો અનંતધર્માત્મક વસ્તુને ઓળખવી કઈ રીતે, પ્રસિદ્ધરૂપ આપવામાં કારણભૂત આ પરમભાવસ્વભાવ છે. જેમ આત્મા જ્ઞાનસ્વરૂપ છે.

આ પ્રમાણે દ્રવ્યમાત્રમાં ૧૧ સામાન્ય સ્વભાવો રહે છે.

આગમના સૂક્ષ્મ ભાવો સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવા અને અન્યોને સમજાવવાથી સુયશનો વિસ્તાર વધે છે.



ઢાળ ૧૧ મીનો ટબાર્થ.

(૧) એતલે ઢાળે કરી દ્રવ્યના ભેદ કહિયા, હિવે ગુણના ભેદ સમાનતંત્ર પ્રક્રિયાએ કહિએ છીએ. તિહાં **અસ્તિત્વગુણ** તે કહિએ જેથી સદ્રૂપતાનો વ્યવહાર થાએ. ૧. **વસ્તુત્વગુણ** તે કહિએ–જેહથી જાતિ-વ્યક્તિરૂપપણું જાણિએ. જેમ ઘટ-તેજ સામાન્યથી જાતિરૂપ છે. વિશેષથી તત્તદ્દવ્યક્તિરૂપ છે. અત એવ અવગ્રહે સામાન્યરૂપ સર્વત્ર ભાસે છે, અપાયે વિશેષરૂપ ભાસે છે, પૂર્ણોપયોગે સંપૂર્ણ વસ્તુગ્રહ થાય છે. ૨. **દ્રવ્યભાવ**—જે ગુણપર્યાયાધારતાભિવ્યંગ્ય જાતિવિશેષ, તે દ્રવ્યત્વ. 'એ જાતિરૂપ માટે ગુણ ન હોએ' એહવી નૈયાયિકાદિવાસનાએ આશંકા ન કરવી. જે માટે **સહભુવો ગુણાઃ, ક્રમભુવઃ પર્યાયાઃ** એહવી જ જૈન શાસ્ત્રની વ્યવસ્થા છે. "**દ્રવ્યત્વં ચેદ્ ગુણઃ સ્યાત્, રૂપાદિવદુત્કર્ષાકર્ષભાગિ સ્યાત્ ઇતિ તુ કુચોદ્યમ્, એકત્વાદિસઙ્ખ્યાયાં પરમતેઽપિ વ્યભિચારેણ, તથા વ્યાપ્યભાવાદેવ નીરસનીયમ્।**" ૩. પ્રમાણે પરિચ્છેદ્ય જે રૂપપ્રમાણ વિષયત્વ તે **પ્રમેયત્વ** કહિએ. તે પણ કથંચિત્ અનુગત સર્વ સાધારણ ગુણ છે. પરપરા સંબંધે પ્રમાત્વજ્ઞાને (પ્રમાત્વજ્ઞાને ધૃતિ તર્કણાયામ્) પણ પ્રમાવ્યવહાર થાયે છે. તે માટે પ્રમેયત્વગુણ સ્વરૂપથી અનુગત છે. ૪. **અગુરુલઘુત્વગુણ** સૂક્ષ્મ આરાગ્રાહ્ય છે.

'**સૂક્ષ્મં જિનોદિતં તત્ત્વં, હેતુભિર્નૈવ હન્યતે।**
આજ્ઞાસિદ્ધં તુ તદ્ ગ્રાહ્યં, નાન્યથાવાદિનો જિનાઃ' ॥ ૧ ॥

'**અગુરુલઘુપર્યાયાઃ, સૂક્ષ્મા અવાગ્ગોચરાઃ ॥ ૫. ॥**' ૧.

(૨) અવિભાગી પુદ્ગલ યાવત્ક્ષેત્રે રહે, તાવત્ક્ષેત્ર વ્યાપીપણું તે **પ્રદેશત્વગુણ** ૬. **ચેતનત્વ** તે આત્માનો અનુભવરૂપ ગુણ કહિએ. જેહથી '**અહં સુખદુઃખાદિ ચેતયે**' એ વ્યવહાર થાએ છે. જેહથી જાતિ, વૃદ્ધિ, ભગ્નક્ષત-સંરોહણાદિ જીવનધર્મ હોયે છે. ૭. એહથી વિપરીત **અચેતનત્વ** અજીવમાત્રનો ગુણ છે. ૮. **મૂર્તતાગુણ** રૂપાદિસંનિવેશાભિવ્યંગ્ય પુદ્ગલદ્રવ્યમાત્ર વૃત્તિ છે. ૯. **અમૂર્તતાગુણ** મૂર્તત્વાભાવ સમનિયત છે. ૧૦.

"**અચેતનત્વામૂર્તત્વયોશ્ચેતનત્વમૂર્તત્વાભાવરૂપત્વાન્ન ગુણત્વમ્ ઇતિ નાશઙ્કનીયમ્ અચેતનામૂર્તદ્રવ્યવૃત્તિકાર્યજનકતાવચ્છેદકત્વેન, વ્યવહારવિશેષનિયામકત્વેન ચ તયોરપિ પૃથગ્ગુણત્વાત્। નઞઃ પર્યુદાસાર્થકત્વાત્ નઞ્પદવાચ્યતાયાશ્ચ અનુષ્ણાશીતસ્પર્શઃ ઇત્યાદૌ વ્યભિચારેણ પરેષામપ્યભાવત્વાનિયામકત્વાદ્, 'ભાવાન્તરમભાવો હિ કયાચિત્તુ વ્યપેક્ષયા। 'ઇતિનયાશ્રયણેન દોષાભાવાચ્ચ ઇતિ ॥**'

એ ૧૦ (દસ) સામાન્યગુણ છે. મૂર્તત્વ, અમૂર્તત્વ, ચેતનત્વ, અચેતનત્વ પરસ્પર પરિહારે રહે, તે માટે પ્રત્યેકે એક એક દ્રવ્યને વિષે આઠ-આઠ (૮-૮) પામિએ. એમ ભાવો-વિચારી *લ્યો. ૨.

(૩) જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, એ જ આત્માના ૪. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ. એ ૪ (ચાર) પુદ્ગલના વિશેષ ગુણ શુદ્ધ દ્રવ્યે અવિકૃતરૂપ એ અવિશિષ્ટ રહે. તે માટે એ ગુણ કહિઆ. વિકૃત સ્વરૂપ તે પર્યાયમાં ભલે, એ વિશેષ જાણવો. ૮. ગતિહેતુતા ૧. સ્થિતિહેતુતા ૨. અવગાહનાહેતુતા ૩. વર્તના હેતુતા ૪. એ ૪ (ચાર) ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાલદ્રવ્યના પ્રત્યેકે વિશેષગુણ. ૧૨ (બાર) ગુણમાં ચેતનત્વ, અચેતનત્વ, મૂર્તત્વ, અમૂર્તત્વ એ ૪ (ચાર) ગુણ ભેલિએ તે વારે સોળ (૧૬) વિશેષગુણ થાએ. તે મધ્યે પુદ્ગલ દ્રવ્યને વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, મૂર્તત્વ, અચેતનત્વ,

* આત્મબોધે કરીને જાણવા.

એ ૭ (૬) હોએ. આત્મદ્રવ્યને જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, અમૂર્તત્વ, ચેતનત્વ, એ ૭ (૬) હોએ. બીજા દ્રવ્યને ટાલે સમુદાયે ત્રણ (૩) ગુણ હોએ. એક નિજગુણ, ૨ (બે) અચેતનત્વ, અમૂર્તત્વ એમ ફેલાવીને ધારવું. ૩.

(૪) ચેતનત્વાદિ ચાર (૪) સામાન્ય ગુણમાંહિ પણ કહિયા, અને વિશેષગુણમાંહિ પણિ કહિયા. તિહાં સ્યું કારણ? તે કહે છે—

ચેતનત્વાદિ ચાર (૪) સ્વજાત્યપેક્ષાએ અનુગત વ્યવહાર કરે છે, તે માટે સામાન્યગુણ કહિએ. પરજાતિની અપેક્ષાએ-ચેતનત્વાદિક, અચેતનત્વાદિક, દ્રવ્યથી સ્વાશ્રયવ્યાવૃત્તિ કરે છે, તે માટે વિશેષ ગુણ કહિએ. **'परापरसामान्यवत् सामान्यविशेषगुणत्वमेंषाम्' इतिभावः।** જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય એ ચાર (૪) આત્મવિશેષગુણ. સ્પર્શ, રસ, ગંધ, વર્ણ એ ચાર (૪) પુદ્ગલ વિશેષગુણ. એ જે કહિયું, તે સ્થૂલવ્યવહારે જાણવું. જે માટે—**" अष्टौ सिद्धगुणाः, एकत्रिंशत् सिद्धादिगुणाः, अेकगुणकालकादयः पुद्गला अनन्ताः "** ઇત્યાદિ સૂત્રાર્થવિચારણા એ વિશેષગુણ અનંતા થાએ, તે છદ્મસ્થ કિમ ગણ શકે?

—तस्माद्-' धर्मास्तिकायादीनां गतिस्थित्यवगाहनावर्तनाहेतुत्वोपयोगग्रहणाख्याः षडेव अस्तित्वाद्यः सामान्यगुणास्तु विवक्षयाऽपरिमिता ' इत्येव न्याय्यम्; ' षण्णां लक्षणवतां लक्षणानि षडेव ' इति हि को न श्रद्दधीत?।

" नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा।
वीरियं उवओगो य, एयं जीवस्स लक्खणं ॥ १ ॥
सद्दंधकारउज्जोआ, पभा छाया तहेव य।
वण्णरसगंधफासा, पुग्गलाणं तु लक्खणं ॥ २ ॥

इत्यादि-तु-स्वभाव-विभाव-लक्षणयोरन्योऽन्यनान्तरीयकत्वप्रतिपादनाय इत्यादि पण्डितैर्विचारणीयम् ॥ ' ४

(૫) અનુવૃત્તિ-વ્યાવૃત્તિ સંબંધે ધર્મમાત્રની વિવક્ષા કરીને ઇહા સ્વભાવગુણથી અલગા પંડિતે ભાખ્યા. નિજ નિજ-કુ-આપ આપણા રૂપની મુખ્યતા લેઈ અનુવૃત્તિ સંબંધમાત્ર અનુસરીને સ્વભાવ છે, તે જ ગુણ કરી દાખ્યા-દેખાડયા. તે માટે ગુણવિભાગ કહિને, સ્વભાવ વિભાગ કહિએ છે. તિહાં પ્રથમ **અસ્તિસ્વભાવ** તે નિજરૂપે સ્વ-દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ સ્વરૂપે ભાવરૂપતા દેખો. જેમ પર અભાવે નાસ્તિસ્વભાવ અનુભવિએ છે-તેમ અસ્તિસ્વભાવ લેખે છે. ૫.

(૬) જો અસ્તિસ્વભાવ ન માનિએ, તો પરભાવાપેક્ષાએ જેમ નાસ્તિતા, તેમ સ્વભાવાપેક્ષાએ પણ નાસ્તિતા થતાં સકલશૂન્યતા થાએ. તે માટિ સ્વદ્રવ્યાદ્યપેક્ષાએ અસ્તિસ્વભાવ માનવો. ૧. પરભાવે પરદ્રવ્યાદ્યપેક્ષાએ **નાસ્તિસ્વભાવ** કહિએ. પરભાવે પણ સત્તા-અસ્તિસ્વભાવ કહેતાં સર્વ સર્વસ્વરૂપે અસ્તિ થયું, તે વારે જગ એકરૂપ થાય, તે તો સકલશાસ્ત્ર વ્યવહાર વિરુદ્ધ છે. તે માટે પરાપેક્ષાએ નાસ્તિસ્વભાવ છે. ૨.

'સત્તા તે સ્વભાવે વસ્તુમાંહિ જણાએ છે, તે માટે સત્ય છે. **અસત્તા** તે સ્વજ્ઞાને પરમુખ-નિરીક્ષણ કરે છે, તે માટે કલ્પનાજ્ઞાન વિષયપણે અસત્ય છે.' એહવું બૌદ્ધમત છે, તે ખંડવાને કહે છે—સત્તાની પરિ તત્કાલ અસત્તા જે નથી સ્ફુરતી, તે વ્યંજક અણમિલ્યાના વશથી, પણ તુચ્છપણા થકી નહીં;

જિમ છતોએ શરાવનો ગંધ નીરસ્પર્શ વિના જણાએ નહીં, એતાવતા–અસત્ય નહી. કેટલાએક વસ્તુના ગુણ સ્વભાવે જ છે, કેટલાએક પ્રતિનિયતવ્યંજક વ્યંગ્ય છે; એ વસ્તુ વૈચિત્ર્યે છે, પણ એકની તુચ્છતા કહિએ તો ઘણો વ્યવહાર વિલોપાએ.

उक्तं चास्माभिर्भाषारहस्यप्रकरणे—

'ते हुंति परावेक्खा, वंजयमुद्दंसिणो त्ति ण य तुच्छा।
दिट्ठमिणं वेचित्तं, सरावकप्पूरगंधाणं ॥ १ ॥' इति। ६.

(૭) નિજ-ક-આપણા જે ક્રમભાવી નાનાપર્યાય, શ્યામત્વ, રક્તતત્વાદિક તે ભેદક છે. તે હુતે પણ 'એ દ્રવ્ય તેહજ જે પૂર્વે અનુભવ્યું હતું' એ જ્ઞાન જેહથી થાએ છે, તે **નિત્યસ્વભાવ** કહિએ.

'तद्भावाव्ययं नित्यम्' ५-३० इति सूत्रम्, 'प्रध्वंसाप्रतियोगित्वं नित्यत्वम्', इत्यस्याप्यत्रैव पर्यवसानम्, केनचिद् रूपेणैव तल्लक्षणव्यवस्थितेः ॥ ३ ॥

અનિત્યસ્વભાવ પર્યાય પરિણતિ લહિએ, જેને રૂપે ઉત્પાદવ્યય છે, તેણે અનિત્ય સ્વભાવ છે. છતી વસ્તુને રૂપાંતરથી પર્યાય વિશેષથી નાશ છે, તેણે કરી એ દ્વિવિધા–આ રૂપે નિત્ય આ રૂપે અનિત્ય એ વૈચિત્રી ભાસે છે, વિશેષને સામાન્ય રૂપથી અન્વયે નિત્યતા, જેમ ઘટનાશે પણ મૃદ્દ્રવ્યાનુવૃત્તિ. તથા સામાન્યને મૃદાદિકને પણ સ્થૂલાન્તર ઘટાદિક નાશે અનિત્યતા 'ઘટરૂપેણ મૃન્નષ્ટા ઇતિ પ્રતીતેઃ. ૭.

(૮) જો નિત્યતા નથી, અને એકાંત ક્ષણિક જ સ્વલક્ષણ છે, તો કારણતા અન્વય વિના કાર્ય ન નીપજે, જે માટે કારણક્ષણ કાર્યક્ષણોત્પત્તિકાલે નિર્હેતુક નાશ અનુભવતો અછતો છે, તે કાર્યક્ષણ પરિણતિ કેમ કરે? અછતો કારણક્ષણ કાર્યક્ષણ કરે તો ચિર વિનષ્ટ કારણથી અથવા અનુત્પન્ન કારણથી કાર્ય નીપનું જોઇએ. એમ તો કાર્ય કારણભાવની વિડંબના થાએ. 'અવ્યહિત જ કારણક્ષણ કાર્યક્ષણ કરે' એમ કહીએ, તો યે [1]રૂપાલોકમનસ્કારાદિકને વિષે ઉપાદાન આલોકાદિકને વિષે, નિમિત્ત[2] એ વ્યવસ્થા કેમ ઘટે? જે માટે અન્વય વિના શક્તિ માત્રે ઉપાદાનતા નિમિત્તમાંહે પણ કહી[3] શકાયે, તે માટે ઉપાદાન તે અન્વયી માનવું, અન્વયિપણું તે જ નિત્ય સ્વભાવ. હવે જો સર્વથા નિત્ય સ્વભાવ માનીએ અને અનિત્ય સ્વભાવ સર્વથા ન માનીએ તો અર્થક્રિયા ન ઘટે. જે માટે દલને કારણને કાર્યરૂપતા પરિણતિ કથંચિત્ ઉત્પન્નપણું જ આવ્યું, સર્વથા અનુત્પન્નપણું વિઘટિયું. અને જો એ ન કહીએ. 'કારણ તે નિત્ય જ તદ્વૃત્તિ કાર્ય તે અનિત્ય જ' તો કાર્ય–કારણને અભેદ સંબંધ કિમ ઘટે? ભેદ સંબંધ માનીએ તો તત્સંબંધાન્તરાદિ ગવેષણાએ અનવસ્થા થાય. તે માટે કથંચિત્ અનિત્ય સ્વભાવ પણ માનવો. ૪. ૮.

(૯) સ્વભાવ જે સહભાવી ધર્મ, તેહને આધારત્વે **એક સ્વભાવ** જેમ રૂપ-રસ-ગંધ-સ્પર્શનો આધાર ઘટાદિ એક કહીએ. નાના ધર્માધારત્વે એક સ્વભાવતા, નાનાક્ષણાનુગતત્વે નિત્યસ્વભાવતા એ વિશેષ જાણવો. ૫. મૃદાદિક દ્રવ્યનો સ્થાસ કોશ કુશૂલાદિક અનેક દ્રવ્ય પ્રવાહ છે, તેણે **અનેક સ્વભાવ** પ્રકાશે પર્યાયપણે આદિષ્ટ દ્રવ્ય કરીએ, તે વારે આકાશાદિ દ્રવ્યમાંહિ પણ ઘટાકાશાદિભેદે એ (અનેકત્વ) સ્વભાવ દુર્લભ નહીં. એકસ્વભાવ વિના સામાન્યભાવે વિશેષ ન પામીએ. વિશેષાભાવે અનેકસ્વભાવ વિના સત્તા પણ ન ઘટે, તે માટે એકાનેક (૨) બે સ્વભાવ માન્યા જોઇએ. ૬. ૯.

(૧૦) ગુણ ગુણિને પર્યાય–પર્યાયિને, કારક-કારકિને સંજ્ઞા, સંખ્યા, લક્ષણાદિક ભેદે કરી **ભેદ**

---

૧ કક્ષણ રૂપાદિકને (પાઠા). ૨ નિશ્ચિતમ્ (તર્ક) ૩ કહી ન શકાય (તર્ક૰ પાઠા) ૪ તેમજ વિશેષ વસ્તુનો અભાવ તો પણ માન્યું જ જોઇએ તે માટે કહે છે. (પાઠા),

સ્વભાવ જાણવો. અભેદની જે વૃત્તિ તે લક્ષણવંત **અભેદ સ્વભાવ** જાણવો. ભેદ સ્વભાવ ન માનીએ તો સર્વ દ્રવ્ય, ગુણ, પર્યાયને એકપણું હોય તેણે કરી ' **इदं द्रव्यम्, अयं गुणः, अयं पर्यायः,** એ વ્યવહારનો વિરોધ હોય અને અભેદ સ્વભાવ ન કહીએ તો નિરાધાર ગુણ-પર્યાયનો બોધ ન થયો જોઇએ. આધારાધેયનો અભેદ વિના બીજો સંબંધ ન ઘટે.

अत्र प्रवचनसारगाथा—

पविभत्तपदेसत्तं, पुधत्तमिदि सासणं हि वीरस्स।
अण्णत्तमतब्भावो ण तब्भवं भवदि कधमेगं ॥ २. १४ ॥ ७. ८., १०.

(૧૧) **અનેક કાર્યકરણ શક્તિ કે** જે અવસ્થિત દ્રવ્ય છે, તેહને ક્રમિક વિશેષાન્તરાવિર્ભાવે **અભિવ્યંગ્ય ભવ્ય સ્વભાવ** કહિએ. ત્રિહું કાલ પરદ્રવ્યમાંહિ ભળતાં પણ પરસ્વભાવે ન પરણમવું તે **અભવ્ય સ્વભાવ** કહીએ.

अन्नोन्नं पविसंता देंता ओगासमण्णमण्णस्स।
मेलंता विय णिच्चं सगसगभावं ण विजहंति॥ १ ॥


ભવ્ય સ્વભાવ વિના ખોટા કાર્યને યોગે શૂન્યપણું થાએ. પરભાવે ન હોય અને સ્વભાવે ન હોય તે વારેx ન હોય જ અને અભવ્ય સ્વભાવ ન માનીએ તો દ્રવ્યને સંયોગે દ્રવ્યાંતરપણું થવું જોઇએ જે માટે ધર્માધર્માદિકને જીવ પુદ્ગલાદિકને એકાવગાહના ગાઢ કારણે કાર્યસંકર અભવ્ય સ્વભાવે જ ન થાય, તત્તદ્દ્રવ્યને તત્તત્કાર્યહેતુતાકલ્પન અભવ્યત્વ સ્વભાવ ગર્ભજ છે.

' आत्मादेः स्ववृत्त्यनन्तकार्यजननशक्तिर्भव्यता, तत्तत्सहकारिसमवधानेन तत्तत्कार्योपधायकताशक्तिश्च तथाभव्यता, तथाभव्यतयैवानतिप्रसङ्गः ' इति तु हरिभद्राचार्याः ६-१०. ११.

(૧૨) સ્વલક્ષણભૂત **પારિણામિકભાવ** પ્રધાનતાએ **પરમભાવ** સ્વભાવ કહિએ. જેમ જ્ઞાન-સ્વરૂપ આત્મા. એ પરમભાવ સ્વભાવ ન કહિએ, તો દ્રવ્યને વિષે પ્રસિદ્ધ રૂપ કેમ દીજે? અનન્ત ધર્માત્મક વસ્તુને એક ધર્મપુરસ્કારે બોલાવિએ, તેહજ પરમભાવનું લક્ષણ. ૧૧.

એ (૧૧) અગીઆર સામાન્ય સ્વભાવ સર્વ દ્રવ્યને ધારવા. એહવા આગળ અર્થ વિચારીને જગમાંહિ સુયશ વિસ્તારો. ૧૨.

ઢાળ અગીયારમી સંપૂર્ણ.



x (પાઠા) સ્વભાવે હોય, તે વારે ભવ્ય હોય. (તર્ક)

ઢાળ ૧૨ મી.

[જી હો સંભવ નામ સોહામણું—એ દેશી.]

પૂર્વની અગીઆરમી ઢાળમાં ૧૧ સામાન્ય સ્વભાવોનું સ્વરૂપ સમજાવ્યું. હવે આ બારમી ઢાળમાં દસ વિશેષ સ્વભાવોનું સ્વરૂપ વર્ણવે છે.

અમુક ચોક્કસ દ્રવ્યમાં ચોક્કસપણે રહે છે માટે આ દસ સ્વભાવો વિશેષ કહેવાય છે.

દસ સ્વભાવોના નામ આ પ્રમાણે છે.

૧ ચેતન સ્વભાવ, ૨ અચેતન સ્વભાવ, ૩ મૂર્ત સ્વભાવ, ૪ અમૂર્ત સ્વભાવ, ૫ એક પ્રદેશ સ્વભાવ, ૬ અનેક પ્રદેશ સ્વભાવ, ૭ વિભાવ સ્વભાવ, ૮ શુદ્ધ સ્વભાવ, ૯ અશુભ સ્વભાવ, ૧૦ ઉપચરિત સ્વભાવ. આ દસ સ્વભાવોનું સ્વરૂપ આ પ્રમાણે છે.

જી હો ચેતનભાવ તે ચેતના, લાલા ઉલટ અચેતનભાવ;
જી હો ચેતનતા વિણ જીવનઈ, લાલા થાઈ કર્મ અભાવ. ૧
ચતુર નર ધારો અર્થ વિચાર.
જી હો જે ચેતનતા સર્વથા, લાલા વિના અચેતનભાવ,
જી હો ધ્યાન ધ્યેય ગુરુ શિષ્યની, લાલા શી ખપ શુદ્ધ સ્વભાવ. ૨ ચતુ૦

૧ ચેતન સ્વભાવ, ૨ અચેતન સ્વભાવ.

જેથી ચેતનપણાનો વ્યવહાર થાય, એ ચેતન સ્વભાવ. આત્મામાં ચેતનપણાનો વ્યવહાર થાય છે. આત્મા ચેતન છે એ પ્રસિદ્ધ છે. કર્મસમ્બદ્ધ આત્મા ચેતન છે. આત્મા સાથે સમ્બદ્ધ કર્માદિ પુદ્ગલો પણ ચેતન ગણાય છે. જીવ અને શરીર એવા તો એકાકાર થઇ ગયા છે કે-શરીરને ચેતનરૂપે સમજવામાં કોઇ ભ્રમ થતો હોય એવું લાગતું નથી. આત્મા ચેતન સ્વરૂપને કારણે રાગ-દ્વેષ વગેરે પરિણતિ કરે છે અને કર્મથી બંધાય છે. જો આત્મા ચેતનસ્વરૂપ ન હોય તો રાગાદિ પરિણતિ ન કરે અને એ પરિણતિ વગર કર્મબન્ધ પણ ન થાય. જેમ તેલથી ચીકણા થયેલા શરીરવાળાનું શરીર ધૂળથી લેપાય છે તેમ રાગદ્વેષથી ખરડાએલાને કર્મબન્ધ થાય છે-કહ્યું છે કે—

स्नेहाभ्यक्तशरीरस्य, रेणुना श्लिष्यते यथा गात्रम् ।
रागद्वेषक्लिन्नस्य, कर्मबन्धो भवत्येवम् ॥ १ ॥

કર્માદિ પુદ્ગલો, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ, એ પાંચ દ્રવ્યો અચેતન છે, એ સ્પષ્ટ છે. એ પાંચેમાં ચેતન નથી. ચેતન સ્વભાવનો વિરોધી અચેતન સ્વભાવ છે. એ અચેતન સ્વભાવ કર્મબદ્ધ જીવમાં પણ છે. જો જીવમાં અચેતન સ્વભાવ નથી તો એ દૂર કરવા માટે પ્રયત્ન શા માટે કરવામાં આવે છે. જીવમાં પુદ્ગલના યોગે અચેતન સ્વભાવ છે. કથંચિત્ અચેતન સ્વભાવ જીવમાં માનવો આવશ્યક છે. નથી ને માનવો એમ નથી પણ છે–તે બરાબર વિચારપૂર્વક માનવો જોઇએ. કેવળ ચેતન જ સ્વભાવ જીવમાં માનવામાં આવે તો તે ચેતન સ્વભાવ જીવમાં પૂર્ણ છે કે અપૂર્ણ ? પૂર્ણ છે તો સિદ્ધ આત્મા અને સંસારી આત્મામાં ભેદ શો ? જો અપૂર્ણ છે તો તે અપૂર્ણ કઇ રીતે–ચેતન સ્વભાવ દબાએલ છે, તેનું નામ અપૂર્ણ–એમ જો માનવામાં આવે તો તે દબાએલાપણું શું ? જેટલે જેટલે અંશે ચેતનપણું દબાએલું છે, તેટલે તેટલે અંશે જીવાત્મામાં અચેતનપણું છે. જીવાત્મા સર્વથા અચેતન નથી થતો–એ જ તેમાં ચેતનપણાનું વૈશિષ્ટય છે. પુદ્ગલાદિ અચેતનપણાને કદી પણ સર્વથા છોડતા નથી એ જ પુદ્ગલાદિમાં અચેતનપણાનું વૈશિષ્ટય છે.

જીવાત્મામાં રહેલા અચેતન સ્વભાવને દૂર કરવા માટે શાસ્ત્રાદિ કથિત અનુષ્ઠાનો છે, ગુરુ–શિષ્યાદિ સમ્બન્ધો છે. ધ્યાન–ધ્યેય આદિ પ્રકારો છે. અન્યથા એ સર્વ વિફલ થાય. પૂ૦ ઉપાધ્યાયજી મહારાજ–આ વિષયને પોતાના શબ્દોમાં આ પ્રમાણે સમજાવે છે—

'જો જીવને સર્વથા ચેતન સ્વભાવ કહિઇં, અચેતન સ્વભાવ ન કહિઇં, તો અચેતન કર્મનો કર્મદ્રવ્યોપશ્લેષજનિત ચેતનાવિકાર વિના શુદ્ધ સિદ્ધ સદૃશપણું થાઇ, તિવારઇં ધ્યાન–ધ્યેય, ગુરુ શિષ્યની સી ખપ થાઇ ? સર્વશાસ્ત્ર વ્યવહાર ઇમ ફોક થઇ જાઇં. શુદ્ધને અવિદ્યા નિવૃત્તઇં પણિ સ્યો ઉપકાર થાઇ. તે માટઇં अलवणा यवागूः इतिवत् 'અચેતન આત્મા' ઇમ પણિ કથંચિત્ કહિઇં.'

આ પ્રમાણે દ્રવ્યોમાં ચેતન સ્વભાવ અને અચેતન સ્વભાવની વિચારણા વિશદ રીતે કરવી. વ્યામોહમાં મૂંઝાવું નહિં. કેટલાએક મિથ્યા નિશ્ચયવાદીઓ જે એમ કહે છે કે–દરેક દ્રવ્યો શુદ્ધ છે. તેમાં એકબીજાને યોગે કાંઇપણ ફેરફાર થતો નથી. તેઓએ જીવ અને પુદ્ગલમાં પરિણામિપણું છે તે કઇ રીતે છે તેનો વિચાર કરવો આવશ્યક છે. ચેતન સ્વભાવ અને અચેતન સ્વભાવનું કહેલું સ્વરૂપ કદાગ્રહ વગર મનન કરવું જરૂરી છે. કેવળ નિશ્ચયને ખોટી રીતે પકડી રાખનાર આ સ્વરૂપને તો નથી સમજતો પણ સાથોસાથ અનેક મિથ્યા સ્વરૂપને ઉભા કરીને વિટંબના પામે છે. એટલે સ્વસ્થતાપૂર્વક આ સ્વરૂપનું ચિંતન કરવું.

જી હો મૂર્તભાવ મૂરતિ ધરઇં, લાલા ઉલટ અમૂર્ત સ્વભાવ;
જી હો મૂર્તતા ન જીવનઇં, લાલા તો સંસાર અભાવ. ૩ ચતુ૦
જી હો અમૂર્તતા વિણ સર્વથા, લાલા મોક્ષ ઘટઇં નહીં તાસ;
જી હો એક પ્રદેશ સ્વભાવતા, લાલા અખંડ બંધ નિવાસ. ૪ ચતુ૦

જી હો અનેક પ્રદેશ સ્વભાવતા, લાલા ભિન્નપ્રદેશ સ્વભાવ;
જી હો જે નહીં એક પ્રદેશતા, લાલા ભેદ હુઇ બહુભાવ. ૫ ચતુ૦
જી હો કિમ સકંપ નિઃકંપતા, લાલા જે ન અનેક પ્રદેશ;
જી હો અણુસંગતિ પણિ કિમ ઘટઈ, લાલા દેશ–સકલ આદેશ. ૬ ચતુ૦
જી હો દેશ–સકલ ભેદઈ દ્વિધા, લાલા દીઠી જગમાં વૃત્તિ;
જી હો પ્રત્યેકઈ દૂષણ તિહાં, લાલા બોલઈ 'સમ્મતિવૃત્તિ'. ૭ ચતુ૦

૩ મૂર્તસ્વભાવ, ૪ અમૂર્તસ્વભાવ.

મૂર્ત સ્વભાવ એટલે રૂપ, રસ, ગન્ધ, સ્પર્શાદિ ધારણયોગ્યતા. જીવમાં કથંચિત્ મૂર્ત-સ્વભાવ માનવામાં ન આવે તો જીવને જે શરીરાદિ સમ્બન્ધ થાય છે ને એ સમ્બન્ધને કારણે જે હલન–ચલનાદિ ક્રિયાઓ જણાય છે, તે ન સંભવે. આ ઉજળો છે, આ શ્યામ છે, આ કડવો છે, આ મીઠો છે, આ સુગંધી છે, આ દુર્ગન્ધી છે, આનો સ્પર્શ સુંવાળો છે, આનો સ્પર્શ ખરબચડો–કઠોર છે, ઇત્યાદિ જે તે તે વ્યક્તિઓને આશ્રયીને કહેવાય છે તે જે પ્રમાણે શરીરને લાગુ પડે છે તે પ્રમાણે આત્માને પણ લાગુ પડે છે. એટલે જીવને કથંચિત્ મૂર્તસ્વભાવ માનવો આવશ્યક છે. પુદ્ગલ તો મૂર્તસ્વભાવવાળા છે તેમાં કાંઈ સન્દેહ નથી. ધર્માસ્તિકાય આદિ ચારમાં મૂર્ત સ્વભાવ નથી. જીવમાં મૂર્ત સ્વભાવ છે એ જ સંસાર છે. એ સ્વભાવ ન હોય તો તેને સંસારનો પણ અભાવ થઈ જાય.

મૂર્ત સ્વભાવથી વિરુદ્ધ તે અમૂર્ત સ્વભાવ, રૂપાદિનો અસમ્બન્ધ એ અમૂર્ત સ્વભાવ. ધર્માસ્તિકાયાદિ ચારમાં અમૂર્ત સ્વભાવ છે એ સ્પષ્ટ છે. લોકદૃષ્ટ વ્યવહારથી સિદ્ધ થતો મૂર્તસ્વભાવ જ જીવમાં છે એમ માની લેવામાં આવે તો તો તે કદી પણ અમૂર્ત ન થાય. જીવમાં અમૂર્ત સ્વભાવ છે માટે જ એ મોક્ષમાં અમૂર્ત થાય છે. મૂર્તત્વસંવલિત જીવને પણ અન્તરંગ તો અમૂર્ત સ્વભાવ છે.

પુદ્ગલમાં મૂર્ત સ્વભાવ છે એ સ્પષ્ટ છે, છતાં ઘણાં પુદ્ગલો એવા છે કે–તેના રૂપાદિ સમ્બન્ધો અનુભવાતા નથી. પુદ્ગલમાં નહિ અનુભવાતા રૂપાદિ સમ્બન્ધો એ તેમાં રહેલા અમૂર્ત સ્વભાવને કારણે છે. પુદ્ગલમાં અમૂર્ત સ્વભાવ કથંચિત્ માનવો આવશ્યક છે.

૫ એકપ્રદેશ સ્વભાવ, ૬ અનેકપ્રદેશ સ્વભાવ.

'આ એક છે,' 'આ અખંડ છે' એવી પ્રતીતિ કરાવનાર જે સ્વભાવ છે તે એક-પ્રદેશ સ્વભાવ છે. ધર્માસ્તિકાય વગેરે છએ દ્રવ્યોમાં આ એકપ્રદેશ સ્વભાવ છે ને તે કારણે તેઓ પોતપોતાના સ્વરૂપમાં એક અને અખંડ ભાસે છે. જો આ એકપ્રદેશ સ્વભાવ તે તે દ્રવ્યોમાં ન હોય તો ધર્માસ્તિકાય અસંખ્ય પ્રદેશાત્મક હોવાને કારણે ધર્માસ્તિકાય એક છે, અખંડ છે એવો વ્યવહાર ન થાય. એજ પ્રમાણે અધર્માસ્તિકાય અને અનંત પ્રદેશાત્મક આકાશાસ્તિકાય પણ એક અને અખંડ ન અનુભવાય. કાળ સ્વતંત્ર છે, તે એક છે ને

અખંડ છે. જીવ અને પુદ્ગલો અનંત છે, છતાં અસંખ્ય પ્રદેશાત્મક દરેક જીવ એક અને અખંડ છે. જો જીવમાં એકપ્રદેશ સ્વભાવ ન હોય તો તે એક જીવ પણ ધર્માસ્તિકાયની જેમ અસંખ્ય પ્રદેશ સ્વરૂપ હોવાથી એક કહી શકાય નહિં. પણ એક કહેવાય છે–અખંડ પ્રતીત થાય છે તે તેમાં રહેલા એક પ્રદેશ સ્વભાવને કારણે પુદ્ગલાસ્તિકાયના જુદા જુદા અનેક પ્રદેશવાળા સ્કન્ધો એક અને અખંડ છે તે તેમાં રહેલા એકપ્રદેશસ્વભાવને કારણે.

જો દ્રવ્યોમાં એકપ્રદેશસ્વભાવ જ માનવામાં આવે તો તે તે દ્રવ્યોમાં જે સકંપ અને નિષ્કંપપણું જણાય છે તે સંભવે નહિં. અખંડ દ્રવ્યમાં પણ એક દેશ સકંપ છે અને અપરદેશ નિષ્કંપ છે એ સ્પષ્ટ અનુભવાય છે. આ અનુભવ તે તે દ્રવ્યોમાં અનેકપ્રદેશ-સ્વભાવ છે તેને કારણે થાય છે. કાળમાં એવો કોઇ અનુભવ થતો નથી. માટે કાળમાં અનેકપ્રદેશસ્વભાવ નથી.

જીવ અને પુદ્ગલમાં કેવળ એકપ્રદેશસ્વભાવ માનીએ અને કંપનાદિ જે થાય છે અવયવમાં થાય છે પણ અવયવીમાં થતાં નથી એમ માનીએ તે પણ તે સંગત થતું નથી. અવયવના હલન-ચલનથી અવયવી હલે-ચલે છે એવો અનુભવ સ્પષ્ટ છે. દેશવૃત્તિ હલન-ચલનનો પરંપરા સમ્બન્ધે અવયવીમાં અનુભવ ઘટાવવામાં આવે તો દેશવૃત્તિ હલન-ચલનનો જે અભાવ છે તેનો પણ અવયવીમાં પરંપરા સમ્બન્ધ તો છે જ. એટલે અવયવી ચાલે છે ને નથી ચાલતો એવો વિરોધ આવે. માટે દેશથી ચાલે છે ને દેશથી નથી ચાલતો એમ માનવામાં કાંઇ વિરોધ રહેતો નથી. આમ દેશને છૂટા ત્યારે જ પાડી શકાય કે દ્રવ્યમાં અનેક પ્રદેશ-સ્વભાવ હોય.

આકાશાદિ ત્રણમાં અનેકપ્રદેશ સ્વભાવ ન માનવામાં આવે તો અણુસંગતિ ન ઘટે. એક અણુને આકાશ અવકાશ આપે છે, ધર્માસ્તિકાય ગતિ કરાવે છે અને અધર્માસ્તિકાય સ્થિતિ કરાવે છે.

કોઇપણ અન્ય પદાર્થમાં રહે છે. તેમાં બે પ્રકાર છે. એક દેશથી રહે અને બીજો સર્વથી રહે. જેમ કુંડામાં બોર રહે છે તે દેશથી રહે છે. બોર નાનું છે અને કુંડું મોટું છે. મોટામાં નાનું સર્વથી રહી શકે નહિં એટલે તે તેના અમુક દેશમાં રહે. જ્યારે સરખે સરખા બે વસ્ત્રોમાં એક વસ્ત્ર ઉપર બરાબર બીજું વસ્ત્ર મૂકવામાં આવે ત્યારે તે વસ્ત્ર સર્વથી રહ્યું ગણાય.

આકાશમાં રહેલા પરમાણુને જો દેશવૃત્તિ માનવામાં આવે તો આકાશને પરમાણુ પ્રમાણ પ્રદેશ માનવાનું સ્વતઃ સિદ્ધ થાય છે. જો સર્વવૃત્તિ માનવામાં આવે તો પરમાણુને આકાશ પ્રમાણ માનવો પડે અને એ અનિષ્ટ છે. બંનેમાંથી એકે રીતે માનવામાં ન આવે તો પરમાણુ અવૃત્તિ થઇ જાય-ત્રીજી કોઇ વૃત્તિ નથી. બે વિકલ્પમાંથી આ નથી એટલે કાંઇ નથી એ સ્વતઃ સિદ્ધ છે. **यावद्विशेषाभावस्य सामान्यभावनियतत्वात्** એટલે પરમાણુ આકાશમાં દેશવૃત્તિથી રહે છે–એ રીતે આકાશ અનેક પ્રદેશ સ્વભાવવાળું છે એ સિદ્ધ થાય છે. આ

પ્રમાણે ધર્માસ્તિકાય જે પરમાણુને દેશથી ગતિ આપે છે. અધર્માસ્તિકાય પરમાણુને દેશથી સ્થિતિ આપે છે. એથી અનેક-પ્રદેશ-સ્વભાવપણું તે તે દ્રવ્યોમાં પણ સિદ્ધ થાય છે. સમ્મતિવૃત્તિમાં દેશવૃત્તિનો અધિકાર વિશદ રીતે સમજાવેલ છે.

આમ છએ દ્રવ્યો એકપ્રદેશ સ્વભાવ છે અને કાળ સિવાય પાંચ દ્રવ્યો અનેક પ્રદેશ-સ્વભાવ છે.

જી હો ભાવ સ્વભાવહ અન્યથા, લાલા છઈ વિભાવ વડ વ્યાધિ;
જી હો એ વિણ ન ઘટઈ જીવનઈ, લાલા અનિયત કર્મ ઉપાધિ. ૮ ચતુ૦

૭. વિભાવ સ્વભાવ

છ પદાર્થો છે. તે તે પદાર્થો જે સ્વરૂપથી સ્પષ્ટ ઓળખાય છે તે સ્વરૂપ તે તે પદાર્થોનો સ્વભાવ છે. તેનાથી જુદું સ્વરૂપ જે તે પદાર્થમાં જણાય તે તેનો વિભાવ સ્વભાવ છે. વિભાવ સ્વભાવને કારણે પદાર્થમાં અન્યથાભાવ થાય છે અને તેથી તે પદાર્થ તેના મૂળભૂત સ્વરૂપમાં ઓળખી શકાતો નથી.

જીવ અને પુદ્ગલ એ બેમાં જ આ વિભાવસ્વભાવ છે આ વિભાવ સ્વભાવને કારણે જીવને વિવિધભાવ ભજવતી કર્મવર્ગણા વળગે છે અને નવા નવા રૂપો જીવના થાય છે. જો વિભાવસ્વભાવ ન હોય તો જીવને કર્મ ઉપાધિ વળગે નહિં.

उपाधिसम्बन्धयोग्यता हि विभावस्वभावः ।

પુદ્ગલમાં પણ જો વિભાવસ્વભાવ ન હોય તો તે જીવ સાથે જોડાય નહિં અને જે અવનવા સ્વરૂપે જણાય છે તે જણાય નહિં.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ એ ચાર દ્રવ્યોમાં એવું કાંઈ સ્વરૂપ પરાવર્તન થતું નથી માટે એ ચાર દ્રવ્યોમાં વિભાવ સ્વભાવ નથી.

જી હો શુદ્ધ ભાવ કેવલપણું, લાલા ઉપાધિક જ અશુદ્ધ;
જી હો વિણ શુદ્ધતા ન મુક્તિ છે, લાલા લેપન વિગર અશુદ્ધ. ૯ ચતુ૦

૮ શુદ્ધ સ્વભાવ, ૯ અશુદ્ધ સ્વભાવ.

જીવ અને કર્મના સંયોગથી પરસ્પર એક બીજા દ્રવ્યમાં જે અન્યથાભાવ થાય છે તે સંબંધ દૂર થયે છતે પાછાં તે તે દ્રવ્યો પોતાના મૂળ સ્વભાવમાં આવે છે, તે શુદ્ધ સ્વભાવ છે.

ઉપાધિભાવરહિતાન્તર્ભાવપરિણત-એ શુદ્ધ સ્વભાવ છે. અને ઉપાધિજનિતબહિર્ભાવ-પરિણમન યોગ્યતા-એ અશુદ્ધસ્વભાવ છે. અશુદ્ધસ્વભાવને લઈને જીવ ને પુદ્ગલ પોતાના લક્ષણથી વિરુદ્ધ ભાવો પણ દેખાડે છે.

શુદ્ધ-સ્વભાવને કારણે જીવ મુક્ત બને છે. જો શુદ્ધ-સ્વભાવ પરિણમન યોગ્યતા જીવમાં ન હોય તો તે મુક્ત બની શકે નહિં અને પુદ્ગલ પણ પોતાના મૂળ-સ્વરૂપમાં આવી શકે નહિં.

અશુદ્ધ-સ્વભાવને કારણે કર્મનો બંધ ને તેને કારણે જીવમાં વિચિત્રતા જન્મે છે. જો અશુદ્ધ-સ્વભાવ ન હોય તો કર્મનો લેપ વધે ઘટે નહિં.

વેદાન્તીઓ વગેરે જે માને છે કે-શુદ્ધ સ્વભાવને કદીપણ અશુદ્ધતા ન હોય અને અશુદ્ધ-સ્વભાવને પછીથી કદીપણ શુદ્ધતા ન હોય, એ વ્યાજબી નથી. કારણ કે તે તે દ્રવ્યોમાં શુદ્ધ અને અશુદ્ધપણું દેખાય છે, એ સ્પષ્ટ છે. જો ઉભય-સ્વભાવ ન માનવામાં આવે તો અનેક વિરૂપ કલ્પનાઓ કરવી પડે, કે જેમાંથી અનેક દૂષણો ઉપજે. ઉભય-સ્વભાવ માનવાથી કોઈ બાધ આવતો નથી.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળમાં એવું કાંઈ થતું નથી એટલે તેમાં શુદ્ધ-સ્વભાવ અને અશુદ્ધ સ્વભાવ માનવાની જરૂર નથી.

જી હો નિયમિત એક સ્વભાવ જે, લાલા ઉપચરિઈ પરઠાણ;
જી હો તે ઉપચરિત સ્વભાવ છઈ, લાલા એ વિણ કિમ પરનાણ. ૧૦ ચતુ૦
જી હો કર્મ-સહજ બિ ભેદ તે, લાલા મૂર્ત અચેતનભાવ;
જી હો પ્રથમ જીવનિ સિદ્ધનઈ, લાલા અપર પરજ્ઞ સ્વભાવ. ૧૧ ચતુ૦

૧૦ ઉપચરિત સ્વભાવ.

છએ દ્રવ્યોમાં પોતપોતાનું મૂળ-સ્વરૂપ નિશ્ચિત થયેલ છે. એમ છતાં તે તે દ્રવ્યોમાં અન્ય સ્વરૂપ પણ જણાય છે, એ તે તે દ્રવ્યોમાં રહેલા ઉપચરિત-સ્વભાવને કારણે છે. જો તે તે દ્રવ્યોમાં ઉપચરિત-સ્વભાવ ન હોય તો દરેક દ્રવ્યો એક જ સ્વરૂપે જણાય, પણ કદીપણ અન્યસ્વરૂપે જણાય નહિં આત્મા-સ્વ-પરવ્યવસાયિ જ્ઞાનવંત છે, એ જે કહેવાય છે-તેમાં જ્ઞાનને સ્વવિષયત્વ છે, એ અનુપચરિત છે, પણ પરવિષયત્વ છે, એ પર અપેક્ષાએ છે, પ્રતીયમાનપણે છે-પરનિરૂપિતસંબંધપણાથી ઉપચરિત છે. જો એ રીતે ઉપચરિત ન માનવામાં આવે તો આત્માને જ્ઞાન-સ્વાભાવિક થવું જોઈએ-પણ પરની તેમાં અપેક્ષા શા માટે હોવી જોઈએ. પરની અપેક્ષાથી આત્મામાં પર-વ્યવસાયી જ્ઞાન થાય છે એ ઉપચરિત સ્વભાવને કારણે છે.

ઉપચરિત સ્વભાવના બે પ્રકાર છેઃ—

૧. કર્મજનિત. ૨ સ્વભાવજનિત.

જીવમાં મૂર્તપણું અને અચેતનપણું જે છે, તે જીવને કર્મના સંબંધે છે. જેમ જડ-માણસને પશુ 'गौर्वाहीकः' એ પ્રમાણે કહેવામાં આવે છે તે જડતાના સંબંધને કારણે

છે, તેમ કર્મના સંબંધના કારણે જીવ પણ મૂર્ત અને અચેતન ઉપચરાય છે. આ એક પ્રકારનો ઉપચરિત-સ્વભાવ છે. સિદ્ધ આત્મામાં જ્ઞાનાદિગુણો સ્વાભાવિક છે. તેમને કોઈ કર્મોપાધિ નથી છતાં સિદ્ધને પરજ્ઞપણું છે, એ સ્વભાવિક છે. એ સહજ ઉપચરિત-સ્વભાવ છે.

શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે—

કર્મ વગરના ચેતનને વ્યવહાર નથી, કર્મથી ઉપાધિ થાય છે.

'अकम्मस्स ववहारो ण विज्जइ, कम्मुणा उवाही जायती' ति ॥

પુદ્ગલમાં ઉપચરિત સ્વભાવને કારણે અમૂર્તપણું, ચેતનપણું જણાય છે.

ધર્માસ્તિકાય આદિ ચારમાં સ્વપર્યાયો છે તે સ્વાભાવિક છે. પણ પરપર્યાયો જે નાસ્તિ નયે જણાય છે, તેમાં જે પરની અપેક્ષા રાખવી પડે છે, તે ઉપચરિત સ્વભાવને કારણે છે. આમ ઉપચરિત સ્વભાવ છએ દ્રવ્યોમાં છે.

આ દશ સ્વભાવો છએ દ્રવ્યોમાં કેટલા કેટલા રહે છે તે આ પ્રમાણે:—

	૧	૨	૩	૪	૫	૬
દ્રવ્યો—	ધર્માસ્તિકાય	અધર્માસ્તિકાય,	આકાશાસ્તિકાય,	પુદ્ગલાસ્તિકાય,	જીવ,	કાળ.
સ્વભાવો—						
૧ ચેતનસ્વભાવ,	૦	૦	૦	૧	૧	૦
૨ અચેતનસ્વભાવ,	૧	૧	૧	૧	૧	૧
૩ મૂર્તસ્વભાવ,	૦	૦	૦	૧	૧	૦
૪ અમૂર્તસ્વભાવ	૧	૧	૧	૧	૧	૧
૫ એકપ્રદેશસ્વભાવ,	૧	૧	૧	૧	૧	૧
૬ અનેકપ્રદેશસ્વભાવ,	૧	૧	૧	૧	૧	૦
૭ વિભાવસ્વભાવ,	૦	૦	૦	૧	૧	૦
૮ શુદ્ધસ્વભાવ,	૦	૦	૦	૧	૧	૦
૯ અશુદ્ધસ્વભાવ,	૦	૦	૦	૧	૧	૦
૧૦ ઉપચરિતસ્વભાવ,	૧	૧	૧	૧	૧	૧
	૫	૫	૫	૧૦	૧૦	૪

જી હો દસઈ વિશેષ સ્વભાવ એ, લાલા સબ ઇકવીસ સંભાલિ;
જી હો સવિ હું પુદ્ગલ જીવનઈ, લાલા પન્નર ભેદ છઈ કાલિ. ૧૨ ચતુ૦

જી હો બહુ પ્રદેશ ચિત મૂર્તતા, લાલા વિભાવ શુદ્ધ અશુદ્ધ;
જી હો ટાલી આદિમ સંજુઆ, લાલા સોલ ધરમ મુખ બુદ્ધ. ૧૩ ચતુ૦
જી હો પ્રમાણુ નયનઈં અધિગમઈં, લાલા જાણી એહ સ્વભાવ;
જી હો સુજસ વિબુધ જન સંગતિં, લાલા ધરો ચિત્તિ શુભભાવ. ૧૪ ચતુ૦

આ દસ વિશેષ સ્વભાવમાં પ્રથમ કહેલા-૧ અસ્તિસ્વભાવ, ૨ નાસ્તિ-સ્વભાવ, ૩ નિત્ય-સ્વભાવ, ૪ અનિત્ય-સ્વભાવ, ૫ એક-સ્વભાવ, ૬ અનેક-સ્વભાવ, ૭ ભેદ્ર-સ્વભાવ, ૮ અભેદ-સ્વભાવ, ૯ ભવ્ય-સ્વભાવ, ૧૦ અભવ્ય-સ્વભાવ અને ૧૧ પરમભાવ-સ્વભાવ. એ ૧૧ સામાન્ય-સ્વભાવો ભેળવીએ તો સર્વ મળીને ૨૧ સ્વભાવો થાય.


જીવ અને પુદ્ગલમાં ૨૧ સ્વભાવો છે. કાળદ્રવ્યમાં ૧૫ સ્વભાવો છે. ૧ અનેકપ્રદેશ-સ્વભાવ, ૨ ચેતન-સ્વભાવ, ૩ મૂર્તત્વ-સ્વભાવ, ૪ વિભાવસ્વભાવ, ૫ શુદ્ધ-સ્વભાવ, ૬ અશુદ્ધ-સ્વભાવ, એ છ સ્વભાવો નથી.

ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ ત્રણ દ્રવ્યોમાં-૨૧ માંથી ૧૬ સ્વભાવો છે. ચેતન, મૂર્ત, વિભાવ શુદ્ધ અને અશુદ્ધ એ પાંચ સ્વભાવો નથી.

કહ્યું છે કેઃ—

एकत्रिंशतिभावाः स्यु-र्जीवपुद्गलयोर्मताः । धर्मादीनां षोडश स्युः काले पञ्चदश स्मृताः ॥१॥

આ સ્વભાવો પ્રમાણ અને નયના વિશદ જ્ઞાનવડે સારી રીતે મદદ કરીને જાણવા જેવા છે. આના સૂક્ષ્મ જ્ઞાનથી સર્વ શંકાઓ ટળી જાય છે. જ્ઞાની અને ઉજ્જવળ યશવાળા પંડિત પુરુષોની સંગતિથી આ વિચારણા ચાલે છે, એથી ભ્રમ ભાંગી જાય છે અને શુભ-ભાવ વિસ્તરે છે.



ઢાળ બારમીનો ટબાર્થ.

(૧) જેહથી ચેતનપણાનો વ્યવહાર થાયે, તે **ચેતન સ્વભાવ.** તેહથી ઊલટો તે **અચેતન સ્વભાવ.** જો જીવને ચેતન સ્વભાવ ન કહીએ તો રાગદ્વેષ ચેતના રૂપ કારણ વિના જ્ઞાનાવરણાદિ કર્મનો અભાવ થાય. **यत उक्तम्—**

स्नेहाभ्यक्तशरीरस्य, रेणुना श्लिष्यते यथा गात्रम् ।
रागद्वेषक्लिन्नस्य, कर्मबन्धो भवत्येवम् ॥ १ ॥ इति १

(૨) જો જીવને સર્વથા ચેતન સ્વભાવ કહીયે, અચેતન સ્વભાવ ન કહીએ તો અચેતન કર્મનો કર્મદ્રવ્યોપશ્લેષજનિત ચેતના વિકાર વિના શુદ્ધ સિદ્ધ સદૃશપણું થાય. તે વારે ધ્યાન-ધ્યેય, ગુરુ-શિષ્યની શી ખપ થાએ ? સર્વ શાસ્ત્ર વ્યવહાર એમ ફોક થઇ જાએ, શુદ્ધને અવિદ્યા નિવૃત્તે પણ સ્યો ઉપકાર થાય ! તે માટે ' **अलवणा यवागूः** ' **इतिवत्** 'અચેતન આત્મા' એમ પણ કથંચિત્ કહીએ. ૨

(૩) **મૂર્તિ**-ક-રૂપ-રસ-ગંધ-સ્પર્શાદિ સન્નિવેશ તે જેહથી ધરીએ તે **મૂર્ત સ્વભાવ.** તેહથી વિપરીત તે **અમૂર્ત સ્વભાવ.** જો જીવને કથંચિત્ મૂર્તતા સ્વભાવ નહીં તો શરીરાદિ સંબંધ વિના ગત્યન્તર સંક્રમ વિના સંસારનો અભાવ થાએ. ૩.

(૪) અને જો લોકદૃષ્ટ વ્યવહારે મૂર્ત સ્વભાવ જ આત્માને માનીએ, તો મૂર્ત તે હેતુ સહસ્રે પણ અમૂર્ત ન હોય, તે માટે મોક્ષ ન ઘટે, તે માટે મૂર્તત્વ સંવલિત જીવને પણ અંતરંગ અમૂર્ત-સ્વભાવ માનવો.

એકપ્રદેશ સ્વભાવ તે તે કહિએ જે એકત્વ પરિણતિ અખંડાકાર બંધ-ક-સન્નિવેશ, તેહનો નિવાસ-ભાજનપણું. ૪.

(૫) **અનેકપ્રદેશ સ્વભાવ** તે કહીએ તે ભિન્ન પ્રદેશયોગે, તથા ભિન્ન પ્રદેશ કલ્પનાએ, અનેક પ્રદેશ-વ્યવહાર-યોગ્યપણું. જો એકપ્રદેશ સ્વભાવ ન હોય, તો અસંખ્યાત પ્રદેશાદિયોગે બહુવચન પ્રવૃત્તિ ' **એક ધર્માસ્તિકાય** ' એ વ્યવહાર ન હોય, ઘણા ધર્માસ્તિકાય ઇત્યાદિક થવું જોઇએ. ૫.

(૬) જો અનેકપ્રદેશ સ્વભાવ દ્રવ્યને ન કહીએ તો ઘટાદિક અવયવી દેશથી સકંપ દેશથી નિષ્કંપ દેખીએ છે, તે કેમ મિલે ? ' અવયવ કંપે પણ અવયવી નિષ્કંપ ' એમ કહીએ તો **चलति** એ પ્રયોગ કેમ થાય ? દેશવૃત્તિકંપનો જેમ પરંપરા સંબંધ છે તેમ દેશવૃત્તિકંપાભાવનો પણ પરંપરા સંબંધ છે, તે માટે ' દેશથી ચલે છે, દેશથી નથી ચાલતો ' એ અસ્ખલિત વ્યવહારે અનેક પ્રદેશ સ્વભાવ માનવો. તથા અનેક પ્રદેશ સ્વભાવ ન માનીએ, તો આકાશાદિ દ્રવ્યે અણુ સંગતિ-કહિતા-પરમાણુ સંયોગ તે કેમ ઘટે ? ૬.

(૭) એહજ યુક્તિ વિસ્તારી દેખાડે છે, એક વૃત્તિ દેશથી છે, જેમ કુંડે બદર, ને બીજી સર્વથી છે, જેમ સમાન વસ્ત્રદ્વયની, તિહાં પ્રત્યે કે દૂષણ **सम्मतिवृत्ति** બોલે છે. પરમાણુને આકાશાદિકે દેશ-વૃત્તિ માનતા આકાશાદિકના પ્રદેશ અનિચ્છતાં પણ આવે અને સર્વતોવૃત્તિ માનતા. પરમાણુ આકા-શાદિ પ્રમાણ થઇ જાય, ઉભયાભાવે તો પરમાણુને અવૃતિપણું જ થાય. **यावद्विशेषाभावस्य सामान्या-भावनियतत्वात् इत्यादि** ૭.

(૮) સ્વભાવથી જે અન્યથાભાવ તે **વિભાવ સ્વભાવ** કહીએ. તે મહાવ્યાધિરૂપ છે. એ વિભાવ સ્વભાવ માન્યા વિના જીવને અનિયત-કહેતાં-નાના દેશકાલાદિ વિપાકી કર્મ ઉપાધિ ન લાગો જોઇએ.

उपाधिसम्बन्धयोग्यता हि विभावस्वभावः । ८.

(૯) કેવલપણું કo ઉપાધિભાવરહિતાન્તર્ભાવ પરિણત તે **શુદ્ધ સ્વભાવ.** ઉપાધિજનિત બહિર્ભાવ [૧]પરિણામન યોગ્યતા તે **અશુદ્ધ સ્વભાવ** છે, જો શુદ્ધસ્વભાવ ન માનીએ તો મુક્તિ ન ઘટે. જો અશુદ્ધ સ્વભાવ ન માનીએ તો કર્મનો લેપ ન ઘટે **अत एव** ' શુદ્ધ સ્વભાવને કદાપિ અશુદ્ધતા ન હોય, અશુદ્ધ સ્વભાવને પછે પણ શુદ્ધતા ન હોય, એ વેદાન્તાદિ મત નિરાકરિઉ. ઉભય સ્વભાવ માનીએ કોઇ દૂષણ ન હોય તે વતી. ૯.

(૧૦) નિયમિત એક સ્થાને નિહારિઉ જે **એક સ્વભાવ.** પર સ્થાન કે ઉપચરિએ તે **ઉપચરિત સ્વભાવ** હોય. તે ઉપચરિત સ્વભાવ ન માનીએ 'સ્વ-પર-વ્યવસાયિજ્ઞાનવંત આત્મા ' કેમ કહીએ ? તે માટે જ્ઞાનનું સ્વવિષયત્વ તો અનુપચરિત છે. પણ પરવિષયત્વ તે પરાપેક્ષાએ પ્રતીયમાનપણે તથા પરનિરૂપિતસંબંધપણે ઉપચરિત છે. ૧૦.

(૧૧) તે ઉપચરિત સ્વભાવ ૨ (બે) પ્રકારે છે, એક કર્મજનિત, એક સ્વભાવજનિત. તિહાં પુદ્ગલ સંબંધે જીવને મૂર્તપણું અને અચેતનપણું જે કહીએ છે, તિહાં **गौर्वाहीकः** એ રીતે ઉપચાર છે. તે કર્મજનિત છે, તે માટે તે કર્મજ ઉપચરિત સ્વભાવ છે. તે જીવને અપર કહેતાં બીજો જે સહજ ઉપચરિત સ્વભાવ તે સિદ્ધને પરણપણું, તિહાં કોઇ કર્મોપાધિ છે નહિં. **तदुक्तमाचारसूत्रे**—

' अकम्मस्स ववहारो ण विज्जइ, कम्मुणा उवाही जायति ' त्ति ११

(૧૨) એ દસે વિશેષ સ્વભાવ નિયત દ્રવ્યવૃત્તિ માટે એ મધ્યે પૂર્વોક્ત ૧૧ સામાન્ય સ્વભાવ મેલિએ તે વારે સર્વ મિલીને એકવીસ સ્વભાવ થાય. પુદ્ગલ જીવને એ એકવીસે (૨૧) સ્વભાવ હોય તથા કાલદ્રવ્યને વિષે પન્નર (૧૫) સ્વભાવ હોય, એકવીસ (૨૧) માંહિથી છ (૬) કાઢિએ તે વારે. ૧૨

(૧૩) તે કેમ છે ? તે કહે છે-બહુપ્રદેશ કહેતાં અનેક પ્રદેશ સ્વભાવ ૧. ચિત્ કo ચેતન સ્વભાવ ૨. મૂર્ત સ્વભાવ, ૩. વિભાવ સ્વભાવ, ૪. શુદ્ધ સ્વભાવ, ૫. અશુદ્ધ સ્વભાવ. એ છ (૬) કાઢીએ તે વારે કાલને પન્નર (૧૫) સ્વભાવ થાય. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય ને આદિમ કહેતાં અનેક પ્રદેશ સ્વભાવ તે સંયુત કરીએ, બીજા પાંચ (૫) ટાલિએ તે વારે સોળ (૧૬) સ્વભાવ થાય. **एकविंशति-भावाः स्यु-र्जीवपुद्गलयोर्मताः । धर्मादीनां षोडश स्युः, काले पञ्चदश स्मृताः ॥१॥** ૧૩

(૧૪) એ એકવીસ (૨૧) સ્વભાવ પ્રમાણ, નય ને અધિગમે કહેતાં જ્ઞાને જાણીને સુજસ-શોભન અનુયોગ પરિજ્ઞાન-યશવંત જે વિબુધ-પંડિત તેહની સંગતિ કરી, સર્વ શંકા દોષ ટાલી, ચિત્તમાંહિ શુભ ભાવ ધરો. ૧૪.

ઢાળ બારમી સંપૂર્ણ.



૧ પરિણમન (પાઠા.)

ઢાળ ૧૩ મી.

[રાગ ધોરણી. નયરી અયોધ્યાવતી રે-એ દેશી.]

સ્વદ્રવ્યાદિક ગ્રાહકઈ રે, અસ્તિ સ્વભાવ વખાણિ;
પરદ્રવ્યાદિક ગ્રાહકઈ રે, નાસ્તિ સ્વભાવ મનિ આણિઓ રે. ૧
ચતુર વિચારિઇ. એ આંચલી.

અસ્તિસ્વભાવ અને નાસ્તિ સ્વભાવ.

સ્વભાવોનું વર્ણન પૂર્વે કરવામાં આવ્યું છે, તે સ્વભાવો જો એમને એમ-ઉપર ઉપરથી વિચારવામાં આવે તો વ્યામોહ થવા સંભવ છે. પદાર્થ એનો એ હોય છતાં તેમાં પરસ્પર વિરુદ્ધ સ્વભાવો રહે છે. એ કઇ રીતે રહે ? એ વિચારણા વ્યવસ્થિતપણે કરવી આવશ્યક છે. નયભેદે એ વિચારણા કરવાથી-સરલતાથી તે તે પદાર્થોમાં બતાવેલા સ્વભાવો સ્થિર થાય છે.

દરેક દ્રવ્યમાં અસ્તિસ્વભાવ છે. અને નાસ્તિસ્વભાવ છે અસ્તિ હોય એ નાસ્તિ કેમ સંભવી શકે ? કોઇ પણ દ્રવ્યને સ્વદ્રવ્યાદિગ્રાહક-દ્રવ્યાર્થિકનયથી વિચારીએ તો તે તે દ્રવ્યમાં અસ્તિસ્વભાવ છે એ સમજાય, અને પરદ્રવ્યાદિગ્રાહક-દ્રવ્યાર્થિકનયથી વિચારીએ તો નાસ્તિસ્વભાવ છે એ સમજાય.

જેમ ઘડો છે એમ સામાન્યપણે કહ્યું-એટલે ત્યાં અસ્તિ સ્વભાવ જણાવાયો; પણ કોઇ પૂછે કે ઘડો ઘડા સ્વરૂપે છે કે વસ્ત્રસ્વરૂપે છે ? ત્યારે કહેવામાં આવે કે- ઘડો ઘડા-સ્વરૂપે છે, પણ વસ્ત્રસ્વરૂપે નથી. એ પ્રમાણે માટીનો ગોળ ઘડો લાલરંગવાળો હોય તો તે બધા, માટી ગોળ આકૃતિ, લાલ વર્ણ વગેરે ઘડાના સ્વસ્વરૂપો ગણાય. તેનાથી ભિન્ન બધા પરસ્વરૂપો કહેવાય; એટલે સ્વસ્વરૂપે અસ્તિત્વ અને પરસ્વરૂપે નાસ્તિત્વ પદાર્થ માત્રમાં રહે છે.

'सर्वमस्ति स्वरूपेण, पररूपेण नास्ति च'

એ વચન ઉપરની વિચારણા માટે મનન કરવા જેવું છે.

ઉત્પાદ વ્યય ગૌણતા રે, સત્તાગ્રાહકિ નિત્ય;
કોઇક પર્યાયાર્થિકઈ રે, જાણો સ્વભાવ અનિત્યો રે. ૨ ચતુર૦

નિત્યસ્વભાવ અને અનિત્યસ્વભાવ

કોઇ પણ પદાર્થનું સ્વરૂપ વિચારીએ ત્યારે તેમાં રહેલા સ્થાયિતત્ત્વ અને થતા ફેરફારો

એ એની વિચારણા કરવાની હોય છે. કોઈપણ પદાર્થ એવું અસ્તિત્ત્વ નથી ધરાવતો કે જેમાં સ્થાયિતત્ત્વ ન હોય અથવા માત્ર સ્થાયિતત્ત્વ હોય જ અને ફેરફાર ન થતાં હોય. જ્યારે સ્થાયિતત્ત્વની વિચારણા કરીએ ત્યારે તે મુખ્ય છે એવું લાગી આવે; પણ એથી થતા ફેરફારોનો અપલાપ કેમ કરી શકાય? સ્થાયિતત્ત્વની વિચારણા કરાવનાર જે દૃષ્ટિ છે તેને દ્રવ્યાર્થિકદૃષ્ટિ કહે છે. એ દ્રવ્યાર્થિકદૃષ્ટિ યા નયથી વસ્તુની સત્તા પકડાય છે, વસ્તુની સત્તા કદી નાશ પામતી નથી એટલે વસ્તુ-પદાર્થ નિત્ય છે એમ સમજાય છે. ફેરફાર-પરાવર્તનની વિચારણા કરનાર જે દૃષ્ટિ-નય છે તે પર્યાયાર્થિકદૃષ્ટિ છે. પદાર્થમાં ફેરફાર થાય એનો અર્થ તેમાંથી કાંઇ પણ જાય છે કે તેમાં કાંઇ પણ આવે છે. તેમાં વધઘટ થયા વગર પરાવર્તનની શક્યતા જ નથી. પૂર્વ સ્વરૂપનો ત્યાગ કરીને અભિનવ સ્વરૂપની પ્રાપ્તિ એ પરાવર્તન છે. સ્થૂલદૃષ્ટિએ આ પરિવર્તન લાંબે ગાળે સમજાય છે, જ્યારે સૂક્ષ્મદૃષ્ટિએ એવા પરાવર્તનો ક્ષણે ક્ષણે-સમયે સમયે થયા કરે છે એવું સ્પષ્ટ ભાન થાય છે. આ ભાન કરાવનાર પર્યાયાર્થિકનયથી વસ્તુને તપાસતાં પદાર્થ માત્ર ક્ષણિક-અનિત્ય જણાય છે. આમ દ્રવ્યાર્થિકનયથી પદાર્થ માત્રમાં નિત્ય સ્વભાવ છે અને પર્યાયાર્થિકનયથી અનિત્ય સ્વભાવ છે.

ભેદ કલ્પના રહિતથી રે, ધારો એક સ્વભાવ;
અન્વય દ્રવ્યાર્થિક નયઈ રે, અનેક દ્રવ્ય સ્વભાવો રે. ૩ ચતુર૦

એકસ્વભાવ, અને અનેકસ્વભાવ.

પદાર્થ માત્રમાં અવિરોધી એવા સમાન સ્વભાવો રહેલા છે. તેમાંના કોઈ પણ એકસ્વભાવને આગળ કરીને તે તે સર્વ પદાર્થોનું અવલોકન કરવામાં આવે તો સર્વ પદાર્થો એક સ્વભાવના છે એ સ્પષ્ટ જણાય. આ પ્રકારની અવલોકન કરવાની દૃષ્ટિને શુદ્ધ દ્રવ્યાર્થિકનય કહે છે. પણ આ નયમાં ભેદકલ્પના હોતી નથી એટલે એ નય ભેદકલ્પના નિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિકનય કહેવાય છે.

જ્યારે પદાર્થોનો પરિચય સાધવો હોય; તેને ઉપયોગમાં લેવાના હોય, ત્યારે તે તે પદાર્થોનો એક સ્વભાવ ઉપયોગી થતો નથી. જેવો ઉપયોગ કરવાનો હોય તેવા સ્વભાવની પ્રધાનતાવાળા પદાર્થોને બીજા પદાર્થોથી છૂટા પાડીને સમજવા જરૂરી છે. એવી સમજને વ્યક્ત કરતી દૃષ્ટિ અન્વય-દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિ છે. એથી તે તે પદાર્થોમાં અનેક સ્વભાવ છે એ સ્પષ્ટ થાય છે.

પદાર્થને કાળના પ્રવાહમાં એક સરખો ખેંચી જનાર સત્તાગ્રાહકનય ઉપયોગી થાય છે અને દેશમાં-ક્ષેત્રમાં પ્રસરીને પથરાઈ જવામાં અન્વયગ્રાહકનય ઉપયોગી થાય છે. કહ્યું છે કે—

'कालान्वये सत्तामाहको, देशान्वये चान्वयग्राहको नयः प्रवर्तते।'

સદ્ભૂત વ્યવહારથી રે, ગુણગુણ્યાદિક ભેદ;
ભેદ કલ્પના રહિતથી રે, જાણો તાસ અભેદો રે. ૪ ચતુર૦

ભેદ સ્વભાવ અને અભેદ સ્વભાવ

વ્યવહારનય પદાર્થના ઉપયોગને સમજાવે છે. જે પદાર્થનો જે પ્રકારનો ઉપયોગ કરવાનો હોય તે જ પ્રકારનું લક્ષ્ય સદ્ભૂત વ્યવહાર નયથી કેળવાય છે. જ્યારે એ પ્રકારનું લક્ષ્ય આવે છે, ત્યારે તે તે પદાર્થમાં રહેલું વ્યક્તિત્વ સ્વતંત્ર ભાસે છે–સમજાય છે. વૃક્ષ રૂપે સર્વ વૃક્ષો આવે છે. છતાં લીંબડાનું કાર્ય આંબો કે આંબાનું કાર્ય લીંબડો કરી શકતો નથી. એથી લીંબડાના કાર્યમાં લીંબડો અને આંબાના કાર્યમાં આંબો સ્વતંત્ર છે. આંબો, લીંબડાથી અને લીંબડો આંબાથી જુદો છે–ભિન્ન છે. એ પ્રમાણે ગુણ અને ગુણી, પર્યાય અને પર્યાયી પોતપોતાના કાર્ય માટે સ્વતંત્ર છે, જુદા છે. એટલે સદ્ભૂત વ્યવહારનયની અપેક્ષાએ પદાર્થમાં ભેદ સ્વભાવ છે.

જો ઉપર પ્રમાણે ભેદસ્વભાવ જ છે, એમ માનીને પદાર્થો વિચારવામાં આવે તો અનેક અન્ય દૂષણો આવે છે. એટલે ઉપરોક્ત એકજ દૃષ્ટિથી પર્યાપ્ત થતું નથી. ગુણ ગુણી ઉપર પ્રમાણે જુદા હોવા છતાં બન્ને સાથે જ રહે છે. એક–બીજા એક બીજા સિવાય રહી શકતા નથી. બંન્નેનું અસ્તિત્વ સંકળાએલું છે. એટલે જ્યારે પદાર્થ શુદ્ધ દ્રવ્યાર્થિક નયની વિચારણાથી વિચારવામાં આવે છે, ત્યારે તેમાં ભેદ કલ્પનાને અવકાશ રહેતો નથી. ગુણ ગુણી વગેરે અભિન્ન છે, એવું જણાય છે. આ દૃષ્ટિ પદાર્થમાં અભેદસ્વભાવને જણાવે છે.

પ્રશ્ન : પદાર્થમાં એક સ્વભાવ છે એવું સ્વરૂપ પૂર્વમાં જણાવ્યું છે, એ એક સ્વભાવ ભેદ કલ્પના નિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી સમજાય છે, અહિં ફરીથી અભેદસ્વભાવ પદાર્થમાં છે, એ પ્રમાણે કહ્યું છે, ને એ પણ ભેદકલ્પના રહિત–શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી જણાય છે. તો અક સ્વભાવ અને અભેદ સ્વભાવમાં અન્તર શું ?

ઉત્તર : એક સ્વભાવ અને અભેદ સ્વભાવ એક રીતે એક છે, પણ વસ્તુની ઓળખાણ કરવામાં એ જુદા પડી જાય છે. બન્ને સ્વભાવો પોતપોતાની રીતે વસ્તુને સમજાવે છે. તેમાં એક સ્વભાવ વસ્તુને સમજાવે છે, ત્યારે ગુણ અને ગુણી, વિષય અને વિષયી એ બન્ને એવા એકાકાર બની જાય છે કે જાણે એક બીજાને ગળી ગયો હોય. એકમાં બીજો સમાઇ ગયો હોય, એકનું જ ભાન થાય. બીજાનું જાણે અસ્તિત્વ જ નથી. જેમ 'આ ઘટ છે' એ વાક્યમાં ઘટ પદાર્થનું એવી રીતે ભાન થાય છે કે તેમાં ગુણાદિ ભાસતા નથી. દ્રવ્યની પ્રધાનતામાં ગુણાદિ ડૂબી ગયા છે. 'અભેદ સ્વભાવ' દ્રવ્યનો પ્રધાનપણે બોધ કરાવે છે, પણ તે ગુણાદિનું અસ્તિત્વ સર્વથા હરી લેતો નથી. ગુણાદિ ભાસે છે અને દ્રવ્યમાં મિશ્ર થઈ જાય છે. બન્ને છૂટા છે એવું ભાન લોપાતું નથી. જેમ 'નીલ ઘટ' અહિં ઘટમાં નીલવર્ણ મળી ગયો છે. એ છુટો સ્વતંત્ર નથી, પણ છે એટલું ભાન તો થાય જ છે.

વસ્તુના તેવા પ્રકારના બોધને માટે એવા પ્રકારભેદ કરવા આવશ્યક છે.

શબ્દથી અર્થનો બોધ થાય છે. એ બોધ કરાવનાર વૃત્તિઓમાં એક લક્ષણા નામની વૃત્તિ છે, શબ્દ જે અર્થને જણાવતો હોય એ અર્થ સંગત ન થતો હોય ત્યારે લક્ષણાવૃત્તિ અર્થને સંગત કરીને બોધ ઉત્પન્ન કરાવે છે. જેમ 'ગુજરાત ડાહ્યું છે' એ વાક્યમાં આવતો ગૂજરાત શબ્દ ગૂજરાતના પ્રદેશ રૂપ અર્થને સમજાવે છે. પ્રદેશમાં ડહાપણ રહેતું નથી, ડહાપણ તો વ્યક્તિઓમાં-માણસોમાં રહે છે, એટલે ગૂજરાત શબ્દના અર્થનો વિસ્તાર લક્ષણાવૃત્તિ કરાવે છે અને સમજાવે છે કે ગૂજરાતના લોકો ડાહ્યા છે. આ લક્ષણાવૃત્તિના ઘણા ભેદો છે તેમાં સારોપા લક્ષણા અને સાધ્યવસાના લક્ષણા એ બે ભેદો પણ આવે છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે છે.

" विषयस्यानिगीर्णस्या-न्यतादात्म्यप्रतीतिकृत् ॥
सारोपा स्यान्निगीर्णस्य मता साध्यवसानिका ॥ "

જે લક્ષણા વિષયને ગળી ગયા વગર અન્યમાં એકરૂપપણાને સમજાવે એ સારોપા લક્ષણા કહેવાય છે, અને જે લક્ષણા વિષયને ગળી જઈને અન્યમાં એક રૂપપણાને સમજાવે છે એ સાધ્યવસાના લક્ષણા કહેવાય છે. જેમ સફેદ ઘોડો દોડે છે. અહિં દોડવાની ક્રિયા ઘોડામાં થાય છે. સફેદ રંગમાં કંઇ દોડવાપણું નથી એટલે સફેદ રંગ પોતાનો અર્થ ઘોડામાં સમાવી દે છે. કહેનારનો ભાવ ઘોડો દોડે છે એવા પ્રકારનો નથી-એનો ભાવ તો સફેદ રંગ ઉપર ભાર આપવાનો છે. પણ વાક્યમાં ઘોડો મૂકેલ છે, એટલે ઘોડો ઉપરના અર્થમાં સદન્તર ડૂબી જતો તથી. એ પણ સ્વતંત્ર ભાસે છે. આ સારોપા લક્ષણા એ રૂપક અલંકારનું બીજ છે. જ્યારે ઉપરના વાક્યમાં જ 'સફેદ દોડે છે' એમ કહેવામાં આવે ત્યારે સફેદમાં દોડવાપણું સંભવતું નથી, એટલે એનો અર્થ સફેદ ઘોડો એવો કરવો પડે-પણ તેમાં સફેદ શબ્દ ઘોડાને ગળી ગયો છે એટલે એ લક્ષણા સાધ્યવસાના કહેવાય.

પ્રયોજન વિશેષને અવલંબીને કરાતી સારોપા અને સાધ્યવસાના લક્ષણા પદાર્થના સ્વભાવને સિદ્ધ કરતી નથી, પણ રૂઢ લક્ષણામાં સ્વભાવભેદ આવશ્યક છે.

જે પ્રમાણે લક્ષણામાં સમાનભાવ છતાં સ્વભાવ ભેદ શિષ્ટ માન્ય છે, તે જ પ્રમાણે અહિં પણ એક સ્વભાવ અને અભેદ સ્વભાવ સમાન હોવા છતાં જુદા માનવા આવશ્યક છે,

આ હકીકત પૂ૦ ઉપાધ્યાયજી મહારાજના શબ્દમાં આ પ્રમાણે છે—

" यत्र कल्प्यमानस्यान्तर्निगीर्णत्वेन ग्रहः, तत्रैकस्वभावः, यथा ' घटोऽयम् ' इति। यत्र विषय-विषयिणोर्वैचित्र्येण ग्रहः, तत्राभेदस्वभावः, यथा 'नीलो घटः' इति। सारोपासाध्यवसानयोर्निरूढ-त्वार्थमयं प्रकारभेदः ८। प्रयोजनवत्यौ तु ते यदृच्छानिमित्तकत्वेन स्वभावभेदसाधके, इति परमार्थः॥"

પરમભાવ ગ્રાહકનયઇરે, ભવ્ય-અભવ્ય પરિણામ;
શુદ્ધ અશુદ્ધહ તેહથી રે, ચેતન આત્મારામો રે. ૫ ચતુર૦

અસદ્‌ભૂત વ્યવહારથી રે, ચેતન કર્મ નો-કર્મ,
પરમભાવ ગ્રાહક નયઈ રે, તેહ અચેતન ધર્મો રે. ૬ ચતુર૦
અસદ્‌ભૂત વ્યવહારથી રે, જીવ અચેતન ધર્મ;

ભવ્ય સ્વભાવ, અભવ્ય સ્વભાવ, ચેતન સ્વભાવ અને અચેતન સ્વભાવ

ભવ્ય સ્વભાવ અને અભવ્ય સ્વભાવનો વિચાર પરમભાવગ્રાહક નયથી કરવાનો છે. પરમભાવગ્રાહક નય પદાર્થમાં મૂળભૂત તાત્ત્વિક ભાવોનું પ્રાધાન્ય વિચારે છે. એ નયથી ભવ્ય સ્વભાવનો વિચાર કરીએ ત્યારે ભવ્યતા એટલે ભવન યોગ્યતા. જુદા જુદા સ્વરૂપે પરિણમન યોગ્યતા. કોઇ પણ મૂળભૂત પદાર્થ. પદાર્થાન્તર સ્વરૂપે પરિણમન પામતો નથી. જીવ અને પુદ્‌ગલ પોતાનું મૂળભૂત સ્વરૂપ ત્યજ્યા સિવાય વિવિધ પરિણામોને અનુભવે છે. એટલે ભવ્યતા એ સ્વભાવ નિરૂપિત છે પણ પરભાવ નિરૂપિત નથી. અભવ્યતા એ પરભાવથી વિચારવામાં આવે તો મૂળભૂત દરેક પદાર્થમાં છે કારણ કે કોઇપણ પદાર્થ પોતાનું મૂળ સ્વરૂપ છોડીને અન્ય પદાર્થપણે પરિણમતો નથી. સાથે આકાશાદિ પદાર્થોમાં સ્વભાવ નિરૂપિત અભવ્યતા પણ છે. કારણ કે તે પદાર્થો પોતાના સ્વરૂપમાં પણ જીવ અને પુદ્‌ગલની જેમ પરિણમનની વિવિધતા ધારણ કરતા નથી. સિદ્ધાત્માઓમાં અભવ્યતા ઉત્પન્ન થાય છે. સિદ્ધ થયા બાદ એ આત્માઓમાં પણ પરિણમન થતું નથી.

આ ભવ્ય સ્વભાવ અને અભવ્ય સ્વભાવમાં અસ્તિસ્વભાવ અને નાસ્તિસ્વભાવની જેમ સ્વ-પર-દ્રવ્યાદિ ગ્રાહકનય લાગુ પડતો નથી. કારણ કે જેમ દરેક પદાર્થો સ્વ-દ્રવ્યાદિરૂપે અસ્તિ છે અને પરદ્રવ્યાદિરૂપે નાસ્તિ છે, એમ સ્વદ્રવ્યાદિ રૂપે ભવ્ય છે અને પર-દ્રવ્યાદિ રૂપે અભવ્ય છે એવું કહી શકાય નહિં.

શુદ્ધ અને અશુદ્ધ મિશ્રિત પદાર્થોમાં પણ પદાર્થનું શુદ્ધ સ્વરૂપ આગળ કરીને જે પરમભાવગ્રાહક નય પ્રવૃત્તિ કરે છે, તેની વિચારણા પ્રમાણે ચેતનસ્વભાવ આત્મામાં છે. આત્મા એથી ચેતન કહેવાય છે. પણ અસદ્‌ભૂત વ્યવહારનયની વિચારણાએ જ્ઞાનાવરણાદિક કર્મો અને મન-વચન-કાયારૂપ નોકર્મો પણ ચેતન કહેવાય છે. ચેતનના સંયોગથી ઉત્પન્ન થતા પર્યાયો એ સર્વમાં છે. કર્મો વિશ્વમાં એમને એમ પડયા હોય છે, ત્યારે પોતાનું કાર્ય કરી શકતા નથી. ચેતનબદ્ધ થાય છે ત્યારે જ તેનામાં ચૈતન્ય આવે છે. બળે છે તો અગ્નિ, છતાં 'ઘી બળે છે' એ પ્રમાણે જેમ ઉપચારથી કહેવાય છે તેમ 'આ શરીર આવશ્યક જાણે છે' વગેરે વ્યવહાર પણ અસદ્‌ભૂત વ્યવહારથી શરીરાદિને પણ ચેતનસ્વભાવ માનવાથી થાય છે. પરમભાવગ્રાહકનયથી કર્મ અને નોકર્મ એ અચેતન સ્વભાવવાળા છે. સામાન્ય રીતે જીવથી ભિન્ન અજીવ માત્રમાં અચેતન સ્વભાવ મુખ્યપણે રહે છે. જેમ ઘીમાં સ્વાભાવિકપણે અનુષ્ણ સ્વભાવ છે તેમ. અસદ્‌ભૂત વ્યવહારનયથી જીવમાં પણ અચેતન સ્વભાવ છે એમ કહી શકાય. જડના સમ્બન્ધથી ચેતન પણ 'જડ છે' 'અચેતન છે' વગેરે વ્યવહાર પ્રવર્તે છે.

વેદાન્તીઓ 'જીવમાં કોઈ એવું અજ્ઞાન છે કે જેને કારણે જીવ 'હું મને જાણતો નથી' એવો અનુભવ કરે છે એ પ્રમાણે માને છે. પણ તેઓની એ માન્યતા વ્યાજબી નથી, ઉપર જણાવ્યું એ પ્રમાણે જીવમાં જડના સમ્બન્ધથી અસદ્‌ભૂત વ્યવહારનય અચેતન-સ્વભાવ સ્વીકારે છે. જ્યારે જીવમાં અચેતન સ્વભાવ કાર્ય કરતો હોય ત્યારે જીવ-'હું મને જાણતો નથી' એવો અનુભવ કરે એ સ્વાભાવિક છે.

પરમભાવ ગ્રાહક નયઈ રે, મૂરત કર્મ નોકર્મો રે. ૭ ચતુર૦
અસદ્‌ભૂત વ્યવહારથી રે, જીવ મૂર્તપણિ હોઈ,
પરમનયઈ પુદ્‌ગલ વિના રે, દ્રવ્ય અમૂર્ત તૂં જોયો રે. ૮ ચતુર૦
ઉપચારઈ પણિ પુદ્‌ગલિં રે, નહીં અમૂર્ત સ્વભાવ,
ઉપચરિઈ અનુગમવશિં રે, વ્યવહારિઈ જે ભાવો રે. ૯ ચતુર૦
જે ભાવિ 'સંમતિ' ભણિઉં રે, અનુગત અર્થ અસેસ.
જલ-પય જિમ નવિ વિભજિઈ રે, યાવત અંત્ય વિસેસોરે. ૧૦ ચતુર૦
અનભિભૂત જિહાં મૂર્તતારે, અમૂર્તતા તિહાં નાંહિ,
જિહાં અભિભૂત અમૂર્તતા રે, મૂર્તિ અનંત્ય તે માંહિ રે. ૧૧ ચતુર૦
પુદ્‌ગલનેં ઇકવીસમો રે, ઇમ તો ભાવ વિલુત્ત,
તેણિ અસદ્‌ભૂત નયઈ રે, પરોક્ષ અણુઅ અમુત્તો રે. ૧૨ ચતુર૦

મૂર્ત સ્વભાવ અને અમૂર્ત સ્વભાવ

પરમભાવ ગ્રાહકનયની વિચારણા એ કર્મ અને નોકર્મ-પુદ્‌ગલાસ્તિકાયમાં મૂર્તસ્વભાવ છે મૂર્ત એટલે રૂપાદિયુક્ત. અસદ્‌ભૂત વ્યવહારનયની વિચારણા અનુસાર જીવમાં પણ મૂર્ત-સ્વભાવ છે, એમ કહી શકાય છે. માટે જ આ આત્મા દેખાય છે. આ આત્માને હું જોઉં છું. કોઇપણ વ્યક્તિને આપણે જોઇએ છીએ તે દેહાત્મસંબંધને કારણે ઉત્પન્ન થયેલ વિલક્ષણ સ્વરૂપ છે. એ સ્વરૂપમાં પરસ્પર સ્વભાવો યોગ્યતા અનુસાર જણાતા હોય છે. જેમ દેહમાં ચેતન-સંયોગને કારણે ચૈતન્ય ભાસે છે તેમ ચેતનમાં પણ દેહસંયોગને કારણે મૂર્ત-સ્વભાવ ભાસે છે. શ્રી પદ્મપ્રભસ્વામી અને શ્રી વાસુપૂજ્યસ્વામી રાતા છે, એ તેમાં રહેલાં સાપેક્ષ મૂર્તસ્વભાવને લઇને કહેવાય છે, નહિં તો અમૂર્ત સ્વભાવવાળાને માટે એવો વર્ણવાળો વ્યવહાર કેમ પ્રવર્તે.

પરમભાવ ગ્રાહક નય પુદ્‌ગલ સિવાયના બીજા આત્મા-આકાશ-ધર્માસ્તિકાય-અધર્મા-સ્તિકાય અને કાળ એ પાંચે દ્રવ્યોને અમૂર્ત સ્વભાવ સ્વીકારે છે.

પ્રશ્ન :—જે પ્રમાણે અસદ્‌ભૂત વ્યવહારનયથી ચેતનને મૂર્તસ્વભાવ માનવામાં આવે છે, તે પ્રમાણે અસદ્‌ભૂત વ્યવહારનયથી પુદ્‌ગલને અમૂર્તસ્વભાવ માનવામાં આવે છે કે નહિ?

ઉત્તરઃ—પુદ્ગલને અમૂર્તસ્વભાવ માનવાને કોઇ કારણ નથી. તે તે નયોની વિચારણા જ્યાં જ્યાં જે રીતે પહોંચતી હોય તે સર્વ માની લેવું એ નિયમ નથી, પણ જે જે સ્થિતિ હોય તેને નયવિચારણાથી સંગત કરવી એ નિયમ છે. તેમાં પણ વાસ્તવિક સ્થિતિ હોય તે માનવી જ જોઇએ પણ જે ઉપચારથી માનવામાં આવે તેને તો પ્રસિદ્ધિ હોય તો જ માનવી, નહિં તો નહિં. એટલે પુદ્ગલ અને ચેતના સંબંધે પુદ્ગલમાં ચેતનત્વ અને ચેતનમાં મૂર્તત્વનો ઉપચાર થાય છે, પણ પુદ્ગલમાં અમૂર્તત્વનો ઉપચાર કરવાને કોઇ કારણ નથી એટલે તેનો ઉપચાર થતો નથી. આરોપ હોય તો નિમિત્તનું અનુસરણ કરવું પણ નિમિત્તને આગળ કરીને જ્યાં ત્યાં આરોપ કરવો નહિં.

પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજના શબ્દોમાં આ હકીકત આ પ્રમાણે છેઃ—

" चेतनसंयोगई देहादिकनई विषई जिम चेतनत्व उपचरिई छई तिम अमूर्तत्व उपचरता नथी. ते माटिं असद्भूतव्यवहारथी पणि पुद्गलनइ अमूर्तस्वभाव न कहिईः प्रत्यासत्तिदोसई अमूर्तत्व तिहां किम न उपचरि ? त उपरि कहई छई–अनुगमवशिं भेकसंबंध देषइ जेह स्वभाव व्यवहिरई ते उपचरिईं, पणि–सर्व धर्मनो उपचार न होइ. तथा च–आरोपे सति निमित्तानुसरणम्, न तु निमित्तमुररीकृत्यारोपः । इति न्यायोऽत्राश्रयणीयः, इति भावः ॥ "

પ્રશ્નઃ—જો અનુગમવશ સંબંધને જોડીને તે તે ભાવોના સ્વરૂપનો નિર્ણય કરીએ તો પુદ્ગલને અમૂર્ત માની શકાય નહિં, પણ સમ્મતિતર્કમાં કહ્યું છે કે જે પદાર્થો પરસ્પર અત્યંત સંબંધ છે–ગાઢ મળ્યા છે તે સર્વ પદાર્થો ક્ષીર–નીરની માફક જુદા કરાય નહિં. દૂધ–પાણીની જેમ એનો ભેદ કરી શકાય નહિં. એ તો તેના મૂળ સ્વરૂપે અન્ત્ય વિશેષે જુદા પડે પુદ્ગલ અને જીવ એવા તો મિશ્ર થયેલા છે કે તે બંન્ને તેના મૂળભૂત સ્વરૂપ સિવાય જુદા ઓળખી શકાય નહિં **औदारिकादिवर्गणानिष्पन्नाच्छरीरादेर्ज्ञानघनासंख्येयप्रदेश आत्मा भिन्न इति** ' ઔદારિક વગેરે વર્ગણાથી બનેલા શરીરાદિથી જ્ઞાનસ્વરૂપ અસંખ્યાત પ્રદેશવાળો આત્મા જુદો છે. એ પ્રમાણે તે બન્નેનો ભેદ જણાવાય છે. આ સ્વરૂપ દર્શાવતી સમ્મતિના પ્રથમકાંડની ૪૭મી ગાથા આ પ્રમાણે છે.

' अन्नुन्नाणुगयाणं, ' इमं व तं व ' त्ति विभयणमजुत्तं ।
जह दुद्धपाणियाणं, जावंत विसेसपज्जाया ॥ ' १. ४७ ॥

આ પ્રમાણે વસ્તુસ્થિતિ છે એટલે મૂર્તતા એ પુદ્ગલ દ્રવ્યનો વિભાજક અન્ત્ય વિશેષ છે તો તેનો ઉપચાર આત્મદ્રવ્યને વિષે કેમ કરાય ? અને જો તે મૂર્તતાનો ઉપચાર આત્મામાં કરી શકાતો હોય તો અમૂર્તતતાનો ઉપચાર પુદ્ગલમાં કેમ ન કરાય ?

ઉત્તરઃ—પુદ્ગલદ્રવ્યમાં રહેલી મૂર્તતા અને આત્માદિ દ્રવ્યમાં રહેલી અમૂર્તતા વિશેષ હોવા છતાં જ્યારે તે તે દ્રવ્યોનું જોડાણ થાય છે ત્યારે તે વિશેષતામાં જે બળવતી હોય છે તે બીજી વિશેષતાને દબાવી પોતે આગળ તરી આવે છે. આત્મા અને પુદ્ગલનું મિશ્રણ થતાં આત્માની અમૂર્તતા દબાય છે–અભિભૂત થાય છે. એટલે શરીરધારી આત્માને મૂર્ત-

પણે ઉપચરિત કહી શકાય છે, પણ પુદ્ગલની-શરીરની મૂર્તતા અભિભૂત થતી નથી માટે શરીરમાં અમૂર્તતાનો ઉપચાર કરાતો નથી. આ પ્રમાણે તે તે અન્ત્ય વિશેષોને યથાવત્ વિચારીને તેનો અવગમ કરવો જોઇએ. કહ્યું છે કે—**अन्योऽन्यानुगमाविशेषेऽपि क्वचिदेव किञ्चित् केनचित् कथञ्चिदनुभूयते, इति यथागमव्यवहारमाश्रयणीयम्**'

પ્રશ્ન:—પૂર્વમાં કહેલું છે જે જીવ અને પુદ્ગલમાં ૨૧ ભાવો હોય છે. હવે જ્યારે ઉપચારથી પણ પુદ્ગલમાં અમૂર્તભાવ ન હોય એમ કહેવાય છે, તો પુદ્ગલમાં ૨૦ જ ભાવો રહ્યા. એટલે ૨૧ ભાવો પુદ્ગલમાં રહે છે એ વચન વિરુદ્ધ થયું.

ઉત્તર:—પુદ્ગલમાં અમૂર્તભાવ ન રહે એ જે કહેવામાં આવ્યું છે, એ આત્મસંબંધ પુદ્ગલ શરીરને આશ્રયીને છે. બાકી પરમાણું વગેરે પરોક્ષ પુદ્ગલોમાં અસદ્ભૂત વ્યવહાનયને અનુસાર અમૂર્ત વ્યવહાર પણ પ્રવર્તી શકે છે. જે માટે કહ્યું છે—**જે व्यावहारिकप्रत्यक्षगोचरत्वममूर्तत्वं परमाणौ भाक्तं स्वीक्रीयते**' વ્યવહાર યોગ્ય પ્રત્યક્ષને અગોચર એ અમૂર્ત. એ પ્રમાણે પરમાણુમાં અમૂર્તપણું વિકલ્પે સ્વીકારાય છે.

કાલ પુદ્ગલાણૂતણો રે, એક પ્રદેશ સ્વભાવ;
પરમનયઈ પરદ્રવ્યનઇ રે, ભેદ કલપના અભાવો રે. ૧૩ ચતુર૦

ભેદ-કલ્પના-યુતનયઇ રે, અનેક પ્રદેશ સ્વભાવ;
અણુ વિન પુદગલ અણુ તણો રે, ઉપચારઈ તેહ ભાવો રે. ૧૪ ચતુર૦

એક પ્રદેશ સ્વભાવ અને અનેક પ્રદેશ સ્વભાવ:

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય અને કાળ એ છ દ્રવ્યો છે. તેમાં પ્રથમ ત્રણ અસંખ્યાત પ્રદેશવાળા અને અખંડ છે. જીવાસ્તિકાય પણ અસંખ્યાત પ્રદેશયુક્ત અને અખંડ છે, જીવો અનંત હોવા છતાં પ્રત્યેક જીવના પ્રદેશો તો અસંખ્યાતા જ છે.

પુદ્ગલો અનંત છે, દરેક પુદ્ગલનું મૂળભૂત સ્વરૂપ પરમાણુ છે, અને તે સ્વતંત્ર છે. પરમાણુઓના સંયોગથી દ્વયણુક વગેરે સ્કંધો બને છે. સ્કંધ એ મૂળભૂત નથી. એટલે ધર્મ-અધર્મ આકાશ-અને જીવ એ ચારને એકપ્રદેશ સ્વભાવ નથી. પુદ્ગલને એકપ્રદેશ સ્વભાવ છે. એ પરમભાવગ્રાહક નયથી જાણવું. પરમભાવગ્રાહક નયથી કાળનો વિચાર કરીએ તો પૂર્વે જણાવ્યા પ્રમાણે કાળ વાસ્તવપણે દ્રવ્ય છે નહિં એવો એક મત છે. જ્યારે બીજો મત એવો છે કે-જે ષડ્ દ્રવ્યની વ્યવસ્થા વ્યવસ્થિત સમજાય માટે કાળને દ્રવ્ય માને છે. અઢીદ્વીપવ્યાપી એ દ્રવ્ય છે. એ અખંડ નથી પણ પુદ્ગલને જે પ્રમાણે પરમાણુ સ્વરૂપ છે. તે પ્રમાણે કાળ પણ સમય સ્વરૂપ છે. પરમાણુઓના સંયોગથી જેમ સ્કન્ધો બને છે. તેમ સમયોના કાલ્પનિક સબંન્ધથી દીર્ઘકાળ માનવામાં આવે છે.

એટલે સમય એ અણુરૂપ છે ને તેને કાલાણું કહેવામાં આવે છે. એ એક જ છે એટલે કાળ એ એક પ્રદેશ સ્વભાવ છે.

પુદ્ગલ પરમાણુ અને કાલાણુ સિવાયના ચાર દ્રવ્યો, ધર્મ–અધર્મ–આકાશ અને જીવ અખંડ છે. એ ચારે અખંડ હોવા છતાં તેમાં તે તે કાર્યોને અંગે ભેદ કલ્પના કરવી પડે છે. પણ જ્યારે શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી તે ચારે દ્રવ્યોને વિચારવામાં આવે છે ત્યારે તેમાં ભેદ–કલ્પનાને કોઇ અવકાશ નથી.

એ રીતે ભેદકલ્પના–રહિત શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી એ ચારે દ્રવ્યોમાં એક પ્રદેશ સ્વભાવ છે. ભેદકલ્પના– દૂર કરી છે અને શુદ્ધ દ્રવ્યાર્થિકને આગળ કરેલ છે એટલે ઉપરોક્ત ચારે દ્રવ્યો અસંખ્યાત પ્રદેશવાળા હોવા છતાં તે તે દ્રવ્યોના પ્રત્યેક પ્રદેશો સમાન છે અને એક બીજા સાથે સનાતન ભાવે સંકળાએલા છે, એટલે એ ચારે એક પ્રદેશ સ્વભાવ છે એમ માનવામાં કાંઇ બાધક નથી.

જ્યારે આ ચારે દ્રવ્યોને ભેદકલ્પના કરીને વિચારવામાં આવે ત્યારે તે દ્રવ્યો અખંડ હોવા છતાં તેના ખંડ પડી જાય. જેમ ઘટાકાશ, પટાકાશ, વગેરે આકાશના ખંડો પડે છે, ઊર્ધ્વ ધર્માસ્તિકાય, ઊર્ધ્વ અધર્માસ્તિકાય, અધો ધર્માસ્તિકાય અધો અધર્માસ્તિકાય, હસ્તાવચ્છિન્ન જીવ, પાદાવચ્છિન્ન જીવ ઇત્યાદિ ખંડો ભેદકલ્પના સાપેક્ષ છે. આવા ભેદો કલ્પવા એ શુદ્ધ નથી એટલે અશુદ્ધ દ્રવ્યાર્થિક નયની વિચારણાને આગળ કરીને આવા ભેદો કલ્પવા પડે છે. અને તે પણ તે તે વિચારણા કરવા માટે આવશ્યક છે. આ ભેદકલ્પનાથી જ્યારે ચાર દ્રવ્યોને વિચારીએ ત્યારે તેમાં અનેકપ્રદેશ સ્વભાવ છે. આ ચાર દ્રવ્યોમાં અનેક પ્રદેશ સ્વભાવ સ્વાભાવિક રહે છે, ફક્ત તેમાં ભેદકલ્પના કરવી પડે છે એટલું જ અશુદ્ધ છે.

પરમાણુમાં અનેક પ્રદેશ સ્વભાવ વાસ્તવિક રીતે રહેતો નથી, પણ જ્યારે એ સ્કન્ધ સાથે જોડાય છે ત્યારે તે પણ એક બીજા સંકળાએલ હોવાથી તેમાં અનેકપ્રદેશ સ્વભાવનો ઉપચાર કરી શકાય છે. એટલે પુદ્ગલાણુમાં ઉપચારથી અનેકપ્રદેશ સ્વભાવ છે. કાલાણુમાં એવો ઉપચાર કરવાની પણ કોઈ શકયતા નથી. એટલે કાલાણુમાં અનેકપ્રદેશ સ્વભાવ નથી.

શુદ્ધાશુદ્ધ દ્રવ્યાર્થિકઇં રે, જાણિ વિભાવ સ્વભાવ;
શુદ્ધઇં શુદ્ધ સ્વભાવ છઇં રે, અશુદ્ધઇં અશુદ્ધ સ્વભાવો રે. ૧૫ ચતુર૦
અસદ્‌ભૂત વ્યવહારથી રે, છઇં ઉપચરિત સ્વભાવ;
એ સ્વભાવ નય યોજના રે, કીજઇં મનિ ધરિ ભાવો રે. ૧૬ ચતુર૦
અનુપચરિત નિજ ભાવ જે રે, તે તો ગુણ કહવાય;
ઇક દ્રવ્યાશ્રિત ગુણ કહિયા રે, ઉભયાશ્રિત પજ્જયો રે. ૧૭ ચતુર૦

સ્વભાવ ભેદ સહિત કહિયા રે, ઇમ એ ગુણહ પ્રકાર;
હવઇં ભેય પજ્જયના રે, સુણિઇં સુજસ ભંડારો રે. ૧૮ ચતુર૦

શુદ્ધાશુદ્ધ વિભાવ સ્વભાવ, ઉપચરિત સ્વભાવ.

શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી દ્રવ્યોની જે વિચારણા કરવામાં આવે અને તેમાં જે સ્વભાવ નિશ્ચિત થાય તે શુદ્ધ સ્વભાવ છે. અશુદ્ધ દ્રવ્યાર્થિક નયથી દ્રવ્યોનો જે વિચાર કરવામાં આવે અને તેમાં જે સ્વભાવ નિશ્ચિત થાય તે અશુદ્ધ સ્વભાવ છે. બન્નેને સંમિશ્ર કરીને જે સ્વભાવ વિચારાય એ વિભાગ સ્વભાવ છે.

વસ્તુમાં-પદાર્થમાં જે સ્વભાવ વાસ્તવપણે ન હોય છતાં અમુક કાર્ય તેમાં જણાતું હોય ત્યારે અસદ્‌ભૂત વ્યવહાર નયથી તે તે કાર્યને અનુરૂપ સ્વભાવની તે તે દ્રવ્યોમાં કલ્પના કરવી અનિવાર્ય બને છે. એ અસદ્‌ભૂત વ્યવહાર નયથી કલ્પના કરેલ સ્વભાવ તે ઉપચરિત સ્વભાવ છે.

આ પ્રમાણે તે તે સ્વભાવોની વિચારણા નયયોજના પૂર્વક કરવી.

કોઇ કોઈ સ્થળે દિગમ્બર પ્રક્રિયાને સુધારી-વધારીને અહિં સ્વભાવોનું વર્ણન કર્યું છે. છતાં આ સ્વભાવોની વિચારણા દિગમ્બરોએ આગળ કરી છે. તેમાં કેટલુંક વિચારણીય પણ છે. તે આ પ્રમાણેઃ-

દ્રવ્ય-ગુણ અને પર્યાય. તેમાં દ્રવ્ય એ આધાર છે અને ગુણ-પર્યાય એ તેમાં રહેનારા છે. ગુણ-પર્યાય એ બેથી સ્વભાવ એ કોઇ ત્રીજો ભાવ નથી.

અનુપચરિતભાવ-સ્વભાવ એ ગુણ છે. અને ઉપચરિતભાવ-સ્વભાવ એ પર્યાય છે. એક દ્રવ્યને આશ્રયીને રહે છે તે ગુણ છે અને દ્રવ્ય અને ગુણ એમ ઉભયને આશ્રયીને જે રહે છે તે પર્યાય છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં પણ એ હકીકત આ પ્રમાણે કહી છે.

गुणाणमासओ दव्वं, एगदव्वस्सिआ गुणा। लक्खणं पज्जवाणं तु उभओ अस्सिआ भवे॥१॥

જો સ્વદ્રવ્યાદિગ્રાહક નયથી અસ્તિસ્વભાવ છે, પરદ્રવ્યાદિગ્રાહક નયથી નાસ્તિસ્વભાવ છે એમ માનવામાં આવે તો અસ્તિ-નાસ્તિ એ એ બન્ને પણ દ્રવ્યાર્થિક વિષય થયા. અને એમ થતાં સપ્તભંગીમાં પ્રથમ અને દ્વિતીયભંગને દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક આશ્રયણ કરવામાં પ્રક્રિયા ભંગ થાય. વગેરે અહિં ઘણું વિચારણીય છે. એ વિશેષ ગ્રન્થથી જાણવું.

" यदि च ' स्व-द्रव्यादिग्राहकेणास्तिस्वभावः, परद्रव्यादिग्राहकेण नास्तिस्वभावः, इत्यभ्युपगम्यते, तदोभयोरपि द्रव्यार्थिकविषयत्वात्, सप्तभङ्ग्यामाद्यद्वितीययोर्भङ्गयोर्द्रव्यार्थिकपर्यायार्थिकाश्रणे प्रक्रिया भज्येत इत्याद्यत्र बहुविचारणीयम् ॥

આ પ્રમાણે સ્વભાવના ભેદો સહિત ગુણના પ્રકારોનું વર્ણન કર્યું, હવે પર્યાયના ભેદોનું સ્વરૂપ વર્ણવીએ છીએ, તે વિમળ યશના ધારક શ્રોતાઓ તમે સાવધાન થઈને શ્રવણ કરો.

ઢાળ ૧૩ મીનો ટબાર્થ.

(૧) **અસ્તિ સ્વભાવ** દ્રવ્યનો છે, તે સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનયે [૧]વખાણીએ. ૧. **નાસ્તિ સ્વભાવ** છે, તે પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનયે. ૨. **उक्तं च–'सर्वमस्ति स्वरूपेण, पररूपेण नास्ति च'**। ૧.

(૨) ઉત્પાદ, વ્યય ગૌણપણે સત્તા ગ્રાહક દ્રવ્યાર્થિકનયે **નિત્ય સ્વભાવ** કહીએ. ૩. કોઈક પર્યાયાર્થિક નય ઉત્પાદ–વ્યય ગ્રાહક હોઈ તેણે કરી **અનિત્ય સ્વભાવ** જાણો. ૪. ૨.

(૩) ભેદ કલ્પના નિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિકનયે **એક સ્વભાવ** જાણો. ૫. અન્વય દ્રવ્યાર્થિકનયે **અનેક સ્વભાવ.** ૬. **कालान्वये सत्ताग्राहको देशान्वये चान्वयग्राहको नयः प्रवर्तते**। ૩.

(૪) **સદ્‌ભૂત** વ્યવહારનયથી ગુણ–ગુણી, પર્યાય–પર્યાયીનો **ભેદ સ્વભાવ** ૭. ભેદકલ્પનારહિત શુદ્ધદ્રવ્યાર્થિકનયથી **અભેદ સ્વભાવ.** ૮. **यत्र कल्प्यमानस्यान्तर्निगीर्णत्वेन ग्रहः, तत्रैकस्वभावः, यथा घटोऽयम्'** इति। **यत्र विषयविषयिणोर्वैविक्त्येन ग्रहः, तत्राभेदस्वभावः यथा 'नीलो घटः'** इति। **सारोपासाध्यवसान[२]योर्निरूढत्वार्थमयं प्रकारभेदः** ૮। **प्रयोजनवत्यौ तु ते यदृच्छानिमित्तकत्वेन, न स्वभावभेदसाधके, इति परमार्थः**। ૪.

(૫) **ભવ્ય સ્વભાવ** અને **અભવ્ય સ્વભાવ** એ બે (૨) પરમભાવગ્રાહકનયે જાણવા. ભવ્યતા સ્વભાવ નિરૂપિત છે, અભવ્યતા ઉત્પન્ન સ્વભાવની તથા પરભાવની સાધારણ છે, તે માટે [૩]ઠિહાં અસ્તિ, નાસ્તિ, સ્વભાવની પરે સ્વ–પર દ્રવ્યાદિ ગ્રાહકનય ૨ (બે) પ્રવૃત્તિ ન હોય. શુદ્ધાશુદ્ધપણે [૩]સંમુગ્ધ જે પરમભાવ ગ્રાહક નય તેણે કરી આત્મારામને **ચેતન સ્વભાવ** કહીએ. ૫

(૬) અસદ્‌ભૂત વ્યવહારનયથી કર્મ–જ્ઞાનાવરણાદિક, નોકર્મ મન–વચન–કાયા પણ ચેતન કહીએ. ચેતનસંયોગ કૃત પર્યાય તિહાં છે, તે માટે **'इदं शरीरमावश्यकं जानाति' इत्यादि व्यवहारोऽत्र मेव भवति, घृतं दहति' इतिवत्'** પરમભાવગ્રાહકનયે તે કર્મ–નો કર્મ **અચેતન સ્વભાવ** કહીએ. જેમ ઘૃત અનુષ્ણ સ્વભાવ. ૬.

(૭) અસદ્‌ભૂત વ્યવહારનયથી જીવ **અચેતન સ્વભાવ** કહિએ. **अत एव 'जडोऽयम्, अचेतनोऽयम्'**, ઇત્યાદિ વ્યવહાર છે. **एतेन 'मां न जानामि' इति प्रतीत्या विलक्षणाऽज्ञानसिद्धिर्वेदान्तिनामपास्ताऽसद्‌भूतव्यवहारनयग्राह्येणाचेतनस्वभावेनैव तदुपपत्तेः'**। પરમભાવ ગ્રાહકનયે કર્મ–નોકર્મને **મૂર્ત સ્વભાવ** કહીએ. ૭.

(૮) અસદ્‌ભૂત વ્યવહારનયથી જીવને **મૂર્ત સ્વભાવ** પણ કહીએ. **अत एव 'अयमात्मा दृश्यते, अमुमात्मानं पश्यामि'** એ વ્યવહાર છે. એ સ્વભાવે જ **'रक्तौ च पद्मप्रभवासुपूज्यौ'** ઇત્યાદિ વચન છે. પરમભાવગ્રાહકનયે પુદ્‌ગલ દ્રવ્ય વિના બીજા સર્વ દ્રવ્યને **અમૂર્ત સ્વભાવ** કહીએ. ૮.

(૯) ચેતન સંયોગે દેહાદિકને વિષે જેમ ચેતનત્વ ઉપચરિએ છે, તેમ અમૂર્તત્વ ઉપચરતા નથી. તે માટે અસદ્‌ભૂત વ્યવહારથી પણ પુદ્‌ગલને **અમૂર્ત સ્વભાવ** ન કહીએ. 'પ્રત્યાસત્તિ' દોષે અમૂર્તત્વ તિહાં કિમ ન ઉપચરિએ? તે ઉપર કહે છે. અનુગમવશે–એક સંબંધ દોષે જેહ સ્વભાવ વ્યવહારિએ તે ઉપચરિએ, પણ સર્વ ધર્મનો ઉપચાર ન હોએ. **'तथा च,' आरोपे सति निमित्तानुसरणम्, न तु निमित्तमुररीकृत्यारोपः' इति न्यायोऽत्राश्रयणीयः इति भावः** ૯.

(૧૦) એ ભાવે–એ અભિપ્રાયે સંમતિ ગ્રંથમાં કહિઉં છે, જે અનુગત અત્યંત સંબદ્ધ, અશેષ

---

૧ તિહાં અસ્તિ સ્વભાવ કહીએ. (પા૨ા.) ૨ **सारोपाध्यवसानयो** (પા૨ા૦) ૩ સંબદ્ધ (પા૨ા.)

કહેતાં-સર્વ અર્થ જલ પય, જેમ-ખીર નીર પરે વિભજિએ નહીં-પૃથક્ કરીએ નહીં. કિહાંતાંએ અંત્ય વિશેષતાએ અંત્ય વિશેષે શુદ્ધ પુદ્ગલ જીવ લક્ષણે વિભજિએ. **यथा औदारिकादिवर्गणा-निष्पन्नाच्छरीरादेर्ज्ञानघनासंख्येयप्रदेश आत्मा भिन्नः** ' इति ।

अत्र गाथा—अन्नुन्नाणुगयाणं, ' इमं व तं व ' त्ति विभयणमजुत्तं ।

जह दुद्धपाणियाणं, जावंत विसेसपज्जाया ॥ १-४७ ॥ ૧૦

(૧૧) એમ કહેતાં ' મૂર્તતા જો પુદ્ગલ દ્રવ્ય વિભાજક અંત્ય વિશેષ છે, તો તેહનો ઉપચાર આત્મદ્રવ્યે કેમ હોય ? અને જો તે વિશેષ નહીં તો અન્યોન્યાનુગમે અમૂર્તતાનો ઉપચાર પુદ્ગલ દ્રવ્યે કેમ ન હોય ? ' એહવી શંકા કોઇકને હોયે છે, તે ટાળવાને કહે છે. જિહાં પુદ્ગલ દ્રવ્યે મૂર્તતા અભિભૂત નથી, કિંતુ ઉદ્ભૂત છે, તિહાં અમૂર્તતા સ્વભાવ ન હોય તે માટે અમૂર્તતા *અપુદ્ગલ દ્રવ્યનો અંત્ય વિશેષ અને જિહાં આત્મદ્રવ્યે કર્મદોષે અમૂર્તતા અભિભૂત છે, તિહાં મૂર્તતા અનંત્ય અનુગમજનિત સાધારણ ધર્મરૂપ હોય-**तथा च अन्योऽन्यानुगमाविशेषेऽपि क्वचिदेव किञ्चित् केनचित् कथञ्चिदनुभूयते,+ इति यथागमव्यवहारमाश्रयणीयम्** । ૧૧

(૧૨) ' ઉપચારે પણ અમૂર્ત સ્વભાવ પુદ્ગલને ન હોય ' એમ કહેતાં તો એકવીસમો ભાવ ભેળાએ તે વારે ' **एकविंशतिभावाः स्युर्जीवपुद्गलयोर्मताः** ' એ વચન વ્યાઘાતથી અપસિદ્ધાંત થાય, તે ટાલવાને કાજે અસદ્ભૂત વ્યવહારનયે પરોક્ષ જે પુદ્ગલ પરમાણું છે-તેહને અમૂર્ત કહીએ. ' **व्यावहारिकप्रत्यक्षागोचरत्वममूर्तत्व परमाणौ भाक्तं स्वीक्रियते** ' **इत्यर्थः** ૧૨

(૧૩) **कालाणुने** તથા પુદ્ગલાણુને પરભાવગ્રાહકનયે **એકપ્રદેશ સ્વભાવ** કહીયે, પરદ્રવ્યને એ ૨ (બે) ટાલી, ખીન્ન દ્રવ્યને ભેદ-કલ્પના-રહિત-શુદ્ધદ્રવ્યાર્થિક **એકપ્રદેશ સ્વભાવ** કહીએ. ૧૩

(૧૪) ભેદ-કલ્પના-સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિકનયે **અણુ**-ક-પરમાણુ વિના સર્વદ્રવ્યને **અનેકપ્રદેશ સ્વભાવ** કહીએ અને પુદ્ગલ પરમાણુને અનેક પ્રદેશ થાવાની યોગ્યતા છે તે માટે ઉપચારે **અનેક-પ્રદેશ સ્વભાવ** કહીએ. કાલાણુમાંહિ તે ઉપચાર કારણ નથી, તે માટે તેહને સર્વથા એ સ્વભાવ નહીં. ૧૪

(૧૫) શુદ્ધાશુદ્ધ દ્રવ્યાર્થિકનયે સંભવે **વિભાવ સ્વભાવ** છે. શુદ્ધ દ્રવ્યાર્થિકનયે **શુદ્ધ સ્વભાવ** અશુદ્ધ દ્રવ્યાર્થિકનયે **અશુદ્ધ સ્વભાવ** જાણવો. ૧૫.

(૧૬) અભદ્ભૂત વ્યવહારનયથી **ઉપચરિત સ્વભાવ.** એ ભાવ ચિત્તમાંહિ ધરી સ્વભાવ-નય યોજના કીજે. ૧૬.

(૧૭) એ દિગંબર પ્રક્રિયા કિહાં કિહાં સ્વસમયે પણ ઉપસ્કૃત કરી છે, એહમાંહિ ચિંત્ય છે તે દેખાડે છે. સ્વભાવ તે ગુણ પર્યાયથી ભિન્ન ન વિવક્ષિએ. જે માટે જે અનુપચરિત ભાવ-તે ગુણ જ, ઉપચરિત તે પર્યાય જ **अत एव**-એક દ્રવ્યાશ્રિત ગુણ, ઉભયાશ્રિત પર્યાય કહિયા-**तथोक्तम्-उत्तराध्ययनेषु** ' **गुणाणमासओ दव्वं, एगदव्वस्सिआ गुणा । लक्खणं पज्जवाणं तु, उभओअस्सिआ भवे ॥१॥**' ' **यदि च ' स्वद्रव्यादिग्राहकेणास्ति स्वभावः ' परद्रव्यादिग्राहकेण नास्तिस्वभावः इत्यभ्युपगम्यते तदोभयोरपि द्रव्यार्थिक-विषयत्वात् सप्तभंग्यामाद्यद्वितीययोर्भङ्गयोर्द्रव्यार्थिकपर्यायर्थिकाश्रयणे प्रक्रियाभज्येत, इत्याद्यत्र बहु विचारणीयम्** । ૧૭

(૧૮) એમ એ સ્વભાવ ભેદ સહિત ગુણના પ્રકાર કહિયા હવે પર્યાયના ભેદ સાંભળો. સુયશના ભંડાર એવા શ્રોતા પુરુષો. ૧૮

૧૩ મી ઢાળ સંપૂર્ણ.

* પુદ્ગલ દ્રવ્ય (પાઠા૦) + भिभूयते (પાઠા૦)

ઢાળ ૧૪ મી.

(રાગ—મલ્હાર-મારગ વહિં રે ઉતાવળો એ દેશી અથવા
છોડી સીમંધર સ્વામીઆ-એ દેશી.)

સુણો ભેદ પજ્જયના, તે દોઇ પ્રકાર;
વ્યંજન અર્થ વિભેદથી, સંખેપઇ સાર. ૧
શ્રી જિનવાણી આદરો.

અનુમત કાલ કલિત કહિયો, વ્યંજન પર્યાય;
વર્તમાન સૂષિમ તિહાં, અત્થહ પજ્જય. ૨ શ્રી જિન૦

દ્રવ્ય ગુણઇ બિહું ભેદ તે, વલી શુદ્ધ અશુદ્ધ;
શુદ્ધ દ્રવ્ય વ્યંજન તિહાં, ચેતનનઇ સિદ્ધ. ૩ શ્રી જિન૦

અશુદ્ધ દ્રવ્ય વ્યંજન બહૂ, મનુજાદિક ભેદ;
ગુણથી વ્યંજન ઇમ દ્વિધા, કેવલ મઇ ભેદ. ૪ શ્રી જિન૦

ઋજુસૂત્રાદેશઇ કરી, ક્ષણ પરિણત એહ;
કહો અર્થ પજ્જય એ, અભ્યંતર જેહ. ૫ શ્રી જિન૦

પુરુષ શબ્દ જિમ પુરુષ નઇ, વ્યંજન પર્યાય;
સંમતિ ગ્રંથિ અર્થથી, બાલાદિ કહાય. ૬ શ્રી જિન૦

દ્રવ્ય અને ગુણનું વર્ણન કર્યા પછી ક્રમપ્રાપ્ત પર્યાયનું વર્ણન કરે છે. પર્યાયના મૂળ બે ભેદ છે. ૧. વ્યંજનપર્યાય. અને ૨. અર્થપર્યાય.

(૧) જે પર્યાય પદાર્થની સાથે અનુગત રહે છે, ત્રણે કાળમાં રહે છે, તે પદાર્થવ્યંજનપર્યાય કહેવાય છે. જેમ ઘટ દ્રવ્યનો માટી પર્યાય કાયમી છે. એટલે તે વ્યંજનપર્યાય છે.

(૨) જે પર્યાય પદાર્થમાં વર્તમાનકાળ પૂરતો ક્ષણમાત્ર રહે છે તે અર્થપર્યાય છે. જેમ ઘટ પદાર્થમાં ક્ષણે ક્ષણે જે પરિવર્તનો થાય છે, તે સર્વ તેના ક્ષણ પૂરતા અર્થપર્યાયો છે.

આ વ્યંજનપર્યાય અને અર્થપર્યાય એ બન્નેના બે ભેદ છે, ૧, દ્રવ્ય વ્યંજન પર્યાય અને ૨, ગુણ વ્યંજન પર્યાય. એજ પ્રમાણે

૧. દ્રવ્ય અર્થ પર્યાય અને ૨. ગુણ અર્થ પર્યાય. આમ પર્યાયના ચાર ભેદ થયા. વળી ચારના પણ બે ભેદ છે, એક શુદ્ધ અને બીજો અશુદ્ધ. એટલે સર્વ મળી આઠ ભેદ થાય છે. તે આ પ્રમાણે છે.

૧. શુદ્ધ દ્રવ્ય વ્યંજન પર્યાય. ૨. અશુદ્ધ દ્રવ્ય વ્યંજન પર્યાય.
૩. શુદ્ધ દ્રવ્ય અર્થ પર્યાય ૪. અશુદ્ધ દ્રવ્ય અર્થ પર્યાય.
૫. શુદ્ધ ગુણ વ્યંજન પર્યાય. ૬. અશુદ્ધ ગુણ વ્યંજન પર્યાય.
૭. શુદ્ધ ગુણ અર્થ પર્યાય. ૮. અશુદ્ધ ગુણ અર્થ પર્યાય.

ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોમાં સ્વાભાવિક પણે લાંબા કાળ સુધી જે પર્યાયો રહે છે તે **શુદ્ધ દ્રવ્ય વ્યંજનપર્યાય** કહેવાય છે. આત્મ દ્રવ્યમાં જે સિદ્ધ પર્યાય છે તે આ પ્રકારમાં આવે છે. આત્મા એ દ્રવ્ય છે. તેમાં સિદ્ધ પર્યાય રહે છે અને તે કોઇ અન્ય દ્રવ્યના સમ્બન્ધથી નથી પણ સ્વાભાવિક છે, અને તે પર્યાય ચેતનદ્રવ્યમાં લાંબા કાળ સુધી રહે છે. આ પ્રમાણે ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યોમાં પણ વિચારવું. ચેતનમાં જે મનુષ્ય-દેવ-નારક-તિર્યંચ વગેરે પર્યાયો રહે છે, તે લાંબા કાળ સુધી દ્રવ્યગત છે એ બરાબર છે, પણ સ્વાભાવિક નથી. કર્મના સમ્બન્ધ જન્ય છે માટે તે અશુદ્ધ છે. એટલે એ પર્યાયો **અશુદ્ધ દ્રવ્ય વ્યંજન પર્યાય** છે. આત્મા આદિ દ્રવ્યોમાં જે પર્યાયો સ્વાભાવિક રહે છે અને ક્ષણ માત્ર સ્થાયી હોય છે તે **શુદ્ધ દ્રવ્ય અર્થપર્યાય** છે અને એજ પ્રમાણે કોઈ અન્ય દ્રવ્ય સમ્બન્ધથી ચેતનાદિ દ્રવ્યોમાં ક્ષણસ્થાયી પર્યાયો રહે છે તે **અશુદ્ધ દ્રવ્ય અર્થપર્યાય** છે.

ચેતનાદિ દ્રવ્યોમાં જ્ઞાનાદિ ગુણો છે. તે ગુણમાં કેવળજ્ઞાન એ જ્ઞાનગુણનો સ્વાભાવિક ચિરસ્થાયી પર્યાય છે, અને મતિજ્ઞાનાદિ એ ક્ષયોપશમભાવે થતાં હોવાથી કર્મ-સાપેક્ષ છે માટે અશુદ્ધ છે. એટલે કેવળજ્ઞાન એ **શુદ્ધ ગુણ વ્યંજન પર્યાય** છે, અને મતિજ્ઞાનાદિ **અશુદ્ધ ગુણ વ્યંજન પર્યાય** છે. આ પ્રમાણે ક્ષણમાત્ર સ્થાયી જે શુદ્ધ અને અશુદ્ધ પર્યાયો છે, તે **શુદ્ધ ગુણ અર્થ પર્યાય** અને **અશુદ્ધ ગુણ અર્થપર્યાય** સમજવા.

ઋજુસૂત્ર નયના આદેશે ક્ષણમાત્ર સ્થાયી જે અભ્યન્તર પર્યાય છે, તે શુદ્ધ અર્થપર્યાય છે.

એક પર્યાય લાંબા કાળ સુધી રહેતો હોય પણ તે જો અન્ય પર્યાય કે જે વધુ લાંબા કાળ સુધીનો હોય તેનો વ્યાપ્ય હોય તો તેની અપેક્ષાએ એ અલ્પકાળસ્થાયી બને અને તેથી બીજાને સાપેક્ષ રહેતો હોવાથી અશુદ્ધ અર્થપર્યાય કહેવાય છે.

જે પ્રમાણે-જીવ મનુષ્યાદિ ગતિમાં પુરુષ રૂપે જન્મ્યો છે. તે જન્મથી આરંભીને મરણ પર્યન્ત પુરુષ કહેવાય છે. એ પુરુષ પર્યાય ચેતનાનો વ્યંજનપર્યાય છે. અને તેમાં બાલ યુવાન-વૃદ્ધ વગેરે પર્યાયો છે તે અર્થપર્યાય છે.

આજ હકીકત સંમતિ તર્કના પ્રથમ કાંડની ગાથા-૩૨માં આ પ્રમાણે વર્ણવી છે.

पुरिसम्मि पुरिससद्दो, जम्माईमरणकालपज्जंतो। तस्स उ बालाईआ, पज्जवभेया बहुविगप्पा १.३२॥

ષડ્ગુણ હાણી-વુદ્ધિથી, જિમ અગુરુલહુત્ત;
નવ નવ તિમ ખિણ ભેદથી, કેવલપણિ વુત્ત. ૭ શ્રી જિન૦
શુદ્ધ દ્રવ્ય વ્યંજન અણૂ, પુદ્ગલ પર્યાય;
અશુદ્ધ દ્વયણુકાદિક ગુણા, નિજગુણ પજ્જય. ૮ શ્રી જિન૦

જે પર્યાય લાંબાકાળ સુધી રહે છે, તે વ્યંજન પર્યાય છે અને જે વર્તમાન કાળ પૂરતો રહે છે તે અર્થપર્યાય છે. ઋજુસૂત્રનયને મતે જે એક ક્ષણ માત્ર રહે તે જ અર્થ પર્યાય ગણાય, શુદ્ધ અર્થપર્યાય તેને જ માનવામાં આવે છે, પણ અશુદ્ધ અર્થ પર્યાયમાં અનેક સમયાત્મક વર્તમાનકાળ પણ છે, ને તેથી તેમાં રહેતા પર્યાયોને ગણવામાં આવે છે. અને તે સાપેક્ષભાવે સંગત ગણાય છે.

કેવળજ્ઞાન-જે શુદ્ધ ગુણ વ્યંજન પર્યાય છે. તેમાં પણ તે તે ક્ષણની વિવિક્ષાએ શુદ્ધ ગુણ અર્થપર્યાય પણ ઘટાવી શકાય.

દિગમ્બરાભાસ કેવળજ્ઞાનમાં અર્થપર્યાય રહે જ નહિં, એ પ્રમાણે કહે છે, તે મિથ્યા છે જે પ્રમાણે અગુરુલઘુ પર્યાયોમાં ક્ષણે ક્ષણે ષડ્ગુણ હાનિ વૃદ્ધિ થાય છે, અને તેથી તેઓ સૂક્ષ્મઅર્થપર્યાય ગણાય છે, તે જ પ્રમાણે કેવળજ્ઞાનમાં પણ ક્ષણભેદે પરાવર્તન-સૂક્ષ્મ ફેરફાર થાય છે, એ પરાવર્તનને આધારે તો કેવળજ્ઞાનમાં પણ ઉત્પાદવ્યયધ્રૌવ્યલક્ષણ સત્ સમજી-સમજાવી શકાય છે.

આગમમાં પણ **'पढमसमयसजोगिभवत्थकेवलनाणे, अपढमसनयसजोगिभवत्थकेवलनाणे'** વગેરે વચનોથી સમય-સમયનું કેવળજ્ઞાન ભિન્ન છે, એ સ્પષ્ટ નિરૂપ્યું છે, એટલે ઋજુસૂત્રનયની વિચારણા પ્રમાણે શુદ્ધ ગુણના પણ અર્થપર્યાય માનવા એ યથાર્થ છે.

પરમાણુ દ્રવ્ય એ ત્રિકાલસ્થાયી છે, એટલે તે પુદ્ગલાસ્તિકાયનો શુદ્ધ દ્રવ્ય વ્યંજન પર્યાય જાણવો અને દ્વયણુક વગેરે સંયોગથી ઉત્પન્ન થાય છે. એટલે તે શુદ્ધ નથી માટે તે પુદ્ગલદ્રવ્યના અશુદ્ધ દ્રવ્ય વ્યંજન પર્યાય જાણવા.

પરમાણુ દ્રવ્યમાં જે રૂપાદિગુણો રહે છે તે અશુદ્ધ ગુણ વ્યંજન પર્યાય જાણવા.

આ સર્વમાં ઋજુસૂત્ર નયાદેશે અર્થપર્યાયની વિવક્ષા પણ સમજવી.

સૂક્ષ્મ અર્થ પર્યાય તે, ધર્માદિક એમ;
નિજપર પ્રત્યયથી લહો, છાંડી હઠ પ્રેમ. ૯ શ્રી જિન૦
જિમ આકૃતિ ધર્માદિની, વ્યંજન છઈ શુદ્ધ;
લોક દ્રવ્ય સંયોગથી, તિમ જાણિ અશુદ્ધ. ૧૦ શ્રી જિન૦

સંયોગઇં આકૃતિ પરિ, પજ્જાય કહવાય;
ઉત્તરાધ્યયનઇં ભાષિઆં, લક્ષણ પજ્જાય. ૧૧ શ્રી જિન૦
એકત પૃથકત તિમ વલી, સંખ્યા સંઠાણિ;
વલિ સંયોગ વિભાગ એ, મનમાં તૂં આણિ. ૧૨ શ્રી જિન૦

ધર્માસ્તિકાય વગેરે ત્રણે અખંડ અને એકરૂપ જણાય છે, એટલે તેમાં શુદ્ધ દ્રવ્ય-વ્યંજન પર્યાય સ્પષ્ટ સમજાય છે. તેમાં શુદ્ધદ્રવ્ય અર્થ પર્યાયની વિચારણા સૂક્ષ્મ બુદ્ધિથી કરવી જોઇએ. કોઇ એમ ને એમ ઉપલક દૃષ્ટિથી વિચારીને હઠ કરે કે તેમાં શુદ્ધ દ્રવ્ય અર્થ પર્યાય નથી તો તે વ્યાજબી નથી. ઋજુસૂત્રનયની વિચારણા પ્રમાણે ક્ષણે ક્ષણે તેમાં પરાવર્તન થાય છે. એટલે જે પ્રમાણે કેવળજ્ઞાનમાં અર્થપર્યાય છે એમ પૂર્વે જણાવ્યું તે પ્રમાણે ધર્માસ્તિકાય વગેરેમાં પણ અર્થપર્યાય છે, એમાં કાંઈ વિરોધ નથી, એટલે મિથ્યા-આગ્રહને દૂર કરીને ધર્માસ્તિકાય આદિના પણ શુદ્ધ દ્રવ્ય અર્થપર્યાય માનવા.

ધર્માસ્તિકાય આદિ ત્રણે દ્રવ્યો અખંડ અને એકરૂપ છે એટલે તેમાં અશુદ્ધ દ્રવ્ય-વ્યંજન-અર્થ પર્યાયો કેમ સંભવે? એવી શંકા થાય એ સ્વાભાવિક છે, પણ જે પ્રમાણે પુદ્ગલાસ્તિકાયમાં પરમાણુ એ શુદ્ધ દ્રવ્ય છે દ્વયણુક આદિ સંયોગથી નીપજતા હોવાથી અશુદ્ધ દ્રવ્ય છે. એ જ પ્રમાણે નિરપેક્ષપણે ધર્માસ્તિકાય આદિ શુદ્ધ દ્રવ્ય છે. પણ તે તે દ્રવ્યોને સાપેક્ષ કરીને ગતિ-સ્થિતિ અને અવકાશ આપનારા એ ત્રણેના ખંડ પાડી શકાય છે અને તે ખંડરૂપ ત્રણે દ્રવ્યો અશુદ્ધ છે, ઘટાકાશ પટાકાશ ઇત્યાદિ આકાશાસ્તિકાય પ્રસિદ્ધ છે. એવીજ રીતે ઘટ ધર્માસ્તિકાય પટ ધર્માસ્તિકાય, ઘટાધર્માસ્તિકાય પટાધર્માસ્તિકાય પણ વિચારવા એટલે તે ઘટ-પટ સાપેક્ષ ત્રણે અશુદ્ધ સમજવા. તેમાં રહેલા પર્યાયો વ્યંજન અને અર્થપણે વિચારવા.

આકાશાસ્તિકાય વગેરેમાં ઘટાદિના અવલંબનથી જે આકૃતિ પડે છે તેને પર્યાય માનવામાં કોઇ બાધક નથી, પણ જે ઘટ અને આકાશનો સંયોગ છે તેને પર્યાય કેમ માની શકાય ?

જે પ્રમાણે આકૃતિ એ પર્યાય છે, તે પ્રમાણે સંયોગ પણ પર્યાય છે એમ માનવું. જો સંયોગને પર્યાય ન માનવામાં આવે તો એ શું છે. ? એ પ્રશ્ન સ્વાભાવિક થાય. એ દ્રવ્ય નથી એ તો નિશ્ચિત છે, તે ગુણ પણ ન ગણાવી શકાય. ગુણ તો તે તે દ્રવ્યમાં સ્વરૂપસત્ રહેતા હોય છે, સંયોગ એ ઉભયનિષ્ઠ છે એટલે કયા દ્રવ્યનો તેને માનવો ? એ વિચારવું પડે. ઘટ અને આકાશનો સંયોગ છે તેમાં સંયોગને ગુણ માનીએ તો તે પુદ્ગલાસ્તિકાયનો ગુણ છે કે આકાશાસ્તિકાયનો ગુણ છે! એક ગુણ બન્નેનો સ્વાભાવિક ન થઇ શકે એ સ્પષ્ટ છે. એટલે કોઇ એકનો માનવો પડે અને કોનો માનવો તેમાં કોઈ પ્રબળ તર્ક નથી, એટલે સંયોગાદિને ગુણ માની શકાય નહિં ત્યારે સંયોગાદિ શું

છે? એ પ્રશ્ન ઉભો રહે છે. એટલે તેને પર્યાય માનવો એ વ્યાજબી છે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં પર્યાયના લક્ષણ ભેદ વર્ણવ્યા છે. તેમાં પણ સંયોગને પર્યાય રૂપે ગણાવેલ છે, તે ગાથા આ પ્રમાણે છે.

एगत्तं च पुहुत्तं च, संखा संठाणमेव य;
संजोगा य विभागा य, पज्जवाण तु लक्खणं.

એકત્વ અને પૃથકત્વ, સંખ્યા અને સંસ્થાન, સંયોગ અને વિભાગ. પર્યાયોનું લક્ષણ છે એટલે સંયોગાદિનું પર્યાયપણું એ આગમસિદ્ધ છે અને તેમાં યુક્તિ-તર્ક તો પ્રથમ બતાવેલ છે.

ઉપચારી ન અશુદ્ધ તે, જો પરસંયોગ;
અસદ્‌ભૂત મનુજાદિકા, તો ન અશુદ્ધ જોગ. ૧૩ શ્રી જિન૦
ધર્માદિક પર પજ્જયઇ, વિસમાઇ એમ;
અશુદ્ધતા અવિશેષથી, જિઅ-પુદ્‌ગલિ જેમ. ૧૪ શ્રી જિન૦

ધર્માસ્તિકાય વગેરેને જે પરદ્રવ્ય સંયોગ છે, તે ઉપચરિત પર્યાય કહેવાય, પણ અશુદ્ધ પર્યાય ન કહેવાય. કારણ કે અશુદ્ધપણાનો વ્યવહાર તો ત્યાં થાય કે જ્યાં દ્રવ્યનું અન્યથાપણું થવાનાં કારણો હોય. અહિં એ પ્રમાણે નથી માટે અશુદ્ધ પર્યાય કેમ કહી શકાય? આ પ્રમાણે કહેવું એ વ્યાજબી નથી. જો એમ હોય તો મનુજ વગેરે પર્યાયો પણ અશુદ્ધ ગણાવી શકશે નહિં. તેને પણ ઉપચરિત પર્યાય કહેવા પડશે. કારણ કે તે સર્વ અસદ્‌ભૂત વ્યવહાર નય ગ્રાહ્ય છે, અને એ પ્રમાણે માનવામાં આવે તો દ્વિતંતુક વગેરે પર્યાયની જેમ એક દ્રવ્ય જનક અવયવ સમુદાયને જ અશુદ્ધ દ્રવ્યવ્યંજન પર્યાય માનવા સારા ગણાય, બીજા નહિં. એટલે અપેક્ષા અને અનપેક્ષા વડે શુદ્ધાશુદ્ધ અનેકાંતનું વ્યાપકપણું છે, એમ સ્વીકારવું હિતકર છે. ધર્માસ્તિકાય વગેરેને પરપર્યાયમાં સ્વપર્યાયથી વિલક્ષણપણું એ રીતે વિચારવું, જે માટે પરાપેક્ષાએ અશુદ્ધતાનો વિશેષ નથી, જે પ્રમાણે જીવ દ્રવ્ય અને પુદ્‌ગલ દ્રવ્યમાં, જીવદ્રવ્યમાં પુદ્‌ગલરૂપ પરદ્રવ્યની અપેક્ષાએ ઉત્પન્ન થતાં મનુજાદિ પર્યાયો અશુદ્ધ છે અને દ્વયણુકાદિમાં સ્વદ્રવ્ય પુદ્‌ગલની અપેક્ષા એ અશુદ્ધતા છે. એટલે ધર્માસ્તિકાય આદિના સંયોગાદિ પર્યાયમાં પરદ્રવ્યની અપેક્ષાથી અશુદ્ધપણું માનવામાં કાંઇપણ બાધક નથી. ઉપચરિતતા તો ત્યાં માનવામાં આવે કે જ્યાં કલ્પના કરવાની રહે, હોય અન્યમાં અને માનવું પડે અન્યમાં ત્યાં ઉપચાર કર્યો કહેવાય.

ઇમ જ સજાતિ વિજાતિથી, દ્રવ્યઇ પજ્જય;
ગુણઇ સ્વભાવ વિભાવથી, એ ચ્યાર કહાઇ. ૧૫ શ્રી જિન૦

દ્વયણુક મનુજ કેવળ વળી, મતિ મુખ દિટ્ઠંત;
એ પ્રાયિક જેણિ દ્રવ્યથી, અણુપજ્જવ સંત. ૧૬ શ્રી જિન૦

૧-સજાતીય દ્રવ્ય પર્યાય, ૨-વિજાતીય દ્રવ્ય પર્યાય, ૩-સ્વભાવ ગુણ પર્યાય અને ૪-વિભાવ ગુણપર્યાય એ પ્રમાણે પર્યાયના ચાર પ્રકાર નયચક્રમાં વર્ણવ્યા છે.

૧-એક જાતિના બે દ્રવ્યોના સમ્બધથી જે પર્યાય જન્મે તે સજાતીય દ્રવ્ય પર્યાય કહેવાય છે. જેમ બે પરમાણું એકત્ર મળીને દ્વયણુક બને છે, એ પુદ્ગલ રૂપ દ્રવ્યના સમ્બન્ધથી થાય છે માટે સજાતીય દ્રવ્ય પર્યાયમાં આવે છે. એ પ્રમાણે ત્યણુકાદિ સર્વ જાણવા.

૨-ભિન્ન જાતિના દ્રવ્યોના સમ્બન્ધથી જે પર્યાય જન્મે તે વિજાતીય દ્રવ્ય પર્યાય ગણાય છે, જેમ મનુષ્ય વગેરે પર્યાય કેવળ શુદ્ધ આત્માનો એ પર્યાય નથી, તેમ કેવળ શુદ્ધ પુદ્ગલનો પણ એ પર્યાય નથી. આત્મા અને પુદ્ગલના સમ્બન્ધથી એ પર્યાય જન્મે છે, એટલે તે વિજાતીય દ્રવ્ય પર્યાય છે. એજ પ્રમાણે દેવાદિ પર્યાયો માટે પણ સમજવું.

૩-જે મૂળભૂત ગુણ પદાર્થમાં સ્વાભાવિકપણે રહે તે સ્વભાવ ગુણ પર્યાય કહેવાય છે, જેમ કેવળજ્ઞાન. આત્મામાં કેવળજ્ઞાન એ સ્વભાવિક પણ રહે છે તેને માટે કોઇ અન્યની અપેક્ષા નથી આ પ્રમાણે અન્ય ગુણો માટે પણ વિચારવું.

૪ જે ગુણ માટે તે ગુણ-જે દ્રવ્યનો છે તેનાથી ભિન્ન દ્રવ્યની અપેક્ષા રહે તે વિભાવ ગુણ પર્યાય કહેવાય. જેમ મતિજ્ઞાન વગેરે. મતિજ્ઞાનમાં કર્મના ક્ષયોપશમની આવશ્યકતા રહે છે, એજ પ્રમાણે અન્ય પણ એવા ઇતર દ્રવ્ય સાપેક્ષ ગુણોના પર્યાયો માટે સમજવું.

ઉપર પ્રમાણેના ચાર પ્રકારના પર્યાયોમાં પ્રાયઃ સર્વ પર્યાયોનો સમાવેશ થઇ જાય છે. ફક્ત વિભાગજાત પર્યાયો તેમાં આવી શકતા નથી. પરમાણુ જે દ્વયણુકથી છૂટો પડયો છે તે પણ એક પુદ્ગલદ્રવ્યનો પર્યાય છે. ઉપરોક્ત ચારમાં તે ન આવી શકે. સંમતિતર્કમાં પરમાણુને વિભાગજાત પર્યાયરૂપે ગણાવ્યો છે. તે આ પ્રમાણે—

'अणुदुअणुएहिं दव्वे, आरब्धे 'तिअणुयं' ति तस्स ववएसो ।
तत्तो अ पुण विभत्तो अणुत्ति जाओ अणू होइ ॥ ३-३९ ॥'

પરમાણુ અને દ્વયણુકથી આરંભેલું દ્રવ્ય-ઉત્પન્ન થયલું દ્રવ્ય 'ત્યણુક', એ પ્રમાણે કહેવાય છે અને તેમાંથી ફરી છૂટું થઇ જાય ત્યારે અણુ થયેલ તે અણુ-પરમાણુ કહેવાય છે, અહિં અણુ થાય છે એટલે પર્યાય કહેવાય. દ્રવ્ય કદી ઉપજે નહિં કે નાશ ન પામે તે તો ધ્રુવ જ રહે.

સાપેક્ષ ભાવે ચાર પ્રકારના પર્યાયો ગણાવનારને પરમાણુ મૂળભૂત દ્રવ્ય સ્વરૂપે જ અભિમત હોય તેમ જણાય છે. કારણ કે અન્યથા દ્રવ્યનું મૂળભૂત સ્વરૂપ કોઇપણ સ્થળે

મળવું દુર્લભ થઇ જાય. એટલે પરમાણુ એ પુદ્ગલ દ્રવ્ય છે, તે પર્યાય રૂપે અભિમત ન હોય તો ઉપરોક્ત ચાર પ્રકાર પર્યાયના છે તે પર્યાપ્ત છે.

શ્રી સિદ્ધસેન દિવાકરના કથનને અનુસાર પરમાણુમાં ઉત્પત્તિ વિભાગજન્ય માનવી વ્યાજબી છે, તો જ સત્નું સ્વરૂપ એમાં સંભવિત બને. અને એ પ્રમાણે તેને પર્યાય ગણતાં ઉપરોક્ત ચાર પ્રકારમાં તેનો સમાવેશ ન થઈ શકે, એટલે પૂર્વોક્ત પર્યાયના ચાર પ્રકારો પ્રાયિક સમજવા.

ગુણ વિકાર પજ્જવ કહી, દ્રવ્યાદિ કહંત;
સ્યું જાણઈ મનમાંહિ તે, દેવસેન મહંત. ૧૭ શ્રી જિન૦

દિગમ્બર દેવસેન નયચક્રમાં પર્યાયનું લક્ષણ આ પ્રમાણે કહે છે. –'गुणविकाराः पर्यायाः' ગુણનો વિકાર એ પર્યાય કહેવાય છે. આ પ્રમાણે પર્યાયનું લક્ષણ જણાવીને પછી આગળ પર્યાયના ભેદ વર્ણનનો પ્રસંગ આવે છે. ત્યાં પર્યાયના બે પ્રકાર છેઃ—

૧. દ્રવ્ય પર્યાય અને ૨. ગુણ પર્યાય. એ પ્રમાણે પર્યાયના વિભાગ વર્ણવે છે. દેવસેનનું આ કથન સંગત નથી. ઉપરોક્ત કથન સ્પષ્ટ પૂર્વાપર વિરોધિ છે. જો પર્યાય એ ગુણના વિકાર સ્વરૂપ છે તો પર્યાયના ભેદમાં દ્રવ્ય પર્યાય એવો ભેદ ક્યાંથી થઇ શકે? દેવસેનને પણ દ્રવ્ય પર્યાય અભિમત છે. એટલે પર્યાયનું લક્ષણ સદ્લક્ષણ નથી. બીજું પર્યાયમાં દ્રવ્ય પર્યાય અને ગુણ પર્યાય એવા પ્રકાર સ્વતંત્ર કરવાની કોઇ જરૂર નથી. દ્રવ્ય પર્યાય કહેવા માત્રથી સર્વ સુસંગત થાય છે. મતિજ્ઞાનાદિ જે પર્યાયો છે એ ગુણ સાપેક્ષ જરૂર છે, પણ તે રહે છે તો દ્રવ્યમાં જ, એટલે એ દ્રવ્યવૃત્તિપર્યાય હોવાથી દ્રવ્ય પર્યાય કહેવાય. ગુણ દ્રવ્યમાં રહે છે અને પર્યાય પણ દ્રવ્યમાં રહે છે. ગુણમાં કોઇ પર્યાય રહેતો નથી. એટલે પર્યાયના બે ભેદ જે રીતે દેવસેન સમજાવે છે, તે યથાર્થ નથી. એ દેવસેનની અનભિજ્ઞતા સૂચવે છે.

ઇમ દ્રવ્યાદિક પરખિઆ, રાખી ગુરુ આણ;
ઊવેખી બહુ તનુમતિ, અવગણિઅ અજ્ઞાણ. ૧૮ શ્રી જિન૦
જે દિન દિન ઇમ ભાવસ્યઇ, દ્રવ્યાદિ વિચાર;
તે લહસ્યઇ જસ સંપદા, સુખ સઘલાં સાર. ૧૯ શ્રી જિન૦

આ પ્રમાણે દ્રવ્ય-ગુણ અને પર્યાયનું સ્વરૂપ લક્ષણ અને ભેદ વગેરેના વિચારપૂર્વક ગુરુગમ-પૂર્વક પરંપરાના મંતવ્યોના સમન્વય સાચવીને મનન કરવાથી સૂક્ષ્મ બોધ ઉપજે છે. આ સ્વ-રૂપની વિચારણાથી તુચ્છ મતિ દૂર થાય છે. અજ્ઞાન નાશ પામે છે. આ સ્વરૂપની ભાવનાથી સકલ સુખની સંપ્રાપ્તિ થાય છે. અને અકલંક સ્થિર સુયશની સંપતિ નિશ્ચયપણે સાંપડે છે.

ગાથા ૧૪ મી નો ટબાર્થ.

(૧) હવે પર્યાયના ભેદ [૧]સાંભલો. તે પર્યાય સંક્ષેપે-૨ (બે) પ્રકારે હોએ. એક **વ્યંજનપર્યાય** બીજો **અર્થપર્યાય** [૨]સંક્ષેપે કહ્યા. ૧

(૨) જે-જેહનો ત્રિકાલસ્પર્શી પર્યાય, તે તેહનો વ્યંજનપર્યાય કહીએ, જેમ ઘટાદિકનેં મૃદાદિ-પર્યાય. તેહમાં સૂક્ષ્મવર્તમાન કાલવર્તી અર્થપર્યાય. જેમ ઘટને તત્તત્ક્ષણવર્તી પર્યાય. ૨

(૩) તે પ્રત્યેકે-૨ (બે) પ્રકારે હુએ, એક **દ્રવ્યપર્યાય, ગુણપર્યાય** એમ ભેદથી, તે વળી **શુદ્ધ, અશુદ્ધ** ભેદથી ૨ (બે) પ્રકારે હોઈ. તિહાં શુદ્ધદ્રવ્ય વ્યંજનપર્યાય કહીએ, ચેતનદ્રવ્યને સિદ્ધ પર્યાય જાણવો કેવલભાવથી. ૩

(૪) અશુદ્ધદ્રવ્ય-વ્યંજનપર્યાય મનુષ્ય, દેવ, નારક, તિર્યંચગાદિ બહુ ભેદ જાણવા. જે માટે-તે દ્રવ્યભેદ પુદ્ગલ સંયોગજનિત છે. એમ શુદ્ધ ગુણ વ્યંજનપર્યાય કેવલજ્ઞાનાદિરૂપ, અશુદ્ધ ગુણ વ્યંજન પર્યાય-મતિજ્ઞાનાદિરૂપ જાણવા. ૪

(૫) એમ-ઋજુસૂત્રાદેશે ક્ષણ પરિણત જે અભ્યંતરપર્યાય તે શુદ્ધાર્થપર્યાય અને જે જેહથી અલ્પકાલવર્તી પર્યાય તે તેહથી અલ્પત્વ વિવક્ષાએ અશુદ્ધ અર્થપર્યાય કહેવા. ૫

(૬) ઇહાં વૃદ્ધ વચનસમ્મતિ દેખાડે છે-જેમ પુરુષ શબ્દવાચ્ય જે જન્માદિ મરણકાલ પર્યંત એક અનુગત પર્યાય, તે પુરુષનો વ્યંજનપર્યાય, સંમતિગ્રંથે કહીઓ છે, તથા બાલતરુણાદિપર્યાય તે અર્થપર્યાય કહિઆ. તેમ સર્વત્ર ફલાવી લેવું. અત્ર ગાથા—

पुरिसम्मि पुरिससद्दो जम्माई मरणकालपज्जंतो ।
तस्स उ बालाइआ, पज्जवया बहुविगप्पा ॥ १-३२ ॥ ६

(૭) 'કેવલજ્ઞાનાદિક શુદ્ધ ગુણ વ્યંજનપર્યાય જ હોઇ. તિહાં અર્થપર્યાય નથી' એહવી કોઇક **દિક્પટાભાસ**ની શંકા ટાલે છે-**'षड्गुणहानिवृद्धिलक्षणागुरुलघुपर्यायाः सूक्ष्मार्थपर्यायाः'** એ જેમ કહિઉં છે, તેમ ક્ષણભેદથી કેવલજ્ઞાનપર્યાય પણ ભિન્ન ભિન્ન દેખાડ્યા છે. **'पढमसमयसजोगिभवत्थ केवलनाणे, अपढमसमयसजोगिभवत्थकेवलनाणे,' इत्यादिवचनात्** । તે માટે ઋજુસૂત્રાદેશે શુદ્ધ-ગુણના પણ અર્થપર્યાય માનવા. ૭

(૮) પુદ્ગલદ્રવ્યનો શુદ્ધ દ્રવ્ય વ્યંજનપર્યાય, અણુ-ક-પરમાણુઓ જાણવો. તે પરમાણુનો કદિએ નાશ નથી, તે ભણી. દ્વયણુકાદિક દ્રવ્ય તે પુદ્ગલદ્રવ્યના અશુદ્ધ વ્યંજન પર્યાય. સંયોગ જનિત છે, તે માટે એમ ગુણા કહતાં પુદ્ગલદ્રવ્યના તે નિજ નિજ ગુણાશ્રિત જાણવા. પરમાણુનો ગુણ તે શુદ્ધ ગુણ-વ્યંજનપર્યાય, દ્વિપ્રદેશાદિકનો ગુણ તે અશુદ્ધ ગુણવ્યંજનપર્યાય કહિએ. ૮

(૯) 'ધર્માસ્તિકાયાદિકના શુદ્ધ દ્રવ્ય વ્યંજન પર્યાય જ છે' એહવો જે હઠ કરે છે, તેહને કહિએ જે ઋજુસૂત્રાદેશે કરી ક્ષણપરિણતિરૂપ અર્થપર્યાય પણ કેવલજ્ઞાનાદિકની પરિહઠ છાંડીને તિહાં કેમ નથી માનતા ? ૯

---

૧. **अधुना क्रमागतपर्यायलक्षणं वक्ष्यामः इति न्यायात्**, હવે પર્યાયના ભેદ કહે છે, તે ભવિ પ્રાણી સાંભળો. (પા) । ૨ જાણવો. શ્રી વીતરાગવાણી ધારો. હે ભવિક પ્રાણી શ્રી વીતરાગ કથિત વચન સમ્યગ્ પ્રકારે કરીને સાંભળીને આદરો. (૫૮૦)

(૧૦) 'તે ધર્માસ્તિકાયાદિકમાંહિં અપેક્ષાએ અશુદ્ધપર્યાય પણ હોય, નહીં તો પરમાણુ પર્યંત વિશ્રામે પુદ્ગલદ્રવ્યે પણ ન હોય, એહવે અભિપ્રાયે કહે છે. (શુદ્ધદ્રવ્ય) જેમ ધર્માસ્તિકકાયાદિકની આકૃતિ લોકાકાશમાન સંસ્થાનમય શુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય કહિએ, પરનિરપેક્ષપણા માટે. તેમ લોકવૃત્તિ દ્રવ્ય સંયોગરૂપ અશુદ્ધ દ્રવ્યવ્યંજનપર્યાય પણ તેહનો પરાપેક્ષપણે કહતાં અનેકાંત વિરોધ નથી. ૧૦

(૧૧) 'આકૃતિ તે પર્યાય હુસ્યે, સંયોગપર્યાય નહીં હોય.' એહવી શંકા ટાળે છે. સંયોગ પણ આકૃતિની પરે પર્યાય કહેવાએ છે, જે માટે પર્યાયનાં લક્ષણ-ભેદરૂપ ઉત્તરાધ્યયને એ રીતે કહ્યાં છે. ૧૧

(૧૨) **एगत्तं च पुहत्तं च, संखा संठाणमेव य। संजोगा य विभागा य, पज्जवाणं तु लक्खणं ॥ १ ॥** [તેહ જ વર્ણવીને કહે છે **उत्तराध्ययन गाथा-एगत्तं**, એ ગાથાર્થનું મનમાંહે આણિ, અર્થરૂપે કરીને ધારો, જેમ મનસંદેહ દૂર ટળે. (પા૦)] ૧૨

(૧૩) હવે જો એમ કહસ્યો જે 'ધર્માસ્તિકાયાદિકને પરદ્રવ્યસંયોગ છે, તે ઉપચરિત પર્યાય ન કહિએ. દ્રવ્યાન્યથાત્વ હેતુને વિષે જ અશુદ્ધ વ્યવહારે તે' તે વતી તો કહીએ પણિ અશુદ્ધ પર્યાય મનુજાદિપર્યાય પણ અશુદ્ધ ન કહો, અસદ્ભૂત વ્યવહારનય આશ્ર માટે અસદ્ભૂત કહો. ૧૩

(૧૪) દ્વિતંતુકાદિક પર્યાયની પરે એક દ્રવ્યજનકાવયવ સંઘાતને જ અશુદ્ધ દ્રવ્યવ્યંજન પર્યાય-પણું જ કહતાં રૂડું લાગે **'तस्मात् अपेक्षानपेक्षाभ्यां शुद्धाशुद्धानेकान्तव्यापकत्वमेव श्रेयः'** તેહ જ દેખાડે છે. ધર્માદિકને પરપર્યાયે સ્વપર્યાયથી વિષમાએ-વિલક્ષણતા એમ જાણવી. જે માટે-પરપેક્ષાએ અશુદ્ધતાનો વિશેષ નથી, જેમ-જીવદ્રવ્ય પુદ્ગલ દ્રવ્યને વિષે. ૧૪

(૧૫) એમ સજાતીય દ્રવ્યપર્યાય, વિજાતીય દ્રવ્યપર્યાય, સ્વભાવગુણપર્યાય, વિભાવગુણપર્યાય ૪ (ચાર) ભેદપર્યાયના કહેવા. ૧૫

(૧૬) ઉદાહરણ દેખાડે છે-દ્વયણુક-ક-દ્વિપ્રદેશિકાદિ સ્કન્ધ. તે સજાતીય દ્રવ્યપર્યાય કહિએ ૨ (બે) મિલી એક દ્રવ્ય ઉપનું તે માટે, મનુજાદિપર્યાય તે વિજાતીય દ્રવ્યપર્યાયમાંહિં. ૨ (બે) મિલી પરસ્પરભિન્ન દ્રવ્યપર્યાય ઉપનો, તે વતી. કેવલજ્ઞાન તે સ્વભાવગુણપર્યાય, કર્મરહિતપણામાટે મતિ-જ્ઞાનાદિક-તે વિભાવગુણપર્યાય, કર્મ પરતંત્રપણામાટે, એ ચાર ભેદ પણ પ્રાયિક જાણવા, જે માટે પરમાણુ રૂપ દ્રવ્યપર્યાય તે એ ચારમાંહિ ન અંતર્ભવે, પર્યાયપણું તેહને વિભાગ જ્ઞાત શાસ્ત્રે કહ્યું છે. તદુક્તં **સમ્મતૌ**—

अणुदुअणुएहिं दव्वे आरद्धेतिअगुयं ति तस्स वत्र एसो।
तत्तो अ पुण विभत्तो, अणु त्ति जाओं अणू होइ ॥३-३९॥इत्यादि ૧૬

(૧૭) **'गुणविकाराः पर्यायाः'** એમ કહીને તેહના ભેદને અધિકારે તે પર્યાય દ્વિભેદ-દ્રવ્યપર્યાય ગુણપર્યાય ઇત્યાદિક કહતો નયચક્રકર્તા દિગંબર દેવસેન મનમાંહિ રયું જાણે છે? અર્થાત્ કાંઇ જાણતો નથી. પૂર્વાપર વિરુદ્ધ ભાષણથી, તે માટે દ્રવ્યપર્યાય જ કહેવા. પણ ગુણપર્યાય જુદો ન કહેવો એ પરમાર્થ ૧૭

(૧૮) એમ દ્રવ્ય, ગુણ-પર્યાય પરખ્યા, સ્વરૂપ-લક્ષણ-ભેદાદિકે કરી, ગુરુઆણ-ક-પરંપરાની આજ્ઞા રાખીને ઘણા તનુમતિને તુચ્છમતી જે તુચ્છ બુદ્ધિના ધણી, તેહને ઉવેખીને અજાણ જે કદાગ્રહી, તેહને અવગણીને-નિરાકરીને ૧૮

(૧૯) જેહ એ અર્થ દિન દિન પ્રતિ દ્રવ્ય, ગુણ, પર્યાય વિચાર રૂપ ભાવસ્યે, તે યશની સંપદા પ્રતિ પામસ્યે. તથા સઘળાં સુખ-પ્રતિ-પામસ્યે નિશ્ચયે ૧૯

ઢાળ ૧૫ મી.

(દુહા)

ગુરુ શ્રુત અનુભવ બલથકી, કહીએ દ્રવ્ય અનુયોગ;
એહ સાર જિન વચનનું, એહ પરમપદ ભોગ ૧
મધ્યમ કિરિયારત હુઇ, બાલક માનઈ લિંગ;
ષોડશકઈ ભાષિઉં ધુરઇ, ઉત્તમ જ્ઞાન સુરંગ ૨

વિશ્વમાં ગણનાપાત્ર સ્થિતિમાં આવેલા આત્માઓમાં કેટલાક ક્રિયાપ્રધાન હોય છે, અને કેટલાક જ્ઞાનપ્રધાન હોય છે. ક્રિયાપ્રધાન આત્માઓ કરતાં જ્ઞાનપ્રધાન આત્માઓ હંમેશા ઉચ્ચ સ્થિતિ અનુભવતા હોય છે. ક્રિયામાં જે શ્રમ છે તે કરતા જ્ઞાનમાં શ્રમ વિશેષ છે એ હકીકત છે, ક્રિયા ગમે તે આત્મા કરી શકે છે, જ્યારે જ્ઞાન માટે એમ નથી જ્ઞાન ગમે તે આત્મા મેળવી શકતો નથી. છતાં એટલું ચોક્કસ છે કે જ્ઞાન પ્રાપ્ત કરનાર આત્મા જો એમ માને કે મારે ક્રિયાની કાંઇ જરૂર નથી તો તે ખરેખર જ્ઞાની નથી. ક્રિયાની પરમ આવશ્યકતા છે. એ સિવાય ફળપ્રાપ્તિ થઈ શકતી નથી. એ પ્રકારનું જ્ઞાન કે જે જ્ઞાન મૂળભૂત છે, એ જેને પ્રાપ્ત નથી થયું કે નથી કર્યું તે જ્ઞાની શેનો ? બીજી બાજુ જડક્રિયામાં ગળાબુડ ડૂબી ગયેલા જીવો કે જેઓ કાંઇપણ જાણતા નથી તેઓ ઘાંચીના બળદની માફક કેવળ ગોળ ચક્કર ફર્યા જ કરે છે એટલે આત્માને ઉન્નત પથમાં લઇ જવા માટે જ્ઞાન પ્રાપ્ત કરવું પરમ આવશ્યક છે. ક્રિયા કરીને પણ આત્માને કેવળ જ્ઞાન જ મેળવવાનું છેને. ! એટલે જ્ઞાન મેળવવા તરફ રુચિ કેળવીને તે અંગે ઉદ્યમ કરવો.

જ્ઞાનના અનેક પ્રકારો છે. તેમાં દ્રવ્યાનુયોગનું જ્ઞાન શ્રેષ્ઠ કોટિનું છે. દ્રવ્યાનુયોગનું અધ્યયન બુદ્ધિની સૂક્ષ્મતા અને સ્થિરતા વગર કરી શકાતું નથી. અધ્યયન કરાવનાર યોગ્ય ગુરુ મળે તોજ એ અધ્યયન શક્ય બને છે. અન્યાન્ય શાસ્ત્રોનો અભ્યાસ અને પરિચય દ્રવ્યાનુયોગના અધ્યયનમાં આવશ્યક છે. અનુભવજ્ઞાન-શક્તિ-સામર્થ્ય હોય ત્યારે દ્રવ્યાનુયોગમાં ગતિ થાય છે, દ્રવ્યાનુયોગનું નિરૂપણ કરવામાં પણ ઉપરના સાધનો અનિવાર્ય છે.

દ્રવ્યાનુયોગ એ શ્રી જિનેશ્વરના વચનનો સાર છે. એ અનુયોગમાં લીન થયેલા આત્માને પદમપદ-મોક્ષપદનો આસ્વાદ આવે છે. દ્રવ્યાનુયોગની વિચારણામાં સ્થિર થતો આત્મા શુકલ ધ્યાન પ્રાપ્ત કરે છે, કેવળજ્ઞાન મેળવે છે, અને મોક્ષના શાશ્વત સુખનો ભોગી બને છે.

માટે મોક્ષપદની ચાહનાવાળા આત્માઓએ દ્રવ્યાનુયોગનું જ્ઞાન પ્રાપ્તે કરવા માટે પ્રયત્નશીલ બનવું જોઇએ. જે આત્મા દ્રવ્યાનુયોગમાં રંગ-ઉત્સાહ ધારણ કરે છે, તે પંડિત કહેવાય છે.

બાળ જીવો બાહ્ય ચિન્હોને આધારે સારા-નરસાનો વિવેક કરે છે, તેઓ સાત્ત્વિક વિચારણા કરી શકતા નથી. મધ્યમ પ્રકારના જીવો ક્રિયામાં-હિતકર ક્રિયામાં રચ્યા-પચ્યા રહે છે. તેઓ પણ સાત્ત્વિક અધ્યયન કરવાનો ઉત્સાહ ધરાવતા નથી. જ્યારે પંડિત પુરુષો તત્ત્વવિચારણા કરીને આગળ વધે છે, આ હકીકત શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે ષોડશક ગ્રંથમાં સ્પષ્ટ જણાવી છે તે આ પ્રમાણે—

बालः पश्यति लिङ्गं, मध्यमबुद्धिर्विचारयति वृत्तम्। आगमतत्त्वं तु बुधः, परीक्षते सर्वयत्नेन ॥१॥

નાણ રહિત જે શુભ ક્રિયા, ક્રિયા રહિત શુભ નાણ;
યોગદૃષ્ટિ સમુચ્ચય કહિઉં, અંતર ખજુઆ ભાણ. ૩
ખજૂઆ સમી ક્રિયા કહી, નાણ ભાણ સમ જોઇ;
કલિયુગ એહ પટંતરો, વિરલા બૂઝઈ કોઇ. ૪

આગીયો એક નાનું જીવડું છે, અંધારામાં એ ચમકે છે, એને ખજુઓ પણ કહે છે, સંસ્કૃતમાં તેને 'खद्योत' કહે છે, પણ પ્રભાતમાં જ્યાં આદિત્ય-સૂર્યનો પ્રકાશ પથરાય છે ત્યાં એ આગીયો તો કયાંય અલોપ થઈ જાય છે. આગીયા ને સૂર્યની સરખામણી ન થઇ શકે. જ્ઞાન વગરની ક્રિયા એ આગીયા સમી છે અને ક્રિયા રહિત કેવળજ્ઞાન એ સૂર્ય સમાન છે, ક્રિયા અને જ્ઞાન માટેની આ સરખામણી સમજવા માટે પણ સૂક્ષ્મ દૃષ્ટિની આવશ્યકતા છે.

કેવલ ક્રિયાવાદીઓ અલ્પ ક્રિયા કરનારા-મંદ ક્રિયાવાળા જ્ઞાનીઓની અવહેલના કરતા નજરે પડે છે. તેનું કારણ પણ તે જ છે કે તેનાં મનમાં જ્ઞાનની મહત્તા વસી નથી. તેઓ ક્રિયાની પ્રધાનતા એવી તો સમજી બેઠા હોય છે કે જાણે આરાધના તો અમે જ કરીએ છીએ, પણ સાચી ક્રિયા કરનારો આત્મા જ્ઞાનીનું બહુમાન કરનારો હોય. નહિં કે તેને નિન્દનારો.

જ્ઞાની પણ શક્તિ હોવા છતાં ક્રિયામાં પ્રમાદ ન કરતો હોય, પણ તેનો જ્ઞાનયોગ એટલો પ્રબળ હોય કે કેટલીક ક્રિયાઓ તે જતી કરે. કેટલીક એવી ક્રિયાઓ એ ન કરતો હોય તેથી તે ક્રિયા વગરનો થઈ જતો નથી. યતના આદિ તો તેના જીવનમાં વણાયેલા હોય જ. એવા જ્ઞાની જે વેગથી મોક્ષમાં આગળ વધતા હોય છે એ ખરેખર અદ્‌ભુત હોય છે. એવા જ્ઞાનીઓનો પ્રકાશ સૂર્યની માફક વિશ્વને અજવાળતો હોય છે.

યોગદૃષ્ટિ સમુચ્ચયમાં આ અધિકાર આ પ્રમાણે છે.

" तात्त्विकः पक्षपातश्च, भावशून्या च या क्रिया। अनयोरन्तरं ज्ञेयं, भानुखद्योतयोरिव ॥ १ ॥ "

ક્રિયા માત્ર કૃત કર્મક્ષય, દદુર ચુન્ન સમાન;
ગ્યાન કિઉ ઉપદેશપદિ, તાસ છાર સમ જાન. ૫
મિથ્યાત્વાદિક કર્મ થિતિ, અકરણ નિયમઇં ભાખિ;
અપ્રતિપાતી ગ્યાન ગુણ, મહાનિસીથહ સાખિ. ૬

ક્રિયાથી કર્મક્ષય છે અને જ્ઞાનથી કર્મક્ષય થાય છે. પણ એ બન્ને કર્મક્ષયમાં મોટું અન્તર છે. ક્રિયાથી કરેલો કર્મક્ષય ચિરકાળ ટકતો નથી, ફરી સંયોગો મળતા જીવ કર્મ-બહુલ બની જાય છે, જ્યારે જ્ઞાનથી કરેલો કર્મક્ષય કાયમી બને છે. ફરીથી કર્મ એ આત્માને વળગતું નથી.

રોગનો ઉપચાર ઉપર ઉપરથી કરવામાં આવે તો સ્વલ્પ સમય માટે રોગ શાંત થઈ જાય છે, પણ જ્યાં સુધી તેના મૂળભૂત કારણો ચાલુ હોય છે, ત્યાં સુધી એ રોગ ફરી ફરી ઉભળ્યા કરે છે, પણ જ્યારે મૂળભૂત કારણો શાંત થઇ જાય છે, નાશ પામે છે ત્યારે એ રોગ ઉભળતો નથી. કર્મરોગને દૂર કરવા માટે ક્રિયાનો ઉપચાર ઉપર-ઉપરનો છે. અને જ્ઞાનનો ઉપચાર મૂળ કારણને દૂર કરે છે. જે માટે ઉપદેશપદમાં કહ્યું છે, કે–ક્રિયા-માત્રથી કરેલો કર્મક્ષય દેડકાના ચૂર્ણ સમાન છે. અર્થાત્ દેડકાઓ ચોમાસા બાદ ચૂર્ણ રૂપ થઇને માટીમાં મળી જાય છે, દેખાતા નથી, પણ પાછું તેના પર વરસાદનું પાણી પડતા દેડકાઓના ઢગલે ઢગલા ડ્રાંઉ–ડ્રાંઉ કરતા ઉપજી જાય છે. એ પ્રમાણે ક્રિયાથી થયેલ કર્મ-ક્ષય ફરી સંયોગ મળતા વધી જાય છે, તેનો કાયમી અંત આવતો નથી. જ્ઞાનથી થયેલો કર્મક્ષય ભસ્મ સમાન થાય છે, ભસ્મીભૂત થયેલ પદાર્થને ફરી ગમે તેમ કરો તો પણ એ ઉત્પન્ન થશે નહિ. એમ જ્ઞાનથી થયેલ કર્મક્ષય ફરી આત્માને બાંધી શકતો નથી. એ અર્થ સમજાવતી ગાથા આ પ્રમાણે છે.

मंडुक्कचुन्नकप्पो, किरियाजणिओ खओ किलेसाणं। तद्दड्ढचुन्नकप्पो, नाणकओ तं च आणाए ॥१॥

સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય એટલે આત્માની સમજ જે હોય છે, તે તથ્ય અને સત્ય ગણાય છે. સમ્યક્ત્વ રહિત આત્માની સમજ મિથ્યા ગણાય છે. એ સમજને અજ્ઞાન કહેવામાં આવે છે અને સમ્યક્ત્વ પ્રાપ્ત થયા બાદ એજ અજ્ઞાનને જ્ઞાન કહેવામાં આવે છે. જ્ઞાનથી આત્માના અધ્યવસાય શુભ અને શુદ્ધ રહે છે. સંયોગવશ તેને કોઇ પાપ સેવવું પડે તો પણ તે આત્મા તેમાં લેપાતો નથી. એટલે તેના પરિણામમાં નિર્ધ્વંસપણું આવતું નથી. કદાચ સમ્યક્ત્વ ચાલ્યું જાય અને જીવ મિથ્યાત્વે જાય તો પણ તે કોડાકોડિ ઉપર કર્મસ્થિતિને બાંધતો નથી. આગમમાં એક વખત પણ સમ્યક્ત્વ પ્રાપ્ત કરેલા જીવને માટે પણ કહ્યું છે કેઃ—

"बंधेण न वोलइ कयावि"

બીજા ગુણો આવ્યા પછી જાય પણ ખરા–અર્થાત્ કોઇ જીવ આજ તપ–જપ આદિ ખૂબ કરતો હોય તેને આપણે કાલાંતરે ગપ–સપ કરતો જોઇએ છીએ. જ્યારે જ્ઞાન ગુણ એવો છે કે જે આવ્યા પછી જતો નથી.

મહારાજા શ્રેણિકના પુત્ર નંદિષેણ જ્ઞાની હતા. પ્રવ્રજ્યા લીધી હતી. સુન્દર સંયમની આરાધના કરતા હતા. પણ ભોગકર્મના પ્રબળ ઉદયથી પડી ગયા. છતાં પણ જ્ઞાનગુણના પ્રભાવે પ્રતિદિન વેશ્યા મંદિરે આવતા દસ જણને પ્રતિબોધ કરીને પછી જ ભોજન કરતા હતા. આ તેમની સમજની વિશેષતા હતી. જ્ઞાનની બલીહારી હતી. અજ્ઞાનીનું આચરણ એવું ન હોય. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં જણાવ્યું છે, કે–જેમ સોય સૂત્રયુક્ત–દોરાવાળી હોય ને કચરામાં પડી જાય તો તુરત શોધી શકાય છે, નાશ પામતી નથી. એમ જીવ પણ સૂત્ર-યુક્ત–જ્ઞાનવાળો હોય છે, તે સંસારમાં પડી ગયો હોય છતાં નાશ પામતો નથી.

ગાથા આ પ્રમાણે છેઃ—

सूई जहा ससुत्ता, ण णस्सई कयवरम्मि पडिआ वि।
इय जीवो वि ससुत्तो, ण णस्सइ गओ वि संसारे ॥

ગ્યાનવંતનઇં કેવલી, દ્રવ્યાદિક અહિ નાણિ;
બૃહત્કલ્પ ગાથાના ભાષ્યમાં, સરિખા ભાખ્યા જાણિ. ૭
નાણુ પરમ ગુણ જીવનો, નાણુ ભવન્નવ પોત;
મિથ્યામતિ તમ ભેદવા, નાણુ મહા ઉદ્દ્યોત. ૮

જ્ઞાનીને–શ્રુતજ્ઞાનના પારગામીને શાસ્ત્રમાં કેવળજ્ઞાની સમાન કહેલ છે. શ્રુતજ્ઞાની પ્રવ-ચન કરે ત્યારે શ્રોતાને કેવળી ભગવંત પ્રવચન કરતા હોય અને જે ભાવો જણાવતા હોય એ પ્રમાણે જ જણાય. કારણ કે કેવળજ્ઞાની પણ પદાર્થોની પ્રરૂપણા તો વચન–શબ્દ દ્વારા જ કરે, એવો વચન વ્યવહાર તો જ્ઞાની–શ્રુતજ્ઞાની પણ કરે.

બૃહત્કલ્પ–સૂત્રમાં કેવળી અને શ્રુતકેવળીની સમાનતા દર્શાવી છે. તે આ પ્રમાણે—

" किं गीयत्थो? केवली चउव्विहे जायणे य कहणे या।
तुल्ले रागद्दोसे, अणंतकायस्स वज्जणया ॥

જ્ઞાન એ જીવનો પ્રધાનગુણ છે, જ્ઞાન એ ભવસાગર પાર કરવા માટે વહાણ છે, જ્ઞાન એ મિથ્યાત્વરૂપ મહા અન્ધકારનો નાશ કરવા માટે મહાન પ્રકાશ છે. એ જ્ઞાન મેળવવા સતત અપ્રમત્ત ભાવ કેળવવો અને જ્ઞાની બનવું હિતકર છે.

[ૠષભનો વંશ રયણાવરો—એ દેશી.]

નાણુ સહિત જેઅ મુનિવરા, કિરિયાવંત મહંતો રે;
તે મૃગપતિ જિમ પાખરિઆ, તેહના ગુણનો ન અંતો રે. ૧
શ્રી જિનશાસન સેવિઇં.

વશ નિરુપક્રમકર્મનઈ, જે પણિ જ્ઞાન વિહીના રે;
તે પણિ મારગમાં કહિયા, જ્ઞાની ગુરુપદ લીના રે. ૨ શ્રી જિન૦
નાણ રહિત હિત પરિહરી, અજ્ઞાન જ હઠ રાતા રે;
કપટ ક્રિયા કરતા યતી, ન હુઇ જિનમતિ માતા રે. ૩ શ્રી જિન૦
કપટ ન જાણઇ રે આપણું, પરનાં ગુહ્ય તે બોલઈ રે;
ગુણનિધિ ગુરુ થકી બાહિરા, વિરુઉં નિજ મુખ બોલઇ રે. ૪ શ્રી જિન૦
બાહિર બક પરિ ચાલતાં, અંતર આકરી કાતી રે;
તેહને જેહ ભલા કહઈ, મતિ નવિ જાણઇ તે જાતી રે. ૫ શ્રી જિન૦
બહુવિધ બાહ્ય ક્રિયા કરઈ, જ્ઞાન રહિત જેહ ટોલઈ રે;
શત જિમ અંધ અદેખતા, તે તો પડિઆ છઈ ભોલઈ રે. ૬ શ્રી જિન૦
નિજ ઉતકરષથી હરષિઆ, નિજ અવગુણ નવિ દાખઇ રે;
જ્ઞાન જલધિ ગુણ અવગણી, અવગુણ લવ બહુ ભાષઈ રે. ૭ શ્રી જિન૦
ગુણ પ્રિય આગઈ અણછૂટતા, જે ગુણ અલ્પસ્યો ભાષઇ રે;
તે પણિ અવગુણ પરિણમઈ, માયા શલ મનિ રાખઈ રે. ૮ શ્રી જિન૦
જ્ઞાન રહિત જેહ એહવા, જિનશાસન ધન ચોરઈ રે;
તેહ શિથિલ પરિ પરિહરું, ગચ્છાચારનઈ જોરઇ રે. ૯ શ્રી જિન૦

જગતના જીવો બે વિભાગમાં વહેંચાયેલા છે. ૧ જ્ઞાની અને ૨ અજ્ઞાની. જ્ઞાની આત્માઓ અહિં સમ્યગ્જ્ઞાની સમજવાના છે. જેઓમાં સમ્યગ્દર્શન નથી, તેમનું જ્ઞાન એ જ્ઞાન નથી પણ અજ્ઞાન છે અને તેથી તેઓ બાહ્યદૃષ્ટિથી ભણેલા-જ્ઞાનવાળા હોવા છતાં ખરેખર અજ્ઞાની છે. ધન હોય છતાં પણ જો તે ઉપયોગમાં ન આવતું હોય, ખાવા-પીવામાં પણ ન ખરચાતું હોય તો તે ધનવાળો છતે ધને દરિદ્ર ને ભીખારી ગણાય છે. તેમ જ્ઞાન હોવા છતાં તેનો ઉપયોગ-ફળ-વિરતિ-આત્મશ્રેય ન સધાતું હોય તો તે અજ્ઞાની છે.

જ્ઞાની આત્માઓ પણ બે વિભાગમાં વહેંચાએલા છે. ૧ અપ્રમત્તભાવે ક્રિયારત અને ૨ પ્રમત્તભાવાધીન મંદક્રિય, અજ્ઞાની જીવોમાં પણ કેટલાક અપ્રમત્તભાવે ક્રિયામાં અભિરત હોય છે અને કેટલાક પ્રમત્તભાવવાળા ક્રિયાહીન હોય છે. કેટલાક જ્ઞાનની અલ્પતાવાળા જીવો પણ જો તેઓ જ્ઞાનીને અનુસરતા હોય છે તો તેઓ અજ્ઞાનીઓની કક્ષામાંથી નીકળીને જ્ઞાનીઓની હારમાં આવી જાય છે. જેઓ જ્ઞાની છે અને અપ્રમત્તભાવે ક્રિયા સાધતા હોય છે તેઓ સિંહની જેમ મહાપરાક્રમવાળા છે, તેઓના ગુણો અખૂટ છે અનંત છે. ગુણો તેમનામાં રહેવા માટે સ્પર્ધા કરતા હોય છે. એમની પ્રશંસા કર્યા જ કરીએ એવું લાગે.

શ્રી જિનશાસનની બલીહારી છે કે જે શાસનમાં આવા જ્ઞાનવંત મુનિવરો શોભી રહ્યા છે, એ શાસન પ્રાપ્ત થવું એ જીવનનું સાફલ્ય છે, એ શાસનની સેવા કરવી એ જીવનનું અહોભાગ્ય છે.

કેટલાએક પુણ્યવંત આત્માઓ પૂર્વના કોઈ ગાઢ કર્મના ઉદયને કારણે જ્ઞાન પ્રાપ્ત ન કરી શકતા હોય, છતાં તેઓ જ્ઞાની ગુરુ ભગવંતની નિશ્રામાં રહીને આત્મહિત-સાધન કરતાં હોય તેઓને પણ શાસ્ત્રમાં જિનમાર્ગમાં ગણ્યા છે. કેટલીક વખત એવા આત્માઓ 'માસ-તુસ' મુનિની માફક શીઘ્ર આત્મકલ્યાણ કરી જાય છે. પણ કેટલાક જીવો એવા ભારેકર્મી હોય છે કે તેઓ સાધુનો વેશ ધારણ કરીને લોકરંજન માટે બહારથી અનેક પ્રકારની ક્રિયાઓ કરે છે, પણ જ્ઞાન-વિચારણામાં જરી પણ હોતા નથી, આત્મચિંતનને અને તેમને મહાવિરોધ હોય છે. એકાંતપણે પોતાની માન્યતા પકડી રાખે છે. કોઈ જ્ઞાની મહાત્મામાં ક્રિયાની કાંઈક અલ્પતા દેખે તો 'તે સાધુ નથી' એ પ્રમાણે બોલવામાં તેઓ સહજ ખંચકાતા નથી. મહા અજ્ઞાનને કારણે પોતાના અવગુણોનું-દોષોનું તેમને ભાન નથી, અને પારકી પંચાતમાંથી ઉંચા આવતા નથી. એવા માયા-કપટ ભર્યા જીવો વેશધારી હોય છતાં તેમનું સ્થાન જિનશાસનમાં નથી. તેઓ તો બગલાની જેમ બહારથી શાંત અને ધ્યાનસ્થ દેખાતા હોય છે પણ અંદરથી ભયંકર ઝેર ભર્યા હોય છે, 'આજા-ફસાજા' નો તેમનો મૂળભૂત મુદ્રાલેખ હોય છે, તેમની માયા બીજા ભદ્ર જીવો જાણી શકતા નથી. તેમને તો તેમની સાથે જેઓ રહેતા હોય છે અથવા તેમનો જેઓને અનુભવ થયો હોય છે તેઓજ જાણી શકે છે.

વનવાસ અનુભવતા રામચંદ્ર એક વખત પંપા સરોવરના કિનારા પર વિહાર કરતા હતા ત્યારે તેમણે એક પગે ધ્યાન ધરતા બગલાને જોયો. રામ તેને જોઈ રહ્યા ને પછી લક્ષ્મણના તરફ ધ્યાન ખેંચ્યું ને કહ્યું 'જો લક્ષ્મણ આ બગલો કેવો પરમ ધાર્મિક છે. કોઈ જીવ મરી ન જાય માટે ધીરે ધીરે પગ મૂકે છે.' આ સાંભળીને સરોવરમાં રહેલો એક દેડકો બોલી ઉઠ્યોઃ કે 'હે રામ! આમ બગલાની શી પ્રશંસા કરો છો? તેનું ચરિત્ર કેવું છે એ આપ શું જાણો! એણે તો મારા કુળનું નિકંદન કાઢી નાખ્યું છે. સહ-વાસીનું ચરિત્ર સહવાસી જ જાણે છે.'

ઉપરની હકીકત જણાવતા સાહિત્યપ્રસિદ્ધ બે સૂક્તો આ પ્રમાણે છે.

"शनैर्मुञ्चति पादान् जीवानामनुकम्पया। पश्य लक्ष्मण पम्पायां, बकः परम-धार्मिकः ॥१॥
सहवासी विजानाति, सहजं सहवासिनाम्। मन्त्रं प्रच्छयसे राजन्! येनाहं निष्कुलीकृतः॥२॥

આ સૂક્તો પાઠફેર નીચે પ્રમાણે છે—

पश्य लक्ष्मण पम्पायां, बकः परम-धार्मिकः।
(धत्ते शनैः शनैः पादान्) विमुञ्चति शनैः पादान्, प्राणिनामनुकम्पया॥ १॥
बकः किं वर्ण्यते राम! येनाहं निष्कुलीकृतः। सहवासी विजानाति, चरितं सहवासिनाम् ॥२॥

આવા બકવૃત્તિવાળા આત્માઓ મતિમંદ-અજ્ઞાની જાણવા. તેઓને નિર્બુદ્ધિ ગણ્યા- 'निर्बुद्धिकः पुरुषो ज्ञेयः' એ પ્રમાણે તેઓને માટે શાસ્ત્રમાં ઉલ્લેખ થયો છે.

આવા આત્માઓ પોતાનું શ્રેયઃ સહજ પણ સાધી શકતા નથી. ઘણી ક્રિયા કરવા છતાં તેમનું કલ્યાણ થતું નથી. એવા અજ્ઞાનીઓનો સમૂહ હોય તો તે પણ નકામો છે. ઘણી વખત એવા અજ્ઞાનીઓ પોતાનું એકલા હોવાને કારણે નથી ચાલતું એટલે પોતાની જેવા બીજાઓને ભેળવીને સમુદાય બનાવે છે, અને સમૂહને નામે આગળ ચલાવ્યા કરે છે. પણ તેઓ એથી કાંઇ પણ પોતાનું કે પરનું હિત કરી શકતા નથી. જાણે આત્માઓની આગળ તેમની શોભા પણ કાંઇ નથી હોતી, સો અંધ એકઠા મળે તેથી તેઓ રસ્તો શોધી શકે એવું કદી પણ બન્યું નથી અને બનતું નથી. સો આંધળાઓ દેખતા એકને પણ ન અનુસરતા હોય તો તેઓ અથડાયા કરે છે, તેમની કાંઈ પણ શોભા નથી, 'આંધળાનું કટક કૂવામાં' જેવી તેમની સ્થિતિ હોય છે.

એ અજ્ઞાની જીવો પોતાનું કાંઈક સાચું પડી જાય છે એટલા માત્રથી ફુલાઇ જાય છે હઠમાં આવીને 'પોતાનું એ સાચું' એવા આગ્રહવશ ખુશ રહે છે. 'મારું એ સાચું' એ એમનો સિદ્ધાંત હોય, પણ 'સાચું એ મારું-' એવી સમજણ તેમને અંશમાત્ર હોતી નથી. પોતાનાથી પરની જ્યાં વાત આવે ત્યારે તે પર એટલે બીજો ગમે તેટલો વિશિષ્ટ હોય તો પણ તેનું ખોટું કરવામાં આ અજ્ઞાની જીવો ક્ષણ માત્ર વિલંબ કરતા નથી. આ બધી પંચાતમાં તેઓને પોતાના ભયંકર ક્રિયાકાંડ અંગેના અવગુણો પણ નજરે આવતા નથી. અને બીજા જ્ઞાનવંત આત્માઓના નાના નજીવા અવગુણ હોય તે પણ મોટા કરીને જોવે છે ને બીજાનું તે તરફ લક્ષ્ય દોરતા રહે છે.

આવા જીવોને કોઇક વખત કોઇક ગુણિયલ, ગુણાનુરાગી આત્મા પ્રસંગ પામીને ન છૂટકે ગુણ કેળવવા માટે સમજ આપે તો તે કથન તે જીવો ઊંધી રીતે પકડી લે છે, અને અન્તરમાં કપટ કેળવીને લાગ આવે સામાને બતાવી આપવાનું વિચાર્યા કરે છે. આમ ગુણકથન પણ તે જીવોને માટે અવગુણ રૂપે પરિણમે છે.

આવા જ્ઞાનરહિત જીવો જિનશાસનના પ્રાણ સમા સત્ય ભાષણ ક્રિયા વ્યવહારરૂપ ધનને ચોરે છે. એવા શિથિલ આત્માઓનો સંગ પણ કુસંગ છે, તેનો ત્યાગ કરવો એ ધર્મ છે. એ સંગથી જીવને અપકાર થાય છે.

શ્રી ગચ્છાચાર પયન્નામાં કહ્યું છે કે-અગીતાર્થ કુશીલના સંગને ત્રિવિધે ત્રિવિધે હું છોડું છું. મોક્ષ માર્ગમાં એ સંગ મને વિઘ્નરૂપ છે. જેમ માર્ગમાં ચોર,—સૂત્રની ગાથા આ પ્રમાણે છે.

अगीयत्थकुसीलेहिं, संगं तिविहेण वोसिरे। मुक्खमग्गसि मे विग्घं, मग्गम्मि तेनगो जहा.

જ્ઞાની વચન વિષ અમૃત છઇં, ઉલટી મૂરખ વાણી રે;
આગમ વચન એ આદરી, જ્ઞાન ગ્રહો ભવિ પ્રાણી રે. ૧૦ શ્રી જિન૦

ચરણ-કરણ ગુણ હીણડા, જ્ઞાન પ્રધાન આદરિઈં રે;
ઇમ કિરિયા ગુણ અભ્યાસી, ઇચ્છા યોગથી તરિઈં રે. ૧૧ શ્રી જિન૦
ચરણ પતિત વલી શ્રાવકો, તનુ ધર્મા વલી જેહો રે;
તેહનઈં જ્ઞાન પ્રધાન છઈ, મુનિનઈં બે ગુણ ગેહો રે. ૧૨ શ્રી જિન૦
આવશ્યકમાંહિ ભાષિઉં, તિણિ ગ્રહી જ્ઞાન પ્રધાનો રે;
આચરણા પથિ ચાલતાં, લહિઈં જસ બહુમાનો રે. ૧૩ શ્રી જિન૦

જ્ઞાનીના વચનથી ઝેર પણ અમૃત બને છે. જ્ઞાનીના કહેવાથી વિષ પાન કરનાર પણ તરી જાય છે. અને અજ્ઞાનીના વચને અમૃત પીનાર પણ મરે છે. એટલે જ્ઞાન મેળવવા અને જ્ઞાનીના વચન અનુસરવા પ્રયત્ન કરવો એ માર્ગ છે, જ્ઞાન પક્ષની એ દૃઢતા છે. પ્રથમ જ્ઞાન અને પછી દયા. એ સૂત્ર વચન છે. **पढमं नाणं तओ दया.**

આગમમાં જણાવ્યું છે કેઃ—

गीयत्थस्स वयणेणं, विसं हालाहलं पिबे। अगीयत्थस्स वयणेणं, अमियं पि न घुण्टए॥१॥

જ્ઞાની અને અજ્ઞાનીના વચનનો આ ભેદ વાસ્તવિક હોવા છતાં ઘણી વખત ભદ્ર જીવો જ્ઞાનીના વચનને અનુસરતા અચકાય છે અને અજ્ઞાનીઓના મોહક વચનમાં ફસાઇ પડે છે ને દુઃખી થાય છે.

લેભાગુ વૈદ્યોની ગમે તેવી દવા કરીને દુઃખી થનારા જીવો જગત્માં કયાં નથી!

અનુભવી અને જ્ઞાની વૈદ્યો ઘણી વખત વિષ ખવરાવીને વ્યાધિને દૂર કરે છે. એવું કયાં નથી બનતું!

જ્ઞાનીને આશરે મંદક્રિય આત્માઓ તરી ગયા છે અને અજ્ઞાનીને અનુસરતા તપસ્વીઓ પણ રખડી ગયા છે. આમ આ સંસારમાં બને છે.

વ્યવહારમાં કહેવાય છે કે-"જ્ઞાનીના ગમા, જેમ નાખે તેમ સમા" જ્ઞાન એ પ્રબળ છે. જ્ઞાન એ પ્રધાન છે. જ્ઞાન ને ચારિત્રથી હીન પ્રાણીને સંસારસમુદ્ર તરવો સહેલો નથી. દુર્લભ છે. પોતાને તરતા આવડતું ન હોય અને હોડકાનો આશ્રય કરવો ન હોય તેની સમુદ્રમાં જે સ્થિતિ થાય તે સ્થિતિ સંસારમાં જ્ઞાન વગરનો જીવ જ્ઞાનીની નિશ્રા ન સ્વીકારે ત્યારે તેની થાય છે.

સૂક્ષ્મક્રિયાવિધિનું અનુસરણ પ્રમાદાદિથી ન થઇ શકતું હોય છતાં જ્ઞાનયોગથી ઇચ્છા વિશુદ્ધ રહેતી હોય તો તે આત્મા ઇચ્છાયોગે આગળ વધે છે સંસારસાગરના પાર પામનાર બને છે.

कर्तुमिच्छोः श्रुतार्थस्य, ज्ञानिनोऽपि प्रमादिनः। कालादिविकलो योग, इच्छायोगः स उच्यते॥

લલિતવિસ્તરાદિ ગ્રન્થોનાં ઇચ્છાયોગનું વર્ણન ઉપર પ્રમાણે જણાવ્યું છે.

જ્ઞાનની મુખ્યતા માટે નીચેની એક વિચારણા પણ લક્ષ્યમાં લેવા જેવી છે. શ્રી આવશ્યક સૂત્રમાં કહ્યું છે કેઃ—

'दंसणपक्खो सावय, चरित्तमट्ठे व मंदधम्मे य। दंसणचरित्तपक्खो, समणे परलोगकंखिम्मि. १

શ્રાવકમાં ચારિત્ર નથી, છતાં તે મંદ ધર્મી છે. ધીરે ધીરે ધર્મમાં આગળ વધનારો છે. તેનું કારણ તે દર્શનનો પક્ષપાતી છે. જ્ઞાનનો ઉપાસક છે, પરલોકના સાધક મુનિમાં તો ચારિત્ર અને જ્ઞાન બન્ને મુખ્ય જ છે.

આમ આવશ્યકમાં શ્રાવકને જ્ઞાન પ્રધાન વર્ણવીને ધર્મી જણાવ્યો છે. આવશ્યક સૂત્રમાં પ્રવચનદ્વારમાં આ પ્રરૂપણા છે.

જ્ઞાન એ જ પરમ મોક્ષ છે. 'ज्ञानमेव परं मोक्षः' એ વચન પણ જ્ઞાનની પ્રધાનતા વ્યક્ત કરે છે.

આમ જ્ઞાનપૂર્વક આચરણને અનુસરનાર આત્મા આ લોકમાં સુખ-સંપત્તિ-બહુમાનને સુખયશને પામે છે, સર્વ સ્થળે પૂજાય છે.

નીતિશાસ્ત્રમાં પણ કહ્યું છે કે-વિશ્વમાં વિદ્વત્તા અને રાજાની સત્તા એ બન્ને સરખા નથી, કારણ કે સત્તાધીશ રાજા પોતાના દેશમાં જ પૂજાય છે અને વિદ્વાન તો સર્વત્ર-દેશ ને પરદેશ બધે પૂજાય છે.

શ્લોક આ પ્રમાણે છે.

विद्वत्त्वं च नृपत्वं च, नैव तुल्यं कदाचन। स्वदेशे पूज्यते राजा, विद्वान् सर्वत्र पूज्यते॥

કાયામાં વળી-કરચોલી પડી જાય અને કેશમાં પળી-સફેદ વર્ણ આવે તો પણ અર્થાત્ વૃદ્ધાવસ્થા આવે તો પણ જ્ઞાન મેળવવા માટે ઉદ્યમ કરવો, કારણ કે જ્યાં ધનવાન પહોંચી શકતો નથી, ત્યાં જ્ઞાની પહોંચી જાય છે.

શ્લોક આ પ્રમાણે છે.

वलिपलितकायेऽपि, कर्तव्यः श्रुतसङ्ग्रहः। न तत्र धनिनो यान्ति, यत्र यान्ति बहुश्रुतः॥

જ્ઞાનનું મહત્ત્વ સમજાવતી એક નીતિકથા સમજવા જેવી છે.

એક નગરમાં બે મિત્રો હતા. તેમાં એક કરોડો સોનામહોરોનો માલિક-ધનવાન્ હતો અને બીજો જ્ઞાની બુદ્ધિમાન્ હતો. બન્નેની નગરમાં પ્રતિષ્ઠા સારી હતી. રાજા પણ તેમનું માન જાળવતો હતો. એક વખત બન્નેમાં વાદ થયો. એક કહે ધનથી ધાર્યું બધું થઇ શકે છે, બીજો કહે છે કેટલાક કાર્યો ધનથી નથી થતાં, એ તો બુદ્ધિથી જ થાય છે. આ વાદ લાંબો ચાલ્યો. રાજાને પણ તેમાં રસ પડ્યો. રાજાએ વિચાર્યું કે આ બન્નેનો

આ વાદ–વિખવાદમાં ન પરિણમે માટે કાંઈક કરવું જોઇએ. રાજા પણ સમજુ હતો. તેણે બન્નેને બોલાવીને કહ્યું કે–જાવ હું તમને એક સ્થળે મોકલું છું ત્યાં તમે તમારી શક્તિથી કાર્ય કરજો. જેની શક્તિથી કાર્ય થશે તે શક્તિ મહાન્ મનાશે; ને તમારા વાદનો અંત આવશે. બન્ને કબૂલ થયાં. રાજાએ એ બન્નેને એક રુક્કો લખી આપીને પોતાના તાબાના એક રાજાને ત્યાં મોકલ્યા. તેઓ ત્યાં ગયા ને રાજાને રૂક્કો આપ્યો. રાજાએ તે વાંચ્યો અને તે બંન્નેને કેદખાનામાં પૂરી દીધા અને કહ્યું કે–અમુક દિવસે તમોને શૂળીએ ચડાવવાના છે. બન્ને કેદખાનામાં રહ્યા. બુદ્ધિવંતે ધનવંતને કહ્યું કે હવે તમે તમારી શક્તિ બજમાવો અને આમાંથી છૂટકારો થાય એવું કરો. ધનવંતે રાજાને કહ્યું કે અમને છૂટા કરો તો તમને લાખ સોનામહોરો આપું.

રાજાએ કહ્યું કે મોટા રાજાના હુકમનું અપમાન કરીને લાખ સોનામનોહરને લઇને હું શું કરું. ભલે મારૂં આ નાનું રાજ્ય હોય તો પણ તે રાજાની છાયામાં બધું છે. આમ ઘણું કરવા છતાં ધનવંતનું કાંઈપણ ચાલ્યું નહીં. એટલે છેવટે થાકીને તેણે બુદ્ધિવંતને કહ્યું કે ભાઈ! હવે તારી બુદ્ધિ બજમાવ ને છૂટકારો કરાવ. બુદ્ધિમાને રાજાને કહ્યું કે તમને બબર છે કે-અમે કોણ છીએ? અને અમને રાજાએ અહિં શા માટે મોકલ્યા છે? રાજાએ કહ્યું કે–ના. મને એ કાંઇ બબર નથી. ત્યારે બુદ્ધિમાને કહ્યું કે–અમે છીએ તો રાજાના પ્રિયપાત્ર, પણ એક વખત રાજાએ એક ભવિષ્યવેત્તાને અમારું ભવિષ્ય પૂછ્યું. ને તેણે કહ્યું કે–અમારું જ્યાં મરણ થશે તે રાજ્ય ઉજજડ થઇ જશે. રાજાને અમારા ઉપર ક્રોધ આવ્યો અને તમારે ત્યાં અમને મોકલી આપ્યા. એટલે અમારે તો ગમે ત્યાં મરવાનું છે, પણ તમારા હિત માટે અમે કહીએ છીએ કે આમ જો અમને અહિં શૂળી પર ચડાવશો તો તમારા રાજ્યનો નાશ થશે. પછી તો આપની જેવી ઇચ્છા.

રાજા ઢીલો પડી ગયો ને બુદ્ધિમાનને પૂછવા લાગ્યો કે ત્યારે આમાંથી મારે ઉગરવાનો ઉપાય શો!

બુદ્ધિમાને કહ્યું કે–ઉપાય તો સહેલો છે. જો આપ અનુસરો તો કહું. રાજાએ હા પાડી, એટલે તેણે કહ્યું કે–આપ એ આપના મોટા રાજા સાહેબને વિનતિપત્ર લખીને અમને આપો ને તેમાં લખો કે–આપની કૃપાથી અહિં કોઇને ઘણા વર્ષથી શૂળી ચડાવવામાં આવી નથી. એટલે અહિં શૂળી માટે અર્થ કરવો પડે તેમ છે. આપના વિશાળ રાજ્યમાં તો એ કાર્ય માટે નવું કાંઈ કરવાનું નહિં. એટલે આ બન્નેને ત્યાં આપની પાસે મોકલ્યા છે. છતાં આપનો હુકમ જ હશે તો અમારે તેને અનુસરવામાં કોઇ વિલંબ નહિં રહે. બુદ્ધિમાનના કહેવા પ્રમાણે રાજાએ લખી આપ્યું ને બન્નેને છૂટા કરી પાછા મોકલી આપ્યા.

આમ બુદ્ધિનો પ્રભાવ ધનના પ્રભાવ કરતાં વધી ગયો ને તે બન્નેનો વિવાદ ટળી ગયો. આમ જ્ઞાનની વિશિષ્ટતા દરેક ક્ષેત્રમાં છે. જ્ઞાની પરભવમાં પણ પરમસુખ મેળવે છે.

દૂહાનો ટબ્બાર્થ.

(૧) ગુરુ કહ૰ ગુરુ ઉપદેશ, શ્રુત-શાસ્ત્રાભ્યાસ અનુભવબલ-સામર્થ્યયોગ તેહથી એ દ્રવ્યાનુયોગ કહિએા. એ સર્વ જિનવચનનું સાર છે, એહજ પરમ પદ કહિઈ-મોક્ષ તેહનો ભોગ છે. જે માંહિં એ દ્રવ્યાદિ વિચારે શુકલધ્યાન સંપદાએ મોક્ષ પામીએ. ૧.

(૨) 'એહ દ્રવ્યાનુયોગમાંહિ જે રંગ ધરે, તેહજ પંડિત કહિએ' એહવું અભિયુક્ત સાખિ સમર્થે છે. **षोडशकवचनं चेदम्—**

बालः पश्यति लिङ्गं, मध्यमबुद्धिर्विचारयति वृत्तम् ।
आगमतत्त्वं तु बुधः, परीक्षते सर्वयत्नेन ॥ १ ॥ ૨.

(૩) જ્ઞાનરહિત જે શુભ ક્રિયા, ક્રિયા રહિત શુભ જ્ઞાન, યોગદૃષ્ટિસમુચ્ચયમાં ગ્રંથને વિષે કહિઉં છે, જે આંતરું જેતલું-ખજુઆ, અને ભાણુ કહિઈ સૂર્ય. ૩.

(૪) **तात्त्विकः पक्षपातश्च, भावशून्या च या क्रिया । अनयोरन्तरं ज्ञेयं, भानुखद्योतयोरिव ॥१॥ इत्यादि योगदृष्टिसमुच्चये** [પાઠા. કલિયુગમાંહે પટંતર હોઈ, વિરલા કોઈ જાણે, બુહિવંત પ્રાણી જ જાણે, **निर्बुद्धिनैव जानाति, इति परमार्थः ।** ૪.

(૫) **मंडुक्कचुन्नकप्पो, किरिया जणिओ खओ किलेसाणं ।**
तद्दढचुन्नकप्पो, नाणकओ तं च आणाओ ॥ १ ॥ इति उपदेशरहस्ये अतदर्थसंग्रहः (ઉપદેશપદાદિ ગ્રન્થ જોતાં, જ્ઞાન એવ પ્રધાનમિત્યર્થઃ) ૫.

(૬) જ્ઞાન, તે સમ્યગ્દર્શન સહિત જ આવે, તે પામ્યા પછી મિથ્યાત્વમાંહિં આવે, તોપણ કોડા-કોડિ એક ૧ ઉપરાંત કર્મબંધ જીવ ન કરે. **'बंधेण न बोलइ कयावि' त्ति वचनात् ।** એ અભિપ્રાયે ન દિષેણને અધિકારે મહાનિશીથે જ્ઞાનગુણે અપ્રતિપાતી કહિએા છે. **उत्तराध्ययनेष्वप्युक्तम् ।**

सूई जहा ससुत्ता, ण णस्सई कयवरम्मि पडिआवि ।
इय जीवो वि ससुत्तो, ण णस्सइ गओ वि संसारे ॥ १ ॥ ૬.

(૭) **बृहत्कल्पगाथा चेयम्—**

किं गीयत्थो ! केवली चउव्विहे जाणणे य कहणे य ।
तुल्ले रागद्दोसे, अणंतकायस्स वज्जणया ॥ १ ॥ इति ॥

(પાઠા-જ્ઞાનવંતને કેવળી સરિખા કહ્યો છે. 'શ્રુતકેવળી' ઇતિ કેવલીને શ્રુતકેવલી એ બે સરિખા કહિયા છે.) ૭.

(૮) જ્ઞાન તે જીવનો પરમ ગુણ છે, અપ્રતિપાતીપણા માટે જ્ઞાન તે ભવાર્ણવમાં-ભવસમુદ્રમાં પોત-વહાણ સમાને છે, તરણ-તારણ સમર્થ. મિથ્યાત્વમતિરૂપ જે તિમિર-અંધકાર તેહને ભેદવાનેં અર્થે જ્ઞાન તે મહા ઉદ્યોત છે. મોટા અજુઆલા સરખો કહ્યો છે. ૮.

ઢાળ ૧૫ મીનો ટબ્બાર્થ.

(૧) હવે આગલી ઢાળે જ્ઞાનાધિકાર દૃઢ કરે છે. દૃષ્ટાંતે કરીને જ્ઞાન સહિત જે મુનિવર-સાધુ, ચારિત્રીયા-ક્રિયાપાત્ર છે. મહંત તે મોટા ચિત્તના ધણી છે. તે મૃગપતિ જિમ સિંહ અને પાખરિયા

તે જિમ મહા પરાક્રમી હોય. તેહના ગુણનો અંત નથી. પરમાર્થે બહુગુણના ભાજન છે. તેહની પ્રશંસા કહી ન જાય એ પરમાર્થ. એહવા જ્ઞાનારાધક સુસાધુ જેહમાં છે. એહવું શ્રી જિનશાસન સેવીએ-ભક્તિ ભાવપૂર્વક આરાધીએ. ૧.

(૨) તાદૃશ સત્ક્રિયા-વસત્યાદિક, દોષ સહિત છે, તે પણ અજ્ઞાન ક્રિયા સહિત છે. તાદૃશ જૈન પ્રક્રિયાનો અવબોધ નથી પામ્યા, તે પણ માર્ગમાંહે કહ્યા છે. સ્યા પરમાર્થે ? જ્ઞાની તે જ્ઞાનવંત, જે ગુરુ, તેહના ચરણ કમલને વિષે એકાંતે રક્ત પરિણામ છે તે માટે-શ્રી જિનમાર્ગનેહિ જ સેવીયે. ૨.

(૩) જે પ્રાણી જ્ઞાનરહિત છે-સ્વહિત દશા ચિંતન પરિહર્યો છે, જેણે અજ્ઞાન રૂપ જે હઠ વાદ તેહમાં તે રાતા છે. એકાંતે સ્વાભિગૃહીત હઠવામાં રક્ત પરિણામી છે. બાહ્ય કપટ ક્રિયા કરીને અનેક લોકને રીઝવે એહવા જે યતિ-સાધુ વેશ ધારીયા ન હોય, જિનમતને વિષે-તે જૈન મતને વિષે, માતા ન હોય-પુષ્ટ ન હોય. ૩.

(૪) જે પ્રાણી પોતાની કપટદશાને જાણતા નથી. સ્યા પરમાર્થે ? અજ્ઞાનરૂપ પડલે કરીને અને વલી પરનાં ગુણ-પારકા અવર્ણવાદ મુખથી બોલે છે. ગુણનિધિ-ગુણનિધાન, એહવા જે ગુરુ, તેહથી બાહિર રહીને વિરુઓ તે કહેવા યોગ્ય નહિં, એહવું નિજમુખથી બોલે છે. અસંજસપણું ભાખે છે, તે પ્રાણીને. ૪.

(૫) જે બાહ્યવૃત્તિ બકની પરે ચાલતા રહે છે.

शनैर्मुञ्चति पादान्, जीवानामनुकम्पया ।
पश्य लक्ष्मण ? पम्पायां, बकः परमधार्मिकः ॥१॥ इति वचनात् ।
सहवासी व जानाति सहजं सहवासिनाम् ।
मन्त्रं प्रच्छयसे राजन् ?, येनाहं निष्कुली कृतः ॥२॥

અને અંતરંગમાં આકરી કાતી-માયા રૂપ રાખે તેહને જે ભલા કહે છે, તે પણ દુર્બુદ્ધી જાણવા, પણ તેહની મતિ, તેણે જાતી ન જાણી **'अत एव निर्बुद्धिको पुरुषो ज्ञेयः' इति भावः** ૫.

(૬) વળી એહ જ દ્રઢે છે-બહુવિધ ઘણા પ્રકારની બાહ્યક્રિયા કરે છે. જ્ઞાનરહિત જે અગીતાર્થ, તેહને-ટોલે-સંઘાડે, મીલીને તે જિમ શતઅંધ અણદેખતા જિમ મિલ્યા હોય, તે જિમ શોભા ન પામે તેમ તે તો ભેલે પડચા છે, **'आत्मार्थसाधने अकुशलाः' इति परमार्थः** ૬.

(૭) જે નિજ ક૦ પોતાનો, ઉત્કર્ષ-હઠવાદ, તેહથી હર્ષવંત છે, કેમ-તે 'જે અમ્હે કહું છું, તે ખરૂં; બીજું સર્વ ખોટું.' નિજ ક૦ પોતાના અવગુણ ક્રિયા રહિતપણું તે તો દાખતા પણ નથી. જ્ઞાન રૂપ જે જલધિ ક૦ સમુદ્ર, તે પ્રત્યે અવગણીને પ્રકર્ષે જ્ઞાનવંતના અવગુણ, તદ્રૂપ જે લવ, તે પ્રતે બહુ ભાખે છે. ૭.

(૮) વલી જે ગુણ પ્રિય પ્રાણી છે, તે આગે અણછૂટતા થકાં-અવકાશ અણ પામતાં, જે અલ્પસ્યો થોડોઇક ગુણ ભાષણ કરેઇ છે, તે પણ તે હવે અવગુણ રૂપ થઇને પરિણમે છે, જેણે માયા શલ્ય રૂપ આત્મ પરિણામે રાખ્યો છે તે પ્રાણીને. ૮.

(૯) એહવા જે જ્ઞાન રહિત પ્રાણીને-અજ્ઞાનવંત પ્રાણી જે છે, તે જિનશાસનનું ધન તે સત્ય ભાષણ, ક્રિયા વ્યવહાર રૂપ ચોરે છે. **गच्छाचारवचनं चेदम्—**

अगीयत्थकुसीलेहिं, संगं तिविहेण वोसिरे ।
मुक्खमग्गसि मे विग्घं, मग्गम्मि तेणगो जहा ॥१॥ इति वचनात्

તે શિથિલતાને પરિહરું છું, ગચ્છાચારને ન્યારે કરીને. ૯.

(૧૦) गीयत्थस्स वयणेणं, विसं हालाहलं पिवे ।
अगीयत्थस्स वयणेणं, अमियं पि न घुण्टए ॥१॥

ઇત્યાદિ વચન શાસ્ત્રે છે, જ્ઞાની વચન તે અમૃત સમાન છે, મૂર્ખની વાણી તે વિપરીત પ્રરૂપણા રૂપ ઉલટી છે, તે માટે ભવ્ય પ્રાણી-ધર્માર્થી જ્ઞાન પક્ષ દૃઢ આદરો. જે માટે જ્ઞાનપક્ષનો હવણું દૃઢાધિકાર છે. ' पढमं नाणं तओ दया ' इति वचनात् ભવિ પ્રાણી આદરવું જ્ઞાન. ૧૦.

(૧૧) જ્ઞાન ને ચરણ તે ચારિત્ર, તેહના ગુણથી જે હીણા પ્રાણી છે, તેહને સંસાર સમુદ્ર તરવો દુર્લભ છે, માટે જ જ્ઞાનનું પ્રધાનપણું આદરીએ.

यतः— कर्तुमिच्छोः श्रुतार्थस्य, ज्ञानिनोऽपि प्रमादिनः ।
कालादिविकलो योग, इच्छायोगः स उच्यते ॥ १ ॥

इतीच्छायोगलक्षणंललितविस्तरादौ । એમ ક્રિયાનો જે યોગ, તદ્રૂપ જે ગુણ, તેહનો અભ્યાસ કરીને ઇચ્છાયોગે તરે, ભવાર્ણવ પ્રતે. ૧૧.

(૧૨) ચરણ પતિત-ચારિત્ર રહિત, એહવો શ્રાવક વલી, તે તનુધર્મા હોએ લઘુધર્માભ્યાસી હોએ, તેહને પણ જ્ઞાન તેહજ પ્રધાન છે, મુનિને તો બેઇ ચારિત્ર ક્રિયા સહિત અને જ્ઞાન એ બેઉ પદાર્થ મુખ્ય છે.

अत्र आवश्यक गाथा—

दंसणपक्खो सावय, चरित्त भट्ठे य मंदधम्मे य ।
दंसणचरित्तपक्खो, समणे परलोगकखिम्मि ॥ १ ॥
इति वचनात् ज्ञान-प्रधानत्वमादरणीयम् इति भावः १२.

(૧૩) આવશ્યક સૂત્રમાંહે કહીઉં છે. પ્રવચન દ્વારે પ્રરૂપ્યું છે. તેણે ગ્રહ્યું જ્ઞાને પ્રધાનત્વપણું ' ज्ञान-मेव पर मोक्षः ' इति वचनात्. આચરણા પથ, તે શુદ્ધ માર્ગો, તે આચરણા ક્રિયા વ્યવહાર રૂપ માર્ગે ચાલતાં, લહીયે-પામીએ. યશ અને બહુમાન બહલોકે, પરલોકે-સર્વથાનીકે અને કર જ્ઞાનનો અભ્યાસક પ્રાણી સઘલે પૂજાયે.

यतः श्लोकः—विद्वत्त्वं च नृपत्वं च, नैव तुल्यं कदाचन ।
स्वदेशे पूज्यते राजा, विद्वान् सर्वत्र पूज्यते ॥ १ ॥
वलीपलितकायेऽपि, कर्तव्यः श्रुतसङ्ग्रहः ।
न तत्र धनिनो यान्ति, यत्र यान्ति बहुश्रुताः ॥ २ ॥ १३.

ઇતિ પનરમી ઢાળ સંપૂર્ણ.

ઢાળ ૧૬ મી.

(સમરવી સમરથ સારદા ય વરદાયક દેવી—એ દેશી.)

આતમ અર્થિનઈ અર્થિ પ્રાકૃત વાણી,
ઇમ એ મઈ કીધી હિયડઇ ઊલટ આણી;
મિથ્યાદૃષ્ટિનઈ એહમાં મતિ મુંઝાણી,
સમ્યગ્દૃષ્ટિને લાગે સાકર વાણી. ૧

જ્ઞાનની મહત્તાનું વર્ણન પ્રથમ કર્યું અને તેમાં પણ દ્રવ્યાનુયોગની વિશિષ્ટતા સમજાવી આવું વિશિષ્ટ વર્ણન સંસ્કૃત જેવી ઉદાર વાણીમાં કેમ ન ગૂંથ્યું ? અને ગૂજરાતી ભાષામાં કેમ ગૂંથ્યું ?–એ માટે સમાધાન કરે છે.

જેઓ જ્ઞાનરુચિ ધરાવે છે. જેઓ મોક્ષના અર્થી છે એ સર્વ જીવોને સમાનપણે લાભ થાય તે માટે આવા ગંભીર ભાવો પ્રાકૃત–ચાલુ ભાષામાં ગૂંથ્યા છે.

જે આત્માઓ આવા ગંભીર ભાવો જાણવાની રુચિ ધરાવે છે, તે સર્વને આ ભાષાનો પ્રાયઃ પરિચય હોય જ છે, પણ તે સર્વને સંસ્કૃત ભાષાનો પરિચય હોય જ એવું નથી. સ્પષ્ટ કહીએ, તો–સંસ્કૃત ભાષાના જાણકાર થોડા હોય છે. અને માતૃભાષાના જાણકાર સહુ કોઇ હોય છે. એટલે એ ભાષામાં રચના કરવાથી અનેક લાભ થાય છે.

સંસ્કૃત ભાષા વિશિષ્ટ છે અને એ ભાષામાં રચના વિશેષ બુદ્ધિને દર્શાવે છે. છતાં પણ હું ભાષારસમાં આસક્ત છું. દેવોને અમૃત એ ઉત્તમ છે, છતાં દેવીઓના અધરરસ–પાનમાં જે જે આનંદ તેઓને મળે છે એવો અન્યમાં મળતો નથી. ઉપરના ભાવને દર્શાવતો શ્લોક આ પ્રમાણે છે.

मीर्वाणभाषासु विशेषबुद्धि-स्तथापि भाषारसलम्पटोऽहम् ।
यथा सुराणाममृतं प्रधानं दिव्याङ्गनानामधरासवे रुचिः ॥१॥

વળી કહ્યું છે કે—

बाल-स्त्री-मन्द-मूर्खाणां, नृणां चारित्रकाङ्क्षिणाम् ।
अनुग्रहार्थं तत्त्वज्ञैः, सिद्धान्त प्राकृत कृतः ॥१॥

ચારિત્રના અભિલાષી બાળકો, સ્ત્રીઓ, મન્દ મતિવાળા અને મૂર્ખને ઉપકાર થાય એ માટે આગમ રચના પ્રાકૃતભાષામાં કરવામાં આવી છે.

પ્રાકૃતભાષા સંસ્કૃત કરતાં સરલ છે. પ્રાકૃતભાષા સહેલાઇથી આવડે છે.

પ્રાકૃતભાષા સહુ કોઇને સુલભ છે. પ્રાકૃતભાષામાં ભાવો ગૂંચવાતા નથી.

પ્રાકૃતભાષા વ્યાપક છે. પ્રકૃતિ સંસ્કૃત છે અને પ્રાકૃત તદ્ભવ છે. એવી પ્રાકૃતની વ્યુત્પત્તિ છે.

જે કાંઇ બોલવું એ સંસ્કૃતમાં જ બોલવું એવો આગ્રહ એ મિથ્યાત્વ છે-અજ્ઞાન છે. એવા અજ્ઞાનીઓને ભાષારચનાના ગ્રન્થો ગમતા નથી. તેઓની મતિ આવી રચનાઓમાં મૂંઝાય છે. સમ્યક્ત્વધારીને આ રચના આનંદ આપનાર છે. સાકર સમી મીઠી લાગે છે. રોગીને જેમ સાકર કડવી લાગે અને નીરોગીને જેમ સાકર મીઠી લાગે તેમ મિથ્યાત્વી એ રોગી છે અને સમકિતી એ નિરોગી છે.

ગુરુ પાસઈ શીખી, અર્થ એહના જાણી,
તેહનઈ એ દેજ્યો જેહની મતિ નવિ કાણી;
લઘુને નય દેતાં હોઇ અર્થની હાણી,
યોગદૃષ્ટિ સમુચ્ચય એહવી રીતિ વખાણી. ૨

સામાન્ય મ જાણો, એ તો જિન પ્રભાણી,
ભલી પરિ સાંભલો તત્ત્વરયણની ખાણી;
એ શુભમતિ માતા દુર્મતિ વેલી કૃપાણી,
એ શિવસુખ સુરતરુ ફલ રસ સ્વાદ નિસાણી. ૩

આવા ગંભીર ભાવો ભાષામાં જણાવ્યા છે એટલે એમ ને એમ ગુરુ વિનયાદિ વગર જાતે વાંચીને જાણી લઇશું, એવો વિરૂપ વિચાર કરવો નહિં, પણ ગુરુ પાસે વિનયાદિ આચાર પૂર્વક આ અર્થો સમજીને મેળવવા. ગુરુગમથી અર્થ મેળવનારને ગુરુઅદત્તનો દોષ લાગતો નથી. એમ ને એમ શાસ્ત્રો વાંચનારને ગુરુઅદત્તનો દોષ લાગે છે.

ગુરુએ પણ આ અર્થો જેની મતિ નિર્મળ છે, જે કુતર્ક કરીને આ ભાવોને ડોળતો નથી તેને આપવા. પણ જેની મતિ કાણી હોય, જે અશ્રદ્ધાથી દૂષિત હોય તેને આપવા નહિં. કાણાવાળા-ફૂટેલા વાસણમાં પાણી ભરીએ તો તે ટકે નહિં-કદાચ ભરીએ ત્યાં સુધી દેખાય પણ પછીથી એ સર્વ નીકળી જાય, એ પ્રમાણે કાણી મતિવાળા જીવોને પણ શ્રુતના અર્થો ટકતા નથી, જરી જાય છે. એવાને આપવાથી શ્રમ વિફળ જાય છે.

તુચ્છ મતિવાળાને થોડી બુદ્ધિવાળાને નયના અર્થો આપવા નહિં. એથી અર્થની હાનિ થાય છે. ભિન્ન ભિન્ન નયની અપેક્ષાઓ એવા જીવો મંદમતિને કારણે સમજી શકતા નથી, અને વ્યામોહમાં પડે છે.

યોગદૃષ્ટિસમુચ્ચય મહાગ્રન્થમાં શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે આ વાત સ્પષ્ટ કહી છે. યોગદૃષ્ટિસમુચ્ચયમાં ૨૦૮ શ્લોકથી ૨૨૮ શ્લોક સુધી છેલ્લે આ હકીકત વિગતવાર હેતુઓ દર્શાવવા પૂર્વક વર્ણવી છે.

આ નયાર્થ વ્યાખ્યાન સામાન્ય છે, સાધારણ છે એ પ્રમાણે ન જાણો. કેટલાક આત્માઓ ગંભીર વિષયોનું ઊંડાણ સમજ્યા વગર ઉપર ઉપરથી વિચારે છે અને પછી એવું બોલે છે કે 'અમે તો આ બધું જોઈ નાંખ્યું, એમાં કાંઇ નથી.' પણ એ એમની મહામૂર્ખતા છે. તેઓ પોતે વંચિત રહે, અને બીજાને પણ એવું એવું બોલીને વ્યામોહ ઉત્પન્ન કરે છે. પણ સમજુ જીવો આવું વિચારતા નથી. તેઓ તો આ વાણીને જિનપ્રણીત બ્રહ્માણી માને છે. પૂજ્યબુદ્ધિથી તેનું બહુમાન કરે છે, એક પણ અક્ષરને નકામો માનતા નથી. તેનું રહસ્ય સમજવા માટે યથાશક્ય પૂરો પ્રયત્ન કરે છે. આ પ્રાકૃત ભાષા એ બ્રહ્માણી છે. કારણ કે ભગવાન્ શ્રી ઋષભદેવ પ્રભુએ જમણા હાથે બ્રાહ્મીને શિખવી હતી, માટે એ બ્રહ્માણી કહેવાય છે.

આમાં અનેક તત્ત્વરત્નો ભર્યા છે, તેને સારી રીતે અવધાનપૂર્વક સાંભળો, આ તત્ત્વરત્નની ખાણમાંથી પ્રયત્ન કરશો તો તમને પણ અનેક રત્નો મળશે.

શુભ મતિને જન્મ આપનાર અને પુષ્ટ કરનાર આ ભાષા એ માતા છે, દુર્મતિરૂપ વેલને છેદી નાખવા માટે આ તાતી તલવાર છે.

મોક્ષસ્વરૂપ કલ્પવૃક્ષના ફળનો સ્વાદ આપનાર આ નિશાની છે. આ ભાષાનો રસાસ્વાદ કરનારને શિવસુખનો આસ્વાદ આવે છે.

એહનઇં સુપસાયઇં ઉભા જોડી પાણિ,
સેવઇં નર કિન્નર વિદ્યાધર પવિપાણી;
એ અમિયદૃષ્ટિથી જેહની મતિ સીંચાણી,
તેમાંહિ ઉલ્લસઇ સુરુચિ વેલી કરમાણી. ૪
બહુભાવ એહના જાણઇં કેવલનાણી,
સંખેવઇં એ તો ગુરુમુખથી કહવાણી;
એહથી સંભારી જિનગુણ શ્રેણિ સુહાણી,
વચનાનુષ્ઠાનઇં સમાપત્તિ પરમાણી. ૫

જેના ઉપર આ વાણીની કૃપા ઉતરે છે તેની સામે મનુષ્યો, વિદ્યાધરો, વ્યંતરો અને ઇન્દ્રો પણ હાથ જોડીને ઊભા રહે છે, વાસુદેવ ચક્રવર્તિઓ તેને સેવે છે. દેવો પણ જ્ઞાનીના દાસ થવાનું ઇચ્છે છે.

જેની મતિ આ માતા ભારતીની અમૃત દૃષ્ટિથી સીંચાણી છે, તે મતિમાં કરમાઇ ગયેલી સમ્યક્ત્વલતા નવપલ્લવિત થાય છે.

જ્યારે આ માતા દૂર હોય છે ને મિથ્યાત્વીનો સમાગમ વધે છે ત્યારે શ્રદ્ધા હણાય છે અને જિનવચનનું શ્રવણ થવા સાથે જ હણાએલી શ્રદ્ધા નવજીવનને પ્રાપ્ત કરે છે. શુદ્ધ ન્યાય યુક્ત આ વાણીમાં ભરેલા ભાવોને સંપૂર્ણપણે તો કેવળજ્ઞાની ભગવંત જ જાણે છે. સામાન્ય છદ્મસ્થ જીવ એના પૂર્ણ ભાવો જાણી શકતો નથી. તે માટે મેં ગુરુમુખથી જે પ્રમાણે સંક્ષેપે સાંભળી હતી, તે પ્રમાણે અહિં વર્ણવી છે.

વિવિધ ક્રિયાકાંડનું આરાધન કરનારા આત્માઓને પણ આ દ્રવ્યાનુયોગ સ્થિર થાય છે ત્યારે સમાપત્તિ ધ્યાન ઉદ્ભવે છે અને ક્રિયાની સફળતા મળે છે.

કહ્યું છે કે-આ જિનકથિત ભાવો હૃદયમાં સ્થિર થાય છે એટલે ખરેખર જિનેશ્વરજ હૃદયમાં સ્થિર થાય છે અને એ પ્રમાણે જિનેશ્વર પરમાત્મા હૃદયમાં સ્થિર થાય છે. ત્યારે નિશ્ચયે સર્વ અર્થો સિદ્ધ થાય છે.

આ દ્રવ્યાનુયોગ એ પરમ ચિન્તામણિ છે. તેનાથી સમરસની પ્રાપ્તિ થાય છે. સમરસાપત્તિ કે સમાપત્તિ એ યોગીજનોની માતા છે અને પંડિત પુરુષો તેને જ મોક્ષદાયિ કહે છે.

જેમ જાતવંત મણિનો પ્રકાશ સ્વયંભૂ હોય છે. તે સ્વસ્થિત અને સ્વ-સ્વરૂપ હોય છે, તેમ જેની વૃત્તિઓ વિલય પામી ગઈ છે એવા યોગી જનોને પણ નિઃસંદેહ સ્વસ્થિતિ અને સ્વાંજન ઉદ્ભવે છે. તેઓ સ્વયં પ્રકાશે છે, આવી યોગીઓની સ્થિતિને સમાપત્તિ કહે છે.

આવી સમાપત્તિ જેને પ્રાપ્ત થઈ છે એવા આત્માઓ સામર્થ્યયોગથી ક્ષણવારમાં નિજ કલ્યાણ સાધે છે. તેમનો યોગ શાસ્ત્રયોગ કરતાં પણ આગળ વધી જાય છે. વચનાનુષ્ઠાન કરતાં પણ સમાપત્તિ પ્રમાણ ચઢીયાતું છે.

ઉપરકથિત વિચારોના શ્લોકો આ પ્રમાણે છે :—

अस्मिन् हृदयस्थे सति, हृदयस्थस्तत्त्वतो मुनीन्द्रः ।
इति हृदयस्थिते च तस्मिन्, नियमात् सर्वार्थसम्पत्तिः ॥१॥

चिन्तामणिः परोऽसौ तेनेयं भवति समरसापत्तिः ।
सैवेह योगिमाता निर्वाणफला बुधैः प्रोक्ता ॥२॥

मणेरिवाभिजातस्य, क्षीणवृत्तेरसंशयम् तात्स्थ्यात्तदञ्जनाच्च, समापत्तिः प्रकीर्तिता ॥१॥

એહથી સવિનઈ પાપશ્રેણિ ઉજાણી,
ગુણશ્રેણિ ચઢતાં લહઈ મુગતિ પટરાણી;
ઘનઘાતિ કર્મનઈ પીલઈ જિમ તિલ ઘાણી,
નિરમલ ગુણ એહથી પામિઆ બહુ ભવિ પ્રાણી. ૬

ખલ જન જે એમાં દ્વેષ ધરઈ અભિમાણી,
તો પણિ સજ્જ નથી એહની ખ્યાતિ મયાણી;
ગુણમણિ–રયણાયર જગિ ઉત્તમ ગુણઠાણી,
જસ દિઇ ગુણિ સજ્જનનઈ સંઘ અનંત કલ્યાણી. ૭

આ જિનવચનને અનુસરતા આત્માઓની પાપશ્રેણિ નાશ પામે છે. ગુણસ્થાનકની શ્રેણિમાં એ આત્મા આગળ વધે છે. મુક્તિ પટ્ટરાણી એને વરે છે. જેમ ઘાણીમાં તલ પીલાય તેમ તે આત્મા ઘનઘાતિ કર્મોને પીલી નાંખે છે. એ ભવ્ય જીવ નિર્મળ ગુણોને વરે છે. માટે જિનેશ્વરના વચનમાં સદા આદર કરવો.

જેઓ દુર્જન છે તેઓને આ રુચતું નથી. જે અભિમાની છે તેઓ આથી દૂર રહે છે. મિથ્યાત્વીઓ માન અને ખલતા રાખીને પોતાના કદાગ્રહ છોડતા નથી અને આવા સુન્દર ભાવોથી વંચિત રહે છે.

પ્રતિકૂળ માર્ગે જનારી નૌકા અને દુર્જનની જીભ જનતાને ડૂબાડે છે. નૌકા કાષ્ઠની છે, જડ છે. ને ખલ જીભ ભયંકર છે. કહ્યું છે, કે—

नौश्च खलजिह्वा च, प्रतिकूलविसर्पिणी। जनप्रतारणायैव, दारुणा केन निर्मिता ? ॥१॥

વિશ્વમાં દુર્જનો છે. તો સજ્જનો પણ છે. તેઓ આ વાણીના ગુણોનો વિસ્તાર કરવા માટે સદા તત્પર રહે છે. તેઓના સંસર્ગથી આ વાણી વિખ્યાતિને પામે છે. સજ્જનોના એવા ઉત્તમ કર્તવ્યથી તેઓને પણ લાભ મળે છે. જિનવાણીના પ્રભાવે તેઓ ગુણરત્ન રત્નાકર બને છે, ઉત્તમ ગુણોના સ્થાન થાય છે. એવા સજ્જનોના અનંત કલ્યાણી સંઘને આર્હત વાણી આકલ્પસ્થાયી યશ–સૌભાગ્યને આપે છે.

ઢાળ ૧૬ મીનો ટબાર્થ.

(૧) હવે શિષ્ય પ્રશ્ન કરે છે–જે ' હે સ્વામી ! એવો જ્ઞાન માર્ગ દૃઢ્યો, તો પ્રાકૃત વાણીએ કિમ ગ્રન્થ કીધો ? ' ગુરુ કહે છે. પ્રશ્નોત્તર પ્રત્યે આત્માર્થી જે પ્રાણી જ્ઞાનરુચિ અત એવ–મોક્ષાર્થિને અર્થે–અર્થે એ મેં પ્રાકૃત વાણીએ રચના કીધી છે. સમ્યગ્પ્રકારે બોધાર્થે **यतः** काव्यं—

गीर्वाणभाषासु विशेषबुद्धि–स्तथापि भाषारसलम्पटोऽहम्।
यथा सुराणाममृतं प्रधानं दिव्यान्ननानामधरासवे रुचिः ॥१॥

पुनरपि—

बाल–स्त्री–मन्द–मूर्खाणां, नृणां चारित्रकाङ्क्षिणाम्।
अनुग्रहार्थं तत्त्वज्ञैः, सिद्धान्तः प्राकृतः कृतः ॥१॥
प्रकृतिः संस्कृतम्, तस्माद् भवम्–प्राकृतम् इति व्युत्पत्तिः।

મિથ્યાત્વી-તે અજ્ઞાની પ્રાણી, સમકિતદૃષ્ટિને એ સાકર વાણી-સાકર સમાન મિઠાશની દેણહારી એહવી-વાણી છે. મિથ્યાત્વી તે રોગ સહિત છે. તેહને રોગકારી, રુચિવંતને હિતકારી. ૧.

(૨) એતલા માટે સદ્ગુરુ પાસે-ગીતાર્થ સંગે, એહના અર્થ સમજીને લેવા, જિમ ગુરુ અદત્ત એ દોષ ન લાગે, શુદ્ધ વાણી, તે ગુરુ સેવાએ પ્રસન્ન થાએ. તેહને-એહવા પ્રાણીને એ શાસ્ત્રાર્થ આપવો., જેહની મતિ કાણી-છિદ્રાળી ન હોય, છિદ્ર સહિત જે પ્રાણી, તેહને સૂત્રાર્થ ન દેવો. કાણું ભાજન, તે પાણીમાં રાખીએ, તિહાં સુધી ભર્યું દિસે-પછે ખાલી થાય. અને લઘુને નયાર્થ દેતાં અર્થની હાણી થાય. તે માટે સુરુચિ જ્ઞાનાર્થિને જ દેવો, પણ-મૂર્ખને ન જ દેવો, એહવી રીત યોગ-દૃષ્ટિ સમુચ્ચય ગ્રંથે વખાણી છે. વર્ણવી છે. હરિભદ્રસૂરિજીએ. ૨.

(૩) અને એ નયાર્થ વ્યાખ્યાનને 'સામાન્ય' એ મ જાણો, એ તો જિનપ્રણીત બ્રહ્માણી **यतः 'भगवता श्री ऋषभदेवेन ब्राह्मा दक्षिणकरेणोपदिष्टा सा ब्रह्माणी' इत्युच्यते.** ભલી પરિ સાંભલો. ધારો, તત્ત્વરૂપ જે રત્ન, તેહની એ ખાણી છે-ઉત્પત્તિ સ્થાનક છે. એ શુભમતિ-ભલી જે મતિ, તેહની માતા છે-રૂડી મતિની પ્રસવનહારી દુરમતિ-મિથ્યાત્વાદિ, તદ્રૂપ જે વેલી, તેહને છેદવાને કૃપાણી તુલ્ય છે. એ શિવસુખ-તે મોક્ષ સુખ, તદ્રૂપ જે સુરતરુ-કલ્પવૃક્ષ, તેહના જે ફળ, તેહનો જે સ્વાદ, તેહની નિશાની છે, યાદગીરી છે મોક્ષસુખની. ૩.

(૪) એહને સુપસાયે એહના વાણીના પ્રસાદથી ઉભા પાણી, જોડી-હાથ જોડી સેવા કરે છે, સેવામાં ભક્તિવંત નર તે ચક્રવર્ત્યાદિક, કિન્નર તે વ્યંતરાદિ, વિદ્યાધરાદિક અને પવિપાણિ-ઈંદ્રપ્રમુખ, કોટિ દેવતાની કોડાનુકોડી, એ અમૃતદૃષ્ટિથી જે ભવ્ય પ્રાણી બુદ્ધિવંતની મતિ સિંચાણી, તે મતિ નવ પલ્લવપણાને પામી, તે માંહે તેહના હૃદય કમળમાંહે ઉલ્લાસ પામી, ભલી રુચિ રૂપ જે વેલી આગે મિથ્યાત્વાદિ સંસર્ગે કરમાણી હુંતી, પણ શુદ્ધ નૈયાયિકી વાણી સાંભળીને ઉલ્લાસ પામી છે. ૪.

(૫) એહના બહુભાવ છે-તે કેવળજ્ઞાની, તેહિજ એહના ભાવ સંપૂર્ણ જાણે, પણ સામાન્ય છદ્મસ્થ જીવ એહના ભાવ સંપૂર્ણ ન જાણે, તે માટે સંક્ષેપથી એ મેં ગુરુમુખથી સાંભળી હતી, તેહવી કહવાણી-કહતાં-વચન વર્ગણાએ આવી, તિમ કહે છે. એહિજ દ્રવ્યાનુયોગ વિચારે-ક્રિયા માર્ગ-માંહે પણ આદિ પ્રવર્તક ભગવંત ધ્યાને સમાપત્તિ હુઇ, તેણે કરી ક્રિયા સાફલ્ય હુઇ-**उक्तं च—**

अस्मिन् हृदयस्थे सति, हृदयस्थस्तत्त्वतो मुनीन्द्रः । (स्यात्)
इति हृदयस्थिते च तस्मिन्, नियमात् सवार्थसिद्धिसम्पत्तिः ॥१॥
चिन्तामणिः परोऽसौ तेनेयं भवति समरसापत्तिः ।
सैवेह योगिमाता निर्वाणफला (बुधैः) प्रोक्ता ॥२॥

समापत्तिलक्षणं चेदम्—

मणेरिवाभिजातस्य, क्षीणवृत्तेरसंशयम् तात्स्थ्यात्तदञ्जनाच्च, समापत्तिः प्रकीर्तिता ॥१

વચનાનુષ્ઠાને સમાપત્તિ પણ પ્રમાણ ચઢી. ૫.

(૬) એહથી સર્વ જે પાપની શ્રેણિ, તે ઉજાણી-નાઠી જાય, ગુણશ્રેણિ, ચઢતાં લહે-પામે, મુગતિ રૂપ પટરાણી પ્રતે ઘનઘાતી સકલ કર્મને પીલે, જિમ ઘાણી તલ પીલાએ, તિમ-કર્મ પીલા થાએ. અનેક ક્ષાન્ત્યાદિક નિર્મળ ગુણ પામે ભવિ પ્રાણી-નિર્મળ વીતરાગ આત્મારામ જે જીવ. ૬.

(૭) ખલજન-તે નીચ જન, એહમાં દ્વેષ ધરવો.

यतः खललक्षणम्—

नौश्च खलजिह्वा च, प्रतिकूलविसर्पिणी ।

जनप्रतारणायेव, दारुणा केन निर्मिता ॥ १ ॥ इति खललक्षणम्

જે અભિમાની છે, પોતાનું બોલ્યું મિથ્યાત્વાદિક મૂકતા નથી, તો પણ સજ્જનની સંગતિથી એહ વાણીને ખ્યાતિ-તે પ્રસિદ્ધતાપણું, મચાણી-વિસ્તારપણાને પામે છે. ગુણમણિ-ગુણરૂપને મણિ તેહનો રત્નાકર જે સમુદ્ર જગમાંહે તે ઉત્તમ ગુણ થાનક છે, ગુણિ જણ જે સત્સંગતિક પ્રાણી તેહને યશને દેણહારી એહવી જે વાણી, તે સજ્જનના મને અનંત કલ્યાણી સંઘને મહારી યશ-સુસૌભાગ્યની આપણહારી-એહવી ભગવદ્ વાણી છે. ૭.

ઢાળ સોળમી સંપૂર્ણ.



ઢાળ ૧૭ મી.

(હમચડીની દેશી.)

તપગચ્છનન્દન સુરતરુ, પ્રકટિયો હીરવિજય સુરિંદો;
સકલ સૂરિમાં જે સોભાગી, જિમ તારામાં ચંદો રે. હમચડી૦ ૧

શ્રી આર્હંત પ્રવચન પરંપરાગત આજ સુધી અખંડ–અવ્યાબાધ ચાલુ છે. આચાર્ય-ભગવંતોની પરંપરાનો એ મહાન્ ઉપકાર છે. એ પરંપરાની કેટલીક કડીઓ ગ્રન્થકાર જણાવે છે.

તપાગચ્છરૂપ નન્દનવનમાં કલ્પવૃક્ષ સમાન શ્રી હીરવિજયસૂરીશ્વરજી થયા. જેઓ સકલ સૂરિસમુદાયમાં સૌભાગ્યશાલી છે. સર્વજનને ઇષ્ટ છે. **सुभगाओ सव्वजणइट्ठो**–એ પ્રમાણે સૌભાગ્યનામકર્મનું સ્વરૂપ છે.

જેમ તારા સમૂહમાં ચન્દ્રમા શોભે છે, તેમ સકલ સાધુસમુદાયમાં તેઓ દેદીપ્યમાન છે. કારણ કે સૂરિમંત્રનું તેઓશ્રીએ વિધિપૂર્વક આરાધન કર્યું છે.

તાસ પાટિં વિજયસેનસૂરીસર, જ્ઞાન–રયણનો દરિયો;
સાહિસભામાં જે જસ પામિયો, વિજયવંત ગુણ ભરિયો રે. હમચડી૦ ૨

તેઓશ્રીની પાટે શ્રી વિજયસેનસૂરિજી મહારાજ થયા. તેઓ આચાર્યગુણની છત્રીશ છત્રીશીએ વિરાજમાન હતા. અનેક જ્ઞાનરૂપ રત્નના જેઓ અગાધ સમુદ્ર હતા. જ્ઞાનરત્ન-રત્નાકર હતા. (–' સેનપ્રશ્ન ' નામે ગ્રંથ એ માટે પ્રબળ પ્રમાણ છે) તેઓશ્રીને પાદશાહની સભામાં વાદી સાથે વાદ કરતાં વિજય મળ્યો હતો. તેઓ યશ પામ્યા હતા, તેઓ વિજયવંત હતા. અનેક ગુણથી ભર્યા હતા.

તાસ પાટિ વિજયદેવસૂરીસર, મહિમાવંત નિરીહો;
તાસ પાટિ વિજયસિંહસૂરીસર, સકલ સૂરિમાં લીહો રે. હમચડી૦ ૩
તે ગુરુના ઉત્તમ ઉદ્યમથી, ગીતારથ ગુણ વાધ્યો;
તસ હિત સીખ તણઇં અનુસારઇં, જ્ઞાનયોગ એ સાધ્યો રે. હમચડી૦ ૪
જસ ઉદ્યમ ઉત્તમ મારગનો, ભલઇં ભાવથી લહઇં;
જસ મહિમા મહીમાંહે વિદિતો, તસ ગુણ કેમ ન ગહિઇં રે. હમચડી૦ ૫

તેમની પાટે શ્રી વિજયદેવસૂરીશ્વરજી થયા. તેઓ અનેક વિદ્યાના ભાજન અને મહિમાવંત છે. નિઃસ્પૃહ શિરેામણિ છે.

તેમની પાટે શ્રી વિજયસિંહસૂરીશ્વરજી થયા. તેઓ પટ્ટપ્રભાવક હતા. સકલ સૂરિસમુદાયમાં તેઓ રેખાપાત્ર હતા. સિદ્ધાન્ત, તર્ક, જ્યેાતિષ, ન્યાય. વગેરે અનેક ગ્રન્થેામાં તેઓ મહાપ્રવીણ હતા. એ શ્રીગુરુએ ઉત્તમ ઉદ્યમ કર્યો તે કારણે ગીતાર્થપણાનેા ગુણ વૃદ્ધિ પામ્યેા. તેઓશ્રીએ સારણ-વારણ-ચેાયણા-પડિચેાયણા કરીને અનેક શિષ્યેાને આગમજ્ઞ બનાવ્યા-અનેક ગીતાર્થો નીપજાવ્યા. ગીત-અટલે શાસ્ત્રાભ્યાસ, તેને જાણે તે ગીતાર્થ,

તેઓશ્રીની હિતશિક્ષા અનુસાર-એમની આજ્ઞાને શિરેાધાર્ય કરવાને કારણે આ દ્રવ્યાનુયેાગ રૂપ જ્ઞાનયેાગ-શાસ્ત્રાભ્યાસ સંપૂર્ણ થયેા.

ગ્રન્થકારને પણ તેઓશ્રીએ આ દ્રવ્યાનુયેાગના અધ્યયનની પ્રેરણા કરી હતી ને તેથી ગ્રન્થકારે દ્રવ્યાનુયેાગનું વિશિષ્ટ અધ્યયન કરી તેમાં પ્રવીણતા મેળવી હતી એ પ્રમાણે અહિં સૂચન છે.

શુદ્ધ ભાવથી ઉત્તમ માર્ગનેા જેમને ઉદ્યમ પ્રાપ્ત થાય છે, જેઓ પ્રેરણા કરીને હિતબુદ્ધિએ શિષ્યેાને જ્ઞાનમાર્ગમાં પ્રવર્તાવે છે, જેમનેા મહિમા વિશ્વમાં વિખ્યાત છે, તેમનાં ગુણ શા માટે ન ગાઇએ એમના ગુણ ગાતા થાકીએ જ નહિં ?

શ્રી કલ્યાણવિજય વડ વાચક, હીરવિજય ગુરુ સીસેા;
ઉદયેા જસ ગુણ સંતતિ ગાવઇ, સુર કિંન્નર નિસ દીસેા રે. હમચડી૦ ૬
ગુરુ શ્રી લાભવિજય વડ પંડિત, તાસ સીસ સેાભાગી;
શ્રુત વ્યાકરણાદિક બહુ ગ્રંથિ, નિત્યઇ જસ મતિ લાગી રે. હમચડી૦ ૭
શ્રી ગુરુ જીતવિજય તસ સીસેા, મહિમાવંત મહંતેા;
શ્રી નયવિજય વિબુધ ગુરુ ભ્રાતા, તાસ મહાગુણવંતેા રે. હમચડી૦ ૮
જે ગુરુ સ્વ-પર સમય અભ્યાસઇ, બહુ ઉપાય કરી કાસી;
સમ્યગ્દર્શન સુરુચિ સુરભિતા, મુજ મતિ શુભ ગુણવાસી રે. હમચડી૦ ૯
જસ સેવા સુપસાયઇ સહજિ, ચિંતામણિ મેં લહિઉં;
તસ ગુણ ગાઇ શકું કિમ સઘલા, ગાવાનઇ ગહગહિએા રે. હમચડી૦ ૧૦

શ્રી હીરસૂરીશ્વરજી મહારાજશ્રીના શિષ્ય ઉપાધ્યાયજી શ્રી કલ્યાણવિજયજી થયા. જેમના ગુણગણને પ્રતિદિન-રાતદિવસ સુરકિન્નરેા ગાય છે.

તેમના શિષ્ય પંડિત શ્રી લાભવિજયજી ગણી થયા. તેમનું સૌભાગ્ય પ્રબળ હતું, તેઓ મહાવિદ્વાન હતા. શ્રુત-વ્યાકરણાદિ ગ્રન્થેાના પઠન-પાઠનમાં તેઓશ્રી સદા રત રહેતા હતા. વાચના-પૃચ્છના-પરાવર્તના-અનુપ્રેક્ષા ને ધર્મકથા એ પાંચ પ્રકારના સ્વાધ્યાયધ્યાનમાં તેઓ અપ્રમત્તશીલ હતા

તેમના શિષ્ય શ્રી જિતવિજયજી ગુરુ હતા. તેઓશ્રી મહામહિમાવંત છે.

જ્ઞાનાદિગુણોપેતા મહાન્તઃ–જેઓ જ્ઞાનાદિ ગુણ યુક્ત છે, તે મહાન્ છે. શ્રીગુરુ જિતવિજયજી મહારાજ એવા મહાન્ હતા.

શ્રી નયવિજયજી મહારાજ પંડિત હતા. અને શ્રી જિતવિજયજી મહારાજના ગુરુભાઈ હતા. બન્ને એક ગુરુના શિષ્ય હતા.

ગુરુએ મને સ્વદર્શનનો અભ્યાસ અને પરદર્શનનો અભ્યાસ કરાવવા માટે પ્રબળ પ્રયાસ કર્યો, કાશીએ ભણવા માટે મોકલ્યો, ત્યાંના પ્રકાણ્ડ પંડિત પાસે વેદાંત–તર્ક આદિ શાસ્ત્રો ભણાવ્યા. ત્યાં ન્યાયવિશારદ એવું બિરૂદ પ્રાપ્ત કરાવ્યું. તેમની ભાવનાને અનુરૂપ મારી મતિ સમ્યગ્દર્શનની સૌરભથી સુવાસિત બની. આસ્તિકતા અંગેઅંગમાં પરિણમી. જેમની સેવાના સુપ્રસાદને કારણે સહજ 'ચિન્તામણિ' નામે ન્યાયનો મહાગ્રન્થ શિરોમણિ–દીધિતિ–યુક્ત મેં મેળવ્યો. આ મહાગ્રન્થનું અધ્યયન સુલભ નથી. છતાં મને એ વિના–આયાસે પ્રાપ્ત થયો, એ એમનાં મહાપ્રભાવની પ્રાસાદી છે. એ મારા ગુરુના સર્વ ગુણો એક જીભે કેમ ગાઈ શકાય? મારું મન તો તે ગાવાને સતત આતુર રહે છે.

તે ગુરુની ભગતિ શુભ શકતિં, વાણી એહ પ્રકાશી;
કવિ જસવિજય ભણુઈ એ ભણિયો, દિન દિન બહુ અભ્યાસી રે. હમચડી૦ ૧૧

એ ગુરુની ભક્તિથી પ્રસન્નતા પ્રાપ્ત કરીને સારી શક્તિ વડે આત્માની અનુભવ દશાએ મેં આ દ્રવ્યગુણ પર્યાયના રાસ રૂપે આ દ્રવ્યાનુયોગની વાણી પ્રકાશી–ગૂંથી છે ભવ્યાત્માઓ હું કવિ યશોવિજય કહું છું કે આ ગ્રન્થને તમે ભણજો, દિનાનુદિન–પ્રતિદિન બહુ અભ્યાસ કરીને ખૂબ ખૂબ ભણજો. અતિશય અભ્યાસ કરજો, વારંવાર મનન કરજો. એ જ પરમ કર્તવ્ય છે.

કળશ—

ઇમ દ્રવ્ય ગુણ પર્યાયે કરી, જેહ વાણી વિસ્તરી,
ગત પાર ગુરુ સંસાર સાગર, તરણતારણ વરતરી;
તે એહ ભાખી સુજન મધુકર રમણ સુરતરુ મંજરી,
શ્રી નયવિજય વિબુધ ચરણ સેવક, જસવિજય બુધ જય કરી. ૧

આ પ્રમાણે દ્રવ્ય, ગુણ અને પર્યાયે કરીને અર્થાત્ દ્રવ્યનું લક્ષણ, ગુણનું લક્ષણ, અને પર્યાયનું લક્ષણ તે ત્રણેના સ્વરૂપનો વિસ્તાર કરીને જે વાણી વિસ્તરપણાને પામી, પ્રકટ થઈ છે. દ્રવ્ય–ગુણ પર્યાયના રાસ રૂપે રચાણી છે.

આ વાણી સંસારસાગરનો પાર કરવા માટે તરણ–તારણ તરી–નૌકા સમાન છે. પાર પ્રાપ્ત સદ્ગુરુ તુલ્ય છે, જેઓ ભલા લોક છે, જેઓ આત્મદ્રવ્યમાં છએ દ્રવ્યોને ઓળખ-

નારા છે, જેઓ સત્સંગની અભિરુચિવાળા છે, તેઓને આ વાણી કલ્પવૃક્ષની મંજરી સમાન છે.

શ્રી નયવિજયજી પંડિતના શિષ્ય શ્રી યશોવિજય બુધને આ વાણી જય આપનારી છે. વિજયદાયિની છે, યશોવિસ્તારિણી છે, સૌભાગ્યકારિણી છે.

આવી ભગવંત અરિહંતની વાણી ચિરકાળ સુધી જયવંતી વર્તો.

—કાવ્ય—

इयमुचितपदार्थो-ल्लापने श्रव्यशोभा, बुधजनहितहेतु-र्भाविनापुष्पवाटी ।
अनुदिनमित एव, ध्यानपुष्पैरुदारै र्भवतु चरणपूजा, जैनवाग्देवतायाः ॥ १ ॥

કાવ્યાર્થ—

આ દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસની વાણી એ પદાર્થ પ્રતિપાદન કરવામાં શ્રવણની શોભા રૂપ છે. પંડિત પુરુષોના હિતનું કારણ છે. ભાવનારૂપી પુષ્પોને પ્રકટ કરવા માટે વાડી-ઉપવન છે. પ્રતિદિન આ વાણીથી પ્રાપ્ત થતાં ઉદાર ખીલેલાં ધ્યાન-કુસુમોથી શ્રી જૈનવાણી દેવતાની ચરણપૂજા થાવ.

આર્હતવાણી અનંત કલ્યાણી છે. [ઇતિ-દ્રવ્યગુણ-પર્યાય રાસસાર સંપૂર્ણ.]

ઢાળ ૧૭ મીનો ટબાર્થ.

(૧) હવે આગલી ઢાળે પરંપરાગત માર્ગની પ્રરૂપણા દ્વારે કોણે એ જોડ્યો ? કેહા આચાર્યની વારે ! તે કહે છે તપગચ્છ-રૂપ જે નન્દનવન, તે માંહે સુરતરુ સરિખો પ્રગટ્યો છે. **શ્રી હીરવિજય-સૂરીશ્વર** તે કહેવા છે ? સકલ સૂરીશ્વરમાં જે સોભાગી છે-સૌભાગ્યવંત છે.

सुभगाओ सव्वजणइट्ठो-इति वचनात् ।

જેમ તારાના ગણમાં ચંદ્રમા શોભે તેમ સકલ સાધુ સમુદાયમાંહે દેદીપ્યમાન છે. **कस्मात् ? सूरिमन्त्राराधकत्वात् ।**

(૨) તાસ પાટે તેહનો પટ્ટ પ્રભાકર **શ્રી વિજયસેનસૂરીશ્વર** આચાર્યની છત્રીશ છત્રીશીએ વિરાજમાન અને જ્ઞાનરૂપ જે રત્ન તેહનો અગાધ સમુદ્ર છે. સાહિ-તે-પાતસ્યાહ, તેહની સભામાંહે વાદવિવાદ કરતાં જયવાદ રૂપ જે જસ તે પ્રત્યે પામ્યો, વિજયવંત છે, અનેક ગુણે કરી ભર્યો છે.

(૩) તાસ પાટ ક૦ તેહને પાટે **શ્રી વિજયદેવસૂરીશ્વર** અનેક વિદ્યાનો ભાજન વળી મહિમાવંત છે, નિરીહ તે નિઃસ્પૃહી જે છે. તેહને પાટે આચાર્ય **શ્રી વિજયસિંહસૂરીશ્વર** થયા, પટ્ટ પ્રભાવક સમાન સકલ સૂરીશ્વરના સમુદાયમાંહે લી હવાલી (રેખાપાત્ર) છે, અનેક સિદ્ધાંત તર્ક, જ્યોતિઃ ન્યાય, પ્રમુખ ગ્રંથે મહાપ્રવીણ છે. ૩.

(૪) તે જે શ્રી ગુરુ તેહનો ઉત્તમ ઉદ્યમ જે ભલો ઉદ્યમ તેણે કરીને ગીતાર્થ ગુણ વાધ્યો,

गीतं जानन्ति इति गीतार्थाः, गीतं शास्त्राभ्यासलक्षणम् ।

તેહની જે હિતશિક્ષા, તેહને અનુસારે-તેહની આજ્ઞા માફકપણું, તેણે કરી એ જ્ઞાનયોગ તે તે દ્રવ્યાનુયોગ-એ શાસ્ત્રાભ્યાસ સાધ્યો-સંપૂર્ણરૂપે થયો. ૪.

(૫) જસ ઉદ્યમ-તે ઉત્તમ માર્ગનો જે ઉત્તમ તે કેમ પામિયે ? ભલે ભાવ-તે શુદ્ધાધ્યવસાય રૂપ તે લહિયે-કહતાં પામિયે. જસ મહિમા-જેહનો મહિમાંહે પૃથ્વીમાંહે વિદિતો છે. પ્રસિદ્ધ છે. તસ ગુણ

તે તેહવા આચાર્ય જે સુગુરુ, તેહના ગુણ કેમ ન કહિયે ? એટલે અવશ્ય કહવાઇજ. ઇતિ પરમાર્થ. ૫

(૬) **શ્રી કલ્યાણવિજયનામા** વડવાચક મહોપાધ્યાય બિરુદ પામ્યા છે. શ્રી હીરવિજયસૂરીશ્વરના શિષ્ય જે છે. ઉદયો જે ઉપના છે. જસ ગુંણ સંતતિ-તે શ્રેણિ ગાઇ છે. સુર કિન્નર પ્રમુખ નિસ-દીસ-રાત્રિ દિવસ, ગુણ શ્રેણિ સદાકાલે ગાય છે. ૬.

તેહના શિષ્ય ગુરુ **શ્રી લાભવિજય** વડ પંડિત છે, પંડિતપર્ષદામાં મુખ્ય છે. તાસ શિષ્ય તેહના શિષ્ય-મહા સોભાગી છે. શ્રુત-વ્યાકરણાદિક બહુ ગ્રંથમાંહિ નિત્ય જેહની મતિ લાગી છે, એકાંતે વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા, લક્ષણ પંચવિધ સજ્ઝાય ધ્યાન કરતાં રહે છે. ૭

(૮) **ગુરૂ શ્રી જીતવિજય** નામે તેહના શિષ્ય પરંપરાએ થયા, મહા મહિમાવંત છે, મહંત છે. **' જ્ઞાનાદિગુણોપેતા મહાન્તઃ ' ઇતિવચનાત્ ।**

શ્રી નયવિજય પંડિત તેહના ગુરુભ્રાતા-ગુરુભાઇ સંબંધે થયા. **એકગુરુશિષ્યત્વાત્.** ૮

(૯) જેણે-ગુરુએ સ્વસમય-તે જૈન શાસ્ત્ર, પરસમય તે વેદાન્ત-તર્ક પ્રમુખ, તેહના અભ્યાસાર્થ, બહુ ઉપાય કરીને કાસીએ સ્વશિષ્યને ભણવાને કાજે મૂકયા તિહાં ' ન્યાય વિશારદ ' એવું બિરુદ પામ્યા. સમ્યગ્દર્શનની જે સ્વરુચિ, તદ્રૂપ જે સુરભિતા સુગંધ જસ સેવાપણું, તેણે મુઝ મતિ-મારી જે મતિ શુભ ગુણે કરીને વાસી-આરિતક્ય ગુણેકરી અંગોઅંગ પ્રણમી (પરિણમી) તેહની સ્વેચ્છા રુચિ રૂપે એ છે. ૯.

(૧૦) જસ સેવા-તેહની સેવા રૂપ જે સુપ્રસાદ, તેણે કરીને સહજમાંહે **ચિંતામણિ-શિરોમણિ** નામે મહાન્યાય શાસ્ત્ર, તે લહ્યો-પામ્યો, તસ ગુણ-તેહ જે મારા ગુરુ, તેહના સંપૂર્ણ ગુણ, એક જિહ્વાએ કરીને કિમ ગાઇ સકાઇ ? અને માહરું મન તો ગાવાને ગહગહી રહ્યું છે, આતુર થયું છે. ૧૦

(૧૧) તે ગુરુની ભક્તિ-ગુરુ પ્રસન્નતા લક્ષણે શુભ ભક્તિ તે આત્માની અનુભવ દશા, તેણે કરીને એહ વાણી દ્રવ્યાનુયોગરૂપ પ્રકાશી-પ્રરૂપી વચનદ્વારે કરીને **કવિ જસવિજય** ભણે કંઠ કહે છે, એ ભણુજ્યો, હે આત્માર્થિયો ! પ્રાણિયો ! એ ભણુજ્યો ! દિવસે દિવસે બહુ અભ્યાસ કરીને ભણુજ્યો અતિ અભ્યાસે. ૧૧.

ઢાળ સત્તરમી સંપૂર્ણ.

કળશનો ટબ્બાર્થ.

(૧) એમ દ્રવ્ય-ગુણ-પર્યાયે કરીને જે વાણી દ્રવ્યનું લક્ષણ, ગુણનું લક્ષણ અને પર્યાયનું લક્ષણ તેણે કરીને જે વાણી વિસ્તારપણે પામી છે, ગતપાર તે પ્રાપ્તપાર એહવા ગુરુ, તે કહેવા છે? સંસાર રૂપ સાગર તેહના તરણ તારણ વિષે વર-કહેતાં પ્રધાન તરી સમાન છે, ' તરી ' એહવો નામ જિહાજનો છે. તેહ મેં ભાખી, તે કેહને અર્થે ? તે કહે છે-સુજન જે ભલા લોક, સત્સંગતિ કંઠ આત્મદ્રવ્યે ષટ્દ્રવ્યના ઉપલક્ષણ ઓલખણહાર, તેહને રમણિક સુરતરૂ જે કલ્પવૃક્ષ, તેહની મંજરી સમાન છે. શ્રી નયવિજય પંડિત શિષ્ય ચરણ સેવક સમાન જસવિજય બુધ ને જયકરી જયકારણી જયની કરણહારી-અવશ્ય જસ-સૌભાગ્યની દાતા છે, એહવી ભગવદ્વાણી ચિરંજીયાત્ ઇત્યાશીર્વાદવચનમ્

કાવ્યમ્—

ઇયમુચિતપદાર્થોલ્લાપને શ્રવ્યશોભા, બુધજનહિતહેતુ-ર્ભાવના પુષ્પવાટી ।
અનુદિનમિત એવ, ધ્યાનપુષ્પૈરુદારૈ-ર્ભવતુ ચરણપૂજા, જૈનવાગ્દેવતાયાઃ ॥ ૧ ॥

ઇતિ શ્રી દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ સંપૂર્ણ.

સંવત્ ૧૭૨૯ વર્ષે ભાદ્રવા વદિ ૨ દિને લિખિ સાહા કપૂર સુત, સાહા સુરચંદે લિખાવિતમ્.

—*—

—:: મનનીય ગાથાઓ ::—

थूलं थूलं थूलं थूलं सुहुमं च सुहुम थूलं च ।
सुहुमं सुहुमं सुहुमं, पुग्गलदव्वस्स पज्जाया ॥ १ ॥

काय नाम-इंदीकाए, बंभी, समी, सीखि, आवली, जक्खा य ।

प-पू-द-उ कमसो जाव जल-वण-विगला पणिंदिआ चेव ।
द-उ-पू-पा पुढवीदउसम तेउ पूपासु कमा ॥ १ ॥

पपूउदासु वाउ सत्तेण जंबुत्तरेण मानसरं ।
पच्छिम गोयम दीवो, अइमग्गमादाहीणे झूसरं ॥ २ ॥

[પાલીતાણા-જ્ઞાન ભંડારની આ રાસની હસ્તલિખિત પ્રતને અંતે ઉપરની ૩ા પ્રાચીન ગાથાઓ છે. તેમાં પ્રથમ ગાથામાં પુદ્ગલ દ્રવ્યના પર્યાયો જણાવ્યા છે. તે ૭ પ્રકારે છે. ૧ સ્થૂલ-સ્થૂલ, ૨ સ્થૂલ. ૩ સ્થૂલ-સૂક્ષ્મ. ૪ સૂક્ષ્મ-સ્થૂલ. ૫ સૂક્ષ્મ અને ૬ સૂક્ષ્મ-સૂક્ષ્મ. તેમાં પ્રથમ પ્રકારમાં કાષ્ઠ-પત્થર વગેરે છે. બીજા પ્રકારમાં દૂધ વગેરે. ત્રીજા પ્રકારમાં આતપ આદિ, ચોથા પ્રકારમાં અન્ધકાર પ્રમુખ. પાંચમા પ્રકારમાં કાર્મણ વર્ગણા અને છઠ્ઠા પ્રકારમાં દ્વયણુક આદિ છે.]

[કાય નામવાળી અર્ધી ગાથા સ્પષ્ટ થતી નથી. તે પછીની બે ગાથાઓનો થોડો થોડો અર્થ આ પ્રમાણે સમજાય છે. પશ્ચિમ, પૂર્વ, દક્ષિણ અને ઉત્તરમાં અનુક્રમે પાણી, વનસ્પતિ, વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિયો છે-અર્થાત્ વિશેષે છે. દક્ષિણ-ઉત્તર, પૂર્વ અને પશ્ચિમમાં પૃથ્વી અને પાણી સમાન છે અને પૂર્વ-પશ્ચિમમાં અગ્નિકાય છે. પશ્ચિમ-પૂર્વ, ઉત્તર અને દક્ષિણમાં વાયુ છે. જંબુદ્વીપથી ઉત્તરમાં સાતમા દ્વીપમાં માનસરોવર છે, પશ્ચિમમાં ગૌતમ દ્વીપ છે. દક્ષિણમાં ઝૂ-સરોવર છે. આ ગાથાઓ વિશેષ મનન કરીને બેસારવા જેવી છે.]

જુદી જુદી પ્રતોને અંતે લખાએલી પ્રશસ્તિઓ.

(૧) इति श्री द्रव्यगुणपर्यायरासः, उपाध्याय-जसविजयपण्डितकृतः सम्पूर्णः । भा० ।

(૨) इति श्री द्रव्यगुणपर्याय रासः संपूर्णः उपाध्याय श्री यशोविजय गणि कृतः स्वोपज्ञ टबार्थ रासः संपूर्णम् [:] लिखितं ऋखितं ! भारमल सं. १८०९ वर्षे मास चैत्रे वदि ३ गुरुवासरे, अबरंगाबाद मध्ये लिपि कृतोऽस्ति, श्रीरस्तुः, शुभं भवतुः । पालि० ।

(૩) इति श्री द्रव्यगुणपर्याय रास टबार्थः संपूर्णः । ग्रन्थाग्रं सर्वमिलने सहस्र ३००० न्यूनाधिकं जिनो वेत्ति संवद्वनेत्र-हुताशनैर्नन्द्र चन्द्र शुभे ? मार्गशर शुक्लपक्षे श्रीममाख्यबिंदरे सप्तम्या कर्मवाटयां अर्कवारयुतायां लिखितं टबार्थ पूर्णकृतं, पं. ऋद्धिसारेण श्री चिन्तामण्योपाश्रये खरतरगच्छे शुभं भूयात् (भा०) लि० पं. लक्ष्मीमाणिक्य मुनयः । सं. १८४१ रा मिती मृगशिर शुदि चतुर्दश्यां गुरौ । श्री नवलखापार्श्वप्रसादात्, कल्याणमस्तु लेखकपाठकयोः, इति श्रीः स्तात् । भा० ।

(४) परत द्रव्यगुणपर्याय रास पत्र ६१ अंबालाल चुनिलालना ज्ञानभंडारनी । भा० ।

(५) इति पद्यम्–। इति श्री महोपाध्याय श्री यशोविजयगणिना कृतः सूत्रटबार्थरूपरासः संपूर्णतामगमत् । ग्रन्थाग्रं श्लोकसंख्या ३८६३ सूत्रअर्थमिलने ।

यादृशं पुस्तके दृष्टं, तादृशं लिखितं मया ।
यदि शुद्धमशुद्धं वा, मम दोषो न दीयते ॥ १ ॥
तैलाद्रक्षेज्जलाद्रक्षे—द्रक्षेच्छिथिलबन्धनात् ।
परहस्तगताद्रक्षे—देवं वदति पुस्तिका ॥ २ ॥

शाह भवानीदासजी, शाह श्री तापीदासजी, पुत्री शुभकुंवर लिखावितम्, इदं शास्त्रं पुण्यार्थम्, श्रीरस्तु. सं. १८०९ वर्षे मास चैत्र वदि ११ रविवासरे संपूर्ण बभूव ॥ पालि० ॥

(६) परत द्रव्यगुणपर्यायरास, पत्र ६९, अंबालाल चुनीलालना ज्ञानभंडारमी । पा'लि० ।

અગત્યના અભિધાનોની અકારાદિ સૂચિ

અનુયોગદ્વાર ६१, ६६, १०३
અન્યયોગ વ્યવચ્છેદ ३६, ३७, ३६, १०६, १२४,
આગમ १६३,
આચારાંગ १, ६, ४०, ५१, १७५, १७८,
આવશ્યક १०१, २०७, २०८, २१२,
ઉત્તરાધ્યયન १, १४०, १४२, १८८, १६०, १६४, १६५, १६६, २०३, २१०,
ઉપદેશ પદ २, ६, २०२, २१०,
ઉપદેશમાળા ४, ७,
ઉપદેશરહસ્ય २१०,
ઉપાધ્યાયજી ५०, ६१, १३६, १४६, १५३, (યશોવિજયજી) १५४, १५६, १५८, १६०, १७०, १८२, १८५,
ઉપાસક દશાંગ १,
ઉમાસ્વાતિજી ३, १३२, १४५,
ઋષભદેવ २१८,
ઓઘનિર્યુક્તિ १,
કલ્પ વ્યવહાર ५, ८,
કલ્યાણવિજય २२१, २२४,
ગચ્છાચાર २०४, २०६, २११,
ગૌતમ (સ્વામી) १८, १४३,
ચન્દ્ર પ્રજ્ઞપ્તિ १, ६,
ચિંતામણિ २२१, २२२, २२४,
જિતવિજય १, ६, २२१, २२२, २२४,
જિનભદ્ર ८८, ६०, ६१, १०२,
જીવાભિગમ १४३, १४६,
જૈન દર્શન, २१, ३६, ३६, ५२, ५३, ७५, (જિનશાસન) १०५, १०६, १४१, १४७, (જૈનશાસન) १५३, १६५,
જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ १,
જ્ઞાતાધર્મ કથાંક १, ६,
જ્યોતિષ કરંડક १,
ઠાણુ ५,
તત્ત્વાર્થ (તત્ત્વાર્થાધિગમ-સૂત્ર) १, ५, ६ १०, ८६, ६६, १०१, १०३, १०७, १४४, १५०,
દશવૈકાલિક १,
દિગમ્બર, દિગમ્બરાભાસ, દિક્પટાભાસ १३, १६, २४, २५, ५८, ५६, ६४, ६६, ६७, ६६, ७५, ७६, ७७. ८२, ८५, ८८, ६२, ६५, ६७, १००, १०३, १४४, १४५, १५०, १८८, १६०, १६३, १६८,
દીધિતિ (શિરોમણિ) २२२, २२४,
દૃષ્ટિવાદ ५, ८,
દેવસૂરિ २२०, २२१, २२३,
દેવસેન ८८, ८६, ६२, ६४, ६५, ६६, ६७, १००, १०१, १०३, १०४, १६७,

દ્રવ્ય ગુણ પર્યાય રાસ ૫૦, ૨૨૩,
દ્રવ્ય સંગ્રહ ૫૯, ૬૪, ૧૫૦,
દ્વાત્રિંશિકા (નિશ્ચયાર્થ) ૧૪૪, ૧૫૦,
દ્વાદશાર નયચક્ર ૪૬, ૫૨,
ધર્મદાસગણી ૪,
ધર્મ સંગ્રહણી ૧૪૦, ૧૪૩, ૧૪૯,
નયચક્ર ૮૫, ૮૮, ૯૨, ૯૫, ૧૦૦, ૧૦૧, ૧૦૩, ૧૧૦૪, ૯૭,
નયવિજય ૧, ૬, ૨૨૧, ૨૨૨, ૨૨૩, ૨૨૪,
નવતત્ત્વ પ્રકરણ ૧૩૩
નવ્યનૈયાયિક ૩૦, ૩૭,
નિશીથ ૫, ૮,
નિશ્ચયવાદી ૧૭૦,
નીતિશાસ્ત્ર ૨૦૮,
નૈયાયિક ૯, ૨૧, ૨૯, ૩૦, ૩૩, ૩૪, ૩૬, ૩૯, ૪૫, ૫૭, ૬૧, ૭૧, ૭૨, ૭૬, ૧૦૫, ૧૦૬, ૧૧૧, ૧૧૩, ૧૨૦, ૧૨૪, ૧૨૫, ૧૨૮, ૧૫૩, ૧૫૬, ૧૬૨, ૧૬૫,
નંદીષેણ ૨૦૩
ન્યાયદર્શન ૧૧૨
પદ્મપ્રભસ્વામી ૧૮૪, ૧૮૯,
પાવાપુરી ૭૦,
પંચકલ્પભાષ્ય ૩, ૭,
પિંડનિર્યુક્તિ ૧,
પુંડરીક અધ્યયન ૯૯, ૧૦૪,
પ્રજ્ઞાપના ૧, ૧૨૨, ૧૨૯,
પ્રવચન સાર ૪, ૭, ૧૬૩, ૧૬૮,
પ્રશમરતિ ૩, ૭, ૧૩૨, ૧૪૭,
પ્રાચીન નૈયાયિક ૪૪, ૫૧,
બૌદ્ધ ૧૨, ૩૮, ૧૦૫, ૧૧૦, ૧૨૫, ૧૬૬,
બૃહત્ કલ્પ (ભાષ્ય) ૨૦૩, ૨૧૦,
બ્રાહ્મી ૨૧૮
ભગવતીજી ૧૪૦, ૧૪૩, ૧૪૬, ૧૪૯, ૧૫૧,
ભાષા રહસ્ય ૧૫૮, ૧૬૭,
મલ્લવાદીજી ૯૦, ૧૦૨,
મહાનિશીથ ૨૦૨, ૨૧૦,
માધ્યમિક ૧૧૧, ૧૨૫,
યશોવિજય (જસવિજય) ૨૨૨, ૨૨૩, ૨૨૪
યોગદૃષ્ટિ સમુચ્ચય ૫, ૨૦૧, ૨૧૦, ૨૧૪, ૨૧૫,
યોગશાસ્ત્ર ૧૪૦, ૧૪૪, ૧૪૬, ૧૫૦, ૧૫૧,
યોગાચાર ૩૪, ૩૫, ૩૮, ૧૧૧, ૧૨૫,
રામચંદ્ર ૨૦૫,
લલિતવિસ્તરા ૫, ૮, ૨૦૮, ૨૧૨,
લક્ષ્મણ ૨૦૫, ૨૧૧,
લાભવિજય ૨૨૧, ૨૨૪,
વર્ધમાનોપાધ્યાય ૧૩૯,
વાસુપૂજ્યસ્વામી ૧૮૪, ૧૮૯,
વિશેષાવશ્યક (ભાષ્ય) ૫૪, ૫૭, ૬૪, ૯૮, ૧૦૨, ૧૦૪,
વિંશિકા (વીશી) ૧૫, ૧૩૨, ૧૪૭,
વીર જિનવર ૬૮, ૭૦, ૭૫, ૧૬૩,
વેદાન્ત દર્શન ૯૯, ૧૦૪, ૧૦૫, ૧૭૮, ૧૮૪, ૧૮૬,
વેદાન્તીઓ ૧૭૪,
વ્યવહાર સૂત્ર ૫,
શતાર નયચક્રાધ્યયન ૪૬, ૫૨,
શ્રેણીક ૨૦૩,
શ્વેતામ્બર ૫૭, ૬૪, ૮૮, ૧૦૦, ૧૦૧,
ષોડશક ૨, ૭, ૧૪૩, ૨૦૦, ૨૦૧, ૨૧૦,
સમવાય ૫,
સમ્મતિતર્ક (વૃત્તિ) ૧, ૨, ૫, ૬, ૮, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૫, ૪૪, ૫૦, ૫૧, ૫૩, ૫૪, ૫૭, ૬૪, ૯૯, ૧૧૬, ૧૧૭, ૧૧૮, ૧૧૯, ૧૨૦, ૧૨૧, ૧૨૨, ૧૨૭, ૧૨૮, ૧૨૯, ૧૭૧, ૧૭૩, ૧૭૭, ૧૮૪, ૧૮૫, ૧૯૨, ૧૯૬, ૧૯૮, ૧૯૯,
સાંખ્ય ૩૬, ૩૯,
સિદ્ધસેન ૨, ૫, ૪૪, ૫૦, ૮૮, ૯૦, ૯૧, ૧૦૨, ૧૪૪, ૧૫૦, ૧૯૭,
સિંહસૂરિ ૨૨૦, ૨૨૧, ૨૨૩,
સૂત્રકૃતાંગ ૧, ૬,
સૂર્યપ્રજ્ઞપ્તિ ૧,
સેનસૂરિ ૨૨૦, ૨૨૩,

સ્યાદ્વાદ રત્નાકર ૯૮, ૧૦૪,
હરિભદ્રસૂરિજી ૨, ૫, ૧૫, ૧૩૨, ૧૪૯, ૧૬૪, ૧૬૯, ૨૦૧, ૨૧૮,
હીરવિજયસૂરિ ૨૨૦, ૨૨૧, ૨૨૩,
હેમચન્દ્રસૂરિજી ૩૬, ૧૦૬, ૧૪૪,

❀

શ્રી જૈન સાહિત્ય વર્ધક સભા તરફથી પ્રકાશિત થયેલાં ગ્રન્થોની યાદી.

૧ પરમાત્મ સંગીત રસ સ્રોતસ્વિની.
૨ સપ્તસંધાન મહાકાવ્યમ્ (સટીકમ્).
૩ સાહિત્ય શિક્ષામંજરી.
૪ વૈરાગ્યશતકમ્ (વિવેચન સાથે).
૫ શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રમ્.
(અનુવાદ–વિવેચન યુક્તમ્).
૬ શ્રી આદિજિન પંચકલ્યાણક પૂજા.
૭ શ્રી ગિરનારજી તીર્થનો પરિચય.
૮ સંગીત સ્રોતસ્વિની.
૯ ધન્દુદૂતમ્ (ખંડકાવ્યમ્–સટીકમ્).
૧૦ નિહ્નવવાદ.
૧૧ શિવભૂતિ.
૧૨ નયવાદ.
૧૩ આત્મવાદ.
૧૪ વિચાર–સૌરભ.
૧૫ શ્રી તત્ત્વાર્થ સ્વાધ્યાય.
૧૬ સિરિ જંબૂસામી ચરિતં.
૧૭ સુપાત્રદાનનો મહિમા.
૧૮ શ્રી સિદ્ધચક્ર નવપદારાધન વિધિ.
૧૯ શ્રી સિદ્ધચક્ર સ્વરૂપ દર્શન.
૨૦ અર્હત્ પ્રાર્થના.
૨૧ સ્વાધ્યાય રત્નવલિ ખંડ ૧.
૨૨ શ્રી વજ્રસ્વામી આખ્યાન.
૨૩ શ્રી ચંદ્રપ્રભ જિન પંચકલ્યાણક પૂજા.
૨૪ પુણ્યપ્રકાશ સ્તવનાદિ.
૨૫ શ્રી મોહનવિજયજી કૃત ચોવિશી [સાર્થ]
૨૬ સંસ્કારનું વાવેતર.
૨૭ સ્વાધ્યાય રત્નાવલિ ખંડ ૨
૨૮ દર્શન રત્નરત્નાકર ભાગ ૧
૨૯ સ્નાત્ર–પૂજાદિ સાર્થ.
૩૦ અષ્ટાપદજીની પૂજા–સાર્થ.
૩૧ નવ્વાણું અભિષેકની પૂજા સાર્થ.
૩૨ દર્શન રત્નરત્નાકર ભાગ ૨
૩૩ શ્રી સિદ્ધ હેમ સરસ્વતી ખંડ ૧
૩૪ શ્રી કલ્પલતાવતારિકા.
૩૫ હિતશિક્ષા છત્રીશી.
૩૬ દર્શન રત્નરત્નાકર ભાગ ૩
(૩૬) દેવસીરાઇ પ્રતિક્રમણાદિ સૂત્ર.
૩૭ શંબલ.
(૩૭) શ્રી પંચપ્રતિક્રમણાદિ સૂત્ર.
૩૮ શ્રી કલ્પસૂત્ર-ખીમશાહી.
૩૯–૪૦ શ્રી શાંતિસ્નાત્રાદિ વિધિ સમુચ્ચય.
શ્રી સિદ્ધચક્ર યંત્રોદ્ધાર પૂજન વિધિ.
૪૧ શ્રી પર્યુષણાષ્ટાહ્નિકા વ્યાખ્યાનમ્
૪૨ હિતચિંતન.
૪૩ શ્રી વર્ધમાન મહાવીરાષ્ટકમ્
(૪૩) શ્રી પ્રતિષ્ઠા વિધિ સમુચ્ચય.
૪૪ લક્ષણવિલાસ (સાવચૂરિ)
૪૫ ગોડીસ્તવ (સટીક)
૪૬–૪૭ પંચ કારણનું સ્તવન (સાર્થ)
ત્રૈલોક્યપ્રકાશ (ચૈત્યવંદન ચોવિશી)
૪૮ સંધિ વિનોદ પંચદશી.
૪૯ વિમર્શ.
૫૦ ઉન્મેષ.
૫૧ સર્વજ્ઞસિદ્ધિ (સટીક)
૫૨ શ્રી શાંતિનાથ પંચકલ્યાણક પૂજા.
૫૩ શ્રી દ્રવ્યગુણપર્યાયનો રાસ
(દ્રવ્યાનુયોગની મહત્તા સાથે)

-: મુદ્રણસ્થાન :-
ભ ર ત પ્રિ ન્ટ ર્સ
ઠે૦ દાણાપીઠ પાછળ, તળાવમાં
પાલીતાણા [સૌરાષ્ટ્ર]